Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત દ્રવ્યની નાસ્તિરૂપે છે એટલી તો એક પર્યાયની શક્તિ છે. ઈ અનંતા ગુણ થયા, અનંત ગુણ ! પર્યાયની તાકાત (એટલી) ! આહા..હા...! સમજાણું ?

**'એકીસાથે સર્વ ગમનપરિણામી...'** હેતુ કીધો છે, હોં ! અવગાહત્વ લેનારા પોતે પોતાથી લે છે. એમાં પેલું નિમિત્ત કહેવાય છે – અવગાહના ગુણનો પરિણામ નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ ? એમ **'એકીસાથે સર્વ ગમનપરિણામી...'** ગમન કરાવનારા નહિ પણ ગમનપરિણામી જે સમયે છે – **'એકીસાથે સર્વ ગમનપરિણામી (ગતિરૂપે પરિણમેલાં)...'** વર્તમાન (પરિણમેલા) એવા **'જીવ-પુદ્‌ગલોને...'** જીવ-પુદ્‌ગલો આમ ગતિરૂપે પરિણમેલા. સમજાણું કાંઈ ? ભાઈ ! આ વ્યાખ્યા એવી ઝીણી છે !

અવગાહન લેનારા, અવગાહનપણે લેવાની યોગ્યતાવાળા જીવને અવગાહનગુણનો પરિણામ નિમિત્ત છે. એમ જીવ અને પુદ્‌ગલ વર્તમાન ગમનપરિણામી, વર્તમાન ગમન પરિણામવાળા, ભાવવાળા – ગમનપરિણામવાળા (અર્થાત્) ભાવવાળા. વર્તમાન, હોં ! એને **'ગમનનું હેતુપણું...'** એને એના પરિણામમાં... આહા..હા...! હેતુપણું **'ધર્મનો વિશેષ ગુણ છે.'** ધર્મનો ગતિગુણ (છે) એના પરિણામ. ગતિહેતુત્વ ! પણ ગતિ ગુણનો પરિણામ. અહીં કીધો ગતિગુણ ! (પણ) ગતિગુણ ધ્રુવ કંઈ નિમિત્ત હોય નહિ. સમજાણું કાંઈ ? પેલા પરિણામ આવ્યા ને ? ગતિધર્મ, સ્થિરતાધર્મ... પર્યાય પર્યાયને નિમિત્ત હોય ને ? ગુણને શું છે ? કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક નિમિત્ત છે. જ્ઞાનગુણને નિમિત્ત છે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

(અહીંયાં) એકસાથે (લીધું), પેલામાં (આકાશમાં) યુગપદ્ રહેનારા લીધું હતું ને ? યુગપદ્ ! અહીં **'એકીસાથે સર્વ ગમનપરિણામી (ગતિરૂપે પરિણમેલાં) જીવ-પુદ્‌ગલો...'** ગતિ(રૂપે) પરિણમેલા છે. પરિણમેલાની હયાતી છે એને **'ગમનનું હેતુપણું...'** (અર્થાત્) એના પરિણમનને હેતુપણું – નિમિત્તપણું ધર્મના ગતિગુણના પરિણામ છે. વિશેષ ગુણ પણ કીધો (પણ) અહીં પરિણામની જ વાત છે. આ તો વધારે સ્પષ્ટ કરવું હોય તો. (આગળ) ચૈતન્યનું પરિણમન લેશે. ઉપયોગ લીધો છે ને ? પરિણમન. પર્યાય પર્યાયને નિમિત્ત છે ને ? ગુણ-દ્રવ્યને શું છે ? એ તો સમજાવવાની શૈલી છે. આ..હા..હા...!

નૈમિત્તિક પર્યાયને નિમિત્ત પર્યાય હોય. સમજાણું કાંઈ ? ગતિ(રૂપે) પરિણમેલાં (એમ કહ્યું છે). એટલે ધર્માસ્તિના પરિણામ નિમિત્ત (છે) પણ નિમિત્તને કાળે પેલા પરિણમેલાં છે. ત્યારે તેને પેલાના પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. આ..હા..હા...! કેટલી સ્વતંત્રતા ! બીજા દ્રવ્યના પરિણામ નિમિત્ત ક્યારે કહેવાય ? કે, અહીં ગતિ(રૂપે) પરિણમેલ જીવ પોતે (ગતિપણે) પરિણમેલા હોય તેને. પરિણમવાશે ત્યારે નિમિત્ત (કહેવાય) એમ નહિ. પરિણમેલાને તે ધર્માસ્તિકાયનો ગતિગુણ એટલે તે પ્રકારના પરિણામનો ગુણ એને નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ..હા..હા...!

શું આ સાંભળ્યું હતું ? નહિ ? આ..હા..હા...! આ તો સર્વજ્ઞે કહેલું ! આ..હા..હા...! બીજા દ્રવ્યની વાત કરે છે એમાં પણ કેટલી ગંભીરતા છે ! એનો ગુણ (કહ્યો તો) ગુણનો અર્થ ધ્રુવ નહિ. એના ગુણને પણ જણાવનાર તો પર્યાય છે ને ? ધર્માસ્તિના ગતિરૂપ પરિણામ તે ગુણને જણાવે છે કે, આ પરિણામનો ગુણ ત્રિકાળ છે, એનો ધરનાર દ્રવ્ય ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? બે (દ્રવ્યની વાત કહી). વિશેષ કેમ કહ્યું ? (કેમકે) એનામાં જ એ છે, એમ. એવા ગુણના પરિણામ બીજામાં નથી.

'**એકીસાથે સર્વ સ્થાનપરિણામી...**' આ..હા..હા...! કેવી ટીકા પણ જુઓ ! '**એકીસાથે સર્વ સ્થાનપરિણામી...**' સ્થિર પરિણામોને પામેલા, સ્થિરતા પરિણામને પામેલા. '**સ્થાનપરિણામી...**' સ્થિરતા એટલે ગતિ છૂટીને સ્થિર થયેલા, પામેલા, વર્તમાન સ્થિરતાને પામેલા. આ..હા..હા...! એવા '**જીવોને અને પુદ્‌ગલોને સ્થાનનું હેતુપણું (સ્થિતિનું અર્થાત્ સ્થિરતાનું નિમિત્તપણું) અધર્મનો વિશેષ ગુણ છે.**' અધર્માસ્તિકાયનો વિશેષ ગુણ એટલે એનો જે સ્થિરતાનો ગુણ છે એના પરિણામ સ્થિરતાપરિણામી જીવ-પુદ્‌ગલને નિમિત્ત છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– નિમિત્ત વિના બધાય કામ થાતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે તો કીધું ને ! તેથી તો કીધું કે, સ્થિતિ(રૂપ) પરિણામને પામતાને, પામેલાને નિમિત્ત (થાય છે). એટલે એનાથી ક્યાં થયું ? (સ્થિતિ) પરિણામ પામેલા જીવ-પુદ્‌ગલને. એટલે એમાં એનાથી થયું એ (ક્યાં આવ્યું) ? વર્તમાન ગતિરૂપ પરિણમિતને નિમિત્ત (થાય). સ્થિરતારૂપ વર્તમાન પરિણામને નિમિત્ત એના (– અધર્માસ્તિના) પરિણામ. ઓ...હો..હો...! સમજાણું કાંઈ ?

'**અધર્મનો વિશેષ ગુણ...**' એટલે કે અધર્માસ્તિકાયનો એનો જે ખાસ કાયમી ગુણ સ્થિરતાનો છે એના વર્તમાન પરિણામ સ્થાનપ્રાપ્ત – સ્થિરતાપ્રાપ્ત એવા જીવ-પુદ્‌ગલને નિમિત્ત છે. આ..હા..હા...! આવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી). જુઓને વસ્તુની સ્થિતિ ! ઓ..હો..હો...! એના વિના કલ્પનાથી આત્માની વાતું (કરે કે) આમ પમાય, ધર્મ થાય. સર્વજ્ઞ જેના સંપ્રદાયમાં નથી એના સંપ્રદાયમાં સર્વજ્ઞસ્વભાવી જીવ (છે એવું માનનાર) નથી. આ..હા..હા...!

એના પર્યાયમાં ષટ્ દ્રવ્યો... એ તો આ સ્તુતિસપ્તમ્‌માં પણ ગણ્યું છે. છ દ્રવ્યો, બીજાં અનંત આત્માઓ, ધર્માસ્તિ (આદિ) એ બધાનું અહીં એક સમયમાં પરિણમનજ્ઞાન પોતાનું છે. એ કાળમાં કહેશે. એને પેલો કાળ નિમિત્ત છે – કાળના પરિણામ (નિમિત્ત છે). આહા..હા...! સમજાણું કાંઈ ? એના પરિણામ, આના પરિણામ ! ઓ..હો..હો...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**(કાળ સિવાય) બાકીનાં અશેષ દ્રવ્યોને...**' અહીં તો કાળ(દ્રવ્ય) પોતે નિમિત્તપણે સિદ્ધ કરવો છે. એનો વર્તનાગુણ (સિદ્ધ કરવો છે). '**(કાળ સિવાય) બાકીનાં અશેષ દ્રવ્યોને દરેક પર્યાયે...**' ભાષા દેખો ! આ..હા..હા...! દરેક પર્યાય તો એની છે – દ્રવ્યની (છે). '**દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું...**' એના પરિણામ એકસમયવર્તી રહ્યાં છે. કોના ? ચાર દ્રવ્યનાં. આ..હા..હા...! '**(કાળ સિવાય)...**' કાળને અહીં તો નિમિત્તપણે સિદ્ધ કરવું છે ને ? તો ત્યાં ઉપાદાન પરિણામ કોના છે ? એમ (કહે છે). '**બાકીનાં અશેષ દ્રવ્યોને...**' (અર્થાત્) જીવને, પુદ્‌ગલને... આહા..હા...! ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. પણ જીવ અને પુદ્‌ગલને દરેક પર્યાયે. આ..હા..હા...! સમયવર્તી પર્યાય. આ એક સમય છે એને બતાવનાર કાળના પરિણામ નિમિત્ત છે.

'**સમયવૃત્તિનું હેતુપણું (સમયસમયની પરિણતિનું નિમિત્તપણું)...**' પરિણતિ તો પોતાથી પરિણતિ છે. એમ કીધું ને ? '**સમયવૃત્તિનું...**' (અર્થાત્) સમયના પરિણમનનું '**હેતુપણું...**' પરિણમન તો એનું જીવ અને પુદ્‌ગલનું છે. દરેક જીવ અને દરેક પરમાણુ (એનું પોતાનું પરિણમન છે). '**કાળનો વિશેષ ગુણ છે.**' વર્તનાગુણ જે એનો કાયમ ત્રિકાળી (છે) એના વર્તમાન પરિણામ (અન્ય દ્રવ્યના) વર્તમાન પરિણામને નિમિત્ત છે. આહા..હા...! કાળ સિવાય દરેક દ્રવ્ય – પાંચે દ્રવ્યના તે તે સમયના પરિણામપણે પરિણમતી પર્યાયનો કાળ એક સમય છે એમ મુદત બતાવનાર કાળના વર્તનાગુણના પરિણામ છે. ભાઈ ! ઝીણું છે આ ! (પેલું સહેલું હતું) સામાયિક કરો, પોષા કરો...! અરે...! પણ સાંભળ તો ખરો, પ્રભુ ! આહા..હા...!

જે અનંત ગુણથી કાયમ રહીને તે તે સમયનું, તે તે પરિણમનનું સમયવર્તીપણું, પરિણમનનું સમયપણાનું વર્તન એને કાળદ્રવ્યના વર્તનાગુણના પરિણામ નિમિત્ત છે. આ..હા..હા...! સિદ્ધાંત ક્યાંય તૂટવો ન જોઈએ, એમ જોઈએ ને ?

પેલામાં ન આવ્યું ? ઘટપટાદિ પરિણામને આત્મા – દ્રવ્ય જો નિમિત્ત હોય તો સદાય રહે. ('સમયસાર') ૧૦૦મી ગાથા ! એમ હોઈ શકે જ નહિ. પરિણામને દ્રવ્ય નિમિત્ત હોય નહિ – બીજાના પરિણામને દ્રવ્ય નિમિત્ત ન હોય. સમજાણું કાંઈ ? ભાઈ ! દ્રવ્યના જે જોગ અને ઉપયોગ પરિણામ છે એ દ્રવ્યના નથી. તેથી એ દ્રવ્યનાં નથી, એમ માનનારો જોગ અને ઉપયોગ મારાં છે એમ માનનારના પરિણામ જડાદિના પરિણામ કાળે નિમિત્તકર્તા કહેવાય. આહા..હા...! એના – બીજા દ્રવ્યના પરિણામનો કાળ તો તેના કાળે થયેલા જ છે. અહીં નિમિત્ત આવ્યું અને થયા એ પ્રશ્ન નથી. ફક્ત એ વખતે નિમિત્ત – નિમિત્તકર્તા કોને કહેવું ? કે, જે વસ્તુના સ્વભાવમાં જોગ અને રાગ નથી એને જે (એમ) માને છે કે જોગ અને ઉપયોગ મારા છે એવા એના પરિણામ, અજ્ઞાનીના પરિણામ (નિમિત્તકર્તા કહેવાય). કેમકે વસ્તુમાં કંપન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને રાગ છે નહિ. છતાં એ કંપન અને રાગ મારા એમ અજ્ઞાની માને છે તેથી જડના પરિણામ કાળે કે બીજા આત્માના પરિણામ કાળે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા...! શું શૈલી ! શું સત્‌ને સિદ્ધ કરવાની રીત ! ગજબ વાત છે !! દિગંબર સંતો સાધારણ વાત કરે તો એમાં પણ પરમ સત્ય કઈ રીતે ઊભું કરે છે !! આ..હા..હા...!

જોગ અને ઉપયોગ પોતાના નથી એવો જ દ્રવ્યનો સ્વભાવ છે એવું જેણે જાણ્યું છે એને તો પરદ્રવ્યના પરિણામમાં નિમિત્તકર્તાપણું પણ આરોપાતું નથી. આ..હા..હા...! હા, જેણે જોગ અને રાગ પોતાનો જાણ્યો નથી પણ જાણનારનો જાણસ્વભાવ એ મારો છે એમ જેણે જાણ્યું છે એને તે વખતના જોગ અને રાગ અને બહારના પરિણામ થાય એ આ જ્ઞાનને નિમિત્ત થાય છે. આ..હા..હા...! શું શૈલી ! સત્‌ની સ્થિતિ !

એમ અહીંયાં કહે છે દરેક દ્રવ્યનો સમયવર્તી પરિણામ તો પરિણમે જ છે એમ કહે છે. જોયું ? '**દરેક પર્યાયે સમયવૃત્તિ...**'પણું (અર્થાત્) તે તે કાળનું પરિણમનપણું. આહા..હા...! એનો પોતાનો એ કાળ છે ને ? આહા..હા...! સમજાણુ કાંઈ ? '**સમયવૃત્તિનું હેતુપણું...**' એમ કીધું ને ? સમય સમયની પરિણતિનું. વૃત્તિનો અર્થ પરિણતિ. આહા..હા...! આ તો 'પ્રવચનસાર' છે ! ભગવાનનાં કહેલાં આગમોનો સાર છે આ ! આ..હા..હા...!

સમય સમયની પરિણતિનું એટલે કે કાળ સિવાય પાંચે દ્રવ્યના સમય સમયનું પરિણમન. સમય સમયનું (પરિણમન) તો એનું પોતાનું છે. એમાં કાળનો ખાસ વર્તનાગુણ એનામાં છે એના પરિણામ એને નિમિત્ત કહેવામાં આવે છે. ભાઈ ! આ..હા..હા...!

'**ચૈતન્યપરિણામ જીવનો વિશેષ ગુણ છે.**' અહીં ભાષા જુઓ ! અહીં ચોખ્ખી કરી. '**ચૈતન્યપરિણામ જીવનો વિશેષ ગુણ છે.**' કેમકે એ પરિણામ દ્વારા જણાય છે, આત્મા ગુણ દ્વારા જણાતો નથી. ચૈતન્યના જ્ઞાતા પરિણામ, દ્રષ્ટા પરિણામ દ્વારા આ ગુણ ત્રિકાળ અને દ્રવ્ય ત્રિકાળ (છે એમ જણાય છે). સમજાણું કાંઈ ? અરે...! આ બહારની કડાકૂટ કરતાં અંદર જ્ઞાનતત્ત્વ શું છે એને થોડો વિચારમાં લ્યે, કાળ ગાળે તો કેટલો લાભ થાય !! આ બહારની પ્રવૃત્તિ કરે, ત્યાગ કર્યો ને આ કર્યું એની એને મહિમા (આવે). અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ કેમ થાય ? સમ્યગ્દર્શનનું ગ્રહણ કેમ થાય ? એમાં થોડો કાળ આપે તો એને ત્રણકાળનું પરિભ્રમણ મટી જાય.

'**ચૈતન્યપરિણામ જીવનો વિશેષ ગુણ છે.**' જોઈ ભાષા ? કીધાં પરિણામ પણ ઈ ગુણને જ પરિણામ કહ્યાં, પરિણામને જ ગુણ કહ્યાં. પરિણામને જ ગુણ કહ્યાં છે. સમજાણું કાંઈ ? એમ પેલા બધામાં લઈ લેવું. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ (કાળ બધામાં લઈ લેવું). '**ચૈતન્યપરિણામ જીવનો વિશેષ ગુણ છે.**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'આ પ્રમાણે અમૂર્ત દ્રવ્યોના વિશેષ ગુણોનું સંક્ષેપ જ્ઞાન થતાં...'** આ..હા..હા...! **'આ પ્રમાણે અમૂર્ત દ્રવ્યોના...'** પુદ્‌ગલ મૂર્ત (દ્રવ્યની) વાત તો થઈ, આ તો અમૂર્તની વાત છે. (વિશેષ ગુણનું) **'સંક્ષેપ જ્ઞાન થતાં અમૂર્ત દ્રવ્યોને જાણવાનાં લિંગ...'** અમૂર્ત દ્રવ્યોને જાણવાના લિંગ. અમૂર્ત જાણવાના લિંગ (કહ્યું) ઈ પર્યાયની વાત છે, ગુણ નહિ. જાણવાના ચિહ્ન, જાણવાના લક્ષણ, જાણવાના સાધન. આહા..હા...! સમજાણું ? દરેક દ્રવ્યના પરિણામ એ ચિહ્ન છે, એ એનું લિંગ છે, એ એનું સાધન છે.

**'અર્થાત્ તે તે વિશેષ ગુણો વડે...'** તે તે ગુણના તે તે પરિણામ વિશેષ વડે. **'તે તે અમૂર્ત દ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે...'** આ..હા..હા...! તે તે અમૂર્ત પદાર્થનું હોવાપણું જણાય છે. તે તે અમૂર્ત દ્રવ્યોનું હોવાપણું **'સિદ્ધ થાય છે. (તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :)'** પેલામાં કહે, ઈશ્વરકર્તા (છે) ઈશ્વરની ભક્તિ કરો. થઈ રહ્યું...! ઈશ્વર કેવો ? એની એને ખબર ન મળે. ઈશ્વર ભોગવાળો, પરણે... એને જેણે મોટો માન્યો એનો દાસ પણ ઈ ભોગનો જ કામી હોય છે. ભોગવાળાને મોટો માન્યો એની શ્રદ્ધામાં ભોગવાળાની જ ભાવનાની વિશેષતા હોય છે. આ..હા..હા...! આ તો જેને એક સમયમાં સ્વરૂપ (જણાયું), આને પરમેશ્વર કહીએ (કે) જેને એક સમયના પરિણામમાં લોકાલોકની હયાતી છે માટે લોકાલોક પર્યાયમાં જણાણાં એમ નહિ. પર્યાયની સત્તાનું સામર્થ્ય એટલું છે કે એ લોકાલોકની હયાતી એને કારણે ત્યાં રહી પણ એને અને સ્વને જાણવાની જે પર્યાય એનું સામર્થ્ય જ એવડું પોતાનું પોતાથી છે. સમજાણું કાંઈ ? લોકાલોક છે માટે પર્યાયમાં લોકાલોક જાણવાનું જ્ઞાન સામર્થ્ય પર્યાયમાં આવ્યું એમ નથી. આ..હા..હા...! આવા છ દ્રવ્યો, એના અનંતા ગુણો, અનંત દ્રવ્યો, એના અનંત ગુણો, એની અનંતી પર્યાય એની હયાતી છે, એને જાણવાના પરિણામનું લક્ષણ છે પણ જાણનારો જે છે એને, આ પરચીજમાં પેઠા વિના અને પરની હયાતી છે માટે એનું જ્ઞાન થાય છે એમ નહિ. આવો જીવનો પર્યાયનો આટલો સ્વભાવ એ જેનામાં નથી ઈ આત્માની વાતું કરે ઈ આત્મા નહિ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા...!

એક ગુણના એક સમયના પરિણામ, આવા અનંતા પરિણામથી ઓળખાનારા દ્રવ્યો એને આ પોતાના પરિણામમાં જાણવા, એ નહિ પણ એને જાણવાનું પોતાનું સામર્થ્ય છે એવું જેણે જાણ્યું એવા જાણવાના પરિણામ દ્વારા આત્માને ઓળખવો. જીવના ચૈતન્ય પરિણામ કીધું ને ? સમજાણું કાંઈ ? આટલી તો વાત કરી હવે એને પાછી વિશેષ સ્પષ્ટ કરે છે. આહા..હા...!

**'ત્યાં એક જ કાળે...'** જોયું ? એક સમયમાં ! **'સર્વ દ્રવ્યોને સાધારણ...'** એટલે એક પોતે જ (અને) બીજું નહિ. **'અવગાહનું સંપાદન (–અવગાહહેતુત્વરૂપ લિંગ)...'** (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં અવગાહનો અર્થ કર્યો છે). 'અવગાહ = લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામવો તે. (એક જ કાળે સર્વ દ્રવ્યોને સામાન્ય અવકાશની પ્રાપ્તિમાં...)' રહેવાની પ્રાપ્તિમાં આકાશદ્રવ્યના પરિણામ '(નિમિત્તભૂત છે).' આ..હા..હા..હા...! એક આકાશદ્રવ્યનો એક ગુણનો એક પરિણામ, લોક આખો છે ઈ ત્યાં આવે તો એક પરિણામમાં એને અવગાહ દેવાની તાકાત નિમિત્ત છે. આ..હા..હા...! અવગાહ લેનારાની શક્તિ તો એની (પોતાની છે). અવગાહ લેનારાની શક્તિ તો એની (છે) પણ એમાં નિમિત્તપણું અવગાહનગુણના એક સમયના પરિણામનું (છે). એક ગુણના એક પરિણામ, ભાઈ ! એવા તો અનંત ગુણ (છે) ! આ...હા...હા...હા...!

આકાશ નામનો પદાર્થ... ભગવાન આ તો સર્વજ્ઞના પંથની આ રીત છે ! આહા..હા...! આકાશ નામનું દ્રવ્ય (છે) એમાં અનંત ગુણ છે. કેટલા (ગુણ છે) ? (કે), ઈ તો આકાશના પ્રદેશથી પણ અનંત ગુણા ! આવ્યું કે નહિ ? એક આકાશના ગુણ... ગુણ ! એક આકાશના ગુણ આકાશના જે પ્રદેશ છે, એક આકાશ – લોકાલોકના પ્રદેશ (છે) એથી અનંતગુણા ગુણ છે ! એમાંનો એક અવગાહન નામનો ગુણ. આહા..હા...!

મુમુક્ષુ :– આકાશના બીજા કોઈ ગુણનું નામ નથી આવતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંતા ગુણો (છે), સામાન્ય અને વિશેષ અનંતા છે. અસ્તિત્વ આદિ સામાન્ય (ગુણો છે). 'પરમાત્મપ્રકાશ'માં (તો એમ કહ્યું છે કે), દરેક દ્રવ્યના અનંતા સામાન્ય અને અનંતા વિશેષ (ગુણો છે). 'પરમાત્મપ્રકાશ' ! છે... છે, વસ્તુ છે. એટલું (પણ) કહે ક્યાંથી ? જેટલું ખ્યાલમાં આવે એટલું કહી શકાય નહિ (એટલે) સમુચ્ચય કીધું. પ્રત્યેક દ્રવ્યમાં અનંતા સામાન્ય (ગુણો છે). એક પરમાણુમાં ! એક પરમાણુમાં અનંતા સામાન્ય ગુણ અને અનંતા વિશેષ ગુણ (છે). એટલાં જ સામાન્ય અને વિશેષ ગુણ એક આકાશમાં (છે). આહા..હા...! ઈ તો ઠીક પણ એનો એક અવગાહન નામનો ગુણ, એના એક સમયના પરિણામ, આખા જેટલા દ્રવ્યો અવકાશ પામવાને માટે છે, એક પરિણામ(માં) નિમિત્ત થવાની તાકાત છે ! આ..હા..હા...! જુઓ તો વસ્તુનો સ્વભાવ ! એવો જ ભગવાનનો સ્વભાવ ! ઈ કહેશે.

'**સર્વ દ્રવ્યોને સાધારણ અવગાહનું...**' મજ્જિત થવું એટલે શું ? મગ્ન, સમાઈ જવું, મજ્જિત થવું, પાણીમાં જેમ ડૂબકી મારે છે. એમ અહીંયાં બધા આવી જાય છે. આ..હા...! આકાશદ્રવ્ય નિમિત્ત છે એનો અર્થ ઈ, હોં ! આકાશદ્રવ્યના અવગાહનગુણના પરિણામ નિમિત્ત છે. (આવું ચિહ્ન) '**આકાશને જણાવે છે.**' અવગાહ પામવાની લાયકાતવાળા બધાં દ્રવ્યો એક સમયમાં હોય તો તેને (અવકાશ આપે એવી) અવગાહનની પર્યાય આકાશની છે (એમ) આકાશને જણાવે છે. તે પર્યાય આકાશની છે એમ આકાશને જણાવે છે. આ..હા..હા...! આકાશના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવગાહનગુણની એક સમયની પર્યાય, અનંતા (દ્રવ્યો) ત્યાં આવે (તે) પોતાને કારણે ત્યાં હોય, એને અવગાહનગુણનો એક સમયનો પરિણામ હેતુ – નિમિત્ત છે. ઓ..હો..હો..હો...! સમજાય છે કાંઈ ?

'**કારણ કે બાકીનાં દ્રવ્યો...**' (આકાશદ્રવ્ય) સિદ્ધ કરે છે. '**સર્વવ્યાપક નહિ હોવાથી...**' (જે) સર્વવ્યાપક હોય એ બધાંને અવગાહનમાં નિમિત્ત થાય. એક એક પ્રદેશ આદિ હોય એ નિમિત્ત કેમ થાય ? ઈ કહેશે. '**કારણ કે બાકીનાં દ્રવ્યો સર્વગત...**' આ..હા..હા...! '**(સર્વવ્યાપક) નહિ હોવાથી...**' અસ્તિ-નાસ્તિ કરી. '**તેમને તે...**' અવગાહનમાં નિમિત્ત થવું એવી બીજામાં તાકાત નથી. અવગાહનગુણમાં જ, એ પરિણામ(માં જ) બધાને રહેવામાં નિમિત્તપણાની તાકાત (ધરાવે) છે. કારણ કે સર્વવ્યાપક છે, બધે રહેલ છે. જેટલા દ્રવ્યો છે એ બધે રહેલું આકાશ (છે) એના પરિણામ એને નિમિત્ત હોય. બધામાં રહેલ નથી એવી ચીજ બધાને એક સમયમાં રહેવાનું નિમિત્ત થાય એવું બની શકતું નથી. એટલે સિદ્ધ કર્યું કે, અવગાહનગુણ એનો જ છે. સમજાણું કાંઈ ?

'**એવી જ રીતે એક જ કાળે...**' ભાષા દેખી !? આ..હા..હા...! પહેલાં એક જ કાળે સર્વ (દ્રવ્યોને) અવગાહનમાં (નિમિત્ત કહ્યું હતું). (અહીંયાં કહે છે) '**એક જ કાળે ગતિપરિણત...**' (પહેલાં પેરેગ્રાફમાં) '**ગમનપરિણામી**' એમ શબ્દ હતો. આહા..હા...! '**ગતિપરિણત...**' જીવ અને પુદ્‌ગલને એક સમયમાં બધા જીવોનું ગતિપરિણમન હો, સમયની ગતિની પર્યાયનું પરિણમન એનું પોતાનું હોય. એવા '**સમસ્ત જીવ-પુદ્‌ગલોને લોક સુધી ગમનનું હેતુપણું ધર્મને જણાવે છે.**' આહા..હા...! ધર્માસ્તિકાય એમાં સિદ્ધ થાય છે, કહે છે. એના પરિણામ લોકપ્રમાણે છે અને લોકપ્રમાણેના જીવ-પુદ્‌ગલના પરિણતિના સમયના કાળમાં ઈ ધર્માસ્તિના પરિણામ નિમિત્ત છે. ધર્માસ્તિ લોક પ્રમાણે છે. આ..હા..હા..હા...!

'**કારણ કે કાળ ને પુદ્‌ગલ અપ્રદેશી હોવાથી...**' છે ને ? કાળ ઝાઝા પ્રદેશી નથી, ઈ તો એકપ્રદેશી છે. પુદ્‌ગલનો સ્કંધ (કે) અસંખ્યપ્રદેશી જીવ (હોય) એને એકપ્રદેશી નિમિત્ત કેમ થાય ? ગતિમાં નિમિત્ત, હોં ! '**કાળ ને પુદ્‌ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી,...**' તેમ સિદ્ધ કર્યું. હવે જીવ લેશે. સમજાણું કાંઈ આમાં ? કાળ અને પુદ્‌ગલ એકપ્રદેશી છે ઈ ઘણાં પ્રદેશીને એકપ્રદેશી વર્તમાન નિમિત્ત કેમ થાય ? એમ કહે છે. સમજાય છે કે નહિ આમાં ? વધારે પ્રદેશી આવડી મોટી વસ્તુ (હોય) અને આવડો (નાનો) ભાગ (હોય), ઈ આવડા બધાને નિમિત્ત શી રીતે થાય ? માટે કાળને અને પુદ્‌ગલને ગતિ પરિણમનનું નિમિત્ત છે નહિ. એમ સિદ્ધ કરવું છે. આખા લોકમાં જે વ્યાપક છે એ બધાના ગતિપરિણમનને નિમિત્ત થવાની તાકાત એની જ છે. આહા...હા...! પર્યાય પ્રગટે ત્યારે નિમિત્ત કોઈક તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને ? આ...હા...! કહે છે કે, એ ગતિ ધર્મ (દ્રવ્યને) જણાવે છે.

બધાં જીવ અને પુદ્‌ગલને, ઝાઝા જીવને, ઝાઝા પુદ્‌ગલને, ગતિ પરિણતવાળાને લોકપ્રમાણે વ્યાપક હોય તે નિમિત્ત થાય. કાળ અને પુદ્‌ગલ લોકપ્રમાણે નથી માટે લોકપ્રમાણમાં રહેલાં ગતિપરિણમન જીવ-પુદ્‌ગલને એ નિમિત્ત હોઈ શકે નહિ. કાળ અને પુદ્‌ગલ નિમિત્ત ન હોઈ શકે કારણ કે એ અપ્રદેશી છે અને પેલા ઘણાં (પ્રદેશી છે). એટલે ઘણાંને ઘણામાં (–પ્રદેશોમાં) રહેનારો, ઘણાં જીવ-પુદ્‌ગલના પરિણમનને, ઘણાંમાં (–પ્રદેશોમાં) રહેનારું દ્રવ્ય નિમિત્ત તરીકે કહેવામાં આવે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

હવે જીવને લ્યે (છે) કે, જીવ છે એ જીવ અને પુદ્‌ગલોના ગતિપરિણમનમાં નિમિત્ત કહો તો ? ગતિપરિણમન ! (તો કહે છે કે) **‘જીવ સમુદ્‌ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યમા ભાગમાત્ર હોવાથી...’** અત્યારે તો અહીં અસંખ્યમા ભાગ જીવ છે. એ આખા લોકમાં જીવ અને પુદ્‌ગલની ગતિમાં નિમિત્ત કેમ હોય ? જે અસંખ્ય ભાગમાં રહેલો એવો આ એક જીવ આખા લોકમાં રહેલાં જીવ-પુદ્‌ગલના પરિણમનમાં નિમિત્ત કેમ હોય ? માટે એ પણ (નિમિત્ત) નહિ. ધર્માસ્તિ જ એક નિમિત્ત છે એમ સિદ્ધ કરવું છે. ન્યાય – Logicથી, હોં ! આ..હા..હા...!

**‘જીવ સમુદ્‌ઘાત સિવાય...’** સમુદ્‌ઘાતમાં હોય ત્યારે લોકમાં હોય પણ એ તો ત્યારે (લોકપ્રમાણ) હોય, સદા તો ન હોય. સદા ન હોય તો પેલા ગતિપરિણત જીવ અને પુદ્‌ગલ તો સદાય હોય છે, ત્યારે એને સદા નિમિત્ત કોણ ? (માટે) જીવ હોઈ શકે નહિ. આ..હા..હા...!

હવે આકાશ (વિશે કહે છે). કાળ અને પુદ્‌ગલની ના પાડી કેમકે બધે વ્યાપક નથી માટે. જીવની ના પાડી (કેમકે) જીવ બધે વ્યાપક નથી માટે. હવે આકાશનો નિષેધ કરે છે. કેમકે **‘લોક ને અલોકની સીમા...’** મર્યાદા **‘અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી...’** આકાશ તો લોક અને અલોકમાં બન્નેમાં વ્યાપેલું છે. સમજાણું ? અને આ ધર્માસ્તિ તો લોકમાં છે એને જ નિમિત્ત થાય છે.

**‘અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી...’** અધર્મ... અધર્મ (દ્રવ્યની વાત કરે છે). ઈ તો સ્થિતિમાં નિમિત્ત છે. **‘વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી...’** એટલે ગતિપરિણતસ્થિત સ્થિરતા એ વિરુદ્ધ કાર્ય છે. એને (આવી વિરુદ્ધતા હોવાથી) **‘અધર્મને તે સંભવતું નથી.’**

**‘(કાળ ને પુદ્‌ગલ એકપ્રદેશી હોવાથી તેઓ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ.)’** બરાબર છે ? **‘(જીવ સમુદ્‌ઘાત સિવાયના કાળે લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેતો હોવાથી તે પણ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; આકાશ ગતિમાં નિમિત્ત હોય તો જીવ-પુદ્‌ગલોની ગતિ અલોકમાં પણ હોય...’** કારણ કે (આકાશ જો) ગતિમાં નિમિત્ત હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અલોકમાં જીવ અને પુદ્ગલ હોય. એમ તો છે નહિ. લોક-અલોકની મર્યાદા છે, સીમા છે, હદ છે. આહા..હા...! **'આકાશ ગતિમાં જો નિમિત્ત હોય તો જીવ-પુદ્ગલોની ગતિ અલોકમાં પણ હોય અને તેથી લોક-અલોકની મર્યાદા રહે નહિ,...'**

આ તો મગજને કેળવવાની (વાતું છે). પેલા તો કહે (ક્રિયા કરો એટલે) થઈ ગયું, જાઓ ! પણ આ તો દ્રવ્યની એક સમયની પર્યાયનું સામર્થ્ય (છે), એના ભિન્ન ભિન્ન વિશેષગુણનું સામર્થ્ય છે એમ જણાવવું છે. ભિન્નતા જણાવવી છે અને એની એક એક સમયની પર્યાયની સામર્થ્યતા કોને કેટલામાં હોય ઈ પણ જણાવવું છે. આ..હા...!

આકાશ (ગતિમાં નિમિત્ત) ન હોય. (અલોક) આકાશમાં ક્યાં પુદ્ગલ અને જીવ (ગતિ કરે છે) ? જેટલામાં જીવ અને પુદ્ગલ છે તેટલામાં જે દ્રવ્ય હોય તે એને નિમિત્ત થાય. એક (વાત) આવશે. લોક-અલોક આકાશ છે એને કાળનું નિમિત્ત લોકમાં જ છે, પણ એને (અલોકમાં પણ નિમિત્ત) કહેવાય. એટલી વાત છે. કાળ(ના) વર્તના પરિણામ એ આકાશના વર્તમાન પરિણામમાં નિમિત્ત છે તો કાળ તો લોકપ્રમાણે જ છે અને આકાશ તો લોક-અલોક પ્રમાણે છે (તો) લોકાલોક આકાશને કાળનું નિમિત્ત (કઈ રીતે છે) ? આટલા ભાગમાં નિમિત્ત આવ્યું. નિમિત્ત કહેવું છે ને ? એ બધાને નિમિત્ત કહેવામાં આવે છે. એ વાત છે.

આ તો વીતરાગદર્શન, બાપા ! આ..હા..હા...! ઘણું ગંભીર... ઘણું ગંભીર...! એની જ્ઞાનની પર્યાયની ગંભીરતા, એની શ્રદ્ધાની પર્યાય... આ..હા..હા...! આવે છે ને ? જેમ અગ્નિમાં પાચકગુણ છે એમ આત્મામાં એક સમ્યગ્દર્શન શ્રદ્ધાની પર્યાયનો પાચકગુણ છે કે જેમ અગ્નિ અનાજને પકવે એમ સમ્યગ્દર્શનની પર્યાય, એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે એવી જે (જ્ઞાનની) પર્યાય, એવી અનંતી પર્યાયનો એક ગુણ, એવા અનંતા ગુણનું (એકરૂપ) દ્રવ્ય, એને શ્રદ્ધાની પર્યાયને પાચન કરી શકે છે. ભાઈ ! આ..હા..હા...! સમજાણું કાંઈ ?

અગ્નિમાં જેમ પાચક ગુણ છે તો અનાજને પચવી દ્યે. ગમે એવા (અનાજ) હોય (એને) પકવી દ્યે. એમ ભગવાનઆત્મામાં એક શ્રદ્ધાગુણની પર્યાય છે, પર્યાય, હોં ! આ..હા..હા...! એક સમયમાં લોકાલોકને જાણે એવી એક (જ્ઞાન) ગુણની એક પર્યાય, એવી અનંતી પર્યાયનો (પિંડ જ્ઞાન) ગુણ, એવી એવી અનંતા ગુણની પર્યાયમાં શ્રદ્ધાગુણની જે પર્યાય (છે) એ પર્યાયમાં, અનંતી પર્યાયનો પિંડ ગુણ, શ્રદ્ધાની અનંત પર્યાયનો પિંડ શ્રદ્ધાગુણ, ચારિત્રની અનંતી પર્યાયનો ગુણ ચારિત્ર, આનંદની અનંતી પર્યાયનો ગુણ આનંદ, એવી અનંતી અનંતી પર્યાયના (ધારક) અનંત ગુણ, એવા અનંત ગુણનું એકરૂપ (દ્રવ્ય) એને શ્રદ્ધાગુણ પાચન કરે છે. આહા..હા...! નિઃશંકપણે એને પ્રતીતિમાં લાવે છે, પાચન કરે છે, પાચન કરે છે ! છે ને ? 'જયસેનાચાર્ય'માં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અગ્નિ (જેમ) પ્રકાશે છે એમ જ્ઞાનમાં પ્રકાશવાનો ગુણ છે એ પ્રકાશે છે. એ પ્રકાશે છે કોને ? પ્રકાશે છે, બસ ! આ..હા..હા...! ચારિત્રગુણ – અગ્નિ જેમ લાકડાને બાળે છે એમ રમણતાનો ચારિત્રપર્યાય, પર્યાય હોં ! એ અનંતા વિકારી પરિણામને બાળી નાખે છે, અસ્થિરતાને બાળી નાખે છે ! એવી એક ચારિત્રની પર્યાય, એવી અનંતી ચારિત્રની પર્યાયનો ગુણ, એવા એવા અનંતા ગુણનું રૂપ એક...! આ..હા..હા..હા...! દરિયો છે મોટો !

(અહીંયાં કહે છે જો આકાશ ગતિમાં નિમિત્ત હોય તો જીવ-પુદ્‌ગલોની ગતિ) '**(અલોકમાં પણ હોય અને તેથી લોક-અલોકની મર્યાદા રહે નહિ, માટે ગતિહેતુત્વ આકાશનો ગુણ પણ નથી;...)**' એમ સિદ્ધ કર્યું. '**(અધર્મદ્રવ્ય તો ગતિથી વિરુદ્ધ કાર્ય જે સ્થિતિ તેમાં નિમિત્તભૂત છે).**' એ તો સ્થિતિમાં નિમિત્ત છે. '**(માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ. આ રીતે ગતિહેતુત્વગુણ ધર્મ નામના દ્રવ્યનું અસ્તિત્વ જણાવે છે).**' આ..હા..હા...! એ રીતે ગતિહેતુત્વગુણની પર્યાય, પર્યાય છે ને ? એ ધર્માસ્તિને જણાવે છે, એ દ્રવ્યનું અસ્તિત્વ જણાવે છે. આહા..હા...! જીવ-પુદ્‌ગલની ગતિ તો પોતાથી થાય પણ એનું માપ જેમ કાળ સમયવર્તી પર્યાય છે પણ એનું માપ કાળ – વર્તમાન એક સમયથી થાય છે એમ અહીંયાં ગતિ અને સ્થિતિ તો પોતાથી થાય પણ એમાં નિમિત્તપણું બીજી ચીજ છે એ ગતિહેતુત્વની પર્યાયથી ધર્માસ્તિની સિદ્ધિ થાય છે, ધર્માસ્તિકાય જણાય છે. એ ધર્માસ્તિની સિદ્ધિ કરી. એવો ગુણ બીજામાં નથી (એ) કેમ નથી એ પણ સિદ્ધ કર્યું. આ..હા..હા...!

અન્યમતિનો માણસ હોય એને એમ થાય કે આવું બધું શું હશે ? બાપુ ! કેવળજ્ઞાનના ભંડારની વાતું છે આ ! આ..હા..હા...! ધર્માસ્તિ અને અધર્માસ્તિ સર્વજ્ઞ સિવાય ક્યાં છે કોઈ ઠેકાણે ? વસ્તુનો સ્વભાવ જેણે જાણ્યો છે એને આ સ્વભાવ જાણવામાં આવ્યા છે. જેણે વસ્તુનો સ્વભાવ જ જાણ્યો નથી (અને) કલ્પનાથી વાતું કરે એમાં એટલી વાત સાચી આવે નહિ. કલ્પના, બધી કલ્પના (છે). આહા..હા...! 'તત્ત્વાર્થસૂત્ર'નું છેલ્લું સૂત્ર આવે છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર' ! એમ કે, અજ્ઞાની કદાચિત્ કોઈ સાચી વાત કરે તો એ સાચીનો નિર્ધાર એને નથી. પાગલની જેમ વાત કરે છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં પાછળ છે.

એ ગતિની વાત કરી, સ્થિતિની હવે વિશેષ લેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૨, બુધવાર તા. ૨૫-૦૬-૧૯૭૫**
**ગાથા – ૧૩૩-૧૩૪, ૧૩૫, ૧૩૬**
**પ્રવચન નંબર–૧૫૦**

('પ્રવચનસાર') ૧૩૩-૧૩૪ (ગાથા). ૨૬૫ પાનું છે. **'એવી જ રીતે એક જ કાળે...'** ગતિપરિણતની વાત થઈ ગઈ. **'એક જ કાળે સ્થિતિપરિણત સમસ્ત જીવ-પુદ્‌ગલો...'** બધા જીવ અને બધા પુદ્‌ગલો એક જ કાળે સ્થિતિપરિણત થાય, સ્થિરતાના પરિણામને પામે (એવું) **'સ્થિતિનું હેતુપણું અધર્મ જણાવે છે.'** દ્રવ્ય જુદું પાડ્યું. બાકી તો અધર્મ (દ્રવ્યનો) સ્થિરતાનો જે ગુણ છે એને નિમિત્ત કહેવાય છે. એ અધર્મને જણાવે છે એમ. એ અધર્મ પરિણામ સ્થિરતા પામેલા જીવ-પુદ્‌ગલોને હેતુરૂપ અધર્મના પરિણામ છે. એને અધર્મદ્રવ્ય કીધું છે. સમજાણું કાંઈ ?

**'કારણ કે કાળ ને પુદ્‌ગલ અપ્રદેશી હોવાથી...'** આખા લોકમાં રહેલાં જીવ-પુદ્‌ગલને સ્થિરતાના પરિણામમાં લોકાકાશ પ્રમાણે પદાર્થ હોય એ નિમિત્ત થાય. પણ આ **'કાળ ને પુદ્‌ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી.'** લોકાકાશ પ્રમાણે (કાળ) અને પુદ્‌ગલ નથી. માટે જીવ-પુદ્‌ગલની સ્થિતિપરિણતિને (કાળ) અને પુદ્‌ગલ નિમિત્ત નથી. સમજાણું ? **'જીવ સમુદ્‌ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી...'** પહેલાં કાળ નિમિત્ત નહિ હોવાથી (એમ કહ્યું). હવે (કહે છે) **'જીવ સમુદ્‌ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી તેને...'** લોકમાં સર્વ જીવ-પુદ્‌ગલ સ્થિતિને પામે એમાં તેને નિમિત્તપણું સંભવતું નથી. (તેને એટલે) કોને ? જીવને.

**'લોક ને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી...'** કારણ કે લોક અને અલોકમાં આખું આકાશ વ્યાપક છે. અને લોકમાં રહેલાં જીવ અને પુદ્‌ગલની સ્થિતિમાં આકાશ સંભવતું નથી. એ પહેલાં ધર્માસ્તિકાયમાં આવી ગયું ને ? આ અધર્માસ્તિ સાથે મેળવ્યું.

**'વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી...'** ધર્માસ્તિનું અધર્માસ્તિથી વિરુદ્ધ કાર્ય છે. તેથી **'ધર્મને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તે સંભવતું નથી.**' ધર્માસ્તિ પદાર્થને સંભવતું નથી. એટલે કે એના ગુણના પરિણામને એ સંભવતું નથી. આહા..હા...!

'**એવી જ રીતે (કાળ સિવાય) બાકીનાં સમસ્ત દ્રવ્યોને દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું કાળને જણાવે છે,...**' કાળ સિવાય દરેક દ્રવ્યને '**દરેક પર્યાયે સમયવૃત્તિપણું...**' દરેક પર્યાયે ને ? સમયવૃત્તિ (એટલે) આ સમય પૂરતી સ્થિતિ છે એવું '**હેતુપણું કાળને જણાવે છે.**' કાળમાં એક સમયનું માપ એ કાળને જણાવે છે. આ..હા...! '**કારણ કે તેમને સમયવિશિષ્ટ વૃત્તિ કારણાંતરથી સધાતી...**' કેમકે પ્રત્યેક પદાર્થને સમયવિશિષ્ટ પરિણતિ '**કારણાંતરથી સધાતી હોવાને લીધે...**' (અર્થાત્) આ એક સમય પૂરતી છે એ કાળના કારણથી જણાય છે. કારણાંતર છે ને ? આહા..હા...! (એટલે) એનાથી જુદું.

કાળ સિવાય દરેક દ્રવ્યની પર્યાય પરિણમે છે એને કારણાંતરથી સધાતી હોવાથી (અર્થાત્) આ એક સમય પૂરતું છે એ પોતા સિવાય બીજા કાળના માપથી તે જણાય છે. આ છ દ્રવ્યને જાણવાની વાત છે. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં સમયવિશિષ્ટની વ્યાખ્યા છે). 'કાળ સિવાયનાં દ્રવ્યોની પરિણતિ...' પર્યાયની વાત છે ને ? 'એક સમયમાં આ પરિણતિ થઈ છે' એક સમય સૂક્ષ્મ કાળમાં આ દશા થઈ છે 'એમ સમયથી વિશિષ્ટ છે અર્થાત્ વ્યવહારે તેમાં સમયની અપેક્ષા આવે છે...' (એટલે કે) કાળની (અપેક્ષા આવે છે). 'માટે તેમાં કોઈ દ્રવ્ય – કાળદ્રવ્ય – નિમિત્ત હોવું જોઈએ.' કાળદ્રવ્ય એટલે એની પરિણતિ. બીજા દ્રવ્યથી જુદું પાડીને એને કાળદ્રવ્ય કીધું.

કૌંસમાં છે ને ? '**(તેમને સમયથી વિશિષ્ટ એવી પરિણતિ અન્ય કારણથી...**' (એટલે) કાળના કારણથી '**(થતી હોવાને લીધે) સ્વતઃ તેમને તે (સમયવૃત્તિહેતુત્વ) સંભવતું નથી.**' સમયનું – કાળનું માપ, તે કાળ સિવાય પાંચ દ્રવ્યની પરિણતિનું એક સમયનું માપ એના પોતાથી નથી. તે સમયનું માપ કાળથી છે. આમાં જરી મગજને કેળવવું પડે એવું છે. આમ સાધારણ રીતે જાણ્યું આ જીવ, આ પુદ્‌ગલ (એમ નહિ). એકબીજાની ચીજનું નિમિત્તપણું કોનામાં છે અને તે તે પરિણતિનો પર્યાય સ્થાનરૂપ પરિણમે કે ગતિરૂપ પરિણમે કે પર્યાયરૂપે પરિણમે એમાં નિમિત્ત કોણ છે એ દ્રવ્યને જણાવે છે અથવા એના ગુણના પરિણામને જણાવે છે.

'**એવી જ રીતે ચૈતન્યપરિણામ જીવને જણાવે છે,...**' આ..હા...! આખું આકાશ આ લોક-અલોકમાં છે. એટલે લોકમાં રહેલાં જીવ-અજીવને સર્વવ્યાપક આકાશ નિમિત્ત ન હોઈ શકે એમ કહે છે. એટલામાં હોય એ નિમિત્ત થઈ શકે. આ ગતિપરિણતિ અને સ્થાનપરિણતિની વાત છે ને ? અને પરિણતિની પર્યાયની અપેક્ષાએ (વાત છે). આ લોક અને અલોક એકસાથે આખું આકાશ છે. એ ગતિપરિણતને (નિમિત્ત ન થાય). કારણ કે ગતિપરિણત (પદાર્થ) તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લોકમાં જ છે. લોકમાં જેટલાં (દ્રવ્યો) છે એને જે લોકનાં દ્રવ્ય હોય એ નિમિત્ત થઈ શકે પણ આ તો લોકાલોક છે એટલે એ નિમિત્ત હોઈ શકે નહિ. સમજાણું કે નહિ ? લ્યો, આ બધું ઝીણું પડે છે !

હવે અહીં ચૈતન્યના પરિણામ જાણવાલાયકના છે. છે ને ? '**જીવને જણાવે છે,...**' જાણવું-દેખવું કાર્ય જીવને જણાવે છે. જ્ઞાનગુણની પ્રધાનતાથી વર્ણન છે ને ? જેમ એક એક દ્રવ્યના એક એક ગુણના પરિણામથી કથન છે એમ અહીંયાં જીવના જ્ઞાનગુણનું જાણવું (છે) એ જાણવું, જણાવું (છે) એ એને જણાવે છે. આહા..હા...! જાણવા-દેખવાના પરિણામ – કાર્ય એ જીવને જણાવે છે. જાણવા-દેખવાનું કાર્ય પરને જણાવે છે એમ નહિ.

'**એવી જ રીતે ચૈતન્યપરિણામ...**' જ્ઞાન-દર્શનના પરિણામ જીવને જણાવે છે. એ પરિણામ જીવના છે અને એનાથી જીવ જણાય છે. એનાથી બીજાં પાંચ દ્રવ્ય જણાય છે એમ નહિ. એ જાણનાર ભલે પાંચ દ્રવ્યને જાણે પણ એ જાણવાના પરિણામ બીજા છે એને જણાવે છે એમ નહિ. એને (પોતાને) જણાવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જાણવાના પરિણામ ભલે ઈ પરને જાણવાના પરિણામ છે (પણ) ઈ પરને જાણવાના પરિણામનું સામર્થ્ય તો પોતાનું જ છે, પરને લઈને નહિ. પરને જાણવું કહેવું એ તો અસદ્ભુતવ્યવહાર છે. પણ જાણવાના પરિણામ, બીજા દ્રવ્યો કે પોતે, એના ચૈતન્યના પરિણામ જીવદ્રવ્યને જણાવે છે. એ પરિણામ જગતના લોકની અસ્તિ છે માટે જાણવાના પરિણામ એને જણાવે છે એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

પોતે અને પરને જાણવાના ભાવ એ તો પોતાના છે અને એ જાણવાના ભાવ જીવને જણાવે છે. જાણવાના ભાવે પરને જાણ્યું અને સ્વને જાણ્યું માટે જાણવાનો ભાવ પરને જણાવે છે એમ નથી. ભાઈ ! સમજાય છે કે નહિ આમાં ?

'**એવી જ રીતે ચૈતન્યપરિણામ...**' ભગવાન ! આ..હા..હા...! એના જે જાણવાના ભાવ (છે) એ જાણવાના પરિણામ '**જીવને જણાવે છે,...**' એનામાં ભલે લોકાલોકને જાણવાના પરિણામ થાય કે સાધકના અમુકને જાણવાના પરિણામ થાય એ પરિણામ જીવને જણાવે છે. આ..હા..હા..હા...! એ પરિણામમાં જીવને જાણવાનું અને પરને જાણવાનું આવ્યું એ બેનું જાણવું એ જીવને જણાવે છે. સમજાણું કાંઈ ?

'**કારણ કે તે ચેતન હોવાથી...**' એ જાણનારો હોવાથી '**શેષ દ્રવ્યોને તે સંભવતો નથી.**' બીજા દ્રવ્યમાં એ જાણવાના પરિણામ સંભવતા નથી. ઓ..હો..હો...! વાત ટૂંકી ઘણી પણ ભેદજ્ઞાનની કરે છે !! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– જ્ઞાતાએ જાણ્યું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણ્યું એટલે કાર્ય તે આત્માનું છે. એ પરને અને સ્વને જાણવું (થયું) માટે એનું કાર્ય પરને લઈને છે (એમ નથી). સમજાણું કાંઈ ? આ તો વીતરાગ સર્વજ્ઞ માર્ગ છે, પ્રભુ ! આ..હા..હા...! એની દ્રવ્યની વ્યાખ્યા, એની ગુણની વ્યાખ્યા... જુઓને ક્યાંથી લીધું ? (પહેલાં) દ્રવ્યવિશેષ જીવ અને અજીવ સામાન્યની વાત થઈ ગઈ. પછી ક્ષેત્રમાં લોક અને અલોક ભાગ પાડ્યા. પછી ક્રિયાવિશેષ – ભાવવર્તી અને ક્રિયાવર્તી. પછી મૂર્ત-અમૂર્ત ગુણવિશેષ (કહ્યાં). આહા..હા...! દરેકના લિંગ – ગુણો (છે) એ લિંગથી લિંગી જણાય છે. એમ ભેદ બતાવ્યા. અહીંયાં દરેક ગુણની પરિણતિ, ક્યા ગુણની પરિણતિ ક્યા દ્રવ્યની પરિણતિને નિમિત્ત છે ? એટલું અહીં જણાવે છે. એનો ગુણ જણાવે કે એની પરિણતિ જણાવે (એમ કહો). આહા..હા...!

**ભાવાર્થ :– 'પૂર્વે દર્શાવ્યું તેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પુદ્‌ગલદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે.'** આ..હા..હા...! રંગ, ગંધ, રસ ને સ્પર્શથી પુદ્‌ગલનું હોવાપણું જણાય. જાણ્યું જીવે. એના પુદ્‌ગલનું વર્ણ, ગંધ, રસપણાનું અસ્તિત્વ પુદ્‌ગલે જાણ્યું નથી પણ જાણનારને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના અસ્તિત્વથી પુદ્‌ગલનું અસ્તિત્વ છે એમ જણાય છે. આહા..હા...! જાણનારને વર્ણ, ગંધ, રસ, સ્પર્શના હોવાથી પુદ્‌ગલનું હોવાપણું જણાય છે. સમજાણું કાંઈ ? આમાં એકાગ્ર થાય તો પકડાય એવું છે. **'અહીં અમૂર્ત દ્રવ્યોનું અસ્તિત્વ તેમનાં વિશેષ લક્ષણોથી...'** જણાવ્યું છે ને અહીં ? અમૂર્ત ગુણોના પદાર્થની વાત ચાલે છે ને ? **'વિશેષ લક્ષણોથી પ્રગટ કરવામાં આવ્યું છે.'**

**'ચૈતન્યપરિણામરૂપ લક્ષણ અનુભવમાં આવતું હોવાથી અનંત જીવદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે.'** એ તો જીવદ્રવ્યનું હોવાપણું જણાવે છે. આહા..હા...! ચૈતન્યના પરિણામરૂપ લક્ષણ, હોં ! પર્યાયની વાત છે. એ **'અનુભવમાં આવતું હોવાથી...' 'ચૈતન્યપરિણામરૂપ લક્ષણ અનુભવમાં આવતું હોવાથી અનંત જીવદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે.'**

**'જીવાદિ સમસ્ત દ્રવ્યો જેના નિમિત્તે અવગાહ (અવકાશ) પામે છે એવું કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકાલોકવ્યાપી આકાશ છે.'** છે તો એના અવગાહનગુણના પરિણામ. સમજાણું ? પણ એને દ્રવ્ય તરીકે બીજાથી જુદું પાડવું છે ને એટલે (દ્રવ્ય કહ્યું). **'તે દ્રવ્ય લોકાલોકવ્યાપી આકાશ છે.'** નિમિત્ત પામે એની વાત છે ને ? નિમિત્ત થાય. નિમિત્ત થાય છે આકાશના અવગાહનગુણના પરિણામ પણ તેને દ્રવ્ય તરીકે કહીને આકાશ દ્રવ્ય એને નિમિત્ત કહેવામાં આવે છે. આ વાત સર્વજ્ઞ સિવાય કેવળજ્ઞાની પરમાત્મા સિવાય (ક્યાંય નથી). એના જાણવામાં દ્રવ્યો આવ્યા એણે કહ્યાં. બીજા બધાં ભલે આત્માની વાતું કરે, પુદ્‌ગલની કરે પણ એ કાલ્પનિક વાત છે. આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની વસ્તુની સ્થિતિ આવી છે કે જે ગમનરૂપ પરિણામને અથવા અવગાહરૂપ પરિણામને, અહીં અવગાહન કરે છે ને ? આકાશ નામના દ્રવ્યનું પરિણામ નિમિત્ત છે. એટલે એ આકાશ દ્રવ્ય નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. આહા..હા...!

**'જીવ-પુદ્‌ગલો ગતિ કરતાં જણાય છે,...'** જીવ અને પુદ્‌ગલો ગતિ કરતાં જણાય છે. **'તેથી જેમ માછલાંને ગતિમાં નિમિત્તભૂત જળ છે...'** માછલાં ગતિ તો પોતાથી કરે છે (તેને) બાહ્યમાં નિમિત્તભૂત પાણી છે. **'તેમ જીવ-પુદ્‌ગલોને ગતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી ધર્મદ્રવ્ય છે.'** એના ગુણના પરિણામ છે ને ? બીજા ગુણના પરિણામ એને નિમિત્ત નથી એથી દ્રવ્યને જ (નિમિત્ત) કહી દીધું. દ્રવ્ય જ નિમિત્ત છે. છે પરિણામ (પણ દ્રવ્યને નિમિત્ત કીધું).

પ્રશ્ન :– એ પરિણામ આખું લેવું કે કેમ ?

સમાધાન :– જેટલામાં (ગતિ) કરે એટલામાં એના પરિણામ નિમિત્ત છે. બધા આવે તો એને નિમિત્ત થાય એમ કહેવું છે પણ અત્યારે જેટલા પરિણમે એમાં જે પરિણામ છે એ નિમિત્ત થાય. બાકી પરિણામની તાકાત (તો એટલી છે કે) આખા (દ્રવ્યો) જે એ વખતે ગતિપણે પરિણમતા હોય એને નિમિત્ત (થાય). એ ધર્મદ્રવ્ય છે.

**'જેમ મનુષ્યને સ્થિતિમાં નિમિત્તભૂત પૃથ્વી છે...'** બહારનો દાખલો આપ્યો. સ્થિરતા તો મનુષ્ય કરે છે પણ એની સ્થિરતામાં પૃથ્વી નિમિત્ત છે. **'તેમ જીવ-પુદ્‌ગલોને સ્થિતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી અધર્મદ્રવ્ય છે.'** આહા..હા...! જ્યારે ઉપાદાનનું કાર્ય છે ત્યારે એક બીજી ચીજ છે એ વાત અહીંયાં સર્વજ્ઞમાં જ છે. છતાં એ નિમિત્તથી થાતું નથી. આહા..હા...!

મુમુક્ષુ :– નિમિત્તને આટલું બધું સિદ્ધ કરે છે, નિમિત્તને સ્થાપવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ સિદ્ધ કરી છે. વસ્તુ છે. છે એમ જણાવે છે પણ છે માટે એનાથી અહીં (કાર્ય) થાય છે (એમ નથી). તેથી તો ગતિપરિણત કીધું. ગતિપરિણતને ધર્માસ્તિના પરિણામ નિમિત્ત છે. પરિણામ એને ગતિ પરિણમાવે છે (એમ નથી). બસ, હો નિમિત્ત બીજી ચીજ હો.

જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. બીજી પર ચીજ હો પણ એને પ્રકાશે છે (તો) તે એના સામર્થ્યથી અહીં પ્રકાશે છે એમ નથી. પોતાના સ્વભાવથી જ – સ્વપરપ્રકાશક સામર્થ્યથી પ્રકાશે છે. આ..હા..હા...!

પ્રશ્ન :– એના વિના ન થાય એવું નથી ?

સમાધાન :– એના વિના ન થાય એવું છે નહિ. ગતિ કે 'દી નથી ? ઈ તો નિમિત્તને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ કરવા એમ બોલે. કે 'દી નિમિત્ત નથી ? ક્યારે ઉપાદાનમાં કાર્ય નથી ? અને ક્યારે એને નિમિત્ત નથી ? આહા..હા...!

**'જેમ કુંભારના ચક્રને ફરવામાં ખીલી નિમિત્તભૂત છે...'** વ્યવહાર લીધો ને વ્યવહાર ? જેમ પેલા માછલાંને પાણી, સ્થિર રહેવામાં પૃથ્વી (નિમિત્ત છે) એમ કુંભારના ચક્રને ફરવામાં ખીલી નિમિત્ત છે, ખીલી. એને ફેરવાવતું નથી. ફરે છે પોતાથી, ખીલી નિમિત્ત કહેવામાં આવે છે. આ..હા...! **'તેમ (કાળ સિવાયનાં) સર્વ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ;...'** એટલે કે એવા પરિણામવાળું દ્રવ્ય હોવું જોઈએ, એમ (કહે છે). એને નિમિત્ત થાય એવું. **'તે દ્રવ્ય અસંખ્યાત કાળાણુઓ છે કે જેમના પર્યાયો સમય, ઘડી, દિવસ, વર્ષ ઇત્યાદિરૂપે વ્યક્ત થાય છે.'** એક સમય, ઘડી, દિવસ, વર્ષ (આદિનું) એનાથી માપ ગણાય છે.

**'આ પ્રમાણે ગુણભેદથી દ્રવ્યભેદ નક્કી થયો.'** લ્યો. આ પ્રમાણે દરેક દ્રવ્યના ગુણના પરિણમનથી દરેક દ્રવ્યની ભિન્નતા સિદ્ધ થઈ. જુઓ ! કેવો ક્રમ લીધો જુઓને ! હવે પ્રદેશ, અપ્રદેશની વ્યાખ્યા (કહે છે). દ્રવ્ય તો છે પણ બધા પ્રદેશી છે કે બધા અપ્રદેશી છે એમ નથી. આહા..હા...!

**'દ્રવ્યોનો પ્રદેશત્વ...'** એટલે પ્રદેશવાળાપણું **'અને અપ્રદેશત્વરૂપ...'** પ્રદેશ વિનાનું એટલે એકપ્રદેશી. એવો **'(–ભેદ) જણાવે છે :–'**

**जीवा पोग्गलकाया धम्माधम्मा पुणो य आगासं।**
**सपदेसेहिं असंखा णत्थि पदेस त्ति कालस्स।।१३५।।**

**જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને,**
**છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.**

પ્રશ્ન :– જે જીવ પૂર્ણ પદને પામે છે એને આવું જ્ઞાન હોય છે ?

સમાધાન :– હોય-ન હોય એનો ક્યાં પ્રશ્ન છે. હોય તો આવું હોય,

મુમુક્ષુ :– ન હોય તો આત્માનું તો હોય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હોય તો આવું હોય. એ તો આત્મા જાણે ત્યાં બધું જણાય જાય. એ મારામાં નથી. કઈ જાતના નથી ? સામાન્યપણે એમાં આવી ગયું. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ द्रव्याणां प्रदेशवत्त्वाप्रदेशवत्त्वविशेषं प्रज्ञापयति -

**जीवा पोग्गलकाया धम्माधम्मा पुणो य आगासं।**
**सपदेसेहिं असंखा णत्थि पदेस त्ति कालस्स।।१३५।।**
**जीवाः पुद्गलकाया धर्माधर्मौ पुनश्चाकाशम्।**
**स्वप्रदेशैरसंख्याता न सन्ति प्रदेशा इति कालस्य।।१३५।।**

प्रदेशवन्ति हि जीवपुद्गलधर्माधर्माकाशानि अनेकप्रदेशवत्त्वात्। अप्रदेशः कालाणुः प्रदेशमात्रत्वात्। अस्ति च संवर्तविस्तारयोरपि लोकाकाशतुल्यासंख्येयप्रदेशापरित्यागाज्जीवस्य,

---

एवं कस्य द्रव्यस्य के विशेषगुणा भवन्तीति कथनरूपेण तृतीयस्थले गाथात्रयं गतम्। अथ कालद्रव्यं विहाय जीवादिपञ्चद्रव्याणामस्तिकायत्वं व्याख्याति - **जीवा पोग्गलकाया धम्मा-धम्मा पुणो य आगासं** जीवाः पुद्गलकायाः धर्माधर्मौ पुनश्चाकाशम्। एते पञ्चास्तिकायाः

---

હવે દ્રવ્યોનો પ્રદેશત્વ અને અપ્રદેશત્વરૂપ વિશેષ (–ભેદ) જણાવે છે :–

**જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય, ધર્મ, અધર્મ વળી આકાશને**
**છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.**

---

મુમુક્ષુ :– જેને જરૂર નથી એવા માણસને આટલું બધું શીખવાનું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એને ઘણાં આડાં (લાકડાં) ગરી ગયા છે, માણસને ઘણાં આડા ગરી ગયેલા છે એટલે એને જેટલા પોતાના આડા કાઢવાના એટલા પ્રમાણમાં (અંદર) જાવું. કારણ કે અત્યારે મત એટલા બધા (ચાલે છે). વેદાંત ને વૈશેષિક ને સાંખ્યા ને આ શ્વેતાંબર ને સ્થાનકવાસી ને દિગંબર ને... એનો કરો સમન્વય ! શેના સમન્વય ? એટલે એણે જેવી વસ્તુની સ્થિતિ છે, ભગવાને કહી છે એવી એણે જાણવી જોશે. એટલે આમાં નથી કીધું ? 'યોગસાર' ! 'યોગસાર'માં ! બુદ્ધિપૂર્વક એણે કેટલું હોય ઈ જાણવું જોઈએ. બીજું બધું જાણવામાં રોકાય ઈ કરતાં આમાં રોકાય તો ! એમ. તો એને બીજાં કરતાં વીતરાગમાર્ગની ભિન્નતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्येण प्रदेशमात्रत्वादप्रदेशत्वेऽपि द्विप्रदेशादिसंख्येयासंख्येयानन्तप्रदेशपर्यायेणानवधारितप्रदेशत्वात्पुद्गलस्य, सकललोकव्याप्यसंख्येयप्रदेशप्रस्ताररूपत्वात् धर्मस्य, सकललोकव्याप्यसंख्येयप्रदेशप्रस्ताररूपत्वादधर्मस्य, सर्वव्याप्यनन्तप्रदेशप्रस्ताररूपत्वादाकाशस्य च प्रदेशवत्त्वम्। कालाणोस्तु द्रव्येण प्रदेशमात्रत्वात्पर्यायेण तु परस्परसंपर्कासंभवादप्रदेशत्वमेवास्ति। ततः कालद्रव्यमप्रदेशं शेषद्रव्याणि प्रदेशवन्ति।।१३५।।

---

किंविशिष्टाः। **सपदेसेहिं असंखा** स्वप्रदेशैरसंख्येयाः। अत्रासंख्येयप्रदेशशब्देन प्रदेशबहुत्वं ग्राह्यम्। तच्च यथासंभवं योजनीयम्। जीवस्य तावत्संसारावस्थायां विस्तारोपसंहारयोरपि प्रदीपवत्प्रदेशानां हानिवृद्ध्योरभावाद्व्यवहारेण देहमात्रेऽपि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वम्। धर्माधर्मयोः पुनरवस्थितरूपेण लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वम्। स्कन्धाकारपरिणतपुद्गलानां तु संख्येयासंख्येयानन्तप्रदेशत्वम्। किंतु पुद्गलव्याख्याने प्रदेशशब्देन परमाणवो ग्राह्या, न च

---

**અન્વયાર્થ :–** **[जीवाः]** જીવો, **[पुद्गगकायाः]** પુદ્ગલકાયો, **[धर्माधर्मौ]** ધર્મ, અધર્મ **[पुनः च]** અને વળી **[आकाशं]** આકાશ **[स्वप्रदेशैः]** સ્વપ્રદેશોની અપેક્ષાએ **[असंख्याताः]** અસંખ્યાત અર્થાત્ અનેક છે; **[कालस्य]** કાળને **[प्रदेशाः इति]** પ્રદેશો **[न सन्ति]** નથી.

---

શું છે એ એના ખ્યાલમાં આવે. જેથી ક્યાંય એને સમન્વય કરવાનું મન ન થાય (કે) આ પણ સાચા અને આ પણ સાચા. આ..હા..હા...!

મુમુક્ષુ :– બધાં મોક્ષની વાત કરે છે. મોક્ષ જવાની પદ્ધતિમાં ફેર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોક્ષની વાતું કરતા જ નથી. ઈ કહે છે, અત્યારે લખાણ ઈ આવે છે. ઇચ્છા તો બધાને મોક્ષની છે એના રાહમાં (–રસ્તામાં) ફેર છે. અરે...! બધો ફેર છે સાંભળને ! સત્ય સિવાય એકેય વાત જ સાચી નથી. દિગંબર સત્ય ધર્મ સર્વજ્ઞે કહેલો એ સિવાય બીજે ક્યાંય સત્યનો અંશ નથી. ભાઈ ! એના બાપને ઈ હતું (કે) દેવ, ગુરુ, ધર્મ પર ? ઈ તો શુદ્ધ છે (તો પછી પર કેવી રીતે) ? પછી પાછળથી જરી મોળું પડ્યું હતું, પાછળથી. આ માર્ગ, બાપૂ ! દુનિયાના પડમાં ક્યાંય (નથી), આ વાત ભગવાન બિરાજે છે ત્યાં તો હોય છે જ, એમાં શું છે ? અત્યારે આ હિન્દુસ્તાનમાં બહુ જ ફેરફાર થઈ ગયો, આખી ચીજ ફરી ગઈ.

તિર્યંચને આનંદનું ભાન થઈ ગયું તો આ આનંદસ્વરૂપ તે હું અને અંદર દુઃખ લાગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्षेत्रप्रदेशाः। कस्मात्। पुद्गलानामनन्तप्रदेशक्षेत्रेऽवस्थानाभावादिति। परमाणोर्व्यक्तिरूपेणैकप्रदेशत्वं शक्तिरूपेणोपचारेण बहुप्रदेशत्वं च। आकाशस्यानन्ता इति। **णत्थि पदेस त्ति कालस्स** न सन्ति प्रदेशा इति कालस्य। कस्मात्। द्रव्यरूपेणैकप्रदेशत्वात्, परस्परबन्धाभावात्पर्यायरूपेणापीति।।१३५।।

---

**ટીકા :–** જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ અનેક પ્રદેશોવાળાં હોવાથી પ્રદેશવંત છે. કાળાણુ પ્રદેશમાત્ર (અર્થાત્ એકપ્રદેશી) હોવાથી અપ્રદેશી છે.

(ઉપર કહેલી વાત સ્પષ્ટ કરવામાં આવે છે :–) સંકોચવિસ્તાર થતો હોવા છતાં જીવ લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશોને નહિ છોડતો હોવાથી જીવ પ્રદેશવાન છે; પુદ્‌ગલ, જોકે દ્રવ્યે પ્રદેશમાત્ર (–એકપ્રદેશી) હોવાથી અપ્રદેશી છે તોપણ, બે પ્રદેશોથી માંડીને સંખ્યા, અસંખ્યા અને અનંત પ્રદેશોવાળા પર્યાયની અપેક્ષાએ અનિશ્ચિત પ્રદેશોવાળું હોવાથી પ્રદેશવાન છે; સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી ધર્મ પ્રદેશવાન છે; સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી અધર્મ પ્રદેશવાન છે; અને સર્વવ્યાપી અનંત પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી આકાશ પ્રદેશવાન છે. કાળાણુ તો દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી અને પર્યાયે પરસ્પર સંપર્ક હોવાથી અપ્રદેશી જ છે.

માટે કાળદ્રવ્ય અપ્રદેશી છે અને શેષ દ્રવ્યો પ્રદેશવંત છે. ૧૩૫.

---

છે, દુઃખ એટલે આની સાથે મેળ નથી, એ આસ્રવ આદિ હું નહિ અને જેટલી અજીવ ચીજ છે, ભલે અજીવ નામ ન આવડે, પણ જીવના અસ્તિત્વનું ભાન થયું એમાં આ બીજી ચીજનું અસ્તિત્વ અહીં નથી એવું જ્ઞાન થયું એમાં બધું જ્ઞાન આવી ગયું. અહીં તો જેને વિશેષ સમજવાની શક્તિ છે અને વિશેષપણે જેને ઊંધાં લાકડાં ગરી ગયાં છે એણે બધા પ્રકાર જાણવા જોઈએ.

પ્રશ્ન :– તિર્યંચને જાણવું નહિ તો અમારે શું કરવા જાણવું જોઈએ ?

સમાધાન :– ધંધાનું પાપનું જાણવાનું કેવું (કરે છે) ? (અને આ વાત આવે ત્યારે કહે) આ નહિ. આના જાણવામાં તો શુભ વિકલ્પ છે અને જાણવું જે અંદરથી સ્વલક્ષ કરે છે એમાં તો પોતાનું જ્ઞાન થાય. આ..હા..હા...!

૧૩૫ (ગાથાની) ટીકા. '**જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ અનેક પ્રદેશોવાળાં હોવાથી...**' ત્યાં પાઠમાં છે ને ? '**असंखा**' અસંખ્યનો અર્થ અસંખ્ય એમ નહિ, અનેક. કોઈ એક પ્રદેશી છે, કોઈ અનેક પ્રદેશી છે. અનેકને અસંખ્ય શબ્દે વાત કરે છે. અનંત (પ્રદેશી) પણ અસંખ્યમાં – અનેકમાં આવી જાય. '**અનેક પ્રદેશવાળાં...**' અહીંયાં '**અનેક**' શબ્દ વાપર્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોયું ? (મૂળ પાઠમાં) છે ને ? '**धम्माधम्मा पुणो य आगासं। सपदेसेहिं असंखा...**' છે ને ત્રીજું પદ ? એની વ્યાખ્યા '**અનેક**' કરી નાખી. અસંખ્યાત એમ નહિ, અનેક. બેથી અનેક, અનંત સુધીમાં અનેક આવે. આહા..હા...! '**જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ અનેક પ્રદેશવાળાં હોવાથી પ્રદેશવંત છે. કાળાણુ પ્રદેશમાત્ર (અર્થાત્ એકપ્રદેશી) હોવાથી અપ્રદેશી છે.**' પુદ્‌ગલને પણ ઉપચારથી ઘણાં (પ્રદેશી) ગણ્યા. બધાં ભેગાં થવાની લાયકાત છે ને ? સ્કંધરૂપે વ્યવહારે. વ્યવહારે !

'**(ઉપર કહેલી વાત સ્પષ્ટ કરવામાં આવે છે :–) સંકોચવિસ્તાર થતો હોવા છતાં જીવ લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશોને નહિ છોડતો હોવાથી...**' લ્યો ! કહે છે, ભલે નગોદના શરીરમાં જાય (ત્યારે) પ્રદેશ સંકોચ થઈ જાય. ક્ષેત્રથી આમ સંકોચ (થઈ જાય). અસંખ્ય પ્રદેશમાં સંકોચ નથી. તેમ તેનો પ્રદેશ જેટલો પહોળો છે એનો પણ સંકોચ નથી. સમજાણું કાંઈ ? નિગોદના એક શરીરમાં અનંત જીવ (છે) અને એક જીવના અસંખ્ય પ્રદેશ (છે) તો એમાં સંકોચાઈ ગયા છે. સંકોચનો અર્થ ઈ પ્રદેશની જેટલી પહોળાઈ છે એ સંકોચ નથી (પામતી) પણ એના જે આમ પથરાયેલા અસંખ્ય (પ્રદેશ) છે ઈ આમ સંકોચાણા છે. સમજાણું કાંઈ ? પ્રદેશની પહોળાઈ છે તેટલી પહોળાઈ તો ત્યાં કાયમ રહી છે. આહા..હા...! ભાઈ ! પણ અનેક પ્રદેશો જે આમ પહોળા હતા એ આમ થઈ ગયા. એક એક પ્રદેશમાં ઘણા પ્રદેશો આમ સાથે આવી ગયા.

'**સંકોચવિસ્તાર થતો હોવા છતાં જીવ લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશોને નહિ છોડતો હોવાથી...**' આ..હા..હા...! આવી વાત ક્યાં છે ? અસંખ્યપ્રદેશી જીવ (છે એવી વાત) છે ક્યાંય ? વાતું બધા કરે, આ બધા 'રજનીશ'ને... બહુ ચાલ્યું છે એનું માળાનું !

મુમુક્ષુ :– સૌને મળી રહે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– મળે શું ? જૈનના માણસો – સ્થાનકવાસી, દેરાવાસી (જાય છે). વધારે સ્થાનકવાસી, દેરાવાસી (ઓછા). આના ઠેકાણા ન મળે અને આને મળી જાય. ક્યાં હતું ક્યાંય ? શું થાય ? શ્વેતાંબર, સ્થાનકવાસીમાં આ વાત નથી. તદ્દન વિપરીત છે. આણે તો કાળને પણ માન્યો નથી. ખરેખર તો જેની કાળની પરિણતિ બદલી નથી એને કાળ હોય એ માન્યતા હોઈ શકે જ નહિ. આહા..હા...! (આવી) વસ્તુસ્થિતિ છે. સ્વકાળનું પરિણમન બદલ્યું નથી એને કાળ (દ્રવ્ય) છે કે નહિ એની ખબર નથી. બદલ્યું નથી એટલે એને કાળ નથી.

મુમુક્ષુ :– નિમિત્ત નથી માનતા એને ઉપાદાન પણ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ બે છે. ઉપાદાન ન માન્યું એની પરિણતિ શુદ્ધ થઈ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી કાળ નિમિત્ત છે એ (એને) નથી. એવું છે, ભાઈ ! આ..હા...! વીતરાગ સર્વજ્ઞનો આ વાડો નથી કાંઈ. આ તો વસ્તુનું સ્વરૂપ છે.

પ્રશ્ન :– વાડો ક્યો કહેવાય ?

સમાધાન :– વાડો તો આ બાંધીને બેસે કે, અમે આ માનીએ, અમે આ માનીએ. આમ છે – જીવનું સ્વરૂપ એવું છે, ગુણનું સ્વરૂપ, પર્યાયનું સ્વરૂપ એની જે વસ્તુ કીધી એ વાડો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ છે.

'**પુદ્‌ગલ, જોકે દ્રવ્યે પ્રદેશમાત્ર (–એકપ્રદેશી) હોવાથી અપ્રદેશી છે...**' એને અહીં પ્રદેશમાં નાખ્યા ને ? '**તોપણ, બે પ્રદેશોથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશવાળા પર્યાયની અપેક્ષાએ...**' વ્યવહારની અપેક્ષાએ '**અનિશ્ચિત પ્રદેશોવાળું હોવાથી પ્રદેશવાન...**' કહેવામાં આવે છે. એક જ પરમાણુ રહેતો નથી, એ તો બે, ત્રણ, ચાર, અનંત સંયોગ પણ આવે છે. એવા ઉપચારનયથી એને પ્રદેશવાળું કહેવામાં આવ્યું. એવો ઉપચાર કાળાણુને લાગુ પડતો નથી. કેમકે એમાં સ્નિગ્ધ, રુક્ષતા નથી કે બે (કાળાણુ) ભેગા થાય. વ્યવહારે ભેગા થાય એવું પણ નથી. આ (પુદ્‌ગલો) તો વ્યવહારે બે ભેગા થાય. અનંત સ્કંધ થાય. ખરેખર તો પરમાણુ છૂટો જ છે. સ્વચતુષ્ટયમાં જ છે પણ ચીકાશ, લૂખાશની સરખાઈને લઈને એકરૂપ પિંડ આમ ભેગા થયા. એથી પર્યાયની અપેક્ષાએ એકરૂપપણું નથી રહેતું, ભિન્ન ભિન્ન પ્રદેશોમાં વ્યવહારે જોડાઈ જાય છે તેથી પ્રદેશવાન કહેવામાં આવે છે.

'**સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ...**' (અર્થાત્) ફેલાવ, વિસ્તારરૂપ '**હોવાથી ધર્મ...**' ધર્મ ! '**પ્રદેશવાન છે;...**' ધર્માસ્તિકાય પ્રદેશવાન છે. અસંખ્યાત પ્રદેશ ! ઓ..હો..હો...! '**સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી અધર્મ પ્રદેશવાન છે;...**' અધર્માસ્તિ ! પહેલું ધર્માસ્તિના પ્રદેશોને સિદ્ધ કર્યું, પુદ્‌ગલને પ્રદેશવાન સિદ્ધ કર્યું. (સૌથી) પહેલાં જીવને સિદ્ધ કર્યું. '**સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી અધર્મ પ્રદેશવાન છે;...**'

'**અને સર્વવ્યાપી અનંત પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી...**' લ્યો ! પેલા લોકવ્યાપી વિસ્તાર (કહ્યો) હતો, આ સર્વવ્યાપી (કહ્યો). (એવું) '**આકાશ પ્રદેશવાન છે.**' આ..હા..હા...! '**કાળાણુ તો દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી અને પર્યાયે પરસ્પર સંપર્ક નહિ હોવાથી...**' જોયું ? પર્યાયથી પણ બે કાળાણુ ભેગા થાય એવી એનામાં યોગ્યતા નથી. તે '**અપ્રદેશી જ છે.**' આ..હા..હા...! બીજા લોકો પણ કાળની વાત કરે, આકાશની વાત કરે, ધર્માસ્તિની નહિ. પણ ઈ આકાશ કેટલું અને કેટલા પ્રદેશી ? કાળ કેટલો ? કેટલા પ્રદેશી, એક પ્રદેશી ? એવી વાત ક્યાંય છે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :– કાળાણુમાં એક એક અણુ...

સમાધાન :– ભિન્ન છે. કાળાણુ એક એક દ્રવ્ય ભિન્ન છે.

મુમુક્ષુ :– શ્વેતાંબર પણ નથી માનતા તો બીજા તો ક્યાંથી માને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કો'ક એમ કહે છે કે, કાળને અને આકાશને ક્યાંક ક્યાંક ઓઘેઓઘે માને છે.

**'માટે કાળદ્રવ્ય અપ્રદેશી છે અને શેષ દ્રવ્યો પ્રદેશવંત છે.'** આ..હા..હા...! આવું જેને પરદ્રવ્યનું પણ પૃથક્પણું અને પ્રદેશવાળું, અપ્રદેશવાળું કે સક્રિય કે અક્રિય એવું જો ધ્યાન થાય તો બીજાના ભાવ સાથે એને મેળવી નહિ શકે કે, આ માર્ગ સિવાય બીજો માર્ગ ક્યાંય છે નહિ. ભલે (બીજા) આત્માની વાત કરતા હોય કે આત્મા આમ થાય, વિકલ્પ શૂન્ય થાય તો આમ થાય. વિકલ્પ શૂન્ય થાય પણ અસ્તિ શું ? અને વિકલ્પ થાય એનું નિમિત્તપણું કોણ ? વિકલ્પ સ્વલક્ષી થાય કે પરલક્ષી થાય ? પરલક્ષી થાય તો પરલક્ષની ચીજ શું ? અને એ ચીજ પ્રદેશવાન છે કે અપ્રદેશવાન છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? એમ ન્યાય આવવા જોઈએ ને ? એમને એમ ઓઘે માને એ તો અજ્ઞાન છે.

૧૩૬ (ગાથા). **'હવે પ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે...'** પહેલાં તો પ્રદેશ-અપ્રદેશની વાત કરી (કે) કાળાણુ અપ્રદેશી (છે) એ સિવાય બીજા (દ્રવ્યો) પ્રદેશી (છે). પરમાણુ ભલે દ્રવ્યે અપ્રદેશી (છે) પણ પર્યાયે, સંયોગસંબંધે સપ્રદેશી કહેવામાં આવે છે. પર્યાયથી કહો કે વ્યવહારથી કહો.

**लोगालोगेसु णभो धम्माधम्मेहिं आददो लोगो।**
**सेसे पडुच्च कालो जीवा पुण पोग्गला सेसा।।१३६।।**

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્ગલો તે શેષ છે. ૧૩૬.**

છ દ્રવ્યોનું હોવાપણું (છે). એની એક સમયની પર્યાયમાં એનું જ્ઞાન થાય એવડો તો જેનો – જીવનો એક સમય છે ! આટલું છે એ ન માને તો એનો એક સમયનો પર્યાય (છે) એને એણે ન માન્યો. આવે છે ને ? 'કળશટીકા'માં આવે છે – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. પર્યાયને માને તો એણે છ દ્રવ્યને માન્યા. પર્યાયને ન માને તો એણે છ દ્રવ્યને માન્યા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ क्वामी प्रदेशिनोऽप्रदेशाश्चावस्थिता इति प्रज्ञापयति -

**लोगालोगेसु णभो धम्माधम्मेहिं आददो लोगो।**
**सेसे पडुच्च कालो जीवा पुण पोग्गला सेसा।।१३६।।**
**लोकालोकयोर्नभो धर्माधर्माभ्यामाततो लोकः।**
**शेषौ प्रतीत्य कालो जीवाः पुनः पुद्गलाः शेषौ।।१३६।।**

आकाशं हि तावत् लोकालोकयोरपि, षड्द्रव्यसमवायासमवाययोरविभागेन वृत्तत्वात्। धर्माधर्मौ सर्वत्र लोके, तन्निमित्तगमनस्थानानां जीवपुद्गलानां लोकाद्बहिस्तदेकदेशे च गमन-

---

अथ तमेवार्थं द्रढयति -

**एदाणि पंचदव्वाणि उज्झियकालं तु अत्थिकाय त्ति।**
**भण्णंते काया पुण बहुप्पदेसाण पचयत्तं।।११।।**

**एदाणि पंचदव्वाणि** एतानि पूर्वसूत्रोक्तानि जीवादिषड्द्रव्याण्येव **उज्झिय कालं तु** कालद्रव्यं विहाय **अत्थिकाय त्ति भण्णंते** अस्तिकायाः पञ्चास्तिकाया इति भण्यन्ते। **काया**

---

હવે પ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે તે જણાવે છે :–

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.**

---

દ્રવ્યથી અસ્તિ છે, પર્યાયથી નાસ્તિ છે. પાછળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું (આવે) છે.

મુમુક્ષુ :– ચૌદ બોલ છે એમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, છે ને ! ઈ ચાર બોલ જુદા આવશે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય. એક જ દ્રવ્યમાં ભેદપણું એ પરદ્રવ્ય. કાળ – ત્રિકાળ કાળનો એક સમયનો પર્યાય ભેદ – વ્યવહાર થાય. એમાં તો એમ કહ્યું છે કે, પર્યાયને માને તો એ છ દ્રવ્યને માને તો પર્યાયને માની કહેવાય. એમ ત્યાં કીધું છે. દ્રવ્યને માને પણ પર્યાયને ન માને – એમ ત્યાં કહ્યું છે. છે ને ? એનો અર્થ એટલો કે, દ્રવ્ય છે એમ માને પણ પર્યાય ન માને. એટલે કે પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાતવાળી પર્યાય છે (છતાં) દ્રવ્ય માને પણ પર્યાયને ન માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्थानासंभवात्। कालोऽपि लोके, जीवपुद्गलपरिणामव्यज्यमानसमयादिपर्यायत्वात्, स तु लोकैकप्रदेश एवाप्रदेशत्वात्। जीवपुद्गलौ तु युक्तित एव लोक, षड्द्रव्यसमवायात्मकत्वाल्लोकस्य। किंतु जीवस्य प्रदेशसंवर्तविस्तारधर्मत्वात्, पुद्गलस्य बन्धहेतुभूतस्निग्धरूक्षगुणधर्मत्वाच्च तदेकदेशसर्वलोकनियमो नास्ति। कालजीवपुद्गलानामित्येकद्रव्यापेक्षया एकदेश अनेकद्रव्यापेक्षया पुनरञ्जनचूर्णपूर्णसमुद्गकन्यायेन सर्वलोक एवेति।।१३६।।

---

**पुण** कायाः कायशब्देन पुनः। किं भण्यते। **बहुप्पदेसाण पचयत्तं** बहुप्रदेशानां संबन्धि प्रचयत्वं समूह इति। अत्र पञ्चास्तिकायमध्ये जीवास्तिकाय उपादेयस्तत्रापि पञ्चपरमेष्ठिपर्यायावस्था, तस्यामप्यर्हत्सिद्धावस्था, तत्रापि सिद्धावस्था। वस्तुवस्तु रागादिसमस्तविकल्पजालपरिहारकाले सिद्धजीवसदृशा स्वकीयशुद्धात्मावस्थेति भावार्थः।।११।। एवं पञ्चास्तिकायसंक्षेपसूचनरूपेण

---

**અન્વયાર્થ :–** **[नभः]** આકાશ **[लोकालोकयोः]** લોકાલોકમાં છે, **[लोकः]** લોક **[धर्माधर्माभ्याम् आततः]** ધર્મ ને અધર્મથી વ્યાપ્ત છે, **[शेषौ प्रतीत्व]** બાકીનાં બે દ્રવ્યોનો આશ્રય કરીને **[कालः]** કાળ છે, **[पुनः]** અને **[शेषौ]** તે બાકીનાં બે દ્રવ્યો **[जीवाः पुद्गलाः]** જીવો ને પુદ્ગલો છે.

---

એટલે (એણે) છ દ્રવ્યને ન માન્યા. આહા..હા...! કેવી શૈલી લીધી છે ! 'રાજમલજી'ની ટીકા છે ને ? 'કળશટીકા' !

પર્યાયને માને, જ્ઞેયાકાર થયેલી એક સમયની પર્યાય. લોકાલોકના જ્ઞેયાકારે થયેલી એક સમયની પર્યાયને માને પણ એના સિવાય ભિન્ન આખું દ્રવ્ય છે, જે જ્ઞેયાકારરૂપે પરિણમેલી પર્યાયરૂપે નથી એને ન માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. આ..હા...! ભાઈ ! ઝીણું છે આ બધું !

(એક) કહે, ઈશ્વરકર્તા (છે), જાઓ ! (બીજો) કહે, દેવ-ગુરુની ભક્તિ કરો (તો) કલ્યાણ થઈ જશે. કાલે જ આવ્યું હતું, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી કલ્યાણ થશે, લ્યો ! આહા..હા...! દેવ-ગુરુ-શાસ્ત્ર કોણ ? એની ભક્તિ એટલે શું ? અને એના ફળ તરીકે કલ્યાણ એટલે શું ? સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चतुर्थस्थले गाथाद्वयं गतम्। अथ द्रव्याणां लोकाकाशेऽवस्थानमाख्याति - **लोगालोगेसु णभो** लोकालोकयोरधिकरणभूतोर्णभ आकाशं तिष्ठति। **धम्माधम्मेहिं आददो लोगो** धर्माधर्मास्तिकायाभ्यामाततो व्याप्तो भूतो लोकः। किं कृत्वा। **सेसे पडुच्च** शेषौ जीवपुद्गलौ प्रतीत्याश्रित्य। अयमत्रार्थ :- जीवपुद्गलौ तावल्लोके तिष्ठतस्तयोर्गतिस्थित्योः कारणभूतौ धर्माधर्मावपि लोके। **कालो** कालोऽपि शेषौ जीवपुद्गलौ प्रतीत्य लोके। कस्मादिति चेत्। जीवपुद्गलाभ्यां नवजीर्णपरिणत्या व्यज्यमानसमयघटिकादिपर्यायत्वात्। शेषशब्देन किं भण्यते। **जीवा पुण पोग्गला**

---

**ટીકા :–** પ્રથમ તો આકાશ લોક તેમ જ અલોકમાં છે, કારણ કે છ દ્રવ્યોના સમવાય ને અસમવાયમાં વિભાગ વિના રહેલું છે. ધર્મ ને અધર્મ સર્વત્ર લોકમાં છે, કારણ કે તેમના નિમિત્તે જેમની ગતિ ને સ્થિતિ થાય છે એવાં જીવ ને પુદ્‌ગલોથી ગતિ કે સ્થિતિ લોકની બહાર થતી નથી તેમ જ લોકના એક દેશમાં થતી નથી (–લોકમાં સર્વત્ર થાય છે). કાળ પણ લોકમાં છે, કારણ કે જીવ અને પુદ્‌ગલોના પરિણામો દ્વારા (કાળના) સમયાદિ પર્યાયો

---

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.**

એની **ટીકા :– 'પ્રથમ તો આકાશ લોક તેમ જ અલોકમાં છે,...'** આ અચલિત આકાશ લોક અને અલોક બન્નેમાં છે. ભલે ધર્માસ્તિ, અધર્માસ્તિને લઈને લોક (અને અલોક) બે ભાગ (કહ્યાં) પણ આકાશમાં ભાગ નથી. એમ કહેવાય કે, આ લોકનું આકાશ અને અલોકનું આકાશ એટલું. બાકી આકાશ તો સળંગ છે, પણ આ લોકાકાશ કહેવાય અને પેલું અલોકાકાશ કહેવાય.

**'પ્રથમ તો આકાશ લોક તેમ જ અલોકમાં છે,...'** આકાશ બધે વ્યાપક છે. **'કારણ કે છ દ્રવ્યોના સમવાય ને અસમવાયમાં વિભાગ વિના રહેલું છે.'** જ્યાં છ દ્રવ્યો છે અને જ્યાં છ દ્રવ્યો નથી એવા **'વિભાગ વિના રહેલું છે.'** ઈ બધામાં રહેલું છે એમ. છ દ્રવ્ય છે ત્યાં પણ છે (અને) છ દ્રવ્ય નથી ત્યાં પણ છે. આહા..હા...! વસ્તુ એ રીતે છે. એટલે લોકોને બેસતું નથી. (એમ પ્રશ્ન થાય છે કે) આવી ચીજનો કોઈ કર્તા હોય કે નહિ ?

કાલે કીધું હતું. પરમાગમ મંદિર કર્યું ? હા. (ઈ) થનાર વિના થયું નથી. થનારો પરમાણુ છે એથી થયું છે. એ..ઈ...! (લોકો એમ કહે છે પ્રમુખે) ધ્યાન રાખ્યું એટલે થયું. અહીં તો કહે છે થનાર વિના થયું નથી. થનારો હોય ઈ જ થાય કે નહિ થનારો થાય ? આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सेसा** जीवाः पुद्गलाश्च पुनः शेषा भण्यन्त इति। अयमत्र भावः - यथा सिद्धा भगवन्तो यद्यपि निश्चयेन लोकाकाशप्रमितशुद्धासंख्येयप्रदेशे केवलज्ञानादिगुणाधारभूते स्वकीयस्वकीयभावे तिष्ठन्ति तथापि व्यवहारेण मोक्षशिलायां तिष्ठन्तीति भण्यन्ते। तथा सर्वे पदार्था यद्यपि निश्चयेन स्वकीयस्वकीयस्वरूपे तिष्ठन्ति तथापि व्यवहारेण लोकाकाशे तिष्ठन्तीति। अत्र यद्यप्यनन्तजीवद्रव्येभ्योऽनन्तगुणपुद्गलास्तिष्ठन्ति तथाप्येकदीपप्रकाशे बहुदीपप्रकाशबद्धिशिष्टावगाहशक्तियोगेनासंख्येयप्रदेशेऽपि लोकेऽवस्थानां न विरुध्यते।।१३६।।

---

વ્યક્ત થાય છે; અને તે કાળ લોકના એક પ્રદેશમાં જ છે કારણ કે અપ્રદેશી છે. જીવ અને પુદ્ગલ તો યુક્તિથી જ લોકમાં છે, કારણ કે લોક છ દ્રવ્યોના સમવાયસ્વરૂપ છે.

વળી આ ઉપરાંત (એટલું વિશેષ સમજવું કે), પ્રદેશોનો સંકોચવિસ્તાર થવો તે જીવનો ધર્મ હોવાથી અને બંધના હેતુભૂત સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે પુદ્ગલનો ધર્મ હોવાથી જીવ અને પુદ્ગલને આખા લોકમાં કે તેના એક દેશમાં રહેવાનો નિયમ નથી. (વળી) કાળ, જીવ અને પુદ્ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક દેશમાં રહે છે અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડબ્બીના ન્યાયે આખા લોકમાં જ છે. ૧૩૬.

---

કરનાર વિના કર્યું નથી, પણ કરનાર પરમાણુ અને એનું કાર્ય એ. આહા..હા...!

મુમુક્ષુ :– કારીગર વગર થોડું બન્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરમાણુ કારીગર છે ને ! એની પર્યાયનો કારીગર એ છે. આહા..હા...! અનંતને અનંત તરીકે માને તો અનંત અનંતપણે રહીને અનંતની અવસ્થા અનંતપણે થઈ. બીજાથી થઈ ઈ તો એમાં ન આવ્યું. અનંત પરમાણુ છે કે જે અનંતપણે રહીને એની અનંત પર્યાય એનાથી થઈ. નહિતર તો અનંત એક થઈ જાય કાં અસંખ્ય થઈ જાય. અનંતપણું ક્યારે રહે ? અનંતપણાનું અસ્તિત્વ ત્યારે રહે કે અનંતપણું કાયમ રહીને એની પર્યાય પોતાથી થાય. આ..હા..હા...! વેદાંતે લોકવ્યાપક એક માની લીધું, થઈ રહ્યું ટૂંકું ટચ ! એક... એક (છે). શું ધૂળ એક (છે) ! પાખંડ છે. આ..હા...! આહા..હા...! વસ્તુની સ્થિતિ જ આમ છે ત્યાં કોઈ રીતે, બીજી રીતે સિદ્ધ થશે જ નહિ. આ..હા...!

કહે છે, '**આકાશ લોક તેમ જ અલોકમાં છે, કારણ કે છ દ્રવ્યોના સમવાય...**' એટલે ભેગું રહેવું (અને) '**અસમવાય...**' એટલે જ્યાં છ (દ્રવ્યો) નથી એમાં '**વિભાગ વિના રહેલું છે.**' બધામાં એક (આકાશ) વ્યાપક છે. છ દ્રવ્ય છે ત્યાં પણ છે અને નથી ત્યાં પણ વ્યાપક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(છે). એ એનું ખેતર (–ક્ષેત્ર છે). ભગવાન ક્ષેત્ર-જ્ઞ (છે) એમ કહેવું – પરક્ષેત્રનો (જ્ઞાતા) કહેવો એ વ્યવહાર (છે). આ..હા...!

**'ધર્મ અને અધર્મ સર્વત્ર લોકમાં છે,...'** ધર્માસ્તિ, અધર્માસ્તિ આખા લોકમાં છે. **'કારણ કે તેમના નિમિત્તે જેમની ગતિ ને સ્થિતિ થાય છે એવાં જીવ ને પુદ્ગલોની ગતિ કે સ્થિતિ લોકની બહાર થતી નથી...'** માટે ધર્મ, અધર્મની ક્ષેત્ર-સ્થિતિ લોકપ્રમાણે છે.

મુમુક્ષુ :– નિમિત્ત નથી એટલે લોકની બહાર જાતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વાત જ નથી. એની જવાની યોગ્યતા જ એટલી છે. લોકનું દ્રવ્ય લોકપ્રમાણે જ રહે. ધર્માસ્તિ આગળ નથી માટે જતા નથી (એમ જે કથન આવે છે) એ તો ધર્માસ્તિ બીજે ન હોય એમ સિદ્ધ કરવા માટે (કહે છે). એને લઈને જીવ ત્યાં અટક્યો છે એમ નથી. એનો સ્વભાવ જ એવો થયો છે. આહા..હા...!

**'તેમ જ લોકના એક દેશમાં થતી નથી...'** ધર્મ, અધર્મ લોકમાં સર્વત્ર છે. આખા લોકમાં ગતિ-સ્થિતિ થાય છે. તેથી તે એક દેશમાં (થતી) નથી. **'(–લોકમાં સર્વત્ર થાય છે).'** માટે આખા લોક પ્રમાણે ધર્માસ્તિ અને અધર્માસ્તિ છે. ગતિ અને સ્થિતિ લોકમાં થાય છે. લોકના (ક્ષેત્રમાં જ થાય છે), લોકની બહાર નથી થતી.

**'કાળ પણ લોકમાં છે, કારણ કે જીવ અને પુદ્ગલોના પરિણામો દ્વારા (કાળના) સમયાદિ પર્યાયો વ્યક્ત થાય છે;...'** વ્યવહારથી વાત કરી છે. **'કાળ પણ લોકમાં છે, કારણ કે જીવ અને પુદ્ગલોના પરિણામો દ્વારા (કાળના) સમયાદિ પર્યાયો વ્યક્ત થાય છે;...'** આ એક સમય, બે સમય, ઘડી એવું બધું માપ જીવ અને પુદ્ગલોના પરિણામ દ્વારા મપાય છે. **'અને તે કાળ લોકના એક પ્રદેશમાં જ છે...'** આહા..હા...! એક પ્રદેશમાં એક કાળાણુ છે. **'કારણ કે અપ્રદેશી છે.'** વધારે (પ્રદેશ) નથી. **'જીવ અને પુદ્ગલ તો યુક્તિથી જ લોકમાં છે, કારણ કે લોક છ દ્રવ્યોના સમવાયસ્વરૂપ છે.'** લ્યો ! એટલામાં જ જીવ અને પુદ્ગલ છે, બહાર નથી.

**'વળી આ ઉપરાંત (એટલું વિશેષ સમજવું કે), પ્રદેશોનો સંકોચવિસ્તાર થવો તે જીવનો ધર્મ હોવાથી અને બંધના હેતુભૂત સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે પુદ્ગલનો ધર્મ હોવાથી...'** આ..હા...! પુદ્ગલ આમ બંધ પામે છે ને ? બે ગુણ, ચાર ગુણ (એમ). ઈ પુદ્ગલોના બંધની વાત છે, હોં ! જીવનો ધર્મ હોવાથી પ્રદેશનો સંકોચવિસ્તાર (થાય છે). **'અને બંધના હેતુભૂત સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે પુદ્ગલનો ધર્મ હોવાથી જીવ અને પુદ્ગલને આખા લોકમાં કે તેના એક દેશમાં રહેવાનો નિયમ નથી.'** સમુદ્ઘાત હોય તો આખો થાય, સ્કંધ હોય તો આખામાં થાય. એ સ્કંધ પણ આખા લોક પ્રમાણે વ્યાપે, લોકપ્રમાણે સમુદ્ઘાત થાય પણ એવો નિયમ નથી કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આખા લોકપ્રમાણે જ જીવ હોય.

**'કાળ, જીવ અને પુદ્ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક દેશમાં રહે છે...'** લ્યો ! કાળ પણ એક દેશમાં – એક પ્રદેશમાં છે ને ? જીવ પણ લોકના અસંખ્યમા ભાગમાં અસંખ્ય પ્રદેશમાં છે. સમુદ્ઘાત સિવાયના એક એક જીવ લોકના અસંખ્યમા ભાગે આકાશના પ્રદેશમાં એક જીવ છે.

'મૂળચંદજી' સાથે આ મોટી તકરાર થઈ હતી, (સંવત) ૧૯૭૩માં ! (એક) માસ્તર હતા. ત્રીજો રોડ હતો ને ? 'રાજકોટ'નો રોડ હતો. પચાસ ગામના માણસો આવ્યા હતા. ૧૯૭૩ની વાત છે, હોં ! '૭૩, '૭૩ની વાત છે. 'હીરાજી મહારાજ' જીવતા હતા. ૧૯૭૪ની વાત છે. કીધું (હતું), એક જીવ લોકના આકાશ પ્રદેશ જેટલો છે તેથી અત્યારે એક જીવ આકાશના પ્રદેશના અસંખ્યમા ભાગમાં છે. સમજાણું કાંઈ ? આ જીવ(ના) લોકાકાશ પ્રમાણે પ્રદેશ છે છતાં અત્યારે લોકના અસંખ્યમા ભાગમાં છે. પછી એમ કહ્યું હતું કે, આખા લોકપ્રમાણે હોય તો તો એક એક પ્રદેશે, એક એક પ્રદેશ આવે. અડધા લોકમાં હોય તો એક પ્રદેશે બે પ્રદેશ આવે, દસમા ભાગમાં હોય તો એક પ્રદેશ દસમા ભાગમાં આવે, અસંખ્યમા ભાગમાં (હોય તો) એક પ્રદેશમાં અસંખ્ય આવ્યા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्रदेशवत्त्वाप्रदेशवत्त्वसंभवप्रकारमासूत्रयति -

**जध ते णभप्पदेसा तधप्पदेसा हवंति सेसाणं।**
**अपदेसो परमाणू तेण पदेसुब्भवो भणिदो।।१३७।।**
**यथा ते नभःप्रदेशास्तथा प्रदेशा भवन्ति शेषाणाम्।**
**अप्रदेशः परमाणुस्तेन प्रदेशोद्भवो भणितः।।१३७।।**

सूत्रविष्यते हि स्यमाकाशस्य प्रदेशलक्षणमेकाणुव्याप्यत्वमिति। इह तु यथाकाशस्य प्रदेशास्तथा शेषद्रव्याणामिति प्रदेशलक्षणप्रकारैकत्वमासूत्र्यते। ततो यथैकाणुव्याप्येनांशेन गण्यमानस्याकाशस्यानन्तांशत्वादनन्तप्रदेशत्वं तथेकाणुव्याप्येनांशेन गण्यमानानां धर्माधर्मैकजीवा-नामसंख्येयांशत्वात् प्रत्येकमसंख्येयप्रदेशत्वम्। यथा चावस्थितप्रमाणयोर्धर्माधर्मयोस्तथा संवर्त-विस्ताराभ्यामनवस्थितप्रमाणस्यापि शुष्कार्द्रत्वाभ्यां चर्मण इव जीवस्य स्वांशाल्पबहुत्वाभावाद-संख्येयप्रदेशत्वमेव। अमूर्तसंवर्तविस्तारसिद्धिश्च स्थूलकृशशिशुकुमारशरीरव्यापित्वादस्ति स्वसंवेदनसाध्यैव। पुद्गलस्य तु द्रव्येणैकप्रदेशमात्रत्वादप्रदेशत्वे यथोदिते सत्यपि द्विप्रदेशाद्युद्भव-हेतुभूततथाविधस्निग्धरूक्षगुणपरिणामशक्तिस्वभावात्प्रदेशोद्भवत्वमस्ति। ततः पर्यायेणानेकप्रदेशत्व-स्यापि संभवात् द्व्यादिसंख्येयासंख्येयानन्तप्रदेशत्वमपि न्याय्यं पुद्गलस्य।।१३७।।

---

अथ यदेवाकाशस्य परमाणुव्याप्तक्षेत्रं प्रदेशः लक्षणमुक्तं शेषद्रव्यप्रदेशानां तदेवेति सूचयति-
**जध ते णभप्पदेसा** यथा ते प्रसिद्धाः परमाणुव्याप्तक्षेत्रप्रमाणाकाशप्रदेशाः **तधप्पदेसा हवंति सेसाणं** तेनैवाकाशप्रदेशप्रमाणेन प्रदेशा भवन्ति। केषाम्। शुद्धबुद्धैकस्वभावं यत्परमात्मद्रव्यं तत्प्रभूतिशेषद्रव्याणाम्। **अपदेसो परमाणू** अप्रदेशो द्वितीयादिप्रदेशरहितो योऽसौ पुद्गलपरमाणुः **तेण पदेसुब्भवो भणिदो** तेन परमाणुना प्रदेशस्योद्भव उत्पत्तिर्भणिता। परमाणुव्याप्तक्षेत्रं प्रदेशो भवति। तदग्रे विस्तरेण कथयति इह तु सूचितमेव।।१३७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે પ્રદેશત્વ અને અપ્રદેશત્વ ક્યા પ્રકારે સંભવે છે–ઉદ્ભવે છે તે કહે છે :–

**જે રીત આભ-પ્રદેશ, તે રીતે શેષદ્રવ્ય-પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.**

**અન્વયાર્થ :–** **[यथा]** જે રીતે **[ते नभःप्रदेशाः]** તે આકાશપ્રદેશી છે, **[तथा]** તે જ રીતે **[शेषाणां]** બાકીનાં દ્રવ્યોનાં **[प्रदेशाः भवन्ति]** પ્રદેશ છે (અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે). **[परमाणुः अप्रदेशः]** પરમાણુ અપ્રદેશી છે; **[तेन]** તેના વડે **[प्रदेशोद्भवः भणितः]** પ્રદેશોદ્ભવ કહ્યો છે.

**ટીકા :–** (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) પોતે જ (૧૪૦મા) સૂત્ર દ્વારા કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ એકાણુવ્યાપ્યત્વ છે. (અર્થાત્ એક પરમાણુથી વ્યાપ્યપણું તે પ્રદેશનું લક્ષણ છે); અને અહીં (આ સૂત્રમાં, આ ગાથામાં) 'જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશો છે' એમ પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે.

માટે, જેમ એકાણુવ્યાપ્ય (–એક પરમાણુથી વ્યાપ્ય હોય એવડા) અંશ વડે ગણતાં આકાશના અનંત અંશો હોવાથી આકાશ અનંતપ્રદેશી છે, તેમ એકાણુવ્યાપ્ય (–એક પરમાણુથી વ્યપાવાયોગ્ય) અંશ વડે ગણતાં ધર્મ, અધર્મ અને એક જીવના અસંખ્યાત અંશો હોવાથી તે દરેક અસંખ્યાતપ્રદેશી છે. વળી જેમ અવસ્થિત પ્રમાણવાળાં ધર્મ તથા અધર્મ અસંખ્યાતપ્રદેશી છે, તેમ સંકોચવિસ્તારને લીધે અનવસ્થિત પ્રમાણવાળા જીવને–સૂકા-ભીના ચામડાની માફક–નિજ અંશોનું અલ્પબહુત્વ નહિ થતું હોવાથી અસંખ્યાતપ્રદેશીપણું જ છે. (અહીં એ પ્રશ્ન થાય છે કે અમૂર્ત એવા જીવના સંકોચવિસ્તાર કેમ સંભવે ? તેનું સમાધાન કરવામાં આવે છે :) અમૂર્તના સંકોચવિસ્તારની સિદ્ધિ તો પોતાના અનુભવથી જ સાધ્ય છે. કારણ કે (સર્વને સ્વાનુભવથી પ્રગટ છે કે) જીવ સ્થૂલ તેમ જ કૃશ શરીરમાં, તથા બાળક તેમ જ કુમારના શરીરમાં વ્યાપે છે.

પુદ્ગલ તો દ્રવ્યે એકપ્રદેશમાત્ર હોવાથી યથોક્ત રીતે (પૂર્વે જેમ કહ્યું તેમ) અપ્રદેશી છે તોપણ બે પ્રદેશો વગેરેના ઉદ્ભવના હેતુભૂત તથાવિધ (તે પ્રકારના) સ્નિગ્ધ–રૂક્ષગુણરૂપે પરિણમવાની શક્તિરૂપ સ્વભાવને લીધે તેને પ્રદેશોનો ઉદ્ભવ છે; તેથી પર્યાયે અનેકપ્રદેશીપણાનો પણ સંભવ હોવાથી પુદ્ગલને દ્વિપ્રદેશીપણાથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશીપણું પણ ન્યાયયુક્ત છે. ૧૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૩, ગુરૂવાર તા. ૨૬-૦૬-૧૯૭૫**
**ગાથા – ૧૩૭, ૧૩૮**
**પ્રવચન નંબર–૧૫૧**

('પ્રવચનસાર', ગાથા–૧૩૭) ભગવાને કહેલાં દ્રવ્યો કેટલામાં છે, કેટલાં છે, કેવા પ્રદેશી છે ? એ અહીં કહે છે. ૧૩૭ (ગાથા). **'હવે પ્રદેશત્વ અને અપ્રદેશત્વ ક્યા પ્રકારે સંભવે છે...'** કોને એક પ્રદેશ અને કોને અસંખ્ય, અનંત (પ્રદેશ છે) એ કહે છે.

**जध ते णभप्पदेसा तधप्पदेसा हवंति सेसाणं।**
**अपदेसो परमाणू तेण पदेसुब्भवो भणिदो।।१३७।।**

**જે રીત આભ-પ્રદેશ, તે રીતે શેષદ્રવ્ય-પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.**

**ટીકા :–** **'(ભગવાન કુંદકુંદાચાર્યદેવ) પોતે જ (૧૪૦મા) સૂત્ર દ્વારા કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ...'** આકાશના પ્રદેશનું લક્ષણ **'એકાણુવ્યાપ્યત્વ છે (અર્થાત્ એક પરમાણુથી વ્યાપ્યપણું તે પ્રદેશનું લક્ષણ છે);...'** જેટલામાં એક પરમાણુ રહે એટલું પ્રદેશનું લક્ષણ છે. **'અને અહીં (આ સૂત્રમાં, આ ગાથામાં) 'જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશો છે' એમ પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે.'** ૧૪૦ (ગાથામાં) જે કહેશે તે જ અહીં કહે છે.

**'માટે, જેમ એકાણુવ્યાપ્ય (–એક પરમાણુથી વ્યાપ્ય હોય એવડા)...'** એક Point છે ને ? રજકણ – છેલ્લો ભાગ ! એનાથી જેટલામાં વ્યાપ્ય રહેલું છે (તેવડા) **'અંશ વડે ગણતાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આકાશના અનંત અંશો હોવાથી...**' એક પરમાણુના વ્યાપ્યપણાના અંશ વડે ગણતાં '**આકાશના અનંત અંશો હોવાથી...**' ઓ..હો..હો...! જેનો અંત નહિ, દસે દિશામાં ક્યાંય અંત નહિ ! એના અંશો અનંત છે એમ જાણ્યું. આહા..હા...!

પ્રશ્ન :– કોણે જાણ્યું ?

સમાધાન :– જ્ઞાનીએ, કેવળીએ (જાણ્યું). અનંત અંશો ! અનંત અંશ એટલે ક્યાંય એનો અંત છે ? છતાં એક એક પરમાણુ જેટલામાં રહે એટલાને પ્રદેશ કહીએ. આકાશના એવા અનંત પ્રદેશ છે. આહા..હા...! અનંતને પણ અનંતપણે જાણી લીધું. જ્ઞાનમાં જણાયા વિના રહ્યું નથી. આ..હા...!

(કેવળજ્ઞાની) બધાને જાણે છે ને ? આ તો બધાને જાણે છે ને ? એક સમયમાં ! આકાશના અનંતા પ્રદેશ, એમાં રહેલાં પરમાણુ આદિના ગુણો, એની પર્યાય. બધું એક સમયમાં જાણે છે. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય તો ઘણી અધિક છે. આ..હા..હા...! જેનો સ્વભાવ જ્ઞાન છે એનો પર્યાયનો સ્વભાવ અમાપ છે ! આ..હા...! આટલું એવું અસ્તિત્વ છે એવું શ્રદ્ધામાં આવે એને તો દ્રવ્યની શ્રદ્ધા થાય. આ..હા..હા...!

કેવળજ્ઞાનની પર્યાય કીધું ને ? તે 'દી કહ્યું હતું ને ? કે, કેવળજ્ઞાન સર્વજ્ઞ જગતમાં (છે) એવી એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે (કે) ત્રણકાળ ત્રણલોકને જાણે. બીજામાં જાણવાની ક્યાં તાકાત છે ? એવી એક સમયની પર્યાય આટલા અસ્તિવત્વને – ત્રણકાળ ત્રણલોકના અસ્તિત્વને જાણે એવું એનું સામર્થ્ય છે ! એવી સર્વજ્ઞની પર્યાય જેને જ્ઞાનમાં બેસે... આ..હા..હા...! એની દૃષ્ટિ દ્રવ્યમાં ઢળી જાય. કેમકે જે જ્ઞાનની પર્યાય આવડી તાકાતવાળી જ્યાંથી આવે છે એનો જે નિધાન – ખાણ – જ્ઞાન (અને જ્ઞાનનો) આધાર દ્રવ્ય (છે)... આ..હા..હા...! એવી જેને અંતર નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં તાકાત કેટલી ? કે, (જે) કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંત... અનંત... અનંત... અનંત... કેવળીઓ જણાય ! આકાશ એક કોર રાખો પણ જેને અનંતા કેવળીઓની પર્યાય એક પર્યાયમાં જણાય એ પર્યાયની કેટલી શક્તિ !! આ..હા..હા...! એવી જેને તાકાત છે, એવી તાકાતથી ભરેલો ગુણ અને એવી તાકાતથી ભરેલું દ્રવ્ય !! એક સમયમાં આટલી (તાકાત), એવી એવી અનંતી પર્યાયનો પિંડ ગુણ છે. પાછું એટલું ખરું કે એક સમયના જે અવિભાગ પ્રતિચ્છેદ છે એવા એવા અનંતકાળના અનંત અવિભાગ પ્રતિચ્છેદ થાય. કેટલા છે એમ નહિ. એ વાત પહેલાં થઈ ગઈ છે. એક સમયના જેટલા અવિભાગ પ્રતિચ્છેદ છે તેટલા જ છે, બસ ! બીજે સમયે પણ તેટલા જ, ત્રીજે સમયે પણ તેટલા જ. બધા થઈને ઝાઝા થાય એમ નહિ. એ વાત પહેલાં થઈ છે. (એક મુમુક્ષુ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે વાત થતાં પહેલાં થઈ છે. એવું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે !

જીવના એક ગુણની એક પર્યાય. એની પ્રતીત કરવા જાય છે, ભલે છે પર્યાય પરની, પણ જેને એની પ્રતીત કરવી છે તો એની પ્રતીત પરના લક્ષે ન થાય, તેમ પર્યાયના લક્ષે એની પ્રતીતિ, જ્ઞાન ન થાય. અનંત ગુણની સત્તાવાળું આખું દ્રવ્ય જે છે, હોવાવાળું એની સત્તાના સ્વીકારથી સમ્યગ્દર્શન થતાં સર્વજ્ઞની પર્યાયની સાચી શ્રદ્ધા ત્યારે થાય. આમ છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો ગંભીર તત્ત્વ છે. વીતરાગનાં કહેલાં તત્ત્વો... ઓ..હો..હો...! સર્વજ્ઞ સિવાય આવી વાત ક્યાં છે ?

પરમેશ્વર વીતરાગ ! તમારા જ્ઞાનમાં તો હું છું પણ મારા જ્ઞાનમાં તમે અહીં આવીને વસી જાઓ ! ભક્તિમાં આવે છે. આવે છે ? આહા..હા...! ભક્તિમાં, સ્તવનમાં ક્યાંક આવે છે. તમારા જ્ઞાનમાં હું છું એ તો તમે જાણો છો પણ તમે મારા જ્ઞાનમાં આવી જાઓ ! આ..હા..હા...! ત્યારે એણે આત્માનો સ્વીકાર કર્યો. આત્મા... આત્મા તો ઘણાં બધા કરે છે, આ 'રજનીશ' ને ફલાણો 'સાંઈબાબો' ને... બીજા બધા કેટલાયે (કરે છે). કેટલાય ભગવાન... ભગવાન નામ ધરાવે છે. આ..હા..હા...! બાપુ ! ભગવાન તો કોને કહીએ ! તમે કહો છો કે વસ્તુનો સ્વભાવ એ ભગવાન છે. ઈ ભગવાન છે પણ જેની પર્યાયમાં ભગવાનપણું આવે ઈ ભગવાનપણું ભાઈ ! અલૌકિક છે ! ઈ સાધારણ માની બેસે એવું નથી. આ..હા..હા...!

'**જેમ એકાણુવ્યાપ્ય...**' એક પરમાણુથી વ્યાપ્ત (એવા) '**અંશ વડે ગણતા...**' એવડા અંશ વડે ગણતા '**આકાશના અનંત અંશો...**' આ..હા..હા...! '**હોવાથી આકાશ અનંતપ્રદેશી છે,...**' આકાશનો અંત નહિ છતાં અનંત પ્રદેશ છે એવું જ્ઞાનમાં આવી ગયું. અલૌકિક વાતું છે બધી ! આ તો સ્વભાવની વાત છે. અલોકઆકાશનો ક્યાંય અંત નથી છતાં એના પ્રદેશ સંખ્યાએ અનંત છે એટલી સંખ્યા જ્ઞાનમાં આવી ગઈ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? બાપુ ! ભગવાને કહેલાં દ્રવ્યો અને એના પ્રદેશો કેટલા ? અને દ્રવ્ય ક્યાં ક્યાં રહ્યાં છે ? એ વસ્તુની સ્થિતિ યથાર્થપણે જાણવી એ અમૂલ્ય વાત છે ! સમજાણું કાંઈ ? આ..હા..હા...! ત્યારે એને બીજાઓ અનેક પ્રકારે કહેનારા નીકળે એની તુચ્છતા લાગે. ઓ..હો..હો...! આ ચીજ આવી ! જેણે જોઈને કહી. જોયા વિના કલ્પનાથી કહેવા માંડ્યા એ બધા ભ્રમણામાં પડ્યા.

'**તેમ એકાણુવ્યાપ્ય (–એક પરમાણુથી વ્યાપવાયોગ્ય) અંશ વડે ગણતાં ધર્મ, અધર્મ અને એક જીવના અસંખ્યાત અંશો હોવાથી...**' આ..હા..હા...! જીવ અને એના અંશો, ધર્માસ્તિકાય અને એના અંશો. (સંવત) ૧૯૭૯માં એક પ્રશ્ન થયો હતો. 'વરસડા'થી જતાં રસ્તામાં રેલ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાટા આવે છે. (એક ભાઈએ કહ્યું) '(વસ્તુના) આ જે પ્રદેશ ગણવામાં આવ્યા છે એ તો કલ્પના છે.' (એમ કલ્પના નથી) વસ્તુ છે. 'આ પ્રદેશ ગણવામાં આવ્યા ઈ પ્રદેશ ક્યાં (છે) ? ઈ તો કલ્પના (છે).' એમ કહ્યું. ભણેલા હતા ને ? 'કાશી'માં ભણવા ગયા હતા. અરે...! એ ભણે શું, બાપુ !

વસ્તુ છે. છે ? **'અંશ વડે ગણતાં...'** એક પરમાણુની પહોળાઈ જેટલા અંશ વડે ગણતાં **'ધર્મ, અધર્મ અને એક જીવના અસંખ્યાત અંશો હોવાથી તે દરેક અસંખ્યાતપ્રદેશી છે.'** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ... આ..હા..હા...! **'વળી જેમ અવસ્થિત પ્રમાણવાળાં ધર્મ તથા અધર્મ...'** એકરૂપે રહેલાં છે. ધર્મ અને અધર્મના પ્રદેશમાં સંકોચવિસ્તાર નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિના અસંખ્ય પ્રદેશ જ્યાં છે (ત્યાં) એમને એમ છે. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં અવસ્થિત પ્રમાણનો અર્થ આપ્યો છે). 'અવસ્થિત પ્રમાણ = નિયત પરિમાણ; નિશ્ચિત માપ; (ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્યનું માપ લોક જેટલું નિયત છે).' તે **'ધર્મ તથા અધર્મ અસંખ્યાતપ્રદેશી છે,...'** એ બે (દ્રવ્યની) વ્યાખ્યા કરી.

હવે (કહે છે), **'સંકોચવિસ્તારને લીધે...'** જીવમાં ધર્માસ્તિ, અધર્માસ્તિની પેઠે નથી. **'સંકોચવિસ્તારને લીધે અનવસ્થિત...'** (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં અર્થ આપ્યો છે). 'અનવસ્થિત = અનિશ્ચિત. (સૂકા-ભીના ચામડાની માફક જીવ પરક્ષેત્રની અપેક્ષાએ સંકોચવિસ્તાર પામતો હોવાથી...)' પોતાના પ્રદેશ તો જેટલા છે એટલા જ છે. આ..હા..હા...! સંકોચવિસ્તારને લીધે એકરૂપ નહિ રહેનારા. પરક્ષેત્રની અપેક્ષાએ, હોં ! **'જીવને–સૂકા-ભીના ચામડાની માફક...'** આ સૂકા-ભીનાનો દાખલો ત્યાં પણ આવે છે ને ? ('સમયસાર'), 'સર્વવિશુદ્ધ' (અધિકારમાં) ! (ગાથા ૩૩૨થી ૩૪૪) આત્મા અસંખ્યપ્રદેશીને શું કરીશ તું ? એ (પ્રદેશ) તો જે છે એટલા છે. તું કોઈ પણ રીતે કર્તા ન માન તો અસંખ્ય પ્રદેશ છે એનું કરવાપણું નથી. જ્ઞાયકભાવ ત્રિકાળ છે એનું કરવાપણું નથી. આ..હા..હા...! ત્યાં લીધું છે. વિકારની પરિણતિનો કર્તા હોય તો તે કર્તા સિદ્ધ થાય. કોઈ કહે કે, (આત્મા) ફૂટસ્થ છે તો પરિણતિ રહી નહિ, (તો) કર્તા છે ઈ વાત સિદ્ધ થતી નથી. આ..હા..હા...! ત્યાં 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં દાખલો આપ્યો છે.

(અહીંયાં કહે છે), **'જીવને–સૂકા-ભીના ચામડાની માફક–નિજ અંશોનું અલ્પબહુત્વ નહિ થતું હોવાથી...'** જીવના જે અસંખ્ય પ્રદેશ છે એમાં ઘટવધ નથી થતી. છે ? એમાં **'અલ્પબહુત્વ નહિ થતું હોવાથી...'** થોડા અને ઘણાં એમ નથી થતું. સંકોચવિસ્તાર થાય છતાં પ્રદેશ તો જેટલા છે એટલા રહે. આ..હા..હા...! એક (આત્મા) હજાર જોજન મચ્છના શરીરમાં જાય (ત્યારે પ્રદેશ) પહોળા થયા – વિસ્તાર (થયો) પણ પ્રદેશ તો અસંખ્ય છે અને એક (આત્મા)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિગોદના શરીરમાં અસંખ્યમા ભાગમાં જાય તો (પ્રદેશનો) સંકોચ થઈ ગયો, પણ પ્રદેશ તો જેટલા છે એટલા છે. ખરેખર તો પ્રદેશનો પણ સંકોચ નથી, પ્રદેશનો સંકોચ નથી. પ્રદેશ (તો) જેટલો પહોળો (છે) તેટલો જ છે. ઈ ઝાઝા પ્રદેશ જે છે ઈ આમથી આમ (થાય છે) એટલી અપેક્ષાએ (વાત છે). આ..હા..હા...! આવું તત્ત્વનું જ્ઞાન વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ.

'**અસંખ્યાતપ્રદેશીપણું જ છે.**' ભલે એને સંકોચવિકાસ થાય પણ એના અંશોમાં ઓછાવત્તાપણું નથી. '**(અહીં એ પ્રશ્ન થાય છે કે અમૂર્ત એવા જીવના સંકોચવિસ્તાર કેમ સંભવે ?**' અમૂર્ત અને સંકોચવિકાસ ! અમને તો આ વાત બેસે નહિ. આ..હા...! અરૂપી (દ્રવ્ય) એનો સંકોચવિકાસ ! અરે... અરે...! ગજબ છે ! પુદ્‌ગલ તો ઠીક કે, ઝાઝા (હોય એટલે) આમ થાય... આમ થાય, પણ અરૂપીને ? '**(તેનું સમાધાન કરવામાં આવે છે :) અમૂર્તના સંકોચવિસ્તારની સિદ્ધિ તો પોતાના અનુભવથી જ સાધ્ય છે,...**' કહે છે કે, અહીંયાં પણ બાળકનો યુવાન, વૃદ્ધ થયો એ પ્રદેશો પહોળા થયા કે નહિ ?

પહેલાં આંગળી નાની હતી, લ્યો ! તો એટલામાં જ પ્રદેશ હતા. આ તો પ્રત્યક્ષ છે, કહે છે. આખા શરીરપ્રમાણે (આત્મા) છે તો પહેલાં શરીર નાનું હતું (ત્યારે) એટલા પ્રમાણમાં હતું. પહોળું થયું તો એટલા પ્રમાણમાં છે. '**(અમૂર્તના સંકોચવિસ્તારની સિદ્ધિ તો પોતાના અનુભવથી જ સાધ્ય છે,...**' એમ કહે છે. એમાં તો અનુભવથી જ સિદ્ધ થઈ શકે છે, કહે છે.

પ્રશ્ન :– અનુભવ શું ?

સમાધાન :– આ સંકોચવિકાસ (થાય છે) આ દેખાતું નથી ? આ શરીર પહોળું થયું, સંકોચ થયો ત્યારે નાનું થયું. કીધું ને ? '**અનુભવથી જ સાધ્ય છે,...**' એને જોવે તો તને એનો બરાબર ખ્યાલ આવી જાય છે કે, આ જ આત્મા એવડો જ અસંખ્યપ્રદેશી, બાળકપણે જ્યારે આટલું શરીર હતું ત્યારે એટલા પ્રમાણમાં હતો, આ ચાર હાથનું થયું ત્યારે એટલા પ્રમાણમાં થયો, આ તને ખબર નથી ?

મુમુક્ષુ :– સ્પર્શથી અનુભવમાં આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સ્પર્શથી નહિ. આ સંકોચવિકાસ પામેલા પ્રદેશો છે એમ ખ્યાલમાં નથી આવતું ? (એમ) કહે છે. સ્પર્શ... બર્શ નહિ. એક બાળક આટલું (નાનું) હતું, લ્યો ! એમાં અસંખ્ય પ્રદેશ તો એટલા જ છે. હવે એમાંથી જ્યારે મોટો થયો તો આમ વિકાસ પામતો જાય છે અને ક્ષય થાય ત્યારે શરીરનો આમ સંકોચ (થાય ત્યારે) પ્રદેશ આમ સંકોચાય જાય છે. મોટું લઠ્ઠ જેવું શરીર હોય, લ્યો ! પણ ક્ષય થઈ જાય તો ચકલાના ટેંટા જેવું...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ...મ થઈ જાય. એક વાર જોયું હતું, 'વઢવાણ'માં ! એવું શરીર હતું, એક વરસનું પરણેતર ! પણ એમાં (રોગ) થયો તો ચકલા (જેવું થઈ ગયું). દર્શન કરવા લઈ ગયા હતા, મહારાજ દર્શન દેવા (આવો). ત્યાં ગયા હતા. એક વરસનું પરણેતર ! આ..હા..હા...! ટેંટા જેવું ! એ તો એ પ્રમાણે પ્રદેશ સંકોચાઈ ગયા. પહેલાં આવું લઠ્ઠ જેવું હતું પછી આમ થઈ ગયું. આ મેદ છે, લ્યો ! મેદ વધારે છે ત્યાં પ્રદેશ પણ પહોળાં છે કે નહિ ? ત્યાં (પહોળાં) થાય છે કે નહિ ? પછી મેદ ઓછો થઈ જાય ત્યારે એ પ્રમાણે (સંકોચ થઈ જાય).

'**કારણ કે (સર્વને સ્વાનુભવથી પ્રગટ છે)...**' લ્યો ! ખ્યાલમાં આવે છે. પહેલાં નાક આવું નાનું હતું તો એટલામાં પ્રદેશ હતા, મોટું થયું તો એટલામાં (થઈ ગયા). આંખ, કાન બધે (પ્રદેશ) છે ને ! પહેલાં મોઢાની પહોળાઈ થોડી હતી પછી પહોળાઈ વધી, શરીરની આ પહોળાઈ ઓછી હતી, આ છાતીની પહોળાઈ વધી. એ પ્રમાણે પ્રદેશ સંકોચવિકાસ થાય છે. સમજાણું કાંઈ ?

વસ્તુની મર્યાદા આવી છે એમ જણાવે છે. વિશેષપણે સ્થિતિ જણાવીને આવું એનું સ્વરૂપ છે (એમ જણાવે છે). સર્વજ્ઞ સિવાય અજ્ઞાની આત્મા જાણો અને આ કરો ને આ કરો કહ્યું ઈ બધી વાત કલ્પનાની છે. સમજાણું કાંઈ ? વેદાંતે જે વાત કરી એ બધી કલ્પનાની છે, એણે વસ્તુ જોયેલી નથી.

'**જીવ સ્થૂલ તેમ જ કૃશ શરીરમાં,...**' જોયું ? જાડું શરીર અને પાતળા શરીર. '**તથા બાળક તેમ જ કુમાર...**' લ્યો, આવ્યું જુઓ ! બાળકપણું અને યુવાન અવસ્થા. '**બાળક તેમ જ કુમારના શરીરમાં વ્યાપે છે.**' આહા..હા...! આ હડકાયું કૂતરું કરડે પછી આવેશ મોળો પડી જાય. પછી કાંઈ પાણી લઈ શકે નહિ, આહાર લઈ શકે નહિ. શરીર આમ સંકોચાઈ (જાય). 'રાણપુર'માં થયું હતું ને ? (આપણાં મુમુક્ષુના એક) સંબંધી હતા. (કૂતરું) હડકાયું થયું તો ન ગોઠે હવા, ન ગોઠે સૂવું, ન ગોઠે પાણી લેવું. કાંઈ (નહિ). બસ, એમ શરીર સુકાઈ જાય. એ પ્રમાણે પ્રદેશનો સંકોચ થઈ ગયો કે નહિ ?

'રાણપુર'માં એક બાઈ હતી, ડોસી હતા એને હડકાયું થયું. (કોઈકે કહ્યું) માંગલિક સંભળાવો. મહારાજ ! છેટે ઊભા રહેજો. ડોસી હતા, લ્યો ! આ તો ઘણાં વરસ (પહેલાંની) વાતું છે. (સંવત) ૧૯૭૨ની ! હડકાયું થયું હતું (તો કહ્યું) નજીક નહિ (આવતા), છેટે રહીને માંગલિક સંભળાવો. આહા..હા...! આ સ્થિતિ ! ત્રણલોકનો નાથ આનંદનો સાગર ! એની આવી સ્થિતિ ! એ રાગની આડમાં ઢંકાઈ ગયો.

મુમુક્ષુ :– તો એનું મહાનપણું શું ? બીજાથી ઢંકાઈ જાય એનું મહાનપણું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– જોતા આવડ્યું નહિ, રાગને જોયો. આંખની આડે એક તણખો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે તો આખો ડુંગર ન દેખાય. એથી ડુંગર નહોતો એમ છે ? એમ આખો ભગવાન પૂર્ણાનંદનો નાથ (રાગની આડમાં ઢંકાઈ ગયો).

મુમુક્ષુ :– એવડો મોટો શક્તિવાળો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– શક્તિવાળો પણ માન્યો છે (ખરો) એને ? (જેણે શક્તિવાળો નથી માન્યો) એને શક્તિવાળો (છે) કે માન્યો હોય એને (શક્તિવાળો) ? એવી શક્તિવાળો માન્યો હોય એને કે ન માને એને ?

પ્રશ્ન :– ન માને એને કાંઈ મટી જાય છે ?

સમાધાન :– મટી જાય છે, એને (માટે) ક્યાં (શક્તિવાળો) છે ? એને નથી. વસ્તુ તરીકે છે પણ (વસ્તુ) જેના જ્ઞાનમાં આવી નથી એને વસ્તુ છે ક્યાં ? આહા..હા...! એનું માપ, એની તાકાત જેના જ્ઞાનમાં આવી નથી એને છે જ નહિ. આ..હા..હા...! ઈ તો ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં ન કહ્યું ? કે, એ શુદ્ધ છે પણ કોને ? ભાઈ ! જેણે એની સેવા કરી એને. આહા..હા...! મહારાજ ! આપ શુદ્ધ કહો છો અને શુદ્ધનું સ્વરૂપ જાણવું જોઈએ. આવે છે ને પ્રશ્ન ? છઠ્ઠી ગાથાનું મથાળું ! તો એ શુદ્ધ છે કોણ ? કે, ભાઈ ! પરદ્રવ્ય અને એના (ભાવ), પરદ્રવ્યના ભાવ, હોં ! આ રાગ ને ઈ નહિ. પરદ્રવ્ય અને એનો જે ભાવ એનું લક્ષ છોડી દઈને જે આ આત્માની ઉપાસના કરે, એ ઉપાસના એટલે દ્રવ્યની સેવા કરે, દ્રવ્યમાં એકાગ્ર થાય એને એ શુદ્ધ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– એને પર્યાયરૂપે શુદ્ધ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, એને દ્રવ્યરૂપે શુદ્ધ (છે). પર્યાયમાં શુદ્ધપણું જણાણું એને દ્રવ્યરૂપે શુદ્ધ છે. ત્યાં દ્રવ્યરૂપની શુદ્ધતાની વાત છે ને ? ભાઈ ! વસ્તુ શુદ્ધ છે ઈ કોને ? ઈ તો શુદ્ધ છે પણ શુદ્ધ છે ઈ સત્તાનો, પર્યાયમાં એની સન્મુખ થઈ સેવા (કરી) એટલે એકાગ્ર થયો એવા જીવને ઈ શુદ્ધ છે. આ..હા..હા...!

બાળકની પાસે પાંચ કરોડ (રૂપિયા) હોય પણ એના મોસાળિયા કામ કરતા હોય તો એની પાસે ક્યાં છે ? ઈ તો માને કે, મને મહિને સો-બસો આપે છે એટલા છે. કારણ કે એની સત્તા એમાં (–એ રૂપિયામાં) આવી નથી. આ પાંચ કરોડ છે એની સત્તા ઉપર ઈ આવ્યો નથી. એમ ભગવાનઆત્મા ! અનંત આનંદ અને જ્ઞાનની અનંતતાના સ્વભાવવાળું શુદ્ધ પવિત્ર સ્વરૂપ (છે), દ્રવ્ય, હોં ! એ પવિત્રતા અને શુદ્ધતાની સત્તા – હયાતી જેને પર્યાયમાં આવી નથી એને શું છે ? એને તો હું પામર છું (એમ લાગે છે).

(અહીંયાં કહે છે), '**સ્થૂલ તેમ જ કૃશ...**' લ્યો ! ભાષા કેવી આવી છે ! સ્થૂળ – જાડું શરીર અને પાતળું (શરીર) એ ઉપરથી દેખાતું નથી ? કહે છે. '**તથા બાળક તેમ જ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કુમાર...**' બાળક આટલું હોય અને (પછી) મોટું લઠ્ઠ જેવું શરીર (થઈ જાય). આ..હા..હા...! આ (ભાઈની) વહુનું કેવું શરીર હતું, જુઓને ! હાથણી જેવું હતું ! આહા..હા...! સત્તર 'દીએ સુકાઈ ગયું ! ઊડી ગયું ! ખલાસ ! આમ લઠ્ઠ જેવું શરીર હતું પણ એ તો જડ છે. સંકોચાવા માંડ્યું તો પ્રદેશો પણ સંકોચાણા. આ..હા...! અને સોજા થાય, લ્યોને ! ત્યાં પણ એટલા પ્રદેશ પહોળા થાય છે ને ? આહા..હા...! એ તો પ્રત્યક્ષ વસ્તુની સ્થિતિ સાધ્ય છે, કહે છે – અનુભવસાધ્ય છે એમ કહે છે. આહા..હા...!

આમ આત્મા... આત્મા... કરે પણ આત્મા કેટલા પ્રદેશી ? કેટલા ગુણવાળો ? અને સંકોચવિસ્તાર હોવા છતાં સંકોચવિસ્તારપણું કાયમ રહે છતાં એની સંખ્યામાં ઓછા-વત્તું ન થાય એવું એનું સ્વરૂપ છે. આહા..હા...! પ્રત્યક્ષ એના કાર્ય પણ આવા છે એમ દેખાય છે. સંકોચવિકાસ ઈ એનું ઈ જાતનું કાર્ય છે. આહા..હા...! એ જીવની વાત કરી. જીવ પણ અસંખ્યપ્રદેશી અનિયત – પરક્ષેત્રની અપેક્ષાએ અવ્યવસ્થિત હોવા છતાં પોતાના ક્ષેત્રના પ્રદેશો તો અસંખ્ય જ છે. આહા..હા...!

સાંકળીનો દાખલો આપ્યો ને ? સાંકળી ! હજાર મકોડાની સાંકળી હોય, નાના છોકરાના ગળામાં નાખે તો ઝાઝા સરા કરવા પડે, મોટામાં નાખે તો થોડા સરા (કરવા પડે). ઈ ક્ષેત્રમાં ફેર થયો, પણ જે રજકણની સંખ્યા છે અને જે સોનું છે ઈ ક્યાં ઓછું-વત્તું થયું છે ? એના હજાર મકોડામાં ક્યાં ઓછાવત્તા ફેરફાર થયા છે ? આહા..હા...! જગતના – દુનિયાના ડહાપણ કરે છે પણ ઈ (કરવા) કરતાં તું આ તો જો ! તું કેવડો, ક્યાં, કેમ છે એને જોને, ભાઈ ! (આ) ભગવાનની આજ્ઞા છે. આ..હા...!

**'પુદ્‌ગલ તો દ્રવ્યે એકપ્રદેશમાત્ર હોવાથી...'** પરમાણુ (એકપ્રદેશમાત્ર હોવાથી). આ (શરીરમાં) તો ઘણાં (પરમાણુ) ભેગાં છે, આ ક્યાં એક છે ? **'એકપ્રદેશમાત્ર હોવાથી યથોક્ત રીતે (પૂર્વે જેમ કહ્યું તેમ) અપ્રદેશી છે...'** એક પરમાણુ તો અપ્રદેશી છે. એને કાંઈ બે પ્રદેશ નથી. **'તોપણ...'** (એમ કહીને) હવે વ્યવહાર નાખે છે. **'બે પ્રદેશો વગેરેના ઉદ્‌ભવના હેતુભૂત...'** (મૂળ ગ્રંથમાં નીચે બે પ્રદેશોનો અર્થ ફૂટનોટમાં આપ્યો છે). 'દ્વિપ્રદેશી વગેરે સ્કંધોની ઉત્પત્તિના કારણભૂત જે સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે-રૂપે પરિણમવાની શક્તિ પુદ્‌ગલનો સ્વભાવ છે.' તેથી બે, ત્રણ, ચાર અનંત પરમાણુ(પણે) **'પરિણમવાની શક્તિરૂપ સ્વભાવને લીધે તેને પ્રદેશોનો ઉદ્‌ભવ છે;...'** ઘણા પ્રદેશો વ્યવહારે – પર્યાયનયે કહેવામાં આવે છે. આહા..હા...!

આ શરીર, પાંચ ઇન્દ્રિયો, એના પરમાણુઓ ઘણા ભેગાં દેખાય છે ને ? આ પણ જુઓને ચીકાશ, લુખાશ (દેખાય છે પણ) છે તે પરમાણુ, પરમાણુ. પરમાણુનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એનામાં છે પણ ચીકાશ, લુખાશની એકતા – સરખાઈની અપેક્ષાએ સ્કંધપણે દેખાય છે. તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનયે ઘણાં પ્રદેશી આ અપેક્ષાએ કહેવાય. આહા..હા...! બીજી માથાકૂટમાં રોકાય છે એના કરતાં આમાં રોકાય તો એને ખબર પડે.

મુમુક્ષુ :– બહારમાં પૈસા મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળના પૈસા ! પૈસા મળે એમાં પુણ્ય બળી જાય છે, પાપની લોન લેવાય છે. ભાઈ ! પૈસામાં (છે) શું ? પૂર્વની પુણ્યની લોન છે ઈ તો બળી જાય છે ત્યારે ઈ પૈસા દેખાય છે. એની પાસે તો આવતા નથી, એની પાસે તો મમતા આવે છે. 'આ મારા' એવી મમતા આવી. આહા..હા...! મિથ્યા ભ્રમ છે. પૈસા મારા, લક્ષ્મી મારી, મેં પેદા કર્યાં અને મેં એકઠા કર્યાં, બધો મિથ્યા ભ્રમ છે.

પ્રશ્ન :– આખી દુનિયામાં મિથ્યા ભ્રમ છે ?

સમાધાન :– ભ્રમમાં જ પડી છે આખી દુનિયા ! ભ્રમનાં જ ગામ ભર્યાં છે ! ભાઈ ! આહા..હા...! બાપા ! તારા શેના ? ભાઈ ! તારા (હોય) ઈ જુદા હોય ? જુદા (થાય) ઈ તારા હોય ? આહા..હા...! શરીરનાં રજકણે રજકણ જુદાં છે. તારા ક્યાંથી આવ્યા ? તારા જડ ? શું તું જડ (છો) ? ભગવાન ! તું તો ચૈતન્ય છો ને ! ચૈતન્યની સાથે અવિનાભાવી ગુણો રહેલાં (છે) તે તારા. પણ એનાથી પૃથક્ રહેલા શરીરના રજકણ એ તારા ક્યાંથી આવ્યા ? આહા..હા...! શું કહ્યું ઈ ?

જ્ઞાનસ્વરૂપી ભગવાન ! એ જ્ઞાન સાથે અવિનાભાવ(પણે) રહેલાં, જ્ઞાન છે ત્યાં અનંત ગુણ (છે) અને અનંત ગુણ છે ત્યાં જ્ઞાન છે. એ તો તું ખરો ! પણ આ બધાં જે રજકણ જે બહાર લોટંતી – બહાર ફરે છે એ તારા ક્યાંથી આવી ગયા ? ઘરમાં – મકાનમાં લોઢાના સળિયા હોય, બહાર માણસો ફરે, આમ જાય, આવે-જાય... એ તારા ક્યાંથી થઈ ગયા ? આહા..હા...! ભગવાન તો જાણનાર-જોનાર છે એને આ શરીરના રજકણો આવે ને જાય (એમાં) એના ક્યાંથી થઈ ગયા ? આહા..હા...!

પ્રશ્ન :– એની પાસે આવ્યા છે ને ?

સમાધાન :– એની પાસે આવ્યા નથી, એની પાસે રહ્યાં છે. જડ જડપણે રહ્યાં છે, એની પાસે આવ્યા જ નથી.

પ્રશ્ન :– નજરે દેખાય ઈ ખોટું ?

સમાધાન :– ક્યાં નજરું... નજરબંધી થઈ ગઈ છે એને ! નજરને મિથ્યાત્વ સાથે બાંધી દીધી છે. આ..હા..હા...! અહો...! સંતોએ આ વાત – ટીકા કરી. જંગલમાં રહેનારા ! આત્મધ્યાનમાં મસ્તીવાળા ! જેને વિકલ્પ ઊઠે એ પણ ગોઠતું નથી છતાં (વિકલ્પ) આવ્યો અને આ શાસ્ત્રની ટીકા (થઈ ગઈ). ઓ..હો..હો...! ભાઈ ! તું ક્યાં છો ? અને તું ક્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી ? પરમાં નથી, પોતાના જ્ઞાન, આનંદ ગુણમાં છે. આ..હા..હા...! એ પણ અસંખ્ય પ્રદેશમાં – ક્ષેત્રમાં છો. આહા..હા...! એવી વાત છે ક્યાંય ? આત્મા અસંખ્યપ્રદેશી, એનું ક્ષેત્ર એટલું ! ઓ..હો..હો...! અને તે પરક્ષેત્રની અપેક્ષાએ સંકોચવિસ્તાર થાય, સ્વની અપેક્ષાએ એટલા જ રહે. આ..હા..હા...!

અમસ્તુ પણ આમ હાથમાં જુઓને આ ! આમ કરે છે ત્યાં ખાડો પડે છે કે નહિ ? ઈ એની પોતાની મેળાએ પડ્યો છે, આંગળીને લઈને નથી પડ્યો. એટલા પ્રદેશ ત્યાં આમ ખાડામાં થઈ ગયા, વળી પેલા પ્રદેશ પણ આમ થઈ ગયા. આ..હા...! આવી પૃથક્તાનું ભાન જેને થાય એનો સંસાર પરિત થઈ જાય. આહા..હા...! છે ?

‘**બે પ્રદેશો વગેરેના ઉદ્ભવના હેતુભૂત તથાવિધ (તે પ્રકારના) સ્નિગ્ધ-રૂક્ષગુણરૂપે...**’ ચીકાશ-લુખાશ તે પ્રકારનું હોય ને ? અહીંયાં બે હોય અને બીજે ચાર હોય, (અહીંયાં) ત્રણ હોય બીજે પાંચ હોય. એવી ‘**પરિણમવાની શક્તિરૂપ સ્વભાવને લીધે તેને પ્રદેશોનો ઉદ્ભવ છે;...**’ બે પ્રદેશી, સંખ્ય પ્રદેશી, અસંખ્ય પ્રદેશી, અનંત પ્રદેશી(પણાનો ઉદ્ભવ છે). ‘**તેથી પર્યાયે અનેકપ્રદેશીપણાનો પણ સંભવ હોવાથી...**’ પર્યાયે અનેકપ્રદેશીપણાનો ‘**પણ**’ એમ. દ્રવ્યે તો વસ્તુ એક જ પ્રદેશી છે પણ સંયોગસંબંધની ચીકાશ-લુખાશની સરખાઈને લઈને સ્કંધપણે થતાં એને ‘**દ્વિપ્રદેશીપણાથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશીપણું પણ ન્યાયયુક્ત છે.**’ સમજાણું ?

મુમુક્ષુ :– Logicથી બધું સિદ્ધ કરો છો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– Logicથી સિદ્ધ થાય છે ને ! Logic – ન્યાય ! ન્યાયની વાતથી વસ્તુ સાબિત (થાય છે). એમને એમ માનવું એમ ક્યાં છે ? તારા ભાવમાં તર્કથી ભાવભાસન થાય (એ રીતે કહે છે). એ ‘પ્રવચનસાર’માં આવે છે ને ? પાછળ આવે છે – ‘ચરણાનુયોગ’માં ! તર્કથી – સ્પષ્ટ તર્કણાથી ભગવાને કહેલાં તત્ત્વો સિદ્ધ થાય છે. ૩૨ ગાથાથી ઊપડે છે ને ? સમ્યગ્દર્શનની વ્યાખ્યા ! ‘ચરણાનુયોગ’માં ! આહા..હા...! આચાર્યે તો ઘણો ઉપકાર...! ઘણો ઉપકાર...!! (કર્યો છે).

શ્રુતથી સ્પષ્ટ તર્કણાથી ભગવાને કહેલી ચીજો સિદ્ધ થાય છે. એમને એમ માનવું એમ નહિ, એમ કહે છે. આ..હા..હા...! છે ને ? ૩૨ (ગાથા) પછી ક્યાંક સમકિતનું છે. સ્પષ્ટ તર્કણાથી (એવું આવે છે). (શ્રોતા :– ૪૩૭ પાને, ગાથા–૨૩૫). બસ, ઈ જ આવ્યું ! એ જ આવ્યું, લ્યો ! ‘**પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે...**’ છે ? ‘**કારણ કે સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે...**’ જોયું ? ‘**સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી...**’ (એટલે) વિશેષ સ્પષ્ટ તર્કથી ‘**અવિરુદ્ધ છે (–બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कालाणोरप्रदेशत्वमेवेति नियमयति -

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स।**
**वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स।।१३८।।**
**समयस्त्वप्रदेशः प्रदेशमात्रस्य द्रव्यजातस्य।**
**व्यतिपततः स वर्तते प्रदेशमाकाशद्रव्यस्य।।१३८।।**

अप्रदेश एव समयो द्रव्येण प्रदेशमात्रत्वात्। न च तस्य पुद्गलस्येव पर्यायेणाप्यनेकप्रदेशत्वं,

---

एवं पञ्चमस्थले स्वतन्त्रगाथाद्वयं गतम्। अथ कालद्रव्यस्य द्वितीयादिप्रदेशरहितत्वेनाप्रदेशत्वं व्यवस्थापयति - **समओ** समयपर्यायस्योपादानकारणत्वात्समयः कालाणुः। **दु पुनः।** स च कथंभूतः। **अप्पदेसो** अप्रदेशो द्वितीयादिप्रदेशरहितो भवति। स च किं करोति। **सो वट्टदि**

---

હવે 'કાળાણુ અપ્રદેશી જ છે' એવો નિયમ કરે છે (અર્થાત્ દર્શાવે છે) :–

**છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા**
**આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.**

---

**તેની સાથે મેળવાળાં છે અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી જણાય એવાં છે).'** આ..હા..હા...! (૨૩૪ ગાથામાં) '**आगमचक्खू**' સાધુને કહ્યાં છે ને ? '**आगमचक्खू**' (અર્થાત્) આગમ જેની આંખ્યું છે. ભગવાને કહેલાં ભાવો એના ભાવમાં સ્પષ્ટ તર્કણાથી સિદ્ધ થાય છે. આહા..હા...! લ્યો ! ૧૩૭ (ગાથા પૂરી થઈ). (પેલી) ૨૩૭ આવી ને ? ૨૩૫ !

**'હવે 'કાળાણુ અપ્રદેશી જ છે' એવો નિયમ કરે છે (અર્થાત્ દર્શાવે છે) :–'** શ્વેતાંબરમાં તો કાળાણુ માન્યા જ નથી. આ તો સનાતન પરંપરા (છે). વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા(થી) (ચાલી આવતી) ધારાવાહી પરંપરા(નું) દિગંબર શાસ્ત્ર છે. દિગંબર ધર્મ સનાતન સ્વભાવવાળું તત્ત્વ લેવું પડે, શું થાય ? પણ એવી દરકારે કોને (છે) ? જ્યાં પડ્યા ઈ પડ્યા ! ત્રેવીસ કલાક (પાપમાં જાય), છ-સાત કલાક સૂવે, આઠ-દસ કલાક ધંધો (કરે)... બે કલાક સાંભળવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतस्तस्य निरन्तरं प्रस्तारविस्तृतप्रदेशमात्रासंख्येयद्रव्यत्वेऽपि परस्परसंपर्कासंभवादेकैकमाकाशप्रदेशमभिव्याप्य तस्थुषः प्रदेशमात्रस्य परमाणोस्तदभिव्याप्तमेकमाकाशप्रदेशं मन्दगत्या व्यतिपतत एव वृत्तिः।।१३८।।

---

स पूर्वोक्तकालाणुः परमाणोर्गतिपरिणतेः सहकारित्वेन वर्तते। कस्य संबन्धी योऽसौ परमाणुः। **पदेसमेत्तस्स दव्वजादस्स** प्रदेशमात्रपुद्गलजातिरूपपरमाणुद्रव्यस्य। किं कुर्वतः। **वदिवददो** व्यतिपततो मन्दगत्या गच्छतः। कं प्रति। **पदेसं** कालाणुव्याप्तमेकप्रदेशम्। कस्य संबन्धिनम्। **आगासदव्वस्स** आकाशद्रव्यस्येति। तथाहि - कालाणुरप्रदेशो भवति। कस्मात्। द्रव्येणैकप्रदेशत्वात्। अथवा यथा स्नेहगुणेन पुद्गलानां परस्परबन्धो भवति तथाविधबन्धाभावात्पर्यायेणापि। अयमत्रार्थ :- यस्मात्पुद्गलपरिमाणोरेकप्रदेशगमनपर्यन्तं सहकारित्वं करोति न चाधिकं तस्मादेव ज्ञायते सोऽथेकप्रदेश इति।।१३८।।

---

**અન્વયાર્થ :– [समयः तु]** કાળ તો **[अप्रदेशः]** અપ્રદેશી છે. **[प्रदेशमात्रस्य द्रव्यजातस्य]** પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ **[आकाशद्रव्यस्य प्रदेशं]** આકાશ દ્રવ્યના પ્રદેશને **[व्यतिपततः]** મંદ ગતિથી ઓળંગતી હોય ત્યારે **[सः वर्तते]** તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

**ટીકા :–** કાળ, દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી, અપ્રદેશી જ છે. વળી તેને પુદ્‌ગલની માફક પર્યાયે પણ અનેકપ્રદેશીપણું નથી; કારણ કે પરસ્પર અંતર વિના પ્રસ્તારરૂપ વિસ્તરેલાં પ્રદેશમાત્ર અસંખ્યાત કાળદ્રવ્યનો હોવા છતાં પરસ્પર સંપર્ક નહિ હોવાથી એક એક આકાશપ્રદેશને વ્યાપીને રહેલા કાળદ્રવ્યની વૃત્તિ ત્યારે જ થાય છે (અર્થાત્ કાળાણુની પરિણતિ ત્યારે જ નિમિત્તભૂત

---

જાય, માથે બેઠો (જે) કહે ઈ સાંભળે (અને) જય નારાયણ ! શું સત્ય છે અને શું અસત્ય છે ? ક્યાં મેળ ખાય છે અને ક્યાં નથી મેળ (ખાતો) એની ક્યાં દરકાર છે ? મૂળો લેવા જાય ત્યાં જોવે કે, મૂળો સડ્યો છે કે નહિ ? શીંગુ લેવા જાય... આ શું કહેવાય એને ? ભીંડાની ! ઈ શીંગુ એક એક જોવે, માળો ! સડેલી છે કે નહિ ? અહીં એકેય વસ્તુની તપાસ નહિ. આહા..હા...! ધૂળમાં પણ નથી ત્યાં તો, મરી જશે ! આહા..હા...! અમુક હોશિયાર હોય ઈ શીંગું લેવા જાય ત્યાં તપાસી તપાસીને બધી લે ! છેલ્લે બાકી રહે ત્યારે એક વાણિયાને બોલાવે કે, જુઓ ભાઈ ! અત્યારે આ ચાર આના શેર આપ્યું, આ બે આના શેર આપ્યું, જરીક તૂરું છે, તૂરું ! છેલ્લે લઈ જાય ત્યાં બધું તૂરું ! એક શાકનો કટકો પણ નીકળે નહિ !!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે) કે જ્યારે પ્રદેશમાત્ર પરમાણુ તેનાથી (–તે કાળાણુથી) વ્યાપ્ત એક આકાશપ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય.

**ભાવાર્થ :–** લોકાકાશના અસંખ્યાત પ્રદેશો છે. એક એક પ્રદેશમાં એક એક કાળાણુ રહેલો છે. તે કાળાણુઓ સ્નિગ્ધ-રૂક્ષગુણના અભાવને લીધે રત્નરાશિની માફક છૂટા છૂટા જ રહે છે, પુદ્ગલ-પરમાણુઓની માફક પરસ્પર મળતા નથી.

જ્યારે પુદ્ગલપરમાણુ આકાશના એક પ્રદેશને મંદ ગતિથી ઓળંગે છે (અર્થાત્ એક પ્રદેશથી બીજા અનંતર પ્રદેશે મંદ ગતિથી જાય છે) ત્યારે તે (ઓળંગવામાં આવતા) પ્રદેશે રહેલો કાળાણુ તેને નિમિત્તભૂતપણે વર્તે છે. આ રીતે દરેક કાળાણુ-પુદ્ગલપરમાણુને એક પ્રદેશ સુધીના ગમન પર્યંત જ સહકારીપણે વર્તે છે, વધારે નહિ; તેથી સ્પષ્ટ થાય છે કે કાળદ્રવ્ય પર્યાયે પણ અનેકપ્રદેશી નથી. ૧૩૮.

---

લોભિયા એમ (છેતરાય). આહા..હા...!

એમ ધર્મને સોંઘો લેવા જાય... ત્યાં પેલા જેવું નીકળે, કીધું નહિ ? અમારે 'હીરાજી મહારાજ' દાખલો આપતા. આંધળો છોકરો અને એની મા – બે જ જણા બિચારા ! બાપ મરી ગયેલો. એક ફૂટલું-તૂટલું વહાણ હતું. એમાં મોટો મેળો (આવ્યો) તો છોકરો કહે કે, બા ! હું આ વહાણને કાગળ-બાગળ લગાડીને સારું કરીને બેસાડીશ. જોકે હું તો મરીશ પણ તને આ બે હજાર રૂપિયા (મળશે). એ વખતની વાત (છે ત્યારે તો) બે હજાર ઘણાં (કહેવાતા), અત્યારે તમારે લાખ (ગણાય). તું ખાઈ-પીને (લ્હેર કરીશ). આમ બરાબર ચશ્મા ચડાવ્યાં. છોકરો જુવાન ! વહાણને રંગેલા કાગળો લગાડ્યા અને નર્મદાના આ કાંઠેથી પેલે કાંઠે (જવાનું). પછી બીજા જે સારા વહાણવાળા હતા ઈ કહે, પાંચ રૂપિયા ! આ કહે, દોઢ રૂપિયો ! (માણસો) બેઠા. વહાણ આખું ભરાઈ ગયું. જ્યાં આગળ (ચાલ્યું) ત્યાં (કાગળો) ફાટવા માંડ્યા. અરે...! આ શું ? ભાઈ ! તને ખબર નથી ? હું તો આંધળો (છું). જુઓ ! આ રહ્યો. પણ તમે આંધળા !? (બીજાના) પાંચ રૂપિયા અને આ દોઢ રૂપિયો ! વરસોવરસ મેળો ભરાય ત્યારે આવો ભરાય છે. હેં...! ઈ તને સોંઘું એમ પડશે. આ..હા..હા...! એમ આંધળા હોય ઈ બતાવી દ્યે કે, આ કરો, દયા પાળો, વ્રત કરો એમાંથી તમારું કલ્યાણ (થઈ જશે). ઈ આંધળા હોય. કાગળવાળા વહાણમાં બેસાડી દીધા છે ! આહા..હા...!

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स।**

'કુંદકુંદાચાર્યદેવ' કાળને સિદ્ધ કરે છે, લ્યો ! (શ્વેતાંબરે) એ કાળને ઉડાવ્યું. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળ વસ્તુ છે. પાછળથી 'હેમચંદ્રાચાર્યે' થોડું નાખ્યું છે. એના યોગમાં પછી પાછળથી થોડું નાખ્યું પણ ઈ કો'કનું લઈને. આમાં (મૂળમાં) ક્યાં છે ?

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स।**
**वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स।।१३८।।**

**છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા**
**આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.**

**ટીકા :–** '**કાળ, દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી,...**' કાળ તો એક પ્રદેશમાત્ર છે. આહા..હા...! પણ જેટલા અનંત ગુણો આકાશમાં છે એટલા જ ગુણો એક (કાળાણુના) પ્રદેશમાં છે. ક્ષેત્ર ભલે એટલું પણ ગુણની ભાવ શક્તિ (અનંત) ! આ..હા..હા...! ક્ષેત્રથી મોટું (હોય) એનું અહીં માપ નીકળે એવું નથી. ક્ષેત્ર ભલે એટલું એકપ્રદેશી (હોય) પણ શક્તિઓ – ગુણો તો અનંત... અનંત ! સ્વભાવ છે ને ! સ્વભાવને મોટા ક્ષેત્રની જરૂર નથી. એની શક્તિના સામર્થ્યની એને જરૂર છે. આહા..હા...!

(કાળ, દ્રવ્યે) '**પ્રદેશમાત્ર હોવાથી, અપ્રદેશી જ છે. વળી તેને પુદ્‌ગલની માફક...**' પુદગલમાં કહ્યું હતું ને ? પર્યાય બે પ્રદેશી, અનંત પ્રદેશી થાય. (તેની જેમ) '**અનેકપ્રદેશીપણું નથી;...**'

પ્રશ્ન :– બે ભેગા ન થાય ?

સમાધાન :– ચીકાશ-લુખાશ એમાં ક્યાં છે ?

'**કારણ કે પરસ્પર અંતર વિના પ્રસ્તારરૂપ વિસ્તરેલાં પ્રદેશમાત્ર અસંખ્યાત કાળદ્રવ્યો હોવા છતાં...**' (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં પ્રસ્તારનો અર્થ આપ્યો છે). 'પ્રસ્તાર = પથારો; ફેલાવો; વિસ્તાર. (અસંખ્યાત કાળદ્રવ્યો આખા લોકાકાશમાં પથરાયેલાં છે).' એક એક આકાશપ્રદેશે એક એક કાળાણુ (રહેલાં છે). આહા..હા...! '(તેમને પરસ્પર અંતર નથી,...)' આંતરો નથી. અહીં... અહીં... અહીં... બધે સળંગ ભર્યા છે. '(કારણ કે દરેક આકાશપ્રદેશમાં એક એક કાળદ્રવ્ય રહેલું છે).' શેમાં આંતરો નથી ? અહીં એક કાળાણુ (છે) પછી પ્રદેશ ખાલી (છે) એમ નથી. આકાશના આમ અસંખ્ય પ્રદેશ પડ્યા-પાથર્યા છે એમ દરેક પ્રદેશમાં કાળાણુ પડ્યા-પાથર્યા છે. આહા..હા...! વાણિયાને બહુ પરીક્ષા કરવાની શક્તિ ન હોય એમાં આવું સાંભળે (એને એમ લાગે કે) આવું તે શું હશે ? આહા..હા...! તત્ત્વની સ્થિતિ....!

મુમુક્ષુ :– વાણિયા બહુ હોશિયાર હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– વાણિયા જ છેતરાઈ ગયા છે, માળા ! પરખ્યા વિના પડી ગયા, પરીક્ષા વિના વાડામાં પડ્યા. આહા..હા...! (એક સાધુ) કહે, બસ ! ત્યાગપત્ર દઈને મારે તો 'મહાવીર'નો સંદેશ દેવા બહાર જવું છે. એલા પણ...! આહા..હા...! અને એક (બીજા સાધુ) આચાર્ય છે પણ જુવાન ! છાપામાં વ્યાખ્યાન આવતું. મુનિપણું છોડી દીધું. આચાર્ય થયો હતો, લ્યો ! દિગંબર ! કાલે આવ્યું હતું. આહા..હા...! શું કારણ હશે ? એ તો બહાર આવે ત્યારે ખરું. આચાર્યપદ અને મુનિપણું છોડી દીધું. મુનિ થયો હતો, જુવાન સાધુ ! અને એને આચાર્યપદ આપ્યું હતું. કાલે છાપામાં આવ્યું હતું (કે), મુનિપણું છોડી દીધું. માળા ! આ તો જાદુગરના ખેલ જેવું છે !

બાપુ ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક છે ! જેની દૃષ્ટિનો વિષય શું અને દૃષ્ટિમાં તાકાત કેટલી ? એ દૃષ્ટિમાં પાચનશક્તિ કેટલી ? એક સમયની સમ્યક્પર્યાયમાં પાચનશક્તિ (કેટલી) ! આવો પૂર્ણ અખંડાનંદ ! એવી અનંતી પર્યાયથી ભરેલો શ્રદ્ધાગુણ છે, એવી એવી અનંત પર્યાયથી ભરેલો જ્ઞાનગુણ છે, એવો અનંત ગુણનો સ્વભાવ ! એને પાચન કરે એની શક્તિ કેટલી ?! ભાઈ ! એની કિંમત ન મળે અને આ બહારના ત્યાગ કર્યા એની કિંમત ! આહા..હા...!

મુમુક્ષુ :– જનકલ્યાણનું કામ કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કલ્યાણ કરતું હતું ? ધૂળ ! (હજી) પોતાના ઠેકાણા નથી. પેલું આવ્યું નથી ? 'બંધ અધિકાર'માં ! બીજાનો મોક્ષ કરું. એને વીતરાગભાવ થઈ જશે તું શું કરી લઈશ ? એને બંધ કરી દઉં. એ રાગ કરશે તો બંધ કરશે, તું એને બંધ કરી દઈશ ?

મુમુક્ષુ :– ઉપદેશ આપે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ ઉપદેશ આપે ? ઈ તો વાણીની – જડની ક્રિયા છે. આહા..હા...! આત્મા વાણીને અડ્યો પણ નથી, સ્પર્શતો પણ નથી. આહા..હા...! એવું તત્ત્વ છે ! આ તો ન્યાલ થવાના માર્ગ છે, ભાઈ ! ધંધા ખોટમાં જાય છે... 'સ્વામિનારાયણ'ને લોકો 'ન્યાલકરણ... ન્યાલકરણ' કહેતા. કેમકે પેલા કાઠી લોકો જાય ને ? એને દારૂ બંધ કરાવે, માંસ બંધ કરાવે. એની છાપ (એવી). બ્રહ્મચારી માણસ પાકા હતા. બ્રહ્મચારી પાકો ! એને પછી એમ થઈ ગયું હતું કે, હું ઘણી શક્તિવાળો છું.

મુમુક્ષુ :– હું ભગવાન !

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એમ થઈ ગયું હતું. બ્રહ્મચારી પાકો, હોં ! કોઈ આરોપ નાખે એમ નહિ. બરાબર ! એક વાર કો'ક પરણતું હશે એટલે કહે, કોના લગ્ન છે ? મને પરણાવો ને ! ભદ્રિક માણસ, આમ ભોળા ! પરણવાનું કીધું ત્યાં ત્રણ 'દી સુધી ઊલટી (થઈ) ! આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બ્રહ્મચર્ય બહારની ક્રિયા (પાળે) એમાં પછી લોકોને (વિશેષતા લાગે). કાઠીમાં જાય, કોળીમાં જાય. એની છાપ પડે, પુણ્યવંતપણાની ! ઘોડી પણ એવી રાખતા આમ... આ..હા..હા...! માંસ ને દારૂ છોડાવે, હજાર માણસને, હોં ! પછી આવે એટલે લોકો કહે, 'ન્યાલકરણ... ન્યાલકરણ... ન્યાલકરણ. આ ન્યાલકરણ આવ્યા છે !' અહીં તો ત્રણલોકના નાથ (છે) ઈ ન્યાલકરણ છે ! આહા..હા...! સર્વજ્ઞ પરમેશ્વર ! ઈ બધું સાંભળેલું, હોં ! એ...ઈ..! ભાઈ ! 'ગઢડા'માં આવી બધી વાતું સાંભળેલી.

(અહીં) કહે છે, '**પુદ્‌ગલની માફક પર્યાયે પણ અનેકપ્રદેશીપણું નથી;...**' આહા..હા...! '**કારણ કે પરસ્પર અંતર વિના પ્રસ્તારરૂપ...**' વિસ્તાર (છે). આકાશના આટલામાં અસંખ્ય પ્રદેશ છે એમાં એક એક પ્રદેશે એક એક કાળાણુ (રહેલાં છે). એટલામાં અસંખ્ય કાળાણુ પડ્યા છે. એટલા ભાગમાં આકાશના અસંખ્ય પ્રદેશ અને એક એક પ્રદેશે એક એક કાળાણુ. એટલા ભાગમાં – અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય કાળાણુ છે. ક્યાંય અંત જ નથી, કહે છે. આખો લોક આવ્યું હતું ને ? અંજનચૂર્ણની પેઠે નહોતું આવ્યું ? અંજનચૂર્ણનું આવ્યું હતું ને ? '**અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં જ છે.**' આહા..હા...! ત્રણે આવ્યું છે, જુઓ ! '**કાળ, જીવ અને પુદ્‌ગલ...**' આમાં ત્રણે આવ્યું છે. (૧૩૬ ગાથા). '**કાળ, જીવ અને પુદ્‌ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક દેશમાં રહે છે અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં જ છે.**' આહા..હા...! અહીં આટલામાં અસંખ્ય કાળાણુ છે. કારણ કે આકાશના પ્રદેશ અસંખ્ય છે. કેટલા ? આહા..હા...! અસંખ્યાતી ચોવીસીના સમય થાય એટલા તો અહીં આકાશના પ્રદેશ છે ! એક એક પ્રદેશમાં એક એક કાળાણુ (રહે છે તો) એટલામાં અસંખ્યાત ચોવીસીના સમય જેટલા કાળાણુ છે ! આ..હા..હા...!

'**પરસ્પર સંપર્ક નહિ હોવાથી...**' કહે છે, ભલે આમ એકસાથે જથ્થો પડ્યો છે પણ એકબીજાને સંપર્ક સંબંધ છે નહિ. '**એક એક આકાશપ્રદેશને વ્યાપીને રહેલા...**' જોયું ? '**કાળદ્રવ્યની વૃત્તિ ત્યારે જ થાય છે (અર્થાત્ કાળાણુની પરિણતિ ત્યારે જ નિમિત્તભૂત થાય છે) કે જ્યારે પ્રદેશમાત્ર પરમાણુ તેનાથી (–તે કાળાણુથી) વ્યાપ્ત એક આકાશપ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય.**' એક પરમાણુ મંદ ગતિથી ઓળંગે એટલામાં એ કાળદ્રવ્ય છે. એમાંથી પેલું સમયનું માપ આવ્યું, એ સમયનો ધરનાર દ્રવ્ય, માપ આપનાર એ દ્રવ્ય ત્યાં છે, એટલામાં કાળાણુ છે. (વિશેષ કહેશે...)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૪, શુક્રવાર તા. ૨૭-૦૬-૧૯૭૫**
**ગાથા – ૧૩૮, ૧૩૯**
**પ્રવચન નંબર–૧૫૨**

('પ્રવચનસાર') ૧૩૮ (ગાથાનો) ભાવાર્થ. 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન'નું કથન છે ને ? જ્ઞેયનું ! છ દ્રવ્ય જ્ઞેય છે એનું શું સ્વરૂપ છે એનું વર્ણન (ચાલે છે). એમાં અત્યારે કાળાણુ(નું વર્ણન ચાલે છે).

**ભાવાર્થ :–** '**લોકાકાશના અસંખ્યાત પ્રદેશો છે.**' લોક છે એમાં આકાશના અસંખ્ય પ્રદેશ છે. '**એક એક પ્રદેશમાં એક એક કાળાણુ રહેલો છે.**' જુઓ ! આ 'કુંદકુંદાચાર્યદેવ' કાળાણુ દ્રવ્યની સિદ્ધિ કરે છે. શ્વેતાંબર એ માનતા નથી. બીજે તો (આ વાત) નથી પણ ઈ પણ માનતા નથી. આ સિદ્ધિ 'કુંદકુંદાચાર્યદેવ' કરે છે. '**તે કાળાણુઓ સ્નિગ્ધ-રૂક્ષગુણના અભાવને લીધે રત્નરાશિની માફક...**' અસંખ્ય (કાળાણુઓ) '**છૂટા છૂટા જ રહે છે,...**' રત્નનો ઢગલો ભલે એકસાથે હોય પણ રત્ન જુદું જુદું છે. એમ એક એક આકાશના (પ્રદેશમાં) એક એક કાળાણુ, અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય કાળાણુ રત્નરાશિની જેમ ભિન્ન ભિન્ન છે. '**પુદ્ગલ-પરમાણુઓની માફક જે પરસ્પર મળતા નથી.**' પુદ્ગલ પરમાણુમાં સ્નિગ્ધ-લુખાશને લઈને બે, ત્રણ, અનંત આદિ સ્કંધ થાય, આમાં એ નથી.

હવે એનું માપ બતાવે છે. '**જ્યારે પુદ્ગલપરમાણુ એક પ્રદેશને મંદ ગતિથી ઓળંગે...**' મંદ ગતિથી (ઓળંગે તો), ઉગ્ર ગતિથી તો એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ફરી જાય, પણ મંદ ગતિથી ઓળંગે '(**અર્થાત્ એક પ્રદેશથી બીજા અનંતર પ્રદેશે...**)' એક પ્રદેશથી બીજો અનંતર (એટલે) આંતરા વિનાનો બીજો પ્રદેશ. '(**મંદ ગતિથી જાય છે**) **ત્યારે તે** (**ઓળંગવામાં આવતા**) **પ્રદેશે રહેલો કાળાણુ તેને નિમિત્તભૂતપણે વર્તે છે.**' પરમાણુ એક આકાશના પ્રદેશથી બીજે પ્રદેશે જાય એમાં તે ઠેકાણે રહેલો કાળાણુ એને નિમિત્તભૂત વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कालपदार्थस्य द्रव्यपर्यायौ प्रज्ञापयति -

**वदिवददो तं देसं तस्सम समओ तदो परो पुव्वो।**
**जो अत्थो सो कालो समओ उप्पण्णपद्धंसी।।१३९।।**
**व्यतिपततस्तं देशं तत्समयः समयस्ततः परः पूर्वः।**
**योऽर्थः स कालः समय उत्पन्नप्रध्वंसी।।१३९।।**

यो हि येन प्रदेशमात्रेण कालपदार्थेनाकाशस्य प्रदेशोऽभिव्याप्तस्तं प्रदेशं मन्दगत्यातिक्रमतः परमाणोस्तत्प्रदेशमात्रातिक्रमणपरिमाणेन तेन समो यः कालपदार्थसूक्ष्मवृत्तिरूपसमयः स तस्य

---

अथ पूर्वोक्तकालपदार्थस्य पर्यायस्वरूपं द्रव्यस्वरूपं च प्रतिपादयति - **वदिवददो** तस्य पूर्वसूत्रोदितपुद्गलपरमाणोर्व्यतिपततो मन्दगत्या गच्छतः। कं कर्मतापन्नम्। **तं देसं** तं पूर्वगाथोदितं कालाणुव्याप्तमाकाशप्रदेशम्। **तस्सम** तेन कालाणुव्याप्तैकप्रदेशपुद्गलपरमाणुमन्दगतिगमनेन

---

હવે કાળપદાર્થનાં દ્રવ્ય અને પર્યાય જણાવે છે :–

**તે દેશના અતિક્રમણ સમ છે ‘સમય’, તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી ‘સમય’ છે. ૧૩૯.**

---

‘**આ રીતે દરેક કાળાણુ પુદ્‌ગલપરમાણુને એક પ્રદેશ સુધીના ગમન પર્યંત જ સહકારીપણે વર્તે છે,...**’ દરેક કાળાણુ અસંખ્ય પુદ્‌ગલપરમાણુને એક પ્રદેશથી બીજા (પ્રદેશ) પર્યંત ગમન (કરવામાં) નિમિત્તરૂપે સહકારી વર્તે છે. ‘**વધારે નહિ; તેથી સ્પષ્ટ થાય છે કે કાળદ્રવ્ય પર્યાયે પણ અનેકપ્રદેશી નથી.**’ પરમાણુ જેમ પર્યાયે અનેકપ્રેદશી થાય છે એમ આ નથી (થતા). કાળાણુ પદાર્થ છે. અનંત ગુણ (છે), એક એક કાળાણુમાં અનંત ગુણ છે.

‘**હવે કાળપદાર્થનાં દ્રવ્ય અને પર્યાય જણાવે છે :–**’ ૧૩૯ (ગાથા).

**वदिवददो तं देसं तस्सम समओ तदो परो पुव्वो।**
**जो अत्थो सो कालो समओ उप्पण्णपद्धंसी।।१३९।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालपदार्थस्य पर्यायस्ततः एवंविधात्पर्यायात्पूर्वोत्तरवृत्तिवृत्तत्वेनव्यञ्जितनित्यत्वे योऽर्थः तत्तु द्रव्यम्। एवमनुत्पन्नाविध्वस्तो द्रव्यसमयः, उत्पन्नप्रध्वंसी पर्यायसमयः। अनंशः समयोऽय-माकाशप्रदेशस्यानंशत्वान्यथानुपपत्तेः। न चैकसमयेन परमाणोरालोकान्तगमनेऽपि समयस्य सांशत्वं, विशिष्टगतिपरिणामाद्विशिष्टावगाहपरिणामवत्। तथाहि - यथा विशिष्टावगाहपरिणामा-

---

समः समानः सदृशस्तत्समः **समओ** कालाणुद्रव्यस्य सूक्ष्मपर्यायभूतः समयो व्यवहारकालो भवतीति पर्यायव्याख्यानं गतम्। **तदो परो पुव्वो** तस्मात्पूर्वोक्तसमयरूपकालपर्यायात्परो भाविकाले पूर्वमतीतकाले च **जो अत्थो** यः पूर्वापरपर्यायेष्वन्वयरूपेण वृत्तपदार्थो द्रव्यं **सो कालो** स कालः कालपदार्थो भवतीति द्रव्यव्याख्यानम्। **समओ उप्पण्णपद्धंसी** स पूर्वोक्तसमयपर्यायो यद्यपि पूर्वापरसमयसन्तानापेक्षया संख्येयासंख्येयानन्तसमयो भवति, तथापि वर्तमानसमयं प्रत्युत्पन्नप्रध्वंसी। यस्तु पूर्वोक्तद्रव्यकालः स त्रिकालस्थायित्वेन नित्य इति। एवं कालस्य पर्यायस्वरूपं द्रव्यस्वरूपं च ज्ञातव्यम्। अथवानेन गाथाद्वयेन समयरूपव्यवहारकालव्याख्यानं

---

**અન્વયાર્થ :– [तं देशं व्यतिपततः]** પરમાણુ એક આકાશપ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે **[तत्समयः]** તેના બરાબર જે વખત તે **[समयः]** 'સમય' છે; **[ततः पूर्वः परः]** 'સમય'ની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) **[यः अर्थः]** જે પદાર્થ છે **[सः कालः]** તે કાળદ્રવ્ય છે; **[समयः उत्पन्नप्रध्वंसी]** 'સમય' ઉત્પન્નધ્વંસી છે.

---

**તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯.**

ઓ..હો..હો...! આચાર્યોએ દ્રવ્યને સમજાવવાની શૈલીમાં કેટલી સરળતાથી સમજાવ્યું છે ! **ટીકા :– 'કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે તે પ્રદેશમાત્ર–અતિક્રમણના પરિમાણના બરાબર જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ 'સમય'–'** સૂક્ષ્મ પરિણતિરૂપ પર્યાય **'તે કાળપદાર્થનો પર્યાય છે;...'** એક પરમાણુ એક પ્રદેશથી બીજે જાય એમાં કાળદ્રવ્યનો એક સમયનો પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देकपरमाणुऽनन्तपरमाणुस्कन्धः परमाणोरनंशत्वात् पुनरप्यनन्तांशत्वं न साधयति, तथा विशिष्टगतिपरिणामादेककालाणुव्याप्तैकाकाशप्रदेशातिक्रमणपरिमाणावच्छिनेनैकसमयेनैकस्माल्लोकान्ताद्द्वितीयं लोकान्तमाक्रामतः परमाणोरसंख्येयाः कालाणवः समयस्यानंशत्वादसंख्येयांशत्वं न साधयन्ति।।१३९।।

---

क्रियते। निश्चयकालव्याख्यानं तु `उप्पादो पद्धंसो' इत्यादि गाथात्रयेणाग्रे करोति। तद्यथा - **समओ** परमार्थकालस्य पर्यायभूतसमयः। **अवप्पदेसो** अपगतप्रदेशो द्वितीयादिप्रदेशरहितो निरंश इत्यर्थः। कथं निरंश इति चेत्। **पदेसमेत्तस्स दवियजादस्स** प्रदेशमात्रपुद्गलद्रव्यस्य संबन्धी योऽसौ परमाणुः **वदिवादादो वट्टदि** व्यतिपातात् मन्दगतिगमनात्सकाशात्स परमाणुस्तावद्गमनरूपेण वर्तते। कं प्रति। **पदेसमागासदवियस्स** विवक्षितैकाकाशप्रदेशं प्रति। इति प्रथमगाथाव्याख्यानम्। **वदिवददो तं देसं** स परमाणुस्तमाकाशप्रदेशं यदा व्यतिपतितोऽतिक्रान्तो भवति **तस्सम समओ** तेन पुद्गलपरमाणुमन्दगतिगमनेन समः समानः समयो भवतीति निरंशत्वमिति वर्तमानसमयो

---

**ટીકા :–** કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે તે પ્રદેશમાત્ર-અતિક્રમણના પરિમાણના બરાબર જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ 'સમય' તે, તે કાળપદાર્થનો પર્યાય છે; અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની વૃત્તિરૂપે વર્તતો હોવાને લીધે જેનું નિત્યત્વ પ્રગટ થાય

---

તેને નિમિત્ત છે. દ્રવ્ય તે દ્રવ્ય છે. કાળદ્રવ્યનો એક સમયનો પર્યાય તેને નિમિત્તભૂત છે. આ..હા...! તે સમય છે. આ પર્યાયને સિદ્ધ કરી, **'તે કાળપદાર્થનો પર્યાય છે;...'**

હવે દ્રવ્યને સિદ્ધ કરે છે. **'અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની વૃત્તિરૂપે...'** એટલે પર્યાય(પણે) **'વર્તતો હોવાને લીધે...'** પહેલાં અને પછીની પર્યાયમાં દ્રવ્ય વર્તતું હોવાથી **'જેનું નિત્યત્વ પ્રગટ થાય છે એવો પદાર્થ તે દ્રવ્ય છે.'** કહે છે કે, પહેલા સમયની પર્યાય વ્યય થાય, પછી ઉત્પન્ન થાય પણ એમાં કાયમ ટકનારું દ્રવ્ય છે એ નિત્ય છે. એ પર્યાય જેની છે તે નિત્ય છે. આહા..હા...!

સંપ્રદાય નીકળ્યા પછી આ તો બનાવ્યું છે, 'કુંદકુંદાચાર્યદેવ'ના વખતમાં શ્વેતાંબર સંપ્રદાય નીકળી ચૂક્યો હતો. પહેલાં નીકળી ચૂક્યો હતો છતાં આ વાતને સ્પષ્ટ સિદ્ધ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्याख्यातः। इदानीं पूर्वापरसमयौ कथयति - **तदो परो पुव्वो** तस्मात्पूर्वोक्तवर्तमानसमयात्परो भावी कोऽपि समयो भविष्यति पूर्वमपि कोऽपि गतः **अत्थो जो** एवं यः समयत्रयरूपोर्थः **सो कालो** सोऽतीतानागतवर्तमानरूपेण त्रिविधव्यवहारकालो भण्यते। **समओ उप्पण्णपद्धंसी** तेषु त्रिषु मध्ये योऽसौ वर्तमानः स उत्पन्नप्रध्वंसी अतीतानागतौ तु संख्येयासंख्येयानन्त-समयावित्यर्थः। एवमुक्तलक्षणे काले विद्यमानेऽपि परमात्मतत्त्वमलभमानोऽतीतानन्तकाले संसारसागरे भ्रमितोऽयं जीवो यतस्ततः कारणातदेव निजपरमात्मतत्त्वं सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेय, स्वसंवेदनज्ञानरूपेण ज्ञातव्यमाहारभयमैथुनपरिग्रहसंज्ञास्वरूपप्रभृतिसमस्तरागादिविभावत्यागेन ध्येयमिति तात्पर्यम्।।१३९।।

---

છે એવો પદાર્થ તે દ્રવ્ય છે. આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંસી છે (અર્થાત્ 'સમય'પર્યાય ઉત્પત્તિવિનાશવાળો છે). આ 'સમય' નિરંશ છે, કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.

વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં 'સમય'ના અંશો પડતા નથી; કારણ કે જેમ (પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે. તે સમજાવવામાં આવે છે :– જેમ વિશિષ્ટ અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુઓનો સ્કંધ બને છે તોપણ

---

'**આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે...**' પેલી પર્યાય જે છે, (જે) પરમાણુને ગતિમાં નિમિત્તપણે (થાય છે) એ પર્યાય તો ઉત્પન્ન-ધ્વંસી છે પણ એ પર્યાયનું કાયમ ટકનારું તત્ત્વ તે નિત્ય છે. આહા..હા...! આવું હવે ક્યાં સમજે ? ઝીણું... ઝીણું...!

એક ન્યાય તો એવો સૂક્ષ્મ છે કે, એક સમયમાં અનંત ગુણવાળું દ્રવ્ય જીવ જાણે છે. અનંત ગુણવાળું દ્રવ્ય એક સમયમાં જાણે છતાં કહે છે કે, સમયના ભંગ – પર્યાયના અનંત ભંગ નથી પડતા. પર્યાયના (ભંગ), હોં ! શું કીધું ? વસ્તુ છે એ અનંત ગુણસંપન્ન (છે). પોતે ભગવાન ! એનો એક સમયનો પર્યાય એ અનંત ગુણનું એકરૂપ એને જાણે છે. તો એક સમયમાં અનંત ગુણ જાણે કે અનંત ગુણનું એકરૂપ જાણે પણ એમાં ભેદ જણાય ગયા છે. એથી એક સમયની પર્યાયના કાંઈ અનંત ભાગ નથી પડતા. સમજાણું કાંઈ ? એના અવિભાગ પ્રતિચ્છેદ પડે પણ ઇ પર્યાય અનંત ન હોય. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનની પર્યાયમાં પોતાના અનંત... અનંત... અનંત... ગુણો અને આ લોકાલોક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી, કારણ કે પરમાણુ નિરંશ છે; તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક 'સમય'માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી, કારણ કે 'સમય' નિરંશ છે.

**ભાવાર્થ :–** પરમાણુને એક આકાશપ્રદેશી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળદ્રવ્ય નિત્ય છે; 'સમય' ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી, તેમ 'સમય' કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે, તેના ભાગ પડતા નથી. જો 'સમય'ના ભાગ પડે તો તો પરમાણુ વડે એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ.

---

જણાય છતાં એક પર્યાય (છે) ઈ અનંત પર્યાય નથી. છતાં પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ અનંત છે. આહા..હા...! ભાઈ ! એ પર્યાયની શક્તિ છે. એ અનંત અવિભાગ પ્રતિચ્છેદમાંથી પર્યાય અનંત (થઈ જાય) એમ નથી. આ..હા..હા...! એનો સ્વભાવ... આ..હા..હા...!

એમ '**દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંસી છે (અર્થાત્ 'સમય'પર્યાય ઉત્પત્તિવિનાશવાળો છે). આ 'સમય' નિરંશ છે, કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.**' (પરમાણુ) એક જ પ્રદેશમાંથી બીજે પ્રદેશ જાય છે એ પ્રદેશ પણ નિરંશ છે અને સમયમાં વર્તતો જે કાળદ્રવ્ય – ઉત્પન્ન-ધ્વંસી પર્યાય એ પણ એક સમયનો છે અને એનો ધરનાર ત્રિકાળ દ્રવ્ય એ પણ ત્યાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં...**' હવે વિશેષ (સ્પષ્ટ) કરે છે. (પરમાણુ) મંદ ગતિથી તો આકાશના એક (પ્રદેશથી) બીજે (પ્રદેશે) જાય તો એક સમયનું માપ ત્યાં આવી ગયું. પણ એ પરમાણુ એક સમયમાં '**લોકના અંત સુધી જતો હોવા છતાં 'સમય'ના અંશો પડતા નથી;...**' સમય અસંખ્ય થઈ જતાં નથી. એક સમયના અસંખ્ય ભાગ પડતા નથી. પરમાણુ એક સમયમાં લોકાંત (સુધી જાય). આહા..હા...! અરે...! જીવ ને કાર્માણના શરીર અને તૈજસના શરીર એક સમયમાં હેઠે – અધોલોકમાં હોય તો ઉપર ચાલ્યો જાય. આ..હા..હા...! એક સમયમાં જાય અને આવા અસંખ્ય પ્રદેશો ઓળંગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છેઃ તેથી 'સમય' પણ નિરંશ જ છે.

અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક 'સમય'માં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી 'સમય'ના અસંખ્ય અંશો પડવા જોઈએ. તેનું સમાધાન :– જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે જ છે; (પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે); તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુ ખાસ પ્રકારના ગતિપરિણામને લીધે જ છે; (પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે); તેથી કાંઈ 'સમય'ના અસંખ્ય અંશ પડતા નથી. ૧૩૯.

---

માટે એક સમયનો અસંખ્યમો ભાગ ત્યાં થાય એમ નથી. સમયનો અંશ નથી, ભાગ નથી. એના વિના બહારમાં એમને એમ અનંત કાળ ગુમાવ્યા, આહા..હા...! એ છે ક્યાંક.

મુમુક્ષુ :– અગુરુલઘુ(ગુણમાં) બાર ભેદ પાડ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો સૂક્ષ્મ વાત. એ તો આગમગમ્ય – કેવળજ્ઞાનગમ્ય વાત (છે). આ તો શ્રુતજ્ઞાનગમ્ય થાય એવી વાત છે. એક સમયમાં લોકાલોક જાણે એ તો શ્રુતજ્ઞાનગમ્ય પર્યાય છે. (જેમાં લોકાલોક જાણે) એ પર્યાય અનંત પર્યાય થતી નથી. એ કોઈ અગુરુલઘુ નથી. અગુરુલઘુ તો એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે એ પણ શ્રુતગમ્ય છે, એ ભાવ શ્રુતગમ્ય છે. પણ એમાં પણ એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય એ આગમગમ્ય છે. સમજાણું ? એવી વાત છે.

એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી ચાલ્યો જાય. નીચે હોય તે સિદ્ધ છે ત્યાં સુધી ચાલ્યો જાય. સમય એક ! અસંખ્ય આકાશ-પ્રદેશ ઓળંગે ! તોપણ '**સમય'ના અંશો પડતા નથી;...**' એક સમયમાં અસંખ્ય પ્રદેશે ગયો માટે એક સમયના અસંખ્ય ભાગ પડી ગયા એમ નથી. આહા..હા...! સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય ઈ જુદી વાત છે, ભાઈ ! કાળની એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય ઈ જુદી વાત છે પણ (એક) સમયમાં આમ ગયો માટે સમયનો અસંખ્યમો ભાગ થઈ ગયો, એ પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસંખ્યમો ભાગ થયો એમ નથી. આહા..હા...! જુઓને ! સ્વભાવ... સ્વભાવ ! ત્યાં કહ્યું છે, હોં !

'**एवमुक्तलक्षणे काले विद्यमानेऽपि परमात्मतत्त्वमलभमानोऽतीतानन्तकाले संसारसागरे भ्रमितोऽयं जीवो**' ૨૭૬ પાને સંસ્કૃતમાં ('જયસેનાચાર્યદેવ'ની ટીકામાં) છે. ઓ..હો...! આવા આવા અનંતકાળ (વીત્યા). પરમાત્મતત્ત્વ આનંદનો નાથ પ્રભુ ! જ્ઞાયકભાવથી ભરેલો ! એના અલભ્યમાં – એની પ્રાપ્તિ વિના અનંત અનંત કાળમાં એણે પરિભ્રમણ કર્યું. છે ને અંદર ? સંસ્કૃતમાં છે. '**काले विद्यमानेऽपि**' આહા..હા...! '**परमात्मतत्त्वमलभमानोऽतीतानन्तकाले**' (અર્થાત્) ગયા અનંતકાળે. '**संसारसागरे भ्रमितोऽयं जीवो यतस्ततः कारणात्तदेव निजपरमात्मतत्त्वं सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेयं,..**' એનો સરવાળો લીધો. આહા..હા...! નિજ પરમાત્મતત્ત્વ જેમાં અનંત ગુણો ! પણ સમજવા માટે એને એક સમય બસ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? દ્રવ્ય જણાણું એમાં દ્રવ્યના જેટલા ગુણો (છે) ઈ બધા જણાઈ ગયા છે કે નહિ ? ઓ..હો..હો...! નિર્વિકલ્પ પ્રતીત વિના એ પર્યાયમાં અનંત ગુણવાળું એક (દ્રવ્ય) ભંગ પાડ્યા વિનાની પર્યાયમાં જણાય એ નિર્વિકલ્પ પ્રતીતિ થાય. આહા..હા...!

નિજપરમાત્મતત્ત્વને... કહ્યું ને ? '**सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेयं,..**' આહા..હા...! ભગવાનઆત્મા ! આ બધા પદાર્થોનું જ્ઞાન, સ્વનું જ્ઞાન થાય એનું પરનું સાચું જ્ઞાન થાય. સ્વરૂપગ્રાહીજ્ઞાન વિના પરનું વાસ્તવિક યથાર્થ જ્ઞાન હોઈ શકે નહિ. આહા..હા...! એવું નિજપરમાત્મતત્ત્વ સર્વ પ્રકારે '**उपादेय श्रद्धेयं**' આહા..હા...! ભગવાન દ્રવ્યસ્વભાવ અનંત ગુણરૂપ દ્રવ્યસ્વભાવ તે જ ઉપાદેય છે એવી શ્રદ્ધા કરો. એની પર્યાયની વાત નહિ, આ તો આવું દ્રવ્ય આખું છે. આહા..હા...! ભૂતાર્થ સત્યાર્થ તે જ નિશ્ચય છે. આ બધું જણાવીને સરવાળો તો આ છે.

'**(પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે.**' શું કીધું ? પરમાણુમાં જેમ ખાસ અવગાહપરિણામ હોય છે... પરમાણુને, હોં ! આકાશને (હોય એ) તો ઠીક. પરમાણુમાં અવગાહશક્તિ છે કે જે ઠેકાણે રહે ત્યાં અનંતા પરમાણુ આવે તોપણ અવગાહન આપે. સાધારણ અવગાહ તો આકાશનું છે પણ દરેક પદાર્થનો, બીજો એક પદાર્થ ત્યાં આવે (તો) એનો અવગાહન કરવાનો ગુણ છે.

દરેક પદાર્થને અવગાહ દેવાનો સાધારણ ગુણ આકાશનો છે, એની પર્યાય(નો છે) પણ પરમાણુ જ્યાં છે તે ઠેકાણે અનંતા પરમાણુ આવે તો એ પરમાણુનો પણ અવગાહગુણ છે. એક જીવ છે ત્યાં બીજા જીવ આવે તો એ જીવનો અવગાહન ગુણ છે. આહા..હા...! એ અસાધારણ અવગાહન (છે) એટલે એક એકનું અવગાહન છે. બધાને અવગાહ દેવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવગાહનગુણની પર્યાયની તાકાત છે. આ..હા..હા...! જૈનદર્શનની વસ્તુ... એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ...! એ સ્વભાવનો પત્તો લીધા વિના નિર્મળ દૃષ્ટિ થાય નહિ અને જન્મ-મરણ જાય નહિ.

**'જેમ વિશિષ્ટ અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુઓનો સ્કંધ બને છે તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...'** શું કીધું ? એક પરમાણુ છે તેટલા કદવાળો અનંત પરમાણુનો સ્કંધ બને. એક પરમાણુનું જે કદ છે એટલા જ કદવાળો અનંત પરમાણુનો સ્કંધ બને. એથી કાંઈ પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો છે એમ નથી. આ..હા..હા...!

જેમ ખાસ **'અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુઓને સ્કંધ બને...'** એક પરમાણુ જેટલામાં રહે એટલામાં અનંતા પરમાણુનો સ્કંધ રહે **'તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...'** અનંતા (પરમાણુ) થઈને એક પરમાણુ જેટલું કદ થયું. પરમાણુનું અનંતમા ભાગનું કદ રહ્યું અને આ બધા થઈને એક પરમાણુ જેટલું કદ થયું એમ નથી. પરમાણુનું કદ તો એવડુંને એવડું જ છે.

અનંત પરમાણુનો સ્કંધ થયો અને એક પરમાણુ જ્યાં છે તેટલા કદમાં એ રહ્યો. કોણ ? અનંત પરમાણુનો સ્કંધ. એથી એક પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. પરમાણુ તો અખંડ દ્રવ્ય છે ઈ છે. કેવી યુક્તિથી સિદ્ધ કરે છે, જુઓ !

અરે...! આટલો વારસો જે મૂકી ગયા એને સમજવાની દરકાર ન મળે ! આ તો વારસાની વાત છે. આહા..હા...! સંતો વારસો મૂકી ગયા. તારા જ્ઞાનની બહોળતા કેટલી છે અને કેટલું એમાં સમાય છે !! એની આ વાત છે. આહા..હા...!

જ્ઞાનની પર્યાયમાં અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાય જણાય તેથી એક પર્યાય કંઈ અનંત પર્યાયરૂપે નથી થઈ. એમ એક પરમાણુના કદ જેટલો અનંતા રજકણનો સ્કંધ થાય. એક પરમાણુના કદ જેટલો ! એથી એક પરમાણુ અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. પરમાણુનું પણ સરખું કદ છે (અને) અનંત (પરમાણુમાં) બધાંનું – એક એકનું સરખું કદ છે. આહા..હા...! એ તો અવગાહવિશેષતાને લઈને તે છે. પરમાણુમાં એવી અવગાહ દેવાની શક્તિ છે. આ..હા...! **'કારણ કે પરમાણુ નિરંશ છે;...'** એક પરમાણુના કદ જેટલો અનંતા પરમાણુનો સ્કંધ થયો છતાં એ પરમાણુમાં અંશ નથી. પરમાણુ તો નિરંશ જ છે, પરમાણુમાં ભાગ પડતા નથી. સમજાણું કાંઈ ?

**'તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક 'સમય'માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે...'** પરમાણુની ગતિવિશિષ્ટતાને કારણે **'લોકના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી,...'** એક સમયમાં અસંખ્ય કાળાણુ અને અસંખ્ય પ્રદેશને ઓળંગીને (પરમાણુ) ચાલ્યો માટે એક સમયના અસંખ્ય ભાગ પડી ગયા એમ નથી. આહા..હા...! સમય તો તેટલો જ અખંડ રહ્યો છે. આહા..હા...!

એક પરમાણુના કદ જેટલો સ્કંધ થયો તો એ પરમાણુ તો પરમાણુ અખંડ રહ્યો જ છે. આહા..હા...! (પરમાણુ) એક સમયમાં અસંખ્ય પ્રદેશ ઓળંગ્યા એથી ત્યાં એક સમયનો અસંખ્યમો ભાગ થયો એમ નથી. એ તો પરમાણુની વિશિષ્ટ ગતિને કારણે અસંખ્ય પ્રદેશ ઓળંગાણા છે. આહા..હા...! સિદ્ધ ભગવાન અહીંથી સિદ્ધ થયા અને એક સમયમાં (સિદ્ધાલયમાં પહોંચ્યા) ! આહા..હા...! જે સમયે અહીં સિદ્ધ થયા તે જ સમયે ત્યાં ગયા. એથી એક સમયના ભાગ નથી પડ્યા કે, અહીં (સિદ્ધ) થયા, વચમાં રહ્યા અને ત્યાં રહ્યા.

એમાં એવું છે, આ તો બીજી વાત (છે) કે, એક સયમે અહીં સિદ્ધ થયા, (વચ્ચે) રસ્તો અને (ત્યાં) રહ્યા. એવા ત્રણ ભાગ ન પડ્યા. પેલી (વાત તો) જુદી રાખો. એક સમયમાં અસંખ્ય આકાશના (પ્રદેશને) ઓળંગ્યા અને અસંખ્ય કાળાણુ ઓળંગ્યા એથી કાંઈ એક સમયનો અસંખ્યમો ભાગ પડે ઈ તો (વાત નથી). સમજાણું કાંઈ ? એક સમયમાં સિદ્ધ અહીં થયા, એ અને એ જ સમયનો રસ્તો અને એ જ સમયમાં ત્યાં સિદ્ધ (પહોંચે). એવા એક સમયના ત્રણ પ્રકાર દેખાણા (પણ) કાંઈ ત્રણ ભાગ નથી. આહા..હા...! જુઓ ! આ સર્વજ્ઞસ્વરૂપી ભગવાનનો આ સિદ્ધાંત અને એનું આ તત્ત્વ ! આવું તત્ત્વ છે.

મુમુક્ષુ :– ઉત્પાદ-વ્યય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોનામાં નથી ?

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાનમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સિદ્ધ ભગવાનમાં અનંતા ઉત્પાદ્-વ્યય છે. લ્યો, ઠીક ! આવું શીખ્યા ? સિદ્ધ ભગવાનમાં એક સમયમાં અનંતા ઉત્પાદ-વ્યય છે. અનંતા ગુણ છે તો એક એક ગુણના ઉત્પાદ-વ્યય (થાય છે) એવા અનંતા ગુણના અનંત ઉત્પાદ-વ્યય છે. આહા..હા...! અહીંયાં સિદ્ધ થયા, એની એ પર્યાય થઈ અને પૂર્વ (પર્યાયનો) વ્યય થયો. એક સમયમાં અહીં (પર્યાય થયો) અને પછી બીજે સમયે બીજો થયો. આહા..હા...! અરે...! એણે તત્ત્વનું જ્ઞાન (કર્યું નથી) અને એ પર્યાય અનંતને જાણે ! એ જેવું જેવું છે તેવું જાણે એ પણ સ્વરૂપને જાણતાં તેને જાણે. આ..હા..હા...!

જુઓને આ બધી તકરારું ! રાતે વાત કરતા હતા. કકળાટ ! દેશમાં ખળભળાટ થઈ ગયો ! 'અમદાવાદ' ને ત્યાંથી બસુમાં પથરા ફેંકાણા ! તોફાન ચાલશે. આહા..હા...! અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તોફાન મટાડવાની વાત છે.

આ તો શાંત... શાંત... રસ ! આહા..હા...! એક સમયમાં શાંતરસ ! જે રસમાં અનંતા ગુણોનો શાંતરસ !! આ..હા..હા...! છતાં એ શાંતરસનો સમય, એ સમયનો અનંતમો ભાગ નથી પડતો, એના સામર્થ્યનો પડે છે.

મુમુક્ષુ :– સામર્થ્ય તો અનંતુ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અનંતુ છે.

આ..હા..હા...! ભગવાન ! તારો એક જ્ઞાનગુણ, એની એક સમયની પર્યાય, જેના અંત નહિ એવા આકાશને જાણે, જેના એથી અનંતગુણા ગુણો ! આકાશના પ્રદેશ અનંત (છે), એનો અંત નહિ, એવા અંત નહિ એના અનંત (ગુણો), એથી અહીં અનંત ગુણો (છે) ! આ..હા..હા...! ભાઈ ! જેના સ્વભાવનું શું કહેવું ! આહા..હા...! એવા અનંતના અંત નહિ એટલા અનંત ગુણો ! એને એક સમયમાં જાણે. આ..હા..હા..હા...! શું કહ્યું ઈ ?

આકાશના પ્રદેશનો ક્યાંય અંત છે ? સ્વભાવ તો જુઓ ! નાસ્તિકને પણ એક વાર માનવું પડે કે, બાપુ ! આમ... આમ... આમ... (જાઓ) પછી શું છેડો ? એક ફેરી કહ્યું હતું. બે જણા આવ્યા હતા. 'દામનગર'થી 'ધુમાળ... ધુમાળ...' છે ને ? દોઢ-બે માઈલ છેટે (છે). કીધું તમે કાંઈ ન માનો (ભલે પણ) એટલું કહો કે, આ વસ્તુ – ક્ષેત્ર છે, આમ કરતાં... કરતાં... કરતાં... આ ક્ષેત્રનો (ક્યાંય અંત છે) ? ક્યાં ક્ષેત્ર નથી ? ક્યાં નથી ? એ વાત જુઓ તો ખરા ! પણ ક્યાંક તો ક્ષેત્ર નથી એમ તો થાય કે નહિ ? (જો એમ હોય) તો પછી શું ? જેના ક્ષેત્રનો આવો સ્વભાવ ! આ..હા..હા...! એના જાણનારના સ્વભાવની શું વાત કરવી !! નાસ્તિક ગમે એવું કરવા જાય પણ તર્કથી (એને માનવું પડે કે), આ ક્ષેત્ર (છે એ) પછી... પછી... પછી... પછી... (શું) ? ભલે આવું ભરેલું માને કે ખાલી માને. શું છે !

જુઓને ભગવાન ! ક્ષેત્રની જ્યાં અમાપતા, અનંતતા... અનંતતા... અનંતતા... અનંતને અનંત વર્ગે. એટલે ? એક અનંતને એક અનંતે ગુણો, એને પાછા બીજા અનંતે ગુણો, અનંતને અનંત વર્ગે ગુણો તોપણ એનો અંત આવે એવું નથી, એવું આકાશ છે !! આ..હા..હા...! એમાં આ લોક તો અંદર એક તલ માત્ર છે. બિંદુ માત્ર ! અને એ લોક અને અલોક જ્ઞાનની પર્યાયમાં એક બિંદુ માત્ર છે !! ભગવાન ! તારો એવો સ્વભાવ છે ! એ માટે આ બધા સ્વભાવની વાત ચાલે છે. બીજાના સ્વભાવની ગંભીરતા (આટલી છે) તો તારા સ્વભાવની પણ ગંભીરતા (કેટલી) ! એ ગંભીરતાને જાણનાર તો જ્ઞાન છે ને ? એને ખબર છે ? એક પ્રદેશથી અહીં ગયો ને ફલાણું થયું ને ઢીકણું થયું. કાળનું સહવર્તીપણું, પરમાણુને એક પ્રદેશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલામાં જ છે માટે એક પર્યાય એટલી જ છે અને એ ઉત્પન્ન-ધ્વંસી છે અને ટકનારું આ છે. એને કાંઈ ખબર છે ? આહા..હા...! જેને ખબરું છે એને આ કહેવામાં આવે છે. જેને અંદર ખબરું પડી છે એને આ ખબરું (પાડવામાં આવે છે). નહોતું કહ્યું ? કે, આ અમે કંઈ જડને નથી કહેતા તેમ રાગને આ વાત નથી કહેતા. આ..હા..હા...! જાણનારો ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ (છે) એને આ અમે જણાવીએ છીએ, જાણનારને જણાવીએ છીએ. આ..હા...!

પાણીનો દાખલો નહોતો આપ્યો ? તૃષા લાગી હોય તો પાણી (લાવવાનું) કાંઈ ઘોડાને કહે ? બે હજારનો ઘોડો હોય (એને કહે) ? આઠ વરસની છોડી હોય તો કહે, બેટા ! પાણી લાવ ! આહા..હા...! સમજશે ઈ, જે કહેવા માગું છું એ સમજશે. આ..હા..હા..હા...! એમ અહીંયાં આચાર્ય કહે છે કે, અમે જે કહેવા માંગીએ છીએ ઈ સમજનારને સમજાવીએ છીએ, એ સમજશે, ઈ સમજી શકશે. ના ન પાડ ! ન સમજાય એમ ના ન પાડ. સમજનારને ન સમજાય ત્યારે કોને સમજાશે ?

(એક) **'સમય'માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી.'** એક સમયના અસંખ્ય ભાગ સિદ્ધ નથી કરતા. ભલે અસંખ્ય કાળાણુ આમ (ઓળંગીને) જાય, એક પરમાણુ આમ અસંખ્ય કાળાણુ સ્પર્શે, પણ એથી એક સમયનો અસંખ્યમો ભાગ થયો (એમ નથી). એક આ સમયનો અસંખ્ય ભાગ, બીજા સમયનો અસંખ્ય ભાગ એમ સિદ્ધ નથી (કરતા). આ..હા..હા...! સૂક્ષ્મ ભાવ (છે), સ્વભાવ છે, ઈ સ્વભાવ છે. સ્વભાવનું અસ્તિત્વ એવડું અને એટલું છે.

**'કારણ કે 'સમય' નિરંશ છે.'** એક સમયના બે ભાગ પડતા નથી. એક સમયમાં ભલે આમ અસંખ્ય કાળાણુઓ ઓળંગ્યા અને આકાશના અસંખ્ય પ્રદેશ ઓળંગ્યા એથી એક પ્રદેશમાં પ્રદેશનો અસંખ્યમો ભાગ પડે છે ? આ..હા...!

**ભાવાર્થ :– 'પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે...'** અનંતર એટલે આંતરા વિના, બીજો પ્રદેશ એમ. **'મંદ ગતિથી જતાં જે વખત લાગે...'** (જે) કાળ (લાગે) તેને **'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.'** અહીં તો દ્રવ્ય સિદ્ધ કરવું છે ને ત્યારે પહેલી પર્યાય સિદ્ધ કરે (છે). જેટલામાં એ પર્યાય (છે) એટલામાં એ દ્રવ્ય છે. આ..હા..હા...!

આકાશના એક પ્રદેશેથી બીજા પ્રદેશે પરમાણુ જાય એટલા સમયને એક સમય કહે છે. તો એ સમયની પર્યાયની સિદ્ધિ એટલામાં થઈ અને એટલામાં એ પર્યાયની સિદ્ધિ થઈ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો ધરનાર દ્રવ્ય પણ એટલામાં છે (એમ સિદ્ધ થાય છે). આ..હા..હા...! આવી વાતું છે ! જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા ! એના પણ દિગંબર મુનિ આ તો કાળને સિદ્ધ કરે છે !

શ્વેતાંબર કાળ (દ્રવ્ય) માનતા નથી. પાંચ દ્રવ્ય માને છે. પાંચ દ્રવ્યની પર્યાયને કાળ કહે (છે). એમ નથી, એમ છે નહિ, બાપુ ! એનો ધર્મ જ – તમારો વ્યવહાર ધર્મ ઉપચાર ધર્મ છે. આ..હા...! એમ છે, હોં ! ઈ જે શબ્દ નીકળે છે એમ જ છે, એમ જ છે. તમારો સાચો ધર્મ નથી. આ..હા..હા...!

ઓ..હો....! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' કાળને સિદ્ધ (કરે છે) ! એની પર્યાયને સિદ્ધ કરીને દ્રવ્યને સિદ્ધ કરે (છે) કે, એક પરમાણુ એક પ્રદેશથી બીજે (પ્રદેશે) જાય એમાં કાળનું એક સમયનું માપ આવે છે, તો એ સમય પર્યાય છે – કાળની પર્યાય છે. એ કાળની પર્યાય (જેટલામાં છે) એટલામાં એ દ્રવ્ય છે. એ પર્યાય દ્રવ્યને સિદ્ધ કરે છે. આહા..હા...!

મુમુક્ષુ :– જેટલામાં પર્યાય હોય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ...એટલામાં દ્રવ્ય હોય. એટલે એક સમયમાં જ્યારે પર્યાય એટલામાં છે તો એટલામાં કાળનો એક અણુ છે. બે અણુ, ત્રણ અણુ ભેગા થઈને પર્યાય છે, એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. આ..હા..હા...! ન સમજાય પણ સાંભળવા તો દ્યો, સાંભળો તો ખરા ! આ..હા..હા...! ભગવાનના માર્ગમાં... આ..હા..હા...! દિગંબર સંતોએ સ્વભાવના ભંડાર ખુલ્લા મૂક્યા !! આ..હા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.'** નાનો (પર્યાય) છે. **'કાળદ્રવ્ય નિત્ય છે;...'** એટલામાં જે કાયમ ટકનારું છે એ દ્રવ્ય નિત્ય છે. **'સમય' ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે.'** એક સમયની પર્યાય ઉત્પન્ન થાય, નષ્ટ થાય.

**'જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી..** તેના ભાગ પડે ? આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવે, લ્યો ! તેથી આકાશના એક પરમાણુ જેટલો પ્રદેશ (છે એમાં) અનંતા (પરમાણુ) આવે માટે એક પ્રદેશનો અનંતમો ભાગ થઈ ગયો ? કોનો ? આકાશનો.

આકાશના એક પ્રદેશમાં એક પરમાણુ જેટલો પહોળો (પ્રદેશ હોય) એમાં અનંત પરમાણુ આવે તો આકાશના એક પ્રદેશનો અનંતમો ભાગ થઈ ગયો ? આ..હા..હા...! સાધારણ માણસને સમજાય એટલું સમજવું. ભાઈ ! અહીં તો જે અધિકાર આવ્યો હોય એનું વર્ણન ચાલે ને ? આહા..હા...! દુનિયાને ભૂલી જવાની વાત છે અહીં તો ! એનો સ્વભાવ શું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એને યાદ કરવાના વખત છે !! પોતાનો સ્વભાવ, હોં ! આ..હા..હા...!

**'જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી,...'** અનંતા રજકણોનો સ્કંધ એક પ્રદેશમાં આવે એથી પ્રદેશનો અનંતમો ભાગ થાય ? પ્રદેશ તો સળંગ અખંડ પૂર્ણ છે. **'તેના ભાગ પડતા નથી, તેમ 'સમય' કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે,...'** એક પરમાણુ બીજે પ્રદેશે જાય એટલામાં એનું કાળનું માપ આવી જાય છે. એ કાળનું માપ એ પર્યાય છે, એ સૂક્ષ્મ પર્યાયનો અંશ છે. એ પર્યાયનો અંશ જેટલામાં છે તેટલામાં ટકતું દ્રવ્ય છે. કારણ કે પર્યાય તો ઉત્પન્ન-ધ્વંસી છે. ઉત્પન્ન-ધ્વંસી કોને આધારે ? વસ્તુ છે એને (આધારે). આ..હા..હા...!

**'જો 'સમય'ના ભાગ પડે તો તો પરમાણુ વડે એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ.'** જો સમયના ભાગ પડે તો આકાશના પ્રદેશો એક સમયમાં ઘણાં ઓળંગાય છે તો એ પ્રદેશના ભાગ પડવા જોઈએ. (પરંતુ) એમ છે નહિ. **'પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે;...'** એનો અંશ તો નિરંશ છે, આ સમય જેમ નિરંશ છે. **'તેથી 'સમય' પણ નિરંશ જ છે.'** કેટલી વાત કરી છે ! આ..હા..હા...!

**'અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્‌ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક 'સમય'માં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે,...'** બધાને સ્પર્શે ખરો કે નહિ ? અસંખ્ય કાળાણુઓને સ્પર્શે. આ..હા...! અસંખ્ય ચોવીસીના સમય જેટલા આકાશના પ્રદેશ (છે). એટલા કાળાણુને સ્પર્શે ! અસંખ્ય ચોવીસીના સમય જેટલા (આકાશના) પ્રદેશ, એટલા કાળાણુ (છે), એ (પરમાણુ) આમ જાય તો એટલાને સ્પર્શે (તો શું) ભાગ પડ્યા ? કાળનો પર્યાયનો અંશ જ એટલો (છે). એ અંશના પછી ભાગ હોય નહિ. આહા..હા...! **'માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી 'સમય'ના અસંખ્ય અંશો પડવા જોઈએ.'**

**'તેનું સમાધાન :– જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે જ છે;...'** એક પરમાણુના પહોળાઈ જેટલા (પ્રદેશમાં) અનંતા પરમાણુનો સ્કંધ આવે. (એટલામાં) પરમાણુના પ્રદેશ સમાઈ જાય એ અવગાહપરિણામની વિશેષતા છે. એથી કરીને તે પ્રદેશના ભાગ પડી ગયા (એમ નથી). આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવ્યા માટે આ પ્રદેશના ભાગ પડી ગયા એમ નથી. આહા..હા...! ઈ તો એની અવગાહનશક્તિની તાકાત છે.

**'(પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે...)'** દેખો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકાશમાં તો અવગાહનશક્તિ છે પણ પરમાણુમાં પણ એવી અવગાહનશક્તિ છે ! એક રજકણ જેટલો આકાશનો પ્રદેશ (છે એ) એટલો પહોળો (છે). એક પરમાણુ (રહે) પછી ત્યાં કાંઈ ખાલી જગ્યા નથી, છતાં ત્યાં અનંતા પરમાણુ આવે. આહા..હા...! અનંતા બધા (પરમાણુ) સ્થૂળ થઈને સૂક્ષ્મ થઈ જાય તો ત્યાં સમાઈ જાય. જેના ગુણની પર્યાયની સ્વભાવતાની હદ શું હોય !? આ..હા..હા...! ગુણને તો એક કોર રાખો, પણ આ અવગાહનની એક સમયની જે પર્યાય છે એની વાત છે ને ? પરમાણુમાં અવગાહનગુણની એક પર્યાય છે એમાં અનંતા પરમાણુ એના કદ પ્રમાણે આવે. છતાં એ પરમાણુનો અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. આ...હા...હા...!

સ્વભાવની વાતું એવી છે ! આહા..હા...! એવી અલૌકિક વાતું છે, બાપુ ! જેનો સ્વભાવ – પરમાણુનો અવગાહન સ્વભાવ ! એમાં અનંતા (પરમાણુનો સ્કંધ) આવે. એ કઈ રીતે ? એ જેટલામાં છે એટલામાં જ બધા આવી જાય છે.

પ્રશ્ન :– કદ વધે ?

સમાધાન :– કદ વધે નહિ. આહા...હા...!

પેલામાં ચૌદ પૂર્વધારીનું આવે છે ને ? 'ભદ્રબાહુસ્વામી' ! રમતા હતા. 'ભદ્રબાહુસ્વામી'નો જીવ ગૃહસ્થાશ્રમમાં હતો ને ત્યારે રમતમાં ચૌદ ગોળી (હતી). ત્યારે એક મુનિ નીકળ્યા (અને કહ્યું), 'આ ચૌદ પૂર્વધારી થશે એમ લાગે છે !' ગોળી પર ગોળી (ચડાવી). ગોળી તો ગોળ સરખી હોય. (એવી) ચૌદ (ગોળી) ચડાવીને બાળક રમતા હતા (એવામાં ત્યાંથી) મુનિ નીકળ્યા, 'ભદ્રબાહુ'ના ગુરુ ! ઓ..હો...! આ બાળકની શક્તિ ઘણી ! ચૌદ પૂર્વનો ધરનાર થાય ! એ (પછી) ચૌદ પૂર્વના ધરનાર થયા. આવે છે ને ? ('બોધપાહુડ') ! છેલ્લી લીટી. ('બોધપાહુડ')ની છેલ્લી લીટીમાં આવે છે. આ..હા..હા...!

'**(પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ...)**' વિશિષ્ટ એટલે ખાસ. '**(પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;) તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુ ખાસ પ્રકારના ગતિપરિણામને લીધે જ છે;...**' એ તો પરમાણુના ગતિપરિણામને લીધે છે. એથી ત્યાં સમયના ભાગ પડી જાય છે (એમ નથી). '**(પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;)...**' જોયું ? '**તેથી કાંઈ 'સમય'ના અસંખ્ય અંશ પડતા નથી.**'

આ..હા..હા..હા...! શું સ્વભાવનું વર્ણન ! કાળના એક સમયનું વર્ણન, આકાશના એક પ્રદેશનું વર્ણન, પરમાણુમાં એક કદમાં અનંતા પરમાણુ રહે એનું વર્ણન, આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ જ્ઞાનની પર્યાયનો એક સમય અનંતા અનંતા ગુણોને જાણે એથી એક સમયની પર્યાયના, સમયના બે ભાગ છે ? તેમ એ પર્યાય દ્રવ્ય, ગુણને અડતી નથી અને એ પર્યાય લોકાલોકને અડતી નથી ! આ..હા..હા...! એના સ્વભાવની શી વાતું ! પોતાનું એટલું સામર્થ્ય છે ! તેથી એક સમયની પર્યાયના અનંતા પર્યાય રચ્યા, એમ નહિ. અનંત અવિભાગ પ્રતિચ્છેદ થાય એ જુદી વાત છે.

એક સમયની કેવળજ્ઞાન પર્યાય અનંતા સિદ્ધને જાણે, લ્યો ! અનંત કેવળજ્ઞાની જે ત્યાં છે એવા અનંત કેવળી અહીં (જ્ઞાનની પર્યાયમાં) જાણે. એથી એક સમયની પર્યાય બે અને ત્રણ થઈ ગઈ ? આહા..હા...! આવો સ્વભાવનો ભંડાર ભગવાનઆત્મા ! એને મૂકીને બીજામાં રમવું (એ) અજ્ઞાનપણે રખડવાની રીત છે. આ..હા..હા...!

આવા પરમાણુના, કાળના, આકાશના સ્વભાવની અનંતતાની બેહદતા (છે) ઈ જાણનાર તો જ્ઞાન છે ! એના સ્વભાવનું જાણવું એને છે ? કાળના સમયને છે ? કાળાણુને છે ? પરમાણુને છે ? આકાશને છે ? આહા..હા...! જાણનારો તો આ છે. એમાં આમ છે ને તેમ છે, આમ થયું ને તેમ થયું (એ ક્યાં છે) ? આ..હા..હા...! એવો ભગવાન જાણનાર ! એના અધિકપણા મૂકી દઈને બીજાને અધિકપણે સોંપવું (એ) આત્માનું ખૂન છે ! આ..હા...! રાગને અધિકપણે માનવો, પરને અધિકપણે માનવું (એ નિજસ્વભાવનું ખૂન છે). '**णाणसहावाधियं मुणदि आदं।**' આજે જ ન આવ્યું ? ('સમયસાર') ૩૧ ગાથા. '**णाणसहावाधियं मुणदि आदं।**' આવો જ્ઞાનસ્વભાવ તે (સર્વથી) અધિક નામ ભિન્ન, જુદો અને પૂર્ણ (છે) એનાથી કોઈ અધિક એની સાથે મળે એવી કોઈ ચીજ નથી. આહા..હા...! અનંતા સિદ્ધ ભગવંતો પણ પર્યાયમાં જણાય એ પર્યાયથી પણ આ જાણનારો અધિક – ભિન્ન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

શ્રુતજ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય, એથી અનંતગુણા નિગોદો જણાય, એથી અનંતગુણા કાળ જણાય, એથી અનંતગુણા પ્રદેશો જણાય, એથી અનંતગુણા ગુણો જણાય. આહા..હા...! છતાં એક સમયની પર્યાય એવા અનંતા... અનંતા... ગુણોની હયાતીને અડ્યા વિના જાણે, સ્પર્શ્યા વિના જાણે ! અરે...! એ તે કેવી તાકાત ! ભાઈ ! સમજાણું કાંઈ ? એ ૧૩૯ (ગાથા પૂરી) થઈ.

(મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં લખ્યું છે) 'આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.' આહા..હા...! અવગાહનગુણની એક પર્યાય(માં) અનંતા જીવને, પરમાણુને અવગાહ દેવાની તાકાત છે. ધર્માસ્તિકાયના એક ગુણની એક પર્યાય(માં) અનંતા જીવ, અજીવને ગતિ કરવામાં નિમિત્તરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થવાની તાકાત છે, અધર્માસ્તિકાયની એક ગુણની પર્યાય(માં) ગતિ પામેલા (પદાર્થો) એને કારણે સ્થિર થાય એને નિમિત્ત થવાની તાકાત છે. આહા..હા...! કાળનો એક સમય (એમાં) અનંતા જીવ અને પુદ્‌ગલો (પરિણમે), કેવળી કેવળપણે પરિણમે, એવા અનંતા કેવળીઓ કેવળપણે પરિણમે (એમાં) એક કાળનો એક સમય નિમિત્ત છે. એક પરમાણુ એક સમયમાં અનંત ગુણનું પરિણમન કરે અને અસંખ્ય આકાશને ઓળંગે એ એક સમયની પર્યાયની એટલી તાકાત છે. આહા..હા...!

એમ જીવની એક સમયની પર્યાય...! આ વાત અંદર બેસવી જોઈએ, ભાઈ ! આ તો વાત (એવી છે). આ..હા..હા...! આવા બધાને જાણે છતાં એક સમયની પર્યાયમાં અનંત ભાગ ન પડે છતાં એ પર્યાય અનંતને જાણતા છતાં અનંતમાં જાય નહિ. આહા..હા...! અનંતને જાણતાં અનંતમાં જાય નહિ અને અનંતને જાણતા એક સમયની પર્યાયના અનંત ભાગ પડે નહિ – પર્યાય તરીકે ભાગ પડે નહિ. આ..હા..હા...! આવો સ્વભાવનો ભંડાર ભગવાન પોતે પરમાત્મા છે ! આ..હા..હા...!

આ બધું વર્ણન ભલે આકાશનું, પર્યાયનું, સમયની પર્યાયનું, મંદ ગતિના રજકણનું (કર્યું) કે રજકણના સ્કંધનું વર્ણન કર્યું (પણ) એ જાણનારો કોણ ? આવું આમ છે ને આવું આમ છે... (બધાંને) જાણનાર તો જ્ઞાનની પર્યાય છે. આ..હા..હા...! એનું માહાત્મ્ય છે કે પેલા (પદાર્થોનું) માહાત્મ્ય છે ? ગજબ વાત છે !

મુમુક્ષુ :– 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર, એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર'

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી. નિમિત્તથી કથન છે, સમજે છે પોતાથી. આહા..હા...! બપોરે ન આવ્યું ? મૂઢ આત્માઓ વગર કહ્યે સમજતા નથી તો કહ્યે શી રીતે સમજશે ? 'સમાધિશતક' ! આહા..હા...! દિગંબર સંતોની એક એક કડી, એક એક પદ (આવા છે) તો શાસ્ત્રની તો શું વાત કરવી !! આ..હા..હા..હા...! એવી શક્તિનું વર્ણન ક્યાંય 'ભૂતો ન ભવિષ્યતિ' બીજે એવી વાત છે નહિ. પણ (જે) લોકો એમાં પડ્યા (છે) એને પણ ખબર નથી ! આહા..હા...! ઉપરટપકે જોઈને માને ઈ કાંઈ ચાલે નહિ. એના ભાવની ગંભીરતા, એના જાણનારના ભાવની ગંભીરતા ! એને જાણ્યા વિના યથાર્થ જણાય નહિ. આહા..હા...! બહુ સારી વાત આવી છે ! આ..હા..હા...! આ તો અંદરનો પોકાર છે ! આહા..હા...! એવી ચીજ છે આ...!

મુમુક્ષુ :– ૧૩૯મી ગાથા ફરીથી લ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધું આવી ગયું, પહેલું આવ્યું એવું ફરીને ન આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આવે છે. એ છોડીને એમ (કહેવું છે). 'स्वसंवेदनज्ञानरूपेण ज्ञातव्यमाहारभयमैथुनपरिग्रहसंज्ञा...' એ તો અસ્તિ-નાસ્તિ કરીને વાત કરી. આહા..હા...! કાલે વાત તો આવી હતી.

મુમુક્ષુ :– એનું તાત્પર્ય...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનું રહસ્ય. (આ સમજીને) કરીને કરવું શું ? આ ! સમજાવવાની જે શૈલી છે એ તો આ છે. એ તો કાલે પણ વાત કરી હતી. આકાશનો અવગાહન એક ગુણ, એવા તો અનંત ગુણ ! એની એક સમયની પર્યાય અનંતા પરમાણુને, જીવને અવગાહ દેવાની તાકાત રાખે છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૫, શનિવાર તા. ૨૮-૦૬-૧૯૭૫
## ગાથા – ૧૩૯, ૧૪૦
## પ્રવચન નંબર–૧૫૩

('પ્રવચનસાર') 'જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન'ની ૧૩૯ (ગાથા). **ટીકા :– 'કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ...'** એવું છેલ્લે આવશે (કે) **'તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.'** (આ પેરેગ્રાફની) છેલ્લી લીટી છે ને ? ઈ આને (–આ વાતને) બતાવે છે. ૧૩૯ શરૂ થાય છે ને ? એના પેરેગ્રાફની છેલ્લી લીટી સાથે મેળ છે. **'કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે..'** પ્રદેશ એટલે આકાશનો (પ્રદેશ). **'જે પ્રદેશ વ્યાપ્ત હોય...' 'પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય...'** દરેક જણે ધીમેથી સાંભળવું.

**'તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે...'** તે પ્રદેશને (એટલે) કોને ? આકાશનો પ્રદેશ છે એમાં કાળાણુ વ્યાપ્ત છે. હવે એને સિદ્ધ કરવું છે. થોડો સૂક્ષ્મ વિષય હોય (તોપણ) સાંભળવું, ન સમજાય એમ ન માનવું. **'મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે તે પ્રદેશમાત્ર–અતિક્રમણના પરિમાણના બરાબર...'** છે ને ? **'જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ 'સમય'–'** આકાશનાં એક પ્રદેશ(માં) જે કાળાણુ વ્યાપ્ત છે એને હવે સિદ્ધ કરે છે કે, એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય એમાં એક સમયનું માપ આવી જાય છે. એ સમય છે એ કાળ (દ્રવ્યની) પર્યાય છે. સમય – કાળ છે ને ? એની પર્યાય છે.

**'તે કાળપદાર્થનો પર્યાય છે;...'** જોયું ? ભાઈ ! આહા..હા...! **'અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની વૃત્તિરૂપે વર્તતો...'** પહેલો એક સમય અને પછી બીજો (સમય) એમાં વર્તતું જે દ્રવ્ય (કે) **'જેનું નિત્યત્વ પ્રગટ થાય છે...'** એ કાળ નિત્ય છે. એક સમયમાં પરમાણુ આકાશના (એક) પ્રદેશથી બીજા પ્રદેશે મંદ ગતિથી જાય એના એક સમયનું માપ આવી જાય છે અને એક સમયનો પર્યાય (છે) એને પર્યાય કહે છે. એ પૂર્વ અને પછીની પર્યાયને સંધિવાળું દ્રવ્ય તે નિત્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પન્ન-ધ્વંસી પર્યાય એ અવસ્થા છે અને અંદર એટલામાં ઉત્પન્ન-ધ્વંસ વિનાનું તત્ત્વ છે. જેટલામાં સમયનું માપ આવ્યું તેટલામાં એ (કાળ) દ્રવ્ય છે. કારણ કે પર્યાય જે ક્ષેત્રે (છે) તેટલામાં જ દ્રવ્ય છે.

મુમુક્ષુ :– જેટલું પર્યાયનું ક્ષેત્ર....

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલું દ્રવ્યનું ક્ષેત્ર છે, ભાઈ !

**'એવો પદાર્થ તે દ્રવ્ય છે.'** એ કાળને સિદ્ધ કર્યો. ઓ..હો..હો...! જે શ્વેતાંબર માનતા નથી. સર્વજ્ઞ પરમાત્મા કેવળીના કેડાયતો, સંતોએ કાળને માનતા વાત સિદ્ધ કરી. આ..હા...! આ રીતે દ્રવ્ય છે. **'આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે...'** એ તો પર્યાય ઉત્પન્ન અને વ્યય થાય છે, દ્રવ્ય તો ધ્રુવ છે. **'અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંસી છે...'** પર્યાય તો એક સમયમાં ઉત્પન્ન અને ધ્વંસી – નાશ (થાય છે).

**'આ 'સમય' નિરંશ છે,...'** એ સમય નિરંશ છે. કોણ ? પદાર્થ – આખું કાળ દ્રવ્ય. એના પછી ભાગ નથી. **'કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.'** આકાશનો પ્રદેશ પણ એક જ પ્રદેશમાં છે. એમાં પણ આખું એક જ દ્રવ્ય છે, એટલામાં એક જ દ્રવ્ય છે. તેથી જો એ દ્રવ્ય એક જ રૂપ અને નિરંશ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું જ સિદ્ધ થતું નથી. આકાશના પ્રદેશનું નિરંશપણું (છે). (એક) પ્રદેશ છે એમાં બીજો પ્રદેશ નથી. આકાશનો એક પ્રદેશ છે ઈ બીજો પ્રદેશ નથી. નિરંશ સિદ્ધ થઈ જાય. એ પ્રદેશનો અંશ બીજો છે એમ નથી. આકાશનો એક પ્રદેશ છે એનો બીજો અંશ છે એમ નથી. એમાં એક પર્યાયનું સિદ્ધપણું થયું તો એટલા જ (ક્ષેત્રમાં) કાળદ્રવ્ય છે તો એટલામાં આકાશનો એક જ પ્રદેશ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાત છે.

**'વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો...'** હોય. હવે સમયના ભાગ નથી પડતા એમ કહેવું છે. (પહેલાં કહ્યું એમાં) આકાશના પ્રદેશનો ભાગ ન પડ્યો, એક જ પ્રદેશ ભિન્ન છે. એમ અહીં કાળદ્રવ્યનો અંશ ભિન્ન છે. એટલામાં આખું કાળ દ્રવ્ય છે. કાળ દ્રવ્ય જુદું છે, એના – દ્રવ્યના બે ભાગ પડે છે એમ નથી.

**'વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં 'સમય'ના અંશો પડતા નથી;...'** એક સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય (એમાં) એક સમયનો અસંખ્યમો ભાગ (થાય અર્થાત્) એક પ્રદેશથી બીજે પ્રદેશ (જતાં) અસંખ્યમો (ભાગ), ત્રીજે (અસંખ્યમો ભાગ) એમ કરીને અસંખ્ય પ્રદેશી એક સમય (થાય) એમ ભાગ પડતો નથી. આહા..હા...! આ..હા..હા...! સર્વજ્ઞ સ્વભાવ !

આમાં તો સિદ્ધ એ કરવું હતું કે, જેમ પરમાણુ એક સમયમાં આમ જાય છતાં એ સમયના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાગ નથી. એમ એક સમયની કાળની પર્યાય એક પરમાણુ એક પ્રદેશથી બીજે (પ્રદેશ) જતાં ત્યાં કાળનું માપ એટલામાં આવી જાય છે તેથી તેટલા પર્યાય જેટલું ત્યાં દ્રવ્ય છે. એક પ્રદેશમાં જ એ દ્રવ્ય અખંડ છે. એ કાળદ્રવ્ય બીજે પ્રદેશે છે એમ છે નહિ. તેમ આકાશનો પ્રદેશ પણ એકલો જ સિદ્ધ થઈ જાય છે. એકલા અંશમાં આખું દ્રવ્ય છે. એ નિરંશ છે, એ પ્રદેશનો પાછો અંશ નથી, એ પ્રદેશ છે એનો બીજો ભાગ નથી.

'**કારણ કે જેમ (પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે...**' એક પરમાણુ હોય ત્યાં અનંતા પરમાણુ રહે એવો પરમાણુમાં અવગાહ ગુણ છે. આકાશનો (અવગાહગુણ) છે એ જુદી વાત છે. '**તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે.**' એક '**પરમાણુના કદ જેવડો અનંત પરમાણુનો સ્કંધ બને છે....**' એક પરમાણુની પહોળાઈ જેટલો અનંત (પરમાણુનો બનેલો) સ્કંધ છે '**તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...**' એક પરમાણુ જેટલો સ્કંધ (હોય) એમાં અનંતા રજકણો (હોય) એ કંઈ પરમાણુનો અનંતમો ભાગ સિદ્ધ કરે છે એમ નથી. પરમાણુ પરમાણુ(રૂપે) સિદ્ધ છે. આહા..હા...! ભારે વાત, ભાઈ !

અહીંયાં તો એમ આવ્યું હતું કે, એક પરમાણુ (જેટલા) એક પ્રદેશમાં અનંત પરમાણુનો સ્કંધ રહે છતાં એ પરમાણુનો અનંતમો ભાગ ત્યાં છે એમ થતું નથી. પરમાણુ અખંડ પૂર્ણ છે. એક પરમાણુના કદ જેટલો અનંત રજકણનો સ્કંધ થાય છતાં એ (સ્કંધમાં) અનંત રજકણ છે માટે અનંતમો ભાગ (થાય છે) એમ નથી. ત્યાં પરમાણુ અખંડ છે. એમ દરેક પરમાણુ ત્યાં અખંડ છે. એમ પ્રદેશ અખંડ છે એમાં બીજો ભાગ નથી, એમાં અનંતા પરમાણુ આવે છતાં !

એમ કાળની એક સમયની પર્યાય એટલામાં અખંડ છે, એનું દ્રવ્ય પણ ત્યાં અખંડ છે. આ જાણનાર કોણ ? એ તો ત્યાં થાય છે. એ જાણનાર જ્ઞાનની પર્યાય છે. સમજાણું ? ઈ આમ છે ને તેમ છે ઈ એને ક્યાં ખબર છે ? આહા..હા...!

મુમુક્ષુ :– આકાશનો એક પ્રદેશ કીધો એની સાત દિશા...

પૂજ્ય ગુરુદેવશ્રી :– છ દિશા (છે) એ જુદી વાત છે. ઈ પર્યાયનયે ભેદ પડ્યો, વસ્તુ તો એક અખંડ છે.

અહીંયાં તો (એમ) કહેવું છે કે, એક પરમાણુ એક સમયમાં આમ જાય છતાં સમયના ભેદ નથી. આકાશના એક પ્રદેશમાં અનંત પરમાણુ આવે તેથી એક અંશનો ભેદ નથી (થતો). તેમ એક પરમાણુના કદ જેટલા અનંત રજકણ થાય તો તેથી પરમાણુનો ભાગ નથી (થતો). આહા..હા...! સમજાણું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીંયાં તો એથી વિશેષ વાત રાતે તો એ લીધી હતી ને ? કે, એવી એક સમયની પર્યાય (છે). અનંત ગુણ છે. ત્રણ કાળના સમયો છે એનાથી અનંતમે ભાગે દ્રવ્યો છે અને એ દ્રવ્યથી અનંતગુણા કાળ છે, એનાથી અનંતગુણુ ક્ષેત્ર છે, એનાથી અનંતગુણો ભાવ છે. ભૂતકાળની આદિ નથી એટલો કાળ – જેની શરૂઆત નથી એટલો કાળ (છે) એનાથી અનંતગુણા જીવદ્રવ્ય છે. ત્રણ કાળથી અનંતમે ભાગે છે. જેના કાળનો અંત નથી એનાથી પણ આ જીવની સંખ્યા અનંતગુણી છે અને જીવની અનંતગુણી સંખ્યા કરતાં પુદ્ગલની સંખ્યા અનંત ગુણી (છે), એના કરતાં અનંતગુણી કાળની સંખ્યા (છે), એથી અનંતગુણી ક્ષેત્રની (સંખ્યા), એથી અનંતગુણા એના ગુણની (સંખ્યા છે) !! એટલે કે એક સમયની એની પર્યાયો એટલી છે કે ક્ષેત્રના પ્રદેશથી અનંતગુણી પર્યાય છે. એક સમયમાં અનંતગુણની પર્યાય (છે). એવી એવી ત્રણ કાળની પર્યાય ગણીએ, એક દ્રવ્યની, હોં ! તોપણ કાળના સમયથી અનંતગુણી થઈ, કાળના સમય જેટલી અનંતગુણી (થઈ).

જેમ આકાશના પ્રદેશથી અનંતગુણી પર્યાય અને એવી જ પર્યાયથી અનંત ગુણી; એવડી એમ નહિ, કાળનું પરિમાણ જે છે એટલી અનંત ગુણી થઈ. સમજાણું કાંઈ ? અને એવો જે આત્મા – આવા અનંત ગુણ અને એની અનંતી પર્યાયની પ્રતીત કરવા વિકલ્પની તાકાત નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે. કેમકે વિકલ્પ (છે) તે અચેતન છે. સમજાય એટલું પકડવું, વસ્તુ સત્ય છે. એટલે વ્યવહારનો જે વિકલ્પ છે એનાથી આવા અનંત ગુણરૂપ દ્રવ્ય (છે તેની પ્રતીતિ થઈ શકે નહિ), જેના ગુણની સંખ્યા અપાર – માપ નહિ, કાળનું માપ નહિ, આદિ નહિ, ભવિષ્યની (વાત) પછી રાખો, જીવનું માપ નહિ, અનંત (સંખ્યા છે), એથી અનંતગુણા પરમાણુ, તેથી અનંતગુણી પર્યાય. એક સમયની અનંતગુણી પર્યાય ! એટલે એવા અનંત ગુણ (છે), એની પર્યાયો (છે). ઓ..હો..હો...!

એવી ત્રણ કાળની પર્યાયોનો સમૂહ તે ગુણ (છે), એવા અનંત ગુણનો સમૂહ તે દ્રવ્ય (છે). એ દ્રવ્યને પ્રતીત કરવા માટે વિકલ્પ કામ ન કરે. એ દ્રવ્યને પ્રતીત કરવામાં એ દ્રવ્યની જે સામર્થ્યવાળી પર્યાય છે (એ જ કાર્ય કરે). સમજાણું કાંઈ ? એ દ્રવ્યના ગુણ અને એની જે સામર્થ્યવાળી પર્યાય છે, એક સમયની પર્યાય, હોં ! દ્રવ્ય, ગુણને પ્રતીત કરવાની એ પર્યાયની તાકાત છે. આ..હા...!

મુમુક્ષુ :– વિકલ્પની તાકાત નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તાકાત નથી, અચેતનની તાકાત (નથી). આ તો જ્ઞાનની પર્યાય છે. આ..હા..હા...! ભલે એક સમયની હો ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? એવો જ વસ્તુનો સ્વભાવ છે. એની પર્યાય છે, એક સમયની એક પર્યાય અનંત ગુણને અને એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતી પ્રગટ પર્યાય છે તેને પ્રતીતમાં લઈ શકે છે. એ પર્યાયનું એટલું સામર્થ્ય છે ! નિર્મળ સમ્યક્ પર્યાય, નિર્મળ સમ્યક્જ્ઞાનની એક સમયની પર્યાયની એટલી તાકાત છે ! આ..હા..હા...! એવો ઈ ઈશ્વર છે !!

એવા અનંત ગુણનું એકરૂપ (દ્રવ્ય) એની પ્રતીત કરવા માટે એની સન્મુખ જવું પડે. જે વિમુખ છે (એને સન્મુખ થવું પડે). આહા..હા...! સમજાણું કાંઈ ? જેના જે ગુણ છે તેની પર્યાયને તેની સન્મુખ (થવું પડે). સન્મુખ થયો એનો અર્થ સ્વીકાર કર્યો. ઈ છે એવો સ્વીકાર ત્યારે થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? અને ત્યારે એને આનંદનો સ્વાદ પણ સાથે આવે. કારણ કે પર્યાયથી પકડાણું છે, વિકલ્પથી નહિ. અને પર્યાયમાં અનંતા ગુણોનું એકરૂપ (દ્રવ્ય) પ્રતીતમાં આવ્યું એટલે શક્તિના – ગુણના જેટલા અંશો છે (એ) બધાના અંશો એની વ્યક્ત દશામાં આવી જાય છે. આ..હા..હા...! તેથી સમ્યગ્દર્શનની પર્યાય આટલી તાકાતવાળી છે એની મહોર છાપ આનંદની છે – એનો Trade mark આનંદનો છે !

હમણાં ભક્તિમાં બોલ્યા હતા, નહિ ? ભાઈ ! શું કાંઈક બોલ્યા હતા ? 'આનંદ વિસ્તરે...' ભગવાનની ભક્તિમાં (આવ્યું હતું). ત્યાં હતું ને ? 'આનંદ વિસ્તરે...' એને પણ ખબર નહિ હોય. ઈ ભગવાનની ભક્તિ અને આરતીથી કાંઈ આનંદનો વિસ્તાર ન થાય. શબ્દ એમાં ઈ આવ્યો હતો, ખબર છે. વ્યવહાર ભક્તિ કરનારનું લક્ષ તો દ્રવ્ય ઉપર છે. એથી એને આનંદનો વિસ્તાર થાય છે. એમાં આ વિકલ્પ છે એને આરોપ દઈને એમ કહેવામાં આવે છે. કેમકે અશુભ પરિણામ વખતે આનંદનું મંદપણું છે, શુભ વખતે વિશેષ છે અને શુદ્ધ વખતે વિશેષ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એનો આનંદ ગુણ છે ને ? અને ગુણ છે ઈ પ્રતીતમાં લીધો. આહા..હા...! એટલે પર્યાયમાં આનંદનો અંશ આવ્યો પણ અશુભ ભાવ છે ત્યારે આનંદનો અંશ અલ્પ વેદાય. શુભ વખતે એનાથી થોડો વિશેષ (વેદાય), શુદ્ધ વખતે વિશેષ (વેદાય). એવો જ એ ગુણનો અને રાગની મંદતા, તીવ્રતાની સાથે આવો સંબંધ છે. આહા...હા...!

અહીં કહે છે કે, જેટલી પર્યાય એક દ્રવ્યની, એક ગુણની અનંતી છે એ પર્યાયને અનંતમે ભાગે દ્રવ્ય છે. શું કીધું ઈ ? બધાં દ્રવ્ય એ પર્યાયને અનંતમે ભાગે છે અને દ્રવ્યથી અનંતગુણી એની એક સમયની પર્યાય છે. જેટલા દ્રવ્ય છે એનાથી અનંતગુણી એક દ્રવ્યની પર્યાય છે. આહા..હા...! શું દ્રવ્યનું પેટ ઊંડું ! ભાઈ ! કોઈ 'દી સાંભળ્યું ન હોય. આ કરો... આ કરો... આ કરો... આ..હા..હા...! આ તો નિર્વિકલ્પ થવાની રીત છે.

સ્વભાવ... પરમાણુનો સ્વભાવ ! એક સમયમાં આમ જાય તોપણ ભાગ ન પડે. ક્ષેત્રના એક પ્રદેશમાં અનંત પરમાણુ રહે છતાં ભાગ ન પડે. આહા..હા...! એક પરમાણુના કદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેટલામાં અનંત પરમાણુનો સ્કંધ થાય છતાં એ દ્રવ્યનો ભાગ ન પડે. પેલા પ્રદેશનો ભાગ ન પડે, પેલા કાળનો ભાગ ન પડે, પેલા દ્રવ્યનો ભાગ ન પડે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? એમ એક સમયની પર્યાયમાં અનંતુ... અનંતુ જણાય છતાં સમયના ભાગ ન પડે (અર્થાત્) પર્યાયમાં બીજો પર્યાય છે એમ ન થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, આ બીજી રીતે આવ્યું, ભાઈ ! આહા..હા...! ઈ તો આવે ઈ પ્રમાણે આવે ને !

એક પરમાણુ જેટલા કદમાં અનંત પરમાણુનો અવગાહ થાય છતાં પરમાણુનો અંશ અનંતમો થયો એમ નથી. આહા..હા...! એક પ્રદેશમાં અનંતા રજકણો સમાય માટે એક પ્રદેશનો અનંતમો ભાગ થયો (અર્થાત્) એક પરમાણુનો એક પ્રદેશ અંશ, બીજો રહ્યો એનો અનંતમો ભાગ, (પછી) ત્રીજો.. એમ કરીને (અનંતમો ભાગ થયો એમ નથી). એ પ્રદેશ અખંડ છે, સમય અખંડ છે, પરમાણુ અખંડ છે. એમ એક સમયની પર્યાય... આ..હા..હા...! અનંત ગુણને કબુલે તેથી એક પર્યાયના અનંત ભાગ પડી ગયા એમ નથી. થોડું થોડું આવ્યું. ઈ તો રાતે આવતું હતું એ કહ્યું. રાતે પોણો કલાક ચાલ્યું હતું. કહો, સમજાણું ? આવતા... આવતા... આવે ઈ (કહેવાય). આહા..હા...! આવો સ્વભાવ ! અરે...! કોના એને માન કરવા છે ? અને કોની પાસેથી લેવું છે ? જ્યાં પડ્યું છે ત્યાંથી લેતો નથી. આહા..હા...! આનંદની ખાણ, અનંત ગુણની ખાણ, પ્રભુ ! ત્યાં જેટલો એકાગ્ર થાય એટલું ત્યાંથી મળે એવું છે. આ બહારમાં એકાગ્ર થાય એટલું ટળે એવું છે. આહા..હા...!

‘**તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી,...**’ જોયું ? એક પરમાણુના કદ જેટલા અનંતા રજકણો આવીને અવગાહ પામે તો તેથી કાંઈ પરમાણુનો અનંતમો અંશ સિદ્ધ કરતો નથી. સમજાય છે આમાં કાંઈ ? પરમાણુ તો પરમાણુ અખંડ જ છે. એક પરમાણુના કદ જેટલા અનંતા (રજકણ) થઈ ગયા એથી પરમાણુ – દ્રવ્યનો અનંતમો ભાગ થઈ ગયો એમ નથી. આ..હા..હા..હા...! ‘**કારણ કે પરમાણુ નિરંશ છે;...**’

‘**તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક ‘સમય’માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે...**’ પરમાણુના ખાસ ગતિપરિણામને લીધે અસંખ્ય સમય ઓળંગે છે, આખો લોક (ઓળંગે છે) એમ. ‘**લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ ‘સમય’ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી,...**’ એક સમયમાં અસંખ્ય કાળાણુઓ (ઓળંગે) માટે એક સમયમાં અસંખ્યમો ભાગ થયો એમ નથી. આહા..હા...!

‘**અસંખ્ય કાળાણુઓ ‘સમય’ના અસંખ્ય અંશો...**’ અસંખ્ય કાળાણુને સ્પર્શે માટે એક સમયના ‘**અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી,...**’ એક સમયનો અંશ પરિપૂર્ણ છે. એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૌદ બ્રહ્માંડ ગયો છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? ભાઈ ! કોઈ વખતે એવું ઝીણું પણ આવી જાય. આ તો ભગવાનની – ઈશ્વરની લીલા છે ! આ..હા...!

**ભાવાર્થ :–** '**પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર...**' અનંતર એટલે બીજા આંતરા વિના '**આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે.**' એ સમયમાં એ સમયનું માપ આવ્યું ત્યાં જ કાળદ્રવ્ય છે, એ પ્રદેશમાં જ કાળદ્રવ્ય છે એમ કહે છે. આહા..હા...! પર્યાય ત્યાં પૂરી થઈ તો જેટલું પર્યાયનું ક્ષેત્ર એટલું દ્રવ્યનું ક્ષેત્ર. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**કાળદ્રવ્ય નિત્ય છે;...**' ઈ પર્યાયનું એક સમય માપ આવ્યું, નાનામાં નાના કાળનું માપ આવી ગયું એટલે પર્યાયનું માપ આવ્યું. જેટલા ક્ષેત્રમાં પર્યાયનું માપ આવ્યું એટલા ક્ષેત્રમાં દ્રવ્ય છે. આ..હા...! પર્યાયથી મોટું દ્રવ્ય હોય કે ક્ષેત્રથી નાનું (હોય) એમ હોય નહિ. કેવી રીતે સિદ્ધ કર્યું છે ! ઓ..હો..હો...! આવો સ્વભાવ સર્વજ્ઞે જ્ઞાનમાં જોયો છે. એમાં થાય છે, જેનામાં થાય (છે) એની એને ખબર નથી. પરમાણુ એક સમયમાં આમ ચૌદ બ્રહ્માંડ જાય તો એને ખબર છે ? આહા..હા...! પણ આમ જાય, એક સમયમાં જાય એમાં અસંખ્ય કાળાણુઓ ઓળંગે માટે સમયનો અસંખ્યમો ભાગ પડી ગયો (એમ નથી). એક કાળાણુ અહીં છે એને અડ્યો, બીજાને અડ્યો, એક સમયનો અસંખ્યમો ભાગ, બીજા સમયનો અસંખ્યમો ભાગ એમ કરીને સમય છે એમ નથી. આહા..હા...! એવી ગંભીર વસ્તુ ! કેવળજ્ઞાનનું તત્ત્વ કેવું હશે ! આ..હા..હા...!

'**કાળદ્રવ્ય નિત્ય છે; 'સમય' ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે,...**' આકાશપ્રદેશ નાનામાં નાનો અંશ છે '**તેના ભાગ પડતા નથી, તેમ 'સમય' કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે, તેના ભાગ પડતા નથી.**' એક સમયમાં ભાગ પડી જાય છે એમ નથી. આ..હા...! એ તો ગતિની વિશેષતાને કારણે એક સમય છે. અસંખ્ય કાળાણુને અડ્યો માટે અસંખ્ય સમય (થઈ જાય) અથવા એક સમયનો અસંખ્યમો ભાગ પડી જાય (અર્થાત્) એક પ્રદેશથી બીજે પ્રદેશે જતાં એક સમયનો અસંખ્યમો ભાગ (પડી ગયો), બીજે પ્રદેશે જતાં અસંખ્યમો (ભાગ પડી ગયો) એમ કરીને સમયના અસંખ્ય ભાગ પડતા નથી. આહા..હા...!

સર્વજ્ઞ ભગવાનનું તત્ત્વ ઝીણું બહુ, ભાઈ ! જિનેશ્વર, પરમેશ્વર... આ..હા..હા...! વાડામાં પડ્યા પણ એની ખબરું ન મળે અને અમે જૈન છીએ એમ માને !

'**જો 'સમય'ના ભાગ પડે તો તો પરમાણુ વડે એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ...**' જુઓ ! છે ને ? '**તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ.**' આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક પ્રદેશનો ભાગ પડતો નથી, પ્રદેશ એક અખંડ છે. **'આકાશપ્રદેશ તો નિરંશ છે; તેથી 'સમય' પણ નિરંશ જ છે.'** એક પ્રદેશથી બીજે પ્રદેશને ઓળંગતા પ્રદેશના ભાગ પડતા નથી. એમ એક સમયમાં ઓળંગતા સમયના ભાગ પડતા નથી.

**'અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્‌ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક 'સમય'માં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી 'સમય'ના અસંખ્ય અંશો પડવા જોઈએ.'** એકસાથે થાય એમાં શું ? આહા..હા...! એવો જ એનો સ્વભાવ છે.

એક સમયમાં સિદ્ધ કીધાં ને ? ઓ..હો..હો..હો...! સિદ્ધપણું તો અહીં ઉત્પન્ન થયું અને આમ જરી ગયું અને ત્યાં (સિદ્ધાલયમાં) રહ્યું એ બધો એક સમય (છે). આ..હા..હા...! ત્યાં કાળના ત્રણ ભાગ ન પડ્યા. અહીં ઉત્પન્ન થયા એક સમયનો બીજો અંશ, વચમાં ગયા એ બીજો અંશ (અને) ત્યાં ગયા (એ બીજો અંશ એમ ભાગ નથી પડતા). વસ્તુ તો જુઓ ! એને જાણનારું જ્ઞાન છે.

મુમુક્ષુ :– સ્વરૂપગ્રાહીજ્ઞાન હોય એને ખબર પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એની વાત છે. આહા..હા...! જે સ્વરૂપનું જ્ઞાન થયું એ જ્ઞાન આ બધાં અજ્ઞાનને બરાબર જાણી શકે છે. સમજાણું કાંઈ ?

અનંત ગુણનું ધામ...! ક્ષેત્રના અંશનો અંત નહિ, કાળના ભાગનો અંત નહિ, ગુણની સંખ્યાનો અંત નહિ. ઓ..હો..હો...! એવા અનંત ગુણનું એકરૂપ (છે) એને અંતર્મુખ પકડતાં પર્યાયમાં અનંત ગુણનું સામર્થ્ય પ્રગટ થાય છે. સમકિતમાં, જ્ઞાનમાં, ચારિત્રમાં (સામર્થ્ય પ્રગટ થાય છે). આ..હા..હા...! પ્રભુતા અનંતી પ્રગટ થાય છે. એવા આત્માનું દર્શન સમ્યક્, એવા આત્માનું જ્ઞાન સમ્યક્ એની શું કિંમત ! કહે છે એની શું વાતું ! અલૌકિક વસ્તુ છે !

દ્રવ્યને પકડનાર જ્ઞાનનું માહાત્મ્ય છે. દ્રવ્યનું તો માહાત્મ્ય છે પણ જાણ્યું કોણે ? પર્યાયે સિદ્ધ કર્યું ને ! હું અખંડ અભેદ છું ઈ કોણ નિર્ણય કરે છે ? ધ્રુવ નિર્ણય કરે છે ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' પણ કોણે એને જાણે ? પર્યાય જાણે છે. હું આ શુદ્ધ છું, હું આ બુદ્ધ છું, હું આ અખંડ છું. લે, પોતે તો પર્યાય છે ! પણ એ પર્યાયનું ધ્યેય છે તે હું છું. પરિણામ પરિણામીને પકડે છે એથી પરિણામનું માહાત્મ્ય છે. માહાત્મ્ય તો પરિણામ કરે છે ને ? દ્રવ્ય માહાત્મ્ય કરે છે ? અલૌકિક વાતું છે, બાપા ! આ..હા...!

**'જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ છે;...**' પરમાણુમાં એવી જ ખાસ પ્રકારની અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં) છે ને ? 'આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.' આહા..હા...! આકાશનો એક પ્રદેશ જેટલા સ્કંધો છે એ સૂક્ષ્મ થઈને આવે (એ બધાંને) અવગાહ આપે. કાળનો એક સમય અનંત દ્રવ્યને વર્તવામાં નિમિત્ત થાય એટલી તાકાત છે, પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ક્ષેત્રાંતર થાય અને એક સમયમાં અનંત ગુણી કાળી, રાતી આદિ પર્યાયપણે પરિણમે એવો એનો સ્વભાવ છે. એમ ભગવાનઆત્માનો સ્વભાવ એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના અનંતા ગુણો જે છે જેની સંખ્યા નથી એવા એવા અસંખ્ય દ્રવ્ય અને એવા એવા અનંતા ગુણો અને એવા અનંત ગુણની અનંતી પર્યાય... આહા..હા...! એ એક સમયમાં જાણી શકે ! એને અડ્યા વિના, સ્પર્શ્યા વિના ! એવી સમ્યક્ પર્યાયની તાકાત છે ! સમજાણું કાંઈ ? આ ભાષા તો સાદી છે, કંઈ બહુ એવું (ન સમજાય એવું નથી). ભાઈ ! ભાષા તો કંઈ એવી બહુ ઝીણી નથી.

મુમુક્ષુ :– વાત ઝીણી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત ઝીણી છે, ભાવ ઝીણાં, ભાવ તો ઝીણાં (છે). આહા..હા...!

એક જીવની અનંતી પર્યાય કાળથી અનંતગુણી છે. ત્રણ કાળના સમયથી એક દ્રવ્યની, ગુણની અનંતી પર્યાય (છે) એ કાળથી અનંતગુણી છે અને એ પર્યાયથી અનંતમે ભાગે ત્રણ કાળ છે. ત્યારે આ પ્રશ્ન ઊઠ્યો ને કે ત્રણ કાળના સિદ્ધ (છે) એ નિગોદના શરીરથી અંશ માત્ર છે. એ તો વર્તમાનની અપેક્ષાએ કથન છે. એ...ઈ...! આમ ત્રણ કાળને ગણો તો તો સિદ્ધથી કાળ અસંખ્યગુણો જ છે. શું કહ્યું ઈ ? જેમ વર્તમાનકાળ સુધી સિદ્ધ થયા તો સિદ્ધ કરતાં કાળ કેટલો ગયો ? અસંખ્યગણો ! કેમકે છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય. ૬૦૮ સંખ્યા કરતાં છ માસના સમયની સંખ્યા અસંખ્યગુણી છે. શું કીધું ઈ ?

કાળની સંખ્યા – ભૂતકાળના સમયની સંખ્યા સિદ્ધની સંખ્યા કરતાં અસંખ્યગુણી છે. સિદ્ધની સંખ્યા કરતાં ભૂતકાળના કાળની સમયની સંખ્યા અસંખ્યગુણી છે. એથી અનંતગુણી તો એક દ્રવ્યના ગુણની એક સમયની પર્યાય છે ! એવી એવી અનંતા દ્રવ્યની પર્યાય ! પણ ઈ દ્રવ્ય કેટલાં ? કે જે અનંતી પર્યાય છે એને અનંતમે ભાગે દ્રવ્ય છે અને એ દ્રવ્યના ગુણો જે છે એની પર્યાય આનાથી; અસંખ્યમે ભાગે દ્રવ્ય હતા ને ? પણ ગુણ તો ઘણાં છે તો એવી એવી પર્યાય પણ અસંખ્યગુણી થઈ ગઈ. એકની પર્યાય એવી અસંખ્ય દ્રવ્યની (પર્યાય) એટલે અસંખ્યગુણી થઈ ગઈ ને ? અને એ પર્યાય પણ કાળથી અનંતગુણી થઈ. એક દ્રવ્યના ગુણની પર્યાય કાળથી અનંતગુણી (થઈ) તો એવી અસંખ્ય દ્રવ્યની ગુણ-પર્યાય કાળથી અનંતગુણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(થઈ ગઈ). આ..હા..હા...! શું ભગવાનનું દ્રવ્ય !

**'એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુના ખાસ પ્રકારના ગતિપરિણામને લીધે જ છે;...'** એની ગતિની વિશેષતાની શક્તિને લીધે છે. એથી ત્યાં કાળના ભાગ પડી જાય છે એમ નથી. '**(પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;) તેથી કાંઈ 'સમય'ના અસંખ્ય અંશ પડતા નથી.**' લ્યો, આજે ફરી વાર આવ્યું, ભાઈ ! આવ્યું તો પેલી રાતની ચર્ચાને કારણે, નહિતર તો નહોતું લેવું. સમજાણું કાંઈ ?

આ..હા..હા...! અનંતા ગુણો વીતરાગભાવથી ભરેલાં છે. વીતરાગભાવની પર્યાયે જ એ જણાય એવું છે. કેમકે આત્માનો જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ ગુણ છે તો અનંતા ગુણો વીતરાગ સ્વભાવી થઈ ગયા. ભલે સંખ્યાની હદ વિનાના ગુણો હો ! ઓ..હો..હો...! ક્ષેત્રની હદ નથી, કાળની હદ નથી એને જ્ઞાન જાણી લે છે, ભાવની હદ નથી એને પણ જ્ઞાનની પર્યાય જાણી (લે) છે !! એ પર્યાયની કેટલી તાકાત છે ! હા, સ્થિરતા કરવી એ તો એથી અનંતગુણી તાકાત છે !! પણ શ્રદ્ધાગુણ અને જ્ઞાનગુણની આટલી તાકાત છે ! એની આટલી તાકાત છે ! આહા..હા...! સ્થિરતાનો પુરુષાર્થ તેથી અનંતગુણો (છે) પણ એ તો પર્યાયના પુરુષાર્થની અપેક્ષાએ વાત (છે), પણ પર્યાયે જે દ્રવ્યને લક્ષમાં લીધું એનું તો આટલું સામર્થ્ય છે, જેની દૃષ્ટિમાં મુખ્યતામાં દ્રવ્ય વર્તે છે.

પરમાણુ, સમય, પ્રદેશ અને પર્યાય – બધાં અખંડ છે. પરમાણુ દ્રવ્ય તરીકે, પ્રદેશ ક્ષેત્ર તરીકે, સમય કાળ તરીકે, પર્યાય એક સમયની અવસ્થા તરીકે. આહા..હા...!

મુમુક્ષુ :– આ બધાયને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં સમાવી દીધાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બધું સમાઈ ગયું ને ! પોતાનું દ્રવ્ય લ્યો તો દ્રવ્ય નિર્વિકલ્પ છે, ક્ષેત્ર લ્યો તો અસંખ્યપ્રદેશી છે, કાળ લ્યો તો એની અનંતી પર્યાય એ એનો કાળ છે, ગુણ લ્યો તો અનંત ગુણ છે. દ્રવ્ય લ્યો તો નિર્વિકલ્પ વસ્તુ છે, ક્ષેત્ર લ્યો તો અસંખ્યપ્રદેશી છે, કાળ લ્યો તો અનંતી પર્યાય છે, ભાવ લ્યો તો અનંતા ગુણ છે. આહા..હા...! એક સમયમાં બધાંને પકડે છે. નિર્વિકલ્પ દ્રવ્યને, અસંખ્ય પ્રદેશને, અનંત ભાવને, અનંતી પર્યાયને પણ એક સમયની પર્યાય પોતે એને પણ માને, પોતાને માને અને આને પણ માને. આહા..હા...! હવે, આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ અને લોકો ક્યાં ક્યાં માથા ફોડે !

મુમુક્ષુ :– અત્યારે આવી વાત એક આપ કરો છો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ તો વસ્તુસ્થિતિ આવી છે. લોકો જ્યાં-ત્યાં ભટકે છે (કે), અહીં છે ને અહીં (છે)... અરે...! બાપા ! ક્યાંય છે નહિ, ભાઈ ! આ વાતની ગંધ જિનેશ્વરદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિવાય (ક્યાંય નથી). આવો ગંભીર સ્વભાવ...! આહા..હા...! એનું માપ જેણે કરી નાખ્યું ! પ્રમાણ કરી નાખ્યું ને ? આ જ્ઞેયનું જ્ઞાન થઈ ગયું, પ્રમાણ થઈ ગયું. એ પ્રમાણ તે પ્રમાણ છે. આ..હા...! આ ફરીને પોણો કલાક થયો !

એમાં વિશેષતા તો એ (છે) કે, એક સમયની પર્યાયમાં અનંત પર્યાય જાણે, અનંત ગુણ જાણે છતાં એ પર્યાયના અનંત ભાગ નહિ. અવિભાગ પ્રતિચ્છેદ સામર્થ્યની શક્તિ વિશેષ ભલે હો, પણ પર્યાય બે નહિ. આહા..હા...! પ્રદેશના બે ભાગ પડે નહિ, સમયના બે ભાગ પડે નહિ, પર્યાયના બે ભાગ પડે નહિ. આહા..હા...! એવી જે પર્યાય એ જીવના સ્વરૂપને પકડી શકે. રાગની પર્યાય ચાહે તો ભગવાનની ભક્તિ હો (પણ) એને પકડી શકે નહિ. કારણ કે એ રાગ અચેતન છે. આહા..હા...! વ્યવહાર અચેતન છે એ નિશ્ચય ચેતનને કેમ પકડે ? કેમ જાણે ? આ..હા..હા...! રાગ વ્યવહારથી નિશ્ચય જણાય એ બહુ મોટી ગડબડી છે. ભગવાનનો સામર્થ્યવાળો જે પર્યાય (છે) તે તેને પકડે અને જાણી શકે. આહા..હા...! તે પણ પર્યાયમાં ઊભા રહીને નહિ. કારણ કે જેનું માહાત્મ્ય છે, વસ્તુ છે એમાં દૃષ્ટિ રહે અને એને સ્થાપે ત્યારે પર્યાયનું માહાત્મ્ય થાય. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ પ્રશ્ન તો અહીંથી વધારે ઊઠ્યો કે, ત્રણ કાળના સિદ્ધ કરતાં, સિદ્ધના જીવોની સંખ્યા નિગોદને અનંતમે ભાગે છે. અલ્પ છે એમ કીધું ને ? પણ એનો અર્થ આ (છે). આમ જો ત્રણ કાળ(નું) માપ કરવા જાય તો જ્યારે જ્યારે સિદ્ધ થશે ઈ સિદ્ધની સંખ્યા કરતાં કાળ તો અસંખ્યગુણો છે તો એ રીતે ત્રણ કાળને મેળવવા જાય તો નહિ મળે. કારણ કે સિદ્ધની સંખ્યા કરતાં કાળ અસંખ્યગુણો (છે) અને જીવની સંખ્યા કાળ કરતાં અનંતગુણી (તો) મેળ શી રીતે ખાશે ?

નિગોદનો શબ્દ પડ્યો છે, આમાંથી કાઢ્યું. પેલું આવ્યું હતું નહિ ? ઈ તો પહેલું કહેવાઈ ગયું. (બનારસી વિલાસ અથ કર્મપ્રકૃતિ વિધાન અધિકાર) 'બઢૈ ન સિદ્ધ અનંતતા, ઘટૈ ન રાશિ નિગોદ, જૈસેકે તૈસે રહૈં, યહ જિનવચનવિનોદ' (શ્લોક–૯૮) ઓ..હો..હો...! ઈ શ્લોક ઉપર આ શ્લોક છે. આ શ્લોક છે એના ઉપર ઈ શ્લોક છે. 'એક નિગોદ શરીરમેં, જીવ અનંત અપાર, ધરૈં જન્મ સબ એકઠે, મરહિં એક હી બાર' (શ્લોક–૯૫) 'મરણ અઠારહ બાર કર, જનમ અઠારહ બેવ, એક સ્વાસ ઉસ્વાસ મેં, યહ નિગોદ કી ટેવ.' (શ્લોક–૯૬) 'એક નિગોદશરીર મેં, ઐસે જીવ બખાન, તીન કાલ કે સિદ્ધ સબ, એક અંશ પરિમાન.' (શ્લોક–૯૭) 'બઢૈ ન સિદ્ધ અનંતતા, ઘટૈ ન રાશિ નિગોદ,...' એમાં અનંતમાં અનંતમા ભાગે વધે તોપણ એને શું કહેવું ? અને અનંતમાં અનંતમા ભાગનું ઘટે ઈ ઘટે (શું કહેવું ?) અનંતનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોટો થોકડો પડ્યો છે ! 'બઢૈ ન સિદ્ધ અનંતતા, ઘટૈ ન રાશિ નિગોદ, જૈસેકે તૈસે રહેં, યહ જિનવચનવિનોદ' (શ્લોક–૯૮). 'તાતેં બાત નિગોદકી, કહૈ કહાં લો કોય, સાધારણ પ્રકૃતિઉદય, જિય નિગોદિયા હોય.' (શ્લોક–૯૯). 'યહ સાધારણ પ્રકૃતિલોં, વરણી ચૌદહ સાખ, બાકી ચૌદહ જે રહેં, તે વરણોં મુખ ભાખ.' (શ્લોક–૧૦૦). આ 'બનારસી વિલાસ' છે, ગૃહસ્થો આવું કામ કરી ગયા છે ! સનાતન સત્ય હતું. નહિતર એ તો શ્વેતાંબર હતા. પછી આ મળી ગયું. શૃંગારી હતા પણ સત્ય મળી ગયું પછી થઈ ગયું. સર્વજ્ઞની જે પરંપરા હતી (એ) હાથ લાગી ગઈ.

**'હવે આકાશના પ્રદેશનું લક્ષણ સૂત્ર દ્વારા કહે છે :–'** પોતે 'કુંદકુંદાચાર્ય' (કહે છે). પેલો તો આધાર આપ્યો હતો. ૧૩૭માં કહ્યું હતું ને ? ૧૩૭ ગાથામાં કહ્યું હતું કે, '**(ભગવાન કુંદકુંદાચાર્યદેવ' પોતે જ સૂત્ર દ્વારા કહેશે...**' ૧૩૭માં કહ્યું હતું. ૧૩૭ ગાથામાં કહ્યું હતું, છે ટીકા ? '**(ભગવાન કુંદકુંદાચાર્યદેવ)' પોતે જ (૧૪૦મા) સૂત્ર દ્વારા કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ એકાણુવ્યાપ્યત્વ છે (અર્થાત્ એક પરમાણુથી વ્યાપ્યપણું તે પ્રદેશનું લક્ષણ છે); અને અહીં (આ સૂત્રમાં, આ ગાથામાં) 'જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીનાં દ્રવ્યોનાં પ્રદેશો છે' એમ પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે.**' અહીં પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે અને આકાશના પ્રદેશનું લક્ષણ ૧૪૦માં આપશે. એ આ આવ્યું. ૧૩૭માં છે, પહેલાં આવી ગયું.

**आगासमणुणिविट्ठं आगासपदेससण्णया भणिदं।**
**सव्वेसिं च अणूणं सक्कदि तं देदुमवगासं।।१४०।।**

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

આ..હા..હા...! સંતોને શાસ્ત્રની રચનામાં વિકલ્પ નિમિત્ત થયો. વિકલ્પ નિમિત્ત થયો ! પોતે તો વિકલ્પને કરતા નથી. નિમિત્તકર્તા વિકલ્પ નહિ (માત્ર) નિમિત્ત તરીકે. પર્યાયના કર્તા વખતે વિકલ્પનો કર્તા હોય એ નિમિત્તકર્તા કહેવાય. આ નિમિત્તકર્તા નહિ, નિમિત્ત ખરું. છે ને 'બંધ અધિકાર'માં – ફક્ત નિમિત્ત છીએ, નિમિત્તકર્તા નહિ. આહા..હા...! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. બીજાને સુખ-દુઃખ થાય છે એમાં નિમિત્ત માત્ર છે, નિમિત્તકર્તા તરીકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाकाशस्य प्रदेशलक्षणं सूत्रयति -

**आगासमणुणिविट्ठं आगासपदेससण्णया भणिदं।**
**सव्वेसिं च अणूणं सक्कदि तं देदुमवगासं।।१४०।।**
**आकाशमणुनिविष्टमाकाशप्रदेशसंज्ञया भणितम्।**
**सर्वेषां चाणूनां शक्नोति तद्दातुमवकाशम्।।१४०।।**

आकाशस्यैकाणुव्याप्योंऽशः किलाकाशप्रदेशः, स खल्वेकोऽपि शेषपञ्चद्रव्यप्रदेशानां

---

एवं कालव्याख्यानमुख्यत्वेन षष्ठस्थले गाथाद्वयं गतम्। अथ पूर्वं यत्सूचितं प्रदेशस्वरूपं तदिदानीं विवृणोति - **आगासमणुणिविट्ठं** आकाशं अणुनिविष्टं पुद्गलपरमाणुव्याप्तम्। **आगासपदेससण्णया भणिदं** आकाशप्रदेशसंज्ञया भणितं कथितम्। **सव्वेसिं च अणूणं** सर्वेषामणूनां चकारात्सूक्ष्मस्कन्धानां च **सक्कदि तं देदुमवगासं** शक्नोति स आकाशप्रदेशो दातुमवकाशम्।

---

હવે આકાશના પ્રદેશનું લક્ષણ સૂત્ર દ્વારા કહે છે :–

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

---

એ તો અજ્ઞાની છે. આહા..હા...! એ ચીજ છે તેનું જ્ઞાન કરવા માટે (છે). વીતરાગમાર્ગમાં ઘણું સમજવાનું છે એમ તો માહાત્મ્ય થાય એને ! એમ થોડીઘણી વાત કરીને સમજી ગયા અને થઈ ગયું, જાવ ! (એમ નથી). આ તો સર્વજ્ઞ પરમેશ્વર છે, બાપુ ! થોડા જ્ઞાનમાં કંઈ જાણપણું થાય તો એમ થઈ જાય કે, ઓ..હો...! હવે તો અમે મોટા થઈ ગયા, પંડિત થઈ ગયા ! એમ નથી, બાપુ ! જીવ પંડિત અને મૂરખ બન્ને નથી. આહા..હા...! એ તો પર્યાયની વાત છે. ચૌદ ગુણસ્થાન જીવ ક્યાં છે ? આ..હા..હા...!

અરે...! એને આ મોસમ આવી છે ! આત્માને પ્રાપ્ત કરવા આ મનુષ્યનો અવતાર મોસમ છે ! આવી મોસમમાં તો જેટલું (અંદર) ઝૂકાય એટલું ઝૂકવું જોઈએ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमसौक्ष्म्यपरिणतानन्तपरमाणुस्कंधानां चावकाशदानसमर्थः। अस्ति चाविभागैकद्रव्यत्वेऽप्यंश-कल्पनामाकाशस्य, सर्वेषामणूनामवकाशदानस्यान्यथानुपपत्तेः। यदि पुनराकाशस्यांशान स्युरिति मतिस्तदाङ्गुलीयुगलं नभसि प्रसार्य निरूप्यतां किमेकं क्षेत्रं किमनेकम्। एकं चेत्मकिम-भिन्नांशाविभागैकद्रव्यत्वेन किं वा भिन्नांशाविभागैकद्रव्यत्वेन। अभिन्नांशाविभागैकद्रव्यत्वेन चेत् येनांशेनैकस्या अङ्गुलेः क्षेत्रं तेनांशेनेतरस्या इत्यन्यतरांशाभावः। एवं द्व्याद्यंशानामभावा-

---

तस्याकाशप्रदेशस्य यदीत्थंभूतमवकाशदानसामर्थ्यं न भवति तदानन्तानन्तो जीवराशिस्तस्मादप्य-नन्तगुणपुद्‌गलराशिश्चासंख्येयप्रदेशलोके कथमवकाशं लभते। तच्च विस्तरेण पूर्वं भणितमेव। अथ मतम् - अखण्डाकाशद्रव्यस्य प्रदेशविभागः कथं घटते। परिहारमाह-चिदानन्दैकस्वभाव-

---

**અન્વયાર્થ :–** **[अणुनिविष्टम् आकाशं]** એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને **[आकाशप्रदेशसंज्ञया]** 'આકાશપ્રદેશ' એવા નામથી **[भणितम्]** કહેવામાં આવ્યું છે; **[च]** અને **[तत्]** તે **[सर्वेषाम् अणूनां]** સર્વ પરમાણુઓને **[अवकाशं दातुम् शक्नोति]** અવકાશ દેવાને સમર્થ છે.

**ટીકા :–** આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ તે આકાશપ્રદેશ છે; અને તે એક (આકાશપ્રદેશ) પણ બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને અવકાશ દેવાને સમર્થ છે. આકાશ અવિભાગ (અખંડ) એક દ્રવ્ય હોવા છતાં તેમાં (પ્રદેશોરૂપ) અંશકલ્પના થઈ શકે છે, કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.

---

**'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ...'** આકાશના પ્રદેશને સિદ્ધ કરે છે. **'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ તે આકાશપ્રદેશ છે;...'** એ આકાશનો એક ભાગ – અંશ છે. **'અને તે એક (આકાશપ્રદેશ) પણ બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને...'** સ્થૂળ તો ન આવી શકે પણ સૂક્ષ્મરૂપે પરિણમેલ હોય એને **'અવકાશ દેવાને સમર્થ છે.'** આ..હા..હા..હા...! આકાશનો એક પ્રદેશ બાકીના અનંતા પાંચ દ્રવ્યોના પ્રદેશોને અને સૂક્ષ્મપણે પરિણમેલા અનંતા (પરમાણુઓના સ્કંધોને) અવકાશ દેવાને સમર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दाकाशस्य परमाणोरिंव प्रदेशमात्रत्वम्। भिन्नांशाविभागैकद्रव्यत्वेन चेत् अविभागैकद्रव्यस्यांश-कल्पनमायातम्। अनेकं चेत् किं सविभागानेकद्रव्यत्वेन किं वाऽविभागैकद्रव्यत्वेन। सवि-भागानेकद्रव्यत्वेन चेत् एकद्रव्यस्याकाशस्यानन्तद्रव्यत्वं, अविभागैकद्रव्यत्वेन चेत् अविभागैक-द्रव्यस्यांशकल्पनमायातम्।।१४०।।

---

निजात्मतत्त्वपरमैकाग्र्यलक्षणसमाधिसंजातिनिर्विकाराह्लादैकरूपसुखसुधारसास्वादतृप्तमुनियुगलस्या-वस्थितक्षेत्रं किमेकमनेकं वा। यद्येकं तर्हि द्वयोरप्येकत्वं प्राप्नोति। न च तथा। भिन्नं चेत्तदा अखण्डस्याप्याकाशद्रव्यस्य प्रदेशविभागो न विरुध्यत इत्यर्थः।।१४०।।

---

આમ છતાં જો 'આકાશના અંશો ન હોય (અર્થાત્ અંશકલ્પના ન કરાય)' એવી (કોઈની) માન્યતા હોય, તો બે આંગળી આકાશમાં પ્રસારીને 'બે આંગળીનું એક ક્ષેત્ર છે કે અનેક' તે કહો.

જો 'બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), (૧) આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે કે (૨) ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી ? (૧) 'આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું આકાશ એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો, જે અંશ એક

---

ઓ..હો..હો...! એની સમર્થાઈ એમાં છે એની એને ક્યાં ખબર છે ? જ્ઞાનને ખબર છે કે એક પ્રદેશ અનંત પરમાણુને અવકાશ દે અને સૂક્ષ્મપણે પરિણમેલ સ્કંધ હોય એ પણ એક જ પ્રદેશમાં (રહે) એટલી તાકાત છે ! ઓ..હો..હો...! એ તાકાતને જાણનારું જ્ઞાન છે !! એ આકાશના પ્રદેશની તાકાતની આકાશના પ્રદેશને ખબર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? માહાત્મ્ય છે આ જ્ઞાનની પર્યાયનું !

એક પ્રદેશમાં અનંતા પરમાણુ આવે અને સૂક્ષ્મ અનંત અનંત સ્કંધ સ્કંધપણે પરિણમેલા અનંત આવે તો (તેને અવગાહ આપવાની) એક પ્રદેશમાં તાકાત છે. એ પર્યાય એક સમયની, હોં ! આકાશ દ્રવ્ય અને ગુણ તો ભિન્ન છે. અવગાહની એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે ! આ..હા..હા...! એમ ભગવાનઆત્માના પર્યાયની એટલી તાકાત છે (કે) ત્રણકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આંગળીનું ક્ષેત્ર છે તે જ અંશ બીજી આંગળીનું ક્ષેત્ર છે તેથી બેમાંથી એક અંશનો અભાવ થયો. એ રીતે બે વગેરે (અર્થાત્ એકથી વધારે) અંશોનો અભાવ થવાથી આકાશ પરમાણુની માફક પ્રદેશમાત્ર ઠર્યું ! (માટે તે તો ઘટતું નથી). (૨) 'આકાશ ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (તે યોગ્ય જ છે કારણ કે) અવિભાગ એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ.

જો 'બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે (અર્થાત્ એકથી વધારે ક્ષેત્ર છે, એક નથી)' એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) (૧) 'આકાશ સવિભાગ (ખંડખંડરૂપ) અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક (એકથી વધારે) ક્ષેત્ર છે કે (૨) આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે કે (૧) 'આકાશ સવિભાગ અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો, આકાશ કે જે એક દ્રવ્ય છે તેને અનંતદ્રવ્યપણું ઠરે ! (માટે તે તો ઘટતું નથી). (૨) 'આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (તે યોગ્ય જ છે કારણ કે) અવિભાગ એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ. ૧૪૦.

---

ત્રણલોકથી અનંતગણું હોય તો જાણી શકે ! એના ગુણ, દ્રવ્યની વાત નહિ, એની તો વાત શું કરવી ! આ..હા..હા...! એવડો આત્મા એને પ્રભુ તરીકે બેસે નહિ અને બીજાને મોટપ આપે એ પોતાને હીણો કરી નાખે છે. સમજાણું કાંઈ ?

**'આકાશ અવિભાગ (અખંડ) એક દ્રવ્ય હોવા છતાં...'** આકાશમાં કંઈ દ્રવ્યના બે ભાગ નથી. **'અવિભાગ (અખંડ)...'** અવિભાગ એટલે ભાગ પડ્યા વિનાનું અખંડ **'એક દ્રવ્ય હોવા છતાં તેમાં (પ્રદેશોરૂપ) અંશકલ્પના થઈ શકે છે.'** વસ્તુ તરીકે – દ્રવ્ય તરીકે એક અખંડ છે પણ એના પ્રદેશ તરીકે એની કલ્પના (થઈ શકે છે). **'કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.'** સમજાણું ? એક જ પ્રદેશ અનંત પરમાણુને (અવકાશ) આપે છે તો પ્રદેશકલ્પના થઈ શકે છે. આખા આકાશમાં અનંતા રહે છે એમ નહિ. એક પ્રદેશમાં અનંતા પરમાણુ અને સ્કંધ રહે છે માટે તે અખંડ દ્રવ્યનો એક અંશ પણ સિદ્ધ થાય છે.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૬, રવિવાર તા. ૨૯-૦૬-૧૯૭૫**
**ગાથા – ૧૪૦, ૧૪૧**
**પ્રવચન નંબર–૧૫૪**

('પ્રવચનસાર') ૧૪૦ ગાથા ચાલે છે. જાણવાનો જરી ઝીણો અધિકાર છે. અધિકાર ચાલે એનું વાંચન હોય ને ? **'આકાશના પ્રદેશનું લક્ષણ...'** આકાશ નામનો પદાર્થ છે. છ દ્રવ્ય ભગવાને જોયા એમાં આકાશ નામનો એક સર્વવ્યાપક પદાર્થ છે. એના પ્રદેશ હોય છે. દ્રવ્ય અખંડ હોય છે છતાં એના અંશો હોય છે. એ અંશને પ્રદેશ કહે છે.

**ટીકા :– 'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ...'** અહીંયાં આકાશ છે એમાં એક પરમાણુથી વ્યાપ્ય અંશ – પ્રદેશ **'તે આકાશપ્રદેશ છે;...'** એક રજકણ છે ને આ રજકણ ? છેલ્લો Point ! (એ) જેટલામાં રહે એને આકાશનો પ્રદેશ કહે છે.

પ્રશ્ન :– પ્રદેશ શબ્દમાં શું સમજાય ?

સમાધાન :– પ્રદેશ એનો અંશ – ભાગ છે. સાંકળી છે ને ? સાંકળી ! સોનાની સાંકળી ! એ અખંડ હોવા છતાં કડી ભિન્ન ભિન્ન છે. એની કડી છે ને ? સોનાની કડી ? ઈ હજાર કડીનો સમુદાય તે સાંકળી એમ અનંત પ્રદેશોનો સમુદાય તે આકાશ, અસંખ્ય પ્રદેશોનો સમુદાય તે જીવ. આ વસ્તુ જાણવી તો જોઈએ ને ? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળીએ છ દ્રવ્ય કહ્યાં એનું શું સ્વરૂપ છે એને જાણવું જોઈએ ને ?

**'આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય...'** આકાશનો ભાગ જે એક રજકણથી વ્યાપ્ત છે તે **'અંશ તે આકાશપ્રદેશ છે; અને તે એક (આકાશપ્રદેશ) પણ બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને અવકાશ દેવાને સમર્થ છે...'** આહા..હા...! આકાશનો એક પ્રદેશ, આખું દ્રવ્ય તો અખંડ (એક છે), પણ (તેના) એક ભાગ –અંશ(માં) **'બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને...'** અવકાશ દેવાની તાકાત છે.

જેમ જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્યો, ગુણો અને ત્રિકાળ પર્યાયને એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાની તાકાત છે. તેમ પ્રદેશમાં – આકાશના એક અંશમાં; આખું દ્રવ્ય ભલે (અખંડ છે) પણ એક અંશમાં... આહા..હા...! બાકીના અનંતા દ્રવ્યો અને સૂક્ષ્મપણે પરિણમેલા સ્કંધો (અર્થાત્) રજકણની સૂક્ષ્મ પરિણમન દશાવાળા (સ્કંધો) એ બધાને રહેવાની – અવકાશ દેવાની એક પ્રદેશમાં તાકાત છે. એમ કોણ જાણે છે ? જીવ (જાણે છે). એને (– પ્રદેશને) તો ખબર પણ નથી. આહા..હા...! આકાશના એક અંશમાં અનંતા બીજા દ્રવ્યોના પ્રદેશો રહી શકે અને બીજા સૂક્ષ્મ પરમાણુના સ્કંધો પણ રહી શકે. આહા..હા...! જેનો સ્વભાવ છે એને (બીજો) પ્રશ્ન શું ?

એક જ પરમાણુ એક પ્રદેશને રોકે એટલો પહોળો છતાં એમાં અનંતા અનંતા પરમાણુ રહે, બાપુ ! વસ્તુનું સ્વરૂપ એવી ચીજ છે. આહા..હા...! એમ એક પ્રદેશમાં પણ અનંતા અનંતા સૂક્ષ્મ સ્કંધો અને બાકી દ્રવ્યના પ્રદેશોને રહેવાનું – અવકાશ દેવાનું સામર્થ્ય છે. એ પ્રદેશનો સ્વભાવ એટલો છે. આહા..હા...! એને જાણનારું તો જ્ઞાન છે કે, એક પ્રદેશમાં (આટલું સામર્થ્ય છે). એને તો (– આકાશને તો) પ્રદેશની પણ ખબર નથી અને દ્રવ્યની પણ ખબર નથી. આહા..હા...! આમાં રહેલાં અનંતા રજકણો (આવીને રહે) તોપણ એમાં (અવકાશ) દેવાનું સામર્થ્ય છે. એવું જ્ઞાન જાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અનંત સૂક્ષ્મ સ્કંધ છે, ભલે નાનામોટા હોય પણ બધાં સૂક્ષ્મ છે. આ તો જાડું છે, આ ક્યાં સૂક્ષ્મ છે ? આ સ્થૂળ છે. આ તો બે (પરમાણુથી માંડી) અનંત (પરમાણુ) સૂક્ષ્મપણે હોય એની વાત છે, આ તો સ્થૂળ છે. આની વાત નથી. સૂક્ષ્મપણે બેથી અનંત પરમાણુ એવા અનંતા સ્કંધ સૂક્ષ્મપણે પરિણમેલા હોય (તોપણ) એક પ્રદેશમાં રહેવાની તાકાત છે ! એક જ પરમાણુ જેટલો પહોળો ! આ..હા..હા...! છતાં એવા અનંતા અનંતા સ્કંધ ત્યાં રહે. સ્વભાવ કોને કહે ! આ..હા..હા...! એવા આકાશના એક પ્રદેશનો સ્વભાવ ! અજીવનો એવો સ્વભાવ ! આ..હા..હા...! તો ભગવાનઆત્મા...! લેશે, પેલો આંગળીનો દાખલો લેશે ને ? એમાં ટીકામાં બહુ સરસ લેશે. આહા..હા...!

આ તો આકાશના એક પ્રદેશમાં આટલું અવગાહન દેવાની શક્તિ (છે) એનું જ્ઞાન તો જીવે કર્યું છે. એ જીવની એક સમયની જ્ઞાનની પર્યાય અનંતા અનંતા કેવળીઓને જાણે... આહા..હા...! તોપણ એક સમયમાં ત્યાં ખડકાવ થઈને પર્યાય બે થાતી નથી. આહા..હા...! એને જીવની ખબર નથી. જીવ એટલે કોણ ? અને એના અનંત ગુણ – શક્તિ (કેટલી) ? અને અનંત ગુણ – શક્તિમાંથી એક સમયની એક ગુણની પર્યાય (કેવડી) ? આ..હા..હા...! આનું માપ બતાવે છે. આકાશને પણ જાણ્યું કોણે ? એ તો જ્ઞેય છે. જ્ઞેય અધિકાર છે ને ? સમજાણું કાંઈ ? આહા..હા...! જ્ઞાનની પર્યાયે એ રીતે આ બધું અસ્તિત્વ છે એમ જાણ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને તે જ્ઞાને આવી અનંતી અવગાહ દેવાની શક્તિને જાણી પણ એક સમયની પર્યાયમાં જાણી. સમજાણું કાંઈ ?

**‘આકાશ અવિભાગ (અખંડ) એક દ્રવ્ય હોવા છતાં...’** આહા..હા...! **‘તેમાં (પ્રદેશોરૂપ) અંશકલ્પના થઈ શકે છે,...’** આજે તો ઝીણો વિષય છે, ભાઈ ! **‘કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.’** પ્રદેશના ભાગ ન હોય તો બધા પરમાણુઓને (રહેવાનો) અવકાશ રહે નહિ. બધાં પરમાણુ કાંઈ એક જ પ્રદેશે રહે છે ? બીજા પરમાણુ બીજા પ્રદેશે (રહે), ત્રીજો પરમાણુ ત્રીજા (પ્રદેશે રહે) એવા ઘણા પરમાણુને રહેવાનો અંશ અંશ ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**‘આમ છતાં જો આકાશના અંશો ન હોય...’** આકાશ નામના પદાર્થના પ્રદેશ ન હોય... આ પ્રશ્ન (સંવત) ૧૯૭૯માં ‘અમરેલી’માં થઈ ગયો હતો. (એક ભાઈ) હતા. ૧૯૭૯માં ત્યાં ગયા હતા, રસ્તામાં આવે છે. અહીંથી ‘વરાડા’થી ‘અમરેલી’ ગયા ને ? ત્યાં ‘અમરેલી’ જવામાં વચમાં રેલ આવે છે, રેલના પાટા (આવે છે). ત્યાં સુધી લોકો સામે આવ્યા હતા. ’૭૯ની વાત છે. ‘આકાશના પ્રદેશ છે એ બધા કલ્પિત છે.’ એમ એમણે કહ્યું. કલ્પિતનો અર્થ નથી એમ નહિ. એના અંશ છે, આકાશના અનંત અંશ છે. એ..ઈ...! ’૭૯ની વાત છે, ’૭૯ ! કેટલા થયા ? ૫૨ વર્ષ થયા. પેલું ‘વરાડા’થી ‘અમરેલી’ જતા નથી આવતું ? રસ્તામાં રેલના પાટા (આવે છે). ઈ સ્ટેશન આમ રહી જાય છે અને ગામમાં આવવાનો રસ્તો આમ (જાય છે). ત્યાં એક પ્રશ્ન થયો હતો. ૫૨ વર્ષ પહેલાં ! ઈ ક્યાંક ભણવા ગયા હતા ને ? ‘કાશી’ ભણવા ગયા હતા. બાપુ ! આ ચીજ એ નથી. એ અનંત પ્રદેશ અસ્તિપણે છે, ભાગપણે છે, ખંડપણે છે. અખંડમાં પ્રદેશનો ખંડ જુદો છે. એક એક પ્રદેશમાં આખું દ્રવ્ય આવી જાય છે એમ નથી. આહા..હા...!

**‘આમ છતાં જો ‘આકાશના અંશો ન હોય (અર્થાત્ અંશકલ્પના ન કરાય)’ એવી (કોઈની) માન્યતા હોય, તો બે આંગળી આકાશમાં પ્રસારીને...’** હવે સિદ્ધાંત કહે છે. આ બે આંગળી છે ને ? **‘બે આંગળીનું એક ક્ષેત્ર છે કે અનેક’ તે કહો.’** જો એક (ક્ષેત્ર) કહો તો બે (આંગળી) સિદ્ધ નહિ થાય, બે સિદ્ધ નહિ થાય. આહા..હા...! બેનું ક્ષેત્ર એક હોય તો એક જ આંગળી સિદ્ધ થશે બે સિદ્ધ નહિ થાય. આચાર્યે તો અંદર સંસ્કૃત ટીકામાં ગજબનો દાખલો આપ્યો છે ! આ ગુજરાતીમાં ટીકા છે.

કહે છે, જો પ્રદેશ – ભાગ ન હોય, ક્ષેત્રના ભાગના અંશો ન હોય... (‘જયસેનાચાર્યદેવ’ની) સંસ્કૃત ટીકામાં છે. ‘**चिदानन्दैकस्वभावनिजात्मतत्त्व**’ જુઓ ! આચાર્યે ક્યાં નાખ્યું ! આહા..હા...! આ ભગવાનઆત્મા ! ચિદાનંદ એક સ્વભાવ છે, જ્ઞાનાનંદ એક સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવવાન તત્ત્વ (છે). ચિદાનંદ, જ્ઞાનાનંદ એક સ્વભાવ એવું નિજ આત્મતત્ત્વ ! ચિદાનંદ જ્ઞાનનો આનંદ એવો એક સ્વભાવ, એવું નિજાત્મતત્ત્વ ! આહા..હા...! ધ્યાન રાખજો, મુનિની વ્યાખ્યા કરે છે. એ બે મુનિ એક ક્ષેત્રમાં છે કે બે ક્ષેત્રમાં છે ? એમ સિદ્ધ કરે છે. અહીંયાં આંગળીની વાત રાખી છે. આહા..હા...! મુનિપણાની દશા કેવી હોય અને બે એક ક્ષેત્રમાં છે કે જુદા જુદામાં છે ? (તે કહે છે).

ચિદાનંદ ભગવાનઆત્મા ! આ..હા..હા...! જ્ઞાનાનંદ એક સ્વભાવ આત્મા ! ભગવાન અંદર આત્મા ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વ ! ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વ !! આ..હા..હા..હા...! '**परमैकाग्र्यलक्षण**' એવું જે ચિદાનંદ આત્મતત્ત્વ, ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વ ! એમાં જેની પરમએકાગ્રતા છે. મુનિ લેવા છે ને ? ચોથે અને પાંચમે એકાગ્રતા થોડી છે. સમજાણું કાંઈ ? સમ્યક્દ્રષ્ટિ અને પાંચમા ગુણસ્થાનમાં ચિદાનંદ એક સ્વભાવ નિજાત્મતત્ત્વમાં અમુક એકાગ્ર લક્ષણ છે અને મુનિને પરમએકાગ્ર લક્ષણ છે. આ..હા..હા...!

જેણે ચિદાનંદ પ્રભુ એક સ્વભાવી આત્મતત્ત્વમાં (એકાગ્રતા કરી છે), જેનું પરમએકાગ્રતા લક્ષણ (છે). અંદર પરમએકાગ્રતા (થઈ છે)... આ..હા..હા...! જુઓ ! આ દશા ! '**परमैकाग्र्यलक्षणसमाधिसंजात**' એવો ભગવાનઆત્મા ! પરમ સમાધિથી એ દશા ઉત્પન્ન થઈ ! આ..હા..હા...! ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વમાં પરમ એકાગ્રતા ! આહા..હા...! જેને મુનિપણું પ્રગટ્યું છે એને આવી દશા હોય. લોકોને ખબર પણ નથી મુનિપણું (કેવું હોય) ! આહા..હા...! સમજાણું કાંઈ ? પરમ એકાગ્રતા લક્ષણ ! એવી સમાધિ – એવી શાંતિ. એનાથી '**संजात**' (અર્થાત્) ઉત્પન્ન થયેલી. આહા..હા...!

'**निर्विकाराह्लाद**' આચાર્યને શબ્દો થોડા પડે છે ! જોયું ? કેટલા શબ્દો નાખ્યા છે ! આહા..હા...! બે મુનિને સિદ્ધ કરવા છે કે બે મુનિ બેઠા છે એ એક ક્ષેત્રે છે કે બે ક્ષેત્રે છે ? એક ક્ષેત્રે હોય તો બે સિદ્ધ નહિ થાય. બે ક્ષેત્ર ભિન્ન ભિન્ન હોય તો બે (ક્ષેત્રમાં) બે જુદાં છે. (જો એમ હોય તો) પ્રદેશ ભિન્ન થઈ ગયા. આહા..હા...! ભાઈ ! આ બધી Logicની ઝીણી વાત છે. તમારા બધા Logic સમજવા જેવા (હોય).

મુમુક્ષુ :– કાયદામાં Logic બહુ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આવે, પણ એ બધા સાધારણ ઠેકાણા વિનાના (હોય). આ તો સર્વજ્ઞના (કહેલાં Logic) ! આ..હા..હા...! પરમેશ્વર તીર્થંકરદેવ કેવળી પરમાત્મા એણે જે સ્વભાવ જોયા, એનો જે નિયમ... એની વસ્તુ અલૌકિક છે, બીજી વાત છે !

કહે છે કે, જ્ઞાનાનંદ સ્વભાવ (છે). ભાષા દેખો ! આત્માનો સ્વભાવ કોઈ રાગ ને પુણ્ય ને દયા, દાન એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ ? એનો તો ભેદરૂપ સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વ ! આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ? ચિદાનંદ એક સ્વભાવ આત્મતત્ત્વ ! જ્ઞાનાનંદ – જ્ઞાન અને આનંદ એવો જે એકરૂપ સ્વભાવ ! આહા..હા...! એવું જે આત્મતત્ત્વ ! એમાં જેની પરમએકાગ્રતા (છે) ! આહા..હા...! જુઓ દશા ! જુઓ આ મુનિપણું ! પરમએકાગ્રતા ! જ્ઞાનાનંદ તત્ત્વમાં પરમએકાગ્રતા ! જોયું ? જ્ઞાનાનંદ આત્મતત્ત્વ કહ્યું ! જ્ઞાનાનંદમાં એકાગ્રતા નહિ પણ ચિદાનંદ એક સ્વભાવી આત્મતત્ત્વ ! એમાં એકાગ્રતા. સમજાણું કાંઈ ?

જુઓ ! એક પ્રદેશની વ્યાખ્યા નાખતા મુનિની વ્યાખ્યા નાખી ! આ..હા..હા...! એકાગ્રલક્ષણ સમાધિ ! આ..હા..હા...! આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત અંદર સમાધિ, આનંદ પ્રગટ્યો. શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતરસ ! એવી જે સમાધિ ! લોગસ્સમાં નથી આવતું ? 'સમાહિ વર મુત્તં...' એવું આવે છે. ભાઈ ! કર્યું છે કે નહિ લોગસ્સ ? નથી કર્યું ? ઠીક ! આ તો લોગસ્સમાં આવે છે. ભાઈ ! 'સમાહિ વર મુત્તમમ્ દિંતુ...' આ મળ્યું પાધરું ! એમાં આવે છે, ભાઈ ! 'સમાહિ મુત્તમમ્ દિંતુ...' નહિ ? પણ એના અર્થની પણ ક્યાં ખબર છે ? ગડિયા હાંકે જાય !

આ..હા...! અહીં તો આત્માની સમાધિ ! સમાધિથી ઉત્પન્ન આનંદ ! ચિદાનંદ એક સ્વભાવી આત્મતત્ત્વમાં '**परमैकाग्र्यलक्षणसमाधिसंजात**' આ..હા..હા...! એવી સમાધિથી ઉત્પન્ન થયેલ નિર્વિકારી આહ્લાદ ! આ..હા..હા..હા...! દેખો ! એ દશા ! મોક્ષમાર્ગી જીવની ! આ..હા..હા...! પાંચ મહાવ્રતવાળા અને શરીરવાળા નથી કહ્યા. સમજાણું કાંઈ ? નિર્વિકાર આહ્લાદ ! નિર્વિકાર પ્રસન્નતા ! એમાં નિર્વિકલ્પ પ્રસન્નતા પ્રગટ થઈ ગઈ છે. આ..હા..હા...! એકરૂપ ! એ પણ એકરૂપ દશા પ્રગટી છે એમ કહે છે. આ..હા..હા...! ખંડ નહિ. નિર્વિકાર, આહ્લાદ, એકરૂપ ! કેટલા શબ્દો વાપર્યા છે ! આહા..હા...!

'**सुखसुधारसास्वाद**' એકરૂપ સુખ એવું જે અમૃત ! સુધા નામ (અમૃત). આ..હા..હા..હા...! ભગવાન અમૃતનો સાગર ! ભાઈ ! કોઈ 'દી સાંભળ્યું પણ નહિ હોય કે, આત્મા કેવો છે ? આહા..હા...! આહ્લાદ એકરૂપ સુખ ! એકરૂપ સુખ ! ત્યાં ક્યાં ખંડ છે ? અને સુધારસ ! એકરૂપ સુખનો અમૃતનો રસ ! અંદર આત્મામાં આ અમૃતનો રસ (છે). '**सुधारसास्वाद**' અંદર એ અમૃતના રસના સ્વાદમાં મુનિ તૃપ્ત છે, કહે છે. આહા..હા...! આ લાડવા-બાડવા ખાય ને પત્તરવેલિયા ખાય ને તૃપ્ત તૃપ્ત થઈને બેસે છે ને ? ધૂળેય નથી, ત્યાં તો એકલું દુઃખ છે. આ..હા...! ઓ.. એમ કરીને બેસે છે ! ઘીમાં તળેલી પુરણપોળી સરખી ખાય, પત્તરવેલિયા ખાય. ઓ...! પછી પેટ ઉપર હાથ ફેરવે ! (એમાં) સરખો પવન નીકળે ! આ..હા..હા...! ભગવાન ! તારી તૃપ્તિ તો જો અંદર ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**सुखसुधाररसास्वाद**' ! '**सुखसुधाररसास्वाद**'થી તૃપ્ત એવા '**मुनियुगल**' એવા બે મુનિ. ક્ષેત્રને ભિન્ન સિદ્ધ કરવું છે ને ? બે મુનિ ! એવા '**युगलस्यावस्थित**' જ્યાં રહ્યાં છે એ ક્ષેત્રમાં. આવા બે મુનિ રહ્યા છે જે ક્ષેત્રમાં. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? ભલે આકાશના પ્રદેશની ભિન્નતાનું વર્ણન કરે છે એને ભિન્ન સિદ્ધ કરવા મુનિનો દાખલો આપે (છે). આહા..હા...! આવા આત્માના આનંદમાં તૃપ્ત, તૃપ્તિ પામેલા બે મુનિઓ છે એ એક ક્ષેત્રમાં છે કે બે ક્ષેત્રમાં છે ? આ પૂછ્યું (છે). Logicથી તો વાત કરે છે. આહા..હા...!

એ આઠ આઠ વરસના બાળક હોય, હોં ! પણ આત્માના આનંદનું મુનિપણું પ્રગટે ! આ..હા..હા...! આઠ વરસના બાળક – રાજકુમાર ! એ અંદરમાં પરમ આનંદમાં એકાગ્રતા (કરીને) તૃપ્ત તૃપ્ત વર્તતા હોય ! આ..હા..હા...! મુનિ થયેલા બે રાજકુમારો આવી દશામાં પડ્યા હોય, કહે છે. એ બે એક ક્ષેત્રમાં રહ્યા છે કે બે (ક્ષેત્રમાં) રહ્યા છે ? એ પ્રશ્ન છે, જુઓ ! '**किमेकमनेकं वा। यद्येकं तर्हि द्वयोरप्येकत्वं...**' એક (ક્ષેત્ર) હોય તો બે એક થઈ જાય છે. બેનું ક્ષેત્ર એક હોય તો બે એક થઈ જાય છે. બે એક નથી, બે તદ્દન જુદાં છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

એવો પ્રસંગ યાદ કર્યો છે ને ! ક્ષેત્રના પ્રદેશની ભિન્નતા સિદ્ધ કરવામાં એવી વાત યાદ કરી છે. આહા..હા...! બે રાજકુમારો હોય, આઠ આઠ વરસની ઉંમરના બાળક હોય પણ અંદરમાં સ્વરૂપના સાધને ચડ્યા હોય. આ..હા..હા..હા...! (એમાં) ઉંમરનું કાંઈ નથી કે પચાસ, લાખ કે કરોડ પૂર્વનું હોય તો વધારે આનંદ હોય. આહા..હા...! એ રાજના કુંવરો પણ રાજતે શોભતે ઇતિ એવા આત્માથી અંદર શોભામાં (પડ્યા છે). આ..હા..હા...! ચિદાનંદ એકસ્વભાવ આત્મતત્ત્વમાં પરમએકાગ્ર લક્ષણ સમાધિ સંજાત. આહા..હા...! આહ્‌લાદ(રૂપ) એકરૂપ સુખ ! એક સુખ, એક સુખ ! સુધારસસ્વાદ ! આચાર્યને શબ્દો થોડા પડે છે ! આ..હા..હા...!

અજ્ઞાનીને અનાદિનો રાગનો રસ છે એ દુઃખનો રસ છે. પુણ્ય અને પાપનો રસ છે એમાં એકાગ્રતા છે એ દુઃખનો સ્વાદ છે, ઝેરનો સ્વાદ છે. આ..હા..હા...! ઠ પીવે છે અને માને છે કે અમે સુખી છીએ !! અહીંયાં તો ભગવાન આચાર્યદેવ... આ..હા..હા...! જેને અંદરમાં આનંદ ઉલ્લસ્યો છે, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થઈ છે, એના સુખના સુધારસમાં સ્વાદમાં તૃપ્ત છે... તૃપ્ત છે... આ..હા..હા..હા...! જેમ પૂરણપોળીને ઘીમાં બોળે અને આમ નીતરે, ઘી નીતરે (અને ખાઈને તૃપ્ત થાય). (ઈ) રોટલી શું પણ પહેલાં રીવાજ એવો હતો, ભાઈ ! જુવાન મરી જાય તો ચૂરમું ન કરે પણ રોટલી ઊની કરી, ઘીમાં બોળીને આપે. અમથો ખરચ વધતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :– એમાં ગળપણ નાખવાનું ?

સમાધાન :– ગળપણ નાખવામાં બિચારા ગરીબ માણસની ધૂળ નીકળી જાય. આ તો અમારા ઘરની ખબર છે. આહા..હા...! (સંવત) ૧૯૫૭ની સાલ ! 'ખુશાલભાઈ'થી મોટાભાઈ 'દીપચંદભાઈ' ગુજરી ગયા. (આમ) સાધારણ, પિતાજી બહુ રૂપાળા ને સુંદર શરીર ને ગૃહસ્થના દીકરા (હતા) એ કરી શકતા નહોતા. 'મુંબઈ'માં સાધારણ દુકાન હતી. સાધારણ દુકાન. એમાં મહેમાનો આવે એને લાપસી અને સુખડી ન દેવાય પણ ઊની ઊની રોટલી આમ ઘીમાં (બોળીને આપે). ઘીનું તપેલું ભર્યું હોય (એમાં) બોળી બોળીને આપે. ભાઈ ! આ તો બધું જોયું છે. આ..હા..હા...! તે 'દી અગિયાર વરસની ઉંમર હતી. (જોઈને એમ થયું) અરે...! આ શું કરે છે ? ઈ કરતાં સુખડી ખાય તો ખરચ થોડો (થાય). એવા... શું કહેવાય ઈ બધાં ? નાતના એવા બધાં... (શ્રોતા :– અગ્રેસર !) ના, અગ્રેસર નહિ. (શ્રોતા :– શેઠિયાઓ !) શેઠિયા નહિ. વ્યવહારની એવી ગાંઠ્યું બંધાઈ ગયેલી કે, એ વખતે સુખડી ન દેવાય. વીસ વરસનો (જુવાન) મરી ગયો હોય, આને સત્યાવીસ વરસ હતા. આહા..હા...! સાધારણ ઘર, ઘીની તપેલી ભરી (એમાં રોટલી બોળીને આપે). ત્રણ-ચાર બાઈયું મોટી તપેલી ભરે. પેલા પણ ના ન પાડે કે, અત્યારે આવું ન હોય. ભાઈ ! આ તો બધું જોયેલું. બોળીને આપે ! કોઈ વખતે તો એમાં નાખી અને આમ કરી... ઘીમાં વધારે નાખી એમાં નાખે. રોટલીને આમ ઊંચી કરી વચ્ચે (ઘી નાખે).

મુમુક્ષુ :– તે 'દીના ઘી એવા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તે 'દી પૈસા ક્યાં હતા ? તે 'દી રૂપિયાનું અઢી શેર ઘી (હતું). તે 'દી બેશેર હશે, અઢી શેર તો હમણાં હતું.

મુમુક્ષુ :– તે 'દી ચોખ્ખું ઘી હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચોખ્ખું... ચોખ્ખું... ઘી બહુ ચોખ્ખા હતા. આહા..હા...! અહીં તો બીજું કહેવું છે કે, લોકોમાં આવા પ્રતિબંધ થઈ ગયા તો એ રીતે વ્યવહાર ચાલ્યો. આહા..હા...!

અહીં કહે છે કે, આ મુનિનો વ્યવહાર તો જો ! આ..હા..હા..હા...! ધર્મી જીવનો વ્યવહાર કેવો ? કહે છે. એ વિકલ્પ છે એ એનો વ્યવહાર નહિ. આ..હા..હા...! વસ્તુ છે ઈ ત્રિકાળી નિશ્ચય છે એમાં પરમએકાગ્રતા લક્ષણ સંજાત ! સમાધિ સંજાત આહ્‌લાદ એકરૂપ સુખ ! સુધારસના સ્વાદમાં તૃપ્ત ! આ..હા..હા..હા...! ગજબ વાત કરી છે ને !

કહે છે, આવા બે મુનિઓ બેઠા છે. આમ નજરે લક્ષમાં લીધા. આહા..હા...! આવા મુનિપણાનો મોક્ષમાર્ગ સ્થાપ્યો અને એનું અસ્તિત્વ સિદ્ધ કર્યું અને એ અસ્તિત્વની શ્રદ્ધાવાળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહે છે. આ..હા..હા...! આવું જગતમાં હોય તો એ બે મુનિઓ બે છે તો એક ક્ષેત્રમાં રહ્યા છે કે બેમાં ? આ છોકરાને સમજાય છે કે નહિ ? ક્યાં ગયા ? સમજાય છે કે નહિ આમાં ? આવા બે મુનિ હોય ને ? કહે છે કે, ઈ એક જગ્યામાં રહ્યા છે કે એની બે જગ્યા છે ? એક જગ્યાએ હોય તો બે થાતા નથી અને બે (જગ્યા) છે તો અંદર બે જગ્યાના ભાગ પડી ગયા. આ..હા..હા...!

'**બે આંગળીનું એક ક્ષેત્ર છે કે અનેક' તે કહો.**' એમાં આ દાખલો આપ્યો (છે). અહીં બે આંગળી કીધી, 'જયસેનાચાર્યદેવે' બે મુનિનો (દાખલો આપ્યો). '**જો બે આંગળીનું એક ક્ષેત્ર છે**' એટલે બે મુનિનું એક ક્ષેત્ર છે '**એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), (૧) આકાશ અભિન્ન અંશોવાળું...**' આકાશ અખંડ અંશોવાળું – ભાગ પડ્યા વિનાનું '**એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે કે (૨) ભિન્ન અંશોવાળું...**' ભિન્ન અંશ છે છતાં '**અવિભાગ એક દ્રવ્ય છે...**' ભાગ પડ્યા વિનાનું દ્રવ્ય એક છે. '**તેથી ?**' એ બે પ્રશ્ન કર્યા.

'**(૧) આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે...**' એમ કહેવામાં આવે તો એક આંગળીનું ક્ષેત્ર છે તે જ બીજી આંગળીનું ક્ષેત્ર થઈ ગયું. જે અંશ એક આંગળીનો છે તે જ બીજી આંગળીનો થઈ ગયો. '**તેથી બેમાંથી એક અંશનો અભાવ થયો.**' જરી ન્યાયથી ઝીણી વાત કરી છે. છેલ્લામાં છેલ્લું આ ઝીણું આવ્યું છે. આ..હા..હા...! શું કીધું ઈ ?

આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય જો હોય તો બે આંગળીનું એક ક્ષેત્ર છે એમ કહેવામાં આવે તો જે અંશ એક આંગળીનું ક્ષેત્ર છે, જે અંશ એક આંગળીમાં રહેલો છે તે જ અંશમાં બીજી આંગળી છે એમ થઈ ગયું, બે ભાગ ન રહ્યાં. તે જ અંશ બીજી આંગળીનું ક્ષેત્ર એમ થઈ ગયું. ઝીણી વાત છે જરી, આ વાણિયાને બેસવી (કઠણ પડે). આહા..હા...! બહારના કેટલા દાખલા નથી કરતા ? વ્યાજ કાઢે છે, ચક્રવર્તી વ્યાજ (કાઢે છે).

કહે છે, આ તો આત્મા અસંખ્યપ્રદેશી છે એમ આકાશ પણ અનંતપ્રદેશી છે. આહા..હા...! એનું અનંતપ્રદેશીપણું કેમ છે ? કે, બે આંગળી રહેલી છે એ બે આંગળીનું દ્રવ્યપણું (ભલે) એક (હોય) પણ એના પ્રદેશનું ક્ષેત્ર એક કે બે ? જો પ્રદેશનું ક્ષેત્ર એક હોય તો બેના (ક્ષેત્ર) એક થઈ જાય છે. માટે બેના ક્ષેત્ર બે છે તો પ્રદેશ ભિન્ન થઈ ગયા, દ્રવ્ય ભલે અવિભાગ હોય. દ્રવ્યના ભાગ ન પડે પણ પ્રદેશના ભાગ પડ્યા. આહા..હા...! આવી વાત છે, ભાઈ !

'પ્રવચનસાર' ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ! એણે કહેલી દિવ્યધ્વનિનો આ સાર છે ! અરે...! એણે સમજવું તો પડશે ને ? અરે...! આ માનવપણું મળ્યું (ઈ) ચાલ્યું જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમાં વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન સ્વસહિતનું ન થાય (તો) કંઈ કર્યું નહિ. એ (બીજા) બધા રખડવાના રસ્તા છે. અહીં મોટો કરોડપતિ, અબજપતિ શેઠિયો હોય, લ્યો ! મરીને ઢેઢગરોળીને (કૂંખે) અવતરે ! આ..હા...! બકરીની કૂખે અવતરે ! માયા ને કપટ કર્યા હોય, માંસ-દારૂ ન (ખાધા) હોય (ઈ તિર્યંચમાં) જાય. આડોડાઈ કરી હોય ઈ આડોડાઈમાં અવતરે. એ શરીર આડા છે ને ? ગાય, ભેંસ આમ આડા છે આડા, માણસ આમ ઊભા છે. ગાય, ઘોડો, ઊંદર આમ આડા છે. એનો અર્થ કે પૂર્વે આડોડાઈ બહુ કરેલી. માયા, કપટ, કુટિલ, દંભ ને એટલી આડોડાઈ (કરી) કે પર્યાયમાં તો આડોડાઈ થઈ ગઈ પણ શરીર આમ આડું થઈ ગયું. આહા..હા...! આ ફળ આવ્યું છે એની ખબર નથી પડતી ? આ માણસ આમ ઊંચો ચાલે છે અને ખિસકોલી, ઊંદર, કાગડા આમ આડા દેખાય છે કે નહિ ? તો એનું કંઈ કારણફેર હશે કે નહિ ? ભાઈ ! આ વાણિયા તો ઘણા સમજ્યા વિના હશે ને... સમજણ અને આવી ઓળખાણ નહિ કરી હોય તો એની ગતિ આવી છે. એવું છે. આહા..હા...! કુદરતના નિયમમાં જે એની યોગ્યતા હોય એ પ્રમાણે આવે. એ કંઈ કોઈ આપી દે એવું છે ત્યાં ? આહા..હા...!

(અહીંયાં કહે છે) '**બેમાંથી એક અંશનો અભાવ થયો.**' શું કીધું ? અવિભાગ અકાશના દ્રવ્ય તરીકે ભાગ નહિ પણ એના પ્રદેશ તરીકે જો ભાગ ન હોય અને જે ઠેકાણે એક મુનિ છે તે જ ઠેકાણે બીજા મુનિ (હોય) તો તો બેનું સ્થાન એક જ થઈ ગયું, બે સ્થાન રહ્યાં નહિ. બે આંગળીનું એક ક્ષેત્ર (હોય તો એમાં જ) બીજી આંગળીનું ક્ષેત્ર થઈ ગયું. એટલે બીજા અંશનો અભાવ થઈ ગયો. એક અંશમાં બે રહી ગયા. બીજો અંશ જે એમાં હતો એનો તો અભાવ થઈ ગયો. આહા..હા...! આવી વાત છે !

પ્રશ્ન :– આમાં આંગળીની શું જરૂર છે ?

સમાધાન :– આંગળીનો દાખલો લોકો સીધો સમજે એટલે (કહે છે). જુઓ ! આ આંગળી છે. જે ઠેકાણે, જે ભાગમાં આ આંગળી છે તે ભાગમાં આ (બીજી) આંગળી છે ? આ તો બીજો ભાગ થઈ ગયો (માટે) પ્રદેશ જુદા થઈ ગયા. સમજાય છે કાંઈ ? જરી ઝીણું પડે પણ આ તો અધિકાર આવ્યો હોય ઈ આવે ને ? અહીં ગાથા આ છે ને ? આહા..હા...! આજે તો 'સમવસરણ (મંદિર)'ની તિથિ છે. એક મહિનો થયો ને ? વૈશાખ વદ ૬ મહિનો થયો. માસિક તિથિ છે ને ? તેંત્રીસ વરસ (થયાં). આહા..હા...!

શું કહ્યું ? ભગવાન ! આકાશ નામનો પદાર્થ વસ્તુ તરીકે અખંડ અભેદ દ્રવ્ય ખરું પણ એના પ્રદેશ તરીકે ભેદ ન હોય તો એક ક્ષેત્રમાં રહેલી ચીજ અને બીજામાં રહેલી (ચીજ) બે એક થઈ જાય અને બેને એક માનો તો બીજા અંશનો અભાવ થતાં, ત્રીજા અંશનો અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં (બધા) અંશનો અભાવ થઈ જશે. સમજાણું કાંઈ ? ભાઈ ! આવું બધું ત્યાં સાંભળવા મળ્યું નહોતું.

મુમુક્ષુ :– આ વાત જ ક્યાંય હતી નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...!

એમ તારો આત્મા અસંખ્યપ્રદેશી અખંડ દ્રવ્ય ખરું પણ જે સ્થાન અહીં છે તે સ્થાન અહીં છે ? ક્ષેત્ર – પ્રદેશ ભિન્ન ભિન્ન છે. અહીં અને અહીં પ્રદેશો ભિન્ન ભિન્ન છે. વસ્તુ તરીકે એક, પ્રદેશ તરીકે અસંખ્ય (પ્રદેશ) ભિન્ન છે. આ પ્રદેશ છે ઈ અહીં છે અને આ છે તે અહીં છે એમ છે ? આહા..હા...! જુઓ ! આ વીતરાગ સર્વજ્ઞ ! એમના કહેલા પદાર્થો ! પદાર્થનું આ વિજ્ઞાન છે ! આ અત્યારે તમારે (લૌકિક ભણતરમાં) વિજ્ઞાન નથી ચાલતું ? આ તો વીતરાગી વિજ્ઞાન છે.

**'એ રીતે બે વગેરે (અર્થાત્ એકથી વધારે) અંશોનો અભાવ થવાથી આકાશ પરમાણુની માફક પ્રદેશમાત્ર ઠર્યું !'** લ્યો, ઠીક ! બે (ચીજમાં) બે ક્ષેત્ર ન માનો અને બેનું એક (ક્ષેત્ર) માનો તો આખું આકાશ એક અંશ (માત્ર) રહેશે. ભિન્ન ભિન્ન અંશ નહિ ઠરે. આહા..હા...! છે તો ઝીણું પણ હવે એણે પકડવું તો પડશે ને ? **'એ રીતે બે વગેરે (અર્થાત્ એકથી વધારે) અંશોનો અભાવ થવાથી આકાશ પરમાણુની માફક પ્રદેશમાત્ર ઠર્યું !'** એક અંશ ઠર્યો. એક પ્રદેશ જેટલું આકાશ થયું. અનંતનો અભાવ થઈ ગયો. આહા..હા...! **'(માટે તે તો ઘટતું નથી).'**

'(૧) **'આકાશ ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે...'** હવે બીજો પ્રશ્ન કહે છે. આકાશ ભિન્ન અંશો(વાળું) પણ અવિભાગ એક દ્રવ્ય (છે), દ્રવ્ય તરીકે એક (છે). **'તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (તે યોગ્ય જ છે કારણ કે) અવિભાગ એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ.'** આકાશ અખંડની અપેક્ષાએ આ બધું ક્ષેત્ર એક છે. આનું, આનું, પણ છે આકાશનું ક્ષેત્ર. **'એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ.'**

**'જો 'બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે (અર્થાત્ એકથી વધારે ક્ષેત્ર છે, એક નથી)' એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) (૧) 'આકાશ સવિભાગ (ખંડખંડરૂપ) અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક (એકથી વધારે) ક્ષેત્ર છે કે (૨) આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે ? (૧) 'આકાશ સવિભાગ અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો, આકાશ કે જે એક દ્રવ્ય છે તેને અનંતદ્રવ્યપણું ઠરે !'** એક પ્રદેશને જ આખું દ્રવ્ય માનવામાં આવે... આહા..હા...! એને જુદો પ્રદેશ માનવામાં ન આવે તો એક જ પ્રદેશને આખું અવિભાગ દ્રવ્ય માનવામાં આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ तिर्यगूर्ध्वप्रचयावावेदियति -

**एक्को व दुगे बहुगा संखातीदा तदो अणंता य।**
**दव्वाणं च पदेसा संति हि समय त्ति कालस्स।।१४१।।**
**एको वा द्वौ बहवः संख्यातीतास्ततोऽनन्ताश्च।**
**द्रव्याणां च प्रदेशाः सन्ति हि समया इति कालस्य।।१४१।।**

प्रदेशप्रचयो हि तिर्यक्प्रचयः समयविशिष्टवृत्तिप्रचयस्तदूर्ध्वप्रचयः। तत्राकाशस्यावस्थिताऽनन्तप्रदेशत्वाद्धर्माधर्मयोरवस्थितासंख्येयप्रदेशत्वाज्जीवस्यानवस्थितासंख्येयप्रदेशत्वात्पुद्गलस्य

---

अथ तिर्यक्प्रचयोर्ध्वप्रचयौ निरूपयति - **एक्को व दुगे बहुगा संखातीदा तदो अणंता य** एको वा द्वौ बहवः संख्यातीतास्ततोऽनन्ताश्च। **दव्वाणं च पदेसा संति हि** कालद्रव्यं विहाय पञ्चद्रव्याणां संबन्धिन एते प्रदेशा यथासंभवं सन्ति हि स्फुटम्। **समय ति कालस्स**

---

હવે, તિર્યક્પ્રચય તથા ઊર્ધ્વપ્રચય જણાવે છે :–

**વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને**
**બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.**

---

'(૨) '**આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં તો...**' તે બરાબર છે. દ્રવ્ય તરીકે અખંડ છે, પ્રદેશ તરીકે ભિન્ન છે. આહા..હા...! ક્યાંથી ચાલ્યું આવે છે, જોયું ? ૧૨૭ (ગાથાથી). ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન પ્રકાર (કહેતા આવે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्येणानेकप्रदेशत्वशक्तियुक्तैकप्रदेशत्वात्पर्यायेण द्विबहुप्रदेशत्वाच्चास्ति तिर्यक्प्रचयः। न पुनः कालस्य, शक्त्या व्यक्त्या चैकप्रदेशत्वात्। ऊर्ध्वप्रचयवस्तु त्रिकोटिस्पर्शित्वेन सांशत्वाद्द्रव्यवृत्तेः सर्वद्रव्याणामनिवारित एव। अयं तु विशेषः समयविशिष्टवृत्तिप्रचयः शेषद्रव्याणामूर्ध्वप्रचयः, समयप्रचयः एव कालस्योर्ध्वप्रचयः। शेषद्रव्याणां वृत्तेर्हि समयादर्थान्तरभूतत्वादस्ति समयविशिष्टत्वम्। कालवृत्तेस्तु स्वतः समयभूतत्वात्तन्नास्ति।।१४१।।

---

कालस्य पुनः पूर्वोक्तसंख्योपेताः समयाः सन्तीति। तद्यथा - एकाकारपरमसमरसीभावपरिणतपरमानन्दैकलक्षणसुखामृतभरितावस्थानां केवलज्ञानादिव्यक्तिरूपानन्तगुणाधारभूतानां लोकाकाशप्रमितशुद्धासंख्येयप्रदेशानां मुक्तात्मपदार्थे योऽसौ प्रचयः समूहः समुदायो राशिः स। किं किं भण्यते। तिर्यक्प्रचय इति तिर्यक्सामान्यमिति विस्तारसामान्यमिति अक्रमानेकान्त इति च भण्यते। स

---

**અન્વયાર્થ :–** **[द्रव्याणां च]** દ્રવ્યોને **[एकः]** એક, **[द्वौ]** બે, **[बहवः]** ઘણા, **[संख्यातीताः]** અસંખ્ય **[वा]** અથવા **[ततः अनन्ताः च]** અનંત **[प्रदेशाः]** પ્રદેશો **[सन्ति हि]** છે. **[कालस्य]** કાળને **[समयाः इति]** ‘સમયો’ છે.

**ટીકા :–** પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્યક્પ્રચય અને સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે ઊર્ધ્વપ્રચય.

---

હવે, ૧૪૧ (ગાથામાં) ‘**તિર્યક્પ્રચય તથા ઊર્ધ્વપ્રચય જણાવે છે :–**’ બે-બે ભિન્ન ભિન્ન બતાવે છે ને ?

**एक्को व दुगे बहुगा संखातीदा तदो अणंता य।**
**दव्वाणं च पदेसा संति हि समय त्ति कालस्स।।१४१।।**

**વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને**
**બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



च प्रदेशप्रचयलक्षणस्तिर्यक्प्रचयो यथा मुक्तात्मद्रव्ये भणितस्तथा कालं विहाय स्वकीयस्वकीयप्रदेशसंख्यानुसारेण शेषद्रव्याणां स भवतीति तिर्यक्प्रचयो व्याख्यातः। प्रतिसमयवर्तिनां पूर्वोत्तरपर्यायाणां मुक्ताफलमालावत्सन्तान ऊर्द्ध्वप्रचय इत्दद्ध्वसामान्यमित्यायतसामान्यमिति क्रमानेकान्त इति च भण्यते। स च सर्वद्रव्याणां भवति। किंतु पञ्चद्रव्याणां संबन्धी पूर्वापरपर्यायसन्तानरूपो योऽसादूर्ध्वताप्रचयस्तस्य स्वकीयस्वकीयद्रव्यमुपादानकारणम्। कालस्तु प्रतिसमयं सहकारिकारणं भवति। यस्तु कालस्य समयसन्तानरूप ऊर्द्ध्वताप्रचयस्तस्य काल एवोपादानकारणं सहकारिकारणं च। कस्मात्। कालस्य भिन्नसमयाभावात्पर्याया एवं समया भवन्तीत्यभिप्रायः।

॥૧૪૧॥

---

ત્યાં આકાશ અવસ્થિત (–નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી અને પુદ્‌ગલ દ્રવ્યે અનેકપ્રદેશીપણાની શક્તિ સહિત એક પ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (–સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી, તેમને તિર્યક્‌પ્રચય છે. પરંતુ કાળને તિર્યક્‌પ્રચય નથી, કારણ કે તે શક્તિએ તેમ જ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે.

---

‘**પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્યક્‌પ્રચય...**’ શું કહે છે ? આમ આકાશના પ્રદેશો કે જીવના (પ્રદેશો) તિર્યક્‌પ્રચય (અર્થાત્) આમ પથરાયેલા છે. છે ? (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં તિર્યક્‌નો અર્થ આપ્યો છે). ‘તિર્યક્ = તીરછો; આડો; ક્ષેત્ર-અપેક્ષિત.’ ‘**અને સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે ઊર્ધ્વપ્રચય છે.**’ દ્રવ્યમાં પરિણતિની જે પર્યાય થાય એ એક પછી એક આમ થાય અને પ્રદેશો જે તીરછા છે એ એકસાથે આમ (આડા પથરાયેલા) છે. આહા..હા...! એમ આત્મામાં જે અનંત ગુણ છે એ એક સમય(માં) આમ તીરછા પથરાયેલા છે અને એની પર્યાય જે છે એ આમ ઊર્ધ્વપ્રચય છે.

આત્મા વસ્તુ છે એમાં અનંત ગુણ (છે). પણ અનંત ગુણ વર્તમાન તીરછા એકસાથે આમ વિસ્તાર(થી) પથરાયેલા છે અને એની જે પર્યાય છે એ પણ એક સમયે એક અને બીજે સમયે બીજી (થાય છે). એમાં ઊર્ધ્વક્રમ (છે). કાળક્રમે ઊર્ધ્વપ્રચય છે. કાળક્રમે એનો ઊર્ધ્વ સમૂહ છે. કહો, આ તો સાદી ભાષા છે.

આ આત્મા છે ને ? વસ્તુ ! એમાં અનંત ગુણ છે એ ગુણ ક્રમે ક્રમે છે ? એકસાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે, કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ કોટિને (–ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી અંશો સહિત છે. પરંતુ, આટલો ફેર છે કે સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે (કાળ સિવાય) બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વપ્રચય છે અને સમયોનો પ્રચય તે જ કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણ કે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત (–અન્ય) હોવાથી તે (વૃત્તિ) સમયવિશિષ્ટ છે અને કાળદ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ સમયભૂત હોવાથી તે (વૃત્તિ) સમયવિશિષ્ટ નથી. ૧૪૧.

---

આમ છે. જેમ સાકર છે એ સાકરમાં ધોળાશ, મીઠાશ, સુંવાળપ એકસાથે આમ પથરાયેલી છે. બરાબર છે ? પણ એની પર્યાયમાં જે થોડી મીઠાશ કે વધારે મીઠાશ (થાય છે) એ પર્યાય ક્રમસર છે. આમ કાળક્રમે (થાય છે). એ ઊર્ધ્વકાળક્રમે પર્યાય છે. એક સમયમાં આમ તીરછી અનંતી પર્યાય નથી, ઊર્ધ્વ પર્યાય છે (એ) આમ એક પછી એક (થાય છે). આવા દ્રવ્યના ભાગ છે, કહે છે. સમજાય એટલું સમજવું, આ તો વીતરાગનો આવો માર્ગ છે, બાપુ ! આહા..હા...!

મુમુક્ષુ :– સમજાય એટલું સમજવું એમ કહીને આપ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના, ના. એમ કે આ જરી ઝીણું પડે છે એમ લાગે (તો તે માટે કહ્યું). એ પ્રશ્ન સભામાં થઈ ગયેલો. આ ઝીણું કહીએ છીએ એનો અર્થ કે, વધારે ધ્યાન આપવા લાયક છે એમ. ઝીણાની વ્યાખ્યા ન સમજાય એમ નહિ પણ ધ્યાન વધારે દેવા લાયક છે. ચાર મહિના ફર્યા એમાં માણસ બહુ આવ્યું ને ! લાખો માણસ ! આ..હા..હા...!

મુમુક્ષુ :– આપનો ઘણો ઉપકાર છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કરે ? આ..હા..હા...! આ તો સમજાય એવી વાત છે. પેલી જરી... પેલી (વાત) પણ સમજાય એવી હતી.

વસ્તુ આમ અખંડ એક હોવા છતાં બે સાધુ કે બે આંગળી જ્યાં છે એનું ક્ષેત્ર એક કરો તો બે રહેતા નથી અને બે માનો તો પ્રદેશ ભિન્ન થઈ ગયા છે, બન્નેનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા...!

હવે અહીંયાં બીજી રીતે દ્રવ્યોને (બતાવે છે). એક તિર્યક્પ્રચય છે અને એક ઊર્ધ્વપ્રચય છે. આત્મામાં કે આ પરમાણુમાં જે અનંત ગુણ છે એ આમ પથરાયેલા છે, એકસાથે આમ (છે), આમ તીરછા, આડા (પથરાયેલા છે) અને એની પર્યાય જે છે એ કાળક્રમે આમ ઊર્ધ્વ છે – એક પછી એક, એક પછી એક, એક પછી એક...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં પાછું સિદ્ધ કરવું છે (કે) કાળમાં ઊર્ધ્વપ્રચય છે પણ તિર્યક્પ્રચય નથી. એમ સિદ્ધ કરવું છે. અને ધર્માસ્તિ, અધર્માસ્તિમાં તિર્યક્પ્રચય છે અને કાળની અપેક્ષાએ એમાં ઊર્ધ્વપ્રચય પણ છે. કાળમાં તિર્યક્પ્રચય નથી. એમ કરીને એક કાળાણુ ભિન્ન સિદ્ધ કરવો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? દુકાનમાં હોય તો લેખાલેખી બધું ધ્યાન રાખે. એકેએક (વાતનું ધ્યાન રાખે) ! અહીં ભગવાન શું કહે છે એની એને ખબર ન મળે. થોથા જેમાં એકલાં પાપ બંધાય (એનું બધું ધ્યાન રાખે).

મુમુક્ષુ :– આ નવું છે અને પેલું જૂનું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જૂનું પણ ક્યાં હતું ? ભૂલી ગયો. પાછું પર્યાયમાં નવું નવું કરે છે. નિગોદમાં ગયો હતો તો કાંઈ નહોતું. અહીંયાં બહાર આવ્યો ત્યાં નવું ઘાલ્યું – આ વકીલાતના બોલ અને ફલાણાના બોલ ને લોઢાના... આ ભાઈને લોઢાનું છે ને ?

મુમુક્ષુ :– લોઢું સોનું થઈ ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ તો ભાવ વધી ગયા. લોઢાનો ભાવ તો જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ઈ છે. એક ફેરી પૂછ્યું હતું નહિ ? કે, સોનાનો ભાવ કેવો ? કો'ક કહે પાંચ શેર ને કો'ક (બીજું કહેવા માંડ્યું). ઈ સોનાનો ભાવ કહેવાય ? સોનાનો ભાવ તો એનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જે છે ઈ એનો ભાવ (છે) કે જે એની સાથે કાયમ રહે. આ તો તમારો કલ્પિત છે.

મુમુક્ષુ :– અપાસરાનો ઈ ભાવ અને પેલો બજારનો ભાવ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બજારના બધા કલ્પિત (ભાવ છે). ૨૫ રૂપિયાનું તોલો હતું ને ? ૬૦ વરસ પહેલાં બાર રૂપિયાનું અડધો તોલો !

મુમુક્ષુ :– થોડા વખત ૨૦ રૂપિયા તોલો થઈ ગયું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ થઈ ગયું હશે, ૨૪નો ખ્યાલ છે. લ્યો, અત્યારે થઈ ગયો ક્યાંનો ક્યાંય ! એ તો કલ્પનાનો ભાવ છે કે સોનાનો ભાવ છે ? આ ભાવ વધી ગયો તો સોનામાં ચીકાશ વધી ગઈ ? પાંચસો (રૂપિયાનો) તોલો (થઈ ગયો) એટલે ચીકાશ વધી ગઈ ? એનો તો રંગ, ગંધ, રસ, સ્પર્શ જે ભાવ છે (એ) એમને એમ છે. આહા..હા...! એમ ભગવાનઆત્માનો ભાવ શું ? એમ પૂછ્યું હતું. સોનાનો ભાવ શું ? ત્યારે કહે, આ (ભાવ). ઈ ભાવ સોનાનો નહિ. સોનાનો ભાવ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એમ આત્માનો ભાવ ? આ શરીર, વાણી, મન ઈ આત્માનો ભાવ (છે) ? પુણ્ય અને પાપ આત્માનો ભાવ (છે) ? નહિ. એ કહ્યું ને ? ચિદાનંદ એક સ્વભાવ નિજઆત્મતત્ત્વ ! આ..હા..હા...! એનો ભાવ તો જ્ઞાનાનંદનું એકરૂપ એવો જે એનો ભાવ (છે) એવું એનું સ્વરૂપ છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અહીંયાં કહે છે), '**સમયવિશિષ્ટ વૃત્તિઓ...**' (અર્થાત્) પરિણતિ; પર્યાય; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય; અસ્તિત્વ. સમયે સમયે અવસ્થા વર્તે. એ બધી એક સમયની અવસ્થાઓ એકસાથે બધી ત્રણ કાળની ન હોય. ગુણ જે છે એ એક સમયે સાથે હોય પણ પર્યાય છે તે બધી એક સમયે સાથે ન હોય. અને એનો અર્થ પણ એ કે, જેમ એના ગુણ એકસાથે આમ તીરછા સરખા છે (એમ) એની પર્યાય એકસરખી આમ (ઊર્ધ્વ) છે, આડીઅવળી નહિ અને આઘીપાછી નહિ. ક્રમબદ્ધ ! એવું છે, વસ્તુનું સ્વરૂપ એવું છે.

સાંકળીના મકોડા છે એ એકસાથે આમ હજાર છે પણ એની પર્યાયનું બદલવું (થાય છે) એ ક્રમે ક્રમે (થાય) છે. એ ઊર્ધ્વપ્રચય કહેવાય અને આમ કડીઓ છે એમાં ગુણો છે ઈ આમ તિર્યક્પ્રચય કહેવાય.

છ દ્રવ્યમાં ભેદ છે એમ સિદ્ધ કરવું છે. છ દ્રવ્ય તરીકે ભલે હો પણ એના બે પ્રકાર છે. એક ઊર્ધ્વપ્રચયરૂપ અને એક તિર્યક્પ્રચયરૂપ સહિત ઊર્ધ્વપ્રચય. સમજાણું કાંઈ ? આ બધી ભાષા એવી (છે). પેલું એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા હતું, ઇચ્છામી પડિકમ્મા... તસ્સ મિચ્છામી દુક્કડમ્ ! કાંઈ હતું એમાં ? આહા..હા...! કાંઈ ખબર ન મળે. જગતને ક્યાં છું ? કોણ છું ? એની ખબર ન મળે. અહીંયાં જ્યાં જન્મ્યા એટલે આના દીકરા, દીકરી થઈ ગયા. આ..હા...! અને જે ઘરમાં આવ્યા ઈ ઘર અમારું થઈ ગયું ! તારા ઘરમાં અનંત ગુણ એકસાથે પડ્યા છે અને તારા ઘરમાં પર્યાયો એક પછી એક થાય છે. એમ છે.

'**આકાશ અવસ્થિત (–નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશવાળું હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશવાળાં હોવાથી,...**' બીજા બે દ્રવ્ય છે ને ? '**જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી...**' જોયું ? પેલા સ્થિર (પ્રદેશવાળા) છે અને જીવમાં અસંખ્ય પ્રદેશ ફરી જાય છે. સંખ્યાએ તે (જ રહે). '**અને પુદ્ગલ દ્રવ્યે અનેકપ્રદેશીપણાની શક્તિ સહિત એક પ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (–સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી, તેમને તિર્યક્પ્રચય છે.**' આહા..હા...!

અહીં તો છ દ્રવ્યમાં, ભગવાને જોયેલા છ (દ્રવ્યમાં) બે ભાગ છે. એક તિર્યક્પ્રચયવાળા દ્રવ્ય છે અને એક ઊર્ધ્વપ્રચયવાળા દ્રવ્ય છે. '**પરંતુ કાળને તિર્યક્પ્રચય નથી,...**' એટલું સિદ્ધ કરવું છે. અસંખ્ય કાળ એકસાથે આમ છે એમ નથી. કાળ તો એક એક દ્રવ્ય ભિન્ન છે. ભાઈ ! આહા..હા...! આજનો રવિવારનો 'દી હતો અને વળી આ (આવ્યું) ! પણ અંદર પેલો મુનિનો વિષય આવ્યો હતો એ સારો હતો.

'**કારણ કે તે શક્તિએ તેમ જ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે.**' પરમાણુઓ એકપ્રદેશી છે પણ પર્યાયે ઘણા પ્રદેશવાળો સ્કંધ થઈ શકે છે તો એ અપેક્ષાએ એને તિર્યક્પ્રચય કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે. પણ કાળને તો તીરછોપ્રચય એક અને બીજો (એમ) બે કાળદ્રવ્ય ભેગા થાય એમ છે નહિ. આહા..હા...! કાળ જ એમ સૂચવે છે કે એક એક સમયની પર્યાય ભિન્ન ભિન્ન આમ (ઊર્ધ્વ) છે. એને આમ બે (પ્રદેશ) ભેગા થાય એવું કાળને હોતું નથી. આ..હા..હા...!

જુઓ ! એક કાળદ્રવ્યને સિદ્ધ કરવા (કેટલા Logic આપે છે) ! જે શ્વેતાંબર માનતા નથી. એને 'કુંદકુંદાચાર્યદેવ' (સિદ્ધ કરે છે). કારણ કે શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો પછી સો વર્ષે આ (શાસ્ત્ર) બનાવ્યા છે. એમાં આ સિદ્ધ કર્યું છે. કાળ નામનું દ્રવ્ય તિર્યક્પ્રચય નથી. ઘણાં ભેગા થાય એમ નથી છતાં ઘણા દ્રવ્ય છે. આહા..હા...! **'શક્તિએ તેમ જ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે.'** કાળ તો શક્તિથી પણ એક (પ્રદેશવાળો) અને વ્યક્તિથી પણ એક જ (પ્રદેશવાળો છે). કાળના બે દ્રવ્ય ભેગા થાય એમ છે નહિ. આવું સ્વરૂપ છે એને બરાબર જાણવું જોઈએ. જાણીને પોતાના સ્વરૂપને જાણવું એની આ વાત છે, લ્યો !

(વિશેષ કહેશે...)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૭, સોમવાર તા. ૩૦-૦૬-૧૯૭૫
## ગાથા – ૧૪૧, ૧૪૨
## પ્રવચન નંબર–૧૫૫

આ 'પ્રવચનસાર' જ્ઞેયતત્ત્વનું કથન છે. ૧૪૧ (ગાથા), થોડું આવી ગયું છે, ફરીને (લઈએ). '**તિર્યક્પ્રચય અને ઊર્ધ્વપ્રચય જણાવે છે :–**' જગતમાં છ દ્રવ્ય છે એ દ્રવ્ય તરીકે ભલે એક હોય પણ એમાં તિર્યક્પ્રચય અને ઊર્ધ્વપ્રચયના પણ ભેદ છે. એટલે શું ?

**ટીકા :– 'પ્રદેશોનો (પ્રચય) સમૂહ તે તિર્યક્પ્રચય...'** દરેક પદાર્થને જે પ્રદેશો છે એ આમ તીરછા – આડા છે. ક્ષેત્ર અપેક્ષાએ કાળ સિવાય બધા પદાર્થો આમ તિર્યક્પ્રચયી છે.

('જયસેનાચાર્યદેવે' સંસ્કૃત) ટીકામાં નાખ્યું છે. '**एकाकारपरमसमरसीभावपरिणतपरमानन्दैकलक्षणसुखामृतभरितावस्थानां केवलज्ञानादिव्यक्तिरूपानन्तगुणाधारभूतानां लोकाकाशप्रमितशुद्धासंख्येयप्रदेशानां मुक्तात्मपदार्थे योऽसौ प्रचयः समूहः समुदायो राशिः**' શું કહ્યું ? કે, સિદ્ધ મુક્તાત્મામાં અસંખ્ય પ્રદેશ છે. સિદ્ધ ભગવાનને અસંખ્ય પ્રદેશ છે. '**एकाकारपरमसमरसीभावपरिणतपरमानन्दैकलक्षण**' જેને પરમાનન્દ એક લક્ષણ એવું સ્વરૂપ '**सुखामृत**' સુખના અમૃતથી ભરેલો ! આ..હા..હા...! એવું '**केवलज्ञानादिव्यक्ति**' પ્રગટરૂપ. '**अनन्तगुणाधारभूत**' એવા અનંત ગુણનો આધાર લોકાકાશ પ્રમાણે શુદ્ધ અસંખ્ય પ્રદેશ છે. કહો, સમજાય છે કે નહિ ? એને તિર્યક્પ્રચય કહે છે.

સિદ્ધ ભગવાન ! એના અસંખ્ય પ્રદેશ ! એમાં અનંત ગુણ ! આનંદમય જેનું પરિણમન ! એવું ત્યાં રહેલું છે. અનંત ગુણનો આધાર અસંખ્ય પ્રદેશ ! આહા..હા...! કેવળજ્ઞાનાદિ અનંત અમૃતની પરિણતિ એના – અસંખ્ય પ્રદેશના આધારે છે. એને તિર્યક્પ્રચય (કહે છે). અનંત ગુણો આમ તીરછા છે અથવા તિર્યક્સામાન્ય કહ્યું છે. સિદ્ધ ભગવાનના આમ તીરછા એકરૂપ અસંખ્ય પ્રદેશ (છે) અથવા વિસ્તારસામાન્ય કહ્યું છે. અસંખ્ય પ્રદેશનો વિસ્તાર છે ને ? એને વિસ્તારસામાન્ય કહ્યું છે અથવા અક્રમઅનેકાન્ત કહ્યું છે. આચાર્યે આટલું બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્પષ્ટ કર્યું છે ! સંસ્કૃતમાં છે, ગુજરાતી સંસ્કૃતમાં છે. અનંત ગુણનો આધાર અસંખ્ય પ્રદેશ અક્રમે એકસાથે આમ છે. ગુણો એકસાથે અનંત છે અને એકસાથે અસંખ્ય પ્રદેશ આમ તીરછા છે. અક્રમઅનેકાન્ત છે.

**ટીકા :–** '**પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્યક્પ્રચય...**' (છે). સિદ્ધના અથવા ધર્માસ્તિ આદિના જે અસંખ્ય પ્રદેશ (છે) એને તિર્યક્પ્રચય, તીરછાસામાન્ય, વિસ્તારસામાન્ય, અક્રમઅનેકાન્ત કહેવામાં આવે છે. ભાષા પણ જુદી જાતની ! આહા..હા...! '**અને સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય...**' જેમાં સમય – એક સમયની અવસ્થા – પર્યાય લાગુ પડે એવો સમય તે ખાસ પરિણતિનો પ્રચય. એ તો દરેક દ્રવ્યને આમ એક સમય... એક સમય... પર્યાય... પર્યાય... પર્યાય... ઊર્ધ્વ... ઊર્ધ્વ... ઊર્ધ્વ... ઊર્ધ્વ... છએ દ્રવ્યને (હોય છે). કાળને ઊર્ધ્વપ્રચય તો છે તિર્યક્પ્રચય નથી. એ ઊર્ધ્વપ્રચય છે. આ..હા...!

'**ત્યાં આકાશ અવસ્થિત (–નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી,...**' આકાશ નામનો પદાર્થ અનંતપ્રદેશી આમ તીરછો સામાન્યવિસ્તાર અક્રમઅનેકાન્ત (સ્વરૂપ છે). '**ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં...**' જ્યાં છે ત્યાં છે એમ કહે છે. આકાશના અનંત પ્રદેશ જે ક્ષેત્રે છે ત્યાં જ અવસ્થિત છે. ધર્મ, અધર્મના પણ અવસ્થિત છે. જીવના અનવસ્થિત છે. (જીવના) અસંખ્ય પ્રદેશ છે અનંત ગુણનો આધાર છે છતાં પ્રદેશ એકરૂપ નથી, સંકોચ-વિકાસ થાય છે. જુઓ ! આવું સ્વરૂપ !

'**અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી,...**' કોણ ? જીવ. '**અને પુદ્‌ગલ દ્રવ્યે અનેકપ્રદેશીપણાની શક્તિ સહિત...**' છે. પરમાણુ વસ્તુથી અનેકપ્રદેશપણાની શક્તિ (સહિત) '**એક પ્રદેશવાળું...**' છે. પરમાણુ છે એક પ્રદેશી, પણ અનેક પ્રદેશના સંબંધમાં આવે એવી એની શક્તિ છે. '**તથા પર્યાયે બે અથવા ઘણા (–સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી,...**' પર્યાયથી પરમાણુ બે હોય, ત્રણ હોય, અનંત હોય એમ. દ્રવ્યથી એક છે. (આવા) '**પ્રદેશોવાળું હોવાથી, તેમને તિર્યક્પ્રચય છે.**' આ જુઓને આ છે ને ? તીરછા પરમાણુ છે. અનંતપ્રદેશી આમ તિર્યક્પ્રચયી પહોળા છે. પર્યાયથી, હોં ! પરમાણુ દ્રવ્ય (તરીકે) એક જ છે, પણ સંયોગી પર્યાયના સંબંધથી પરમાણુનો વિસ્તાર છે. એને વિસ્તારસામાન્ય કહે છે, તિર્યક્સામાન્ય કહે છે, તિર્યક્પ્રચય કહે છે; પ્રચય એટલે સમૂહ, અક્રમઅનેકાન્ત કહે છે.

પ્રશ્ન :– એક આકાશપ્રદેશમાં અનંત પરમાણુ હોય તો એને તિર્યક્પ્રચય કેમ હોય ?

સમાધાન :– નહિ, અહીં એ વાત નથી. એક પ્રદેશમાં અનંતા રજકણ ભલે હો, પણ ઈ રજકણ છે એ આમ તિર્યક્પ્રચય છે. એક પરમાણુ દ્રવ્ય તરીકે એક પ્રદેશ છે પણ શક્તિ તરીકે અનંત રજકણોના સ્કંધરૂપ થાય છે તેથી એને તિર્યક્પ્રચય કહેવામાં આવે છે. તિર્યક્ –

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીરછો સમૂહ. પ્રચય એટલે સમૂહ. આ બધી ઝીણી વાતું છે. લોઢાની વાતમાં આવું કાંઈ આવે નહિ. આહા..હા...!

પ્રશ્ન :– અક્રમઅનેકાન્ત એટલે ?

સમાધાન :– અનેક ધર્મો એકસાથે છે. અસંખ્ય પ્રદેશ, અનંત ગુણ આમ એકસાથે છે. અક્રમ એટલે એકસાથે અને અનેકાન્ત એટલે ઘણાં પ્રદેશ અને ઘણાં ગુણ. સમજાણું કાંઈ ? ભાઈ ! આ અધિકાર તો થોડો ઝીણો છે. ૧૪૪ (ગાથા) સુધી આવશે. ૧૨૭ (ગાથાથી) આ અધિકાર જ ઝીણો છે, આ ૧૪૧ (ગાથા) ચાલે છે.

'**પરંતુ કાળને તિર્યક્પ્રચય નથી,...**' કાળ નામના અસંખ્ય અણુઓ છે પણ એ અણુઓ આમ વિસ્તાર પામેલા ભેગા નથી, ભિન્ન ભિન્ન છે. તેથી એને – કાળાણુને તિર્યક્ એટલે આમ સામાન્ય ભેગા (પ્રદેશવાળો) પ્રચય નથી. આહા..હા...! '**કારણ કે તે શક્તિએ તેમ જ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે.**' કાળાણુ શક્તિએ પણ એક (છે) અને વ્યક્તિએ પણ બીજા કાળાણુ સાથે સંબંધ થાય એવું એમાં નથી. પરમાણુમાં તો વ્યક્તિ એક છે અને શક્તિએ તો અનંત પરમાણુ સાથે સમૂહરૂપ થવાની શક્તિ છે. તેથી એને તિર્યક્પ્રચય કહેવાય છે. પણ કાળાણુમાં તો એમ નથી કે, એક કાળાણુ બીજા કાળાણુ સાથે સંબંધ પામે તો તે તિર્યક્પ્રચય (થાય) એવું એને નથી. તીરછો – વિસ્તાર કાળાણુને નથી, સામાન્ય વિસ્તાર કાળાણુને નથી, અક્રમઅનેકાન્ત કાળાણુને નથી. આહા..હા...!

ત્યાં ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં) દાખલો આપ્યો છે. '**मुक्ताफलमालावत्सन्तान ऊर्द्धर्वप्रचय**' માળા હોય ને ? માળા ! (એમાં) એક પછી એક હોય ને ? મણકો ! એમ આ કાળમાં એક પછી એક એની પર્યાય હોય પણ આમ પ્રદેશ(નો વિસ્તાર) ન હોય. મુક્તાફલવત્ '**सन्तान ऊर्द्धर्वप्रचय**'. ઊર્ધ્વસામાન્ય બધાય (દ્રવ્યોને) હોય. કાળને અને બધાને (હોય). ઊર્ધ્વસામાન્ય અને આયતસામાન્ય – લંબાઈથી સામાન્ય અને ક્રમઅનેકાન્ત. પર્યાય છે ઈ ક્રમઅનેકાન્ત છે. ક્રમે ક્રમે (છે), આમ એકસાથે રહેલી નથી. ઈ કાળથી આમ ઊર્ધ્વ છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમઅનેકાન્ત છે. એક પછી એક, એક પછી એક ઊર્ધ્વ કાળ પ્રવાહે ઊંચી છે.

પ્રશ્ન :– ક્રમ એટલે શું ?

સમાધાન :– એક પછી એક, આ ક્રમબદ્ધ, ક્રમસર, ક્રમવૃત્તિ. આહા..હા...! આવું સ્વરૂપ છે.

'**ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે,...**' તિર્યક્પ્રચય કાળાણુને નથી. પાંચ દ્રવ્યને છે (એમાં) ત્રણ (દ્રવ્યને) અસંખ્ય (પ્રદેશ) અને એકને અનંત (પ્રદેશ છે). પરમાણુને દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તરીકે એક (પ્રદેશ છે) પણ પર્યાય તરીકે એને તિર્યક્પ્રચય કહેવામાં આવે (છે). કાળાણુને તો પર્યાય તરીકે પણ તિર્યક્પ્રચય નથી.

હવે ઊર્ધ્વપ્રચય (એટલે) કાળથી ઊંચો. એમ છે ને ? પેલામાં છે, પહેલાં આવી ગયું છે. (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં છે). (ઊર્ધ્વ અર્થાત્) 'ઊંચો, કાળ-અપેક્ષિત' જેને કાળ લાગુ પડે, એક પછી એક, એક પછી એક, એક પછી એક. આહા..હા...! છએ દ્રવ્યમાં ઊર્ધ્વનો સમૂહ કાળનો સમૂહ (છે અર્થાત્) આમ ક્રમે ક્રમે પર્યાય થાય. એનો આમ (ઊંચો) સમૂહ (છે). પેલો ક્ષેત્રનો આમ (તીરછો) સમૂહ (છે). તિર્યક્પ્રચયમાં ગુણોનો આધાર ક્ષેત્ર (છે) એ આમ પહોળાં (છે). આ ઊર્ધ્વપ્રચય (છે). અધિકાર આવે તો સાંભળવો તો જોઈએ ને ? આ..હા..હા...!

આ..હા...! સહજાનંદસ્વરૂપ ! એના ગુણની અપેક્ષાએ, પ્રદેશ અપેક્ષાએ આમ તિર્યક્ – તીરછું છે પણ એની પરિણતિના વેદનની અપેક્ષાએ ક્રમ છે. આહા..હા...! એ જે સમયમાં આનંદ વેદાય તે સમય બીજો, બીજે સમયે વેદાય એ બીજો, ત્રીજે સમયે (ત્રીજો). આમ કાળક્રમ (છે). ક્રમે ક્રમે આમ ઊંચું છે. (આ) કાળથી ઊંચું (છે), પેલો ક્ષેત્રથી વિસ્તાર (છે). આહા..હા...! ભાઈ ! આવું સાંભળવાની કોઈ 'દી દરકાર પણ કરી નથી.

મુમુક્ષુ :– આપના પ્રતાપે સાંભળવા મળ્યું.

આ..હા..હા...! ભગવાન ! વારસો મૂકી ગયા છે ! સંતો દિગંબર મુનિઓ વાસ્તવિક કેવળીના કેડાયતો છે. આહા..હા...! કેવળીનું જે ધન હતું, લક્ષ્મી (હતી) એ બધી મૂકી ગયા છે ! આ..હા..હા...!

છએ દ્રવ્યને ઊર્ધ્વપ્રચય – કાળે પર્યાયનો સમૂહ (છે). આમ કાળે પર્યાયનો સમૂહ (છે). પ્રચય એટલે સમૂહ તો '**સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે,...**' સર્વ દ્રવ્યને એ હોઈ શકે છે, ન હોય એમ છે નહિ. '**કારણ કે દ્રવ્યની વૃત્તિ...**' (અર્થાત્) પદાર્થની પરિણતિ '**ત્રણ કોટિને (–ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી...**' છે ? ભૂત, વર્તમાન અને ભવિષ્ય. દરેક દ્રવ્યની પરિણતિ, દશા, વૃત્તિ ત્રણ કોટિને – ભૂત, ભવિષ્ય અને વર્તમાનને સ્પર્શતી હોવાથી '**અંશો સહિત છે.**' એ દ્રવ્યનું હોવાપણું ત્રણ કોટિને સ્પર્શતું હોવાથી અંશો સહિત છે. આમ ઊંચા ક્રમ સહિત છે.

'**પરંતુ, આટલો ફેર છે કે સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે (કાળ સિવાય) બાકીનાં દ્રવ્યોને...**' એક સમયથી માપ આવે એવું કાળનું – સમયનું નિમિત્ત બીજા બધાં દ્રવ્યને છે. સમયવિશિષ્ટ સમયનું માપ એવો પર્યાય કાળ સિવાય પાંચ (દ્રવ્યને) છે. કારણ કે કાળનો સમય એને નિમિત્ત છે ને ? સમયખાસ (વિશિષ્ટ) '**વૃત્તિઓનો પ્રચય તે (કાળ સિવાય) બાકીનાં**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્રવ્યોને ઊર્ધ્વપ્રચય છે...**' (મૂળ ગ્રંથમાં) નીચે ખુલાસો છે, જુઓ ! 'સમયવિશિષ્ટ = સમયથી વિશિષ્ટ; સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે એવી.' કાળના એક સમયની પાંચ દ્રવ્યની ક્રમ પર્યાયને અપેક્ષા આવે છે. શું કીધું સમજાણું ? કાળ સિવાય પાંચ દ્રવ્યને ઊર્ધ્વ નામ ક્રમઅનેકાન્ત પર્યાય થવામાં કાળના એક સમયનું નિમિત્તભૂતપણું એને આવે છે.

ભાઈ ! આ બધું યાદ રહેવું મુશ્કેલ છે. માર્ગ એવો છે. એને જાણનારો આત્મા છે. ઊર્ધ્વ ને તિર્યક્ ને આવું જ્ઞેયનું સ્વરૂપ (છે) પણ જાણનાર કોણ ? જડને ખબર છે ઊર્ધ્વ અને તિર્યક્‌ની ? કાળને ખબર છે મારામાં તિર્યક્‌પ્રચય નથી, ઊર્ધ્વપ્રચય છે ? આહા..હા...! એ જ્ઞેયને જાણનારું જ્ઞાન આ રીતે જાણે છે.

વસ્તુના અસ્તિત્વની સ્થિતિ એ પ્રકારે (છે) કે અસંખ્ય પ્રદેશ અને અનંત ગુણો એકસાથે આમ (તીરછાં) રહેલાં (છે) અને ઊર્ધ્વ(પ્રચયની) પર્યાયો આમ કાળે એકસાથે રહેલી (છે). એનો અર્થ ક્રમસર એકસાથે (રહેલી છે), આડીઅવળી નહિ.

મુમુક્ષુ :– જલ્દી વિશેષ પુરુષાર્થ કરે તો જલ્દી મોક્ષ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પુરુષાર્થ થાય એમાં જલ્દી થાય. એને અલ્પ કાળમાં મોક્ષ થવાનો છે (ત્યારે) અંદર પુરુષાર્થ ઉગ્ર થાય છે એમ જણાવે છે. એવો ક્રમ છે. અચિરમ્ આવે છે ને ? ઘણે ઠેકાણે આવે છે. અચિર – ચિર વિના અલ્પ કાળમાં મોક્ષ જશે. એ અચિરનો અર્થ સ્વભાવ સન્મુખ થનારને અલ્પ કાળમાં ક્રમમાં કેવળજ્ઞાન થવાનું છે. આહા..હા...!

એ કહ્યું છે, જુઓ અંદર. ૧૪૧ (ગાથા) છે ને ? એમાં કહ્યું છે, જુઓ ! '**ऊर्ध्वताप्रचयस्तस्य स्वकीयस्वकीयद्रव्यमुपादानकारणम्।**' સંસ્કૃતમાં છે. '**कालस्तु प्रतिसमयं सहकारिकारणं भवति।**' કાળ તો સહકારી નિમિત્ત છે. '**यस्तु कालस्य समयसन्तानरूप ऊर्ध्वताप्रचयस्तस्य काल एवोपादानकारणं**' કાળની એક સમયની પર્યાય એમ... એમ... એમ... ક્રમસર ચાલે એનું ઉપાદાન કારણ પણ કાળ અને નિમિત્ત કારણ પણ કાળ. ઉપાદાન અને સહકારી (કારણ) બન્ને કાળ (છે) અને બીજા પાંચ દ્રવ્યને ઉપાદાન પોતાની પર્યાય (છે), સહકારી કાળની પર્યાય (છે). આહા..હા...! કહ્યું છે, જુઓને ! '**एवोपादानकारणं सहकारिकारणं च। कस्मात्। कालस्य भिन्नसमयाभावात्पर्याय एवं समया भवन्तीत्यभिप्रायः।**' એક સમયની પર્યાય એ જ એનો કાળ છે, એનો બીજો સમય છે નહિ. અને પાંચ દ્રવ્યની પર્યાયનો સમય એનો (પોતાનો) પણ એને કાળના સમયનું સહકારીપણું છે. તેથી તેને બે લાગુ પડે. કાળને તો એક પોતે જ સહકારી અને પોતે ઉપાદાન. સહકારી છે માટે એનાથી થાય છે એમ અહીં નથી કહેવું. આ તો એક (દ્રવ્ય) હોય છે (એટલું બતાવવું છે). પાંચ દ્રવ્યની ઊર્ધ્વ પર્યાયમાં, એક પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક પર્યાયમાં, ક્રમઅનેકાન્તમાં એ કાળ દ્રવ્યની પર્યાય નિમિત્ત છે એટલી વાત છે. (કાળની) પર્યાયથી અહીં (બીજા દ્રવ્યમાં) પરિણમે છે અને પર્યાયથી અહીં કાર્ય થાય છે એમ નથી. સમજાણું કાંઈ ?

આ તો ગંભીર માર્ગ છે, ભાઈ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ! એનાં પેટ ઊંડાં બહુ ! કેટલાંકને એની વિશેષ ખબર ન હોય. તિર્યંચોને આનંદનો અનુભવ થાય એને આ નામ પણ ન આવડતા હોય પણ એના ભાવનું ભાસન થઈ જાય. પણ આ તો જેને ઘણાં વિપરીત જાણપણાંના લાકડાં હોય એને આ સાંભળવા મળે (તો વિપરીતતા નીકળી જાય). એણે આવું યથાર્થપણું જાણવું જોઈએ કે જેથી એને વિપરીત વાત બેસે નહિ. સમજાણું કાંઈ ? એ તિર્યંચો આત્મામાં પડ્યા છે, આનંદમાં ! ઓ..હો...! કાંઈ પડી નથી, એને આ તિર્યક્પ્રચય અને ઊર્ધ્વપ્રચય નામ પણ આવડતા નથી. આહા..હા...! ચિદાનંદ સ્વભાવી ભગવાનઆત્મા ! એને અંતરમાં પકડ્યો. એમાં શક્તિ પ્રમાણે એકાગ્રતા વર્તે છે.

મુમુક્ષુ :– એમાં બધું આવી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં આવી જાય.

એમાં – દ્રવ્યમાં તીરછા અનંત ગુણો સામાન્ય આમ વર્તે છે. એમાં જેની એકાગ્રતા છે... આ..હા..હા...! તિર્યક્સામાન્યમાં એકાગ્રતા છે અને પર્યાય એક પછી એક થાય એ ઊર્ધ્વસામાન્યનો પ્રચય છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– તિર્યક્પ્રચયનો આશ્રય રહેવો જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આશ્રય થાય એ બધું હોય જ. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનો આમ પથારો છે એમાં એકાગ્ર થયો તે ઊર્ધ્વપર્યાય (પ્રગટ થઈ). તીરછા (ગુણો) તો છે પણ ઊર્ધ્વપર્યાય પ્રગટ થઈ. એમને એમ ક્રમે ઊર્ધ્વપર્યાયનો સમૂહ (પ્રગટ થયો) એને અક્રમઅનેકાન્ત, આયતસમુદાય, ઊર્ધ્વસમુદાય એમ કહેવામાં આવે છે. આ..હા..હા...!

મતિને બીજે રોકે છે એ કરતાં આમાં રોકે તો અંદર કેટલી જ્ઞાનની નિર્મળતા થાય. સામાન્યથી વિશેષ સ્પષ્ટ થાય – એમ કહ્યું છે ને ? ‘મોક્ષમાર્ગ પ્રકાશક’માં ! સામાન્યથી વિશેષ બળવાન છે. ભલે ઈ પરલક્ષીજ્ઞાન છે તોપણ સ્વલક્ષવાળાને એ વિશેષ બળવાન થાય છે, નિર્મળતા વધે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ૧૪૪ ગાથા સુધી જરી ઝીણું આવશે. ૧૨૭થી ૧૪૪ – અઢાર (ગાથામાં ઝીણો વિષય છે). આહા..હા...!

કાળદ્રવ્યને ‘**સમયોનો પ્રચય તે જ કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે;...**’ એટલે ? કાળને તો એની જે ક્રમે પર્યાય (થાય) છે એ જ એનો ઊર્ધ્વપ્રચય છે. એને બીજા કોઈ સમયનું નિમિત્ત છે એમ નથી. ભાઈ ! આવું કોઈ ’દી સાંભળ્યું નહિ હોય. દિગંબર ધર્મમાં આવી સ્પષ્ટતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, બીજે ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :– જાણવામાં ન હોય તો ક્યાંથી કહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજાએ અજ્ઞાનમાં કરેલાં શાસ્ત્રો, એને ક્યાં (ખબર છે) ? આ તો ધારાવાહી કેવળજ્ઞાન...! આ..હા..હા...! એના કેડાયતો, એની કેડે ચાલનારા સંતો ! ઈ વ્યાખ્યા કાલે આવી ગઈ નહિ ? ચિદાનંદ નિજઆત્મતત્ત્વ, ચિદાનંદ એકસ્વભાવ આત્મતત્ત્વ આવી ગયું છે ને ? ચિદાનંદ એકસ્વભાવ નિજાત્મતત્ત્વ ! આ..હા..હા...! એમાં પરમએકાગ્રતા લક્ષણ. એમાં એકાગ્રતા લક્ષણ, રાગમાં, વ્યવહારમાં (એકાગ્રતા) નહિ. આ..હા..હા...! મુનિ કોને કહીએ ! ચિદાનંદ એક સ્વભાવ નિજઆત્મતત્ત્વ પરમએકાગ્રતા લક્ષણ ! મુનિ છે ને એટલે પરમએકાગ્રતા કીધી. સમકિતીને એકાગ્રતા છે પણ થોડી છે. મુનિને પરમએકાગ્રતા લક્ષણ ! આ..હા..હા...! દિગંબર સંતોએ કોઈ કામ કર્યાં છે ! ગજબ કર્યા છે !! કરુણાબુદ્ધિથી વિસ્તાર કર્યો, વિસ્તાર થયો. લોકોના ખ્યાલમાં એ વાત આવી શકે (એ રીતે) દીવા જેવી, સૂર્ય જેવી (સ્પષ્ટ કરી) !

પરમએકાગ્ર લક્ષણ સમાધિ સંજાત ! આહા..હા...! આનંદમાંથી આનંદની ધારા વહી, કહે છે. ચિદાનંદસ્વભાવ નિજઆત્મતત્ત્વમાં પરમ એકાગ્રતા લક્ષણવાળી સમાધિ ! આ..હા..હા...! આ સમાધિ (કહેવાય), પેલા બાવા સમાધિ કહેવડાવે એ (સમાધિ) નહિ. એવી સમાધિ, જેમાં આનંદની ઉત્પત્તિ થઈ. શાંત... શાંત... શાંત... ભગવાનઆત્મા અકષાયરસ છે ! ભગવાનઆત્મા વીતરાગીમૂર્તિ છે ! ભગવાનઆત્મા અનંત ગુણના પિંડનું સત્ત્વ એકલું તત્ત્વ છે ! આ..હા..હા...! વિકાર-ફિકાર એને અડતો પણ નથી. એવું જે તત્ત્વ એમાં એકાગ્રતા લક્ષણ – સમાધિ સંજાત, નિર્વિકારી આહ્લાદ ! નિર્વિકારી પ્રસન્નતા ! આ..હા..હા..હા...! જેમાં નિર્વિકારી આનંદની પ્રસન્નતા પ્રગટ થઈ છે. આ..હા..હા...! એકરૂપ સુખસુધારસ ! એકરૂપ ! ભંગ વિના, ખંડ વિના, અખંડ તત્ત્વમાં, અખંડની એકતામાં અખંડ દશા પ્રગટી ! આ..હા..હા...! સુખ સુધારસ – સુખરૂપી અમૃતનો રસ ! એના સ્વાદમાં તૃપ્ત ! આ..હા..હા..હા...! જુઓ ! આ મોક્ષનો માર્ગ ! માર્ગીની દશા ! આ..હા..હા...! અહીં તો લૂગડાં ફેરવ્યા, નગ્ન થયો ત્યાં (માને કે) થઈ ગયા સાધુ ! એ તો કુલિંગો છે. વસ્ત્રવાળા સાધુ માને ઈ તો કુલિંગીઓ છે, મિથ્યાદૃષ્ટિ છે. પણ જેનું દ્રવ્યલિંગ નગ્ન હોય એ પણ મુનિપણું નથી. મોક્ષમાર્ગ તે મુનિપણું છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– અલિંગગ્રહણમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, અલિંગગ્રહણમાં આવ્યું છે.

જેનું જીવન મન અને ઇન્દ્રિયથી નથી અર્થાત્ યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ અલિંગગ્રહણ (છે). યતિની પંચમહાવ્રતની નગ્નની ક્રિયાનો જેમાં અભાવ છે. એવો જે આત્મા, એવા આત્મામાં જે આનંદમાં એકરસ અમૃતરસાસ્વાદમાં તૃપ્ત છે ! આ..હા..હા...! એવા બે મુનિયુગલ બેઠા છે, કહે છે. એનું ક્ષેત્ર એક કે અનેક ? બસ, એ સિદ્ધ કર્યું. ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે. દ્રવ્ય તરીકે ભલે એક હોય, પ્રદેશ તરીકે ભિન્ન છે. આ..હા..હા...! અમૃતના આસન નાખીને અંદર પડ્યા છે ! પરથી ઉદાસ છે, વિકલ્પથી પણ ઉદાસ છે. જેના આસન, વિકલ્પથી ઉદાસ આસન અંદર પડ્યા છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશમાં, અનંત ગુણના ધામમાં તિર્યક્સામાન્ય પ્રચયના સમૂહમાં ઊર્ધ્વપ્રચયને સાધે છે ! સમજાણું કાંઈ ?

એવું જીવમાં હોય છે. કાળમાં એવું હોતું નથી. કાળમાં તિર્યક્પ્રચય હોતુ નથી. એક જ પ્રદેશ છે ને ? એટલે. એની પરિણતિ... આ..હા..હા...! એકલી પરિણતિ જ છે. આમ તીરછાપણું એમાં નથી. અનેક પ્રદેશ અને અનેક ક્ષેત્ર એમાં નથી. આ તો અનેક પ્રદેશ અને અનેક ક્ષેત્રવાળું જીવદ્રવ્ય (છે). એવા અસંખ્ય પ્રદેશમાં એનો એ સ્વદેશ (છે). એ સ્વદેશમાં અનંત ગુણ (છે) એ એના ગામ છે. અસંખ્ય પ્રદેશ એ એનો દેશ, અનંત ગુણ એના ગામ અને એક ગામમાં અનંતી પર્યાયની વસ્તી ! આ..હા...! થોડું થોડું લીધું છે. આહા..હા...! આચાર્યોએ ચાલતી વાતમાં ભગવાનને યાદ કર્યા પાછા ! મોક્ષમાર્ગને યાદ કર્યો !

અહીં એ કહ્યું, જુઓ ! સહકારીકારણ. ૧૪૧ (ગાથા) ચાલે છે ને ? '**બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત (–અન્ય) હોવાથી...**' એટલે શું કહ્યું ? કે, કાળ સિવાય બાકીનાં (દ્રવ્યને) ઊર્ધ્વપ્રચય છે. '**અને સમયોનો પ્રચય તે જ કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે;...**' કાળની જે એક એક સમયની પર્યાય (થાય છે) એ જ એનો ઊર્ધ્વપ્રચય (છે). '**કારણ કે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત...**' છે. બીજા દ્રવ્યોની પરિણતિ બીજા અનેરા પર્યાયને સહકારી છે, બીજો પર્યાય એને સહકારી છે. '**(–અન્ય) હોવાથી...**' અન્ય પર્યાય છે ને ? '**સમયવિશિષ્ટ છે...**' માટે બીજા સમયથી ખાસ સહકારી છે.

'**અને કાળદ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ...**' એની પરિણતિ તો સ્વતઃ '**સમયભૂત હોવાથી તે (વૃત્તિ) સમયવિશિષ્ટ નથી.**' એટલે એક એક સમયનો પોતાનો પર્યાય છે એને બીજા સમયના નિમિત્તની જરૂર નથી. ભાઈ ! આવું ઝીણું આમાં ચાલે છે. 'મુંબઈ'માં આવું ચાલે નહિ. ૧૨૭ ગાથાથી ઝીણું ચાલે છે. ૧૨૬ (ગાથા સુધી) દ્રવ્યસામાન્ય(નો અધિકાર ચાલ્યો). ૧૨૭ (ગાથાથી) દ્રવ્યવિશેષનો (અધિકાર ચાલે છે). (એમાં) અહીં સુધી આવ્યું છે. આહા..હા...!

કહે છે કે, અમૃત આદિ અનંત ગુણનો સાર અસંખ્ય પ્રદેશી ભગવાન તીરછો છે. અનંતા ગુણો એકસાથે વિસ્તારસામાન્ય અને અક્રમઅનેકાન્ત પડ્યા અને એની પર્યાયનું વેદન જે છે... આ..હા..હા...! એ ક્રમઅનેકાન્ત આયતસમુદાય – આમ લંબાઈનો સમુદાય, એક પછી એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો સમુદાય, ઊર્ધ્વ સમુદાય (છે). આ..હા..હા...! એ બધાનો જાણનાર ચૈતન્ય છે એ ચૈતન્યે આ બધું જાણ્યું છે. આત્મા સિવાય પાંચ દ્રવ્ય જડ છે એમાં તિર્યક્પ્રચય છે ને ફલાણું છે ને ઢીકણું નથી એવું કાંઈ એણે જાણ્યું નથી. આહા..હા...! જાણનારે જાણ્યું છે એ જાણનારના સ્વભાવના સામર્થ્યથી જાણ્યું છે. એ જ્ઞેયોના સામર્થ્યથી આ જાણ્યું છે એમ નહિ. આ..હા..હા...! અરે...! આમાં રોકાય તો એને અંદર કેટલો લાભ થાય ! બહારમાં કંઈકમાં રોકાય છે.

બપોરે 'સમાધિતંત્ર'માં આવે છે, બીજાને શું સમજાવવો ? કારણ કે મૂઢ છે ઈ નહિ સમજે, મારો વિકલ્પ નિરર્થક જશે. આહા..હા...! મૂઢ આત્મા મોહથી ઘેરાયેલાને શું સમજાવવો ? પ્રબુદ્ધ આત્મા તો સમજેલ છે. આહા..હા...! બે ભાષા હતી ને ? મૂઢ આત્મા અને પ્રબુદ્ધ આત્મા. આહા..હા...! શૈલી તો કોઈ ગજબ છે ! જેને આનંદનો નાથ મોહથી ઘેરાઈ ગયો છે એને શું સમજાવવો ? એ કેમ સમજે ? એ વિરોધ કાઢશે (એમ) કહેશે. અને જે પ્રબુદ્ધ આત્મા (છે) એ તો સમજેલા છે એને શું સમજાવવા ?

૧૪૨ ગાથા. '**હવે કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય નિરન્વય હોવાની વાતનું ખંડન કરે છે :**' એ શું કહે છે ? '**કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય...**' એટલે પર્યાય આમ છે ને ? ઊંચી ! એને ધ્રુવતાનો સંબંધ નથી, એકલો છે, એમ નથી. અન્વયરહિત, એકપ્રવાહપણે ન હોય એવું. એમ નથી. દરેક પર્યાયને ધ્રુવની સાથે સંબંધ છે. કાળની સમય સમયની પર્યાયને, ઉત્પન્ન-ધ્વંસીને ધ્રુવનો સંબંધ છે, ધારાવાહી છે. એકલો પર્યાય છે એમ નહિ પણ એ પર્યાયનું ઉત્પન્ન-વ્યયનું પરિણમન ધ્રુવની સાથે ધારાવાહી વર્તે છે. આ..હા..હા...! થોડું થોડું (જેટલું) પકડાય એટલું પકડવું, ભાઈ ! આ તો (વીતરાગનો માર્ગ છે). આહા..હા...!

**उप्पादो पद्धंसो विज्जदि जदि जस्स एगसमयम्हि।**
**समयस्स सो वि समओ सभावसमवट्ठिदो हवदि।।१४२।।**

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્ભાવ છે**
**જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.**

ધ્રુવ અસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. ઉત્પાદ-વ્યય છે એ ધ્રુવના હોય છે, એ કહેશે. કાલે તો રવિવાર હતો તે બધા છોકરાઓ હતા ને ? એને ઝીણું પડ્યું. અરે...! સાંભળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कालपदार्थोर्ध्वप्रचयनिरन्वयत्वमुपहन्ति -

**उप्पादो पद्धंसो विज्जदि जदि जस्स एगसमयम्हि।**
**समयस्स सो वि समओ सभावसमवट्ठिदो हवदि।।१४२।।**
**उत्पादः प्रध्वंसो विद्यते यदि यस्यैकसमये।**
**समयस्य सोऽपि समयः स्वभावसमवस्थितो भवति।।१४२।।**

समयो हि समयपदार्थस्य वृत्त्यंशः। तस्मिन् कस्याप्यवश्यमुत्पादप्रध्वंसो संभवतः, परमाणोर्व्यतिपातोत्पद्यमानत्वेन कारणपूर्वत्वात्। तौ यदि वृत्त्यंशस्यैव, किं यौगपद्येन किं

---

एवं सप्तमस्थले स्वतन्त्रगाथाद्वयं गतम्। अथ समयसन्तानरूपेस्योर्ध्वप्रचयस्यान्वयिरूपेणाधारभूतं कालद्रव्यं व्यवस्थापयति - **उप्पादो पद्धंसो विज्जदि जदिप** उत्पादः प्रध्वंसो विद्यते यदि चेत्। कस्य। **जस्स** यस्य कालाणोः। क्व। **एगसमयम्हि** एकसमये वर्तमानसमये। **समयस्स**

---

હવે કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય નિરન્વય હોવાની વાતનું ખંડન કરે છે :–

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે**
**જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.**

---

તો ખરા, બાપા ! એ વખતે (એ) આવ્યું. પીરસણિયો દાળ હોય તો દાળ (આપે), લાડવો હોય તો લાડવો આપે. કેમ ? ભાઈ ! એકસાથે કાંઈ બધું પીરસાય ? લાડવા પછી ગાંઠિયા, શાક, દાળ એક પછી એક પીરસે. એમ અત્યારે આ પીરસવામાં આવ્યું તો એને સાંભળવાનું. આહા..હા...! ભાઈ ! આ તો મગજ ઠેકાણે આવી જાય એવું છે.

**ટીકા :– 'સમય કાળપદાર્થનો વૃત્ત્યંશ છે;...'** એટલે ? સમય કાળપદાર્થની એક પર્યાય છે. શું કીધું ? સમય કાળપદાર્થનો વૃત્તિ અંશ છે – પર્યાય છે. છે ને ? (મૂળ ગ્રંથમાં) નીચે છે. (વૃત્ત્યંશ) = વૃત્તિનો અંશ; સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ અર્થાત્ પર્યાય. **'તેમાં (–તે વૃત્ત્યંશમાં)...'**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्रमेण। यौगपद्येन चेत्, नास्ति योगपद्यं, सममेकस्य विरुद्धधर्मयोरनवतारात्। क्रमेण चेत्, नास्ति क्रमः, वृत्त्यंशस्य सूक्ष्मत्वेन विभागाभावात्। ततो वृत्तिमान् कोऽप्यवश्यमनुसर्तव्यः। स च समयपदार्थ एव। तस्य खल्वेकस्मिन्नपि वृत्त्यंशे समुत्पादप्रध्वंसौ संभवतः। यो हि यस्य वृत्तिमतो यस्मिन् वृत्त्यंशे तद्वृत्त्यंशविशिष्टत्वेनोत्पादः, स एव तस्यैव वृत्तिमतस्त-स्मिन्नेव

---

समोत्पादकत्वात्समयः कालाणुस्तस्य। **सो वि समओ** सोऽपि कालाणुः **सभावसमवट्ठिदो हवदि** स्वभावसमवस्थितो भवति। पूर्वोक्तमुत्पादप्रध्वंसद्वयं तदाधारभूतं कालाणुद्रव्यरूपं ध्रौव्यमिति त्रयात्मकः स्वभावः सत्तास्तित्वमिति यावत्। तत्र सम्यगवस्थितः स्वभावसमवस्थितो भवति। तथाहि - यथाङ्गुलिद्रव्ये यस्मिन्नेव वर्तमानक्षणे वक्रपर्यायस्योत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवाङ्-

---

**અન્વયાર્થ :–** **[यदि यस्य समयस्य]** જો કાળને **[एकसमये]** એક સમયમાં **[उत्पादः प्रध्वंसः]** ઉત્પાદ અને ધ્વંસ **[विद्यते]** વર્તે છે, **[सः अपि समयः]** તો તે કાળ **[स्वभावसमयवस्थितः]** સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ **[भवति]** (ઠરે) છે.

**ટીકા :–** સમય કાળપદાર્થનો વૃત્ત્યંશ છે; તેમાં (–તે વૃત્ત્યંશમાં) કોઈને પણ અવશ્ય ઉત્પાદ તથા વિનાશ સંભવે છે, કેમ કે પરમાણુના અતિક્રમણ દ્વારા (સમયરૂપી વૃત્ત્યંશ) ઉત્પન્ન થતો હોવાથી કારણપૂર્વક છે. (પરમાણુ વડે જે એક આકાશપ્રદેશનું મંદ ગતિથી ઓળંગવું તે કારણ છે અને સમયરૂપી વૃત્ત્યંશ તે કારણનું કાર્ય છે તેથી તેમાં કોઈ પદાર્થને ઉત્પાદ તથા વિનાશ

---

(એટલે) પર્યાયમાં '**કોઈને પણ અવશ્ય ઉત્પાદ તથા વિનાશ સંભવે છે,...**' એ વૃત્તિ – પર્યાયમાં કોઈને પણ અવશ્ય ઉત્પાદ-વિનાશ સંભવે છે '**કેમ કે પરમાણુના અતિક્રમણ દ્વારા...**' એક પરમાણુ એક પ્રદેશથી બીજે (પ્રદેશે) જાય (તેના દ્વારા) '**સમયરૂપી વૃત્ત્યંશ) ઉત્પન્ન થતો હોવાથી...**' ત્યાં એક સમયની પર્યાય ખ્યાલમાં આવતી હોવાથી '**કારણપૂર્વક છે.**' એ સમયનું માપ કારણપૂર્વક છે એમ કહે છે.

'**(પરમાણુ વડે જે એક આકાશપ્રદેશનું મંદ ગતિથી ઓળંગવું તે કારણ છે અને સમયરૂપી વૃત્ત્યંશ તે કારણનું કાર્ય છે...)**' એ સમય સિદ્ધ થયો. મંદ ગતિથી એક પરમાણુ આમથી (આમ ગયો) તે કારણ થયું અને સમયનું માપ નક્કી થયું એ કાર્ય થયું. સમજાણું કાંઈ ? '**(તેથી તેમાં કોઈ પદાર્થને ઉત્પાદ તથા વિનાશ થતા હોવા જોઈએ).**' કોઈ ચીજ હોવી જોઈએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वृत्त्यंशे पूर्ववृत्त्यंशविशिष्टत्वेन प्रध्वंसः। यद्येवमुत्पादव्ययावेकस्मिन्नपि वृत्त्यंशे संभवतः समयपदार्थस्य कथं नाम निरन्वयत्वं, यतः पूर्वोत्तरवृत्त्यंशविशिष्टत्वाभ्यां युगपदुपात्तप्रध्वंसो-त्पादस्यापि स्वभावेनाप्रध्वस्तानुत्पन्नत्वादवस्थितत्वमेव न भवेत्। एवमेकस्मिन् वृत्त्यंशे समयपदार्थस्योत्पादव्ययध्रौव्यवत्त्वं सिद्धम्।।१४२।।

---

गुलिद्रव्यस्य पूर्वजुपर्यायेण प्रध्वंसस्तदाधारभूताङ्गुलिद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः। अथवा स्वस्वभावरूपसुखेनोत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवात्मद्रव्यस्य पूर्वानूभूताकुलत्वदुःखरूपेण प्रध्वंसस्त-दुभयाधारभूतपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः। अथवा मोक्षपर्यायरूपेणोत्पादस्तस्मिन्नेव क्षणे रत्नत्रयात्मकनिश्चयमोक्षमार्गपर्यायरूपेण प्रध्वंसस्तदुभयाधारपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः।

---

થતા હોવા જોઈએ).

(‘કોઈ પદાર્થને ઉત્પાદ-વિનાશ થવાની શી જરૂર છે ? તેને બદલે તે વૃત્ત્યંશને જ ઉત્પાદ-વિનાશ થતા માની લઈએ તો શી હરકત ?’ એવા તર્કનું સમાધાન કરવામાં આવે છે :)

ઉત્પાદ અને વિનાશ જો વૃત્ત્યાંશ જ માનવામાં આવે તો, (પૂછીએ છીએ કે) (૧) તેઓ (ઉત્પાદ તથા વિનાશ) યુગપદ્ છે કે (૨) ક્રમે છે ? (૧) જો ‘યુગપદ્ છે’ એમ કહેવામાં આવે તો, યુગપદ્‌પણું (ઘટતું) નથી કારણ કે એકીવખતે એકને બે વિરુદ્ધ ધર્મો ન હોય (અર્થાત્

---

કે જેમાં ઉત્પાદ અને વ્યય થાય. સમજાણું કાંઈ ?

‘**(કોઈ પદાર્થને ઉત્પાદ-વિનાશ થવાની શી જરૂર છે ?)**’ (એમ) શંકાકાર કહે છે. ‘**(કોઈ પદાર્થને ઉત્પાદ-વિનાશ થવાની શી જરૂર છે ? તેને બદલે તે વૃત્ત્યંશને જ ઉત્પાદ-વિનાશ થતા માની લઈએ તો શી હરકત ?)**’ એ પર્યાયને જ ઉત્પાદ અને વ્યય માની લઈએ તો ? કોઈ પદાર્થને આધારે ઉત્પાદ-વ્યય (છે) એમ ન માનતા પર્યાયને જ ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય માનીએ તો શી હરકત ? ‘**(એવા તર્કનું સમાધાન કરવામાં આવે છે :).**’

‘**ઉત્પાદ અને વિનાશ જો વૃત્ત્યંશના જ માનવામાં આવે...**’ ધ્રુવના આધાર વિના એકલા પર્યાયના જ ઉત્પાદ અને વ્યય માનવામાં આવે ‘**તો, (પૂછીએ છીએ કે) (૧) તેઓ (ઉત્પાદ તથા વિનાશ) યુગપદ્ છે કે (૨) ક્રમે છે ?**’ એ ઉત્પાદ-વ્યય ક્રમે છે કે એકસાથે ઉત્પાદ અને વ્યય છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा वर्तमानसमयरूपपर्यायेणोत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैव कालाणुद्रव्यस्य पूर्वसमयरूपपर्यायेण प्रध्वंसस्तदुभयाधारभूताङ्गुलिद्रव्यस्थानीयेन कालाणुद्रव्यरूपेण ध्रौव्यमिति कालद्रव्यसिद्धिरित्यर्थः। ।।१४२।।

---

એકીવખતે એક વૃત્ત્યંશને પ્રકાશ અને અંધકારની માફક ઉત્પાદ અને વિનાશ એવા બે વિરુદ્ધ ધર્મો ન હોય). (૨) જો 'ક્રમે છે' એમ કહેવામાં આવે તો, ક્રમ નથી (અર્થાત્ ક્રમ પણ ઘટતો નથી) કારણ તે વૃત્ત્યંશ સૂક્ષ્મ હોવાથી તેમાં વિભાગનો અભાવ છે. માટે (આ રીતે સમયરૂપી વૃત્ત્યંશને ઉત્પાદ તથા વિનાશ થવા અશક્ય હોવાથી) કોઈ વૃત્તિમાન અવશ્ય શોધવો જોઈએ. અને તે (વૃત્તિમાન) કાળપદાર્થ જ છે. તેને (–તે કાળપદાર્થને) ખરેખર એક વૃત્ત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ સંભવે છે; કારણ કે જે વૃત્તિમાનને તે જ વૃત્ત્યંશમાં તે વૃત્ત્યંશની અપેક્ષાએ જે ઉત્પાદ છે, તે જ (ઉત્પાદ) તે જ વૃત્તિમાનને તે જ વૃત્ત્યંશમાં પૂર્વ વૃત્ત્યંશની અપેક્ષાએ વિનાશ છે (અર્થાત્ કાળપદાર્થને જે વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે, તે જ પૂર્વ પર્યાયની અપેક્ષાએ વિનાશ છે).

---

'**(૧) જો 'યુગપદ્ છે' એમ કહેવામાં આવે તો, યુગપદ્પણું (ઘટતું) નથી કારણ કે એકીવખતે એકને બે વિરુદ્ધ ધર્મ ન હોય...**' એકલા ઉત્પાદ અને વ્યય તે સમયે ધ્રુવના આધાર વિના હોય એમ બને નહિ. સમજાણું કાંઈ ? ઝીણી વાત તો છે, ભાઈ ! ૧૪૪ (ગાથા) સુધી આવશે. પછી થોડુંક ઠીક આવશે.

વીતરાગ દિગંબર સંતો આનંદમાં ઝૂલનારા ! એમને આ એક વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. એનો વારસો રહી ગયો. સર્વજ્ઞ પણ (જો) જાણીને તરત જ (એમનો) દેહ છૂટી જાય તો સર્વજ્ઞે શું જાણ્યું એ વાણીમાં ન આવે તો બીજાને જાણવાનું તો મળે નહિ. ઈ શું કહ્યું ? કેટલાક એમ કહે કે, જ્યારે પૂર્ણ (જ્ઞાન) થાય પછી ત્યાંને ત્યાં ખલાસ થઈ જાય. પણ પૂર્ણ સર્વજ્ઞ થાય (પછી) ખલાસ થઈ જાય તો એણે જે જાણ્યું એ બીજાને જાણવામાં મળે ક્યારે ? સર્વજ્ઞ થયા પછી વાણીનો યોગ હોય, એટલો કાળ રહે તો જે જાણેલું છે એ બીજાને જાણવામાં આવે. આ..હા..હા...!

'ભાવનગર'માં 'વડવા'માં એક મોટો પ્રશ્ન થયો હતો કે, પૂર્ણ દશા થાય પછી એને અહીં શું રહેવું ? બસ, એ તો અનંતમાં અનંત ભળી જાય. સર્વવ્યાપક છે ને ? ભાઈ ! એમ હોય નહિ, બાપુ ! સત્તાનો નાશ થાય ? સત્તા પૂર્ણ શુદ્ધ થઈ અને જાણવામાં આવ્યું એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો આમ ઉત્પાદ અને વિનાશ એક વૃત્ત્યંશમાં પણ સંભવે છે, તો કાળપદાર્થ નિરન્વય કઈ રીતે હોય, કે જેથી પહેલાંના અને પછીના વૃત્ત્યંશની અપેક્ષાએ યુગપદ્ વિનાશ અને ઉત્પાદ પામતો હોવા છતાં પણ સ્વભાવે અવિનષ્ટ અને અનુત્પન્ન હોવાથી તે (કાળપદાર્થ) એક વૃત્ત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ યુગપદ્ થતા હોવાથી તે નિરન્વય અર્થાત્ ખંડિત નથી માટે સ્વભાવે અવશ્ય ધ્રુવ છે).

આ પ્રમાણે એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ થયું. ૧૪૨.

---

પૂર્વનું પ્રારબ્ધ હોય છે તેથી તેની વાણીમાં, જાણેલી ચીજનું વાણીમાં વાણીની શક્તિથી જાણવા માટે વાત બહાર આવે છે. આહા..હા...! હોય જ, નહિતર સર્વજ્ઞે જાણ્યું એ બીજાને જાણવાનો પ્રસંગ ક્યાં બને ? એણે શું જાણ્યું (તે જણાવવાનો) મેળ જ એવો છે. એની વાણીમાં પણ એવી જ તાકાત છે. જે જણાણું એવું જ અહીંયાં વાણીમાં સ્વપરપ્રકાશક કથન (આવે) છે. આહા..હા...! છ દ્રવ્ય જોયા, અનંત ગુણ, આ તિર્યક્પ્રચય ને ઊર્ધ્વપ્રચય ને આ કેટલા પ્રદેશવાળા ને કેટલા પ્રદેશ વિનાના ને કેટલાક મૂર્ત ને કેટલાક અમૂર્ત કેટલાક જીવ ને કેટલાક અજીવ કેટલાક ભાવવર્તી શક્તિવાળા ને (કેટલાક) ક્રિયાવર્તી (શક્તિવાળા) એ બધું કહ્યું કોણે પણ ? (જે) જાણ્યું એ વાણીમાં આવ્યું. એવો વાણીનો જોગ એને રહે જ. આહા..હા...! જાણનારે જાણ્યું. આહા..હા...!

(અહીંયાં કહે છે), **'એકીવખતે એકને બે વિરુદ્ધ ધર્મો ન હોય (અર્થાત્ એકીવખતે એક વૃત્ત્યંશને પ્રકાશ અને અંધકારની માફક ઉત્પાદ અને વિનાશ એવા બે વિરુદ્ધ ધર્મો ન હોય).'** પ્રકાશ પણ હોય અને અંધકાર પણ હોય (એમ) બે હોય ? એક પર્યાયમાં એવા બે (અંશ) હોય ? **'(૨) જો 'ક્રમે છે' એમ કહેવામાં તો, ક્રમ નથી (અર્થાત્ ક્રમ પણ ઘટતો નથી) કારણ તે વૃત્ત્યંશ સૂક્ષ્મ હોવાથી...'** પર્યાય તો સૂક્ષ્મ છે એના બે ભાગ – ક્રમ ક્યાં પડે ? **'તેમાં વિભાગનો અભાવ છે.'** એક સમયની પર્યાયમાં ભાગલાનો અભાવ છે. બે ભાગ ક્યાંથી પડે ? બે ભાગ (પડે તો) અડધો સમય થઈ ગયો. એમ બને નહિ.

**'માટે (આ રીતે સમયરૂપી વૃત્ત્યંશને ઉત્પાદ તથા વિનાશ થવા અશક્ય હોવાથી)...'** હવે સિદ્ધ કરે છે. ઓ..હો..હો...! **'કોઈ વૃત્તિમાન...'** એ પર્યાયને ધરનારું. (વૃત્તિમાન એટલે) વૃત્તિવાળો, વૃત્તિને ધરનાર પદાર્થ. **'અવશ્ય શોધવો જોઈએ.'** આ..હા..હા..હા...! આચાર્યો (કહે છે) કાળપદાર્થને જરૂર શોધવો જોઈએ. સમયના, માપના કાળના ઉત્પાદ-વ્યય જ્યારે છે તો એનો આધાર શોધવો જોઈએ. દ્રવ્ય છે એનું અસ્તિત્વ શોધવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...! એટલે ? કે સમયમાં સમયમાં નવી પર્યાય થાય, જૂની જાય એવું એક સમયની પર્યાયને બેપણું – વિરુદ્ધ ધર્મ લાગુ ન પડે, એકલા સમયને (આવું લાગુ ન પડે). માટે એવા બે ધર્મનો આધાર શોધવો જોઈએ. નિત્ય દ્રવ્ય છે એને નક્કી કરવું જોઈએ એમ કહે છે. કાળ નિત્ય પદાર્થ છે. આહા..હા...! શ્વેતાંબરે એને ઉડાવી દીધો ! એને માટે આચાર્યો આટલી (દલીલો આપે છે). આ..હા..હા...!

**'અને તે (વૃત્તિમાન) કાળપદાર્થ જ છે.'** છે ને ? કોઈ વૃત્તિમાન શોધવો જોઈએ. એટલે ? કે, એ પર્યાયનો ધરનાર કાળપદાર્થ છે. પર્યાય જેને આધારે થાય એવો એ કાળપદાર્થ છે. આહા..હા...! સમયનો પર્યાય ઉત્પન્ન થયો અને પૂર્વ પર્યાયનો વ્યય થયો ઈ એકલી પર્યાયને આધારે ન થાય. કારણ કે પર્યાયમાં એક સમયમાં વિરુદ્ધ ધર્મો હોય નહિ અને એક સમયમાં ક્રમ ન હોય. વિરુદ્ધ ધર્મો ન હોય અને ક્રમ ન હોય. ત્યારે વૃત્તિનો – સમયનો ઉત્પાદ-વ્યય (ધરનાર) એનું ટકનારું તત્ત્વ અંદર શોધવું જોઈએ કે એ ધ્રુવ તત્ત્વ કાળ છે. આ..હા..હા...!

કેટલાકે આ પુસ્તક રાખ્યા હોય પણ પડ્યા હોય એમને એમ, નહિ ? આ..હા...! આ તો અમૃતના પટારા છે !! આ તો સત્‌ના તત્ત્વનું અસ્તિત્વ – કાળનું સત્‌નું અસ્તિત્વ શી રીતે સિદ્ધ કર્યું ? કે, સમય સમયનો ઉત્પાદ-વ્યય તે જ સમયે અધ્ધરથી હોય તો બે વિરુદ્ધ ધર્મ છે. (પરંતુ) એમ ન હોય. બીજી રીતે (કોઈ કહે કે) ઉત્પાદ-વ્યય ક્રમે (થાય છે). તો એક સમયમાં ક્રમ હોઈ શકે નહિ. આહા..હા...! એટલે એક સમયના ઉત્પાદ-વ્યયનો આધાર (દ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે). આહા..હા...! શું સંતોની (શૈલી) ! Logicથી – ન્યાયથી (સિદ્ધ કરે છે).

પક્ષપાત છોડીને તત્ત્વ શું છે એવું એણે સિદ્ધ કરવું જોઈએ એમ કહે છે. એ (શ્વેતાંબર) લોકો તો પાંચ દ્રવ્યની પર્યાય તે કાળ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– ઈ તો સ્વકાળનું દ્રવ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બીજો કાળ (પદાર્થ છે) અહીંયાં કીધું ને ? દરેક પર્યાયને સમયવિશિષ્ટ છે. એક સમયનું માપ સહકારી છે એવી ચીજ છે.

વૃત્ત્યંશને એક સમયના બે ભાગ અશક્ય છે અને એમાં એક સમયમાં વિરુદ્ધ ધર્મ (હોય) એ પણ અશક્ય છે. તેથી કોઈ વૃત્તિમાન – પર્યાયનો આધાર... આહા..હા...! પરિણતિને ધરનાર, ઉત્પાદ-વ્યયની પર્યાયને ધરનાર અવશ્ય શોધવો જોઈએ. આ..હા..હા...! ટીકા તો જુઓ ! પોતે તો શોધીને નક્કી કર્યું છે. બાપુ ! એણે આમ નક્કી કરવું જોઈએ. **'અવશ્ય શોધવો જોઈએ.'** (એમ કહ્યું તો) પ્રભુ ! તમારે હવે શોધવો બાકી છે ? ભાઈ ! એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્પાદ-વ્યયને બે ભાગ છે (એમ જો તું કહે) તો એકલા પર્યાયના બે ભાગ હોય તો (તે) વિરુદ્ધ છે. ક્રમ પડતો નથી – એક સમયમાં ક્રમ પડતો નથી માટે એનો આધારભૂત કોઈ દ્રવ્ય શોધવું જોઈએ, નિર્ણય કરવો જોઈએ. આહા..હા...! **'અને તે (વૃત્તિમાન) કાળપદાર્થ જ છે.'** એ ધ્રુવ તત્ત્વ છે.

ઉત્પાદ-વ્યયની જે ધારા વહે છે એ ધારાનો આધાર તે ધ્રુવ તત્ત્વ છે. સમજાણું કાંઈ ? પાણીના તરંગો ઊઠે એ કોઈ પાણી ચીજ છે એને આધારે ઊઠે છે, અધ્ધરથી તરંગ ઊઠતા (નથી). આ..હા..હા...! જળકલ્લોલવત્ કીધું છે ને ? 'આત્મમિમાંસા'માં આવે છે. પર્યાયમાં સમાય છે અને બહાર આવે છે.

આનંદની પર્યાયનો ઉત્પાદ અને આનંદની પર્યાયનો વ્યય (થાય) એવું જે એકલું ઉત્પાદ અને વ્યય એક સમયમાં બે વિરુદ્ધ ન હોય અને એક સમયમાં ક્રમ ન પડે. માટે તે આનંદની પર્યાયના ઉત્પાદ-વ્યયનો આધાર આનંદગુણ એણે નક્કી કરવો પડશે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ધ્રુવ સિદ્ધ કરવાની વાત છે ને ? (આનંદનો) દાખલો આપ્યો. આ..હા..હા...!

મુમુક્ષુ :– શ્રદ્ધાગુણમાં ઉતારો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સત્તા – અસ્તિત્વ કરતાં આનંદ વધારે છે. આનંદનું પણ અસ્તિત્વ છે ને ?

મુમુક્ષુ :– શ્રદ્ધામાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શ્રદ્ધા ? એ પણ અસ્તિત્વ છે ને ? મિથ્યાત્વનું જવું અને સમકિતનું થવું એવી જે પર્યાય (છે) એમાં એક સમયમાં બે વિરુદ્ધ ન હોઈ શકે. તેમ એક સમયનાં ભાગ ન પડે માટે ક્રમ ન હોય તો એ મિથ્યાત્વનો નાશ અને સમકિતની ઉત્પત્તિનો (આધાર) શ્રદ્ધાગુણ ગોતવો જોઈએ. અંદર શ્રદ્ધાગુણ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

છે અંદર, જુઓ ! **'यथाङ्गुलिद्रव्ये यस्मिन्नेव वर्तमानक्षणे वक्रपर्यायस्योत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवाङ्गुलिद्रव्यस्य पूर्वर्जुपर्यायेण प्रध्वंसस्तदाधारभूताङ्गुलिद्रव्यत्वेन ध्रौव्यमिति'** ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકાની) અંદર આંગળીનો દાખલો આપ્યો છે, આંગળીનો ! આ આંગળી છે એ આમ વક્ર છે. એ વક્રનો નાશ (થવો), સીધાની ઉત્પત્તિ (અને) આંગળીનું ધ્રુવપણું.

પછી બીજી રીતે લીધું છે, **'स्वस्वभावरूपसुखेनोत्पादस्तस्मिन्नेव क्षणे'** સ્વસ્વભાવરૂપ સુખના ઉત્પાદના ક્ષણે, જોયું ? સુખને લીધું છે. સંસ્કૃતમાં લીધું છે, સુખને લીધું છે. મેં તો ઉપરથી કહ્યું હતું પણ એમાં છે, જુઓ ! **'स्वस्वभावरूपसुखेनोत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवात्मद्रव्यस्य पूर्वानूभूताकुलत्वदुःखरूपेण प्रध्वंस...'** છે ? પૂર્વની આકુળતાની પર્યાયનો ધ્વંસ અને આનંદની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો ઉત્પાદ. છે ? '**तस्मिन्नेव क्षणे रत्नत्रयात्मकनिश्चयमोक्षमार्गपर्यायरूपेण प्रध्वंसस्तदुभयाधारपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति**' આ..હા..હા...! શું કીધું ઈ ? કે, આનંદની પર્યાયની ઉત્પત્તિ, આકુળતાની પર્યાયનો વ્યય – એ બેને આધારભૂત આનંદનું ધ્રુવપણું – આત્માનું ધ્રુવપણું (છે). આ..હા..હા...! એ રીતે કાળને લાગુ (પાડવું).

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૯, બુધવાર તા. ૦૨-૦૭-૧૯૭૫**
**ગાથા – ૧૪૨, ૧૪૩, ૧૪૪**
**પ્રવચન નંબર–૧૫૬**

'પ્રવચનસાર', જ્ઞેયતત્ત્વ – જ્ઞાનમાં જણાવાલાયક તત્ત્વનું સ્વરૂપ (જણાવે છે). એમાં અહીંયાં કાળપદાર્થની વ્યાખ્યા (ચાલે) છે. થોડી સૂક્ષ્મ વાત છે. ૨૮૨ પાનું આવ્યું છે. '**તે (વૃત્તિમાન) કાળપદાર્થ જ છે.**' ત્યાં સુધી આવ્યું છે. પહેલાં પેરેગ્રાફની નીચેથી પાંચમી લીટી. જુઓ ! આચાર્ય કાળપદાર્થને સિદ્ધ કરે છે. જેટલા અંશમાં એની એક સમયની પર્યાય સિદ્ધ થાય છે ત્યાં એ ઉત્પાદ-વ્યયવાળું ધ્રુવ તત્ત્વ એટલામાં છે. શું કહ્યું ?

એક પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય એમાં કાળનું નાનામાં નાનું માપ સમય આવી જાય છે. એ સમય દ્રવ્યની પર્યાય છે. આમ સમય માપ આવ્યું પણ એ સમય છે એ દ્રવ્યની પર્યાય છે. એક સમયમાં એ પર્યાય જેટલામાં છે એટલામાં તે સમય તેનો ઉત્પાદ છે, તેનો ને તેનો વ્યય હોય તો વિરોધ આવે. પણ પૂર્વની પર્યાયનો વ્યય છે, નવી પર્યાય ઉત્પન્ન છે અને અન્વય ધ્રુવ કાયમ અંદર ચાલુ છે. આહા..હા...!

જેમકે ભગવાનઆત્મામાં મોક્ષનો માર્ગ જે ત્રણ રત્નત્રયની પર્યાય (છે) એનો જે ધ્વંસનો – વ્યયનો સમય (છે) તે જ સમયે મોક્ષની પર્યાયનો ઉત્પાદ (છે). આ તો વ્યતિરેક થયું અને ઉત્પાદ અને વ્યયનું અન્વય નામ ધ્રુવ દ્રવ્ય તે સમયે ત્યાં છે. એ ઉત્પાદ-વ્યયને આધારવાળું (દ્રવ્ય ત્યાં છે). જે પરિણતિ થઈ, થઈ અને ગઈ. જે અવસ્થા મોક્ષની થઈ કે સુખની ઉત્પત્તિ થઈ તે જ સમયે દુઃખની પર્યાયનો વ્યય થઈ ગયો અને આનંદ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ, ઉત્પાદ-વ્યયમાં સળંગ ધ્રુવ અન્વય રહ્યું. આવું છે.

આત્માના પણ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિના જે પરિણામ ઉત્પન્ન થાય એ જ સમયે પૂર્વની મિથ્યા આદિની પર્યાય હતી એનો વ્યય થાય છે. એના એ પર્યાયનો વ્યય નહિ, એનો ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો ઉત્પાદ હોય તો વિરોધ આવે. એ વાત આવી ગઈ છે. પૂર્વની પર્યાયની હયાતીનો જે સમયે વ્યય (થાય છે) એ જ સમયે આનંદ અને સમ્યક્ પર્યાયની ઉત્પત્તિ (થાય છે) અને એ ઉત્પત્તિ અને વ્યયમાં જેને આધારે (ઉત્પાદ-વ્યય) થાય તે ધ્રુવ સળંગ રહ્યું છે.

એમાં કાળને અહીં સિદ્ધ કરવું છે. કોઈ કાળપદાર્થ માનતા ન હોય તો જ્ઞાનનો પર્યાય એ પદાર્થનું જે સ્વરૂપ છે એને જાણે છે, જો કાળ ન હોય તો તે જાણવાની દશા જ એને ન રહે. એ પર્યાયમાં કાળ આદિ છ દ્રવ્યો સમયે સમયે પર્યાયથી ઉત્પન્ન થાય, પૂર્વ પર્યાયથી વ્યય થાય, જેને આધારે થાય એ અન્વય કાયમ રહે. એવું જ્ઞાન જાણે. છએ દ્રવ્યની પર્યાય આ રીતે જ્ઞાન જાણે. અને પોતે પણ (એક) સમયની (પર્યાયની) ઉત્પત્તિ થાય, પૂર્વનો પર્યાય વ્યય થાય (અને) સળંગ ધ્રુવ રહે એને પણ જ્ઞાન જ્ઞેય બનાવે છે. આહા..હા...! પોતે જ્ઞેય પણ છે અને પોતે જ્ઞાન પણ છે. પોતા સિવાય બધી ચીજો જ્ઞેય છે. એવું જ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે કે છ દ્રવ્યના ઉત્પાદ-વ્યય સહિતવાળું તત્ત્વ એના જ્ઞાનમાં જણાય છે. એવી જ્ઞાનની પર્યાયની તાકાત (છે), એવડું સામર્થ્ય છે ! ત્યારે તેણે પર્યાયને માની કહેવાય. શું કીધું સમજાણું ?

છ દ્રવ્યના ગુણ, પર્યાય એક સમયમાં જાણે. જો એમાં (કોઈ) દ્રવ્ય ઓછું કરે તો પર્યાયમાં કમી થાય, તે પર્યાયનું સામર્થ્ય પૂર્ણ થતું નથી. એટલે છ દ્રવ્યના પર્યાયો સમયે ઉત્પન્ન થાય, પૂર્વની (પર્યાયનો) વ્યય થાય. જે અવસ્થા ઉત્પન્ન થઈ તે જ સમયે પૂર્વનો વ્યય (થાય છે) અને એના આધારનું ધ્રુવ (કાયમ રહે છે) એવું જ્ઞેયનું સ્વરૂપ છે. એ જ્ઞાન એમ જાણે છે. (જ્ઞાન) કોઈને કાંઈ કરતું નથી. આ..હા..હા...!

અહીંયાં કાળપદાર્થને સિદ્ધ કર્યો. આવ્યું ને એમાં ? '**વૃત્ત્યંશ સૂક્ષ્મ હોવાથી તેમાં વિભાગનો અભાવ છે. માટે (આ રીતે સમયરૂપી વૃત્ત્યંશને ઉત્પાદ તથા વિનાશ થવા અશક્ય હોવાથી) કોઈ વૃત્તિમાન અવશ્ય શોધવો જોઈએ.**' એક જ સમયની અવસ્થામાં એની એ પર્યાયનો ઉત્પાદ (થાય) અને એનો જ વિનાશ (થાય) એમ ન સંભવે. માટે ઉત્પાદ અને પૂર્વની અવસ્થાનો વ્યય (થાય) એનો એક આધાર દ્રવ્ય શોધવું જોઈએ, એમ આચાર્ય કહે છે. શોધવું જોઈએ એટલે હોય છે. આહા..હા...!

આ બધાં ક્રિયાકાંડમાં ઊતરી જાય પણ વસ્તુ શું છે એની દૃષ્ટિ અને એના સામર્થ્યની પ્રતીતિ ન કરે ત્યાં સુધી બધું થોથાં છે. કેમકે એ તો જ્ઞાનસ્વભાવ છે. રાતે વાત થઈ હતી ને ? 'લાલબહાદુર' આવ્યા હતા ત્યારે ક્રમબદ્ધ માન્યું હતું. ૨૦૦૩ની સાલમાં ! ૨૮ વર્ષ થયાં. (બીજા વિદ્વાને) નહોતું માન્યું, એ ફરી ગયા.

ક્રમબદ્ધ એટલે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન છે તે જ્ઞેયને અને સ્વને જાણે (એટલું) એનું કાર્ય છે, બસ ! તો જાણવામાં આડુંઅવળું થાય એવું એમાં ક્યાં રહ્યું ? એ તો જે સમયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે પર્યાય જ્યાં થાય એને જ્ઞાન જાણે. પોતાની પર્યાય થાય તેને પણ જાણે. આહા..હા...! જાણનાર આત્મા છે એમ જ્યારે નક્કી થયું તો એમાં ક્રમબદ્ધ (પણ નક્કી) થયું. એ જાણનાર કાંઈ ફેરવે નહિ, જાણનાર જાણ્યા વિના રહે નહિ. થાય તેને જાણ્યા વિના રહે નહિ, થાય તેને ફેરવે નહિ. સમજાણું કાંઈ ? આ તો અંદરની વાત બેસવી જોઈએ, ભાઈ ! એકલી વાતું કરીને ધારી લે એવી આ વાત નથી. વસ્તુ સ્વરૂપ જ એવું છે. તેથી એમ કહ્યું કે એ તો જ્ઞાયકભાવ છે. પારિણામિકભાવ કહેવો છે પણ અહીં આત્માને જ્ઞાયકભાવ છે, ઈ તો જાણનાર સ્વભાવ છે. જાણનાર સ્વભાવ છે ઈ એનો અર્થ થઈ ગયો. જે રીતે જ્યાં જેમ થાય તેને તેનો જ્ઞાનપર્યાય તે કાળે તેને તે પ્રકારે જાણવાનો ઉત્પન્ન થાય, એ પણ ક્રમબદ્ધમાં !

ભાઈ ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. સ્થૂળપણેથી (સમજાય એવો નથી). અંતરથી ઊગી જાય તો ઊગી જાય, વિશેષ ખ્યાલ ન હોય છતાં પણ જેને વિશેષપણે વિપરીતતા ઘણી ઘણી હોય તો એને વિશેષપણે જાણ્યા વિના વિપરીતતા ટળે નહિ. શ્વેતાંબર સંપ્રદાયે આખું કાળ દ્રવ્ય ઉડાવ્યું. ઈ કહે (છે) દ્રવ્યની પર્યાય (થાય છે) તે કાળદ્રવ્ય (છે). એમ કહે છે, ઠાણાંગમાં આવે છે. ઈ જ કાળ, બસ ! બીજું કાળદ્રવ્ય જુદું છે (એમ નહિ). આહા..હા...!

બીજી રીતે (કહીએ તો) 'કાળ' શબ્દ છે તો એનો વાચ્ય પદાર્થ હોવો જોઈએ. વાચક શબ્દ છે તો એનો વાચ્ય પદાર્થ હોવો જોઈએ અને જે પદાર્થ કેટલાકને અનુમાનગમ્ય હોય તો કોઈને પ્રત્યક્ષગમ્ય પણ હોય. સમજાણું કાંઈ ? ઈ દૃષ્ટાંત આપ્યો છે ને ? ડુંગર ઉપર અગ્નિ બળતી હોય ઈ અહીંથી દેખાય કે અગ્નિ છે, ધુંઓ (–ધુમાડો) છે. ઈ અહીંથી અનુમાન થાય છે (કે) ધુંઓ છે તો અગ્નિ છે. પણ અનુમાન કરનારો જે બીજો છે ઈ તો વ્યવહાર થયો તો એને નિશ્ચયથી પ્રત્યક્ષ કરનારો હોય જ. સમજાણું કાંઈ ? એમ આત્માની પર્યાયમાં કે પરની પર્યાય જે અનુમાનથી નક્કી થાય કે એ સમયની પર્યાય ઉત્પન્ન છે, પૂર્વની વ્યય છે, જેમાંથી ઊભી થાય છે, પર્યાય આમ ખડી થાય છે એનો આધાર ધ્રુવ છે. એવું જેને અનુમાનગમ્યમાં પણ નિર્ણય થાય તો કો'કને પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? એમ આ ભગવાનઆત્મા ! કાળનો જે નિર્ણય કરે એ ભલે પરોક્ષ રીતે (કરે)... સમજાણું કાંઈ ? પણ બીજા કોઈ જીવને (એ પદાર્થ) પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ?

કહે છે, '**(–તે કાળપદાર્થને) ખરેખર એક વૃત્ત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ સંભવે છે;...**' સંતોએ વસ્તુને સિદ્ધ કરવા કેટલી કરુણાથી જગતને વસ્તુ કહે છે !! ભાઈ ! જાણવાની દરકાર પણ કે'દી કરી છે ? ઊના પાણી પીવા ને અપવાસ કરવા ને એકટાણા કરવા, (એમાં ધર્મ માનવો તે) મિથ્યાત્વ છે. તે સમયે તે પદાર્થ આવવાના નહોતા અને એણે કહ્યું કે, મેં ત્યાગ્યા છે, એ મિથ્યાત્વભાવ છે. ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**(–તે કાળપદાર્થને) ખરેખર એક વૃત્ત્યંશમાં...**' (એટલે) પર્યાયમાં '**પણ ઉત્પાદ અને વિનાશ સંભવે છે;...**' છે ? એક પર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સંભવે છે. એટલે એક સમયમાં એમ. '**કારણ કે જે વૃત્તિમાનને...**' એટલે પદાર્થને '**જે વૃત્ત્યંશમાં તે વૃત્ત્યંશની અપેક્ષાએ ઉત્પાદ છે,...**' વૃત્તિમાન એટલે પદાર્થ. આમાં મગજ કામ કરવું જોઈએ. એમને એમ (સાંભળી લ્યે એમ નહિ). '**વૃત્તિમાનને...**' એટલે પદાર્થને '**જે વૃત્ત્યંશમાં...**' એટલે પર્યાયમાં '**તે વૃત્ત્યંશની અપેક્ષાએ જે ઉત્પાદ છે,...**' '**તે જ (ઉત્પાદ) તે જ વૃત્તિમાનને તે જ વૃત્ત્યંશમાં...**' તે જ પર્યાયમાં એમ. '**પૂર્વ વૃત્ત્યંશની અપેક્ષાએ વિનાશ છે...**' તે જ સમયે (વિનાશ છે) ! આહા..હા...! '**(અર્થાત્ કાળપદાર્થને જે વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે, તે જ પૂર્વ પર્યાયની અપેક્ષાએ વિનાશ છે).**'

'**જો આમ ઉત્પાદ અને વિનાશ એક વૃત્ત્યંશમાં પણ સંભવે છે,...**' વૃત્ત્યંશ એટલે પર્યાય. જે સમયે પર્યાય ઉત્પન્ન થાય, ઉત્પન્ન થાય તે જ સમયે પૂર્વનો (પર્યાયનો) વ્યય છે. સમય તો તે જ છે. પણ તે પર્યાય ઉત્પન્ન થઈ તેનો (જ) વ્યય (છે) એમ નથી. એક સમયમાં પૂર્વની અવસ્થાનો વ્યય (થયો) – મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય, મોક્ષની પર્યાયનો ઉત્પાદ (છે) અને એનો આધાર ધ્રુવ આત્મા (છે). કહો, સમજાણું આમાં ? જાડી વાતું હોય તો પકડે. ઓ..હો...! છદ્મસ્થ સંતોએ પણ વસ્તુને સિદ્ધ કરીને કેવી રીતે સહેલાઈથી મૂકી છે ! સહેલું કરીને મૂક્યું છે ! જરી એણે ધ્યાન દેવું જોઈએ. ઝીણું છે એટલે ન સમજાય એમ નહિ. ઝીણું છે એટલે જરી ધ્યાન દેવું જોઈએ. આહા..હા...!

'**જો આમ ઉત્પાદ અને વિનાશ એક વૃત્ત્યંશમાં પણ સંભવે છે, તો કાળપદાર્થ નિરન્વય કઈ રીતે હોય,...**' તો કાળપદાર્થને ધ્રુવનો સંબંધ ન હોય એમ કેમ હોય ? એક સમયમાં ઉત્પાદ-વ્યય છે તો તે જ સમયે તેનો અન્વય – ધ્રુવ પણ સાથે છે. અન્વય વિનાનો એ ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ. ઉત્પાદ-વ્યય વ્યતિરેક છે (અને) કાયમ રહેનારું તે અન્વય છે. આ..હા..હા..હા...! ભાષા પણ જુદી ! ભાઈ ! આવી વાત છે !

'**કાળપદાર્થ નિરન્વય કઈ રીતે હોય,...**' એટલે એનું અન્વયપણું ઉત્પાદ-વ્યયમાં કેમ ન હોય ? જેને આધારે (ઉત્પાદ-વ્યય) થાય એવું અન્વય કાયમ હોય છે એમ કહે છે. '**કે જેથી પહેલાંના અને પછીના વૃત્ત્યંશની અપેક્ષાએ યુગપદ્ વિનાશ અને ઉત્પાદ પામતો હોવા છતાં..**' (અર્થાત્) એક જ સમયે ઉત્પાદ અને વ્યય હોવા છતાં '**પણ સ્વભાવે અવિનષ્ટ અને અનુત્પન્ન હોવાથી...**' વસ્તુ તરીકે તો ઉત્પાદ-વ્યય વિનાની ચીજ છે. '**અવિનષ્ટ અને અનુત્પન્ન હોવાથી તે (કાળપદાર્થ) અવસ્થિત ન હોય ?**' એટલે કેમ કાળપદાર્થ સ્થિત ન હોય ? ધ્રુવ હોય જ એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(એક મુમુક્ષુ) કહેતા કે, માસ્તર એટલે... શું કાંઈક કહેતા ને ? પંતુ ! માસ્તર એટલે પંતુ. ઈનું ઈ શીખવવું. એમાં કંઈ નવું કે તર્ક કે ન્યાય (ન આવે). ભાઈ ! તમારે બેંકમાં પણ શું (હોય છે) ? ઈની ઈ ભાષા (હોય), કંઈ નવો તર્ક છે ? આહા..હા...! ઈ કહેતા કે, માસ્તર એટલે પંતુ. ઈની ઈ ભાષા (આવે). એમાં અંદર કાંઈ રોજ નવો ન્યાય કાઢવો પડે એવું કાંઈ હોય નહિ. એમ આ વાણિયાને ઈના ઈ વેપાર ને ધંધા. રળી લેવું, આ ભાવ ને આ... થઈ રહ્યું. એમાં આત્માનો રંગ શું છે ? આહા..હા...!

(અહીંયાં કહે છે) '(**કાળપદાર્થને એક વૃત્ત્યંશમાં પણ...**)' એક પર્યાયમાં પણ '(**ઉત્પાદ અને વિનાશ યુગપદ્ થતા હોવાથી...**)' એક સમયમાં બે થતાં હોવાથી, પણ એક અભાવ અને ભાવ એમ (બે). '(**તે નિરન્વય અર્થાત્ ખંડિત નથી...**)' એનો સંબંધ અન્વય નામ ધ્રુવ વિનાનું નથી. '(**માટે સ્વભાવે અવશ્ય ધ્રુવ છે**).' માટે કાળપદાર્થ સ્વભાવે ધ્રુવ છે. પકડાય એટલું પકડવું જગતમાં આ એક તત્ત્વ છે. આહા..હા...!

આત્માનો જ્ઞાનસ્વભાવ છે, એની પર્યાયનું સામર્થ્ય આવા છ દ્રવ્યના ગુણ-પર્યાય જેટલું જાણવાનું સામર્થ્ય છે. એ તો એક પર્યાયનું એટલું સામર્થ્ય છે. 'કળશટીકા'માં તો એમ લખ્યું છે નહિ ? કે, છ દ્રવ્યને જાણે, માને એણે એક સમયની પર્યાયને માની. ભાઈ ! 'કળશટીકા'માં છે. અને એવી અનંતી પર્યાયનો એક ગુણ ! ધ્રુવ ! અને એવા અનંત ગુણનું ધ્રુવ સ્વરૂપ દ્રવ્ય !! ઓ..હો..હો...! ખજાનો છે મોટો ! એ ભગવાનઆત્મા ! પોતાના આનંદની ખાણમાં નજર દેતાં, નજર છે ઈ વર્તમાન ઉત્પાદ પર્યાય છે, પણ ઈ ધ્રુવ (કે) જેને આધારે થઈ એમાં નજર દેતાં એ ધ્રુવ ઈ પર્યાયનો વિષય થઈ ગયો. ઓ..હો..હો...!

એક સમયની પર્યાય(માં) આમ જે દ્રવ્યનો વિષય છે... સમજાણું કાંઈ ? છ દ્રવ્યને જેવા છે તેમ એક સમયની પર્યાય જાણે. ત્યારે તેણે પર્યાય માની. હવે દ્રવ્ય માનવાની વાત લાવે છે. એ પર્યાયે પરનું જેટલું જ્ઞાન કર્યું એ પર્યાય ભલે હો, એ પર્યાય આમ દ્રવ્યનું જ્ઞાન કરે છે... સમજાણું કાંઈ ? ત્યારે એની પર્યાયનું સામર્થ્ય કેટલું ? કે, જે છ દ્રવ્યને પણ જાણે અને એ પર્યાય એવી અનંતી પર્યાયનો પિંડ ગુણ અને અનંત ગુણનું એકરૂપ ધ્રુવ એમાં જે નજર પડી, જ્ઞાનની પર્યાયે એને જ્ઞેય બનાવ્યું એ પર્યાય જ્ઞેયની ધ્રુવતાને સ્પર્શ્યા વિના તેનું જ્ઞાન કરે એવી પર્યાયની તાકાત છે.

મુમુક્ષુ :– વિશેષ સામાન્યને છોડ્યા વિના.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, વિશેષ સામાન્યને સ્પર્શ્યા વિના (જાણે). બન્નેનું અસ્તિત્વ છે. આહા..હા...!

'**આ પ્રમાણે એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ થયું.**' લ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક સમયમાં ત્રણ સિદ્ધ કર્યાં ! હવે ૧૪૩ (ગાથા). '**હવે (જેમ એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળો સિદ્ધ કર્યો...)**' એક જ સમયની અવસ્થા બતાવીને ઉત્પાદ અને વ્યય અને એની સાથે અન્વય એક સમયમાં ત્રણ સિદ્ધ કર્યા. સમજાણું કાંઈ ? '(**તેમ) સર્વ વૃત્ત્યંશોમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ કરે છે :–**' આ તો એક સમયમાં ત્રણ સિદ્ધ કર્યાં કે જે સમયે ઉત્પાદ, તે સમયે પૂર્વનો વ્યય, તે સમયે અન્વયનો સંબંધ – એક સમયમાં ત્રણ ! હવે એવી રીતે ત્રણે કાળ (સિદ્ધ કરે છે). આહા..હા...! એ રીતે ત્રણે કાળમાં સમય સમયના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ... ઉત્પાદ-વ્યય અને ધ્રુવ... (સિદ્ધ કરે છે).

હવે સિદ્ધમાં ઉત્પાદ-વ્યય હશે કે નહિ ? શું થયું ? સિદ્ધમાં ઉત્પાદ-વ્યય ન હોય (એમ) કહે છે ! સિદ્ધ થઈ ગયા એને શું ? પેલા (ભાઈ) પણ નહોતા કહેતા ? સિદ્ધમાં પણ હજી પર્યાય વળગી ? ત્યાં પણ એણે છેડો છોડ્યો નહિ ? આવાને આવા બધા ! અને ભાષણો કરે મોટા મોટા ! દાઢી રાખે...! આહા..હા...! વીસમી ગાથામાં તો એમ કહ્યું કે, પર્યાય તે જ દ્રવ્ય છે. અનુભવનું વેદન જે પર્યાય છે તે જ આત્મા છે. વેદનમાં નથી આવ્યો તે તો ધ્રુવ પડ્યો છે. આહા..હા...! 'અલિંગગ્રહણ' વીસમો બોલ. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે ધ્રુવ સ્વભાવ – દ્રવ્ય સ્વભાવને સ્પર્શ્યા વિના એક સમયની પર્યાય તે આત્મા છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ માર્ગ તો બાપા, (ગંભીર છે). આહા..હા...!

જેવો એનો જ્ઞાનસ્વભાવ છે, આનંદસ્વભાવ છે એવો આનંદ પર્યાયમાં પૂર્ણ પ્રગટ કરવો છે તો એ પર્યાયનો આધાર જે ગુણસ્વરૂપ ભગવાન એની કેટલી તાકાત છે એવી પર્યાય તાકાત તાકે નહિ ત્યાં સુધી એ પર્યાય સાચી થાય નહિ. સમજાણું કાંઈ ? ભાઈ ! જે આવે ઈ આવવા દ્યો ! સાંભળો. આ કણબીને ત્યાં ક્યાં આત્મા હોય ? ૧૪૩ (ગાથા).

**एगम्हि संति समये संभवठिदिणाससण्णिदा अट्ठा।**
**समयस्स सव्वकालं एस हि कालाणुसब्भावो।।१४३।।**

આચાર્યે કાળાણુને સિદ્ધ કર્યો ! ઓ..હો..હો...! આનંદમાં ઝૂલનારા ! આ..હા..હા...! અતીન્દ્રિય આનંદમાં, પ્રચૂર અતીન્દ્રિય આનંદના વેદનમાં ઊભા (એમાં) આ કાળને સિદ્ધ કરવાનો વિકલ્પ ઊઠ્યો. એના પણ જ્ઞાતા (છે). સમજાણું કાંઈ ? આહા..હા...! આ માર્ગ !

પેલો કહે કે, પૂજામાં વિશુદ્ધ ભાવ છે. વિશુદ્ધ એટલે શુભ. એ ધર્મનું મૂળ છે એમ કહેવા માગે છે. એવી પૂજા અનંતવાર ભવોભવ કરી. અનંતવાર પૂજાઓ કરી. એક વાર સાચી પૂજા કરે તો એને નિર્જરા થઈ ધર્મ થઈ જાય. પણ એ પૂજા પૂજા ક્યાં હતી ? એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सर्ववृत्त्यंशेषु समयपदार्थस्योत्पादव्ययध्रौव्यकत्त्वं साधयति -

**एगम्हि संति समये संभवठिदिणाससण्णिदा अट्ठा।**
**समयस्स सव्वकालं एस हि कालाणुसब्भावो।।१४३।।**
**एकस्मिन् सन्ति समये संभवस्थितिनाशसंज्ञिता अर्थाः।**
**समयस्य सर्वकालं एष हि कालाणुसद्भावः।।१४३।।**

अस्ति हि समस्तेष्वपि वृत्त्यंशेषु समयपदार्थस्योत्पादव्ययध्रौव्यत्वमेकस्मिन् वृत्त्यंशे तस्य दर्शनात्। उपपत्तिमच्चैतत्, विशेषास्तित्वस्य सामान्यास्तित्वमन्तरेणानुपपत्तेः। अयमेव च

---

अथ पूर्वोक्तप्रकारेण यथा वर्तमानसमये कालद्रव्यस्योत्पादव्ययध्रौव्यत्वं स्थापितं तथा सर्वसमयेष्वस्तीति निश्चिनोति - **एगम्हि संति समये संभवठिदिणाससण्णिदा अट्ठा** एकस्मिनन्समये

---

હવે (જેમ એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો સિદ્ધ કર્યો તેમ) સર્વ વૃત્ત્યંશોમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ કરે છે :–

**પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય વિનાશ અર્થો કાળને**
**વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્ભાવ છે. ૧૪૩.**

---

તો રાગ છે. આહા..હા...! એ સંસાર છે. ભગવાનની પૂજાનો ભાવ સંસાર છે. એ..ઈ...! (પૂજાનો ભાવ) હોય ભલે પણ (સંસાર છે). આવે, અશુભથી બચવા તે કાળે તે પ્રકારનો ક્રમમાં આવતો ભાવ આવે, પણ છે હેય, છે સંસાર. આહા..હા...!

હરિગીત.

**પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય વિનાશ અર્થો કાળને**
**વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્ભાવ છે. ૧૪૩.**

આ..હા..હા...! આવી ચીજ સંતોએ સંસ્કૃતમાં રચી તો એને સાંભળવા માટે, સમજવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समयपदार्थस्य सिद्ध्यति सद्भावः। यदि विशेषसामान्यास्तित्वे सिद्ध्यतस्तदा त अस्तित्वमन्तरेण न सिद्ध्यतः कथंचिदपि।।१४३।।

---

सन्ति विद्यन्ते। के। संभवस्थितिनाशसंज्ञिता अर्थाः धर्माः स्वभावा इति यावत्। कस्य संबन्धिनः। **समयस्स** समयरूपपर्यायस्योत्पादकत्वात् समयः कालाणुस्तस्य। **सव्वकालं** यद्येकस्मिन् वर्तमानसमये सर्वदा तथैव। **एस हि कालाणुसब्भावो** एषः प्रत्यक्षीभूतो हि स्फुट-मुत्पादव्ययध्रौव्यात्मककालाणुसद्भाव इति। तद्यथा - यथा पूर्वमेकसमयोत्पादप्रध्वंसाधारेणाङ्गुलि-द्रव्यादिदृष्टान्तेन वर्तमानसमये कालद्रव्यस्योत्पादव्ययध्रौव्यत्वं स्थापितं तथा सर्वसमयेषु ज्ञातव्यमिति। अत्र यद्यप्यतीतानन्तकाले दुर्लभायाः सर्व प्रकारोपादेयभूतायाः सिद्धगतेः काललब्धिरूपेण

---

**અન્વયાર્થ :–** **[एकस्मिन् समये]** એક એક સમયમાં **[संभवस्थितिनाशसंज्ञिताः अर्थाः]** ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો **[समयस्य]** કાળને **[सर्वकालं]** સદાય **[सन्ति]** હોય છે. **[एषः हि]** આ જ **[कालाणुसद्भावः]** કાળાણુનો સદ્ભાવ છે (અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે).

**ટીકા :–** કાળપદાર્થને બધાય વૃત્ત્યંશોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે, કારણ કે (૧૪૨મી ગાથામાં સિદ્ધ થયું તેમ) એક વૃત્ત્યંશમાં તેઓ (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) જોવામાં આવે છે. અને આ યોગ્ય જ છે, કારણ કે વિશેષ અસ્તિત્વ સામાન્ય અસ્તિત્વ વિના બની શકે નહિ. આ જ કાળપદાર્થના સદ્ભાવની (અસ્તિત્વની) સિદ્ધિ છે; (કારણ કે) જો વિશેષ અસ્તિત્વ અને સામાન્ય અસ્તિત્વ સિદ્ધ થાય છે તો તેઓ અસ્તિત્વ વિના કોઈ પણ રીતે સિદ્ધ થતા નથી. ૧૪૩.

---

માટે પ્રયત્ન તો કરવો જોઈએ ને ? આહા..હા...! ભાવલિંગી મુનિઓ અતીન્દ્રિય આનંદમાં ઝૂલનારા ! એણે આ કાળપદાર્થની સત્તાની સિદ્ધિ કરવા સંસ્કૃતમાં, શબ્દોમાં નિમિત્ત થયા. કર્તા નહિ, હોં ! નિમિત્ત થયા. નિમિત્ત જુદું અને નિમિત્તકર્તા જુદું. આ..હા..હા...! જંગલમાં વસતા, અંદર અતીન્દ્રિય આનંદની ત્રાડુ મારતા ! આ..હા..હા...! સિંહ ગરજતા, અનંત ગુણનો ખજાનો ખોલતા, રાગની એકતાએ જે ખજાનાને તાળાં માર્યાં છે એ ખોલી નાખ્યાં ! રાગ અને સ્વભાવ – ત્રિકાળી અનંત ગુણનો સ્વભાવ અને રાગ એક સમયની વિકૃત પર્યાય (છે) એની સાથે એકતા (થતાં) સ્વભાવના ખજાનાને તાળાં માર્યાં. પણ રાગ અને સ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बहिरङ्गसहकारी भवति कालस्तथापि निश्चयनयेन निजशुद्धात्म-तत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठान-समस्तपरद्रव्येच्छानिरोधलक्षणतपश्चरणरूपा या तु निश्चयचतुर्विधाराधना सैव तत्रौपादानकारणं, न च कालस्तेन कारणेन स हेय इति भावार्थः।।१४३।।

---

બે ભિન્ન છે. એક જ સમયમાં નિર્મળ પર્યાયનો અંશ અને મલિન પર્યાયનો અંશ – એક પર્યાયના બે ભાગ ! આ..હા..હા..હા...! એમાં જે નિર્મળ પર્યાયનો અંશ (છે) તે મારો, મલિન પર્યાયનો અંશ (છે) તે ઝેર (છે). એક અમૃત અને એક ઝેર ! આહા..હા...! એમાં ઝૂલતા આ વાત કરી દીધી છે. આવો વારસો મૂક્યો (તો) લેનારે જરી વારસો લેવાની વિચારણા તો કરવી ને !

**ટીકા :–** '**કાળપદાર્થને બધાય વૃત્ત્યંશોમાં...**' (અર્થાત્) બધી પર્યાયોમાં '**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે,...**' કાળપદાર્થને દરેક સમયના અંશમાં, દરેક સમયે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ હોય છે. સમજાણું કાંઈ ? '**કારણ કે, (૧૪૨મી ગાથામાં સિદ્ધ થયું તેમ) એક વૃત્ત્યંશમાં...**' વૃત્ત્યંશ એટલે પર્યાય. '**તેઓ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) જોવામાં આવે છે.**' એક જ સમયની પર્યાયમાં ઉત્પાદ, (વ્યય), ધ્રૌવ્ય જોવામાં આવે છે. કારણ કે જે પર્યાય ઉત્પન્ન થઈ તે જ સમયે બીજી પર્યાય વ્યય થઈ અને એનું અન્વયપણું – ધ્રુવપણું ત્યાં છે. એક સમયમાં ત્રણે જોવામાં આવે છે. '**અને આ યોગ્ય જ છે,...**' અને એ યોગ્ય જ છે. હજી એકાદ ગાથા ઝીણી આવશે, હોં ! પછી ફરશે. ૧૪૪ સુધી (ઝીણું આવશે).

'**કારણ કે વિશેષ અસ્તિત્વ સામાન્ય અસ્તિત્વ વિના બની શકે નહિ.**' જુઓ ! આ સિદ્ધ કરવું છે. જે પર્યાયનું એક સમયનું સિદ્ધપણું તે સમયમાં થયું ત્યાં પર્યાયની સિદ્ધિ થઈ તો એ પર્યાયની સિદ્ધિ, વિશેષ અસ્તિત્વ સામાન્ય અસ્તિત્વ વિના હોય નહિ. પરમાણુ ગતિ કરતા પર્યાયનો સમય ત્યાં સિદ્ધ થયો. ત્યાં એ પર્યાય છે એ વિશેષ છે એ સિદ્ધ થઈ. વિશેષનું અસ્તિત્વ સિદ્ધ થયું અને વિશેષનું અસ્તિત્વ સામાન્યના અસ્તિત્વ વિના હોય નહિ. સમજાણું કાંઈ ? આ તો બધા ન્યાયની Logicથી વાત છે, ભાઈ ! અત્યાર સુધી બધું જાડી બુદ્ધિએ ચલાવ્યું છે ને ? આહા..હા...!

'**કારણ કે વિશેષ અસ્તિત્વ સામાન્ય અસ્તિત્વ વિના બની શકે નહિ. આ જ કાળપદાર્થના સદ્‌ભાવની (અસ્તિત્વની) સિદ્ધિ છે;...**' લ્યો ! એક તો એક સમયની પર્યાયનું માપ સિદ્ધ થયું એટલે ત્યાં પર્યાય એટલામાં (છે એમ) સિદ્ધ થયું અને એ સિદ્ધ થતાં પૂર્વનો વ્યય અને એનો ઉત્પાદ અને અન્વય ધ્રુવ સાથે છે. જેના સંબંધ વિના એકલો ઉત્પાદ-વ્યય હોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શકે નહિ. તો એક સમયમાં એ ત્રણ સિદ્ધ થતાં બધા સમયે – ત્રણે કાળના સમયમાં (કાળપદાર્થના) '**સદ્‌ભાવની (અસ્તિત્વની) સિદ્ધિ...**' થઈ. વિશેષપણું સિદ્ધ થતાં તે જ કાળે સામાન્ય સિદ્ધ થતાં ત્રણે કાળમાં એ કાળદ્રવ્યના અસ્તિત્વની સિદ્ધિ થઈ. આહા..હા...!

'(**કારણ કે) જો વિશેષ અસ્તિત્વ અને સામાન્ય અસ્તિત્વ સિદ્ધ થાય છે...**' જુઓ, શું કહે છે ? એ પર્યાયનું અસ્તિત્વ – હયાતી સિદ્ધ થઈ અને તે સામાન્ય અસ્તિત્વ વિના હોય નહિ, અન્વય વિના (હોય નહિ) એ બેની સિદ્ધિ થઈ '**તો તેઓ અસ્તિત્વ વિના કોઈ પણ રીતે સિદ્ધ થતા નથી.**' તો બન્નેની હયાતી સિદ્ધ થઈ. વિશેષ અને સામાન્ય બન્નેની હયાતી સિદ્ધ થઈ. આહા..હા...! એ ગાથા ટૂંકી થઈ ગઈ. આ તો ત્રિકાળ સાથે સંબંધ કર્યો છે.

એની (–'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત) ટીકામાં છે. '**यद्यप्यतीतानन्तकाले दुर्लभायाः सर्वप्रकारोपादेयभूतायाः सिद्धगतेः काललब्धिरूपेण बहिरङ्‌गसहकारी भवति...**' આત્માની પૂર્ણ સિદ્ધ દશાને કાળદ્રવ્ય બાહ્ય સહકારી નિમિત્ત હોય છે. '**कालस्तथापि निश्चयनयेन...**' એ કાળ ઉપાદેય નથી.

પ્રશ્ન :– હેય છે કે જ્ઞેય છે ?

સમાધાન :– હેય છે.

'**निजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानसमस्तपरद्रव्येच्छानिरोधलक्षणतपश्चरणरूपा या तु निश्चयचतुर्विधाराधना सैव तत्रोपादानकारणं,...**' આ..હા...! નિમિત્ત ભલે હો પણ ઈ હેય છે. જુઓ ! '**न च कालस्तेन कारणेन स हेय...**' કાળ હેય છે. એણે કાળ સામું જોવાનું રહેતું નથી. આ..હા..હા...! સહકારી હો, પણ તે હેય છે. એનો જે જાણનારો ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આનંદ ! એ ઉપાદેય છે. આ..હા..હા..હા...!

અનંત શક્તિ ! ઓ..હો..હો..હો...! ક્ષેત્રથી આટલું શરીર પ્રમાણે થઈ ગયું પણ એની ગુણની સંખ્યા અનંત છે. આ..હા..હા...! જેમ ક્ષેત્રના પ્રદેશનો અંત નહિ, (આત્મા) વસ્તુ તો અહીં આટલામાં છે – શરીર પ્રમાણે કદ અસંખ્યપ્રદેશી (છે) અને એમાં ગુણની સંખ્યાની હદ નહિ. હદ નહિ ! આ..હા..હા..હા...! આવા અનંત ગુણનું એકસ્વરૂપ દ્રવ્ય ! એ જે પર્યાય આદરે... આ..હા..હા..હા...! એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ થાય. કારણ કે અનંત શાંતિથી, અનંત આનંદથી (પૂર્ણ છે). જેનો આનંદ અને શાંતિ અમાપ છે... અમાપ છે... અમાપ છે... ઊંડે... ઊંડે... ઊંડે... જ્યાં જાઓ તો એનું માપ આવે નહિ એવી ચીજ છે !! એનો અંત ન આવે, એમ. માપ જ્ઞાનમાં આવી જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવો ધર્મનો ઉપદેશ ! હવે આમાં માણસ ભેગા શું થાય ? પેલા ધર્મચક્રમાં કેટલા માણસ ભેગા થયા હતા ? લ્યો ! દસ-દસ હજાર, વીસ-વીસ હજાર !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– આપ વ્યાખ્યાન આપો ત્યારે 'મુંબઈ'માં ઘણા માણસો ભેગા થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'ભોપાલ'માં ઘણાં માણસ (થયા હતા), ૪૦-૪૫ હજાર ! સાંભળતા હતા બિચારા ! પેલો જરીક ખળભળાટ થઈ ગયો. પેલું તીર્થનું આપણે જુદું કર્યું છે ખરું ને ? શું કહેવાય એ ? તીર્થનું ફંડ... ફંડ ! પેલું નામ આપ્યું છે ને ? પૂરું થઈ ગયું એમાં કાંઈ હતું નહિ, થોડા છોકરાઓ આવ્યા (અને બોલવા માંડ્યા) 'નહિ ચાલવા દઈએ, નહિ ચાલવા દઈએ...' થઈ રહ્યું, જાઓ ! પછી ચાલ્યા ગયા. એ તો જરીક થાય. એમ કહે, બે ભાગ કેમ પાડ્યા ? તીર્થની રક્ષામાં એક જ પ્રકાર જોઈએ. એમાં વળી તમારો જુદો (ભાગ) પાડ્યો. એવું કો'કને ખટક્યું, બીજું કંઈ ખટકે એવું હતું નહિ. કાંઈક કરવું હતું તે આ કર્યું. અરે...! જગત તે જગત છે ! આહા..હા...!

(અહીંયાં) કહે છે, જેનું વિશેષ – પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ થયું એ વિશેષ સામાન્ય વિના હોય નહિ. કાયમ એનો આધાર હોય એના વિના હોય નહિ. તો થઈ રહ્યું, સામાન્ય અને વિશેષનું અસ્તિત્વ સિદ્ધ થયું તો કાળદ્રવ્ય સિદ્ધ થઈ ગયું, વસ્તુ સિદ્ધ થઈ ગઈ. સમજાણું કાંઈ ?

આ શ્વેતાંબર કહે છે, પર્યાય તે કાળ (દ્રવ્ય છે). એ જૂઠી વાત છે એમ કહે છે. (અહીંયાં) કાળદ્રવ્ય સિદ્ધ થઈ ગયું. કારણ કે એનો એક સમયનો પર્યાય સિદ્ધ થયો, વિશેષ સિદ્ધ થયું તો એ વિશેષ અન્વયના આધાર વિના હોય નહિ, સામાન્ય વિના હોય નહિ. સામાન્ય અને વિશેષ બે થઈને તત્ત્વ છે. એટલે સામાન્ય અસ્તિત્વ પણ સિદ્ધ થયું, વિશેષ (અસ્તિત્વ પણ) સિદ્ધ થયું, બેનું (અસ્તિત્વ સિદ્ધ) થયું એટલે દ્રવ્ય સિદ્ધ થઈ ગયું. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આવું તો અંદર ચાલતું હોય ત્યારે વ્યાખ્યાન આવે કે અધ્ધરથી લાવે ? આ તો સામે જ્યારે આવતું હોય ત્યારે આવે.

'**હવે..**' હવે આ સૂક્ષ્મની છેલ્લી ગાથા છે. '**કાળપદાર્થના અસ્તિત્વની અન્યથા અનુપપત્તિ હોવાથી (અર્થાત્ કાળપદાર્થનું અસ્તિત્વ બીજી કોઈ રીતે નહિ બની શકતું હોવાથી) તેનું પ્રદેશમાત્રપણું સિદ્ધ કરે છે :–**' હવે એનો પ્રદેશ સિદ્ધ કરે છે. અપ્રદેશી હોય એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ હોય નહિ. પ્રદેશ છે. અને પ્રદેશ ન હોય ઈ શૂન્ય હોય. જેનો પ્રદેશ ન હોય, ક્ષેત્ર ન હોય એ શૂન્ય હોય. આહા..હા...!

કહે છે કે, જે પર્યાય વિશેષ સિદ્ધ થઈ, (તેણે) સામાન્ય સિદ્ધ કર્યું. માટે બેનું (અસ્તિત્વ) સિદ્ધ (થયું). પણ એનો પ્રદેશ હોય છે (એમ હવે) કહે છે. પ્રદેશ ન હોય અને અહીંયાં સામાન્ય-વિશેષ હોય એમ બની શકે નહિ. ભલે એક પ્રદેશ હો પણ પ્રદેશ છે, એનું ક્ષેત્ર છે. એવા એક સમયના ઉત્પાદ-વ્યય અને ધ્રુવને રહેવાનું ઈ ક્ષેત્ર છે. આ..હા..હા...! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कालपदार्थस्यास्तित्वान्यथानुपपत्त्या प्रदेशमात्रत्वं साधयति -

**जस्स ण संति पदेसा पदेसमेत्तं व तच्चदो णादुं।**
**सुण्णं जाण तमत्थं अत्थंतरभूदमत्थीदो।।१४४।।**
**यस्य न सन्ति प्रदेशाः प्रदेशमात्रं वा तत्त्वतो ज्ञातुम्।**
**शून्यं जानीहि तमर्थमर्थान्तरभूतमस्तित्वात्।।१४४।।**

अस्तित्वं दि तावदुत्पादव्ययध्रौव्यैक्यात्मिका वृत्तिः। न खलु सा प्रदेशमन्तरेण सूत्र्यमाणा कालस्य संभवति, यतः प्रदेशाभावे वृत्तिमदभावः। स तु शून्य एव, अस्तित्व-संज्ञाया

---

अथोत्पादव्ययध्रौव्यात्मकास्तित्वावष्टम्भेन कालस्यैकप्रदेशत्वं साधयति - **जस्स ण संति** यस्य पदार्थस्य न सन्ति न विद्यन्ते। के। **पदेसा** प्रदेशाः। **पदेसमेत्तं तु** प्रदेशमात्रमेकप्रदेश-

---

હવે કાળપદાર્થના અસ્તિત્વની અન્યથા અનુપપત્તિ હોવાથી (અર્થાત્ કાળપદાર્થનું અસ્તિત્વ બીજી કોઈ રીતે નહિ બની શકતું હોવાથી) તેનું પ્રદેશમાત્રપણું સિદ્ધ કરે છે :–

**જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,**
**તે અર્થ જાણો શૂન્ય કેવળ–અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.**

---

છે તો એક પ્રદેશ – ક્ષેત્ર, પણ સિદ્ધ થાય છે એમ કહે છે.

અરે...! આમાં ધ્યાન આપે તોપણ અંદર શુભભાવ (થાય), વિકલ્પ ક્યાંય જાય નહિ એવું આ છે. ઝીણું આવ્યું પણ અંદર ધ્યાન તો આપે.

**जस्स ण संति पदेसा पदेसमेत्तं व तच्चदो णादुं।**
**सुण्णं जाण तमत्थं अत्थंतरभूदमत्थीदो।।१४४।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वृत्तेरर्थान्तरभूतत्वात्। न च वृत्तिरेव केवला कालो भवितुमहति, वृत्तर्हि वृत्तिमन्तमन्तरेणानुपपत्तेः। उपपत्तो वा कथमुत्पादव्ययध्रौव्यैक्यात्मकत्वम्। अनाद्यन्तनिरन्तरानेकांशवशीकृतैकात्मकत्वेन पूर्वपूर्वांशप्रध्वंसादुत्तरोत्तरांशोत्पादादेकात्मध्रौव्यादिति चेत्; नैवम्। यस्मिन्नंशे प्रध्वंसो यस्मिंश्चोत्पादस्तयोः सहप्रवृत्त्यभावात् कुतस्त्यमैक्यम्। तथा प्रध्वस्तांशस्य सर्वथास्तमितत्वादुत्पद्यमानांशस्य वासम्भवितात्मलाभत्वात्प्रध्वंसोत्पादैक्यवर्तिध्रौव्यमेव कुतस्त्यम्। एवं सति नश्यति त्रैलक्षण्यं, उल्लसति क्षणभङ्गः, अस्तमुपैति नित्यं द्रव्यं, उदीयन्ते क्षणक्षयिणो

---

प्रमाणं पुनस्तद्वस्तु **तच्चदो णादुं** तत्त्वतः परमार्थतो ज्ञातुं शक्यते। **सुण्णं जाण तमत्थं** यस्यैकोऽपि प्रदेशो नास्ति तमर्थं पदार्थ शून्य जानीहि हे शिष्य। कस्माच्छून्यमिति चेत्। **अत्थंतरभूदं** एकप्रदेशाभावे सत्यर्थान्तरभूतं भिन्नं भवति यतः कारणात्। कस्याः सकाशाद्भिन्नम्। **अत्थीदो** उत्पादव्ययध्रौव्यात्मकसत्ताया इति। तथाहि - कालपदार्थस्य तावत्पूर्वसूत्रोदितप्रकारेणोत्पादव्ययध्रौव्यात्मकमस्तित्वं विद्यते; तच्चास्तित्वं प्रदेशं विना न घटते। यश्च प्रदेशवान् स कालपदार्थ

---

**અન્વયાર્થ :–** **[यस्य]** જે પદાર્થને **[प्रदेशाः]** પ્રદેશો **[प्रदेशमात्रं वा]** અથવા એક પ્રદેશ પણ **[तत्त्वतः ज्ञातुम् न सन्ति]** પરમાર્થે જણાતો નથી, **[तम् अर्थम्]** તે પદાર્થને **[शून्यं जानीहि]** શૂન્ય જાણ – **[अस्तित्वात् अर्थान्तरभूतम्]** કે જે અસ્તિત્વથી અર્થાન્તરભૂત (–અન્ય) છે.

**ટીકા :–** પ્રથમ તો અસ્તિત્વ તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના ઐક્યસ્વરૂપ વૃત્તિ છે. તે (વૃત્તિ અર્થાત્ હયાતી) કાળને પ્રદેશ વિના હોય છે એમ કહેવામાં આવે તો તે સંભવતું નથી; કારણ કે પ્રદેશના અભાવે વૃત્તિમાનનો અભાવ હોય છે. તે તો શૂન્ય જ છે, કેમ કે અસ્તિત્વ

---

**'જે અર્થને ન બહુ પ્રદેશ,...'** અર્થ એટલે પદાર્થ. જે પદાર્થને ન બહુ પ્રદેશ, '**ન એક વા પરમાર્થથી**' એકેય નહિ અને ઘણાં પણ નહિ. '**તે અર્થ જાણો શૂન્ય...**' તે પદાર્થ શૂન્ય છે. '**કેવળ–અન્ય જે અસ્તિત્વથી.**' અનેરા અસ્તિત્વથી તે શૂન્ય ઠર્યું, નાસ્તિ ઠરી એમ કહે છે. આ લોકો દયાને ધર્મ મનાવી દીધો, આ લોકોએ પૂજામાં ધર્મ મનાવ્યો, આ લોકો વળી નગ્નપણું ને લૂગડાં છોડવા ને આવો આહાર ખપે ને ન ખપે ને એમાં ધર્મ મનાવી દીધો.

મુમુક્ષુ :– સૂઝે ઈ કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावाः। ततस्तत्त्वविप्लवभयात्कश्चिदवश्यमाश्रयभूतो वृत्तेर्वृत्तिमाननुसर्तव्यः। स तु प्रदेश एवाप्रदेशस्यान्वयव्यतिरेकानुविधायित्वासिद्धेः। एवं सप्रदेशत्वे हि कालस्य कुत एकद्रव्यनिबन्धनं लोकाकाशतुल्यासंख्येयप्रदेशत्वं नाभ्युपगम्यते। पर्यायसमयाप्रसिद्धेः। प्रदेशमात्रं हि द्रव्यसमय-मतिक्रामतः परमाणोः पर्यायसमयः प्रसिद्ध्यति। लोकाकाशतुल्यासंख्येयप्रदेशत्वे तु द्रव्यसमयस्य कुतस्त्या तत्सिद्धिः। लोकाकाशतुल्यासंख्येयप्रदेशैकद्रव्यत्वेऽपि तस्यैकं प्रदेश-मतिक्रामतः

---

इति। अथ मतं कालद्रव्याभावेऽप्युत्पादव्ययध्रौव्यत्वं घटते। नैवम्। अङ्गुलिद्रव्याभावे वर्तमान-वक्रपर्यायोत्पादो भूतर्जुपर्यायस्य विनाशस्तदुभयाधारभूतं ध्रौव्यं कस्य भविष्यति। न कस्यापि। तथा कालद्रव्याभावे वर्तमानसमयरूपोत्पादो भूतसमयरूपो विनाशस्तदुभयाधारभूतं ध्रौव्यं कस्य भविष्यति। न कस्यापि। एवं सत्येतदायाति - अन्यस्य भङ्गोऽन्यस्योत्पादोऽन्यस्य ध्रौव्यमिति सर्वं वस्तुस्वरूपं विप्लवते। तस्माद्वस्तुविप्लवभयादुत्पादव्ययध्रौव्याणां कोऽप्येक आधारभूतोऽस्ती-

---

નામની વૃત્તિથી અર્થાન્તરભૂત છે – અન્ય છે.

વળી (અહીં એમ તર્ક કરવામાં આવે કે 'એકલી સમયપર્યાયરૂપ વૃત્તિ જ માનો; વૃત્તિમાન કાળાણુપદાર્થની શી જરૂર છે ?' તેનું સમાધાન કરવામાં આવે છે :) એકલી વૃત્તિ (સમયરૂપ પરિણતિ) તે જ કાળ હોય એ ઘટતું નથી; કારણ કે વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે નહિ.

---

પૂજ્ય ગુરુદેવશ્રી :– સૂઝ ક્યાં છે ત્યાં ? સૂઝ ને બૂઝ ક્યાં છે ત્યાં ? અસૂઝ અને અબૂઝ છે.

શું સિદ્ધ કર્યું અને હવે શું સિદ્ધ કરે છે ? કે જ્યારે કાળ નામનો એક સમય (છે) એનું માપ એક પ્રદેશ – ક્ષેત્રમાં આવી જાય છે. એક આકાશના પ્રદેશમાં પરમાણુ ત્યાંથી બીજે પ્રદેશ જાય ત્યારે નાના કાળનું માપ આવી જાય છે, તો એ કાળ છે ઈ સમય છે. એ સમય છે એ કાળદ્રવ્યનો પર્યાય છે. તો જેટલામાં પર્યાય નક્કી થયો તેટલામાં એ કાળદ્રવ્ય સામાન્ય નક્કી થઈ ગયું. હવે બેથી નક્કી થયેલું દ્રવ્ય (તેને) પ્રદેશ ન હોય તો તે શૂન્ય હોય. એક એટલે ઘણા પ્રદેશો ન હોય, એનું ક્ષેત્ર જ ન હોય અને અધ્ધરથી આ બધું રહે તો એ તો શૂન્ય પદાર્થ કહેવાય. અસ્તિત્વથી શૂન્ય કહેવાય એટલે અનેરું કહેવાય. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमाणोस्तत्सिद्धिरिति चेन्नैवं:; एकदेशवृत्तेः सर्ववृत्तित्वविरोधात्। सर्वस्यापि हि कालपदार्थस्य यः सूक्ष्मो वृत्त्यंशः स समयो, न तु तदेकदेशस्य। तिर्यक्प्रचयस्योर्ध्वप्रचय-त्वप्रसंगाच्च। तथाहि - प्रथममेकेन प्रदेशेन वर्तते, ततोऽन्येन, ततोऽप्यन्यतरेणेति तिर्यक्-प्रचयोऽप्यूर्ध्वप्रचयीभूय प्रदेशमात्रं द्रव्यमवस्थापयति। ततस्तिर्यक्प्रचयस्योर्ध्वप्रचयत्वमनिच्छता प्रथममेव प्रदेशमात्रं कालद्रव्यं व्यवस्थापयितव्यम्।।१४४।।

---

त्यभ्युपगन्तव्यम्। स चैकप्रदेशरूपः कालाणुपदार्थ एवेति। अत्रातीतानन्तकाले ये केचन सिद्ध-सुखभाजनं जाताः, भाविकाले च 'आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्' इत्यादिविशेषणविशिष्ट-सिद्धसुखस्य भाजनं भविष्यन्ति ते सर्वेऽपि काललब्धिवशेनैव। तथापि तत्र निजपरमात्मोपादेयरुचिरूपं वीतरागचारित्राविनाभूतं यन्निश्चयसम्यकत्वं तस्यैव मुख्यत्वं, न च कालस्य, तेन स हेय इति। तथा चोक्तम् - 'किं पलविएण बहुणा जे सिद्धा णरवरा गये काले सिज्झहहि जे वि भविया तं जाणह सम्ममाहप्पं'।।१४४।।

---

'વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે છે' એમ કહેવામાં આવે તો, (પૂછીએ છીએ કે વૃત્તિ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોવી જોઈએ; એકલી વૃત્તિ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ કઈ રીતે હોઈ શકે ? અનાદિ-અનંત, અનંતર (–પરસ્પર અંતર પડ્યા વિના એક પછી એક એક પ્રવર્તતા) અનેક અંશોને લીધે એકાત્મકતા થતી હોવાથી, પહેલા પહેલાના અંશોનો નાશ

---

સમજાણું કાંઈ ?

**ટીકા :–** '**પ્રથમ તો અસ્તિત્વ તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના ઐક્યસ્વરૂપ વૃત્તિ છે.**' હયાતી ! અસ્તિત્વ એટલે હોવાપણું. એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યના એકસ્વરૂપપણે હોવાપણું છે. ત્રણનું એક સમયે હોવાપણું એ એનું એકરૂપ સ્વરૂપ જ છે. '**તે (વૃત્તિ અર્થાત્ હયાતી) કાળને પ્રદેશ વિના હોય છે એમ કહેવામાં આવે તો...**' કાળને એનો પ્રદેશ – ક્ષેત્ર અંશ નથી અને ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની એકતાની હયાતી છે એમ કહેવામાં આવે તો '**તે સંભવતું નથી;...**'

'**કારણ કે પ્રદેશના અભાવે વૃત્તિમાનનો અભાવ હોય છે.**' વૃત્તિમાન એટલે પદાર્થ. પ્રદેશ ન હોય અને પદાર્થ હોય (એમ હોય) નહિ. '**તે તો શૂન્ય જ છે,...**' પ્રદેશના અભાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય છે, પછીપછીના અંશોનો ઉત્પાદ થાય છે અને એકાત્મકતારૂપ ધ્રૌવ્ય રહે છે – એ રીતે એકલી વૃત્તિ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોઈ શકે છે' એમ કહેવામાં આવે તો, એમ નથી. (તે એકલી વૃત્તિમાં તો) જે અંશમાં નાશ છે અને જે અંશમાં ઉત્પાદ છે તે બે અંશો સાથે નહિ પ્રવર્તતા હોવાથી (ઉત્પાદ અને વ્યયનું) ઐક્ય ક્યાંથી ? તથા નષ્ટ અંશ સર્વથા અસ્થ થયો હોવાથી અને ઉત્પન્ન થતો અંશ પોતાના સ્વરૂપને પામ્યો નહિ હોવાથી (અર્થાત્ ઊપજ્યો નહિ હોવાથી) નાશ અને ઉત્પાદની એકતામાં વર્તનારું ધ્રૌવ્ય જ ક્યાંથી ? આમ હોતાં, ત્રિલક્ષણપણું (ઉત્પાદવ્યયધ્રૌવ્યપણું) નષ્ટ થાય છે, ક્ષણભંગ (અર્થાત્ બૌદ્ધોને માન્ય ક્ષણવિનાશ) ઉલ્લસે છે, નિત્ય દ્રવ્ય અસ્ત પામે છે અને ક્ષણમાં નાશ પામતા ભાવો ઉત્પન્ન થાય છે. માટે તત્ત્વવિપ્લવના ભયથી અવશ્ય વૃત્તિના આશ્રયભૂત કોઈ વૃત્તિમાન શોધવો–સ્વીકારવો–યોગ્ય છે. તે તો પ્રદેશ જ છે (અર્થાત્ તે વૃત્તિમાન સપ્રદેશ જ હોય છે), કારણ કે અપ્રદેશને અન્વય તથા વ્યતિરેકનું અનુવિધાયિત્વ અસિદ્ધ છે (–અપ્રદેશ હોય તે અન્વય તથા વ્યતિરેકોને અનુસરી શકે નહિ અર્થાત્ તેમાં ધ્રૌવ્ય તથા ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ).

---

પદાર્થનો અભાવ હોય છે. વૃત્તિમાન એટલે પદાર્થ. પ્રદેશના અભાવે વૃત્તિમાન જે પદાર્થ (છે) એનો અભાવ હોય છે. **'તે તો શૂન્ય જ છે, કેમ કે અસ્તિત્વ નામની વૃત્તિથી અર્થાન્તરભૂત છે – અન્ય છે.'** એટલે હોવાપણાથી શૂન્ય છે એટલે અન્ય છે. જેનું એક પ્રદેશપણું પણ ન હોય એ શૂન્ય છે. એટલે અસ્તિત્વથી એ ખાલી છે. **'તો તે શૂન્ય જ છે, કેમ કે અસ્તિત્વ નામની વૃત્તિથી અર્થાન્તરભૂત છે...'** એટલે અનેરા પદાર્થભૂત અન્ય છે. અસ્તિત્વથી પ્રદેશ નથી એ અન્ય છે. એટલે પ્રદેશ વિનાની એ ચીજ થઈ. આ..હા..હા...! થોડો અધિકાર (સૂક્ષ્મ) આવ્યો હોય ઈ સાંભળવો તો જોઈએ ને ? આવે. કોઈ વાર વંચાય છે. ઘણાં વખત પહેલાં વાંચેલું. વંચાણું છે, બે-ત્રણ વાર વંચાણું છે. શું કીધું ?

જે વસ્તુ(ની) હયાતી છે – અસ્તિ (છે) એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવની એકતારૂપે એની અસ્તિ છે. એટલે વિશેષ અને સામાન્યરૂપે જ તેની અસ્તિ છે. હવે એ અસ્તિ પ્રદેશ વિના હોઈ શકે નહિ. એવા કાળને પણ અંશ ન હોય – ક્ષેત્ર – ભાગ – અંશ ન હોય અને એનું અસ્તિત્વ હોય એમ બની શકે નહિ. આ..હા...! પ્રદેશ વિનાના અસ્તિત્વથી શૂન્ય હોય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ કરતાં પેલું એકેન્દ્રિયા, બેઇન્દ્રિયાનું હતું (ઈ સહેલું હતું).

આ 'શ્રીમદ્વાળા' ભક્તિ કરે, આવું ક્યાં સમજવું ? 'જાતિ-વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પ્રશ્ન :–) આ પ્રમાણે કાળ સપ્રદેશ છે તો તેને એક દ્રવ્યના કારણભૂત લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશો કેમ ન માનવા જોઈએ ?

(ઉત્તર :–) એમ હોય તો પર્યાયસમય પ્રસિદ્ધ થતો નથી તેથી અસંખ્ય પ્રદેશો માનવા યોગ્ય નથી. પરમાણુ વડે પ્રદેશમાત્ર દ્રવ્યસમય ઓળંગાતાં (અર્થાત્ પરમાણુ વડે એક પ્રદેશમાત્ર કાળાણુથી નિકટના બીજા પ્રદેશમાત્ર કાળાણુ સુધી મંદ ગતિએ ગમન કરતાં) પર્યાયસમય પ્રસિદ્ધ થાય છે. જો દ્રવ્યસમય લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશવાળો હોય તો પર્યાયસમયની સિદ્ધ ક્યાંથી થાય ?

'જો દ્રવ્યસમય અર્થાત્ કાળપદાર્થ લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશોવાળું એક દ્રવ્ય હોય તોપણ પરમાણુ વડે તેનો એક પ્રદેશ ઓળંગાતાં પર્યાયસમયની સિદ્ધિ થાય' એમ કહેવામાં આવે તો, એમ નથી; કારણ કે (તેમાં બે દોષ આવે છે) –

(૧) (દ્રવ્યના એક દેશની પરિણતિને આખા દ્રવ્યની પરિણતિ માનવાનો પ્રસંગ આવે છે). એક દેશની વૃત્તિ તે આખા દ્રવ્યની વૃત્તિ માનવામાં વિરોધ છે. આખાય કાળપદાર્થનો જે સૂક્ષ્મ

---

જો હોય' ગમે ઈ જાતિ અને ગમે ઈ વેષમાં હોય માર્ગ હોઈ શકે. (આવું સાંભળીને) લોકોને સારું લાગે. અહીં તો 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ-વેષનો ભેદ નહિ' એવો અર્થ કર્યો છે, નહિ ? કર્યો છે ? એવો અર્થ કર્યો છે ? શેમાં ? 'આત્મસિદ્ધિ'માં (સંવત) ૧૯૯૫, 'રાજકોટ'માં ! ૩૬ વર્ષ થયાં. તે 'દી એ અર્થ કર્યો હતો. 'જાતિ-વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' એમ નહિ પણ 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ-વેષનો ભેદ નહિ' એ લોકોને 'શ્રીમદ્‌વાળા'ને ખરાબ લાગ્યું હતું, વાત સાચી છે, 'શ્રીમદ્'ને એમ નથી કહેવું. પણ એનો આવો અર્થ થાય તો સાચું થાય, નહિતર સાચું ન થાય. આ..હા..હા...!

શું કીધું ઈ ? '**કેમ કે અસ્તિત્વ નામની વૃત્તિ...**' એટલે ટકવું તે '**અર્થાન્તરભૂત છે...**' એનાથી ટકવા વિનાની ચીજ અન્ય થઈ ગઈ (અર્થાત્) પ્રદેશ વિનાની ચીજ ટકવા વિનાની અન્ય થઈ ગઈ, એનું અસ્તિત્વ રહ્યું નહિ. આ..હા..હા...! આચાર્યે ગજબ કામ કર્યા છે ને ! ક્ષયોપશમ પણ એટલો ! અનુભૂતિ – આનંદની લહેરમાં ઝૂલતા ઝૂલતા (વાત કરે છે) ! ક્ષયોપશમ પણ એટલો કે પદાર્થને સિદ્ધ કરવાનું (સામર્થ્ય) જ્ઞાનમાં ઉઘાડ તરીકે, હોં ! વાણી તો વાણીને કારણે (નીકળે છે).

'**વળી (અહીં એમ તર્ક કરવામાં આવે કે 'એકલી સમયપર્યાયરૂપ વૃત્તિ જ માનો;...**' એકલી પર્યાયની પરિણતિ જ માનો '(**વૃત્તિમાન કાળાણુપદાર્થની શી જરૂર છે ?**)' પદાર્થસામાન્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વૃત્ત્યંશ તે સમય છે, પરંતુ તેના એક દેશનો વૃત્ત્યંશ તે સમય નથી.

વળી, (૨) તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણાનો પ્રસંગ આવે છે. તે આ પ્રમાણે : પ્રથમ કાળદ્રવ્ય એક પ્રદેશે વર્તે, પછી બીજા પ્રદેશે વર્તે, પછી વળી અન્ય પ્રદેશે વર્તે (આવો પ્રસંગ આવે છે) આમ તિર્યક્પ્રચય ઊર્ધ્વપ્રચય બનીને દ્રવ્યને પ્રદેશમાત્ર સ્થાપિત કરે છે (અર્થાત્ તિર્યક્પ્રચય તે જ ઊર્ધ્વપ્રચય છે એમ માનવાનો પ્રસંગ આવતો હોવાથી દ્રવ્ય પ્રદેશમાત્ર જ સિદ્ધ થાય છે). માટે તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણું નહિ ઇચ્છનારે પ્રથમ જ કાળદ્રવ્યને પ્રદેશમાત્ર નક્કી કરવું.

(આમ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનને વિષે **દ્રવ્યવિશેષપ્રજ્ઞાપન** સમાપ્ત થયું). ૧૪૪.

---

શું જરૂર (છે) ? એકરૂપ વૃત્તિ – પર્યાયને માનો. એમ શિષ્યે પ્રશ્ન કર્યો. '**(તેનું સમાધાન કરવામાં આવે છે :) એકલી વૃત્તિ (સમયરૂપ પરિણતિ) તે જ કાળ હોય એ ઘટતું નથી; કારણ કે વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે નહિ.**' પરિણતિ – દશા પરિણતિવાન – દશાવાન વિના પરિણતિ હોઈ શકે નહિ, પર્યાય દ્રવ્ય વિના હોઈ શકે નહિ, વિશેષ સામાન્ય વિના હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

'**વૃત્તિ વૃત્તિવાન વિના બની શકે છે' એમ કહેવામાં આવે તો, (પૂછીએ છીએ કે વૃત્તિ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોવી જોઈએ); એકલી વૃત્તિ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ કઈ રીતે હોઈ શકે ?**' વૃત્તિનું રહેવું ત્રણેયની એકતારૂપે હોઈ શકે. ત્રણેની એકતા વિનાનું એકતાસ્વરૂપ કઈ રીતે હોઈ શકે ? '**અનાદિ-અનંત, અનંતર (–પરસ્પર અંતર પડ્યા વિના)...**' ઈ ખુલાસો કરે છે, શંકાકાર, હોં ! '**અનાદિ-અનંત, અનંતર (–પરસ્પર અંતર પડ્યા વિના એક પછી એક પ્રવર્તતા) અનેક અંશોને લીધે એકાત્મકતા થતી હોવાથી,...**' અનેક અંશ છે ને ? ભલે ધ્રુવ નથી, સામાન્ય નથી પણ અંશો અનેક છે ને ? અનેક !

'**અનાદિ-અનંત, અનંતર (–પરસ્પર અંતર પડ્યા વિના એક પછી એક પ્રવર્તતા) અનેક અંશોને લીધે એકાત્મકતા થતી હોવાથી, પહેલા પહેલાના અંશોનો નાશ થાય છે, પછીપછીના અંશોનો ઉત્પાદ થાય છે અને એકાત્મકતારૂપ ધ્રૌવ્ય રહે છે – એ રીતે એકલી વૃત્તિ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોઈ શકે છે' એમ કહેવામાં આવે તો,...**' શિષ્યએ શું કહ્યું ? કે, એકલી એક સમયની પર્યાય (છે), બસ ! કેમ ? કે, આમ એકતા છે ને ? એક પછી એક, એક પછી એક, એક પછી એક, ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... (થાય છે) એ ઘણાં અંશોની એકતા થઈ ગઈ. આમ મેળવ્યું, પણ આમ મેળવ્યું નહિ.

'**એમ કહેવામાં આવે તો, એમ નથી.**' એનો ખુલાસો (કહેશે)...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૧૦, ગુરુવાર તા. ૦૩-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૪૪, ૧૪૫
## પ્રવચન નંબર–૧૫૭

'પ્રવચનસાર' જ્ઞેયતત્ત્વ(ની) ૧૪૪ (ગાથા) ચાલે છે. થોડું સૂક્ષ્મ છે. ધ્યાન રાખે તો સમજાય એવું છે, ન સમજાય એવું નથી. પ્રશ્ન છે ને ? ત્યાંથી છે. '**(પ્રશ્ન :–) આ પ્રમાણે કાળ સપ્રદેશ છે...**' કાળને પ્રદેશો છે, પ્રદેશ છે એમ કીધું ને ? સપ્રદેશ ! '**તો તેને એક દ્રવ્યના કારણભૂત લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશો કેમ ન માનવા જોઈએ ?**' જ્યારે કાળને પ્રદેશ છે એમ જ્યારે તમે સિદ્ધ કરો તો પછી લોકાકાશ જેટલા કાળના પ્રદેશ છે એમ કેમ ન માનવા ? સમજાણું કાંઈ ? લોકાકાશ (જેટલા) અસંખ્ય પ્રદેશો કેમ ન માનવા ? એક જ પ્રદેશ કેમ માનવો ? લોકના અસંખ્ય પ્રદેશ છે તેટલા પ્રદેશવાળું કાળદ્રવ્ય માનવું. પ્રદેશવાળું તો તમારે માનવું છે તો પછી આટલું માનવામાં વાંધો શું છે ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

'**(ઉત્તર :–) એમ હોય તો પર્યાયસમય પ્રસિદ્ધ થતો નથી...**' એક સમયની પર્યાય એ જો અસંખ્ય પ્રદેશમાં ગણો તો ત્યાં સુધીની એક સમયની પર્યાય સિદ્ધ થાય. (પરંતુ) એમ પર્યાયની સિદ્ધિ થતી નથી. '**તેથી અસંખ્ય પ્રદેશો માનવા યોગ્ય નથી.**' કેમ ? (કેમકે) '**પરમાણુ વડે પ્રદેશમાત્ર દ્રવ્યસમય...**' એટલે કાળપદાર્થ '**ઓળંગાતાં (અર્થાત્ પરમાણુ વડે એક પ્રદેશમાત્ર કાળાણુથી નિકટના બીજા પ્રદેશમાત્ર કાળાણુ સુધી મંદ ગતિએ ગમન કરતાં) પર્યાયસમય પ્રસિદ્ધ થાય છે.**' શું કીધું ? એક પરમાણુ એક કાળાણુના પ્રદેશેથી બીજે પ્રદેશે જતાં ત્યાં એક સમયની પર્યાયનું માપ એક પ્રદેશમાં આવી જાય છે. અસંખ્ય પ્રદેશમાં જાય તો જ સમયની પર્યાય સાબિત થાય એમ છે નહિ.

'**જો દ્રવ્યસમય અર્થાત્ કાળપદાર્થ લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશોવાળું એક દ્રવ્ય હોય તોપણ પરમાણુ વડે તેનો એક પ્રદેશ ઓળંગાતાં પર્યાયસમયની સિદ્ધિ થાય**' અહીં તો પરમાણુ એક સમયે એક પ્રદેશથી બીજે પ્રદેશે (જાય) ત્યાં સમયની સિદ્ધિ થાય છે, પર્યાયની સિદ્ધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય છે અને એ પર્યાય અસંખ્ય (પ્રદેશમાં) જાય તો એક સમયની પર્યાયની સિદ્ધિ થાય એમ છે નહિ. માટે એકપ્રદેશી છે, અસંખ્યપ્રદેશી છે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

'**કારણ કે (તેમાં બે દોષ આવે છે) – (૧) (દ્રવ્યના એક દેશની પરિણતિને આખા દ્રવ્યની પરિણતિ માનવાનો પ્રસંગ આવે છે).**' શું કીધું ? દ્રવ્ય જ્યારે આખા લોકાકાશ પ્રમાણે અસંખ્ય પ્રદેશી છે એમ માનો તો એમાં એક દેશના ભાગમાં એની પર્યાયની સિદ્ધિ થાય છે. અને પર્યાયની સિદ્ધિ તો ખરેખર આખા દ્રવ્ય પ્રમાણે થવી જોઈએ. અસંખ્ય પ્રદેશમાંથી એક સમયની સિદ્ધિ થવી જોઈએ, (પરંતુ) એમ થતું નથી. '**એક દેશની વૃત્તિ...**' પરિણતિ '**તે આખા દ્રવ્યની વૃત્તિ માનવામાં વિરોધ છે.**' શું કીધું ઈ ? એક પ્રદેશમાં એક સમયની પર્યાય સાબિત થતાં ઈ એક દેશની વૃત્તિ ઈ આખા દ્રવ્યની વૃત્તિ, અસંખ્યપ્રદેશી દ્રવ્યની વૃત્તિ (છે) એમ માનવામાં વિરોધ આવે છે. સમજાય છે કાંઈ ? આમાં જરી મગજને વાણિયાઓએ (વેપારમાંથી સમય) કાઢીને થોડો કેળવવા જેવો છે. એને ખ્યાલ આવવો જોઈએ ને ?

આ શું કહે છે ? કે, તમે જ્યારે કાળને પ્રદેશમાત્ર સિદ્ધ કરો છો તો એને અસંખ્યપ્રદેશી આખું દ્રવ્ય (છે) એમ સિદ્ધ કરવામાં વાંધો શું આવે છે ? એમ શિષ્યનો પ્રશ્ન છે. જ્યારે કાળને અપ્રદેશી તો સિદ્ધ ન કર્યો, પ્રદેશ સિદ્ધ તો કર્યો. તો પછી એને અસંખ્યપ્રદેશી આખું એક દ્રવ્ય સિદ્ધ કરવામાં તમારે વાંધો શું આવે છે ? એમાં વાંધો આવે છે. કેમ ? કે કાળનું જે આખું અસંખ્યપ્રદેશી દ્રવ્ય છે એના એક સમયની પર્યાય એના એક દેશમાં જ સિદ્ધ થઈ જાય છે. એક ભાગમાં એની પર્યાયની સિદ્ધિ થઈ જાય છે. માટે એ વાંધો આવ્યો. માટે તે અસંખ્યપ્રદેશી છે નહિ. સમજાણું કાંઈ ? '**એક દેશની વૃત્તિ...**' એટલે એક ભાગની પરિણતિને આખા દ્રવ્યની પરિણતિ માનવાનો વિરોધ આવે છે. સમજાણું કાંઈ ? ભાઈ !

કહે છે કે, કાળનો જે એક પ્રદેશ (છે) એમાં એની એક પર્યાય સિદ્ધ થાય છે તો આખું જે દ્રવ્ય છે એના એક દેશ – ભાગમાં એની પર્યાય સાબિત થઈ જાય છે એ વિરોધ આવે છે. સમજાણું કાંઈ ?

ફરીને, જો એને તમે અસંખ્યપ્રદેશી દ્રવ્ય માનો તો એ અસંખ્યપ્રદેશી જે (આખું) પૂર્ણ દ્રવ્યની એક સમયની પર્યાય તો એક દેશમાં – ભાગમાં સાબિત થઈ જાય છે, આ એક ભાગમાં સાબિત થઈ જાય છે. માટે એ અસંખ્યપ્રદેશી દ્રવ્ય(ની) વાતમાં વિરોધ આવે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો મગજને (કેળવવું પડે એવું છે). આ બધા બહારના કાર્યકર્તા હતા.

મુમુક્ષુ :– આચાર્યએ બીજી ગાથામાં (૧૩૮માં) કાળને અપ્રદેશી કીધો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અપ્રદેશી છે. અપ્રદેશીનો અર્થ ઝાઝા પ્રદેશ નહિ, એમ. એક પ્રદેશી તે અપ્રદેશી, એમ. ઝાઝા પ્રદેશ નહિ એમ કહ્યું છે. ઈ તો બરાબર (કહ્યું છે). આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપ્રદેશીનો અર્થ બે (પ્રદેશ) નથી. બે, ત્રણ નથી, પણ પ્રદેશ છે એ તો સિદ્ધ કર્યું. પ્રદેશ ન હોય તો એ શૂન્ય થઈ જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો પ્રદેશ જો ન હોય તો એ શૂન્ય થઈ જાય છે. અર્થથી અન્યથા એટલે વસ્તુ નથી એમ સિદ્ધ થઈ જાય છે. આહા..હા...! આચાર્યોએ કેવી સરળ યુક્તિથી વસ્તુને સિદ્ધ કરી છે !

બે દોષ આવે. અસંખ્યપ્રદેશી આખાને એક દ્રવ્યને માનતા બે વિરોધ આવે. એક તો એ વિરોધ કે એના એક દેશ ભાગમાં એની પર્યાય સિદ્ધ થઈ જાય છે. તો સર્વ દેશમાં એ પર્યાય સિદ્ધ થતી નથી એ વિરોધ આવે છે. સમજાણું કાંઈ ? આમાં વાણિયાને જરી (મગજ) કેળવવું પડે એવું છે. આમાં (એમને એમ) ચલાય એવું નથી.

એક પ્રદેશ જ્યારે તમે સિદ્ધ કરો છો તો શિષ્ય કહે છે કે અસંખ્યપ્રદેશી એક દ્રવ્યને સિદ્ધ કરવામાં વાંધો શું આવે છે ? પ્રદેશ તો તમે સિદ્ધ કર્યો. વાંધો આવે છે, સાંભળને ! અસંખ્યપ્રદેશી આખું દ્રવ્ય (છે) એના એક દેશમાં – ભાગમાં એની પર્યાય સિદ્ધ થઈ જાય છે. છે ? '**એક દેશની વૃત્તિ તે આખા દ્રવ્યની વૃત્તિ માનવામાં વિરોધ છે.**' આ..હા..હા...! '**આખાય કાળપદાર્થનો જે સૂક્ષ્મ વૃત્ત્યંશ તે સમય છે, પરંતુ તેના એક દેશનો વૃત્ત્યંશ તે સમય નથી.**' જોયું ? આખા કાળદ્રવ્યનો અંશ – વૃત્તિ સમય તે સમય છે. જ્યારે તેને એમ આખો અસંખ્યપ્રદેશી દ્રવ્ય કહો તો અસંખ્યપ્રદેશી આખામાં વૃત્ત્યંશની પર્યાય સિદ્ધ થતી નથી. એના એક દેશ – ભાગમાં પર્યાય સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ ? એક વાત.

બીજી (વાત). એણે કહ્યું છે કે નહિ ? કે, એક '**પરમાણુ વડે તેનો એક પ્રદેશ ઓળંગાતા પર્યાયસમયની સિદ્ધિ થાય' એમ કહેવામાં આવે તો,...**' વાંધો શું ? એમ એણે કીધું. તો કહે છે કે, '(૨) **તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણાનો પ્રસંગ આવે છે.**' આમ જે આડા અસંખ્ય પ્રદેશ છે એને ઠેકાણે એક પ્રદેશે એક પર્યાયની સિદ્ધિ, બીજે પ્રદેશે બીજી પર્યાયની સિદ્ધિ, ત્રીજે પ્રદેશે ત્રીજી (પર્યાયની સિદ્ધિ થાય છે). એમ ઊર્ધ્વપ્રચય સિદ્ધ થઈ જાય છે, એ તિર્યક્પ્રચય રહેતું નથી. આ તો ભાઈ ! વીતરાગમાર્ગની વાત છે. આ..હા..હા...! સંતોએ જંગલમાં રહીને કાળપદાર્થની સિદ્ધિ સપ્રદેશી – એક (પ્રદેશવાળી) છે એને કેવી સરળ યુક્તિથી (સિદ્ધ કર્યું) !

એક તો એ (દો। આવે છે) કે, સારા દ્રવ્યની પર્યાય એમ હોવી જોઈએ એને ઠેકાણે એના એક દેશ – ભાગમાં એની પર્યાય સિદ્ધ થાય છે માટે તે અસંખ્યપ્રદેશી દ્રવ્ય સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ ? બીજું, તેં કીધું કે પરમાણુ ગતિ (કરે તો) એક પ્રદેશે પર્યાય સિદ્ધ થાય છે. તો પછી એ સમય સિદ્ધ થતાં બીજે સમયે બીજે પ્રદેશે બીજો સમય સિદ્ધ થાય છે, ત્રીજે સમયે ત્રીજો પર્યાય સિદ્ધ થાય છે. આમ સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...!

મુમુક્ષુ :– તકરારી વિષય છે, કાળદ્રવ્ય માનતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાળદ્રવ્ય (જે) માનતા નથી એને માનવાની યુક્તિથી સિદ્ધ કર્યું છે. એકપ્રદેશી કાળદ્રવ્ય હોય. કેમકે એક પ્રદેશમાં જ એક સમયની પર્યાય સિદ્ધ થઈ જાય છે. એટલે તમે આમ તીરછું લાંબું કરવા જાઓ તો એક સમય અહીંયાં સિદ્ધ થયો, બીજે સમયે બીજા પ્રદેશમાં સિદ્ધ થયો, એ તો ઊર્ધ્વપર્યાય થઈ ગઈ. તીરછું અંસખ્ય પ્રદેશનું એકઠાપણું ન રહ્યું. સમજાણું કાંઈ ? સમજાય એટલું સમજવું, હવે આ છેલ્લી થોડી કઠણ વાત છે.

મુમુક્ષુ :– આચાર્યએ શું કીધું કે, અપ્રદેશી છે અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ અર્થો છે. અર્થો એટલે પદાર્થો. એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો અર્થ શું થયો ? એનો અર્થ શું થયો પણ ?

મુમુક્ષુ :– અર્થો એટલે પદાર્થો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રદેશ સિદ્ધ થયો, એમાં પ્રદેશ સિદ્ધ થયો. ઉત્પાદ-વ્યય અને ધ્રુવવાળું એકપ્રદેશી દ્રવ્ય સિદ્ધ થયું. કેમકે જેટલામાં તેનો પર્યાય છે તેટલામાં તેટલું દ્રવ્ય છે. એક સમયમાં જ્યારે અહીં પર્યાય સિદ્ધ થયો તો સારા દ્રવ્યની પર્યાયની સિદ્ધિ એ દેશમાં થઈ જાય છે તો વિરોધ આવે છે. એ અસંખ્યપ્રદેશી દ્રવ્ય સિદ્ધ થતું નથી. એક વાત.

બીજી વાત કે, જ્યારે આમ અસંખ્યપ્રદેશી દ્રવ્ય માનો તો અહીં તો કાળની વ્યાખ્યા છે, તો એક સમયની માપ અહીં આવ્યું, બીજે સમયે બીજા પ્રદેશે એક સમયનું માપ (આવ્યું). એમ આવે. આમ આવે (એટલે આખા દ્રવ્યમાં પર્યાય થાય) એમ ન આવ્યું. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ ? આ Logicથી તો વાત ચાલે છે. એલ. એલ. બી. વકીલના પૂછડા (લગાવવા) ભણે છે કે નહિ ? કહો, સમજાણું આમાં ?

એકપ્રદેશી દ્રવ્ય છે એ (વાત) યથાર્થ છે. એમાંથી તું પ્રદેશ છે માટે ઘણા પ્રદેશીને એક દ્રવ્ય માનવું એમ તું કહેતો હો તો એમાં બે (પ્રકારના) વિરોધ આવે છે. આખા દ્રવ્યની પર્યાય એક દેશમાં સિદ્ધ થઈ જાય છે. આખું અસંખ્યપ્રદેશી દ્રવ્ય (છે એમ) જો તું કહે તો એક દેશમાં એની પર્યાય સિદ્ધ થાય છે. એ વિરોધ આવે. અને એક પ્રદેશે એક પર્યાય સિદ્ધ થઈ, બીજે પ્રદેશે બીજી પર્યાય સિદ્ધ થઈ, કાળનો સમય ત્યાં સિદ્ધ થાય છે. આમ અસંખ્યપ્રદેશી સિદ્ધ થતું નથી. આહા..હા...! માટે તિર્યક્‌પ્રચય માનનારને ઊર્ધ્વપ્રચય સિદ્ધ થાય છે. માટે એ તિર્યક્‌પ્રચય છે નહિ, અસંખ્યપ્રદેશી દ્રવ્ય નથી. હવે આવું તો કહ્યું પછી શું (અસમાધાન રહે) ?

'(૧) **તિર્યક્‌પ્રચયને...**' એટલે કે આમ આડા અસંખ્ય પ્રદેશના સમૂહને '**ઊર્ધ્વપ્રચયપણાનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રસંગ આવે છે. તે આ પ્રમાણે : પ્રથમ કાળદ્રવ્ય એક પ્રદેશે વર્તે, પછી બીજા પ્રદેશે વર્તે,...'** બીજો સમય છે ને ? તો એ તો ઊર્ધ્વપર્યાય થઈ ગઈ. આમ પ્રદેશે વર્તે એમ ન થયું (અર્થાત્) આમ તીરછા પ્રદેશ થઈને એક સમયની પર્યાયવર્તી એમ ન થયું. અસંખ્યપ્રદેશમાં વર્તતીને એક સમયની પર્યાયવર્તી એમ ન થયું. એક પ્રદેશમાં એક પર્યાયવર્તી, બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો (પર્યાયવર્તી થયું) એ તો ઊર્ધ્વપર્યાય થઈ ગઈ. એ તિર્યક્પ્રચયપણું અસંખ્ય પ્રદેશનું સમૂહપણું રહ્યું નહિ. પર્યાયનું સમૂહપણું આમ (ઊર્ધ્વપણે) રહ્યું. સમજાણું કાંઈ ? આવું તો કોઈ 'દી આવ્યું ન હોય. ભાઈ !

એ પાછું કહેશે કે, છ દ્રવ્યમાં જીવ આવી જાય છે. છ દ્રવ્યની સિદ્ધિમાં જીવ આવી જાય છે. પણ એ જીવ પોતે જ્ઞેય પણ છે અને જ્ઞાન પણ છે. આ..હા..હા...! આવી ચીજનું જ્ઞાનપર્યાયમાં એનું જ્ઞાન થાય એવી તાકાતવાળો (જીવ) છે. સમજાણું કાંઈ ? એ છ દ્રવ્ય (કહ્યાં તો એ) પોતે પણ એમાં આવી ગયો. એ છ દ્રવ્યના પ્રદેશો, એની શક્તિઓ – ગુણો, એની પર્યાયો એ બધું જ્ઞેય છે. એ જ્ઞાનની પર્યાયમાં એ વિચાર કરે તો તેને જ્ઞાનપર્યાયમાં એ બધા જ્ઞેયો જ્ઞાનપણે જણાઈ જાય છે. આહા..હા...! જેમકે ભૂતકાળ (કે જેની) આદિ નથી. એવું પણ જ્ઞાનની પર્યાયમાં જણાઈ ગયું ને ? સમજાણું કાંઈ ? એમ એકપ્રદેશી કાળદ્રવ્ય છે એમાં અનંત ગુણ છે અને તેટલા જ ક્ષેત્રમાં એની પર્યાય છે. એવું જ્ઞાનની પર્યાયે કાળદ્રવ્યને જાણ્યું. કાળદ્રવ્યને ક્યાં જાણવું હતું ? સમજાણું કાંઈ ?

આ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આવા છ દ્રવ્યોની શક્તિઓ – ગુણો આદિ વિનાના અને ક્ષેત્ર પણ આદિરહિત, અંત વિનાનું અને એના ગુણો પણ અંત વિનાના. ક્ષેત્રમાં ભલે આટલામાં આમ આવી જાય પણ એની સંખ્યાને અંત નથી. એવું જ્ઞાનની પર્યાયમાં પોતે પણ જ્ઞેય થાય છે અને જ્ઞાનપર્યાય એનું જ્ઞાન કરે છે. આહા..હા...! પરનું – જ્ઞેયનું જ્ઞાન કરે છે અને પોતાના દ્રવ્ય-ગુણના જ્ઞેયનું જ્ઞાન કરે છે અને વર્તમાન પર્યાયનું જ્ઞેયનું જ્ઞાન કરે છે.

એ જ્ઞાનની પર્યાય જેની છે તેમાં વળી એટલે એ જ્ઞાનની પર્યાયમાં આ બધાં જ્ઞેયો, જાણનાર જે જ્ઞાનની પર્યાય હતી, એ જ્ઞાનની પર્યાય પણ તેના જ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવી ગઈ. આહા..હા...! ઓ..હો..હો...! દિગંબર સંતોએ પરમ સત્યને જાળવી રાખ્યું છે. જેવું હતું તેવું એમણે રાખ્યું અને જાણ્યું.

'**તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણાનો...**' એટલે ? તીરછા સમૂહને ઊર્ધ્વસમૂહનો પ્રસંગ આવે છે. એક સમય પછી બીજો સમય હોય ને ? '**પ્રથમ કાળદ્રવ્ય એક પ્રદેશે વર્તે, પછી બીજા પ્રદેશે વર્તે, પછી વળી અન્ય પ્રદેશે વર્તે...**' સમયનું માપ તો એક પ્રદેશમાં આવી જાય છે. '**આમ તિર્યક્પ્રચય ઊર્ધ્વપ્રચય બનીને...**' એટલે કે તીરછા સમૂહનું સિદ્ધપણું ન થતાં ઊર્ધ્વસમૂહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બનીને '**દ્રવ્યને પ્રદેશમાત્ર સ્થાપિત કરે છે...**' વસ્તુને એક જ પ્રદેશ છે એમ સિદ્ધ કરે છે. આ તો જરી કસોટીનો (વિષય) છે.

'**(અર્થાત્ તિર્યક્પ્રચય તે જ ઊર્ધ્વપ્રચય છે એમ માનવાનો પ્રસંગ આવતો હોવાથી દ્રવ્ય પ્રદેશમાત્ર જ સિદ્ધ થાય છે). માટે તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણું નહિ ઇચ્છનારે પ્રથમ જ કાળદ્રવ્યને પ્રદેશમાત્ર નક્કી કરવું.**' કેમકે એક પ્રદેશમાત્રમાં જ તે દ્રવ્યની પર્યાય એટલા કાળમાં – એક સમયમાં સિદ્ધ થઈ. બીજે સમયે તે તે કાળદ્રવ્ય છે ત્યાં ત્યાં એ સમયની પર્યાય સિદ્ધ થઈ. ત્રીજે કાળે એ સમયની એ પર્યાય (સિદ્ધ થઈ). એક સમય છે પણ લક્ષ જતાં એ કાળદ્રવ્ય બીજે વર્તે તો એક સમય (સિદ્ધ થાય), ત્રીજે વર્તે તો એક સમય, એમ કરતાં ઊર્ધ્વપ્રચય સિદ્ધ થઈ ગયો. એટલે ઘણા પ્રદેશો તીરછા છે એમ ત્યાં સાબિત થયું નહિ. ભાઈ ! (તમારા) લોઢાથી આ વાત જુદી છે. લ્યો, એ વાત પૂરી થઈ. એ થોડી કડક હતી.

ફરીને, એક પ્રદેશ(માત્ર) વસ્તુમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સિદ્ધ થાય છે. કેમકે ત્યાં સમયનું માપ લેવું છે ને ? અહીં કંઈ ક્ષેત્રનું માપ નથી (કહેવું). સમયનું માપ જે પર્યાય તો એક જ પ્રદેશમાં ત્યાં સિદ્ધ થઈ જાય છે. ઉત્પાદ અને વ્યય એક સમયમાં અને તેનો આધાર ધ્રુવ એક પ્રદેશી ત્યાં સિદ્ધ થઈ જાય છે.

પ્રશ્ન :– માપ આવી ગયું ?

સમાધાન :– માપ આવી ગયું. ત્યાં જેટલા ક્ષેત્રમાં પર્યાય છે તેટલા જ ક્ષેત્રમાં દ્રવ્ય છે. હવે એને જો અસંખ્યપ્રદેશી દ્રવ્ય માનો તો તેના એક દેશ – ભાગમાં એનો પર્યાય સાબિત થતાં સર્વ દેશમાં સિદ્ધ (નહિ થતાં) એ વાત વિરોધ પામી ગઈ. સમજાણું કાંઈ ? સર્વ દેશમાં એ પર્યાય સિદ્ધ થવી જોઈએ. જો એને તિર્યક્ અસંખ્યપ્રદેશી માનો તો એના એક ભાગમાં એની પર્યાય સિદ્ધ થઈ ગઈ માટે સર્વ અસંખ્યપ્રદેશીનો વિરોધ આવે છે.

બીજું, એક સમયે એક કાળદ્રવ્યની એક સમયની પર્યાય (થાય), એનું એ કાળદ્રવ્ય બીજે સમયે (બીજે પ્રદેશે) જાય તો ત્યાં બીજો સમય સિદ્ધ થાય છે. (એ રીતે) ત્યાં સમય સિદ્ધ થાય છે, ત્યાં પ્રદેશ ભેગા સિદ્ધ થાય છે એમ નથી. સમજાણું કાંઈ ? એ તો પર્યાયોનો સમૂહ સિદ્ધ થાય છે. ક્ષેત્રના પ્રદેશનો સમૂહ સિદ્ધ થતો નથી. ભાઈ ! આવું કોઈ 'દી સાંભળ્યું હોય નહિ જિંદગીમાં ! (આ) ક્યાં હતું ? આ..હા..હા...! સંતોને કરુણાથી દ્રવ્યની સિદ્ધિ કરવા વિકલ્પ ઊઠ્યો, ઓ..હો...!

એ છ દ્રવ્યો જેટલા છે તેના અનંત ગુણ, એની અનંતી પર્યાયોનું અસ્તિત્વ જ્ઞેય તરીકે છે તો આત્મા જ્ઞેય પણ છે અને એનો જાણનાર જ્ઞાન પણ છે. એ જ્ઞાનની પર્યાયમાં એવા અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન આવી જાય છે. એક સમયમાં ! અને એવા એવા અનંતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો સમૂહ જે ગુણ અને એવા અનંત ગુણની (એકરૂપ) એક વસ્તુનું પર્યાયમાં જ્ઞાન (આવી જાય છે). પર્યાય દ્રવ્યમાં ભળ્યા વિના એના અસ્તિત્વમાં આટલું બધું અસ્તિત્વનું જ્ઞાન આવી જાય છે. એવો એનો સ્વભાવ છે ! સમજાણું કાંઈ ? આહા..હા...! મહિમા છે જ્ઞાનની ! જ્ઞેય બતાવીને જ્ઞાનની મહિમા કહેવી છે.

'**(આમ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનને વિષે દ્રવ્યવિશેષપ્રજ્ઞાપન...)**' સામાન્ય (દ્રવ્યનું વર્ણન) ૧૨૬ (ગાથા) સુધી આવ્યું હતું. આ ૧૮ ગાથામાં વિશેષ (દ્રવ્યનું વર્ણન) આવ્યું.

'**હવે, એ રીતે જ્ઞેયતત્ત્વ કહીને, જ્ઞાન અને જ્ઞેયના વિભાગ વડે આત્માને નક્કી કરતા,...**' જ્ઞેય પણ પોતે અને જ્ઞાન પણ પોતે. બીજા જ્ઞેયો તેનું જ્ઞાન કરનાર અને પોતાના જ્ઞેયનું પણ પોતે જ્ઞાન કરનાર. આહા..હા...! '**આત્માને નક્કી કરતા થકા, આત્માને અત્યંત વિભક્ત (ભિન્ન) કરવા માટે વ્યવહારજીવત્વનો હેતુ વિચારે છે :–**' લ્યો !

૧૪૪ (ગાથાની 'જયસેનાચાર્યદેવ'ની) સંસ્કૃત ટીકામાં છે. '**अत्रातीतानन्तकाले ये केचन सिद्धसुखभाजनं जाताः,...**' અતીત – ગયા કાળમાં અનંતકાળે જે કોઈ સિદ્ધસુખના ભાજન થયા... આ..હા..હા...! અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત થયા. ગુજરાતીમાં (સંસ્કૃત ટીકા આપી) છે, હિન્દીમાં નથી. '**केचन सिद्ध-सुखभाजनं जाताः,...**' અતીત અનંત કાળમાં. '**भाविकाले च `आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्' इत्यादि...**' છે ને ? '**विशेषणविशिष्टसिद्धसुखस्य भाजनं भविष्यन्ति...**' (અર્થાત્) ભવિષ્યમાં પણ પરમાનંદની પ્રાપ્તિરૂપી સુખના ભાજન થશે. '**सर्वेऽपि काललब्धिवशेनैव।**' એ બધા કાળલબ્ધિને વશે. '**तथापि तत्र निजपरमात्मोपादेयरुचिरूपं वीतरागचारित्राविनाभूतं...**' આમાંથી નિશ્ચય સમકિત કાઢે છે. એમ (કહે છે કે), વીતરાગચારિત્ર હોય ત્યાં જ નિશ્ચય સમકિત હોય એવું આમાંથી કાઢે છે. અહીં તો વીતરાગચારિત્ર સહિતનું સમકિત છે ઈ મોક્ષનું કારણ (છે) એમ સિદ્ધ કરવું છે.

નિજપરમાત્મા ભગવાનઆત્મા ! પૂર્ણ સ્વભાવવાળો એવો પરમાત્મા '**उपादेयरुचि**' (અર્થાત્) એની ઉપાદેયરૂપ રુચિ. જુઓ ! અહીં તો સમ્યગ્દર્શન કીધું છે. ઉપાદેયરૂપ, રુચિરૂપ (કીધું). '**वीतरागचारित्राविनाभूतं**' અંદર પાછું ચારિત્ર લેવું છે ને ? વીતરાગચારિત્ર સાથેનું જે નિશ્ચય સમકિત '**तस्यैव मुख्यत्वं,...**' તેનું મુખ્ય છે. કાળનું મુખ્ય છે નહિ. અહીં કહે છે કે, કાળને સિદ્ધ કર્યો (કે) નિમિત્ત હો (ભલે) પણ મોક્ષના અભિલાષીને કાળ સામું જોવું નથી. સમજાણું કાંઈ ? એને નિમિત્ત સામું જોવું નથી એમ કહે છે. સહકારી (ભલે) હો, પણ એને એની સામું જોવું નથી. એને તો અહીં ભગવાન સામું જોવાનું છે.

નિજપરમાત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ સ્વભાવ ! નિજપરમાત્મા (કીધું)ને ? પાછું બીજા પરમાત્મા નહિ અને નિજપરમાત્મા એટલે આખું દ્રવ્ય. નિજપરમાત્મા ઉપાદેય રુચિ (અર્થાત્)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ આદરણીય છે, એ જ ગ્રહવાલાયક છે, એ જ અનુભવવા લાયક છે. એવો જે નિજપરમાત્મા, એની રુચિરૂપ વીતરાગચારિત્ર. એટલે રાગરહિત સ્થિરતા, એની સહિતનું જે સમ્યગ્દર્શન એની મુખ્યતા છે. પર સામું જોવું એની મુખ્યતા નથી એમ કહે છે. આ..હા...! આ તો વીરાના કામ છે, બાપા !

ભગવાન પૂર્ણાનંદનો નાથ ! જેની જ્ઞાનની પર્યાયમાં ઉપાદેયરૂપ થાય એનાથી વીતરાગચારિત્ર અને નિશ્ચય સમ્યગ્દર્શન (પ્રગટ થાય અને) એનાથી તેને મુક્તિ થાય. એટલે કાળને ભલે સહકારી નિમિત્ત કીધું પણ એ સહકારી નિમિત્તની સામું એણે જોવાનું નથી. અહીં ઉપાદાનને ઉપાદેય કરીને બેઠો ત્યાં એ નિમિત્ત હો. સમજાણું કાંઈ ?

નિશ્ચય સમકિત વીતરાગચારિત્ર હોય ત્યાં જ હોય એમ અહીં સિદ્ધ નથી કરવું પણ અહીં તો વીતરાગ ચારિત્રવાળું જ્યાં થઈ ગયું ત્યાં પણ સમકિત છે એ મોક્ષનું કારણ છે એમ કહેવું છે. બાકી નિશ્ચય સમકિત તો ચોથે (ગુણસ્થાનથી) થાય છે. અહીં તો મુક્તિનું કારણ એકદમ લેવું છે ને ? તો વીતરાગચારિત્ર સહિતનું જે સમકિત એમ (કહ્યું). આહા..હા...! રુચિ છે ને ? પૂર્ણાનંદની રુચિરૂપ કહેવું છે ને ? એવું સમકિત પણ વીતરાગચારિત્રની સાથે (હોય) એ મોક્ષનું કારણ થાય છે. આ..હા..હા...!

પેલામાં પણ એમ લીધું ને ? 'કળશટીકા' ! 'કાળલબ્ધિ વશે (પામે છે), સહજ નથી.' એ તો કાળની અપેક્ષા સિદ્ધ કરી. પણ એને કંઈ એની સામું જોવાનું નથી. કાળલબ્ધિથી પર્યાય પ્રાપ્ત થાય એનું જ્ઞાન પણ સ્વની સન્મુખ થયા વિના એનું સાચું જ્ઞાન થાય ક્યાંથી ? વાત ધારી લેવી છે ? એ કાળલબ્ધિનું જ્ઞાન ત્યારે જ એને સાચું થાય. સ્વભાવ સન્મુખ થયો, પૂર્ણ પરમાત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્યને (જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું એને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય). એની સાથે વીતરાગચારિત્ર હોય છે તે મુક્તિનું કારણ છે, એમ કહેવું છે. ત્યારે તેને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય અને તે જ સમયે તે ભાવ થવાનો હતો એવી ભવિતવ્યતાનું ભાન પણ ત્યારે જ થાય. તે જ સમયે સ્વભાવ સન્મુખ થયો છે તો સ્વભાવ પણ સાથે આવી ગયો, પુરુષાર્થ આવી ગયો, કાળ(લબ્ધિ), ભવિતવ્યતા (આવી ગઈ), તે જ સમયે એ પ્રકારના કર્મના નિમિત્તનો અભાવ છે. કર્મના નિમિત્તનો અભાવ (થયો) એ કારણ થયું માટે અહીં મોક્ષ થયો એમ નથી. કીધું ને ? પ્રતિબદ્ધ કારણનો અભાવ થાય ત્યારે રાગ ટળે. અહીં એમ નથી. પૂર્ણાનંદના નાથનો (આશ્રય) ઉપાદેયપણે કરતા રાગની ઉત્પત્તિ નથી (થતી). વીતરાગચારિત્ર છે ત્યારે પ્રતિબદ્ધ કારણનો પણ ત્યાં અભાવ એને કારણે (હોય છે). આણે આવું કર્યું માટે એને પ્રતિબદ્ધ થવું પડ્યું એમ નહિ. આહા..હા...! આવી વસ્તુની સ્થિતિ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ક્યાંય (છે નહિ). કડીએ કડી બેસી જાય એવી ચીજ આ તો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं ज्ञेयतत्त्वमुक्त्वा ज्ञानज्ञेयविभागेनात्मानं निश्चिन्वन्नात्मनोऽत्यन्तविभक्तत्वाय व्यवहार-जीवत्वहेतुमालोचयति -

**सपदेसेहिं समग्गो लोगो अट्ठेहिं णिट्ठिदो णिच्चो।**
**जो तं जाणदि जीवो पाणचदुक्काभिसंबद्धो।।१४५।।**
**सप्रदेशैः समग्रो लोकोऽर्थैर्निष्ठितो नित्यः।**
**यस्तं जानादि जीवः प्राणचतुष्काभिसम्बद्धः।।१४५।।**

एवमाकाशपदार्थादाकालपदार्थाच्च समस्तैरेव संभावितप्रदेशसद्भावैः पदार्थैः समग्र एव यः समाप्तिं नीदो लोकस्तं खलु तदन्तःपातित्वेऽप्यचिन्त्यस्वपरपरिच्छेदशक्तिसंपदा जीव

---

एवं निश्चयकालव्याख्यानमुख्यत्वेनाष्टमस्थलेगाथात्रयं गतम्। इति पूर्वोक्तप्रकारेण `दव्वं जीवमजीवं' इत्याद्येकोनविंशतिगाथाभिः स्थलाष्टकेन **विशेषज्ञेयाधिकारः** समाप्तः।। अतः परं शुद्धजीवस्य द्रव्यभावप्राणैः सह भेदनिमित्तं `सपदेसेहिं समग्गो' इत्यादि यथाक्रमेण गाथाष्टक-

---

હવે, એ રીતે જ્ઞેયતત્ત્વ કહીને, જ્ઞાન અને જ્ઞેયના વિભાગ વડે આત્માને નક્કી કરતા થકા, આત્માને અત્યંત વિભક્ત (ભિન્ન) કરવા માટે વ્યવહારજીવત્વનો હેતુ વિચારે છે :–

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

---

હવે, ૧૪૫ (ગાથા).

**सपदेसेहिं समग्गो लोगो अट्ठेहिं णिट्ठिदो णिच्चो।**
**जो तं जाणदि जीवो पाणचदुक्काभिसंबद्धो।।१४५।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एव जानीते, नत्वितरः। एवं शेषद्रव्याणि ज्ञेयमेव, जीवद्रव्यं तु ज्ञेयम ज्ञानं चेति ज्ञानज्ञेयविभागः। अथास्य जीवस्य सहजविजृंभितानन्तज्ञानशक्तिहेतुके त्रिसमयावस्थायित्वलक्षणे वस्तुस्वरूपभूततया सर्वदानपायिनि निश्चयजीवत्वे सत्यपि संसारावस्थायामनादिप्रवाहप्रवृत्तपुद्गलसंश्लेषदूषितात्मतया प्राणचतुष्काभिसंबद्धत्वं व्यवहारजीवत्वहेतुर्विभक्तव्योऽस्ति।।

।।१४५।।

---

पर्यन्तं सामान्यभेदभावानाव्याख्यानं करोति। तद्यथा। अथ ज्ञानज्ञेयज्ञापनार्थं तथैवात्मनः प्राणचतुष्केन सह भेदभावनार्थं वा सूत्रमिदं प्रतिपादयति - **लोगो** लोको भवति। कथंभूतः। **णिट्ठिदो** निष्ठितः समाप्तिं नीतो भूतो वा। कैः कर्तृभूतैः। **अट्ठेहिं** सहजशुद्धबुद्धैकस्वभावो योऽसौ परमात्म-पदार्थस्तत्प्रभृतयो येऽर्थास्तैः। पुनरपि किंविशिष्टः। **सपदेसेहिं समग्गो** स्वकीयप्रदेशैः

---

**અન્વયાર્થ :–** **[सप्रदेशैः अर्थैः]** સપ્રદેશ પદાર્થો વડે **[निष्ठितः]** સમાપ્તિ પામેલો **[समग्रः लोकः]** આખો લોક **[नित्यः]** નિત્ય છે. **[तं]** તેને **[यः जानाति]** જે જાણે છે **[जीवः]** તે જીવ છે – **[प्राणचतुष्काभिसंबद्धः]** કે જે (સંસારદશામાં) ચાર પ્રાણોથી સંયુક્ત છે.

**ટીકા :–** એ પ્રમાણે, પ્રદેશનો સદ્ભાવ જેમને ફલિત થયો છે એવા જે આકાશપદાર્થથી માંડીને કાળપદાર્થ સુધીના બધાય પદાર્થો તેમના વડે સમાપ્તિ પામેલો જે આખોય લોક, તેને

---

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

'તસુ જાણનારો જીવ' અહીં વજન છે. '**अट्ठेहिं**' શબ્દ છે ને ? ('જયસેનાચાર્યદેવ'ની) સંસ્કૃત (ટીકામાં) '**सहजशुद्धबुद्धैकस्वभावो योऽसौ परमात्मपदार्थस्तत्प्रभृतयो येऽर्थास्तैः।**' એ માંડીને બધા અર્થો પદાર્થ છે. ભગવાન સહજ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ ! સ્વભાવિક અનાદિ સહજ સ્વભાવ ! શુદ્ધ – પવિત્ર, બુદ્ધ પિંડ એક સ્વભાવ ! '**परमात्मपदार्थस्तत्प्रभृतयो**' લ્યો !

ગુજરાતી ટીકા. **ટીકા :– 'એ પ્રમાણે, પ્રદેશનો સદ્ભાવ જેમને ફલિત થયો છે એવા જે આકાશપદાર્થથી માંડીને કાળપદાર્થ સુધીના બધાય પદાર્થો...'** બધાને પ્રદેશ છે એમ કહેવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समग्रः परिपूर्णः। अथवा पदार्थैः। कथंभूतैः। सप्रदेशैः प्रदेशसहितैः। पुनरपि किंविशिष्टो लोकः। **णिच्चो** द्रव्यार्थिकनयेन नित्यः लोकाकाशापेक्षया वा। अथवा नित्यो, न केनापि पुरुषविशेषेण कृतः। **जो तं जाणदि** यः कर्ता तं ज्ञेयभूतं लोकं जानाति **जीवो** स जीवपदार्थो भवति। एतावता किमुक्तं भवति। योऽसौ विशुद्धज्ञानदर्शनस्वभावो जीवः स ज्ञानं ज्ञेयश्च भण्यते। शेषपदार्थास्तु ज्ञेया एवेति ज्ञातृज्ञेयविभागः। पुनरपि किंविशिष्टो जीवः। **पाणचटुक्केण संबद्धो** यद्यपि निश्चयेन स्वतःसिद्धपरमचैतन्यस्वभावेन निश्चयप्राणेन जीवति तथापि व्यवहारेणानादिकर्मबन्ध-वशादायुराद्यशुद्धप्राणचतुष्केनापि संबद्धः सन् जीवति। तच्च शुद्धनयेन जीवस्वरूपं न भवतीति भेदभावना ज्ञातव्येत्यभिप्रायः।।१४५।।

---

ખરેખર તેમાં અંતઃપાતી હોવા છતાં અચિંત્યએવી સ્વ-પરને જાણવાની શક્તિરૂપ સંપદા વડે જીવ જ જાણે છે, પરંતુ બીજું કોઈ જાણતું નથી. એ રીતે બાકીનાં દ્રવ્યો જ્ઞેય જ છે અને જીવદ્રવ્ય તો જ્ઞેય તેમ જ જ્ઞાન છે;–આમ જ્ઞાન અને જ્ઞેયનો વિભાગ છે.

હવે આ જીવને, સહજપણે પ્રગટ (સ્વભાવથી જ પ્રગટ) એવી અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ છે અને ત્રણે કાળે અવસ્થાયીપણું (ટકવાપણું) જેનું લક્ષણ છે એવું, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી સર્વદા અવિનાશી નિશ્ચયજીવત્વ હોવા છતાં, સંસાર-અવસ્થામાં અનાદિપ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્‌ગલસંશ્લેષ વડે પોતે દૂષિત હોવાથી તેને ચાર પ્રાણોથી સંયુક્તપણું છે–કે જે (સંયુક્તપણું) વ્યવહારજીવત્વનો હેતુ છે અને વિભક્ત કરવાયોગ્ય છે.

---

છે. પ્રદેશ ન હોય તો એ વસ્તુ શૂન્ય હોય. **'તેમના વડે સમાપ્તિ પામેલો જે આખોય લોક, તેને ખરેખર તેમાં અંતઃપાતી હોવા છતાં...'** (અંતઃપાતી એટલે) અંદર આવી જતો. ભગવાન – જીવ લોકની અંદર આવી જાય છે. જીવ લોકની અંદર આવી જાય છે. આહા..હા...! 'लोकयन्ते इति लोकः' એમાં જીવ પણ 'लोकयन्ते इति', બીજા બધા પદાર્થો પણ એમાં આવી જાય છે. આ..હા...!

**'તેને ખરેખર તેમાં અંતઃપાતી હોવા છતાં અચિંત્ય એવી સ્વ-પરને જાણવાની શક્તિરૂપ...'** લોકમાં જીવ આવી જાય છે છતાં અચિંત્ય એવી સ્વ-પરને જાણવાની શક્તિ એની વિશેષ છે ! આ..હા..હા...! આકાશના આટલા પ્રદેશ ને આટલાથી અનંતગુણા ગુણો ! આકાશના પ્રદેશથી પણ એના ગુણો અનંતગુણા છે ! નહિ ? આકાશ પ્રદેશ છે, એના પ્રદેશો જે અનંત છે, અંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ :–** ષટ્ દ્રવ્યનો સમુદાય તે લોક છે. જીવ અચિંત્ય જ્ઞાનશક્તિથી તેને જાણે છે; તેથી જીવ સિવાય બાકીનાં દ્રવ્યો જ્ઞેય છે અને જીવ જ્ઞાન તેમ જ જ્ઞેય છે.

તે જીવને, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી જે કદી નાશ પામતું નથી એવું નિશ્ચયજીવત્વ સદાય છે. તે નિશ્ચયજીવત્વનું કારણ સ્વાભાવિક એવી અનંતજ્ઞાનશક્તિ છે. આવું નિશ્ચયજીવત્વ જીવને સદાય હોવા છતાં, સંસારદશામાં પોતે પુદ્ગલના સંબંધથી દૂષિત હોવાને લીધે ચાર પ્રાણોથી સુંયક્ત છે અને તેથી તેને વ્યવહારજીવત્વ પણ છે. તે વ્યવહારજીવત્વના કારણરૂપ જે ચાર પ્રાણોથી સંયુક્તપણું તેનાથી જીવને ભિન્ન કરવાયોગ્ય છે. ૧૪૫.

---

નહિ, એનાથી પણ એના ગુણો અનંતુગણા છે !! એવી એને ખબર નથી. અનંત ગુણો જ છે. અનાદિ-અનંત ગુણો અનંત છે. અપેક્ષિત ધર્મો (છે) એ જુદી વાત છે. ગુણો જ અનંતગુણા છે. સામાન્ય અને વિશેષ અનંત ગુણ છે. કીધું નહિ ? 'પરમાત્મપ્રકાશ' ! દરેક દ્રવ્યમાં સામાન્ય, વિશેષ અનંત ગુણ છે. અપેક્ષિત ધર્મ એ જુદી ચીજ (છે). આ તો ગુણો એનામાં સદાય છે. આ..હા..હા...!

'**અંતઃપાતી હોવા છતાં...**' (અર્થાત્) જીવ લોકમાં આવી ગયો હોવા છતાં '**અચિંત્ય એવી સ્વ-પરને જાણવાની શક્તિ...**' આ..હા..હા...! આવા આકાશપ્રદેશ અનંત છે, એથી અનંતગુણા ગુણ છે, કાળ(ના) એકપ્રદેશમાં પર્યાય-પ્રાપ્તિ થાય છે તેથી તે એકપ્રદેશી દ્રવ્ય એટલામાં છે. એવા એવા અસંખ્ય કાળાણુઓ છે, ધર્માસ્તિ અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય છે, અધર્માસ્તિ અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય છે. જીવ અસંખ્યપ્રદેશી એક (દ્રવ્ય છે) એવા અનંત જીવદ્રવ્ય છે. એ બધાને સ્વ અને પરને જાણવાની '**શક્તિરૂપ સંપદા...**' આ..હા..હા...! આ એની સંપદા છે ! '**સ્વ-પરને જાણવાની શક્તિરૂપ સંપદા વડે જીવ જ જાણે છે,...**' પોતાની સંપદા વડે જે જાણે છે.

કહો આ પૈસાની – ધૂળની સંપદાને પણ જીવની જ્ઞાન-સંપદા વડે જાણે છે, એમ કહે છે. જાણે છે. અનંત પરમાણુના સ્કંધરૂપ લક્ષ્મી છે, આ છે, આ છે, એક એક પરમાણુમાં અનંતગુણા ગુણ છે (આદિ) એની બધી સ્વ-પરને જાણવાની સંપદા વડે એ જણાય છે. એની (–પુદગલની) એને (પોતાને) ક્યાં ખબર છે ? આહા..હા...! પરમાણુ આદિ પાંચ દ્રવ્યની સ્થિતિનું વર્ણન કર્યું (કે) એકપ્રદેશી, અસંખ્યપ્રદેશી ને અનંતપ્રદેશી, અનંત ગુણ ને અનંતી પર્યાય ને તીરછા અને ઊર્ધ્વ (સમૂહ), કાળને તીરછું નથી પણ ઊર્ધ્વ (પ્રવાહ) છે, એ બધું જાણવાની સંપદાવાળો ભગવાન ! આ..હા..હા...! '**સ્વ-પરને જાણવાની શક્તિરૂપ સંપદા વડે જીવ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ જાણે છે,...**' જીવમાં જ એ જાણવાની તાકાત (છે), સ્વ-પરની પૂર્ણ સ્થિતિ જાણવાની (તાકાત) છે. એમ કહીને ઈ કાળનું જ્ઞાન અને ઈ બધું (જ્ઞાન) કરવાની શક્તિ આત્મામાં છે જ એમ કહે છે. સમજાણું કાંઈ ?

સર્વવ્યાપી આકાશ અને એના અનંત ગુણ ! એને જાણવાની સંપદાવાળો આત્મા છે. એને જાણવાવાળી સંપદાવાળો આત્મા છે. એને કોઈને કરવાવાળો કે બનાવવાવાળો કે એનું કંઈ કરવાવાળો આત્મા નથી. તેમ ઈ છે માટે જ્ઞાનની સંપદા આવડી છે એમ નથી. સમજાણું કાંઈ ? એ સ્વ-પરને જાણવાની શક્તિરૂપ સંપદા પોતાની છે. એ '**વડે જીવ જ જાણે છે,...**' આહા...હા...!

'**પરંતુ બીજું કોઈ જાણતું નથી.**' બીજું કોઈ દ્રવ્ય જાણતું નથી. આહા..હા...! અહીં તો એક જ્ઞાનની શક્તિ (આવી છે). બીજી શક્તિઓ પણ જાણતી નથી. પોતાની અનંત શક્તિ છે એ પણ જાણવાની – જે સ્વ-પર જાણવાની શક્તિ તે... આ..હા..હા...! જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એનો બાપ (પૈસા) મૂકી ગયો હોય અને ઘરની મૂડી હોય અને પછી વેચવા બેસે (તો) બધા હોંશે ભેગા થાય. આપો, કેટલા નીકળ્યા ? કરોડ નીકળ્યા ! તમે કેટલા છોકરાઓ છો ? તો કહે, ચાર. પાડો ભાગ ! અહીં કહે છે અનંતા... અનંતા... દ્રવ્ય અને ગુણોની લક્ષ્મીનો જાણનાર પોતે ભગવાન છે. એ એને ભાગમાં આવે છે. આત્માને ભાગમાં એનું જ્ઞાન આવે છે.

રાગ આદિ હોય એ બધાને – સ્વ-પરને જાણવાની શક્તિવાળી સંપદાવાળું આ આત્મતત્ત્વ છે, ચૈતન્યસૂર્ય છે ! ચૈતન્યસૂર્ય ! એવી સંપદાવાળો જીવ જ જાણે છે. આ બધા સામાન્ય દ્રવ્યનાં, વિશેષના ઘણા પ્રકાર વર્ણવ્યા. પણ કહે છે એ બધાને જાણનારો તો ભગવાનઆત્મા છે. આ..હા..હા...! '**પરંતુ બીજું કોઈ જાણતું નથી. એ રીતે બાકીનાં દ્રવ્યો જ્ઞેય જ છે...**' જીવ સિવાયનાં બીજાં દ્રવ્યો જાણવાલાયક છે. '**અને જીવદ્રવ્ય તો જ્ઞેય તેમ જ જ્ઞાન છે;...**' છ દ્રવ્યના જ્ઞેયમાં એ આવી ગયું અને જ્ઞાન પણ પોતે છે. આહા..હા...!

પેલામાં આવ્યું નથી આપણે ? કળશમાં આવી ગયું છે કે, છ દ્રવ્યનું જાણવું એ જ્ઞેય અને આત્મા જ્ઞાન (છે), એમ નથી. ઈ કળશ આવી ગયો છે. એ જ્ઞાન, એ જ્ઞેય, એ જ્ઞાતા. એવા એના ત્રણ ભેદ પણ કહે છે કે વચનથી છે, વસ્તુ તો છે ઈ છે. એ આમ '**જીવદ્રવ્ય તો જ્ઞેય તેમ જ જ્ઞાન છે; આમ જ્ઞાન અને જ્ઞેયનો વિભાગ છે.**' જ્ઞાન અને જ્ઞેયના ભાગ છે. બીજી બધી ચીજો જ્ઞેય છે, આત્મા જ્ઞેય અને જ્ઞાન છે – આમ ભાગ છે. સમજાણું કાંઈ ?

આ..હા..હા...! એની ચૈતન્યસંપદા ! સ્વ-પરને જાણવાની સંપદાવાળો ! એ સંપદા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની છે. બાઈડી, છોકરા ને પૈસા ને પાંચ-પચાસ, કરોડ કે અબજ (રૂપિયા) ઈ જ્ઞેય તરીકે છે. આત્મા તેને અને પરને જાણવાની સંપદાવાળો છે, બસ ! એ (બહારની) સંપદા મારી છે એવું એનામાં છે નહિ. ચક્રવર્તીનું રાજ, ઇન્દ્રના ઇન્દ્રાસનો, એ બધાં જ્ઞેય છે. તે જ્ઞાનની સંપદામાં સ્વ-પરને જાણે એવી એની સંપદા છે. ઇન્દ્રની સંપદાઓ અને ચક્રવર્તીની સંપદા તો જ્ઞેય તરીકે છે. આત્મા તેનો જાણનાર અને પોતાનો જાણનાર – જ્ઞેય અને જ્ઞાન તરીકે છે. એ સંપદા મારી છે એવું એમાં ક્યાંય છે નહિ. આહા..હા...!

આ કર્મ પણ જ્ઞેયમાં જાય છે ને ? લોકમાં આવ્યું ને બધું ? ઈ બધું આવી ગયું ને ? કર્મ, કાર્મણશરીર, તૈજસશરીર, પ્રકૃતિઓ (આદિ) બધું જ્ઞેય છે અને આત્મા તેનો જાણનાર અને પોતે જ્ઞેય – બે છે. આ..હા..હા...! ઈ પ્રકૃતિ અને કર્મને જાણે છતાં એ પ્રકૃતિ એની છે એમ (નથી). એની તો સ્વ-પરને જાણવાની સંપદા (છે) એ એની છે. સમજાણું કાંઈ ? કર્મ આઠ અને એના આ પ્રકાર ને એની આ સત્તા ને ફલાણું...

મુમુક્ષુ :– જૈનધર્મ તો કર્મની વાત કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મની વાત નથી, અહીં તો જ્ઞાનની વાત છે. જ્ઞાયકસ્વભાવ એ જૈનધર્મ છે. આ..હા..હા...!

જે પરવસ્તુ (છે) એ જ્ઞેય તરીકે (છે) ? કોનું (જ્ઞેય) ? કે, જ્ઞાનનું. એ જ્ઞાનના જ્ઞેય તરીકે (છે) પણ 'પર મારા' એ તરીકે નથી કાંઈ. આહા..હા...! ખરેખર તો એ શુભ ભાવ છે એ પણ જ્ઞેય તરીકે છે. એ સ્વ-પરની સંપદાને જાણે એવી સંપદાવાળો છે. એ શુભ ભાવથી ધર્મનો કંઈ લાભ થાય એવી એ ચીજ નથી. આહા..હા...! વાંધા મોટા આ – પૂજામાં આમ થાય ને ઢીકણાંમાં આમ થાય... વાંચ્યું કે નહિ તમે ? આહા..હા...! ભાઈ ! એ તો બધું જ્ઞેયમાં જાય છે અને તે લોકમાં જ્ઞેયમાં જીવ પણ ભેગો આવી ગયો. અંતઃપાતી (કહ્યું ને) ? પણ જીવની વિશેષતા સ્વ-પરને જાણવાની સંપદાવાળું એ આત્મતત્ત્વ છે. છે ને ?

(બાકીનાં દ્રવ્યો) **'જ્ઞેય જ છે અને જીવદ્રવ્ય તો જ્ઞેય તેમ જ જ્ઞાન છે;...'** આ..હા..હા...! **'આમ જ્ઞાન અને જ્ઞેયનો વિભાગ છે.'** એટલે કે કર્મ, લક્ષ્મી, આબરૂ – કીર્તિ, શરીર એ બધું જ્ઞેય છે અને આત્મા તેનો જ્ઞાન કરનાર તે જ્ઞાન છે અને તે જ્ઞાનનું પોતે પણ જ્ઞેય છે. આહા..હા...! કહો, ભાઈ ! આવું છે. સ્વ-પરને જાણવાની સંપદાવાળો (છે) અને એની સાથે સ્વ-પરને જાણવું (થાય છે) એ પરની અપેક્ષા વિના એની સંપદા છે. પરની અપેક્ષા છે માટે સ્વ-પરને જાણે છે એમ નથી. સ્વ-પરને જાણવાનો સ્વભાવ સ્વતઃ પરની અપેક્ષા વિના (છે) એટલે આનંદદાયક એનો સ્વભાવ છે. આ..હા..હા...! સ્વ-પરને જાણવાની સંપદાનું ભાન થતાં અતીન્દ્રિય આનંદનું અંદર ભાન થાય, વેદન થાય ત્યારે એણે જીવને સ્વ-પર જાણવાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંપદાવાળો (છે) એમ જાણ્યો અને માન્યો કહેવાય છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ?

**'હવે આ જીવને, સહજપણે પ્રગટ (સ્વભાવથી જ પ્રગટ) એવી અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ છે...'** અનંત જ્ઞાનશક્તિ ! આનું નિશ્ચય જીવત્વ પહેલું સિદ્ધ કરે છે. **'આ જીવને, સહજપણે...'** (એટલે) સ્વભાવિક **'પ્રગટ (સ્વભાવથી જ પ્રગટ) એવી અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ છે અને ત્રણે કાળે અવસ્થાયીપણું (ટકવાપણું) જેનું લક્ષણ છે...'** આ..હા..હા...!

પ્રશ્ન :– અનંતજ્ઞાનશક્તિ એટલે શું ?

સમાધાન :– અનંતજ્ઞાનસ્વભાવ. એનો સ્વભાવ છે. જીવતર એનું ઈ છે એમ કહે છે.

**'અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ છે અને ત્રણે કાળે અવસ્થાયીપણું (ટકવાપણું) જેનું લક્ષણ છે એવું, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી...'** વસ્તુના સ્વરૂપભૂત... સ્વરૂપભૂત હોવાથી **'સર્વદા અવિનાશી નિશ્ચયજીવત્વ...'** સર્વદા નિશ્ચયજીવત્વ ! આ એનું નિશ્ચયજીવત્વ (છે). લ્યો, ઠીક ! 'જીવો અને જીવવા દ્યો' એ... માંડી ! હમણાં એ ક્યાંક આવ્યું હતું, એ જ માળા માંડે છે.

અહીં તો કહે છે કે નિશ્ચયજીવત્વ આ છે. જીવનું નિશ્ચય વાસ્તવિક સ્વભાવિક ચૈતન્યના ભાવપ્રાણ સ્વરૂપ એટલે અનંત જ્ઞાનશક્તિ છે એનો હેતુ છે (એટલે) જીવતરનો (હેતુ છે) એમ કહે છે. **'એવું, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી સર્વદા અવિનાશી નિશ્ચયજીવત્વ હોવા છતાં...'** એનું જીવવું અને ટકવું તો આ છે. વસ્તુની સ્થિતિ તો આ છે.

હવે (કહે છે), **'છતાં...'** જોયું ? એ વાત પહેલી રાખીને આ વાત કરે છે. **'સંસાર-અવસ્થામાં અનાદિપ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્‌ગલસંશ્લેષ વડે...'** (અર્થાત્) પુદ્‌ગલના સંબંધ વડે **'પોતે દૂષિત હોવાથી...'** ઓ..હો..હો...! પોતે પુદ્‌ગલનો સંગ કર્યો. આવું એનું જીવતર હોવા છતાં તેનો સંગ છોડી પુદ્‌ગલનો સંગ કર્યો ! **'પોતે દૂષિત હોવાથી...' 'અનાદિપ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્‌ગલસંશ્લેષ વડે પોતે દૂષિત હોવાથી...'** જોયું ? **'તેને ચાર પ્રાણોથી સંયુક્તપણું...'** ચાર પ્રાણથી સહિતપણું (છે) **'કે જે (સંયુક્તપણું) વ્યવહારજીવત્વનો હેતુ છે...'** પેલામાં આવ્યું હતું કે અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ એટલે નિશ્ચયજીવતરનો (હેતુ). સમજાણું ? અને આ વ્યવહારજીવનો (હેતુ). આ..હા..હા...! **'સંયુક્તપણું વ્યવહારજીવત્વનો હેતુ છે અને વિભક્ત કરવાયોગ્ય છે.'** ભિન્ન કરવા લાયક છે એમ કહે છે. ચાર પ્રાણમાં દસ પ્રાણ આવી જાય છે. પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસોશ્વાસ. મન-વચન-કાયા એક, પાંચ ઇન્દ્રિય બે અને શ્વાસના એક એમ ચાર. ઈ ચારના દસ થયા. મૂળ તો ચાર છે.

આવો પ્રાણનો વ્યવહારનો સંયોગ (છે) એને વિભક્ત કરવા યોગ્ય છે – જુદા કરવા લાયક છે. એ એની ચીજ છે નહિ.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૧૦, ગુરુવાર તા. ૦૩-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૪૫, ૧૪૬, ૧૪૭ ૧૪૮
## પ્રવચન નંબર–૧૫૮

'પ્રવચનસાર' જ્ઞેયતત્ત્વ અધિકાર. ૧૪૫ (ગાથાનો) ભાવાર્થ. સામાન્ય અને વિશેષ દ્રવ્યનું સ્વરૂપ કહ્યું. **'ષટ્ દ્રવ્યનો સમુદાય તે લોક છે.'** એમાં **'જીવ અચિંત્ય જ્ઞાનશક્તિથી તેને જાણે છે;...'** છ દ્રવ્યસ્વરૂપ લોકને અચિંત્ય જ્ઞાનશક્તિ દ્વારા આત્મા જાણે છે. એ શક્તિ આત્મામાં છે. **'તેથી જીવ સિવાય બાકીનાં દ્રવ્યો જ્ઞેય છે...'** જીવ સિવાય બીજાં બધાં જણાવાલાયક જ્ઞેય છે **'અને જીવ જ્ઞાન તેમ જ જ્ઞેય છે.'** જીવ જ્ઞાન પણ છે અને જ્ઞેય પણ છે. જીવ સિવાયના બીજા પદાર્થો એકલા જ્ઞેય છે અને જીવ તત્ત્વ જ્ઞાન પણ છે, તે જ્ઞેયને જાણે એવી શક્તિવાળું છે અને પોતે જ્ઞેય પણ છે.

**'તે જીવને, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી જે કદી નાશ પામતું નથી એવું નિશ્ચયજીવત્વ સદાય છે.'** ચૈતન્યપ્રાણથી – ભાવસ્વભાવથી શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વભાવથી સદાય તેનું નિશ્ચય જીવન છે. સદાય એકરૂપ એનું જીવન એ છે. **'स्वतःसिद्धपरमचैतन्यस्वभावेन निश्चयप्राणेन जीवति'** ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં) છે. પોતે આત્મા તો પોતાના જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, દર્શનસ્વભાવ એવા સ્વભાવથી તે જીવી રહ્યું છે, ટકી રહ્યું છે. **'તે નિશ્ચયજીવત્વનું કારણ સ્વાભાવિક એવી અનંતજ્ઞાનશક્તિ છે.'** જ્ઞાનને લીધું. જીવનું જીવવું, ટકી રહેવું એવું જે જીવનું જીવતર (છે) એનું કારણ સ્વાભાવિક અનંતજ્ઞાનશક્તિ (છે). જેનો સ્વભાવ જ અનહદ જ્ઞાનસ્વભાવ (છે) એ કારણે જીવનું જીવન છે.

**'આવું નિશ્ચયજીવત્વ જીવને સદાય હોવા છતાં,...'** દ્રવ્યસ્વભાવે તો આવું જ એનું જીવન લાગે એમ કહે છે. પર્યાયમાં ફેર પડ્યો. ચૈતન્યભાવપ્રાણનું મૂળ કારણ અનંત ચૈતન્યશક્તિ, ચૈતન્યનું તત્ત્વ, ચૈતન્યનો સ્વભાવ, એ જીવને જીવવાનું, ટકવાનું કારણ છે. દ્રવ્યાર્થિકનયે એવું હોવા છતાં **'સંસારદશામાં પોતે પુદ્ગલના સંબંધથી દૂષિત હોવાને લીધે...'** પુદ્ગલનો સંગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્યો. ભગવાન અનંત ચૈતન્યશક્તિ સંપન્ન એવું નિજ સ્વરૂપ તત્ત્વ એનું જીવન અને ટકવું તો એ સ્વરૂપ છે પણ અનાદિ સંસારદશામાં પર્યાયમાં પુદ્ગલ(નો) સંગ કરવાથી દૂષિત છે. આહા..હા...!

'संगएव' કળશમાં આવે છે ને ? 'संगएव' એવું ('સમયસાર') બંધ અધિકાર'માં આવે છે. એનાથી નહિ પણ એનો સંગ કર્યો. જ્ઞાન અને આનંદ પ્રાણનો સંગ છોડીને એણે પુદ્ગલનો સંગ – સંબંધ કર્યો. આમ જે સંબંધ હતો એ તોડીને (પુદ્ગલનો સંબંધ કર્યો). સંબંધ હતો અને તોડ્યો એ તો પર્યાયની અપેક્ષાએ વાત (છે). તોડ્યો છે ઈ અનાદિ છે અને જીવતરનો સંબંધ છે એ પણ અનાદિ છે. દ્રવ્યસ્વભાવ પણ અનાદિનો અને આ પર્યાય છે એ પણ અનાદિ છે.

મુમુક્ષુ :– મૂડીવાળો છે છતાં નિર્ધન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પર્યાયમાં નિર્ધન કહેવાય, વસ્તુ તો છે. દ્રવ્યદૃષ્ટિએ તો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવથી તેનું જીવતર ટકી રહ્યું છે. કોઈ કર્મ અને કોઈ (બીજા) કારણે ત્યાં (ટક્યો) નથી. સહજ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એ તો એનો સ્વભાવ જ છે, સત્ત્વ છે, જીવના સત્‌નું એ સત્ત્વ છે. એ સત્ત્વથી એ જીવી રહ્યો છે. વસ્તુદૃષ્ટિએ ! પણ એ દૃષ્ટિનો અનાદિનો અભાવ છે, પુદ્ગલના સંગમાં આવતાં દૂષિત થયો છે. કોઈએ દૂષિત કર્યો છે એમ નથી. છે ? '**પુદ્ગલના સંબંધથી દૂષિત હોવાને લીધે...**' આહા..હા...!

'**ચાર પ્રાણોથી સંયુક્ત છે...**' ટૂંકા ચાર કહ્યા ને ? દસ (પ્રાણના) ચાર કહ્યા. પાંચ ઇન્દ્રિયના પ્રાણ–એક, મન-વચન-કાયા બળ–બે, શ્વાસના-એક, એમ ચાર કીધા. એ ચારના પછી આ દસ થયા. '**ચાર પ્રાણોથી સંયુક્ત છે અને તેથી તેને વ્યવહારજીવત્વ પણ છે.**' પ્રાણ – પુદ્ગલના સંબંધથી ઉત્પન્ન થયેલો દોષ એવા પ્રાણ પણ એને છે. વ્યવહારજીવત્વ (પણ છે). '**તે વ્યવહારજીવત્વના કારણરૂપ...**' વ્યવહારપ્રાણનું જે ટકવું (છે) એના કારણ જે ચાર પ્રાણ એનાથી સંયુક્તપણું – સહિતપણું '**તેનાથી જીવને ભિન્ન કરવાયોગ્ય છે.**' આ તાત્પર્ય છે, લ્યો !

કર્મના સંબંધથી પ્રાપ્ત થયેલા ચાર ભાવ અશુદ્ધ ભાવ છે. જડ છે ઈ કહેશે. જડના સંગે તો અશુદ્ધ ભાવ ઉત્પન્ન થયો છે ને ? એ જડના પ્રાણોને પણ ભિન્ન કરવા. એટલે કે જડના પ્રાણની સાથે જે અશુદ્ધ ભાવપ્રાણ છે, ઈ જડના પ્રાણથી ભિન્ન થતાં અશુદ્ધ ભાવપ્રાણથી પણ ભિન્ન થાય છે. સમજાણું કાંઈ ? આવો માર્ગ ! આ પ્રવચનનો સાર ! ધર્મ આમ થાય એમ કહે છે. કર્મના પુદ્ગલના સંગે દૂષિત થયેલો ચાર પ્રાણથી એટલે ઇન્દ્રિય, બળ (આદિ).

'જયસેનાચાર્યદેવે' દરેકમાં અંદર બહુ સરસ ખુલાસો કર્યો છે. '**अतीन्द्रियानन्तसुखस्वभावात्मनो**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ के प्राणा इत्यावेदयति -

**इंदियपाणो य तधा बलपाणो तह य आउपाणो य।**
**आणप्पाणप्पाणो जीवाणं होंति पाणा ते।।१४६।।**
**इन्द्रियप्राणश्च तथा बलप्राणस्तथा चायु:प्राणश्च।**
**आनपानप्राणो जीवानां भवन्ति प्राणास्ते।।१४६।।**

स्पर्शनरसनघ्राणचक्षु:श्रोत्रपञ्चकमिन्द्रियप्राणा:, कायवाङ्गम्नस्त्रयं बलप्राणा:, भवधारणनिमित्तमायु:प्राण:, उदञ्चनन्यञ्चनात्मको मरुदानपानप्राण:।।१४६।।

---

अथेन्द्रियादिप्राणचतुष्कस्वरूपं प्रतिपादयतिअतीन्द्रियानन्तसुखस्वभावात्मनो विलक्षण इन्द्रियप्राणा:, मनोवाक्कायव्यापाररहितात्परमात्मद्रव्याद्विसदृशो बलप्राण:, अनाद्यनन्तस्वभावा-

---

હવે પ્રાણો કયા છે તે કહે છે :–

**ઇન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને**
**વળી પ્રાણ શ્વાસોચ્છ્વાસ–એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.**

---

**विलक्षण इन्द्रियप्राणा:**' જોયું ? ઇન્દ્રિયપ્રાણ કોને કહેવા ? કે, અતીન્દ્રિય અનંત સુખસ્વભાવ આત્માનો ! '**अतीन्द्रियानन्तसुखस्वभावात्मनो विलक्षण इन्द्रियप्राणा:**' આહા..હા...! 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં સંસ્કૃતમાં છે. એનાથી વિલક્ષણ ઇન્દ્રિયપ્રાણ. એવા ઇન્દ્રિયપ્રાણને ભગવાનઆત્માના પ્રાણથી ભિન્ન કરવા લાયક છે. આહા..હા...! ૧૪૬ (ગાથાની ટીકામાં છે).

'**હવે પ્રાણો કયા છે તે કહે છે :—**' ઈ હજી ૧૪૬માં કહેશે.

**इंदियपाणो य तधा बलपाणो तह य आउपाणो य।**
**आणप्पाणप्पाणो जीवाणं होंति पाणा ते।।१४६।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्परमात्मपदार्थद्विपरीतः साद्यन्त आयुःप्राणः, उच्छवासनिश्वासजनितखेदरहिताच्छुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूत आनपानप्राणः। एवमायुरिन्द्रियबलोच्छ्वासरूपेणाभेदननयेन जीवानां संबन्धिनश्चत्वारः प्राणा भवन्ति। ते च शुद्धनयेन जीवाद्भिन्ना भावयितव्या इति।।१४६।।

---

**અન્વયાર્થ :–** **[इन्द्रियप्राणः च]** ઇન્દ્રિયપ્રાણ, **[तथा बलप्राणः]** બળપ્રાણ, **[तथा च आयुःप्राण]** આયુપ્રાણ **[च]** તથા **[आनपानप्राणः]** શ્વાસોચ્છ્‌વાસપ્રાણ–**[ते]** એ (ચાર) **[जीवानां]** જીવોના **[प्राणाः]** પ્રાણો **[भवन्ति]** છે.

**ટીકા :–** સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ, ઇન્દ્રિયપ્રાણ છે; કાય, વચન અને મન એ ત્રણ, બળપ્રાણ છે; ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિપર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે; નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છ્‌વાસપ્રાણ છે. ૧૪૬.

---

**ઇન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને**
**વળી પ્રાણ શ્વાસોચ્છ્‌વાસ–એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.**

**ટીકા :–** '**સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ, ઇન્દ્રિયપ્રાણ છે;...**' ચારમાંથી ઇન્દ્રિયપ્રાણના પાંચ પ્રકાર કર્યા. '**કાય, વચન અને મન એ ત્રણ, બળપ્રાણ છે;...**' '**मनोवाक्कायव्यापाररहितात्परमात्मद्रव्याद्विसदृशो बलप्राणः**' મન, વચન અને કાયાના વ્યાપાર-રહિત પરમાત્મ દ્રવ્ય ભગવાન પરમસ્વરૂપથી વિસદ્દશ વિપરીત બલપ્રાણ છે.

'**ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિપર્યાયની સ્થિતિનું નિમિત્ત)...**' ભવધારણ એટલે મનુષ્ય (આદિની) દ્રવ્યપર્યાય '**તે આયુપ્રાણ છે;...**' '**अनाद्यनन्तस्वभावत्परमात्मपदार्थद्विपरीतः**' આહા..હા...! આયુની વ્યાખ્યા કરી છે. અનાદિઅનંત પરમાત્મ પદાર્થ ! જ્ઞાયકભાવ ! ત્રિકાળ સ્વભાવભાવ ! એનાથી વિપરીત '**साद्यन्त आयुःप्राणः**' છે. પેલા અનાદિઅનંત છે અને આયુષ્યપ્રાણ તો શરૂઆત અને અંતવાળા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અનાદિઅનંત સ્વભાવ ! જ્ઞાન, દર્શન, આનંદનો પરમાત્મસ્વભાવ ! પરમ સ્વભાવભાવ ! એ તો અનાદિઅનંત છે અને આ આયુપ્રાણ તે સાદિસાંત છે. આયુષ્ય તો સાદિસાંત છે. અનાદિનું આયુષ્ય કોઈનું હોય નહિ. આયુષ્ય શરૂ થાય છે અને અંત આવે છે, શરૂ થાય અને અંત આવે છે. અનાદિનું કાંઈ આયુષ્ય હોય નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'નિયમસાર'માં નથી લીધું ? અનાદિથી બંધાયેલું કર્મ. ત્યાં અનંત કર્મ લીધું, અનાદિનું લીધુ. એ પણ છે તો આદિ અને અંત પણ પ્રવાહરૂપે અનાદિ કર્મથી બંધાયેલો છે. અનાદિ આવે છે ને ? એમ આમાં એવું નથી. આમાં તો આયુષ્યની શરૂઆત થાય અને પૂરું થાય, શરૂ થાય ને પૂરું થાય. એમાં પણ નવા કર્મ બંધાય અને જૂના ટળે. છતાં અનાદિના પ્રવાહ તરીકે અનાદિનું કર્મ છે એમ લીધું છે. અહીં તો આયુષ્યની શરૂઆત થાય છે અને પૂરું થાય છે. દેહની સ્થિતિની વાત છે ને ? આત્માની સ્થિતિ તો અનાદિઅનંત છે. આહા..હા...! ભવધારણા કારણ આયુપ્રાણ (છે).

'**નીચે તથા ઊંચે જવું...**' આ શ્વાસ ! '**જેનું સ્વરૂપ છે એવો વાયુ...**' પ્રાણ છે. '**શ્વાસોચ્છ્વાસપ્રાણ છે.**' એનો અર્થ કર્યો છે. '**उच्छवासनिश्वासजनितखेदरहित**' ઈ શ્વાસોશ્વાસ ખેદ છે કહે છે. '**खेदरहिताच्छुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूत**' એવું જે શુદ્ધ આત્મતત્ત્વ ખેદરહિત સ્વભાવ, શ્વાસની ક્રિયારહિત... આહા..હા...! એવું જે પરમાત્મતત્ત્વ શુદ્ધાત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત '**आनपानप्राणः**' આ..હા...!

હમણાં અહીંયાં એક બકરીને ચાર કૂતરા ચૂંથતા હતા. શ્વાસ હતો હજી. ત્યાં પેલા મકાન પાસે, મકાન છે ને ? આ કસરતવાળાનું મકાન (છે) ત્યાં. ચાર કૂતરા ! આહા..હા...! એ જડના પ્રાણ. પછી તો અસાધ્ય થઈ ગઈ હશે. બધા કટકા કરીને ખાતા હતા. આ..હા..હા...!

ભગવાન તો અનાદિઅનંત ચૈતન્યભાવ પરમાત્મભાવપ્રાણસ્વરૂપ છે. એનો આશ્રય અને એની દૃષ્ટિ કરે તો અશુદ્ધ ભાવપ્રાણ છે એનો નાશ થાય, આ (જડ) તો પુદ્‌ગલપ્રાણ છે, સમજાણું કાંઈ ? પ્રાણવાન આત્મા ! અનંત જ્ઞાન આદિ પ્રાણવાન આત્મા છે ! અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રાણવાન છે. આહા..હા...! એ પ્રાણવાનના જીવનને દૃષ્ટિમાં લેતા આ શ્વાસ આદિ પ્રાણનો અભાવ થાય છે. સમજાણું કાંઈ ? એવું આવ્યું ત્યાં. ૧૪૬ (ગાથા પૂરી) થઈ.

'**शुद्धनयेन जीवाद्भिन्ना भावयितव्या**' સંસ્કૃતમાં છે. શુદ્ધનયથી જીવથી તે પ્રાણ ભિન્ન છે તેમ ભાવના કરવી. આહા..હા...! સંસ્કૃતમાં છે. પેલામાં – અર્થમાં તો આવી ગયું, આ તો ટીકામાં આવ્યું. ૧૪૫ (ગાથાની) ટીકામાં આવ્યું ને ? વિભક્ત કરવા યોગ્ય છે. એ તો 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ટીકામાં આવ્યું. છેલ્લો શબ્દ છે ને ? (આ બધું) જાણીને કરવું શું આમાં ? આ ઇન્દ્રિયો પ્રાણ છે, મન-વચન-કાયા બળ, શ્વાસ, આયુષ્ય છે, એને ચૈતન્યના ભાવ આનંદ પરમાત્મપ્રાણ – પરમસ્વરૂપપ્રાણની દૃષ્ટિ કરવી અને આને છોડવા. એ માટે એમ કે બતાવાય છે. પ્રાણ રાખવા માટે બતાવતા નથી. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– રાખ્યા રહે છે ક્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ આમ નવા નવા થઈને રહે છે ને ? ચાલ્યા કરે છે ને ? આ..હા..હા...! મરીને ક્યાં જાય પાછા ? લ્યો ! એ બિચારી બકરીને ચાર કૂતરા ખાતા હતા ! જીવતી, હોં ! જીવતી ! મોટી હતી, ગમે તેમ (પણ) કોઈ માણસ નહિ હોય. એ... મરીને પાછા ક્યાંક પશુ જેવામાં જાય. એને બિચારાને બીજું તો (શું હોય) ? આહા..હા...! આવા જીવન બધા ખેદસહિત જીવન છે. એવા જીવનનું સ્વભાવના ભાન દ્વારા, સ્વભાવનું અસ્તિત્વ આ... આ... આ... છે તે (પ્રાણ) છે, આ (પ્રાણ) છે તે નહિ.

અનંત આનંદ અને અનંત શાંતિ ! ચારિત્રસ્વભાવ કહો કે વીતરાગસ્વભાવ કહો કે શાંતસ્વભાવ કહો, ત્રિકાળ ! ત્રિકાળ આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ ! એનું એકરૂપ એવો આત્મા ! તેનો આશ્રય લઈ અને આ અશુદ્ધ ભાવપ્રાણ છે એ પુદ્ગલ ભાવપ્રાણ છે (તેને) જુદાં કરવા. ભેદજ્ઞાન કરવું એમ કહે છે. બતાવવાનો આશય એટલો છે. એને રાખવા એમ નહિ. બતાવ્યા કે આ તો અશુદ્ધ પ્રાણ છે, પુદ્ગલના સંગવાળા પ્રાણ છે. અશુદ્ધભાવપ્રાણ ! અને પુદ્ગલ છે એ તો પુદ્ગલના છે. અહીં પુદ્ગલની વાત મુખ્યતાએ કરી છે. એને છોડવા એટલે પછી એને આશ્રયે જે અશુદ્ધ ભાવપ્રાણ છે એ પણ છૂટી જાય છે એમ. ૧૪૬ (ગાથા પૂરી થઈ).

‘**હવે વ્યુત્પત્તિથી પ્રાણોને જીવત્વનું હેતુપણું...**’ જીવ પણ જીવશે અને જીવશે એમ જીવે છે. ‘**તેમનુ પૌદ્ગલિકપણું સૂત્ર દ્વારા કહે છે (અર્થાત્ પ્રાણો જીવત્વના હેતુ છે એમ વ્યુત્પત્તિથી દર્શાવે છે તથા પ્રાણો પૌદ્ગલિક છે એમ કહે છે) :–**’ બે વાત (કરી).

**पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हि जीविदो पुव्वं।**

આ..હા..હા...! આ તો વ્યવહારથી જીવશે એને ભવિષ્યમાં પણ જીવશે એમ સિદ્ધ કર્યું છે. આહા...હા...!

**पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हि जीविदो पुव्वं।**
**सो जीवो पाणा पुण पोग्गलदव्वेहिं णिव्वत्ता।।१४७।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्राणानां निरुक्त्या जीवत्वहेतुत्वं पौद्गलिकत्वं च सूत्रयति -

**पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हि जीविदो पुव्वं।**
**सो जीवो पाणा पुण पोग्गलदव्वेहिं णिव्वत्ता।।१४७।।**
**प्राणैश्चतुर्भिर्जीवति जीविष्यति यो हि जीवितः पूर्वम्।**
**स जीवः प्राणाः पुनः पुद्गलद्रव्यैर्निर्वृत्ताः।।१४७।।**

प्राणसामान्ये जीवति जीविष्यति जीवितवांश्च पूर्वमिति जीवः। एवमनादिसंतानप्रवर्तमानतया त्रिसमयावस्थत्वात्प्राणसामान्यं जीवस्य जीवत्वहेतुरस्त्येव। तथापि तन्न जीवस्य स्वभावत्वमवाप्नोति पुद्गलद्रव्यनिर्वृत्तत्वात्।।१४७।।

---

अथ त एव प्राणा भेदनयेन दशविधा भवन्तीत्यावेदयति -

**पंच वि इंदियपाणा मणवचिकाया य तिण्णि बलपाणा।**
**आणप्पाणप्पाणो आउगपाणेण होंति दसपाणा।।१२।।**

---

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.**

ચાર પ્રાણે પણ વ્યવહારે જીવશે. એવા જીવો અનાદિના છે ને ? અનંત જીવ એવા છે કે એ ચાર પ્રાણે ભવિષ્યમાં જીવશે જ. નિગોદમાં અનંતા પડ્યા છે, જુઓને ! ત્રસ પણ થવાના નથી. એવા જીવની વાત પહેલી લીધી હતી. જેમ નિશ્ચયથી ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવે એવું એનું જીવન (છે). એ પુદ્‌ગલના સંગે દૂષિત થયેલો પુદ્‌ગલના પ્રાણથી જીવે, જીવશે અને જીવે છે. જીવશે ! હજી તો પાછું એમ કહે છે. ભવિષ્યમાં પણ પુદ્‌ગલના સંગવાળો જીવ પુદ્‌ગલના જીવનથી જીવશે. આહા..હા...! પુદ્‌ગલ (છે એમ કરીને) વાત કાઢી નાખે (એમ નહિ), સાંભળ તો ખરો ! આવા જીવો છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

‘**(વ્યુત્પત્તિ પ્રમાણે) પ્રાણસામાન્યથી જીવે છે,...**’ વ્યુત્પત્તિ કરે છે. જીવવું એટલે જીવે છે. ‘**જીવશે...**’ (એટલે) ભવિષ્ય. ‘**અને પૂર્વે જીવતો હતો,...**’ આ..હા..હા...! પાંચ ઇન્દ્રિય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इन्द्रियप्राणः पञ्चविधः, त्रिधा बलप्राणः, पुनश्चैक आनपानप्राणः, आयुःप्राणश्चेति भेदेन दश प्राणास्तेऽपि चिदानन्दैकस्वभावात्परमात्मानो निश्चयेन भिन्ना ज्ञातव्या इत्यभिप्रायः। ।।१२।। अथ प्राणशब्दव्युत्पत्या जीवस्य जीवत्वं प्राणानां पुद्‌गलस्वरूपत्वं च निरूपयति - **पाणेहिं चदुहिं जीवदि** यद्यपि निश्चयेन सत्ताचैतन्यसुखबोधादिशुद्धभावप्राणैर्जीवति तथापि व्यवहारेण वर्तमानकाले द्रव्यभावरूपैश्चचतुर्भिरशुद्धप्राणैर्जीवति **जीविस्सदि** जीविष्यति भाविकाले

---

હવે વ્યુત્પત્તિથી પ્રાણોને જીવત્વનું હેતુપણું તથા તેમનું પૌદ્‌ગલિકપણું સૂત્ર દ્વારા કહે છે (અર્થાત્ પ્રાણો જીવત્વના હેતુ છે એમ વ્યુત્પત્તિથી દર્શાવે છે તથા પ્રાણો પૌદ્‌ગલિક છે એમ કહે છે) :–

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.**

**અન્વયાર્થ :–** **[यः हि]** જે **[चतुर्भिः प्राणैः]** ચાર પ્રાણોથી **[जीवति]** જીવે છે, **[जीविष्यति]** જીવશે **[जीवितः पूर्वं]** અને પૂર્વે જીવતો હતો, **[सः जीवः]** તે જીવ છે. **[पुनः]** આમ છતાં **[प्राणाः]** પ્રાણો તો **[पुद्‌गलद्रव्यैः निर्वृत्ताः]** પુદ્‌ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે.

---

મન, વચન ને કાયા, શ્વાસ અને આયુષ્ય, એનાથી એ પૂર્વે જીવ્યો, વર્તમાન જીવે છે, ભવિષ્યમાં જીવશે એમ કરીને વાત (કરી છે). મોક્ષ જાશે એની વાત નહિ, ઈ પછી. આહા..હા...! અહીં તો જીવવું વ્યુત્પત્તિથી સિદ્ધ કરવું છે ને ? જીવે છે, જીવ્યો છે, જીવશે. ચાર પ્રાણથી, હોં ! મલિન પ્રાણ, પુદ્‌ગલ પ્રાણથી ! આ..હા..હા...! કેટલાક તો પુદ્‌ગલપ્રાણ તોડી નાખશે. એ વાત પછી અંદર પેટામાં રહી, પણ આવું જીવતરનું વ્યવહાર જીવતર સિદ્ધ કરવું છે તો આ પ્રમાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

નિશ્ચય જીવતર(થી) જીવવું એવું સિદ્ધ કરવું હોય ત્યારે એકલા આનંદના પ્રાણ, જ્ઞાનપ્રાણથી ત્રિકાળ દ્રવ્યસ્વભાવથી જીવે છે. હવે અહીંયાં અશુદ્ધ ભાવપ્રાણ પાછા પુદ્‌ગલના લેવા છે. ઓ..હો...! જીવની વ્યુત્પત્તિ કરવી છે ને ? તેથી કહે છે કે, જીવ્યો હતો પ્રાણથી, જીવે છે પ્રાણથી, જીવશે પ્રાણથી, પુદ્‌ગલના સંગથી. ભાઈ ! વ્યવહારપ્રાણવાળો જીવશે એની વ્યુત્પત્તિ કરી.

**'એ રીતે (પ્રાણસામાન્ય) અનાદિ સંતાનરૂપે...'** આ..હા..હા...! અનાદિ **'(પ્રવાહરૂપે)...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जो हि जीविदो** यो हि स्फुटं जीवितः **पुव्वं** पूर्वकाले **सो जीवो** स जीवो भवति। **ते पाणा** ते पूर्वोक्ताः प्राणाः **पोग्गलदव्वेहिं णिव्वत्ता** उदयागतपूद्गलकर्मणा निर्वृत्ता निष्पन्ना इति। तत एव कारणात्पुद्गलद्रव्यविपरीतादनन्तज्ञानदर्शनसुखवीर्याद्यनन्तगुणस्वभावात्परमात्मतत्त्वाद्भिन्ना भावयितव्या इति भावः।।१४७।।

---

**ટીકા :–** (વ્યુત્પત્તિ પ્રમાણે) પ્રાણસામાન્યથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. એ રીતે (પ્રાણસામાન્ય) અનાદિ સંતાનરૂપે (–પ્રવાહરૂપે) પ્રવર્તતા હોવાને લીધે (સંસારદશામાં) ત્રણ કાળ ટકતા હોવાથી પ્રાણસામાન્ય જીવને જીવત્વના હેતુ છે જ. તથાપિ તે (પ્રાણસામાન્ય) જીવનો સ્વભાવ નથી કારણ કે પુદ્‌ગલદ્રવ્યથી નીપજેલા – રચાયેલા છે.

**ભાવાર્થ :–** જોકે નિશ્ચયથી જીવ સદાય ભાવપ્રાણથી જીવે છે, તોપણ સંસારદશામાં વ્યવહારથી તેને વ્યવહારજીવત્વના કારણભૂત ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવતો કહેવામાં આવે છે. આમ છતાં તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી કારણ કે તેઓ પુદ્‌ગલદ્રવ્યથી બનેલા છે. ૧૪૭.

---

સંતાન – દીકરાઓ ને દીકરીઓ, દીકરાઓ ને દીકરીઓ... સંતાન થાય ને ? (એમ) અહીં અનાદિ સંતાન વડે '**પ્રવર્તતા હોવાને લીધે (સંસારદશામાં) ત્રણે કાળ ટકતા હોવાથી...**' પુદ્‌ગલના સંગના સંબંધવાળા જીવો ત્રણે કાળે છે, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**(પ્રાણસામાન્ય) અનાદિ સંતાનરૂપે (પ્રવાહરૂપે) પ્રવર્તતા હોવાને લીધે (સંસારદશામાં) ત્રણે કાળ ટકતા હોવાથી...**' આહા..હા...! પ્રાણ નાશ કરશે એની વાત અહીં લેવી નથી. અહીં તો જીવતર – બાહ્ય દ્રવ્યપ્રાણથી જીવે, જીવશે, જીવે છે એટલું લેવું છે એટલે એને ત્રિકાળમાં લઈ લીધું. સમજાણું કાંઈ ? એનાથી ન જીવે એ વાત પેટામાં રહી ગઈ, પણ એનાથી જીવે છે એ તો ત્રણે કાળ એ રીતે જીવશે એમ સિદ્ધ કરવું છે. આ..હા..હા...!

'**ત્રણે કાળ ટકતા હોવાથી પ્રાણસામાન્ય જીવને જીવત્વના હેતુ છે જ.**' '**જીવને જીવત્વના હેતુ છે જ.**' એમ ચાર (પ્રાણ) – ઇન્દ્રિય, બળ, શ્વાસ અને આયુષ્ય. એકેન્દ્રિયને એક ઇન્દ્રિય છે પણ ઇન્દ્રિય પ્રાણ છે ને ? બે છે – ઇન્દ્રિયપ્રાણમાં ઈ આવી ગયું. પછી કોઈને એક, કોઈને બે, કોઈને ત્રણ, કોઈને ચાર અને કોઈને પાંચ (હોય). આહા..હા...! એ ચાર પ્રાણથી ટકી રહ્યો છે, ટકશે અને ટકતો આવ્યો છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભવિને જ્યારે સિદ્ધ કરવો હોય ત્યારે એમ થાય કે, એ તો સંસાર હતો, છે અને રહેશે એ તો એક વ્યક્તિગત અભવિની (વાત થઈ) પણ અહીં તો સામાન્ય વ્યક્તિગતની વાત લેવી છે. ભાવપ્રાણ સંસારના, હોં ! રખડવાના ! દ્રવ્યપ્રાણ ! દ્રવ્યપ્રાણ છે તેના અશુદ્ધ ભાવપ્રાણ પણ છે ને ? જેમ પાંચ ઇન્દ્રિય જડ છે તો અંદર ઉઘાડભાવની ભાવઇન્દ્રિય ચૈતન્ય છે. એ પણ પ્રાણ છે, એ અશુદ્ધ ભાવપ્રાણ છે. જડ છે ઈ પુદ્‌ગલિક ભાવપ્રાણ છે અને અંદર ત્રિકાળી છે એ શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણ છે. સમજાણું કાંઈ ?

અરે...! કહે છે કે, આવા ભાવપ્રાણથી જેનું વ્યવહારુ જીવન જીવતો આવ્યો, જીવે (છે) અને જીવશે. અરે...! હવે એનાથી જુદું પાડ, બાપુ ! એમ કહે છે. પહેલાં આવી ગયું ને ? કે, આમ બતાવીએ છીએ એનો હેતુ કે, તું જુદું પાડ, ભાઈ ! એ પુદ્‌ગલપ્રાણ તારા નહિ અને પુદ્‌ગલના નિમિત્તના સંગમાં અશુદ્ધ ભાવપ્રાણ (છે) એ તારા નહિ. સમજાણું ? પાંચ ઇન્દ્રિય, મન, વચન અને શ્વાસ એ તો બધા જડ છે અને એની યોગ્યતાવાળા જે અહીં પાંચ ઇન્દ્રિય, બળ, શ્વાસની ક્રિયાવાળી યોગ્યતા અને આયુષ્યમાં ટકવાવાળી યોગ્યતા છે ને ? આહા..હા...! (એ) પોતાની છે. એનાથી જીવ્યો, જીવે છે અને જીવશે માટે તેને ભિન્ન પાડ એમ કહે છે. જ્યાં સુધી એની દૃષ્ટિ ત્યાં રહેશે ત્યાં સુધી તો એ રીતે જ જીવશે. આ..હા..હા...!

મુમુક્ષુ :– જીવો અને જીવવા દ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ જીવન જીવન છે ? ભગવાનનો તો આદેશ વીતરાગતા બતાવવાનો છે. વીતરાગતાથી જીવ અને વીતરાગતાથી જીવવા દે. એ તો એને કારણે જીવે, એમાં તારે ક્યાં જીવાડવાનો (છે) ? આ..હા...!

આ બતાવીને પણ વીતરાગતા બતાવવી છે ને ? આ બતાવીને સાર તો વીતરાગતા બતાવવી છે ને ? કોઈ પણ શાસ્ત્રનો શબ્દ (હોય) કે વિસ્તાર (હોય) પણ એનું તાત્પર્ય શું ? આહા..હા...! એનું તાત્પર્ય તો એનાથી ભિન્ન પાડ અને વીતરાગતા પ્રગટ કર એ એનું તાત્પર્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ..હા..હા..હા...!

ચાર કૂતરા (બકરીના) આમ જીવતા કટકા કરતા હતા ત્યારે કોઈએ કર્યા ? બકરી મોટી હતી. શું હશે ? પકડાઈ ગઈ કે કેમ થયું હશે ? હમણાં અહીંયાં દિશાએ જઈને આવતો હતો ને ? પેલું મકાન નથી ? કસરત કરવાનું ! એની પાસે પડી હતી. ચાર મોટા (કૂતરા) ! તોડી તોડીને માંસ ખાય ! આ..હા..હા...! ઈ માંસની તૂટવાની પીડા નથી, એકત્વબુદ્ધિની પીડા છે.

મુમુક્ષુ :– ત્યાંથી ભગાડ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગાડ્યા પણ એ તો મરી ગઈ ને ! બધા ટુકડા પડ્યા (હતા).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ કંઈ બચે એવું નહોતું. ચાર મોટા કૂતરા ! મૂળ તો અસાધ્ય થઈ ગઈ હશે, મરી ગઈ હશે. મરી ગઈ ને ? મરી જાય ને ઈ તો, હતું, દેખાતું હતું. દુઃખની પરાકાષ્ઠા થઈ જાય ત્યારે અસાધ્ય થઈ જાય. પછી એના ટુકડા કરે છે એનું કંઈ એને વ્યક્ત વેદનમાં ખ્યાલ નથી. આહા..હા...! આ કસાઈ લોકો નહિ ? બકરાને (કાપે છે). 'રાજકોટ'માં જોતા ને ? દિશાએ જતા ત્યારે રસ્તામાં આવે છે. શું કહેવાય ઈ ? ખાટકી... ખાટકી ! એક ફેરી અમે જતા હતા ત્યારે બકરું રોતું હશે, પછી બીજો કો'ક માણસ નીકળ્યો હશે ઈ કહે, રહેવા દે ! એ તો એની મશ્કરી કરતો હતો, (ત્યાંથી) નીકળ્યો (એટલે કહ્યું), આવું રહેવા દે. પણ ઈ એને કાપવા માટે લઈ જતો હતો. (બકરાના) પગ (બંધાઈ) ગયા હોય, ત્રાસ થઈ જાય ને ? કાપવા માટે લઈ જતો હતો. આ..હા...! એના કાપનાર પણ બીજા હોય છે, હોં ! રાખ્યા હોય, ઈ કાપે. ઈ કાપવાની ક્રિયા દુઃખરૂપ નથી. દુઃખરૂપ તો તેનો પોતામાં દ્વેષ છે એને એનું દુઃખ છે.

મુમુક્ષુ :– પોતાને રુચતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રુચતું નથી, ગોઠતું નથી એનું દુઃખ છે. આહા..હા...! એ તરફડિયાં મારીને પછી (મરી જાય). અંદરથી પછી કંઈક થતું હશે. આ..હા..હા...! આનંદનો નાથ ક્યાં ઘેરાઈ ગયો છે ! એનું મૂળ સ્વરૂપ તો આનંદનો કંદ છે. એને પરિણામને ત્યાં જોડતા આનંદ આવે એવું છે, ઈ સુખ છે અને એ પરિણામને આંહી (–બહારમાં) જોડતાં દુઃખ થાય એવી એ ચીજ છે. આહા..હા...!

મુમુક્ષુ :– સમકિત સાથે સગાઈ થઈ ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, સમકિત સાથે સગાઈ થઈ. 'સપરિવાર શું ગાઢી' એવું 'આનંદઘનજી'માં આવે છે. પોતાના જે પરિણામ છે એણે અનંતા ગુણનો દરિયો ભગવાન (છે) એની સાથે સગાઈ કરી, સંબંધ કર્યો ! માણસ નથી કહેતાં ? આ છોડીનો આની સાથે હમણાં સંબંધ કર્યો, આજે ફલાણું કર્યું, કહે છે ને ? એમ આ સમ્યગ્દર્શનના પર્યાય દ્વારા ત્રિકાળ (સ્વભાવ) સાથે સંબંધ કર્યો. જે પરિણામનો રાગ અને પર સાથે સંબંધ હતો એ તોડી એ નાસ્તિથી વાત છે, પણ જોડ્યું એ અસ્તિથી છે. આ..હા..હા...! આ કરવાનું છે. બધું સાંભળીને અને બધું કરીને કરવાનું તો આ છે. આહા..હા...! બાકી બધું સૌને ઠેકાણે રહેશે, જ્યાં છે ત્યાં. ભાઈ ! આ..હા..હા...!

જેણે જોડી એણે તોડી ! જેણે રાગની સાથે જોડી હતી એણે સ્વભાવ સાથે જોડીને એ વાત તોડી. આહા..હા...! અહીં એ કહે છે ને ? વિભક્ત કરવાનું કહ્યું ને ? આમાં પાઠ છે ને ? પાઠ છે ને ? 'અમૃતચંદ્રાચાર્ય'માં છે. 'જયસેનાચાર્યદેવ'માં તો હોય છે, (આ તો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'અમૃતચંદ્રાચાર્ય'માં (છે).

તારા પર્યાયને જ્યાં તેં આમ વાળી છે, જે ચીજ તારામાં નથી – એ દ્રવ્યપ્રાણ, જડપ્રાણ, અરે...! અશુદ્ધ પ્રાણમાં જે તેં જોડી છે એ દુઃખરૂપ છે. એ દુઃખ એનું ફળ છે, ત્યાંને ત્યાં, હોં ! અને તે પર્યાયને સ્વભાવમાં જોડતા જેનું આનંદ ફળ છે, જેનાથી તોડી તે જુદાં રહી ગયા, જેનાથી જોડી તેનો સંબંધ થઈ ગયો. આ..હા..હા...! આવું સ્વરૂપ છે ! એ અહીં કહે છે, એ '**પુદ્‌ગલદ્રવ્યથી નીપજેલા – રચાયેલા છે.**'

**ભાવાર્થ :– 'જોકે નિશ્ચયથી જીવ સદાય ભાવપ્રાણથી જીવે છે, તોપણ સંસારદશામાં વ્યવહારથી તેને વ્યવહારજીવત્વના કારણભૂત ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવતો કહેવામાં આવે છે. આમ છતાં તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી...**' આ..હા..હા...! આ ઇન્દ્રિયો હોય, શ્વાસ ઠીક લેવાતો હોય, મન-વચન અને કાયા (બરાબર હોય તો એમાં) એ ખુશી થાય. ભ્રમણા છે, કહે છે. આ..હા..હા...! મન-વચન અને કાયના પ્રાણ, બળપ્રાણની શક્તિથી રાજી થવું એ તો દુઃખદાયક દૃષ્ટિ છે. પોતાનો ભગવાનઆત્મા ! અનાકુળ શાંતિ ને આનંદ ને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ મોજૂદ ચીજ પડી છે, કહે છે. આ..હા..હા...! મોજૂદ પડી છે ! એને પકડ (તો) આ દ્રવ્યપ્રાણ છૂટી જશે, દ્રવ્યપ્રાણ રહેશે નહિ. થોડો કાળ રહેશે પણ એ જ્ઞેય તરીકે રહેશે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ તો આવી અંતરની વાત છે, બાપા ! બહારથી રાજી રાજી થઈ જાય, ભાષણ કર્યા ને ખુશી ખુશી બતાવે ને કેટલા માણસને સમજાવ્યા !

(એક છાપામાં) આવ્યું છે કે, (એક મુનિની) વક્તૃત્વશક્તિ ઘણી છે. તેથી એ જરી અભિમાનમાં આવી ગયા છે, પણ એ વક્તૃત્વશક્તિનું શું ફળ છે ? એ તો સ્થાનકવાસીએ લખ્યું છે. પાપની પરંપરાની પુષ્ટિ કરવા જાય છે, ત્યાં સંયમનો કોઈ અંશ રહેશે નહિ. શ્રદ્ધા-જ્ઞાનની વાત તો એ લોકોમાં છે જ નહિ, વિષય જ (નથી), બહારની વાતું (કરે). પરને સમજાવું ને પરને માટે (કરું) એ તારી શ્રદ્ધા જ જૂઠી છે. વીતરાગતા જેનું તાત્પર્ય છે, એ વીતરાગતામાં પરને સમજાવું અને પર સમજે એ વાત આવે છે ક્યાં ? એ તો રાગમાં આવે છે. આહા..હા...! મૂળ વસ્તુ જે છે એની લોકોને કિંમત નથી.

જુઓને ! પેલું કાલે લખ્યું નથી ? 'જૈનપ્રકાશ'માં ! કો'ક તો કહે પેલામાં... શું કહેવાય ? રેડિયો ! આકાશ(વાણી) ! એમ કો'ક કહેતું હતું કે, આકાશવાણીમાં આવ્યું હતું ઈ આમાં નાખ્યું છે. અરે...! 'બૌદ્ધ'ને કેવળજ્ઞાન થયું છે અને એ મોક્ષે ગયા છે, ભગવાનને કેવળજ્ઞાન થયું ને મોક્ષ ગયા. અર..ર..ર...! આ કહેનારા તો જુઓ ! ક્યાં ગૃહીત મિથ્યાદૃષ્ટિ (અને ક્યાં કેવળજ્ઞાન) ! વૈરાગ્ય થઈને ઉદાસ થયા તેથી શું થયું ? પરની ઉદાસીનતા તેં અનંતવાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી છે. અસ્તિ તત્ત્વ કેટલું, કેવડું છે એની પ્રતીત (ને) ભાન વિના તારી પરની ઉદાસીનતા શું કામ આવે ? વૈરાગી માણસ હતો પણ અહીં અંતર ચીજ શું છે ? કેટલામાં, કેવડી, કેટલી ? ત્રિકાળ રહેનારી (છે). તો કહે, ના. નિત્ય જ નથી. એનું આપણે નક્કી કરવું જોઈએ. આપણે તો દુઃખ છે એને મૂકવું, બસ ! પણ દુઃખ છે અને મૂકવું (છે તો) કોને આશ્રયે (મુકાશે) ? કોઈ કાયમી ચીજ હોય એમાં ટકે તો પેલી (અવસ્થા) ટળે (અને) કાયમી ચીજની તો ખબર ન મળે. આહા..હા...! ક્યાં ભગવાન કેવળજ્ઞાની ! અને ક્યાં બૌદ્ધ !! અરે...! ગજબ કામ કરે છે !

મુમુક્ષુ :– લોકોને સાંભળવાની મજા આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મજા આવે ! અ..ર..ર..ર...! સાર્વજનિક કહે તો સારું લાગે ! ક્યાં આત્માનું કેવળજ્ઞાન ! અને ક્યાં આત્માનો ક્ષણિકવાદ !! આ..હા..હા...! બન્નેને સરખા માનીને બન્ને મોક્ષ ગયા છે, (એમ) કહે છે, લ્યો ! વળી પાછા બન્ને પ્રતિસ્પર્ધિ હતા એમ પણ લખે છે ! હા, લખ્યું છે ને ! નહોતું આવ્યું ? પ્રતિસ્પર્ધિ છે, કહો ! પ્રતિસ્પર્ધ વળી સરખા ! બન્નેનો ઉપદેશ સમાન ! શું કહે છે આ તે કાંઈ ? એના વાડાની રીતની પણ એને ખબર નથી.

મુમુક્ષુ :– પોતે મૂરખ છે અને લોકોને મૂરખ બનાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અ..ર..ર..ર...!

અહીં તો પરમાત્મા... આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય એટલે... કેવળજ્ઞાન થયા પછી એને પાછું વિચારવું પડે કે, આ બધા માણસોને માટે રોટલાને માટે એકાંતમાં રહેવું. કેવળજ્ઞાનીને એવી રીતે (વિચાર આવે) !! શું પણ... શબ્દે શબ્દે કાળા કેર કર્યા છે ! અરે..રે...! આવી વાત સાંભળતા પણ લોકોને શું નુકસાન થાય છે એની ખબર નથી. આહા..હા...!

અહીં ભગવાન કહે છે... આ..હા..હા...! એ '**દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી...**' આ..હા..હા...! શુદ્ધ પર્યાય છે એમાં આ દ્રવ્યપ્રાણ છે જ નહિ. આ..હા..હા...! દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એની દૃષ્ટિ થતાં જે પર્યાય શુદ્ધ થઈ એમાં દ્રવ્યપ્રાણ છે જ નહિ. એ પુદ્‌ગલપ્રાણ તો નથી પણ જે અશુદ્ધ યોગ્યતાના ભાવપ્રાણ (છે) એ પણ નથી. આ..હા..હા...! અહીં પુદ્‌ગલના પ્રાણને જુદા કરવા (એમ) કહ્યું ને ? એનો અર્થ જ એ થયો કે, એનાથી જુદું પડે એટલે એના તરફની યોગ્યતાના દસ પ્રાણ છે એનાથી પણ જુદો પડ્યો. એ તો પેલામાં આવ્યું ને ? ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં ! અન્યના દ્રવ્ય-ભાવથી જુદો... અન્યના દ્રવ્ય-ભાવ, હોં ! (અન્યના એટલે) પુદ્‌ગલના, કર્મના. એનું લક્ષ છોડી દે. ત્યાં રાગનું લક્ષ છોડી દે એમ નથી કહ્યું. પણ ઈ પરનું લક્ષ છોડી દે તો એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्राणानां पौद्गलिकत्वं साधयति -

**जीवो पाणणिबद्धो बद्धो मोहादिएहिं कम्मेहिं।**
**उवभुंजं कम्मफलं बज्झदि अण्णेहिं कम्मेहिं।।१४८।।**
**जीवः प्राणनिबद्धो बद्धो मोहादिकैः कर्मभिः**
**उपभुंजानः कर्मफलं बध्यतेऽन्यै कर्मभिः।।१४८।।**

यतो मोहादिभिः पौद्गलिककर्मभिर्बद्धत्वाज्जीवः प्राणनिबद्धो भवति, यतश्च प्राणनिबद्धत्वात्पौद्गलिककर्मफलमुपभुञ्जानः पुनरप्यन्यैः पौद्गलिककर्मभिर्बध्यते, ततः पौद्गलिककर्मकार्यत्वात्पौद्गलिककर्मकारणत्वाच्च पौद्गलिका एव प्राणा निश्चीयन्ते।।१४८।।

---

अथ प्राणानां यत्पूर्वसूत्रोदितं पौद्गलिकत्वं तदेव दर्शयति - **जीवो पाणणिबद्धो** जीवः कर्ता चतुर्भिः प्राणैर्निबद्धः संबद्धो भवति। कथंभूतः सन्। **बद्धो** शुद्धात्मोपलम्भलक्षणमोक्षद्विलक्षणैर्बद्धः।

---

હવે પ્રાણોનું પૌદ્ગલિકપણું સિદ્ધ કરે છે :–

**મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,**
**જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.**

---

તો એમાં રાગનું લક્ષ પણ છૂટી જાય છે. સમજાણું કાંઈ ? એમ અહીં જડપ્રાણથી જુદા કીધાં, પણ પેલા ભાવપ્રાણની યોગ્યતા છે ને ? એ જડથી જુદું પાડતા એ (ભાવપ્રાણની યોગ્યતા) પણ છૂટી જાય છે.

આ..હા..હા...! ચૈતન્યભાવ આનંદસ્વરૂપ ભગવાન ! એનો જ્યાં આશ્રય લીધો, મોટાને પડખે ચડ્યો... આહા..હા...! રાગ અને પર્યાયને પડખે હતો (એ) પ્રભુને પડખે ચડ્યો.... આ..હા..હા...! તો અશુદ્ધ ભાવપ્રાણ અને પુદ્ગલ (પ્રાણ) બન્ને છૂટી જાય છે. સમજાણું કાંઈ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कैर्बद्धः। **मोहादिएहिं कम्मेहिं** मोहनीयादिकर्मभिर्बद्धस्ततो ज्ञायते मोहादिकर्मभिर्बद्धः सन् प्राणनिबद्धो भवति, न च कर्मबन्धरहित इति। तत एव ज्ञायते प्राणाः पुद्गलकर्मोदयजनिता इति। तथाविधः सन् किं करोति। **उवभुंजदि कम्मफलं** परमसमाधि-समुत्पन्ननित्यानन्दैकलक्षणसुखामृतभोजनमलभमानः सन् कटुकविषसमानमपि कर्मफलमुपभुङ्क्ते। **बज्झदि अण्णेहिं कम्मेहिं** तत्कर्मफलमुपभुञ्जानः सन्नयं जीवः कर्मरहितात्मनो विसदृशैरन्य-कर्मभिर्नवतरकर्मभिर्बध्यते। यतः कारणात्कर्मफलं भुञ्जानो नवतर कर्माणि बध्नाति, ततो ज्ञायते प्राणा नवतरपुद्गलकर्मणां कारणभूता इति।।१४८।।

---

**અન્વયાર્થ :–** **[मोहादिकैः कर्मभिः]** મોહાદિક કર્મો વડે **[बद्धः]** બંધાયો હોવાને લીધે **[जीवः]** જીવ **[प्राणनिबद्धः]** પ્રાણોથી સંયુક્ત થયો થકો **[कर्मफलम् उपभुंजानः]** કર્મફળને ભોગવતાં **[अन्यैः कर्मभिः]** અન્ય કર્મો વડે **[बध्यते]** બંધાય છે.

**ટીકા :–** (૧) મોહાદિક પૌદ્‌ગલિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી સંયુક્ત થાય છે અને (૨) પ્રાણોથી સંયુક્ત થવાને લીધે પૌદ્‌ગલિક કર્મફળને (મોહી-રાગી-દ્વેષી જીવ મોહ-રાગ-દ્વેષપૂર્વક) ભોગવતો થકો ફરીને પણ અન્ય પૌદ્‌ગલિક કર્મો વડે બંધાય છે, તેથી (૧) પૌદ્‌ગલિક કર્મનાં કાર્ય હોવાને લીધે અને (૨) પૌદ્‌ગલિક કર્મનાં કારણ હોવાને લીધે પ્રાણો પૌદ્‌ગલિક જ નિશ્ચિત (નક્કી) થાય છે. ૧૪૮.

---

'**હવે પ્રાણોનું પૌદ્‌ગલિકપણું સિદ્ધ કરે છે :–**' ૧૪૮ (ગાથા).

**जीवो पाणणिबद्धो बद्धो मोहादिएहिं कम्मेहिं।**
**उवभुंजं कम्मफलं बज्झदि अण्णेहिं कम्मेहिं।।१४८।।**

**મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,**
**જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.**

આ..હા..હા...! '(૧) **મોહાદિક પૌદ્‌ગલિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સંયુક્ત થાય છે...**' મોહ આદિક પુદ્‌ગલિક કર્મ વડે બંધાયો થકો '**જીવ પ્રાણોથી સંયુક્ત થાય છે...**' પ્રાણ એને મળે છે. '**અને (૨) પ્રાણોથી સંયુક્ત થવાને લીધે પૌદ્‌ગલિક કર્મફળને (મોહી-રાગી-દ્વેષી જીવ મોહ-રાગ-દ્વેષપૂર્વક) ભોગવતો થકો...**' આહા..હા...! છે ને ? ('જયસેનાચાર્યદેવ'ની) સંસ્કૃત (ટીકામાં) છે. '**परमसमाधिसमुत्पन्ननित्यानन्दैकलक्षण-सुखामृतभोजनमलभमानः**'આ..હા..હા...! '**परमसमाधिसमुत्पन्ननित्यानन्दैकलक्षण-सुखामृतभोजनमलभमानः**' આહા..હા...! અતીન્દ્રિય આનંદના ભોજનને નહિ પામતો થકો. આ..હા..હા...! સંસ્કૃતમાં છે. (મૂળ પાઠમાં) '**कम्मफलं**' '**कम्मफलं**' '**कटुकविषसमानमपि कर्मफलमुपभुङ्क्ते।**' આહા..હા...! એ રાગ-દ્વેષના ઝેરના ફળને ભોગવે. આ..હા..હા...!

પૌદ્‌ગલિક કર્મને એટલે રાગ-દ્વેષપૂર્વક '**ભોગવતો થકો ફરીને પણ...**' કારણ કે પૌદ્‌ગલિક કર્મના લક્ષે મોહ ને રાગ-દ્વેષ થાય અને એનાથી વળી નવા કર્મ બંધાય, જેનાથી વળી નવા પ્રાણ મળે. આહા..હા...! માર્ગ બહુ (ઝીણો). અંતરનો આશ્રય કરવો ઈ અલૌકિક માર્ગ છે ! બધી વાતું મૂકી દઈને જ્યાં પૂર્ણાનંદનો નાથ બિરાજે છે એનો આશ્રય લેતાં એને રાગ-દ્વેષ-મોહનું ફળ ભોગવવું પડતું નથી અને એનો આશ્રય જ્યાં નથી અને પ્રાણનો જેણે સંગ કર્યો એણે મોહાદિથી પ્રાણનો સંગ કર્યો, એનાથી નવા કર્મ બંધાણા અને એ કર્મના ફળ તે કાળે રાગ-દ્વેષના ફળને, વીતરાગભાવના સ્વભાવથી વિપરીત એવા રાગ-દ્વેષના ભાવને ભોગવે છે, એ ઝેરના પ્યાલા પીવે છે. આ..હા..હા..હા...! આ પ્રાણ તરફની અનુકૂળતાનો ભોગવટો એ ઝેરનો પ્યાલો છે, કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**ફરીને પણ અન્ય પૌદ્‌ગલિક કર્મો વડે બંધાય છે,...**' પાછા એ હરખ ને શોકના વેદનથી નવાં કર્મ બાંધે છે. આહા..હા...! '**તેથી (૧) પૌદ્‌ગલિક કર્મનાં કાર્ય હોવાને લીધે...**' તેથી પૌદ્‌ગલિક કર્મનું કાર્ય છે. '**અને (૨) પૌદ્‌ગલિક કર્મનાં કારણ હોવાને લીધે...**' પૌદ્‌ગલિક કેમ કહે છે ? ચાર પ્રાણ એટલે પાંચ ઇન્દ્રિયાદિ જડ કેમ ? કે, પૌદ્‌ગલિક કર્મનું કાર્ય હોવાને લીધે અને પૌદ્‌ગલિક કર્મનું કારણ હોવાને લીધે '**પ્રાણો પૌદ્‌ગલિક જ નિશ્ચિત (નક્કી) થાય છે.**' પ્રાણ તે પુદ્‌ગલ છે, જડ છે એમ નક્કી થાય છે. આહા..હા...! ખરેખર તો અશુદ્ધ ભાવપ્રાણ પણ જડ છે. જેમ રાગ અચેતન છે ને ? એમ પાંચ ઇન્દ્રિય આદિ ખરેખર તો અચેતન છે. આહા..હા...! ચેતન તો આમ ત્રિકાળી સ્વભાવ (છે) તે છે. ભાવઇન્દ્રિયને પર કીધી ને પર ? ચેતનદ્રવ્યથી પર કીધી. એ કંઈ એનું મૂળ સ્વરૂપ નથી. આહા..હા...! એથી કહે છે કે, પૌદ્‌ગલિક કર્મનું કાર્ય... કોણ ? પ્રાણ ! અને પૌદ્‌ગલિક કર્મનું કારણ. નવા પૌદ્‌ગલિક કર્મનું કારણ થાય છે. '**પ્રાણો પૌદ્‌ગલિક જ નિશ્ચિત (નક્કી) થાય છે.**'

વિશેષ કહેશે...

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्राणानां पौद्गलिककर्मकारणत्वमुन्मीलयति -

**पाणाबाधं जीवो मोहपदेसेहिं कुणदि जीवाणं।**
**जदि सो हवदि हि बंधो णाणावरणादिकम्मेहिं।।१४९।।**
**प्राणाबाधं जीवो मोहप्रद्वेषाभ्यां करोति जीवयोः।**
**यदि स भवति हि बन्धो ज्ञानावरणादिकर्मभिः।।१४९।।**

प्राणैर्हि तावज्जीवः कर्मफलमुपभुंक्ते; तदुपभुञ्जानो मोहप्रद्वेषावाप्नोति; ताभ्यां स्वजीवपरजीवयोः प्राणाबाधं विदधाति। तदा कदाचित्परस्य द्रव्यप्राणानाबाध्य कदाचिदनाबाध्य स्वस्य भावप्राणानुपरक्तत्वेन बाधमानो ज्ञानावरणादिनि कर्माणि बध्नाति। एवं प्राणाः पौद्गलिककर्मकारणतामुपयान्ति।।१४९।।

---

अथ प्राणा नवतरपुद्गलकर्मबन्धस्य कारणं भवन्तीति पूर्वोक्तमेवार्थं विशेषेण समर्थयति - **पाणाबाधं** आयुरादिप्राणानां बाधां पीडां **कुणदि** करोति। स कः। **जीवो** जीवः। काभ्यां कृत्वा। **मोहपदेसेहिं** सकलविमलकेवलज्ञानप्रदीपेन मोहान्धकारविनाशकात्परमात्मनो विपरीताभ्यां मोहप्रदेषाभ्यां। केषां प्राणबाधां करोति। **जीवाणं** एकेन्द्रियप्रमुखजीवानाम्। **जदि** यदि चेत् **सो हवदि बंधो** तदा स्वात्मोपलम्भप्राप्तिरूपान्मोक्षद्विपरीतो मूलोत्तरप्रकृत्यादिभेदभिन्नः स परमागमप्रसिद्धो हि स्फुटं बन्धो भवति। कः कृत्वा। **णाणावरणादिकम्मेहिं** ज्ञानावरणादिकर्मभिरिति। ततो ज्ञायते प्राणाः पुद्गलकर्मबन्धकारणं भवन्तीति। अयमत्रार्थ :- यथा कोऽपि तप्तलोहपिण्डेन परं हन्तुकामः सन् पूर्वं तावदात्मानमेव हन्ति, पश्चादन्यघाते नियमो नास्ति, तथायमज्ञानी जीवोऽपि तप्तलोहपिण्डस्थानीयमोहादिपरिणामेन परिणतः सन् पूर्वं निर्विकारस्वसंवेदनज्ञानस्वरूपं स्वकीयशुद्धप्राणं हन्ति, पश्चादुत्तरकाले परप्राणघाते नियमो नास्तीति।।१४९।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે પ્રાણોને પૌદ્ગલિક કર્મનું કારણપણું (અર્થાત્ પ્રાણો પૌદ્ગલિક કર્મના કારણ કઈ રીતે છે તે) પ્રગટ કરે છે :–

**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.**

**અન્વયાર્થ :–** **[यदि]** જો **[जीवः]** જીવ **[मोहप्रद्वेषाभ्यां]** મોહ અને દ્વેષ વડે **[जीवयोः]** જીવોના (સ્વજીવના તથા પરજીવના) **[प्राणाबाधं करोति]** પ્રાણોને બાધા કરે છે, **[सः हि]** તો પૂર્વે કહેલો **[ज्ञानावरणादिकर्मभिः बन्धः]** જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ **[भवति]** થાય છે.

**ટીકા :–** પ્રથમ તો પ્રાણોથી જીવ કર્મફળને ભોગવે છે; તેને ભોગવતો થકો મોહ તથા દ્વેષને પામે છે; મોહ તથા દ્વેષથી સ્વજીવ અને પરજીવના પ્રાણોને બાધા કરે છે. ત્યાં, કદાચિત્ (–કોઈ વાર) પરના દ્રવ્યપ્રાણોને બાધા કરીને અને કદાચિત્ (પરના દ્રવ્યપ્રાણોને) બાધા નહિ કરીને, પોતાના ભાવપ્રાણોને તો ઉપરક્તપણા વડે (અવશ્ય) બાધા કરતો થકો, (જીવ) જ્ઞાનાવરણાદિ કર્મો બાંધે છે. આ પ્રમાણે પ્રાણો પૌદ્ગલિક કર્મોના કારણપણાને પામે છે. ૧૪૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જેઠ વદ ૧૨, શનિવાર તા. ૦૫-૦૭-૧૯૭૫**
**ગાથા – ૧૪૯, ૧૫૦, ૧૫૧**
**પ્રવચન નંબર–૧૫૯**

'પ્રવચનસાર', 'જ્ઞેય અધિકાર' ૧૪૯ (ગાથા). '**હવે પ્રાણોને પૌદ્‌ગલિક કર્મનું કારણપણું (અર્થાત્ પ્રાણો પૌદ્‌ગલિક કર્મના કારણ કઈ રીતે છે તે) પ્રગટ કરે છે :–**' કહે છે કે, આ જીવ જે છે એ નિશ્ચયથી તો શુદ્ધ આનંદ, જ્ઞાનાદિ પ્રાણથી સહિત છે. પણ અનાદિ કર્મના સંગે, પુદ્‌ગલના સંગે દોષિત થયેલો અને અશુદ્ધ દસ પ્રાણ હોય છે અને જડના દસ પ્રાણ હોય છે. બન્ને પ્રાણ પુદ્‌ગલના કારણે થયેલા છે અને એ પ્રાણ નવા પૌદ્‌ગલિક કર્મનું કારણ છે, એ કહે છે.

**पाणाबाधं जीवो मोहपदेसेहिं कुणदि जीवाणं।**
**जदि सो हवदि हि बंधो णाणावरणादिकम्मेहिं।।१४९।।**

**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.**

મોહ, રાગ-દ્વેષની વ્યાખ્યા કરતા ટીકાકાર કહે છે કે, '**सकलविमलकेवलज्ञानप्रदीपेन मोहान्धकारविनाशकात्परमात्मनो**' '**सकलविमलकेवलज्ञानप्रदीपेन**' જુઓ ! એનાથી '**मोहान्धकारविनाश**' એવો પરમાત્મા પોતે ! એનું સ્વરૂપ આવું છે, કહે છે. એનાથી વિપરીત મોહ અને પ્રદેશ છે. એવા મોહ અને દ્વેષથી '**પ્રથમ તો પ્રાણોથી જીવ...**' એ દસ પ્રાણ છે એ ખરેખર તો જ્ઞાનના જ્ઞેય છે. જ્ઞેય અધિકાર છે ને ? છતાં એ પ્રાણના સંબંધે જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મફળને ભોગવે છે, રાગ-દ્વેષને ભોગવે છે. પાંચ ઇન્દ્રિય, મન-વચન-કાયા, શ્વાસ અને આયુષ્ય એવા પ્રાણથી જીવ કર્મફળને ભોગવે છે. આનંદને ભોગવે છે એમ એમાં છે નહિ. આ..હા...! દુઃખને ભોગવે છે, કર્મફળ એ દુઃખ (છે).

'**પ્રાણોથી જીવ...**' આત્માથી જીવ – જે સ્વભાવ છે (તેના દ્વારા) તો આનંદને ભોગવે. ભગવાનઆત્મા ! શુદ્ધ ચિદાનંદસ્વરૂપ ! એના વડે તો આનંદને ભોગવે પણ પ્રાણ વડે તો રાગ-દ્વેષ અને મોહને ભોગવે. '**તેને ભોગવતો થકો...**' પાંચ ઇન્દ્રિયો અને મન-વચન-કાયા દ્વારા, તેના લક્ષે મોહ ને રાગ-દ્વેષને ભોગવે. '**ભોગવતો થકો મોહ તથા દ્વેષને પામે છે;...**' અહીં મોહ લીધો (એટલે કે) પર તરફની સાવધાની અને અણગમો – દ્વેષને પામે છે. પ્રાણીના જે આ પ્રાણ છે એને કારણે ભોગવતા વિકાર ભોગવે છે અને એ વિકાર ભોગવતા તે મોહ અને દ્વેષને પામે છે.

'**મોહ તથા દ્વેષથી સ્વજીવ અને પરજીવના પ્રાણોને બાધા કરે છે.**' મિથ્યાભાવથી અને દ્વેષથી પોતાના જીવના પ્રાણને ઘાત કરે છે, '**निर्विकारस्वसंवेदनज्ञानस्वरूपं स्वकीयशुद्धप्राणं हन्ति**' ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકાની) છેલ્લી લીટી છે. ભગવાનઆત્માનું નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાન ! એવું જે સ્વરૂપ (છે) તે '**स्वकीयशुद्धप्राणं**' એ પોતાના શુદ્ધ પ્રાણ છે. નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ એવા જીવના શુદ્ધ પ્રાણ છે એને મોહ અને દ્વેષથી હણે છે. સ્વના (પ્રાણને હણે છે). છેલ્લી લીટી છે. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે). બાધા = પીડા; ઉપદ્રવ; ઈજા; વિઘ્ન કરે છે. પોતાના આત્માને પર પ્રાણના ઘાતથી કર્મફળને ભોગવતા મોહ, રાગ-દ્વેષને પામતા પોતાના શુદ્ધ ચૈતન્યભાવપ્રાણને બાધા કરે છે. આહા..હા...!

'**ત્યાં, કદાચિત્ (–કોઈ વાર) પરના દ્રવ્યપ્રાણોને બાધા કરીને અને કદાચિત્ (પરના દ્રવ્યપ્રાણોને) બાધા નહિ કરીને, પોતાના ભાવપ્રાણોને તો ઉપરક્તપણા વડે (અવશ્ય) બાધા કરતો થકો,...**' (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં ઉપરક્તનો અર્થ આપ્યો છે). ઉપરક્ત = 'મલિનપણું; વિકારીપણું; મોહાદિપરિણામે પરિણમવું તે. (જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઇચ્છતો થકો...' લોખંડનો તપેલો ગોળો હાથમાં લીધો (તો) પહેલો પોતે બળે છે. પછી વળી બીજાને ઈજા થાય ન થાય એ જુદી (વાત છે). '(–પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય–નિયમ નથી; તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન મોહાદિપરિણામે પરિણમતો થકો...' પરમાં સુખબુદ્ધિ અને રાગ-દ્વેષે પરિણમતો થકો 'પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ...' આવ્યું લ્યો ! 'નિજ શુદ્ધ ભાવપ્રાણને જ ઈજા કરે છે,...' મોહ અને દ્વેષથી પોતાના શુદ્ધ નિર્વિકારી સ્વસંવેદન આનંદના પ્રાણને એ વિઘ્ન કરે છે. આહા..હા...! ભાવમરણ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધ જ્ઞાન અને આનંદના જેના પ્રાણ છે, જેનું – જીવનું જીવન જ એ સ્વરૂપે છે એને ન માનતા, ન જાણતા પ્રાણોના કારણે જે ભોગ અને રાગ-દ્વેષને ભોગવે છે એ મોહ અને દ્વેષને પામતા સ્વકીય ચૈતન્યના આનંદપ્રાણને ઈજા કરે છે, પીડા કરે છે, ઉપદ્રવ કરે છે, વિઘ્ન કરે છે. આહા..હા...! પછી પરના દ્રવ્યપ્રાણની ઈજા થાય કે ન થાય એવો કાંઈ નિયમ નથી. પણ જેણે પર પ્રાણના ભોગવટામાં રાગ-દ્વેષને કારણે મોહ અને દ્વેષ થયો એ પોતાની શાંતિના પ્રાણને તો હણે છે. આહા..હા...! પોતાની હિંસા કરે છે.

અનાકુળ શાંત આનંદસ્વરૂપ પ્રભુ ! મોહ અને દ્વેષને પામતા એને ઈજા કરે છે. પોતાના વીતરાગી સ્વસંવેદન શાંતિના પ્રાણને એ ઈજા કરે છે. બીજાને ઈજા થાય ન થાય એ (પછીની) વાત છે. બીજાને ઈજા ન પણ થાય પણ આ મોહ અને દ્વેષને પામતો પોતાના જીવના પ્રાણને તો ઈજા કરે છે. આહા..હા...! પોતાના જીવની હિંસા કરે છે એમ કહે છે. આવું ઝીણું ભારે !

પ્રશ્ન :– ક્યારે કરે છે ?

સમાધાન :– અનાદિથી કરે છે. આ..હા..હા...!

પ્રાણ છે એ પર છે અને એના કારણથી ભોગવટામાં જે રાગ-દ્વેષ થાય એમાં મોહ અને દ્વેષને પામે અને મોહ, દ્વેષને પામતા પોતાની શાંતિના પ્રાણને ઈજા કરે છે. આ..હા..હા...! પરને ઈજા થાય ન થાય એની સાથે કંઈ (નિયમ નથી), ઇ તો વ્યવહાર (છે), હોય (અને) ન (પણ) હોય. આ તો પ્રાણની હિંસા કરે છે. આહા..હા...!

'**પોતાના ભાવપ્રાણોને...**' છે ? '**તો ઉપરક્તપણા વડે (અવશ્ય) બાધા કરતો થકો,...**' લ્યો ! '**કદાચિત્ (–કોઈ વાર) પરના દ્રવ્યપ્રાણોને બાધા કરીને અને કદાચિત્ (પરના દ્રવ્યપ્રાણોને) બાધા નહિ કરીને,...**' પરને (બાધા) ન પણ થાય. '**પોતાના ભાવપ્રાણોને તો...**' આહા..હા...! એટલે કે જે જ્ઞાતા-દ્રષ્ટા, આનંદ અને શુદ્ધ સ્વભાવ એવું જેનું જીવતર ટકતું તત્ત્વ છે એ ટકતા (તત્ત્વનો) મોહ અને રાગ-દ્વેષ નિષેધ કરે છે. આહા..હા...! એ જીવની – સ્વરૂપની હિંસા કરે છે.

આ પ્રમાણે '**જ્ઞાનાવરણાદિ કર્મો બાંધે...**' એવા ભાવથી નવા જ્ઞાનાવરણીય કર્મને (અને) નોકર્મને બાંધે. આ..હા...! '**આ પ્રમાણે પ્રાણો પૌદ્ગલિક કર્મોના કારણપણાને પામે છે.**' એ પ્રાણોની મમતા કરતાં એ પ્રાણો નવા કર્મના કારણ થાય છે એમ કહેવામાં આવે છે. પ્રાણ છે એ પૌદ્ગલિક કર્મથી થયેલા છે અને પ્રાણ છે તે એની મમતાથી નવા કર્મના પુદ્ગલને બાંધે છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ભાવહિંસા અને ભાવ જીવના પ્રાણનું શું એની કાંઈ દરકાર નથી. આ કરો... આ કરો... આ કરો... પર જીવને બચાવો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બચાવવાનો ભાવ જે છે એ જ પોતાના (ભાવ) પ્રાણને હણે છે. આ..હા..હા..હા...!

પ્રશ્ન :– છ કાયની રક્ષા કહેવાય છે ને ?

સમાધાન :– કોની રક્ષા કરે ? છ કાય(માં) પોતે છે કે નહિ ? (એ તો) વ્યવહારની ભાષા છે. છ કાયના રક્ષપાળ, છ કાયના ગોવાળ આવે છે ને ? લખે છે ને ? કાગળમાં લખે. ઈ કાગળમાં લખે. છ કાયના નામ પણ આમાં આવે છે, 'નિયમસાર'માં આવે છે. છ કાયની રક્ષા ! એ તો નિમિત્તની વાતું છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો એ લીધું ને ? કે, પરજીવની રક્ષા એટલે શું ? ત્યાં રક્ષા કરે છે ? સમિતિ, ગુપ્તિમાં એમ નથી પણ પર તરફના વલણના રાગ-દ્વેષને છોડે છે એથી પરકાયની રક્ષાનું નિમિત્ત કહેવામાં આવે છે. ઈ રક્ષા કરી શકે છે ? સમિતિ, ગુપ્તિમાં લીધું છે. રક્ષા કોણ કરે ? કોની કરે ? આહા..હા...! પોતાના પ્રાણ(ના) આ રજકણો છે એની રક્ષા કરી શકે નહિ, એ તો જડ છે. એના કારણે ભોગવતા વિકાર ને મોહ ને દ્વેષને પામતા એ પ્રાણો નવા કર્મનું કારણ આ રીતે થાય છે.

મુમુક્ષુ :– મોહરૂપે પરિણમતાને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરિણમતાને. આહા..હા...! આવી વાતું !

મૂળ તો ભગવાનઆત્મા ! શુદ્ધ ભાવપ્રાણનો ધરનાર ચિદાનંદ સ્વરૂપ ! આ..હા..હા...! એનું વેદન થવું – સ્વસંવેદન પ્રાણ (છે) એ એનું જીવતરનું જીવવું કહેવાય છે. પર્યાયની વાત છે, હોં ! ત્રિકાળી જે જ્ઞાનાનંદ સ્વભાવ અસ્તિ ! વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ ! એની હયાતીનો સ્વીકાર કરીને જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય એ એનું જીવન છે. આ જડ પ્રાણથી જીવન (છે) એ એનું જીવન નથી. સમજાણું કાંઈ ?

એ પ્રાણો '**પૌદ્‌ગલિક કર્મોના કારણપણાને...**' એમ, આ રીતે. એની મમતા કરે છે એટલે પુદ્‌ગલ પ્રાણ એમાં નિમિત્ત થયા ને ? એથી એ પુદ્‌ગલ પ્રાણ નવા કર્મનું કારણ થાય છે. આ રીતે ! ખરેખર તો એ પ્રાણની મમતા છે તે કારણ થાય છે. પ્રાણ પ્રત્યેનો મમત્વભાવ (કારણ થાય છે). આહા..હા...! જે ચીજ એનામાં નથી, એની નથી. આ પ્રાણ છે એ તો માટી છે. પાંચ ઇન્દ્રિય, મન-વચન ને કાયા, લ્યો ! એ એનામાં નથી, એના નથી, એના માન્યા છે. એ ભ્રમ ચૈતન્ય ભાવપ્રાણને હણી નાખે છે. અજ્ઞાનભાવે આ હિંસા કરી શકે છે, પરની હિંસા કરી શકે (નહિ). આ..હા...!

પ્રાણોને કારણે પરની દયાનો ભાવ થયો, એ ભાવ પણ રાગ છે. એ પ્રાણના નિમિત્તથી રાગ (થયો) અને એ રાગ નવા કર્મનું કારણ (થાય છે). એથી પ્રાણ તે કર્મનું કારણ (છે) એમ કહેવામાં આવ્યું. આહા..હા...! અરે...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुद्गलप्राणसन्ततिप्रवृत्तिहेतुमन्तरङ्गमासूत्रयति -

**आदा कम्ममलिमसो धरेदि पाणे पुणो पुणो अण्णे।**
**ण चयदि जाव ममत्तिं देहपधाणेसु विसयेसु।।१५०।।**
**आत्मा कर्ममलीमसो धारयति प्राणान् पुनः पुनरन्यान्।**
**न त्यजति यावन्ममत्वं देहप्रधानेषु विषयेषु।।१५०।।**

येयमात्मनः पौद्गलिकप्राणानां संतानेन प्रवृत्तिः, तस्या अनादिपौद्गलिककर्ममूलं शरीरादिममत्वरूपमुपरक्तत्वमन्तरङ्गो हेतुः।।१५०।।

---

अथेन्द्रियादिप्राणोत्पत्ते-रन्तरङ्गहेतुमुपदिशति - **आदा कम्ममलिमसो** अयमात्मा स्वभावेन भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहितत्वेनात्यन्तनिर्मलोऽपि व्यवहारेणानादिकर्मबन्धवशान्मलीमसो भवति। तथाभूतः सन् किं करोति। **धरेदि पाणे पुणो पुणो अण्णे** धारयति प्राणान् पुनः पुनः

---

મુમુક્ષુ :– દ્રવ્યપ્રાણે આત્માને બાધા કરી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આત્માને બાધા કરી ને ! બાધા જ કરે ને ? રક્ષા ક્યાં કરે છે ? રક્ષા કરવાનો અહીં પ્રશ્ન છે નહિ. બીજાને દુઃખનું નિમિત્ત થાય છે, દુઃખ તો પોતે કરે છે એની વાત છે, પેલી રક્ષાની વાત નથી. જીવને બચાવું એવો પ્રાણના લક્ષે જે રાગ થાય એ નવા કર્મનું કારણ છે. તેથી પ્રાણ જ નવા કર્મનું કારણ છે, એમ કહ્યું છે. આહા..હા...! આવો માર્ગ ! ઈ ૧૪૯ (ગાથા પૂરી થઈ).

સંસ્કૃતમાં ઘણા ન્યાય આપ્યા છે. '**बन्धो**' છે ને ? '**बन्धो**' ! જુઓ ! '**બંધ**' છે ને અંદર ? '**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને, તો બંધ જ્ઞાનાવરણ-આદિક...**' બંધની વ્યાખ્યા કરી. '**स्वात्मोपलम्भप्राप्तिरूपान्मोक्षद्विपरीतो**' આહા..હા...! સ્વરૂપની પ્રાપ્તિરૂપી મોક્ષથી વિપરીત. '**मूलोत्तरप्रकृत्यादिभेदभिन्नः स परमागमप्रसिद्धो हि स्फुटं**' બંધની વ્યાખ્યા કરતા આ રીતે કરી. ભગવાનઆત્મા ! સ્વ-આત્મની પ્રાપ્તિરૂપ, '**उपलम्भ**' પૂર્ણ અનુભવની પ્રાપ્તિ '**रूपान्मोक्ष**' એનાથી વિપરીત. '**मूलोत्तरप्रकृत्यादिभेदभिन्नः स परमागमप्रसिद्धो**' પરમાગમમાં પ્રસિદ્ધ છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अन्यान्नवतरान्। यावत्किम्। **ण चयदि जाव ममत्तिं** निस्नेहचिच्चमत्कारपरिणतेर्विपरीतां ममतां यावत्कालं न त्यजति। केषु विषयेषु। **देहपधाणेसु विसयेसु** देहविषयरहितपरमचैतन्यप्रकाशपरिणतेः प्रतिपक्षभूतेषु देहप्रधानेषु पञ्चेन्द्रियविषयेष्विति। ततः स्थितमेतत् इन्द्रियादिप्राणोत्पत्ते-र्देहादिममत्वमेवान्तरङ्गकारणमिति।।१५०।।

---

હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની (–પ્રવાહની, પરંપરાની) પ્રવૃત્તિનો અંતરંગ હેતુ સૂત્ર દ્વારા કહે છે :–

**કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,**
**મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.**

**અન્વયાર્થ :– [यावत्]** જ્યાં સુધી **[देहप्रधानेषु विषयेषु]** દેપ્રધાન વિષયોમાં **[ममत्वं]** મમત્વ **[न त्यजति]** છોડતો નથી, **[कर्ममलीमसः आत्मा]** ત્યાં સુધી કર્મથી મલિન આત્મા **[पुनः पुनः]** ફરી ફરીને **[अन्यान् प्राणान्]** અન્ય અન્ય પ્રાણો **[धारयति]** ધારણ કરે છે.

---

૧૫૦ (ગાથા). '**હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની (–પ્રવાહની, પરંપરાની) પ્રવૃત્તિનો અંતરંગ હેતુ સૂત્ર દ્વારા કરે છે :–**'

**आदा कम्ममलिमसो धरेदि पाणे पुणो पुणो अण्णे।**
**ण चयदि जाव ममत्तिं देहपधाणेसु विसयेसु।।१५०।।**

**કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,**
**મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.**

આ..હા...! શરીર, ઇન્દ્રિયો એ જડની પર્યાય (છે), મન-વચન-કાયા પણ જડની પર્યાય (છે) એના પ્રત્યેની સુંદરતાની અને અનુકૂળતાની (લાગણીનો) ભાવ થતાં વેગ ઉલ્લસે કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા :–** જે આ આત્માને પૌદ્ગલિક પ્રાણોની સંતાનરૂપે પ્રવૃત્તિ છે, તેનો અંતરંગ હેતુ અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું મૂળ (–નિમિત્ત) છે એવું શરીરાદિના મમત્વરૂપ ઉપરક્તપણું છે.

**ભાવાર્થ :–** દ્રવ્યપ્રાણોની પરંપરા ચાલ્યા કરવાનું અંતરંગ કારણ અનાદિ પુદ્ગલકર્મના નિમિત્તે થતું જીવનું વિકારી પરિણમન છે. જ્યાં સુધી જીવ દેહાદિક વિષયોમાં મમત્વરૂપ એવું તે વિકારી પરિણમન છોડતો નથી, ત્યાં સુધી તેના નિમિત્તે ફરી ફરી પુદ્ગલકર્મ બંધાયા કરે છે અને તેથી ફરી ફરી દ્રવ્યપ્રાણોનો સંચય થયા કરે છે. ૧૫૦.

---

ઓ..હો...! આ બધા પ્રાણ ઠીક છે, આ શરીર ઠીક છે... આ..હા...! એવો જે મિથ્યાત્વભાવ (છે) એ જીવના આનંદ-પ્રાણને હણે છે, પરને હણે ન હણે એ તો વ્યવહાર છે. સમજાણું ? એની પ્રવૃત્તિનો (અંતરંગ હેતુ) કહે છે.

**ટીકા :– 'જે આ આત્માને...'** ટીકામાં એની વ્યાખ્યા કરી, જોયું ? '**अयमात्मा**' ભગવાનઆત્મા ! '**स्वभावेन भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहितत्वेनात्यन्तनिर्मलोऽपि**' સંસ્કૃતમાં છે, બહુ સાદું સંસ્કૃત છે. 'જયસેનાચાર્યદેવ'નું સંસ્કૃત બહુ સારું ! ભગવાનઆત્મા તો એવો છે કે '**स्वभावेन भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहितत्वेनात्यन्तनिर्मल**' છે. શુદ્ધ નિર્મળાનંદ વસ્તુ છે. '**व्यवहारेणानादिकर्मबन्धवशान्मलीमसो**' કર્મબંધની વ્યાખ્યા કરતા આ (વ્યાખ્યા) કરી. આહા..હા...!

**'જે આ આત્માને પૌદ્ગલિક પ્રાણોની સંતાનરૂપે પ્રવૃત્તિ છે, તેનો અંતરંગ હેતુ અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું મૂળ (નિમિત્ત) છે...'** આ પુદ્ગલકર્મ જેનું નિમિત્ત છે **'એવું શરીરાદિના મમત્વરૂપ ઉપરક્તપણું છે.'** શરીર, વાણી અને પ્રાણની મમતા. આહા..હા...! એ પ્રાણ મારા, એ શરીર મારું, શરીરના આકારથી બનેલી આ બધી ઇન્દ્રિયો મારી, એની ચેષ્ટાઓ થાય એ બધી મારાથી થાય છે, મારી છે. એવું જે શરીર પ્રત્યેનું મમત્વરૂપ મેલપણું. આહા..હા...! એ પૌદ્ગલિક પ્રાણોની પ્રવાહ(રૂપ) પ્રવૃત્તિનો હેતુ છે.

**ભાવાર્થ :– 'દ્રવ્યપ્રાણોની પરંપરા ચાલ્યા કરવાનું...'** આ દસ પ્રાણ મળ્યા કરવાનું, પરંપરા ચાલ્યા કરવાનું **'અંતરંગ કારણ અનાદિ પુદ્ગલકર્મના નિમિત્તે થતું જીવનું વિકારી પરિણમન છે.'** આહા..હા...! કર્મ તો નિમિત્ત છે. નિમિત્તને લક્ષે થતાં વિકારી પરિણામ દ્રવ્યપ્રાણોનો પ્રવાહ, સંતતિ ચાલી આવે છે એનું એ કારણ છે. આહા..હા...!

**'જ્યાં સુધી જીવ દેહાદિક વિષયોમાં મમત્વરૂપ...'** દેહાદિ વિષયો, પ્રાણ, મન-વચન-કાયા... આહા..હા...! એમાં **'મમત્વરૂપ એવું તે વિકારી પરિણમન છોડતો નથી,...'** મમત્વની વ્યાખ્યા કરી છે ને ? '**निस्नेहमिच्चमत्कारपरिणतेर्विपरीतां**' ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. નિસ્નેહચિત્ચમત્કારપરિણત ! ઓ..હો...! સ્નેહ વિનાનો ભગવાનઆત્મા ! ચિત્ચમત્કારથી પરિણત ! આ..હા...! એનાથી વિપરીત આ મમતા (છે). મમતાની વ્યાખ્ય કરતા આ (વ્યાખ્યા) કરી. આ..હા...! નિસ્નેહ – એમ કહ્યું. ચિત્ચમત્કારપરિણત ! ચિત્ચમત્કાર ! જ્ઞાનના ચમત્કારનું પરિણમન જોઈએ એનાથી વિપરીત તે મમતા છે. ચૈતન્યચમત્કાર પરિણતિથી વિપરીત, હોં ! દ્રવ્યથી વિપરીત એમ નથી લીધું. ચૈતન્યચમત્કારની પરિણતિ – પર્યાય (છે) એ તો મમતારહિત પરિણતિ છે. ચૈતન્યચમત્કારની પરિણતિ રાગરહિત છે. એનાથી વિપરીત તે મમતા છે. આહા..હા...! 'જયસેનાચાર્યદેવે' પણ એક એક પદને એનાથી વિપરીત ભાવથી અવિપરીત છે એમ કહ્યું છે. આચાર્યે ટીકા કરી તો ભિન્ન ભિન્ન જાતની હોય ને ? આહા..હા...!

(હવે કહે છે), '**देहपधाणेसु विसयेसु देहविषयरहितपरमचैतन्यप्रकाशपरिणतेः**' દેહ, વિષયરહિત પરમ ચૈતન્ય ભગવાન ! એના પ્રકાશની પરિણતિ જોઈએ. એનાથી '**प्रतिपक्षभूतेषु देहप्रधानेषु**' લ્યો ! આ..હા...! '**જ્યાં સુધી જીવ દેહાદિક વિષયોમાં મમત્વરૂપ એવું તે વિકારી પરિણમન...**' એ જડ પ્રાણ મારા છે, પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયા, કાયા મારી છે, ભાષા મારી છે, ભાષા મારાથી થાય છે. શરીરના પ્રાણનું ટકવું એ હું છું, એ મારું સ્વરૂપ છે, એમ પરની જેને મમતા છે... આહા..હા...! (તેના નિમિત્તે) '**પુદ્ગલકર્મ બંધાયા કરે છે...**' ફરી ફરીને પુદ્ગલકર્મ બાંધે છે. આ..હા...! '**અને તેથી ફરી ફરી દ્રવ્યપ્રાણોનો સંબંધ થયા કરે છે.**'

દ્રવ્યપ્રાણની મમતાથી નવું કર્મ બંધાય, નવું કર્મ બંધાતા પાછા નવા પ્રાણ મળે, પ્રાણની મમતાથી વળી નવું કર્મ (બંધાય), એનાથી વળી (પાછા) દ્રવ્યપ્રાણ મળે. આ..હા..હા...! ભગવાન એમાં ક્યાંય આવે નહિ એમ કહે છે. અરહટચક્ર આ થયું. દ્રવ્યપ્રાણથી ભિન્ન ભગવાન ! એની દૃષ્ટિ, એનો સ્વીકાર અને એના અનુભવ વિના આ પ્રાણ છે તે હું છું એવી જે મમતા (છે) એનાથી નવા કર્મ બાંધે અને નવા કર્મથી પાછા નવા દ્રવ્યપ્રાણ મળે. વળી એની મમતાથી નવા કર્મ બંધાય. આહા..હા...! જેને પરમાં હોંશું છે ને એની વાત કરી છે. આ પાંચ ઇન્દ્રિયો, ભાષા આદિ કાયાની અનુકૂળતામાં જેની હોંશું છે, એમાં જેનો ઉત્સાહ છે (તેની વાત કરે છે). 'વિષય ઉત્સવ' આવ્યું હતું ને ? આહા..હા...! ઉત્સવ ! એણે પરમાં ઉત્સવ માન્યો ! આહા..હા...! વિષય ઉત્સવ ! આહા..હા...!

મુમુક્ષુ :– ઉત્સવ છે માટે લાડવા બનાવું, બીજું બનાવું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઘણી રીતે...

આ તો કહે છે (કે), આ ઇન્દ્રિયના પ્રાણનો વિષય બનાવીને વિષય ઉત્સવ કર્યો. આહા..હા...! આત્માનો વિષય ભૂલી ગયો. આ વિષય (યાદ રાખ્યો). આહા..હા...! લગ્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વખતે જોઈએ તો જાણે ગાંડા(ની જેમ) ફરે ! લાખ-બે લાખ ખર્ચવાના હોય, કરોડ-બે કરોડ હોય, મારવાડીના લગ્ન હોય, મારવાડી બહુ ખર્ચે. આહા..હા...! કહે છે કે, આ શેના ઉત્સવ છે પ્રભુ ? વિષયનો ઉત્સવ છે, તારો ઉત્સવ નથી. આહા..હા...!

આ અભિનંદન આપે (ત્યારે) પાંચ-દસ હજાર માણસો ભેગા થાય. આ હમણાં 'દિલ્હી'માં કે ત્યાં ક્યાંક કર્યું હતું નહિ ? (એક મુમુક્ષુ) તે 'દી રાત્રે ત્યાં હશે. દસ લાખ (માણસો) ! બંદૂકોના અવાજ કર્યા ! તોપું ઉડાવી ! એટલું માણસ ! એને તો એમ કહેવું હતું કે, આવું (સામાન્યજનને) હોય છે તો તીર્થંકરને એથી વિશેષ હોય એમાં શું ? એ તો અલૌકિક (છે) ! એમ વાત છે. તે 'દી રાજ એનું હતું ને ? 'એડવર્ડ' કે 'જ્યોર્જ'નું હતું. કાલે ઈ શબ્દ આવ્યો હતો. તોપું અને બંદૂક ! કેટલા લાખ માણસો ! સલામ ! જુઓ ! પૂર્વના પુણ્યને લઈને વિષય-ઉત્સવ ! આ વિષય-ઉત્સવ ! આ..હા..હા...! કેટલું માણસ ! મરી ગયો. આહા..હા...! મન-વચનની ક્રિયા વિષયનો રોગ છે. આહા..હા...!

પેલો રાજા નહિ ? એમ મોટો રાજા ન્હોતો ? એક રાતમાં એક કરોડ ખર્ચ્યા ! એક કરોડ ! લગ્નના પહેલાં દિવસમાં એક કરોડ (ખર્ચ્યા) ! પૈસા ઘણા હશે, ઘણા કરોડપતિ હશે. રાજા હતો, રાજા ! એક રાતના એક કરોડ ! એને જાણે ઉત્સવ... ઉત્સવ...! દીવાઓ ને આ બંદૂકો ને ધડાકા... ઓ..હો..હો..હો...! શું છે આ ? વિષયનો ઉત્સવ છે. તારી તો ત્યાં કાણ છે. આ..હા..હા...! ત્યાં તારી મોકાણ છે ! આ..હા..હા...!

જેને ભગવાનઆત્માના તરફનો રસ અને સ્વભાવનું ભાન નથી, એને આવા વિષયના ઉત્સવમાં મજા લાગે છે. એમાં લૂંટાઈ જાય છે એની એને ખબર નથી.

આ વાણિયાને લગ્નમાં જુઓ ને ! ભલે બે-પાંચ-દસ હજાર ખર્ચતા હોય એમાં પણ માંડવા ને... આ શું કહેવાય તમારે ? બેંડવાજા ! એમાં સારી પહેરામણી આપે ને બસ્સે-પાંચ શેર તોલા સોનું પાથરે ત્યાં બધાને આ..હા..હા...! (થઈ જાય) ! શું છે પણ ? અરે...! પ્રભુ ! તારી વસ્તુ એમાં હણાઈ જાય છે, ભાઈ ! એની હોંશુંમાં તારો આનંદ લૂટાઈ જાય છે. આ..હા..હા...!

પ્રશ્ન :– ચક્રવર્તી એની દીકરીને કાંઈ કરિયાવર નહિ કરતો હોય ?

સમાધાન :– કોણ કરે ? એ થવા કાળે થાય, તેમાં જ્ઞાની ઉદાસ છે. આહા..હા...! એ વિકલ્પનો પણ સ્વામી નથી. ચક્રવર્તી સમકિતી હોય, દીકરીના લગ્નમાં તો અબજોના ખર્ચ હોય છે. અબજો રૂપિયાના ! હું ત્યાં છું નહિ, એ તો જડને લઈને થાય છે. આહા..હા...! હું તો આત્મા આનંદસ્વરૂપ ! મારા આનંદની લ્હેરની મજા તો મારામાં છે ! આ..હા..હા...!

એવા પ્રાણોની મમતાને કારણે... દેહાદિ લીધું છે ને ? '**દેહાદિક વિષયોમાં મમત્વરૂપ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुद्‌गलप्राणसंततिनिवृत्तिहेतुमन्तरङ्‌गं ग्राहयति -

**जो इंदियादिविजई भवीय उवओगमप्पगं झादि।**
**कम्मेहिं सो ण रज्जदि किह तं पाणा अणुचरंति।।१५१।।**
**य इन्द्रियादिविजयी भूत्वोपयोगमात्मकं ध्यायति।**
**कर्मभिः स न रज्यते कथं तं प्राणा अनुचरन्ति।।१५१।।**

पुद्‌गलप्राणसंततिनिवृत्तेरन्तरङ्‌गो हेतुर्हि पौद्‌गलिककर्ममूलस्योपरक्तत्वस्याभावः। स तु समस्तेन्द्रियादिपरद्रव्यानुवृत्तिविजयिने भूत्वा समस्तोपाश्रयानुवृत्तिव्यावृत्तस्य स्फटिकमणेरिवात्यन्तविशुद्धमपयोगामात्रमात्मानं सुनिश्चलं केवलमधिवसतः स्यात्। इदमत्र तात्पर्य - आत्मनोऽत्यन्तविभक्तत्वसिद्धये व्यवहारजीवत्वहेतवः पुद्‌गलप्राणा एवमुच्छेत्तव्याः।

।।१५१।।

---

अथेन्द्रियादिप्राणानामभ्यन्तरं विनाशकारणमावेदयति - **जो इंदियादिविजई भवीय** यः कर्तातीन्द्रियात्मोत्थसुखामृतसंतोषबलेन जितेन्द्रियत्वेन निःकषायनिर्मलानुभूतिबलेन कषायजयेन चेन्द्रियादिविजयी भूत्वा **उवओगमप्पगं झादि** केवलज्ञानदर्शनोपयोगं निजात्मानं ध्यायति, **कम्मेहिं**

---

**એવું તે વિકારી પરિણમન છોડતો નથી,...'** આહા..હા...! **'તેના નિમિત્તે ફરી ફરી પુદ્‌ગલકર્મ બંધાયા કરે છે અને તેથી ફરી ફરી દ્રવ્યપ્રાણોનો સંબંધ થયા કરે છે.'** લ્યો ! એ પ્રવૃત્તિનો હેતુ કહ્યો.

**'હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ સમજાવે છે :–'** આ..હા...!

**जो इंदियादिविजई भवीय उवओगमप्पगं झादि।**
**कम्मेहिं सो ण रज्जदि किह तं पाणा अणुचरंति।।१५१।।**

**કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને–ઉપયોગને,**
**તે કર્મથી રંજિત નહિ; ક્યમ પ્રાણ તેને અનુસરે ? ૧૫૧.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सो ण रज्जदि** कर्मभिश्चिच्चमत्कारात्मनः प्रतिबन्धकैर्ज्ञानावरणादिकर्मभिः स न रज्यते, न बध्यते। **किह तं पाणा अमुचरंति** कर्मबन्धाभावे सति तं पुरुषं प्राणाः कर्तारः कथमनुचरन्ति कथमाश्रयन्ति। न कथमपीति। ततो ज्ञायते कषायेन्द्रियविजय एव पञ्चेन्द्रियादिप्राणानां विनाशकारणमिति।।१५१।।

---

હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ સમજાવે છે :–

**કરી ઇન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને–ઉપયોગને,**
**તે કર્મથી રંજિત નહિ; ક્યમ પ્રાણ તેને અનુસરે ? ૧૫૧.**

**અન્વયાર્થ :–** **[यः]** જે **[इन्द्रियादिविजयी भूत्वा]** ઇન્દ્રિયાદિને વિજયી થઈને **[उपयोगम् आत्मकं]** ઉપયોગમાત્ર આત્માને **[ध्यायति]** ધ્યાવે છે, **[सः]** તે **[कर्मभिः]** કર્મો વડે **[न रज्यते]** રંજિત થતો નથી; **[तं]** તેને **[प्राणाः]** પ્રાણો **[कथं]** કઈ રીતે **[अनुचरन्ति]** અનુસરે ? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી).

**ટીકા :–** ખરેખર પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ પૌદ્‌ગલિક કર્મ જેનું કારણ (–નિમિત્ત) છે એવા ઉપરક્તપણાનો અભાવ છે. અને તે અભાવ જે જીવ સમસ્ત

---

એને શરીર કેમ મળે ? (એમ) કહે છે. આ..હા...! ઈ સંસ્કૃતમાં છે. '**कर्तातीन्द्रियात्मोत्थसुखामृतसंतोषबलेन**' ભગવાનઆત્મા ! '**अतीन्द्रियात्मोत्थसुखामृतसंतोषबलेन जितेन्द्रियत्वेन**' (અર્થાત્) ઇન્દ્રિયને જેણે જીતી છે. આ..હા...! '**निःकषायनिर्मलानुभूतिबलेन कषायजयेन**' '**अतीन्द्रियात्मोत्थसुखामृतसंतोषबलेन**' (તેના દ્વારા) ઇન્દ્રિયને જીતી અને કષાયને '**निःकषायनिर्मलानुभूतिबलेन कषायजयेन**' આ..હા...! આ..હા..હા...!

**ટીકા :–** '**ખરેખર પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ...**' એ શરીર અને પ્રાણો મળવા, એનો પ્રવાહ – સંતતિનો અભાવ (અર્થાત્) નિવૃત્તિનો અંતરંગ હેતુ '**પૌદ્‌ગલિક કર્મ જેનું કારણ (–નિમિત્ત) છે એવા ઉપરક્તપણાનો અભાવ છે.**' (અર્થાત્) મલિનપણાનો અભાવ છે. આહા..હા...! હવે કહેશે '**અને તે અભાવ જે જીવ સમસ્ત ઇન્દ્રિયાદિક પરદ્રવ્યો અનુસાર પરિણતિનો વિજયી થઈને,...**' આ..હા..હા...! જે જીવ સમસ્ત પાંચે ઇન્દ્રિય, મન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇન્દ્રિયાદિક પરદ્રવ્યો અનુસાર પરિણતિનો વિજયી થઈને, (અનેક વર્ણોવાળા) આશ્રય અનુસાર સઘળી પરિણતિથી વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિની માફક, અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં એકલામાં સુનિશ્ચળપણે વસે છે, તે જીવને હોય છે.

આ અહીં તાત્પર્ય છે કે–આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે વ્યવહારજીવત્વના હેતુભૂત પૌદ્‌ગલિક પ્રાણો આ રીતે ઉચ્છેદવાયોગ્ય છે.

**ભાવાર્થ :–** જેમ અનેક રંગોવાળી આશ્રયભૂત વસ્તુ અનુસાર ઝે (સ્ફટિકમણિનું) અનેકરંગી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિને ઉપરક્તપણાનો અભાવ છે. તેમ અનેક પ્રકારનાં કર્મ, ઇન્દ્રિયો ઇત્યાદિ અનુસાર જે (આત્માનું) અનેક પ્રકારનું વિકારી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા આત્માને (–કે જે એકલા ઉપયોગમાત્ર આત્મામાં સુનિશ્ચળપણે વસે છે તેને–) ઉપરક્તપણાનો અભાવ હોય છે. તે અભાવથી પૌદ્‌ગલિક પ્રાણોની પરંપરા અટકે છે.

આ રીતથી પૌદ્‌ગલિક પ્રાણોનો ઉચ્છેદ કરવાયોગ્ય છે. ૧૫૧.

---

આદિ પરદ્રવ્યો અનુસાર પરિણતિનો વિજયી થઈને. આ..હા..હા...!

‘**(અનેક વર્ણોવાળા) આશ્રય અનુસાર સઘળી પરિણતિથી વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિ...**’ જેમાં મૂકાય છે એનાથી છૂટી ગયો એમ કહે છે. સ્ફટિકમણિનો આશ્રય લાલ આદિ વાસણ હોય એમાં મૂકે તો લાલ આદિ દેખાય છે ને ? (આશ્રય એટલે) ‘જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ.’ લાલ, પીળી કોઈ નીચે વસ્તુ હોય એવા ‘**આશ્રય અનુસાર સઘળી પરિણતિથી...**’ નિવૃત્ત થયેલો સ્ફટિકમણિ. આહા..હા...! સ્ફટિકમણિને જે આશ્રયસ્થાન છે એનાથી રહિત છે.

‘**અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં એકલામાં સુનિશ્ચળપણે વસે છે,...**’ લ્યો ! (સંસ્કૃત ગાથામાં) પાઠ છે ને ઈ ? ‘**उपयोगमात्मकं ध्यायति**’ આ..હા..હા...! એવો જે ‘**અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મા...**’ ‘**केवलज्ञानदर्शनोपयोगं निजात्मानं ध्यायति**’ (‘જયસેનાચાર્યદેવ’ની સંસ્કૃત ટીકામાં છે). કેવળજ્ઞાન અને દર્શન – એકલો દર્શન અને જ્ઞાન ! એવો સ્વભાવ, એવો જે ઉપયોગ એને ‘**निजात्मानं ध्यायति**’ એવો ઉપયોગરૂપ આત્મા !... આ..હા..હા...! એનું જે ધ્યાન કરે છે. નિર્મળ શુદ્ધ જ્ઞાન, દર્શન ઉપયોગ એવો જે આત્મા ! (તેને) જે ધ્યાનની પર્યાય વિષય બનાવે છે. એટલે એનું ધ્યાન કરે છે એમ. આહા..હા...!

‘**ઉપયોગમાત્ર આત્મામાં એકલામાં સુનિશ્ચળપણે વસે છે, તે જીવને હોય છે.**’ વિકાર(થી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહિતપણું આવા જીવને હોય છે. પૌદ્‌ગલિક પ્રાણનું અંતરંગ કારણ જે મમત્વ, તે જેણે ઉપયોગઆત્માનું ધ્યાન કર્યું એ ઉપરક્ત – મલિન પરિણામ(થી) રહિત હોય છે. આહા..હા...! આ તો બહારની વાતુંમાં એકલા ગૂંચી ગયા.

'હિરાજી મહારાજ' બિચારા કહેતા, હોં ! શાંત પ્રકૃતિ, મંદ કષાય. (ઈ કહેતા કે) અહિંસા – કોઈ પણ પ્રાણીને ન મારો. તમે જોયા હતા કે નહિ ? ત્યાં 'કાંપ'માં હેઠે બાળ્યા હતા. '૭૪, ચૈત્ર વદ આઠમ. ૫૭ વરસ થયા ને ? ૫૭ વરસ થયા. હેઠે બાળ્યા હતા, પુલની નીચે. એમ કહે બિચારા, હોં ! શાંતિથી કહે, જ્ઞાનીનો એ સાર છે – કોઈ પ્રાણીને જરીયે હણવા નહિ, બસ. ઈ પ્રાણી પર, હોં ! પોતે નહિ ! પરપ્રાણીને ન મારો એ અહિંસા (છે) એ સિદ્ધાંતનો સાર છે. ઈ આમ કહેતા. શું કરે ? સંપ્રદાયમાં એનું આચરણ બીજા કરતા જુદી જાતનું. ૫૮ વર્ષની ઉંમર, છ-છ ગાઉના વિહાર, પોતે આહાર લેવા જાય. શિષ્યને લેવા મોકલે એમ નહિ અને શું કહેવાય ? પથારી ! પોતે પથારી પાથરે. પથારી પાથરવાનું શિષ્યને કહે નહિ, કોઈને કહે નહિ, પોતે પાથરે.

પ્રશ્ન :– પગ દાબવાનું કહે નહિ ?

સમાધાન :– ના, કોઈને ન કહે. પગ દાબવાની વાત શી, પથારીનું કહે નહિ ને ! બહુ માણસ આમ (સજ્જન), સંપ્રદાયની શૈલી પ્રમાણે માણસ બહુ સજ્જન ! પણ આ વસ્તુ... અરે..રે...! આ ચીજ સાંભળવા મળી નહિ.

આત્મા નિર્મળાનંદ પ્રભુ ! એનું ધ્યાન કરતાં મલિન પરિણામની ઉત્પત્તિ ન થાય એણે મલિન પરિણામનો અભાવ કર્યો એમ કહેવામાં આવે છે. આ..હા..હા...! પરની દયાનો ભાવ એ મલિન પરિણામ છે. આહા..હા...! એને 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં હિંસા કીધી છે. પરપ્રાણીને બચાવવાનો ભાવ વિકલ્પ છે, રાગ છે, એ હિંસા (છે), જીવની પોતાની હિંસા છે. આ..હા..હા...! આવા નિર્મળ વીતરાગના વાક્યો... અરે...! જેને સાંભળવા ન મળે ઈ ક્યાં કઈ રીતે બિચારા ઉધ્ધાર કરે ? લ્યો ! ભાઈ ! સાંભળવાનું આવ્યું. આ..હા...!

('હિરાજી મહારાજ') 'ચૂડા'માં બહુ આવતા, 'ચૂડા'વાળાને પ્રેમ બહુ હતો. 'રાણપુર', 'ચૂડા', 'બોટાદ', 'નાગનેશ', 'લાઠી' (બધાને) ઘણો પ્રેમ ! ગુજરી ગયા ત્યારે માણસો રોતા હતા. ચૈત્ર વદ આઠમે ગુજરી ગયા અને નવમે ઉપાડ્યું. લોકો રોવે... પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખના આસામી (રોવે), આર્જિકાઓ રોવે, સાધુ રોવે એવો માણસ હતો. પણ અરે.રે...! આવી વાત સાંભળવા મળી નહિ. એવી દુર્લભ ચીજ છે, બાપુ ! સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે, મલિન પરિણામનો અભાવનો હેતુ કોણ ? અંતરંગ હેતુ છે, કહે છે. આહા..હા...! એ અંતરંગ હેતુ શુદ્ધ જ્ઞાન, દર્શન ઉપયોગમય પ્રભુ ! એ ઉપયોગનું ધ્યાન...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...! એવા શુદ્ધ ઉપયોગનું ધ્યાન તે મલિન પરિણામના અભાવનો અંતરંગ હેતુ છે. સમજાણું કાંઈ ?

**'અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મા...'** 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ભાષા આટલી (છે). 'જયસેનાચાર્યદેવ'ની (આમ છે) **'केवलज्ञानदर्शनोपयोगं निजात्मानं ध्यायति'** આ..હા..હા..હા...! એકલો વિશુદ્ધ સ્વભાવ ! ધ્રુવ નિર્મળાનંદ પ્રભુ ! એનું જે ધ્યાન કરે છે. **'ध्यायति'** છે ને ? (અર્થાત્) ઉપયોગમાત્ર આત્માને ધ્યાવે છે. આ..હા..હા...! ભગવાન શુદ્ધ ઉપયોગસ્વરૂપ ! એને ધાવે છે, ધ્યાવે છે, એને ધાવે છે.

માનાં આંચળમાંથી બાળક દૂધ પીવે છે ને ? ક્યાં ઊપજે છે, જુઓ ! આ..હા..હા...! માંસમાં દૂધ ઊપજે ! અહીં તો આનંદમાંથી દૂધ ઊપજે કહે છે. આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યઘન ! ઉપયોગસ્વરૂપ પ્રભુ ! એને ધ્યાવે, ધ્યાન કરે, એને ધ્યાવે એટલે ધાવે છે. એના આનંદના સ્વાદને લે છે. આ..હા..હા...! માનાં સ્તનમાં દૂધ હોય ઈ બાળક (ધાવે). માળી કુદરતી દશા જુઓ ને ! કહો, ત્યાં માંસમાં દૂધ થાય ! અને એ બાળક પાછુ પીવે ! બાળકને ખબર પણ નથી પણ એ સંજ્ઞા છે તો ત્યાં (પીવા જાય છે). અહીં તો આનંદનો નાથ પ્રભુ ! એનું જે ધ્યાન કરે તે ધ્યાવે છે, એને ચૂસે છે. એ આનંદના સ્વાદને વેદે છે. મલિન પરિણામના અભાવનું આ કારણ છે, બીજું કોઈ કારણ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

'હોંશિડા મત હોંશ ન કીજે...' સઝૂઝાય આવે છે. પેલી ચાર સઝૂઝાય છે ને ? એમાં એ આવે છે, 'હોંશિડા મત હોંશ ન કીજે...' બાપા ! ક્યાં હોશું કરે છે ? ભાઈ ! તારા હરખના હડકા તું ક્યાં વાળે છો ?

ઉપયોગઆત્મા ! ભાષા દેખો ! ઓ..હો..હો...! **'उपयोगम् आत्मकं'** એમ. આત્મા કેવો એની વ્યાખ્યા કરી. રાગવાળો, પુણ્યવાળો એવો નહિ. **'उपयोगम् आत्मकं'** આ..હા..હા..હા...! ઓ..હો...! આચાર્યની ભાષા સરળ ! વ્યવહારથી (સરળ), ભાષા તો ભાષા (છે). એમાં નિમિત્તપણું વિકલ્પનું છે. નિમિત્તપણું હતું માટે ભાષા થઈ છે એમ નથી. છતાં ભાષા તો એમ કહે ને ? 'वोच्छामि समयपाहुडम्' હું સમયપ્રાભૃતને કહીશ. એમ કીધું ને ? જુઓ ! ત્યાં વળી વાંધા કાઢે ! (કે) જુઓ ! કહે છે ને ? કહીશ... કહીશ... કહે છે. અરે...! સાંભળ ને, ભાઈ ! એ જાતનો ભાવ – વિકલ્પ છે અને ભાષા એ રીતે એને કારણે નીકળશે. આહા..હા...!

એવો આત્મા... પોતાના **'અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં...'** વિશુદ્ધ નિર્મળ આત્મા ! જુઓ ! અહીં 'વિશુદ્ધ' શબ્દ વાપર્યો ! એ..ઈ...! જુઓ ! વિશુદ્ધ... વિશુદ્ધ ભાવ ! કઈ અપેક્ષા ક્યાં છે (તે સમજવું જોઈએ). આ તો વિશુદ્ધ ઉપયોગમાત્ર ત્રિકાળ ! પછી ધ્યાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એ તો વર્તમાન પર્યાય છે. પેલું ધ્યાવે છે કીધું ને ? ધ્યાવે છે એનો અર્થ સુનિશ્ચળપણે વસે છે – એ પર્યાય થઈ. 'ધ્યાવે' શબ્દ પડ્યો છે ને ? એનો અર્થ એ કર્યો કે, અત્યંત વિશુદ્ધ '**અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં...**' એકલા આત્મામાં '**સુનિશ્ચળપણે...**' ધ્યાવે છે એટલે એમાં '**વસે છે,...**' આ..હા..હા...! તે, પ્રાણનું કારણ એવો જે અંતરંગ વિકારી ભાવનો અભાવ થઈને એને પ્રાણ મળતા નથી, એને શરીર મળતું નથી, કહે છે. આ..હા..હા...! ભાઈ ! આવું ક્યાં હતું ? ભાગ્યશાળી તમે, (આ લોકોને) કોઈને મળ્યું નહોતું. નિવૃત્તિ લઈને બેઠા છે ને ! આહા..હા...! આવો અંદર ભગવાન ! વિશુદ્ધસ્વરૂપ ! એને ધ્યાવે છે એની વ્યાખ્યા કરી, ભાઈ ! આહા..હા...! એમાં વસે છે. આહા..હા...!

'**ઉપયોગમાત્ર આત્મામાં...**' આ..હા..હા...! અરે...! સંતોએ પણ મારગને જગત પાસે સહેલો કરીને મૂક્યો ! આહા..હા...! કહે છે કે, પ્રાણની મમતામાં વસેલી જે દશા... આહા..હા...! આ પ્રાણો જે છે એની મમતામાં... મોહ ને દ્વેષ કીધું ને ? એમાં જે વસ્યો છે એ સંસાર છે, એ નવા કર્મનું કારણ અને નવા પ્રાણનું કારણ છે. આહા..હા...! પણ જે ભગવાનઆત્મામાં સુનિશ્ચળપણે વસે છે 'તે ધ્યાવે છે' એની વ્યાખ્યા કરી. આહા..હા...! ઓ..હો...!

'**અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર...**' ભગવાનઆત્મા નિર્મળ સ્ફટિક જેવો ! સ્ફટિકનો દાખલો આપ્યો ને ? સ્ફટિક જે આશ્રયમાં રહેતું એ આશ્રય રહિત થઈ ગયું. આ..હા..હા...! એકલું નિર્મળ સ્ફટિક રહ્યું. એમ જેને રાગ અને દ્વેષનો આશ્રય હતો એ છૂટી ગયો, અહીં આશ્રય આવ્યો. '**તે જીવને હોય છે.**' તેને અંતરંગ હેતુ – પ્રાણોની સંતતિના અભાવનો હેતુ એ હોય છે, આવા જીવને હોય છે.

વિશેષ કહેશું....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૧૩, રવિવાર તા. ૦૬-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૫૧, ૧૫૨
## પ્રવચન નંબર–૧૬૦

('પ્રવચનસાર') ૧૫૧ (ગાથા). **'આ અહીં તાત્પર્ય છે કે...'** ભાવાર્થની ઉપર બે લીટી. **'આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે..'** ભગવાનઆત્મા ! એ આ વ્યવહારજીવત્વના પ્રાણથી જુદો છે.

પ્રશ્ન :– ક્યારે ?

સમાધાન :– અત્યારે. કહે છે ને અહીંયાં ? કે, **'આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે વ્યવહારજીવત્વના હેતુભૂત પૌદ્ગલિક પ્રાણો...'** (એટલે) આ દસ પ્રાણ. એ તો જડ છે, આ તો અજીવની અવસ્થા છે. એનાથી જુદું પાડવા માટે, જ્ઞેય છે ને ? તો એ જ્ઞેય પર છે અને આ સ્વ-જ્ઞેય અંદર ભિન્ન છે. એવો જ્ઞેય-આત્મા **'પૌદ્ગલિક પ્રાણો આ રીતે ઉચ્છેદવાયોગ્ય છે.'** પરથી રહિત ઉપયોગાત્મક જ્ઞાનસ્વરૂપ છે. ઉપયોગ એટલે ત્રિકાળ. ત્રિકાળ જે જાણવાના-દેખવાના સ્વભાવસ્વરૂપ આત્મા છે એમાં વસીને એટલે કે એનું ધ્યાન કરીને એટલે કે એ વસ્તુના ઉપયોગ સ્વભાવમાં એકાગ્રતા (કરીને) – વસીને એને જુદા પાડવા. આમ વાત છે. સમજાણું કાંઈ ? કેમકે આ પ્રાણ તો જડ અજીવ માટીની પર્યાય છે. એને પોતાનો સ્વભાવ કાયમી જાણવું-દેખવું એવો એનો ત્રિકાળ ઉપયોગસ્વભાવ એમાં વસીને, એ તરફના ઝુકાવમાં સ્વભાવમાં એકાગ્ર થઈ અને એ પ્રાણ જે પુદ્ગલના પર્યાયરૂપ છે એ જુદા પાડવા. એટલે કે અનુભવ થયે તે જુદા પડી જાય છે. આવી વાત છે.

મુમુક્ષુ :– જુદું પાડવું... જુદું પાડવું...

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુદો છે તે જુદો પાડવો. ભેદજ્ઞાનની વાત છે. આહા..હા...! જેનું હોવાપણું – ભગવાનઆત્માનું જ્ઞાન અને દર્શનઉપયોગ સ્વરૂપ હોવાપણું ત્રિકાળ છે એવા સ્વભાવમાં વસીને અર્થાત્ એ સ્વભાવનું ધ્યાન કરીને અથવા વર્તમાન જ્ઞાનમાં તેને ધ્યેય બનાવીને શુદ્ધ સ્વરૂપ પૂર્ણ ચિદાનંદ આત્માને વર્તમાન દશામાં ધ્યેય બનાવીને ત્યાં રહેવું, તેમાં ઠરવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ પૌદ્‌ગલિક પ્રાણથી જુદા કરવાનો ઉપાય છે. પછી એને પ્રાણ નહિ મળે.

આ દ્રવ્યપ્રાણ જે છે એને અનુસરીને મોહ અને રાગ-દ્વેષ થતા તે નવા કર્મબંધનનું કારણ થતું એ ભગવાનઆત્મા જાણગ અને દર્શનસ્વભાવરૂપ ત્રિકાળ વસ્તુ છે તેનો આશ્રય લઈ, તેને ધ્યેય બનાવી તેમાં એકાગ્ર થવું એ જડ પ્રાણથી જુદા પાડવાનો, ઉચ્છેદવાનો એ ઉપાય છે. આહા..હા...!

**ભાવાર્થ :–** '**જેમ અનેક રંગવાળી આશ્રયભૂત વસ્તુ...**' જેમાં સ્ફટિક મણિ મૂકે એવું (વાસણ) આદિ થાળી કે અનેક રંગવાળી આશ્રયભૂત જેમાં મૂકે એવી વસ્તુ. '**અનુસાર જે (સ્ફટિકમણિનું) અનેકરંગી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા...**' (અર્થાત્) ભિન્ન પડીને. શું કીધું ? '**અનેક રંગવાળી આશ્રયભૂત વસ્તુ...**' સ્ફટિક મણિ તેને અનુસારે '**અનેકરંગી પરિણમન...**' થવું. સ્ફટિકમાં અનેક રંગનું પરિણમન થવું '**તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા...**' આ..હા..હા...! એનાથી રહિત થયેલા સ્ફટિક મણિને '**ઉપરક્તપણાનો અભાવ છે,...**' એને મલિનપણાના પરિણમનનો અભાવ છે. માર્ગ એવો ઝીણો (છે).

'**તેમ અનેક પ્રકારનાં કર્મ, ઇન્દ્રિયો ઇત્યાદિ અનુસાર...**' કર્મ અને ઇન્દ્રિયોને અનુસરીને થતું '**અનેક પ્રકારનું વિકારી પરિણમન...**' એવો જે દોષ અને અધર્મ ભાવ '**તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા આત્માને...**' આ..હા..હા...! પરને અનુસરવું છોડી દઈને. કર્મ, ઇન્દ્રિયો આદિને અનુસરવું છોડી દઈને શુદ્ધ ચૈતન્ય ઉપયોગને અનુસરીને જે પરિણામ થાય એનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલો. એ વિકારી ભાવથી... આહા..હા...! જુદો પડેલો ભગવાનઆત્મા ! માર્ગ અંતરનો ભિન્ન પાડવાનો ઉપાય અલૌકિક છે !

ચૈતન્ય ભગવાન ! અંદર શબ્દ છે. '**केवलज्ञानदर्शनोपयोगं निजात्मानं ध्यायति**' છે ને ? સંસ્કૃત ટીકામાં છે. આહા..હા...! '**कर्मभिश्चिच्चमत्कारात्मनः प्रतिबन्धकैर्ज्ञानावरणादिकर्मभिः स न रज्यते**' એ જીવ કર્મને અનુસરીને વિકારમાં રંગાતો હતો, જડ ઇન્દ્રિયોને અનુસરીને વિકારમાં રંગાતો હતો એને ચૈતન્યને અનુસરીને પરિણતિ કરતાં એ રંગથી વ્યાવૃત્ત નામ ભિન્ન પડી જાય છે. કહો, આવું સ્વરૂપ છે ! પેલું તો એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા... તસ્સ મિચ્છામી દુક્કડમ્ (સહેલું) હતું. ભાઈ ! થઈ ગયું. પણ ઇ મિચ્છામી દુક્કડમ્ ક્યારે ? કે, પરને અનુસરીને થતા ભાવને છોડી દઈ સ્વને અનુસરીને પરિણામ કરે ત્યારે તસ્સ મિચ્છામી દુક્કડમ્ થયું.

મુમુક્ષુ :– સ્વ અને પરના ભેદજ્ઞાનની વાત જ ક્યાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ત્યાં છે જ ક્યાં ? આ..હા...! ભાગ્યશાળી જીવોને આ વાત મળે. આહા..હા...! પછી કહેશે, પોતાનું જે ચૈતન્યનું અસ્તિત્વ છે એનાથી પુદ્‌ગલના પરિણામનું અસ્તિત્વ તો ભિન્ન છે. આ શરીર, ઇન્દ્રિયો, આ બધી જડની દશાઓ એ ભગવાનઆત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાપણાથી તેનું હોવાપણું અનેરી ચીજ છે. આ..હા..હા...!

'**(–કે જે એકલા ઉપયોગમાત્ર આત્મામાં...)**' ટીકામાં આવ્યું હતું ને ઈ ? ઉપયોગ – જાણવું-દેખવું એવો જેનો એકરૂપ સ્વભાવ, સ્વભાવવાન આત્મા, જેનો સ્વભાવ કાયમી, જેમ વસ્તુ કાયમી (છે) એમ એનો જ્ઞાન, દર્શન સ્વભાવ કાયમી, અસલી અવિનાશી સ્વભાવ (છે). આ..હા..હા...! એવા અવિનાશી સ્વભાવમાં – એકલા ઉપયોગમાત્ર આત્મામાં એમ. '**(સુનિશ્ચળપણે વસે છે...)**' ઇન્દ્રિયો ને કર્મ ને શરીર આદિને અનુસરીને જે વિકારી પરિણામ થતા એનું અનુસરવું જેણે અંદરમાં છોડ્યું છે... આ..હા..હા...! ભગવાનઆત્મા ! અસ્તિપણે ઉપયોગ જ્ઞાન, દર્શનના સ્વભાવવાળા પદાર્થમાં વસે છે એટલે કે તેનું ધ્યાન કરે છે તે વિકારના પરિણામથી નિવૃત્ત થાય છે. કહો, આ વસ્તુ આવી છે.

'**ઉપરક્તપણાનો અભાવ હોય છે.**' જેથી એને મલિન પરિણામનો અભાવ હોય છે. કેમકે પરનું અનુસરવું છોડ્યું અને સ્વસ્વભાવનું અનુસરણ કર્યું એને મલિન પરિણામનો અભાવ હોય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! જે પોતાની ચીજથી ભિન્ન ચીજ છે – કર્મ, ઇન્દ્રિયો, શરીર પછી સંસ્થાન, સંહનન કહેશે. પછી વ્યંજનપર્યાય કહેશે. એને અનુસરીને જે વિકારી ભાવ થાય એ સંસાર છે, દુઃખરૂપ છે. એનું અનુસરવું છોડી દઈ ભગવાન જ્ઞાન, દર્શન સ્વભાવ જેનો ત્રિકાળી સ્વભાવ ઉપયોગ છે. આહા..હા...! પેલામાં આવ્યું ને ? ભેદજ્ઞાનમાં ! 'ઉપયોગમાં ઉપયોગ' આ..હા..હા...! 'સંવર અધિકાર' ! એટલે ? ઉપયોગમાં ઉપયોગ છે એટલે સ્વસ્વભાવને અનુસરીને થતાં પરિણામમાં આત્મા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ધર્મની ઝીણી વાત છે, ભાઈ ! અત્યાર સુધી પેલું બહારથી ગોખ્યું હતું ને ? તસ્સસૂતરી ને લોગસ્સ ને... ભાઈ !

મુમુક્ષુ :– ઈ કરશું એટલે ધર્મ થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– થાય, થઈ રહ્યું, બસ ! પોસા કરે, સામાયિક કરે એટલે ધર્મ થઈ જાય, થઈ રહ્યું ! આહા..હા...! શું ધૂળ (ધર્મ થાય). કોને કહેવા પોસા ? પરદ્રવ્યને અનુસરીને થતા પરિણામ ઈ પોસો ક્યાં આવ્યો ? સમજાણું કાંઈ ?

ભગવાન ત્રણલોકનો નાથ ! ચિદાનંદ સહજાનંદ પ્રભુ ! જેની ખાણમાં અનંત ચતુષ્ટય પડ્યા છે ! આમ અંદર જ્ઞાનને જોવા જાય તો ક્યાંય હદ નથી એવું અનંત જ્ઞાન જેમાં છે, જેમાં અનંત દર્શન છે, અનંત આનંદ છે, જેના અસ્તિત્વમાં અનંત પુરુષાર્થ – અનંત વીર્ય છે. એ ચતુષ્ટયથી માંડીને અનંતા ગુણોનો સ્વભાવ (છે) એને જે અનુસરે... આ..હા..હા...! એને પરને અનુસરવાનું (છૂટી ગયું).

પ્રભુ ! આ નગર લૂંટાઈ ગયું. હવે તો પ્રભુ તારું અક્ષય શરણ છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અક્ષય – ક્ષય ન થાય એવો જે ભગવાનઆત્મા ! એને અમે હવે અરજી કરીએ છીએ, પ્રભુ ! તારી નગરીની સંભાળ કરવા અમે જઈએ છીએ. આ..હા..હા...! આ નગરી તો લૂંટાઈ ગઈ. ભક્તિમાં હતા ? હતા, બેઠા હતા. એનો અર્થ ઈ કે આ પર વસ્તુ છે, દસ પ્રાણ આદિ મોળાં પડી ગયા, ઢીલા થઈ ગયા, કાન પૂરું સાંભળે નહિ, એમ આવ્યું હતું ને ? આંખે જોવે તો તેજ દેખાય નહિ, વસ્તુ દેખાય નહિ. પેટલાદમાં અનાજ જાતું નથી, પેટલાદ ! અનાજ જાય તો પાછું વળી જાય છે, ત્યાં પેટલાદમાં ધંધો ચાલતો નથી, ઊલટી થાય, વમન થાય, પચે નહિ, ઝાડા થાય. એવી આ જે ચીજ છે એની હયાતી છે પણ એને અનુસરવું તો મહાઅધર્મ છે. આહા..હા...! ભગવાનનું અસ્તિત્વ આ બાજુ છે એમ કહે છે. આ..હા..હા...! જ્યાં નજર નાખ્યે ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે. એવો જે અંદર આનંદનો નાથ પ્રભુ ! અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા ! એવી બેહદ શક્તિઓનો સાગર પ્રભુ ! એમાં ઠર ! આ..હા..હા...! એમાં વાસ્તુ લે એમ કહે છે. એમ કહ્યું ને અહીંયાં ? '**(સુનિશ્ચળપણે વસે છે...)**' આ..હા..હા..હા...!

ભગવાન ! તેં પરદ્રવ્યને અનુસરીને ભાવમાં વાસ્તુ કર્યું છે, પ્રભુ ! એ તો અધર્મમાં છે. આ..હા..હા...! ભગવાન અંતરસ્વરૂપી અસ્તિ મહાપદાર્થ પ્રભુ છે, જેના ગુણની સંખ્યાની હદ નથી અને ગુણની શક્તિનું માપ નથી. આ..હા..હા...! એવી જે દર્શન, જ્ઞાન ઉપયોગમયી વસ્તુ, અહીંયાં મૂળ ઉપયોગને આત્મા ગણ્યો છે ને ? મુખ્ય એ વસ્તુ છે ને ? 'ઉપયોગ લક્ષણો જીવો' ! 'ઉપયોગ લક્ષણો જીવો' કાલે નહોતું કહ્યું ? ઉપયોગ – ત્રિકાળ જાણવું-દેખવું એ ઉપયોગ, હોં ! એને અનુસરીને થતાં પરિણામ એટલે કે એમાં રહેતાં થતાં પરિણામ એટલે કે એને ધ્યેય બનાવીને થતાં ભાવ, એ વિકારી પરિણામથી નિવર્તે છે. આહા..હા...! ભાઈ ! આવો માર્ગ છે. પૂર્વજોને સ્થાનકવાસીમાં તો આ વાત મળી નહોતી. આહા..હા...! અરે...! પૂર્વજો અમારા સંપ્રદાયના ગુરુ લ્યો ને ! ભાગ્ય નહિ, અરે...!

પરદ્રવ્યને અનુસરીને થતાં પરિણામ તે અધર્મ છે. આહા..હા...! એનાથી વ્યાવૃત્ત – રહિત થવું હોય તો ભગવાનઆત્માને અનુસરીને પરિણામ કરવા એટલે કે એમાં વસવું એટલે કે એમાં જે અંદર વાસ્તુ નહોતું કર્યું ઈ વાસ્તુ કરવું. આહા..હા...! પૂર્ણ જ્ઞાન ને દર્શન ને આનંદના સ્વભાવવાળો પદાર્થ પ્રભુ ! એમાં વાસ્તુ કરવું, પર્યાય દ્વારા એમાં ઠરવું એમ કહે છે. આ..હા..હા...! આવી વાતું છે ! એનું નામ ધર્મ. એ ધર્મના પરિણામે અધર્મના પરિણામથી નિવર્તે. આહા..હા...! એને હવે સંસારના પ્રાણ નહિ મળે. કહ્યું છે ને એ ? '**कथं तं प्राणा अनुचरन्ति**' છે ને ? (સંસ્કૃત ગાથામાં) ચોથો શબ્દ છે, ચોથી લીટી (–પદ છે). જેણે આ દસ જડ માટીના પ્રાણ, ઇન્દ્રિયો શરીર આદિને અનુસરીને થતા વિકાર, એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનઆત્માને અનુસરીને થતા અવિકારી ભાવ, શુદ્ધ ઉપયોગરૂપ ભાવ... આ..હા..હા...! એનાથી – વિકારથી નિવૃત્ત થયો એને હવે પ્રાણ કેમ મળશે ? એ દસ પ્રાણ એને નહિ મળે. આહા..હા...! એને તો અનંત આનંદ, જ્ઞાન આદિ શુદ્ધ પૂર્ણ પ્રાણ(ની) પ્રાપ્તિ થશે. આ..હા..હા..હા...! ભારે ભાઈ આવી બધી વ્યાખ્યા !

**'ઉપરક્તપણાનો અભાવ હોય છે. તે અભાવથી પૌદ્ગલિક પ્રાણોની પરંપરા અટકે છે.'** એટલે કે નવા પ્રાણ એને મળતા નથી. વિકારી પરિણામથી અટક્યો તો વિકારી (પરિણામથી) બંધ થતો અને એનાથી પ્રાણ મળતા (હતા) એ અટકી ગયું. આ..હા..હા...! **'આ રીતથી પૌદ્ગલિક પ્રાણોનો ઉચ્છેદ કરવાયોગ્ય છે.'** પાંચ ઇન્દ્રિયો, મન, વચન ને કાયા, શ્વાસ અને આયુષ્યનો અભાવ કરવા જેવો છે. કેમકે વસ્તુ આમાં નથી. અહીં છે, આમાં નથી. આહા..હા...! ભગવાનઆત્મામાં એ નથી. તેથી સંયોગે જે પ્રાપ્ત થાય છે એનો પણ અભાવ કરવા જેવો છે એમ કહે છે. આહા..હા...! ધ્યાન રાખે તો સમજાય એવું છે, હોં ! ભાષા તો સાદી છે, ભાવ ભલે (ઝીણા હોય). પણ કામ તો બાપુ !

આઠ આઠ વરસના છોકરાઓએ કામ કર્યા છે ! આ..હા..હા...! ચક્રવર્તીના આઠ આઠ વરસના રાજકુમારો અંદરમાં જઈને ઠર્યા અને કેવળજ્ઞાન લીધાં ! આ..હા..હા..હા...! ચક્રવર્તીના પુત્રો, તીર્થંકરના પુત્રો કેટલાક તો આઠ વરસની ઉંમરે... આહા..હા...! સવા નવ મહિના અંદરના, સવા આઠ વરસ બહારના એમ કરીને આઠ વરસ ! આઠ વરસે આઠ કર્મનો નાશ કર્યો. આ..હા..હા...! એક ક્ષણમાં અંદરમાં જતાં પૂર્ણાનંદના પ્રાણની સંભાળ લેતા જેને અનંત જ્ઞાન, દર્શનના પ્રાણ પ્રગટ થયા (એને) આ (જડ) પ્રાણ રહ્યા નહિ. અશરીરી ! આ..હા..હા...! અશરીરી થઈ ગયા. માટે એમ નહિ કહે કે, અમે બાળક છીએ માટે ન સમજાય. બાળક તો શરીર છે. આત્મા ક્યાં બાળક છે ? યુવાન શરીરની બહુ મજબૂતાઈ ને ફાટ... ફાટ... ઇન્દ્રિયોના વિષયો... આ..હા..હા...! પ્રભુ ! એ તો જડની દશા છે ને ! યુવાની એ તો જડની દશા છે, એ આત્માને નથી, આત્મા યુવાન નથી. આહા..હા...! આત્મા તો યુવાન ત્યારે કહેવાય કે, સ્વને અનુસરીને ભાવ કરે અને પરને અનુસરતા ભાવ છોડે ત્યારે તે ધર્મમાં યુવાન થયો એમ કહેવામાં આવે. આ..હા..હા...! અને પૂર્ણ પદની પ્રાપ્તિ કરે ત્યારે વૃદ્ધ થયો. અને પરને અનુસરીને ભાવ કરે ત્યાં સુધી બાળક છે. બાળબુદ્ધિ અજ્ઞાનબુદ્ધિ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

નાની નાની ઉંમરમાં પણ જુઓને એવા રોગ થાય છે ને ? પચે નહિ, જુઓને આ છોકરો હમણાં આવ્યો હતો. અહીં બેઠો હતો. (પૂછ્યું) ક્યાં ગયો ? તો કહે, બહાર ગયો. દસ-બાર વરસનો હશે. પેશાબ થઈ જાય છે. બહાર બેઠો, પૂછ્યું, અહીં બેઠો હતો ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुनरप्यात्मनोऽत्यन्तविभक्तत्वसिद्धये गतिविशिष्टव्यवहारजीवत्वहेतुपर्यायस्वरूप-मुपवर्णयति -

**अत्थित्तणिच्छिदस्स हि अत्थस्सत्थंतरम्हि संभूदो।**
**अत्थो पज्जाओ सो संठाणादिप्पभेदेहिं।।१५२।।**
**अस्तित्वनिश्चितस्य ह्यार्थस्यार्थान्तरे संभूतः।**
**अर्थः पर्यायः स संस्थानादिप्रभेदै।।१५२।।**

स्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चितस्यैकस्यार्थस्य स्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चित एवान्य-स्मिन्नर्थे विशिष्टरूपतया संभावितात्मलाभोऽर्थोऽनेकद्रव्यात्मकः पर्यायः। स खलु पुद्गलस्य

---

एवं `सपदेसेहिं समग्गो' इत्यादि गाथाष्टकेन सामान्यभेदभावनाधिकारः समाप्तः। अथानन्तरमेकपञ्चाशद्गाथापर्यन्तं विशेषभेदभावनाधिकारः कथ्यते। तत्र विशेषान्तराधिकारचतुष्टयं भवति। तेषु चतुर्षु मध्ये शुभाद्युपयोगत्रयमुख्यत्वेनैकादशगाथापर्यन्तं प्रथमविशेषान्तराधिकारः प्रारभ्यते। तत्र चत्वारि स्थलानि भवन्ति। तस्मिन्नादौ नरादिपर्यायैः सह शुद्धात्मस्वरूपस्य

---

(તો કહે), બહાર બેઠો છે. કો'કને પથરીનો વહેમ પડ્યો હશે. અહીં જોયું તો પથરી નથી. અંદરમાં જ કાંઈક (છે). અમસ્તો પેશાબ છૂટી જાય, ધાર્યું ન રહે. અહીં બેઠો હતો. હજી તો ઉગીને ઊભો થયો છે, દસ-બાર વરસનો (છે). આહા..હા...! આ શરીરની દશાઓ ! અનુકૂળ હોય ત્યારે પ્રેમ કરે, પ્રતિકૂળ થાય ત્યારે દ્વેષ કરે. બન્ને પરને અનુસરીને થતા ભાવ દુઃખરૂપ છે.

અહીં કહે છે કે, **'આ રીતથી પૌદ્ગલિક પ્રાણોનો ઉચ્છેદ કરવાયોગ્ય છે.'**

**'હવે ફરીને પણ, આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે, વ્યવહારજીવત્વના હેતુ એવા જે ગતિવિશિષ્ટ...'** આ દેવગતિ આદિ, સંસ્થાન આદિ મળે ઈ **'પર્યાયો તેમનું સ્વરૂપ વર્ણવે છે :–'** ઓ..હો..હો...! (આ) 'પ્રવચનસાર' છે ! વીતરાગે કહેલાં આગમોનો આ સાર છે.

મુમુક્ષુ :– અત્યંત વિભક્તપમણું સાધવા માટે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलान्तर इव जीवस्य पुद्गले संस्थानादिविशिष्टतया समुपजायमानः संभाव्यत एव। उपपन्नश्चैवंविधः पर्यायः। अनेकद्रव्यसंयोगात्मत्वेन केवलजीवव्यतिरेकमात्रस्यैकद्रव्यपर्यायस्या-स्खलितस्यान्तरवभासनात्।।१५२।।

---

पृथकत्वपरिज्ञानार्थं `अत्थित्तणिच्छिदस्स हि' इत्यादि यथाक्रमेण गाथात्रयम्। तदनन्तरं तेषां संयोगकारणं `अप्पा उवओगप्पा' इत्यादि गाथाद्वयम्। तदनन्तरं शुभाशुभशुद्धोपयोगत्रयसूचनमुख्यत्वेन `जो जाणदि जिणिंदे' इत्यादि गाथात्रयम्। तदनन्तरं कायवाङ्गनसां शुद्धात्मना सह भेदकथनरूपेण `णाहं देहो' इत्यादि गाथात्रयम्। एवमेकादशगाथाभिः प्रथमविशेषान्तराधिकारे

---

હવે ફરીને પણ, આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે, વ્યવહારજીવત્વના હેતુ એવા જે ગતિવિશિષ્ટ (દેવ-મનુષ્યાદિ) પર્યાયો તેનું સ્વરૂપ વર્ણવે છે :–

**અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થ ઊપજતો,**
**જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.**

---

પૂજ્ય ગુરુદેવશ્રી :– (એટલે કે) જુદું પાડવા માટે.

**अत्थित्तणिच्छिदस्स हि अत्थस्सत्थंतरम्हि संभूदो।**
**अत्थो पज्जाओ सो संठाणादिप्पभेदेहिं।।१५२।।**

**અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થ ઊપજતો,**
**જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.**

ઓ..હો..હો...! જ્ઞેયની સાદી ભાષા કરે છે પણ કેટલી સરળતાથી સીધી વાત કરે છે. **ટીકા :– 'સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી નિશ્ચિત (–નક્કી થતા) એક અર્થનો (–દ્રવ્યનો),**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समुदायपातनका। तद्यथा-अथ पुनरपि शुद्धात्मनो विशेषभेदभावनार्थं नरनारकादिपर्यायरूपं व्यवहारजीवत्वहेतुं दर्शयति-**अत्थित्तणिच्छिदस्स हि** चिदानन्दैकलक्षणस्वरूपास्तित्वेन निश्चितस्य ज्ञातस्य हि स्फुटम्। कस्य। **अत्थस्स** परमात्मपदार्थस्य **अत्थंतरम्हि** शुद्धात्मार्थादन्यस्मिन् ज्ञानावरणादिकर्मरूपे अर्थान्तरे **संभूदो** संजात उत्पन्नः **अत्थो** यो नरनारकादिरूपोऽर्थः, **पज्जाओ सो** निर्विकारशुद्धात्मानुभूतिलक्षणस्वभावव्यञ्जनपर्यायादन्यादृशः सन् विभावव्यञ्जनपर्यायो भवति स इत्थंभूतपर्यायो जीवस्य। कैः कृत्वा जातः। **संठाणादिप्पभेदेहिं** संस्थानादिरहितपरमात्मद्रव्य-विलक्षणैः संस्थानसंहननशरीरादिप्रभेदैरिति।।१५२।।

---

**અન્વયાર્થ :– [अस्तित्वनिश्चितस्य अर्थस्य हि]** અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) **[अर्थान्तरे संभूतः]** અન્ય અર્થમાં (–દ્રવ્યમાં) ઊપજતો **[अर्थः]** જે અર્થ (–ભાવ) **[सः पर्यायः]** તે પર્યાય છે–**[संस्थानादिप्रभेदैः]** કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.

**ટીકા :–** સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી (–નક્કી થતા) એક અર્થનો (–દ્રવ્યનો) સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી જ નિશ્ચિત એવા અન્ય અર્થમાં (–દ્રવ્યમાં) વિશિષ્ટરૂપે (–ભિન્ન ભિન્ન રૂપે) ઊપજતો જે અર્થ (ભાવ), તે અનેકદ્રવ્યાત્મક પર્યાય છે. તે અનેકદ્રવ્યાત્મક પર્યાય ખરેખર, જેમ પુદ્‌ગલનો અન્ય પુદ્‌ગલમાં (અનેકદ્રવ્યાત્મક પર્યાય) ઊપજતો જોવામાં આવે છે તેમ, જીવનો પુદ્‌ગલમાં સંસ્થાનાદિથી વિશિષ્ટપણે (–સંસ્થાન વગેરેના ભેદો સહિત) ઊપજતો

---

**સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી જ નિશ્ચિત એવા અન્ય અર્થમાં...**' પહેલું એમ કીધું કે '**સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી નિશ્ચિત...**' એક પદાર્થનો (એટલે) આ પોતે. એને '**સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી જ નિશ્ચિત એવા અન્ય અર્થમાં...**' આ..હા..હા...! અનેરા પદાર્થનો એને સંબંધ થાય છે.

સ્વલક્ષણભૂત સ્વરૂપ – '**चिदानन्दैकलक्षणस्वरूपास्तित्वेन निश्चितस्य ज्ञातस्य हि स्फुटम्।**' એક વાત અને '**સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી જ નિશ્ચિત એવા અન્ય અર્થમાં...**' બીજો પદાર્થ પણ એના પોતાના લક્ષણ(ભૂત) સ્વરૂપ અસ્તિત્વથી છે. એવો પદાર્થ છે. એમ (કહે) છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શરીરાદિ, પાંચ ઇન્દ્રિય આદિ, વિભાવવ્યંજનપર્યાય અસ્તિ છે. એ અન્ય અર્થનો પર્યાય છે, એ અન્ય પદાર્થનો પર્યાય છે. ભગવાનઆત્માનું સ્વલક્ષણભૂત અસ્તિત્વ એ તો જ્ઞાનાનંદ સ્વભાવરૂપ એનું અસ્તિત્વ છે અને આનું અન્ય પદાર્થરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવમાં આવે જ છે. અને આવો પર્યાય ઉપપન્ન (–યોગ્ય, ઘટિત, ન્યાયયુક્ત) છે; કારણ કે કેવળ જીવનો વ્યતિરેકમાત્ર છે એવો અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ અનેક દ્રવ્યોના સંયોગાત્મપણે અંદરમાં અવભાસે (–જણાય) છે.

**ભાવાર્થ :–** જોકે દરેક દ્રવ્યનું સ્વરૂપ-અસ્તિત્વ સદાય ભિન્ન ભિન્ન રહે છે તોપણ, જેમ પુદ્‌ગલનો અન્ય પુદ્‌ગલના સંબંધે સ્કંધરૂપ પર્યાય થાય છે તેમ જીવનો પુદ્‌ગલોના સંબંધે દેવાદિક પર્યાય થાય છે. જીવનો આવો અનેકદ્રવ્યાત્મક દેવાદિપર્યાય અયુક્ત નથી; કારણ કે અંદરમાં જોતાં, અનેક દ્રવ્યોનો સંયોગ હોવા છતાં પણ, જીવ કાંઈ પુદ્‌ગલો સાથે એકરૂપ પર્યાય કરતો નથી, પરંતુ ત્યાં પણ એકલા જીવનો (–પુદ્‌ગલપર્યાયથી જુદો) અસ્ખલિત (–પોતાથી નહિ ચ્યુત થતો) એકદ્રવ્યપર્યાય જ સદાય વર્ત્યા કરે છે. ૧૫૨.

---

અસ્તિત્વ છે. એને સંયોગમાં સંબંધમાં છે એમ અત્યારે તો કહેવું છે. આહા..હા...!

**'અન્ય અર્થમાં (–દ્રવ્યમાં) વિશિષ્ટરૂપે (–ભિન્ન ભિન્ન રૂપે) ઊપજતો જે અર્થ...'** શરીરની ઇન્દ્રિયો, સંઘયણ, સંસ્થાન અને અનેરા દ્રવ્યના અસ્તિત્વમાં ઊપજતી અનેક અનેક અવસ્થાઓ. આહા..હા...! પોતાનું જે સ્વલક્ષણભૂત અસ્તિત્વ છે એ તો આનંદ અને જ્ઞાનના લક્ષણથી લક્ષિત (છે). એવા સ્વલક્ષણભૂત આત્માના અસ્તિત્વથી અન્ય પદાર્થનું સ્વલક્ષણ છે એ ભિન્ન છે. આહા..હા...! એનું પણ સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ છે કે નહિ ? આ..હા...! એવા અન્ય પદાર્થમાં વિશિષ્ટરૂપે ઊપજતો (જે) અર્થ **'તે અનેકદ્રવ્યાત્મક પર્યાય છે.'** આ શરીર – વ્યંજનપર્યાય (છે) એ અનેક પરમાણુની પર્યાય છે. આનું સંસ્થાન એટલે આકાર અને સંઘયણ એટલે હાડકાની અંદર મજબૂતાઈ, એ પણ અનેરા દ્રવ્યની એક પર્યાય છે. સ્વદ્રવ્યની સાથમાં અનેરા દ્રવ્યની આ એક પર્યાય છે એમ કહે છે. આહા..હા...!

**'તે અનેકદ્રવ્યાત્મક પર્યાય ખરેખર,...'** આ શરીર, સંઘયણ, સંસ્થાન (આદિ). આ અનેક પરમાણુની (બનેલી) છે ને ? આ કંઈ એક દ્રવ્ય નથી. અનેક પરમાણુનો જડ માટીનો આ આકાર (છે). એનું સંસ્થાન, એનું સંઘયણ, શરીર, એનો આકાર આદિ. જુઓને, હાથ-પગના આકાર ! કોઈના કેવા આકાર, (કોઈના) કેવા ! દસ આંગળીનું કહ્યું હતું નહિ ? દસ આંગળીઓ એમ આવ્યું હતું. કામ કરીને દસ આંગળીઓ જીર્ણ થઈ ગઈ. નવ દ્વાર ! આ નવ દ્વાર છે ને ? બે (આંખ), બે (કાન), બે (નાસિકા), પેશાબ ને વિષ્ટા (એમ કરીને) નવ છે. શરીરમાં નવ દ્વાર, દસ પ્રાણ, દસ આંગળી એ બધું બહુ વર્ણવ્યું છે. દસ આંગળીઓ જીર્ણ થઈ ગઈ છે, કામ પણ ન કરે, પછી આ શરીર ધ્રૂજે. જુઓને (આ ભાઈનું) ધ્રૂજે છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– ઈ તો જુવાન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જુવાન છે તો શરીરની સ્થિતિમાં ક્યાં (કાંઈ) આવે ? આહા..હા...! આ તો બાવીસ વર્ષનો જુવાન છે. આ પાણી પણ પી ન શકે, આમ આમ થાય તો ઢોળાઈ જાય. આ..હા..હા...!

એ શરીરની પુદ્‌ગલની વ્યંજનપર્યાય આત્માના અસ્તિત્વથી અનેરા અસ્તિત્વનો એ અનેરો પર્યાય (છે). આ..હા..હા...! (એમાંથી) મારાપણું મૂકી દે એમ કહેવા માટે આ વાત છે, હોં ! અનેક દ્રવ્ય ભેગા થઈને અનેરા દ્રવ્યની આ પર્યાય છે. આંખ્યું ને નાક ને... આ..હા..હા...! શરીરના અવયવો નવ દ્વારે... આહા..હા...! ઝરે છે. એ અનેરા દ્રવ્યના અસ્તિત્વની પર્યાય છે. અનેરા દ્રવ્યની હયાતીવાળું દ્રવ્ય છે. એનું અસ્તિત્વ સિદ્ધ કર્યું (કે) બીજું અનેરું (દ્રવ્ય) પણ છે. (એક) આત્મા જ છે અને એનું જ અસ્તિત્વ છે અને આનું અસ્તિત્વ નથી એમ નહિ, અસ્તિત્વ છે. આ વેદાંત કહે છે ને, બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા. જગત છે જ નહિ. એમ નહિ. આત્મામાં એ જગત મિથ્યા છે. પણ જગતમાં જગત અસ્તિત્વ (ધરાવે) છે. આ..હા..હા...! કેવી શૈલીએ વાત કરી છે જુઓને !

**'તે અનેકદ્રવ્યાત્મક પર્યાય ખરેખર, જેમ પુદ્‌ગલનો અન્ય પુદ્‌ગલમાં (અનેકદ્રવ્યાત્મક પર્યાય) ઊપજતો જોવામાં આવે છે...'** એક પરમાણુ(નો) ઘણા પરમાણુ સાથે સંબંધ દેખાય છે. ઘણા પરમાણુઓનો ઘણા પરમાણુઓ સાથે સંબંધ થતાં દેખાય છે. લાડવો, ચૂરમું છૂટું હોય અને ભેગું થતું દેખાય છે. આહા..હા...!

**'તેમ, જીવનો પુદ્‌ગલમાં સંસ્થાનાદિથી વિશિષ્ટપણે...'** જીવને પુદ્‌ગલમાં સંસ્થાન – આકાર વગેરે ખાસ **'(–સંસ્થાન વગેરેના ભેદો સહિત) ઊપજતો અનુભવમાં આવે જ છે.'** ભિન્ન ભિન્ન આકાર (જોવામાં આવે છે). આહા..હા...! જુઓને ! આ કાનબુટ્ટીના આકારમાં ફેર ! કોઈને આ છે તે અહીં ચોંટેલી હોય, કોઈને આમ ખુલ્લી હોય, કોઈને આમ હોય... કાનના આકારમાં ફેર, નાકના આકારમાં ફેર. આટલામાં પણ પ્રત્યેકને જુઓ તો દરેકમાં ફેર હોય છે. કાં આ પહોળું ને કાં આ લાંબું ને કાં આ ટૂંકું... એ અનેકદ્રવ્યાત્મક વ્યંજનપર્યાય છે, અનેક દ્રવ્યાત્મક વિભાવિક વ્યંજનપર્યાય છે. આહા..હા...! પાછી ભાષા (એવી) છે, જોયું ?

**'અને આવો પર્યાય ઉપપન્ન (–યોગ્ય, ઘટિત, ન્યાયયુક્ત) છે;...'** એમ કહે છે, જોયું ? અનેક દ્રવ્યનો આકાર થાય છે. કોઈકની આંખ્યું મોટી હોય, કોઈકની નાની હોય એવા ઘણા ભેદ હોય છે ને ? એ બધા આકાર – મોઢાનો આકાર, આનો આ આકાર, આ હોઠનો આકાર, કોઈના હોઠ આમ લાંબા હોય, કોઈના આમ (ટૂંકા) હોય. આહા..હા...! (એવી) અનેક દ્રવ્યાત્મક વિભાવિક વ્યંજનપર્યાયનું અસ્તિત્વ છે એમ કહે છે. આહા..હા...! જ્ઞેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધિકાર છે ને ? જ્ઞેય... જ્ઞેય છે, પર વસ્તુ પણ છે. (તેનો) આવો પર્યાય યોગ્ય છે, ન્યાયયુક્ત છે.

'**કારણ કે જે કેવળ જીવનો વ્યતિરેકમાત્ર છે એવો અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ અનેક દ્રવ્યોના સંયોગાત્મકપણે અંદરમાં અવભાસે (–જણાય) છે.**' શું કહે છે ? ભગવાનઆત્માનો પરથી ભિન્ન એવો '**અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ અનેક દ્રવ્યોના સંયોગાત્મકપણે અંદરમાં...**' અનેક દ્રવ્યની આ પર્યાય હોવા છતાં ભગવાનના એક દ્રવ્યની પર્યાય એનાથી ભિન્ન ભાસે છે. આહા..હા...! આમ બે અસ્તિત્વ પહેલાં સિદ્ધ કર્યાં. સ્વલક્ષણભૂત ભગવાનઆત્માનું અસ્તિત્વ છે (અને) પરલક્ષણભૂત પુદ્‌ગલની પર્યાયનું – વ્યંજનપર્યાયનું અસ્તિત્વ છે. પણ એ અનેકદ્રવ્યાત્મક પુદ્‌ગલની પર્યાયમાં ભગવાનઆત્મા એકદ્રવ્યપર્યાયરૂપે ભિન્ન છે. એ પુદ્‌ગલની પર્યાય સાથે એક છે નહિ. આહા..હા...!

મુમુક્ષુ :– પુદ્‌ગલ અનેક દ્રવ્યપર્યાયરૂપ થવા છતાં પોતાનું એકત્વ છોડતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભિન્ન તો છે ને ? એની સાથે એકમેક ક્યાં થઈ ગયો છે ? પુદ્‌ગલની પર્યાય સાથે (જીવ) દ્રવ્યની પર્યાય કાંઈ એક થઈ છે ? એક થાય તો બે (રહે નહિ). ફક્ત એને અનુસરીને પરિણામ કરે છે એ એનામાં થાય છે. એણે પોતાના સ્વભાવને અનુસરીને પરિણામ કરવા તો એનાથી વ્યાવૃત્ત થાય છે એમ અહીંયાં કહેવું છે.

પ્રશ્ન :– અત્યારે વર્તમાનમાં ?

સમાધાન :– વર્તમાનમાં ભિન્ન છે. અહીં વર્તમાનમાં કહે છે. જીવના સ્વદ્રવ્યનો પર્યાય અનેક દ્રવ્યાત્મકપર્યાયથી ભિન્ન છે. છે ને ? જુઓ ! '**એવો અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ અનેક દ્રવ્યોના સંયોગાત્મકપણે અંદરમાં અવભાસે (–જણાય) છે.**' છે અંદર ? શું કીધું ? '**કારણ કે જે કેવળ જીવનો વ્યતિરેકમાત્ર છે એવો અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ...**' એ પોતાનો ભિન્ન પર્યાય '**અનેક દ્રવ્યોના સંયોગાત્મકપણે અંદરમાં અવભાસે (–જણાય) છે.**' ભલે અનેક દ્રવ્યપર્યાયનો સંયોગ છે પણ એની પર્યાય અંદર ભિન્ન ભાસે છે. એનું અસ્તિત્વ ભિન્ન છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં તો નથી. આ..હા..હા...! કેવી ટીકા ! શું કહ્યું ?

ફરીને, પહેલાં બે વાત સિદ્ધ કરી કે, એક સ્વલક્ષણભૂત ભગવાનઆત્મા અસ્ખલિતપણે છે અને સ્વલક્ષણભૂત જે પુદ્‌ગલની પર્યાયના અસ્તિત્વપણે પણ એ છે. અનેક દ્રવ્યાત્મક વ્યંજનપર્યાય (છે). કહે છે કે, એવી વ્યંજનપર્યાયની અસ્તિત્વની પર્યાયના કાળે પણ ભગવાનઆત્માનો અસ્ખલિત દ્રવ્યપર્યાય એનાથી ભિન્ન છે. એનો પર્યાય અને આ પર્યાય ત્યાં એક થયા છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! તત્ત્વ સમજવા (માટે) જ્ઞાનને જરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેળવવું પડે.

પ્રશ્ન :– કેળવવું પડે એટલે ?

સમાધાન :– કેળવવું પડે એટલે એમાં ધ્યાન રાખીને જેવી રીતે, શું છે (તે) એને પકડવું પડે. આ કાંઈ બહારની કથા-વાર્તા નથી, આ તો આત્માની કથા છે. આહા..હા...!

ભગવાનઆત્મા ! પોતાનું હોવાપણું ભિન્ન રાખે છે. અનેકદ્રવ્યાત્મક અનેક પરમાણુના સંબંધવાળી પર્યાય વખતે પણ ભગવાનઆત્માની દ્રવ્યપર્યાય ભિન્ન રહે છે. આ..હા..હા...! (એક) માને ઈ જુદી વાત છે, પણ કંઈ એક છે નહિ. આહા..હા...! શરીર તે હું, વાણી તે હું, હું જેમ બોલવા માગું એમ બોલું, હાલવા માગું એમ હાલું, મૂઢ છે. એણે તો પરદ્રવ્યને પોતાનું માન્યું. જે પોતાના અસ્તિત્વમાં નથી, પોતાની હયાતીમાં નથી એવી પરની હયાતીવાળી ચીજને પોતાની માની. આહા..હા...! આ..હા..હા...!

(પેલું) નથી આવતું ? કે, અનંત પરમાણુના રજકણ સ્વતંત્ર ભિન્ન છે. આહા..હા...! એમ જ હોય ને પણ ? જે પદાર્થ છે એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અસ્તિ (ધરાવે છે), પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ (ધરાવે છે). આ..હા..હા...! એમ અહીંયાં સિદ્ધ કર્યું છે.

અહીંયાં અનેક વસ્તુના સંયોગવાળી આ જડની પર્યાય, શરીરની, સંસ્થાનની, અંદર હાડકાની એ બધી વિભાવિક વ્યંજનપર્યાય એટલે કે અનેક દ્રવ્યસ્વરૂપ વિભાવિક પર્યાયનું અસ્તિત્વ છે પણ તેવા અસ્તિત્વની અંદરમાં પણ અસ્ખલિત એવા ભગવાનના અસ્તિત્વનો દ્રવ્યપર્યાય ભિન્ન છે. આહા..હા...! '**કેવળ જીવનો વ્યતિરેકમાત્ર છે...**' (અર્થાત્) એ તો જુદો છે. એવું ગળે વળગ્યું છે ને... શરીર ને વાણી જાણે મારા... મારા... મારા... થઈ ગયું છે. અમે ધારીએ એમ શરીરથી કામ લઈએ, અમારું શરીર નોકર છે, ચાકર છે એમ કેટલાક કહે છે. શરીર નોકર-ચાકર છે, આપણે કામ લઈએ અને ઈ આપે. કોણ આપે ? સાંભળને ! ચાકર ક્યાં હતું ? એનું અસ્તિત્વ જુદું છે.

મુમુક્ષુ :– એનો કસ કાઢવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કસ શેનો કાઢે ? આ અપવાસ કરે એને કસ કાઢ્યો એમ કહે છે ને ? અપવાસ કરવા, તપસ્યાઓ કરવી... જડમાંથી તારે કસ કાઢવો છે ? ઈ તો જડ છે. આહા..હા...! જેનું હોવાપણું તારાથી ભિન્ન છે એમાંથી કસ કાઢવો છે ? આહા..હા...! એને કૃશ કરવું છે ? એને પુષ્ટ કરવું છે ? એનું અસ્તિત્વ જ જુદું છે એને કૃશ ને પુષ્ટ કરવું ક્યાંથી તારે રહે ? કહો, ભાઈ ! આવી વાતો છે.

મુમુક્ષુ :– ઘણા એમ કહે છે કે, આત્મા છે ત્યાં સુધી શરીર ચાલે છે પછી ચાલતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, તો ઈ જ કહે છે. ઈ મૂઢ છે. પક્ષઘાત થઈ જાય (ત્યારે) અંદર આત્મા છે અને શરીર ચાલે નહિ, લ્યો !

મુમુક્ષુ :– ખાલી ચડી જાય તોપણ પગ ચાલતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! ધ્રૂજે ! શું કહેવાય ? ખાલી ચડી જાય. આવું (લઠ્ઠ જેવું) શરીર હોય પણ બે કલાક સરખો આમ ત્યાંને ત્યાં બેસી રહે (પછી) પગ ઉપાડે ત્યાં પડે ! ખાલી ચડી જાય ! ખાલી શું ? ખાલી (ચડી જાયને) અર્થ (શું) ? એવું પકડાય જાય (એટલે) ચાલી ન શકે. ઈ તો જડની અવસ્થા છે. આહા..હા...! પાંચે ઇન્દ્રિયો એ જડની અવસ્થા છે. આ..હા..હા..હા...! એ અનેક દ્રવ્ય વ્યંજનપર્યાય (છે). ઇન્દ્રિય જે છે એ પણ અનેક દ્રવ્યાત્મક વ્યંજનપર્યાય છે. એનું અસ્તિત્વ છે. પણ ભગવાનઆત્માનું અસ્તિત્વ તો એનાથી જુદું છે. એ કાળે પણ ! આ..હા..હા..હા...! આકરી વાતું ! અંતરનો અભ્યાસ નહિ ને ! જુદી ચીજ છે એને જુદામાં રાખવી. આ..હા..હા...!

શરીરની ઇન્દ્રિયોનો આકાર ફરે, પાતળો થાય, જાડો થાય એ બધી અનેક દ્રવ્યાત્મક વિભાવિક વ્યંજનપર્યાય છે. એના અસ્તિત્વનું થવું તારે લઈને નથી અને એટલું અસ્તિત્વ ત્યાં વર્તે છે છતાં તારું અસ્તિત્વ તો અસ્ખલિત એકદ્રવ્યાત્મક પર્યાય ભિન્ન છે. આ..હા..હા..હા...!

જીભ આમ ચાલે છે એ તો એના અનેક દ્રવ્યાત્મક પર્યાયની વિભાવિક વ્યંજનપર્યાય છે. એ આત્માના અસ્તિત્વથી ત્યાં ચાલે છે એમ નથી અને એવી ઇન્દ્રિયની પર્યાયો અનેકદ્રવ્યપર્યાયાત્મક વર્તે છે તેથી જીવદ્રવ્ય અંદરમાં એની સાથે એક થયો છે એમ નથી. ભારે... ભાઈ ! એમ કહે (છે કે), સંસ્થાનનો, શરીરનો, સંઘયણનો આવો વ્યંજનપર્યાય થવો એ વાજબી છે, થવાને લાયક એનો પર્યાય છે, અસ્તિ છે. આ..હા...!

આમ મોઢું (ખોલીને) બગાસું ખાય. એ તો અનેક દ્રવ્યાત્મક પર્યાયની વિભાવિક વ્યંજનપર્યાય છે. આત્માના અસ્તિત્વથી તે બગાસું ખાય છે ? એ વખતે પણ ભગવાનઆત્માના દ્રવ્યપર્યાયનું અસ્તિત્વ ભિન્ન રહે છે. આહા..હા...! તો ભિન્ન ભિન્નને કરે એવું તો છે નહિ. આવો વીતરાગમાર્ગ છે, બાપુ !

આહા..હા...! (અજ્ઞાની) દુઃખી, દુઃખી થઈને રખડે છે. ક્યાંય બાહ્યમાં સુખ નથી. બહારની ઇન્દ્રિયો અને એના વિષયોમાં સુખ માને છે, પરના અસ્તિત્વમાં મારું સુખ છે એમ માને છે. આ..હા..હા...! પરની હયાતી અનેકદ્રવ્યાત્મક પાતળી-જાડી થાય, એને લઈને આત્મામાં મજા પડે છે, સુખ થાય એ તો ભ્રમણા છે. કારણ કે એવી બધી ઇન્દ્રિયોની વિભાવિક વ્યંજનપર્યાયના કાળ વખતે પણ ભગવાનઆત્માના દ્રવ્યપર્યાયનું અસ્તિત્વ જુદું છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદા અસ્તિત્વએ એના અસ્તિત્વને કાંઈ કર્યું છે (એમ નથી). એનું સ્વલક્ષણભૂત અસ્તિત્વ ભિન્ન છે. આહા..હા...!

જુઓ ! આ જ્ઞેય અધિકાર ! અનેક દ્રવ્યપર્યાયાત્મક જ્ઞેય છે ખરું. પણ આત્માના અસ્તિત્વથી અનેરા અસ્તિત્વમાં એ દ્રવ્યપર્યાય છે અને એનાથી ભગવાનઆત્માનું અસ્તિત્વ ભિન્ન છે. આ..હા..હા..હા...! અંદરમાં અનેક દ્રવ્યોના સંયોગસ્વરૂપે હો, પણ આત્મા તો અંદર અસ્ખલિત એકદ્રવ્યપર્યાય ભિન્ન ભાસે છે. આહા..હા...! કહો, સમજાય છે કે નહિ ? એ..ઈ..! આ તો સમજાય એવી વાત છે. આ શરીર જડનું અસ્તિત્વ છે. એના આકાર આમ થાય... આમ થાય... આમ થાય... એ બધું જડના અસ્તિત્વની પર્યાયમાં થાય છે, આત્માના અસ્તિત્વને લઈને, આત્માની હયાતીને લઈને નહિ. આહા..હા...! સુખી થવું હોય તો આવું જ્ઞાન એણે કરવું પડશે. પેલા તમારા કેળવણીના જ્ઞાન ને એ બધા કુજ્ઞાન છે.

એક ક્ષેત્રે બન્નેના અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. આકાશની અપેક્ષાએ (એક ક્ષેત્ર) છે. એના આકાશમાં ઈ પોતે છે. અને એક સમયે તેની પર્યાય થાય અને આની થાય એ બન્ને તદ્દન ભિન્ન છે. આહા..હા...! શરીરની પર્યાય આમ થાય એ વ્યંજનપર્યાય તે તે સમયે તે તે અનેક દ્રવ્યાત્મક પર્યાયનો વિભાવપર્યાય હો. તે તે સમયે ! પણ તે સમયમાં ભગવાનઆત્મા તો અસ્ખલિત દ્રવ્યની પર્યાય, દ્રવ્ય અને પર્યાય તરીકે ભિન્ન છે. આહા..હા...! કેવી રીતે સિદ્ધ કર્યું છે ! બન્ને જ્ઞેયો છે. જ્ઞેય અધિકાર છે ને ? પણ બન્ને જ્ઞેયો પોતાના કારણે છે. પરજ્ઞેયના અસ્તિત્વના કારણે અંદર સ્વદ્રવ્યનું અસ્તિત્વ છે, એનો પર્યાય છે એમ પણ નથી.

**ભાવાર્થ :–** '**જોકે દરેક દ્રવ્યનું સ્વરૂપ-અસ્તિત્વ સદાય ભિન્ન ભિન્ન રહે છે...**' એ સ્વરૂપ-અસ્તિત્વમાં આવી ગયું છે, નહિ ? ૯૩, ૯૪ (ગાથા). સ્વરૂપ અસ્તિત્વ ! દરેક પદાર્થનું સ્વરૂપ હોવાપણું સદાય ભિન્ન ભિન્ન છે. બરાબર છે ? આત્માનું હોવાપણું અને આ શરીરની પર્યાયનું હોવાપણું દરેકનું પોતપોતાને કારણે ભિન્ન છે. આહા..હા...! '**તોપણ, જેમ પુદ્‌ગલનો અન્ય પુદ્‌ગલના સંબંધે સ્કંધરૂપ પર્યાય થાય છે...**' બે પરમાણુ, દસ પરમાણુ (આદિ). '**તેમ જીવનો પુદ્‌ગલોના સંબંધે દેવાદિક પર્યાય થાય છે.**' આ દેવ, આ મનુષ્ય. આ દેહ.

'**જીવનો આવો અનેકદ્રવ્યાત્મક દેવાદિપર્યાય અયુક્ત નથી; કારણ કે અંદરમાં જોતાં, અનેક દ્રવ્યોનો સંયોગ હોવા છતાં પણ, જીવ કાંઈ પુદ્‌ગલો સાથે એકરૂપ પર્યાય કરતો નથી,...**' જોયું ? પુદ્‌ગલ સાથે એકરૂપ પર્યાય તે કાળે પણ કરતો નથી. '**પરંતુ ત્યાં પણ એકલા જીવનો (–પુદ્‌ગલપર્યાયથી જુદો) અસ્ખલિત (–પોતાની નહિ ચ્યુત થતો) એકદ્રવ્યપર્યાય જ સદાય વર્ત્યા કરે છે.**'

એ પર્યાયના ભેદ વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पर्यायव्यक्तीर्दर्शयति -

**णरणारयतिरियसुरा संठाणादीहिं अण्णहा जादा।**
**पज्जाया जीवाणं उदयादिहिं णामकम्मस्स।।१५३।।**
**नरनारकतिर्यक्सुराः संस्थानादिभिरन्यथा जाताः।**
**पर्याया जीवानामुदयादिभिर्नामकर्मणः।।१५३।।**

नारकस्तिर्यङ्मनुष्यो देव इति किल पर्याया जीवानाम्। ते खलु नामकर्मपुद्गलविपाक-कारणत्वेनानेकद्रव्यसंयोगात्मकत्वात् कुकूलाङ्गारादिपर्याया जातवेदसः क्षोदखिल्वसंस्थानादि-भिरिव संस्थानादिभरन्यथैव भूता भवन्ति।।१५३।।

---

अथ तानेव पर्यायभेदान् व्यक्तीकरोति-**णरणारयतिरियसुरा** नरनारकतिर्यग्देवरूपा अवस्थाविशेषाः। **संठाणादीहिं अण्णहा जादा** संस्थानादिभिरन्यथा जाताः, मनुष्यभवे यत्समचतुरस्रादि-संस्थानमौदिरकशरीरादिकं च तदपेक्षया भवान्तरेऽन्यद्विसद्दशं संस्थानादिकं भवति। तेन कारणेन ते नरनारकादिपर्याया अन्यथा जाता भिन्ना भण्यन्ते; न च शुद्धबुद्धैकस्वभावपरमात्मद्रव्यत्वेन। कस्मात्। तृणकाष्ठपत्राकारादिभेदभिन्नस्याग्नेरिव स्वरूपं तदेव। **पज्जाया जीवाणां** ते च नरनारकादयो जीवानां विभावव्यञ्जनपर्याया भण्यन्ते। **कैः** कृत्वा। **उदयदिहिं णामकम्मस्स** उदयादिभिर्नामकर्मणो निर्दोषपरमात्मशब्दवाच्या-न्निर्णामनिर्गोत्रादिलक्षणाच्छुद्धात्मद्रव्यादन्यादृशैर्नामकर्मजनितैर्बन्धोदयोदीरणादिभिरिति। यत एव ते कर्मोदयजनितास्ततो ज्ञायते शुद्धात्मस्वरूपं न संभवन्तीति।।१५३।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે પર્યાયના ભેદ દર્શાવે છે :–

**તિર્યંચ, નારક, દેવ, નર–એ નાકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.**

**અન્વયાર્થ :– [नरनारकतिर्यक्सुराः]** મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ–એ, **[नामकर्मणः उदयादिभिः]** નાકર્મના ઉદયાદિકને લીધે **[जीवानां पर्यायाः]** જીવોના પર્યાય છે– **[संस्थानादिभिः]** કે જેઓ સંસ્થાનાદિ વડે **[अन्यथा जाताः]** અન્ય અન્ય પ્રકારના હોય છે.

**ટીકા :–** નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ–એ જીવોના પર્યાય છે. તેઓ નામકર્મરૂપ પુદ્‌ગલના વિપાકને કારણે અનેક દ્રવ્યના સંયોગાત્મક છે, તેથી જેમ તુષાનલ, અંગાર વગેરે અગ્નિના પર્યાયો ભૂકારૂપ, ગાંગડારૂપ ઇત્યાદિ સંસ્થાનો (આકારો) વડે અન્ય અન્ય પ્રકારના હોય છે, તેમ જીવના તે નારકાદિપર્યાયો સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના જ હોય છે. ૧૫૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૧૪, સોમવાર તા. ૦૭-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૫૩, ૧૫૪
## પ્રવચન નંબર–૧૬૧

('પ્રવચનસાર') ૧૫૩ (ગાથા). પર્યાયના ભેદ વર્ણવે છે. શરીરની પર્યાયો, સંસ્થાન, આકાર, સંહનન, સંઘયણ વગેરેની પર્યાય ઉત્પાદ-વ્યય ને ધ્રુવથી આત્માથી જુદી છે. આના (–શરીરના) ઉત્પાદ-વ્યય-ધ્રુવ આત્માથી જુદા છે એમ કહે છે. આ આંગળી સીધી છે તે વક્ર થઈ, તે સીધીનો વ્યય થયો, વક્રનો ઉત્પાદ થયો અને આંગળી ધ્રુવ (રહી). પરમાણુના એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ આત્માથી જુદા થાય છે. સમજાણું ? એ બતાવે છે.

**णरणारयतिरियसुरा संठाणादीहिं अण्णहा जादा।**
**पज्जाया जीवाणं उदयादिहिं णामकम्मस्स।।१५३।।**

**તિર્યંચ, નારક, દેવ, નર–એ નાકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.**

'**નારક,...**' (એટલે) આ નારકીનું શરીર. આ શરીર છે ને ? આ મનુષ્યનું શરીર કહેવાય. નારકીનું શરીર (હોય) એમ દેવનું (શરીર), એમ પશુનું (શરીર) એ જીવોના પર્યાય છે. વ્યવહારે જીવના સંયોગમાં એ પર્યાય છે. '**તેઓ નામકર્મરૂપ પુદ્ગલના વિપાકને કારણે...**' નામકર્મ છે ને ? આ શરીરનું મળવું અને શરીરના આકારનું થવું એ બધું નામકર્મના ઉદયને લઈને થયેલી આ દશા છે, એ આત્માની (દશા) નહિ. આત્માથી નહિ, આત્મામાં નહિ, આત્માની નહિ. ભાષા તો એવી કરી છે – '**જીવોના પર્યાય છે.**' સંયોગી તરીકે જીવના પર્યાય કહ્યાં છે. આહા..હા...! '**એ જીવોના પર્યાય છે.**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'તેઓ નામકર્મરૂપ પુદ્‌ગલના વિપાકને કારણે...'** એક નામકર્મ છે. એનો વિપાક થતાં **'અનેક દ્રવ્યના સંયોગાત્મક છે,...'** ઘણા રજકણના સંબંધરૂપે આ પર્યાય છે. આ શરીરની આંખ્યું, આ કાન (છે એ) અનેક દ્રવ્ય એટલે અનેક રજકણો, એ અનેક દ્રવ્યસ્વરૂપ આ (આંખ, કાનની) એક પર્યાય છે. એ નામકર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી આ પુદ્‌ગલની પર્યાય છે. આહા..હા...! એનો સમયે સમયે જે ઉત્પાદ – નવી અવસ્થા થવી, જૂની અવસ્થા જવી અને તેમાં સદૃશરૂપે ધ્રુવપણે રહેવું એ બધું આત્માથી ભિન્નપણે થાય છે. આત્મામાં એ થતું નથી તેમ આત્માથી થતું નથી. એ તો કર્મોદયના નિમિત્તથી (થાય છે). ઉપાદાન તો એની પોતાની શરીરની પર્યાય, ઇન્દ્રિયની પર્યાય... આ..હા..હા...! સમયે સમયે ભિન્ન પાડવા લાયક છે એમ કહેશે. સમજાણું ? પહેલાં આવી ગયું છે.

જરી મુદ્દાની વાત છે. કહે છે કે, આત્મા જે અંદર છે એના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પોતાના અસ્તિત્વમાં છે અને શરીર આદિના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ (એનામાં છે). 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' કહ્યું છે ને ? તો આત્માની જે પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની (પર્યાય) વ્યય થાય અને ધ્રુવ(પણે કાયમ રહે) એવું સત્ તે પોતાનું અસ્તિત્વ છે. એ પોતાનું સ્વરૂપ છે. અને શરીર, વાણી, મનમાં જે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય એ પરનું અસ્તિત્વ છે. એ પરમાં થાય છે, આત્માથી નહિ, આત્મામાં નહિ. આહા..હા...!

આખો 'દી શરીર આમ થાય, હાલે-ચાલે, ઊંચું-નીચું શરીર થાય, આમ માથું હલે એ બધી ઉત્પાદ, વ્યયની ધ્રુવ સહિતની પર્યાય પરની છે... આહા..હા...! એ આત્માની નહિ. એમ એણે ભેદ પાડવો જોઈએ. ઈ ક્યાંક આવ્યું છે. 'પગલે... પગલે..' ક્યાંક આવ્યું છે.

મુમુક્ષુ :– ૩૦૨ પાના ઉપર પાંચમી લીટી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઈ.

મુમુક્ષુ :– પગલે પગલે ખ્યાલમાં લેવું યોગ્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઈ. ઈ લ્યો, ઈ ! ૩૦૨ (પાનામાં) ક્યાં આવ્યું ? (શ્રોતા :– પાંચમી લીટી). ભાવાર્થમાં, હા, ઈ ભાવાર્થમાં છે. અંદર આવ્યું હતું. **'જીવે આ સ્વરૂપ-અસ્તિત્વને પગલે પગલે ખ્યાલમાં લેવું યોગ્ય છે.'** (૧૫૪ ગાથાનો) ભાવાર્થ છે ને ? આ શરીર આ છે એની જે દશા (થાય છે), સમયે સમયે ભિન્ન પર્યાય થાય છે એને પગલે પગલે ભિન્ન જાણવી જોઈશે. એટલે ક્ષણે ક્ષણે દરેક પર્યાયે આને ભિન્ન જાણવી જોઈશે એમ કહે છે. આહા..હા...!

પાણીમાં માખી હોય અને આંગળા આમ બચાવવા જાય (તો) કહે છે કે, ઈ તો આંગળીની ઉત્પાદ પર્યાય (થાય) છે. એ તો આની પર્યાય છે. ઈ એને બચવામાં આ પર્યાય નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ છે, ઉપાદાન તો એનું ત્યાં હતું. આહા..હા...! માખી પાણીમાં હોય અને જીવને બચાવવાનો (ભાવ આવે) તો તે કાળે શરીરની પર્યાયનો ઉત્પાદ અને આત્માની પર્યાયનો (ઉત્પાદ) ત્યાં ભિન્ન ભિન્ન એને કારણે હતો. આંગળીએ એને બચાવી એમ નથી એમ કહે છે. આહા..હા...! કેમકે આંગળીના ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં એનું અસ્તિત્વ એમાં છે. એ ઉત્પાદ-વ્યય ત્યાં પરમાં જતા નથી અને પરની પર્યાયના ઉત્પાદને આ ઉત્પાદ પર્યાય કરતી નથી. નિમિત્ત કાંઈ કરતું નથી એમ આ તો સિદ્ધ કર્યું. આહા..હા...!

'**નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ...**' એ જીવની સંયોગી પર્યાય છે. ભાષા તો એમ કીધી '**જીવોના પર્યાય છે. તેઓ નામકર્મરૂપ પુદ્‌ગલના વિપાકને કારણે અનેક દ્રવ્ય...**' રજકણો ભેગા થઈને આ દશા થઈ છે. આ આંગળીનો આ આકાર એ પણ એના પરમાણુની ઉત્પાદ પર્યાયને કારણે એવો આકાર થયો છે. કર્મને લઈને કહેવું એ તો નિમિત્તનું કથન છે. ત્યાં આત્માના નિમિત્તથી થયું એમ ન કહ્યું. ફક્ત એ થાય છે તેને નામકર્મનું નિમિત્ત છે એમ કહ્યું. એ નિમિત્ત છે એમ કહ્યું. આ શરીરની પર્યાય થાય છે એ તો પોતાના કારણે ઉત્પાદ થાય છે. આહા..હા...!

પ્રશ્ન :– કર્મના કારણે નહિ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– કર્મના કારણે નહિ. તેથી તો એને નિમિત્ત (કહ્યું). અહીં તો આત્માને કારણે નહિ, એનું નિમિત્ત પણ કહ્યું નહિ. પેલા (કર્મને) નિમિત્ત કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! આવી ચીજ જ છે, કહે છે. એવી ચીજનું જેવું ઉત્પાદ-વ્યય ને ધ્રુવયુક્તં સત્‌નું અસ્તિત્વ (છે), જે રીતે છે ઈ રીતે એને દૃષ્ટિમાં આવવું જોઈએ. દૃષ્ટિમાં જો ગડબડ થાય કે આ દેહની ક્રિયા મારાથી થઈ (તો તે મિથ્યાત્વ છે). આ..હા..હા...!

પ્રશ્ન :– નિમિત્તપણું તો ખરું કે નહિ ?

સમાધાન :– એ કીધું ને ? એ માટે તો અહીં વાત કરી છે. નામકર્મોદયનું નિમિત્ત કીધું, આત્માનું નિમિત્ત ન કીધું, આત્માની પર્યાય કીધી ! આહા..હા...! ભાષા જુઓ ! સંયોગ તરીકે જીવના પર્યાય કીધા. પણ એનું નિમિત્ત કે કારણમાં ઉદય નિમિત્ત છે એને લઈને એ બધી પર્યાય વર્તે છે. આત્માના નિમિત્તથી વર્તે છે એમ પણ નહિ. આહા..હા...!

ક્ષણે ક્ષણે શરીરની પર્યાય થાય એને ક્ષણે ક્ષણે પગલે પગલે, પર્યાયે પર્યાયે ભિન્ન જાણવી જોઈશે. આહા..હા...! સમજાણું કાંઈ ? અજીવને જીવ માને તો મિથ્યાત્વ, એમ આવે છે ને ? એનો અર્થ શું થયો ? કે, અજીવની આ જે પર્યાય આમ થાય એ મારાથી થઈ (એમ માને) તો તો એણે અજીવને જીવ માન્યો, જીવને અજીવ માન્યો. આમ જીવ અને અજીવ ક્ષણે ક્ષણે ભિન્ન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન અવસ્થા થાય એમ કરીને થાય કે વિકલ્પ આવ્યો અને શરીર આમ થયું, વિકલ્પ આવ્યો અને આંગળા આમ થઈ ગયા. એમ ભિન્ન ભિન્ન કાળે આવી અવસ્થા થાય છે ને ? તો એ ભિન્ન ભિન્ન કાળે એની પર્યાયને કારણે (એટલે કે) જીવની પર્યાયને કારણે એનો ઉત્પાદ (થાય) ખરો કે નહિ ? આ..હા..હા...! ભિન્ન ભિન્ન કાળે, તે કાળે, તે જ પ્રકારનો ઉત્પાદ જડની અવસ્થામાં થવાનો એનો કાળ હતો. એ ઉત્પાદ એના સત્‌નો ઉત્પાદ છે, ધ્રુવ છે તેનો ઉત્પાદ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પુદ્‌ગલ કર્મના વિપાકને, અહીં પુદ્‌ગલ પર્યાય કહેવી છે ને ? એટલે એને પુદ્‌ગલ વિપાક કર્મનું નિમિત્ત કીધું. નિમિત્ત (માત્ર). તેથી એણે ત્યાં આવી રચના – ઉત્પાદ કરી છે એમ નથી. આહા..હા...! કેમકે નામકર્મનો ઉદય (છે) એ એનો ઉત્પાદ છે એ તો એનામાં છે. ઉદય છે એ ઉત્પાદ છે. આ..હા...! કર્મરૂપે અવસ્થા પડી હતી એનો વ્યય થયો અને ઉદય થયો એ ઉત્પાદ થયો. આહા..હા...! એના ઉત્પાદને કારણે અહીંયાં શરીરની ઉત્પાદ પર્યાય થઈ એમ નહિ, પણ નિમિત્ત પુદ્‌ગલ છે એની પર્યાયનું નિમિત્ત પુદ્‌ગલ કર્મનું કીધું. આત્મા તો નિમિત્ત (પણ) નહિ. આ..હા..હા...! સમજાણું કાંઈ ? આ દયા પાળીએ ને આ પાળીએ ને... આ..હા..હા...!

'પોરબંદર'માં એક ભાઈ હતા. આપણે અહીંયાં (એક મુમુક્ષુ) આવે છે ને ? એના કાકા હતા. ચોમાસામાં બહાર નીકળે (ત્યારે) જ્યાં જ્યાં પાણીમાં માખી (હોય), વરસાદ હોય ને ? પાણી ભરાણા હોય, માખી પડી હોય (ત્યારે) એ દયા પાળવા જાતા. પાણી ભરાણા હોય ને ? ત્યાં માખી ઊડે ઈ પડે. વરસાદના વખતમાં (પડે). જુઓને ! અત્યારે કેટલું પાણી ભરાણું છે ! માખ્યું પડે, મચ્છર પડી ગયા હોય એ ન નીકળી શકે. એટલે પછી વ્યાખ્યાન સાંભળી એ કરવાને નીકળી જાય અને એમ માને કે મેં આ પરની દયા પાળી, પરને બચાવ્યા.

મુમુક્ષુ :– પોતાને માર્યો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે... અરે...! આવી વાતું છે.

એ તો જડની ઉત્પાદ પર્યાય એને નિમિત્ત થઈ છે. એ પણ ત્યાં એનો જીવવાનો ઉત્પાદ હતો. એના ઉત્પાદને આની આંગળીએ જીવવાનો ઉત્પાદ બનાવ્યો છે એમ છે નહિ. આ..હા..હા..હા...!

સમયે સમયે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું અસ્તિત્વ... હવે બીજી રીતે સિદ્ધ કરે છે. તેના કારણે ત્યાં ઉત્પાદ-વ્યય થાય એને બીજો કહે કે, મારે લઈને થાય એ મિથ્યા મોહ છે. મિથ્યાત્વભાવ છે. આહા..હા...! ભગવાનની પ્રતિમા પધરાવતા... ત્યાં પધરાવીને ? (તો) ત્યાં ઉત્પાદ થયો ને ? એ જગ્યાએ ત્યાં પધરાવી, એના પર્યાયનો ત્યાં ઉત્પાદ થયો. પધરાવનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિષ્ઠાવાળો કહે, મેં આ પધરાવી (તો એ મિથ્યા ભાવ છે). ઘણા મંદિર થયા. નહોતા, દિગંબર મંદિરો અત્યાર સુધી નહોતા. 'બેંગ્લોર'માં બાર લાખ(નું મંદિર થયું). બાર લાખ ! કાલે જ કાગળ આવ્યો છે કે, અમારે હવે અહીંયાં એક માણસ જોઈશે, વિદ્વાન માણસ કે જે હંમેશાં વાંચન કરે.

એ બધું તે તે કાળે તે પર્યાય જ્યાં શરીરની (થવાની હોય તે થાય). આહા..હા...! એ પ્રતિમાને પધરાવાનો, મકાન થવાનો ઉત્પાદ તે તે પરમાણુની અનેક દ્રવ્યાત્મક પર્યાય એની છે. આહા..હા...! બીજો જીવ એમ કહે કે, મેં અહીંયાં (પધરાવી). એ વ્યવહારથી બોલાય ભલે પણ એમ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! સમય સમયના સૂક્ષ્મ કાળમાં પ્રત્યેક પદાર્થમાં થતો ઉત્પાદ-વ્યય કાયમ રહીને એનાથી આને ભિન્ન પાડ્યો. કેમકે તારો ઉત્પાદ-વ્યય પણ એના ઉત્પાદ-વ્યયથી ભિન્ન છે. ભલે સમકાળ હોય. કાળ સમ એટલે એકસાથે હોય. એકસાથે હોય માટે આત્માએ શરીરની પર્યાય કરી, ઉત્પન્ન કરી, હલાવી એમ છે નહિ. આહા..હા...!

આ મોટા મોટા વરઘોડા ચાલે છે, ગજરથ ચાલે, લ્યો ! ગજરથ ! કેવા મોટા સ્વાગત થાય કે આમ... ઓ..હો..હો..હો...! ૨૧ હાથી ! 'જયપુર'માં ૨૧ હાથી ! ચાલીસ હજાર માણસ ! લોકો તો ઊમટી પડ્યા કે, શું છે આ !? એનો ઉત્પાદનો તે તે પર્યાય – રથનો, હાથીના ચાલવાનો... આ..હા..હા...! એ ઉત્પાદને અંદરનો આત્મા ન કરે, તો બીજો વળી દૂર રહેલો (કેવી રીતે કરે ?) છેવટે (રથયાત્રા) પૂરી થઈ તો (૨૧ હાથી) આમ લાઈનસર ઊભા રહ્યા, સલામી આપી ! અરે...! આ શું હશે આ ?

કહે છે કે, એ શરીરની જે કાળે એ પ્રકારના રજકણની અનેક દ્રવ્ય... આ અનેક દ્રવ્ય છે ને ? અનેક દ્રવ્યાત્મક એક પર્યાયના ઉત્પાદને બીજો આત્મા કરતો નથી. આ..હા..હા...!

મુમુક્ષુ :– નજીકનો પરમાણુ પણ ન કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એનો એક રજકણ બીજા રજકણને શું કરે ? ઈ પણ આમાં આવશે. આહા..હા...! એક રજકણના તે સમયના ઉત્પાદ-વ્યય અને ધ્રુવયુક્ત સત્ (છે). પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત યુક્તં સત્ એમ કંઈ છે નહિ અથવા આત્માને લઈને આ શરીરના ઉત્પાદ-વ્યય ને ધ્રુવનું સત્ છે એમ નથી. આ..હા..હા...! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઘણો, ભાઈ ! આ..હા...!

'**તેથી જેમ તૃષાનલ,...**' (એટલે) ફોતરાંનો અગ્નિ, ભૂકાના આકારે અગ્નિ અને '**અંગાર વગેરે...**' અંગારો (એટલે) ગાંગડાના આકારે. એ '**પર્યાયો ભૂકારૂપ, ગાંગડારૂપ ઇત્યાદિ સંસ્થાનો (આકારો) વડે અન્ય અન્ય પ્રકારના હોય છે,...**' ભૂકાની અગ્નિ, છાણાની અગ્નિ ભિન્ન ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આકારે હોય છે ને ? એ પોતાને કારણે થયેલ છે. આહા..હા...!

'**તેમ જીવના તે નારકાદિપર્યાયો સંસ્થાનાદિ વડે...**' જેમ પેલાનો આકાર કીધો ને ? તૃષાનલનો આકાર ભૂકાને આકારે, અંગારાના આકાર ગાંગડાના આકારે. આ છાણાને આકારે અગ્નિ (હોય છે). અડાયા થાય છે, અડાયા. અડાયા એટલે છૂટા અમસ્તા પડ્યા (હોય ઈ) સુકાઈ જાય. એને અગ્નિ થાય તો એવે આકારે થાય. '**તેમ જીવના નારકાદિપર્યાયો સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના...**' એને કારણે થાય. આહા..હા...!

અહીં નિમિત્તની તો ના પાડી, આત્માથી થાય એ તો વાત પણ ન લીધી. નિમિત્ત લીધું તો ફક્ત પુદ્ગલ કર્મ લીધું. સમજાણું કાંઈ ? અભિમાન... અભિમાન... છે ને ? વાણીની પર્યાય પણ અનેક દ્રવ્યાત્મક વિભાવિક સંયોગી પર્યાય છે. એના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આત્માના અસ્તિત્વથી ભિન્ન છે. આત્માના અસ્તિત્વમાં એમ આવ્યું કે, વિકલ્પ થયો (અને) ભાષા થાય. તેથી વિકલ્પનું નિમિત્ત છે અને ભાષા થાય છે એમ નથી. વિકલ્પનો ઉત્પાદ અહીંયાં છે અને ભાષાની પર્યાયનો ઉત્પાદ ભાષામાં છે. એ ઉત્પાદનો આત્મા કર્તા છે નહિ. આહા..હા...! આત્મા વિના ભાષા નીકળે ? લોકો એમ કહે છે. ઈંટમાંથી ભાષા નીકળે છે ? ઈંટમાંથી પણ નહિ અને આત્મામાંથી પણ નહિ. સાંભળને હવે ! આહા..હા...! આ બે (હાથનો) અવાજ થાય એ આને લઈને નહિ. એ અવાજની પર્યાય પોતાના ઉત્પાદને કારણે થાય છે. આ બે અવાજ આમ થયા માટે શબ્દનો અવાજ આવે છે (એમ છે નહિ).

મુમુક્ષુ :– બે હાથને જુદા કરો પછી જુઓ થાય છે કે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રાખે કોણ અને ભેગા કોણ કરે ? આવો માર્ગ છે.

સમયે સમયે પરના ઉત્પાદનું કારણ આત્મા નથી એમ એણે ખ્યાલમાં રાખવું જોઈશે. જો એને ભેદજ્ઞાન (કરવું હોય તો), જે રીતે એનું અસ્તિત્વ છે – પોતાનું અને પરનું, (તે રીતે) એણે ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનનો ખ્યાલ રાખવો પડશે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો ધર્મ ! કેટલું ધ્યાન રાખીને આવા મોટા મકાન બનાવીએ અને કહે કે, કાંઈ (કર્યું નથી) ! કહે છે કે, અનેક દ્રવ્યાત્મક પર્યાયની વિભાવિક પર્યાયને તો કર્મનું પણ કારણ નથી. અહીં તો શરીરાદિ લેવું છે ને એટલે (કર્મનું નિમિત્ત કહ્યું છે). એ તો એનો સ્વકાળ ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ તે કાળે તે પ્રકારે, તે ક્ષેત્રે, તે કાળે, તે પ્રકારના ઉત્પાદ પર્યાયને આત્મા કરતો નથી. આ..હા..હા...! જુઓને આ કેવું રંગ્યું છે ! કોણ કરે ? ત્યાં ત્યાં તેના રજકણોનો તે પ્રકારનો ઉત્પાદ, તે કાળનો હતો (તે) ત્યાં ઉત્પન્ન થઈ છે. આહા..હા...! '**તેમ જીવના તે નારકાદિપર્યાયો...**' દેવ આદિ, આ શરીર આદિની પર્યાય એનું સંસ્થાન – એનો આકાર. જુઓને માથાનો આકાર, આ નાકનો આકાર, આંખનો આકાર, કાનનો આકાર, હાથના દળનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनोऽन्यद्रव्यसंकीर्णत्वेऽप्यर्थनिश्चायकमस्तित्वं स्वपरविभागहेतुत्वेनोद्योतयति -

**तं सब्भावणिबद्धं दव्वसहावं तिहा समक्खादं।**
**जाणदि जो सवियप्पं ण मुहदि सो अण्णदवियम्हि।।१५४।।**
**तं सद्भावनिबद्धं द्रव्यस्वभावं त्रिधा समाख्यातम्।**
**जानाति यः सविकल्पं न मुह्यति सोऽन्यद्रव्ये।।१५४।।**

यत्खलु स्वलक्षणभूतं स्वरूपास्तित्वमर्थनिश्चायकमाख्यातं स खलु द्रव्यस्य स्वभाव एव, सद्भावनिबद्धत्वाद्द्रव्यस्वभावस्य। यथासौ द्रव्यस्वभावो द्रव्यगुणपर्यायत्वेन स्थित्यत्पादव्यय-

---

अथ स्वरूपास्तित्वलक्षणं परमात्मद्रव्यं योऽसौ जानाति स परद्रव्ये मोहं न करोतीति प्रकाशयति-**जाणदि** जानाति। **जो** यः कर्ता। कम्। तं पूर्वोक्तं **दव्वसहावं** परमात्मद्रव्यस्वभावम्।

---

આકાર, આંગળીઓ એ બધો આકાર એનો ઉત્પાદ (છે) એ અનેક દ્રવ્યાત્મક પર્યાયનો ઉત્પાદ છે. આહા..હા...!

સંસ્કૃતમાં છે. '**निर्दोषपरमात्मशब्दवाच्यान्निर्णामनिर्गोत्रादिलक्षणाच्छुद्धात्मद्रव्यादन्या**' આ..હા..હા..! રજકણની પર્યાય '**न्निर्णामनिर्गोत्रा**' એમ ભાષા છે ? 'પરમાત્મપ્રકાશ'માં એમ આવે છે. ભાષા આવી આવી છે, હોં ! '**न्निर्णामनिर्गोत्रा**' ! 'પરમાત્મપ્રકાશ'માં આવે છે. એવો જે ભગવાનઆત્મા ! એની પર્યાયથી આ શરીરાદિની (પર્યાય ભિન્ન છે). ઓ..હો..હો...! નારકીનું શરીર આમ પારાની જેમ વીંખાઈ જાય. ત્યાં ઠંડી અને ગરમી એટલી બધી હોય કે એ પારાની જેમ શરીર વીંખાઈ જાય. તો કહે છે કે, એ ઠંડી, ગરમીને કારણે નહિ. એ શરીરનું પારાની જેમ વીખરાવું એવો જ એનો ઉત્પાદનો પર્યાય (થાય છે). આહા..હા...! સમજાણું કાંઈ ? પાછું એવું આવે લ્યો ! કે, નરકની અગ્નિનો એક તણખો પણ અહીં આવે તો દસ દસ હજાર ગાઉમાં મનુષ્ય મરી જાય. હવે કહે છે કે, તમે કહ્યું કે આનાથી મરી જાય તો એના ઉત્પાદ આનાથી થયો, દેહની અવસ્થા વ્યય થઈ. (તો કહે છે), ના. એ તો એના ઉત્પાદ અને વ્યય એના ધ્રુવને આશ્રયે થયેલો છે, અગ્નિને આશ્રયે થયો નથી. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वेन च त्रितयीं विकल्पभूमिकामधिरूढः परिज्ञायमानः परद्रव्ये मोहमपोह्य स्वपरविभागहेतु-र्भवति, ततः स्वरूपास्तित्वमेव स्वपरविभागसिद्धये प्रतिपदमवधार्यम्। तथाहि-यच्चेतनात्वान्वयलक्षणं द्रव्यं, यश्चेतनाविशेषत्वलक्षणो गुणो, यश्चेतनात्वव्यतिरेकलक्षणः पर्यायस्तत्त्रयात्मकं, या पूर्वोत्तरव्यतिरेकस्पर्शिना चेतनत्वेन स्थितिर्यावत्तरपूर्वव्यतिरेकत्वेन चेतनस्योत्पादव्ययौ तत्त्रयात्मकं

---

किंविशिष्टम्। **सब्भावणिबद्धं** स्वभावः स्वरूपसत्ता तत्र निबद्धमाधीनं तन्मयं सद्भावनिबद्धम्। पुनरपि किंविशिष्टम्। **तिहा समक्खादं** त्रिधा समाख्यातं कथितम्। केवलज्ञानदयो गुणाः सिद्धत्वादिविशुद्धपर्यायास्तदुभयाधारभूतं परमात्मद्रव्यत्वमित्युक्तलक्षणत्रयात्मकं तथैव शुद्धोत्पादव्यय-ध्रौव्यत्रयात्मकं च यत्पूर्वोक्तं स्वरूपास्तित्वं तेन कृत्वा त्रिधा सम्यगाख्यातं कथितं प्रतिपादितम्।

---

હવે આત્માનું અન્ય દ્રવ્ય સાથે સંયુક્તપણું હોવા છતાં, અર્થનિશ્ચાયક અસ્તિત્વને સ્વ-પરના વિભાગના હેતુ તરીકે સમજાવે છે :–

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.**

---

અગ્નિ ઉપર ઘીનો કટોરો મૂકો, શું કહેવાય ? કટોરો... લોચો ! અગ્નિ ઉપર ઘીનો લોચો મૂકો ફડાક... ફડાક... ઓગળી જાય. ઓગળે છે કે નહિ ? તો કહે છે કે, (અગ્નિને) લઈને નહિ. એની પર્યાયનો ઓગળવાનો ઉત્પાદ એને પોતાને કારણે આમ ઓગળે છે. આહા..હા...! દુનિયાને તો (ગાંડા જેવું લાગે). ૧૫૩ (ગાથા પૂરી થઈ). ૧૫૪ (ગાથા).

‘**હવે આત્માનું અન્ય દ્રવ્ય સાથે સંયુક્તપણું હોવા છતાં,...**’ કહે છે કે, ભલે બીજા પદાર્થ પરમાણુ સાથે ભગવાન સંયોગે દેખાય (છતાં) ‘**અર્થનિશ્ચાયક અસ્તિત્વને સ્વ-પરના વિભાગના હેતુ તરીકે સમજાવે છે :–**’ દરેક પદાર્થનો નિશ્ચય સ્વભાવ પોતાનું અસ્તિત્વ પોતાને કારણે છે અને પરને પરને કારણે (છે). એવા ‘**વિભાગના હેતુ તરીકે સમજાવે છે :–**’ ૧૫૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



च स्वरूपास्तित्वं यस्य नु स्वभावोऽहं स खल्वयमन्यः। यच्चाचेतनत्वान्वयलक्षणं द्रव्यं, योऽचेतनाविशेषत्वलक्षणो गुणो, योऽचेतनत्वव्यतिरेकलक्षणः पर्यायस्तत्त्रयात्मकं, या पूर्वोत्तर-व्यतिरेकस्पर्शिनाचेतनत्वेन स्थितिर्यावत्तरपूर्वव्यतिरेकत्वेनाचेतनस्योत्पादव्ययौ तत्त्रयात्मकं च स्वरूपास्तित्वं यस्य तु स्वभावः पुद्गलस्य स खल्वयमन्यः। नास्ति मे मोहोऽस्ति स्वपरविभागः।।१५४।।

---

पुनरपि कथंभूतं आत्मस्वभावम्। **सवियप्पं** सविकल्पं पूर्वोक्तद्रव्यगुणपर्यायरूपेण सभेदम्। य इत्थंभूतमात्मस्वभावं जानाति, **ण मुहदि सो अण्णदवियम्हि न** मुह्यति सोऽन्यद्रव्ये, स तु भेदज्ञानी विशुद्धज्ञानदर्शनस्वभावमात्मतत्त्वं विहाय देहरागादिपरद्रव्ये मोहं न गच्छतीत्यर्थः। ।।१५४।।

---

**અન્વયાર્થ :–** **[यः]** જે જીવ **[तं]** તે (પૂર્વોક્ત) **[सद्भावनिबद्धं]** અસ્તિત્વનિષ્પન્ન, **[त्रिधा समाख्यातं]** ત્રણ પ્રકારે કહેલા, **[सविकल्पं]** ભેદોવાળા **[द्रव्यस्वभावं]** દ્રવ્યસ્વભાવને **[जानाति]** જાણે છે, **[सः]** તે **[अन्यद्रव्ये]** અન્ય દ્રવ્યમાં **[न मुह्यति]** મોહ પામતો નથી.

**ટીકા :–** જે, દ્રવ્યને નક્કી કરનારું, સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ કહેવામાં આવ્યું, તે ખરેખર દ્રવ્યનો સ્વભાવ જ છે; કારણ કે દ્રવ્યનો સ્વભાવ અસ્તિત્વનિષ્પન્ન (અસ્તિત્વનો બનેલો)

---

**तं सब्भावणिबद्धं दव्वसहावं तिहा समक्खादं।**
**जाणदि जो सवियप्पं ण मुहदि सो अण्णदवियम्हि।।१५४।।**

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.**

**ટીકા :–** '**જે, દ્રવ્યને નક્કી કરનારું,...**' દરેક પદાર્થને નક્કી કરનારું '**સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ કહેવામાં આવ્યું,...**' તે તેના સ્વલક્ષણક્ષભૂત સ્વરૂપ એવું હોવાપણું એને કારણે કહેવામાં આવ્યું. '**તે ખરેખર દ્રવ્યનો સ્વભાવ જ છે;...**' એ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ સ્વલક્ષણભૂત સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે ત્રયાત્મક ભેદભૂમિકામાં આરૂઢ એવો આ દ્રવ્યસ્વભાવ જણાતો થકો પરદ્રવ્ય પ્રત્યેના મોહને દૂર કરીને સ્વ-પરના વિભાગનો હેતુ થાય છે, તેથી સ્વરૂપ-અસ્તિત્વ જ સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પદે પદે અવધારવું (–ખ્યાલમાં લેવું). તે આ પ્રમાણે :–

(૧) ચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય, (૨) ચેતનાવિશેષત્વ (–ચેતનાનું વિશેષપણું) જેનું લક્ષણ છે એવો જે ગુણ અને (૩) ચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય – એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ), તથા (૧) પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા ચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) ચેતનના ઉત્તર ને પૂર્વ વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય – એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જેનો સ્વભાવ છે એવો હું તે ખરેખર અન્ય છું (અર્થાત્ હું પુદ્‌ગલથી આ જુદો રહ્યો). અને (૧) અચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય, (૨) અચેતનાવિશેષત્વ જેનું લક્ષણ છે એવો જે ગુણ અને (૩) અચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય – એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ) તથા (૧) પૂર્વ ને ઉત્તર

---

એ એનો સ્વભાવ છે. આ..હા..હા...! (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં અર્થનિશ્ચાયકનો અર્થ આપ્યો છે). ઉપરના (મથાળાના) વાક્યમાં (જે શબ્દ છે તેનો અર્થ). 'દ્રવ્યનો નિશ્ચય કરનારું; દ્રવ્યને નક્કી કરનારું; (દ્રવ્યનો નિર્ણય કરવાનું સાધન જે સ્વરૂપ-અસ્તિત્વ તે સ્વ-પરનો ભેદ પાડવામાં સાધનભૂત છે એમ આ ગાથામાં સમજાવે છે).'

દરેક આત્મા અને દરેક પરમાણુનું સ્વરૂપે અસ્તિત્વ પોતાને કારણે છે એમ પરથી ભિન્નપણે આ સ્વરૂપ-અસ્તિત્વ બતાવે છે. આહા..હા...! આ બધા વાંધા ઉઠાવે છે ને ? નિમિત્તથી થાય ને આનાથી થાય ને આનાથી થાય, નિમિત્ત ન આવે તો ન થાય. એ પ્રશ્ન જ નથી. સત્‌નું વસ્તુનું સ્વરૂપ કેવું છે ? તે સમય સમયમાં અસ્તિત્વનું સ્વરૂપ, દરેકનું ઉત્પાદ-વ્યય અને ધ્રુવ તરીકે નક્કી કરી, એમાં પરની ઉત્પાદ પર્યાય (આત્માથી) થાય એવું તો છે નહિ. એ પોતાને કારણે ઉત્પાદ-વ્યય થાય કે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ થાય એ પોતાનો સ્વભાવ છે. આહા..હા...!

પાણી વિના ચોખા ચડે નહિ, લ્યો ! આ ઊના પાણી હોય તો ચોખા ચડે કે એમને એમ ચોખા ચડતા હશે ? તો પછી પાણીના કારણે ચોખા ચડે એનો ઉત્પાદ-વ્યય પરને લઈને થયો તો પોતાનો (ઉત્પાદ-વ્યય સ્વભાવ) ક્યાં ગયો ? ચડવાની પર્યાયનો ઉત્પાદ, કાચાની પર્યાયનો વ્યય અને ધ્રુવપણે રહેવું એ તો એના અસ્તિત્વનું સ્વરૂપ છે. કહો, પાણીથી ચોખા ચડતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યતિરેકને સ્પર્શનારા અચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) અચેતનના ઉત્તર ને પૂર્વ વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય–એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જે પુદ્‌ગલનો સ્વભાવ છે તે ખરેખર આ (મારાથી) અન્ય છે. (માટે) મને મોહ નથી; સ્વ-પરનો વિભાગ છે.

**ભાવાર્થ :–** મનુષ્ય, દેવ વગેરે અનેકદ્રવ્યાત્મક પર્યાયોમાં પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ અને દરેક પરમાણુનું સ્વરૂપ-અસ્તિત્વ તદ્દન ભિન્નભિન્ન છે. સૂક્ષ્મતાથી જોતાં ત્યાં જીવ અને પુદ્‌ગલનું સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્ પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય) સ્પષ્ટપણે ભિન્ન જાણી શકાય છે. સ્વ-પરનો ભેદ પાડવા માટે જીવે આ સ્વરૂપ-અસ્તિત્વને પગલે પગલે ખ્યાલમાં લેવું યોગ્ય છે. તે આ પ્રમાણે : આ (જાણવામાં આવતાં) ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને ચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવો હું આ (પુદ્‌ગલથી) જુદો રહ્યો; અને આ અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવું પુદ્‌ગલ આ (મારાથી) જુદું રહ્યું. માટે મને પર પ્રત્યે મોહ નથી; સ્વ-પરનો ભેદ છે. ૧૫૪.

---

નથી એમ કહે છે !

પ્રશ્ન :– પાણી વગર તો ચોખા કેવી રીતે થાય ?

સમાધાન :– એનો દ્રવ્યનો સ્વભાવ છે માટે થાય એમ કીધું, જુઓને ! દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવો એનો સ્વભાવ છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– આ વાત ભારતમાં નથી, વિદેહક્ષેત્રની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિદેહક્ષેત્રની નહિ, આત્માની વાત છે.

હો, તે તે કાળે જડનો ઉત્પાદ પર્યાય હો અને તે પર્યાય દ્રવ્ય-ગુણનો છે. દ્રવ્ય કાયમ રહેલું, ગુણ કાયમ રહેલાં અને તે કાળની તે પર્યાયનો ઉત્પાદ તે અસ્તિત્વને કારણે એમાં (થાય) છે. દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણ ત્રણ લીધાં છે. આ..હા..હા...! બહુ સ્પષ્ટ ! ઘણું સ્પષ્ટ !!

'**કારણ કે દ્રવ્યનો સ્વભાવ અસ્તિત્વનિષ્પન્ન...**' દ્રવ્ય – વસ્તુનો સ્વભાવ જ અસ્તિત્વ – પોતાના હોવાપણે જ પ્રાપ્ત છે, બનેલો છે. દ્રવ્યનો સ્વભાવ – આત્માનો, પરમાણુનો સ્વભાવ હોવાપણાથી પ્રાપ્ત, બનેલો છે. એના હોવાપણાથી થયેલો છે. એના હોવાપણાથી થયેલો છે, બીજાના હોવાપણાથી થયેલો છે એમ નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ !

(આ) ટીકા થાય (તો) કહે છે કે, એ ટીકાના રજકણો એના ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ એનાથી થયું છે, આત્માનાં અસ્તિત્વથી નહીં. મેં આ ટીકા કરી ? ના. પેલામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ લખ્યું છે કે, એ તો મહામોટા પુરુષ છે એટલે એમ કહ્યું. એવું લખ્યું છે. એવું (કહીને) ઢીલું કરી નાખ્યું. 'કળશટીકા' ! બીજી ટીકા સારી કરી. ત્યાં વળી ઢીલું કરી નાખ્યું. એ તો મોટા પુરુષ છે એટલે કહે છે કે મેં બનાવી નથી, બાકી બનાવી તો એમણે છે. એ તો ફક્ત આમનું નિમિત્ત હતું અને એમનો ઉપકાર છે એટલું જણાવવા ત્યાં એમ લીધું છે. એટલું ત્યાં લીધું છે કે, ઉપકાર (છે). એ વાણીનું નિમિત્ત તો આચાર્ય હતા ને ? એથી એનો ઉપકાર માનવો જોઈએ. જડથી થઈ છે એમ માનીને ઉપકાર ન માને એ માટે એ વાત જરી એવી કરી. બાકી તો... આહા..હા...! અક્ષરે અક્ષરનો અનંત પરમાણુનો સ્કંધ એનો તે કાળે તે પર્યાયનો ઉત્પાદ પૂર્વને કારણે વ્યય (અને) ધ્રુવ (રહેવું) એ તો અસ્તિત્વનું જ પ્રાપ્તપણું (છે), એના હોવાપણાનું – પ્રાપ્તની સિદ્ધિ કરે છે. બીજાના હોવાપણાને લઈને આ હોવાપણું છે એમ સાબિત નથી કરતું. સમજાણું કાંઈ ? ભાઈ ! આ બધા તમે કાર્યકર્તાઓ ઘણા (કામ કરો છો).

મુમુક્ષુ :– અભિમાન કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અભિમાન ? એક તો ગામના શેઠિયા હતા વળી પાછા ગામના કાર્યકર્તા થાય એટલે ડબલ અભિમાન થાય ને ? ડબલ પદવી ! આહા..હા...! મારગડા જુદા, પ્રભુ !

આ..હા..હા...! શું વાત કરી છે ! જ્ઞેય અધિકાર છે ને ? દરેક જ્ઞેય – જડ અને ચૈતન્ય, તેનો તે કાળે તેના દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં એનું અસ્તિત્વ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવને લઈને એનું અસ્તિત્વ છે. આ..હા..હા..હા...! એ પર્યાય એના દ્રવ્ય-ગુણના અસ્તિત્વથી થઈ છે. બીજાના દ્રવ્ય-ગુણમાં થઈ છે અને બીજાના દ્રવ્ય-ગુણથી પર્યાય થઈ છે એમ નથી. આહા..હા...! ઘણું એને અભિમાન ! અમે આમ બોલીએ, અમે આમ સમજાવીએ, અમે તમને સરળ ભાષા કરીને સમજાવશું. આહા..હા...! કોણ કરે ભાષા ? ભાઈ ! એ ભાષાનો પર્યાય શબ્દમાંથી – શબ્દવર્ગણામાંથી ઉત્પન્ન થાય એનો ઉત્પાદ એનો છે, શબ્દવર્ગણાનો વ્યય છે અને પરમાણુનું ધ્રુવપણું છે. આ..હા..હા...! એમાં આ બધા વૈદ્યો ને ડૉક્ટરો બીજાનું કરી દ્યે. એથી અમે કાંઈક જાણીએ છીએ, એથી બીજાનું આમ કરી દઈએ, દવા આમ કરી દઈએ, ફલાણું આમ કરી દઈએ...

મુમુક્ષુ :– પરસ્પર અનુગ્રહ કરવો જોઈએ ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય અનુગ્રહ નથી.

મુમુક્ષુ :– કળા... કળા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કળા ક્યાંની ? કળા કળામાં રહી ગઈ ત્યાં ક્યાં ગરી ગઈ હતી ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કળાનો ઉત્પાદ એની પર્યાયમાં રહ્યો. દવાની પર્યાય બતાવી એમાં દવાની પર્યાયમાં ક્યાં એની કળા આવી ? આહા..હા...!

મુમુક્ષુ :– એવી સૂચના કરે કે દવા લાગુ પડ્યા વિના રહે જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય લાગુ ન પડે, કેટલીક વખતે તો ! કરવા જાય ત્યાં માથું ફરી જાય. (એક ભાઈને) થયું હતું ને ? અસાધ્ય થઈ ગયા હતા. ઇંજેક્શન લીધું ત્યાં અસાધ્ય થઈ ગયા. અહીંયાં ઇંજેક્શન આપે ત્યાં ફેરફાર નથી જઈ જતો ? ઘડીકમાં ફેરફાર થઈ જાય, લ્યો ! બેભાન થઈ જાય, લવારો વધી જાય, મરી જાય ! દેહની સ્થિતિ પૂરી થવાની હોય (તો મરી જાય). અહીં આપણે થયું નહોતું ? ઇંજેક્શન આપ્યું... થઈ ગયું પૂરું !! ઈ થવાનું હતું, હોં ! ત્યાં કાંઈ ઇંજેક્શનથી (નથી થયું).

આવો જે નિર્ણય કરે એને પરનો મોહ ઊડી જાય. આહા..હા...! એનો ફોગટ જે મોહ હતો... મોહ એટલે ફોગટ ! એ ફોગટનો મોહ ઊડી જાય એને. આહા..હા...! અમે આ કર્યું હતું, અમે આ કર્યું હતું... કારણ કે દ્રવ્યનો સ્વભાવ હોવાપણાથી પ્રાપ્ત છે, બનેલો છે. હોવાપણાથી બનેલો છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણે હોવાપણે બનેલો છે, એ પરને કારણે બનેલો છે એમ છે નહિ. જાણે થાય છે, પરથી આમ થાય છે... નિમિત્તથી કોઈ વખતે થાય, કોઈ વખતે ન થાય. નિમિત્તથી ન જ થાય (એ) એકાંત છે, એમ (લોકો) કહે છે. અહીં તો કહે છે ત્રણકાળમાં નિમિત્તથી (ન થાય). નિમિત્તની પર્યાયનો ઉત્પાદ-વ્યયનો ધ્રુવ એના અસ્તિત્વમાં (છે) અને સામે(વાળા પદાર્થના) ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એના અસ્તિત્વમાં. સામાના દ્રવ્ય-ગુણની પર્યાય ત્યાં, આના દ્રવ્ય-ગુણની પર્યાય અહીં. એમાં આ પર્યાય આ પર્યાયને કરે એ ક્યાં રહ્યું ? આહા..હા...! એ દ્રવ્ય છે એ કાયમી (છે), ગુણ કાયમી (છે) હવે એની વર્તમાન અવસ્થા ઉત્પાદ-વ્યય(સ્વરૂપ) અને ધ્રુવ. દ્રવ્ય-ગુણ એ ધ્રુવ અને ઉત્પાદ-વ્યય તે પર્યાય. ત્રણ થઈને એનું અસ્તિત્વ છે. એનું હોવાપણે ઈ રહેલું, બનેલું છે. આ..હા..હા...! ભારે વાત, ભાઈ !

અનાસક્તિએ બીજાનું કામ કરવું એ વાત જ જૂઠી છે. બીજાનું કામ એટલે બીજાના ઉત્પાદનું કાર્ય અનાસક્તિએ કરવું એમ ?

મુમુક્ષુ :– અનાસક્તિએ કરવું એમ તો 'સમયસાર'માં પણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ અનાસક્તિ બીજી વાત છે. અનાસક્તિ એટલે ? રાગ થાય છે એ મારો નથી, એમ અનાસક્તિ છે. એકત્વબુદ્ધિ નથી. આ તો એકત્વ હું કરું પણ અનાસક્તિ રાખું. એનો અર્થ શું ? આહા..હા...! અહીં તો અનાસક્તિ એટલે થયેલી અવસ્થામાં એકત્વબુદ્ધિ નથી, જ્ઞાતાબુદ્ધિ છે એને અનાસક્તિ આ અપેક્ષાએ, એકત્વ નથી એમ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પરનું કરી શકું છું (એમ જ્યાં માન્યતા છે) ત્યાં તો પરની સાથે એકત્વબુદ્ધિ થઈ ગઈ. પરનો પર્યાય હું કરી શકું છું ત્યાં તો બેની એકબુદ્ધિ થઈ ગઈ. આહા..હા...!

'**દ્રવ્ય-ગુણ-પર્યાયપણે...**' જુઓ ! દરેક વસ્તુના દ્રવ્ય, ગુણ ને પર્યાય... આ..હા..હા...! તે તે કાળના દ્રવ્ય-ગુણ તો અવિનાશી (છે) અને તે કાળના તે દ્રવ્યનો તે પર્યાય તે દ્રવ્ય-ગુણનો પર્યાય છે. સામાન્યનું એ વિશેષ છે. એ વિશેષપણું બાહ્યના સંયોગો આવ્યા માટે અહીં વિશેષપણું થયું એમ નથી. આહા..હા...! દ્રવ્ય-ગુણ એ સામાન્ય છે, પર્યાય તેનું વિશેષ છે. તેના દ્રવ્ય-ગુણનો તે પર્યાય વિશેષ છે. આહા..હા...! પાણી ઊનું થયું એ પાણીના દ્રવ્ય-ગુણમાં કાયમ રહી અને ઉષ્ણ પર્યાય (થયો) એ એનો પર્યાય છે. એ પર્યાય અગ્નિથી ઉત્પન્ન થયો એમ નથી. અરે...! આવી વ્યાખ્યા !

'પરસ્પર ઉપગ્રહ કરો' લ્યો ! હમણાં તો ઈ ચાલ્યું છે, નહિ ? ચૌદ રાજલોકનો ફોટો આપે છે, નીચે 'પરસ્પર ઉપગ્રહ' (લખે છે). (અર્થાત્) એકબીજા એકબીજાને ઉપકાર કરો. કોણ ઉપકાર કરે ? ભાઈ ! જેનો જે દ્રવ્યનો, એના ગુણનો એનો જે વિશેષનો પર્યાયનો એનો પોતાનો કાળ છે અને તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ એનું છે. (એમાં) બીજો એના પર્યાયને કરે તો આના દ્રવ્ય-ગુણની એ પર્યાય થઈ ગઈ, એના દ્રવ્ય-ગુણની એ પર્યાય ન રહી. સમજાણું કાંઈ ?

બીજાની દશાને – શરીરની, વાણીની, મનની અને બીજા આત્માની, મેં એને ધર્મની પર્યાય પ્રગટાવી. 'મેં' એને (પ્રગટાવી) ! ભાઈ ! એના ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું અસ્તિત્વ તો એનું છે અને તે ઉત્પાદપર્યાય છે એ એના દ્રવ્ય-ગુણની છે. એ તારી પર્યાય નથી કે તેં એને ઊપજાવી. આ..હા..હા...! તો પછી આ ઉપદેશ શું કરવા કરો છો ? ઉપદેશ તો વાણીને કારણે વાણી નીકળે છે, ભાઈ ! આહા..હા...! એ વાણીના ઉત્પાદનો કર્તા આત્મા નહિ. આ..હા..હા...! આ તો પરથી મરી ગયેલાનું કામ છે !

મુમુક્ષુ :– 'સદ્ગુરુના વચને આવ્યું અપૂર્વ ભાન'

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ ન મળે એમ અહીં તો કહે છે. 'શ્રીમદ્' કહ્યું છે, હોં ! સદ્ગુરુ એટલે આત્મા. એમ લખ્યું છે. 'ઉપદેશ છાયા'માં છે. સત્ એવો જે ભગવાનઆત્મા ! ધ્રુવ ! એની જે પર્યાય, તેનું અસ્તિત્વ (છે) એ દ્રવ્ય-ગુણનું અસ્તિત્વ છે. એ પર્યાય એના દ્રવ્ય-ગુણથી થઈ છે. નિશ્ચયથી તો પર્યાય પર્યાયથી થઈ છે, દ્રવ્ય-ગુણથી નહિ. આ..હા..હા...! સમજાણું ? જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે નહિ, એમ એક ધ્રુવ સત્ ઉત્પાદ-વ્યયના સત્ને કરે નહિ, એમ ઉત્પાદ-વ્યયનું સત્ ધ્રુવ સત્ને કરે નહિ. એક સત્ છે એ બીજા સત્નું કાંઈ કરે નહિ. એમ એક સત્ ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યયના સત્ને ન કરે, તો એ ઉત્પાદ-વ્યયનું સત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજાના ઉત્પાદ-વ્યયના સત્‌ને કરે એ તો છે નહિ. ભાઈ ! આ તો વીતરાગમાર્ગ ! સત્યના પંથની રીત જ જુદી છે, બાપુ !

પરની દયા પાળો તમારે ધર્મ થઈ ગયો, જાઓ ! 'અહિંસા પરમો ધર્મ' ! એ અહિંસાની વ્યાખ્યા (શું) ? કે, પરને ન મારો ઈ ! પણ પરને મારી કોણ શકે ? અને પરને બચાવી કોણ શકે ? પરને મારવાની પર્યાયનો વ્યય તો એનાથી થાય. ઈ આ કરે ? અને એમાં તો એ લીધું (કે), તું એની મરવાની પર્યાય કર તો પછી એનું જે આયુષ્યનું કર્મ હતું એ પૂરું થયું ત્યારે દેહ છૂટ્યો. ઈ તો એના આયુષ્યને કારણે (છૂટ્યો). ઈ આયુષ્યના કારણે કાર્ય થયું ઈ ક્યાં ગયું ? તેં મારવાનું કાર્ય કર્યું ? અને જીવ્યો એ તો પૂર્વે એણે એનું આયુષ્ય કર્મ બાંધ્યું હતું એ પ્રમાણે ત્યાં એ જીવે છે. એને તેં જીવન (આપ્યું) તો પેલા કર્મનું ફળ ક્યાં ગયું ?

મુમુક્ષુ :– એને તેં કર્મ આપ્યા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આપ્યા (માને) તો વળી એ ભૂલ થઈ ગઈ. આહા..હા...!

સમ્યક્‌દૃષ્ટિ લડાઈમાં પણ ઊભો દેખાય ! લડાઈ કરતો (દેખાય), છતાં એ ઉત્પાદ-વ્યયના પર્યાયને ઈ જીવ કરે છે એમ માનતો નથી. તેમ તે વખતે જે વિકલ્પ જરી આવ્યો છે એ પણ મારું કર્ત્તવ્ય છે તેમ એ જાણતો નથી. આ..હા..હા..હા...! હું તો એક જાણનાર સ્વભાવમાં (છું). મારું જાણવાનું અસ્તિત્વ, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું અસ્તિત્વ (છે). જાણવાનું, હોં ! જાણવાનો ઉત્પાદ, પૂર્વનો વ્યય અને જાણવાનો ગુણ – એ દ્રવ્ય-ગુણ ને પર્યાય (છે) એમાં હું છું. આહા..હા...! ધર્મ માર્ગ અલૌકિક છે ! લૌકિક સાથે મેળવવા જાશે તો ક્યાંય મળશે નહિ. આહા..હા...!

આ બૌદ્ધ અને ભગવાન ('મહાવીર') બન્ને કેવળ પામ્યા હતા (કેટલાક એમ કહે છે). ગજબ કર્યો છે ને ! બન્ને નિર્વાણ પામ્યા. આહા..હા...!

મુમુક્ષુ :– એને બોધિનું જ્ઞાન થયું, આમને કેવળજ્ઞાન થયું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્યાં બોધિનું જ્ઞાન...? એને એવી કંઈ ઘડ બેઠી કે આમનું આમ ને આમનું આમ.... પણ જ્ઞાન ક્યાં હતા ? પ્રતિસ્પર્ધિ કહ્યા છે. કહ્યા છે ને ! પ્રતિસ્પર્ધિ કહે ને વળી સરખા કહે, કાંઈ ઠેકાણા વિનાના... અરે..રે...! શું ચાલે છે આ ? જૈનદર્શનમાં દાવાનળ !! ધ્રુવપણું હજી જ્યાં કબૂલ્યું નથી ત્યાં વળી ભગવાનની સાથે ક્યાં મેળવવાના હતા ?

(વિશેષ કહેશે...)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જેઠ વદ ૧૪, મંગળવાર તા. ૦૮-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૫૪
## પ્રવચન નંબર–૧૬૨

('પ્રવચનસાર', ૧૫૪ ગાથા). (ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયપણે) ત્રયાત્મક '**ભેદભૂમિકામાં આરૂઢ...**' એવા એ ત્રણ ભેદમાં વસ્તુ આરૂઢ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વસ્તુ આરૂઢ છે, રહેલી છે અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયમાં એ રહેલી છે. '**એવો આ દ્રવ્યસ્વભાવ જણાતો થકો...**' એવો પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયપણે રહેતો અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયપણે રહેતો. આ દ્રવ્યસ્વભાવ પોતે એવો જણાતો થકો. પર્યાય જાણે છે. પર્યાય જાણે છે કે આ દ્રવ્ય-ગુણ અને પર્યાય તેટલો હું. તેમ પર્યાય જાણે છે કે ધ્રુવ અને ઉત્પાદ-વ્યય તે હું. જાણે છે તો પર્યાયને ?

'**એવો આ દ્રવ્યસ્વભાવ જણાતો થકો...**' પ્રત્યેક પદાર્થનો દ્રવ્ય-ગુણ ને પર્યાય, ધ્રુવ-ઉત્પાદ-વ્યય એ રીતે દ્રવ્યનો સ્વભાવ પોતાની હયાતીવાળો એ રીતે જણાતો થકો '**પરદ્રવ્ય પ્રત્યેના મોહને દૂર કરીને...**' પરદ્રવ્ય જે એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો છે અને એના ધ્રુવ-ઉત્પાદ-વ્યયમાં (રહેલો) છે તેનો મોહ (દૂરી કરીને કે) એ મારા નહિ. એમ જ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એમ (રહ્યો) છું અને હું ધ્રુવ ને ઉત્પાદ-વ્યયમાં છું, પરદ્રવ્ય તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, તેના ધ્રુવ-ઉત્પાદ-વ્યયમાં છે એમ જાણતાં પર પ્રત્યેના મોહને દૂર કરે છે. કેમકે મારા અસ્તિત્વમાં જે નથી એ મારું નહિ. સમજાણું કાંઈ ? મોહને – મિથ્યાભ્રાંતિને દૂર કરીને '**સ્વ-પરના વિભાગનો હેતુ થાય છે,...**' આ રીતે જાણતા સ્વ અને પરની ભિન્નતાનું ભેદજ્ઞાન થાય છે. સ્વ-પરના વિવેકનો – ભેદનો હેતુ થાય છે.

'**તેથી સ્વરૂપ-અસ્તિત્વ જ...**' દરેકના સ્વરૂપનું હોવાપણું જ '**સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે...**' પોતાનો આત્મા અને પર વસ્તુની '**વિભાગની સિદ્ધિ માટે...**' ભાવાર્થમાં 'પગલે પગલે' હતું એ આનો અર્થ છે. '**પદે પદે અવધારવું...**' એનો એ અર્થ છે. ખરેખર તો પર્યાયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયે આ રીતે એણે નિર્ણય કરવો. પદે પદે નક્કી કરવું એનું સ્પષ્ટીકરણ '**(ખ્યાલમાં લેવું).**' હવે દ્રવ્ય-ગુણ ને પર્યાયની વ્યાખ્યા (કરે છે).

'(૧) **ચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય,...**' ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... એવો જેને કાયમ સ્વભાવ (છે) એવું જે ચેતન દ્રવ્ય. ચેતન એટલે જાણનાર-દેખનાર એવું દ્રવ્ય, હોં ! અહીંયાં (દ્રવ્ય) લેવું છે. ચેતનપણાનો જેને કાયમ સંબંધ છે એવું જે ચેતનપણાનું અન્વય (એટલે કે) એનું ચેતનપણું એમને એમ રહે છે એવું જેનું લક્ષણ છે તે દ્રવ્ય. તેને ચેતનનું દ્રવ્ય કહેવામાં આવે છે.

પર્યાય એમ જાણે છે કે આ જે ચેતનપણું કાયમ... કાયમ... કાયમ... કાયમ... કાયમ... રહે છે એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? પર્યાય જાણે છે કે આ ચેતન... ચેતન... ચેતન... ચેતન... અન્વય કાયમ રહેનારું તે ચેતન દ્રવ્ય (છે).

'(૨) **ચેતનાવિશેષત્વ (–ચેતનાનું વિશેષપણું)...**' એટલે ગુણ. '**જેનું લક્ષણ છે એવો જે ગુણ...**' પર્યાયમાં જાણે છે કે આ ચેતન... ચેતન... ચેતન... ચેતન... તે દ્રવ્ય (છે) અને એનો જ્ઞાનગુણ જાણવું... જાણવું... એ એનો ગુણ (છે). આ દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન ઘટી ગયું એમાં બધા વાંધા ઊઠ્યા.

પ્રશ્ન :– ઘટી ગયું કે વિપરીત થઈ ગયું ?

સમાધાન :– એટલે વાંધા થઈ ગયા ને ! આ પર્યાય આની કરે અને આ આની કરે... કો'કના અસ્તિત્વમાં – પર્યાયમાં જઈને આ અસ્તિત્વ કામ કરે.

પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ... એ પરમાણુના અસ્તિત્વનો નિર્ણય તો જ્ઞાનપર્યાય કરે છે ને ? એને તો (- પરમાણુને) કાંઈ ખબર નથી.

'(૩) **ચેતનપણાનો વ્યતિરેક...**' (અર્થાત્) ચેતનપણાની ભિન્નતાની અવસ્થાઓ. '**જેનું લક્ષણ છે...**' એ પર્યાય છે. '**એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ),...**' એક વાત કરી. દ્રવ્ય-ગુણ ને પર્યાયના સ્વરૂપપણે રહેલું હોવાપણું એવું જ્ઞાને જાણ્યું. સમજાણું કાંઈ ? મારો ભગવાન ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... એમ કાયમ અનુસરીને રહેનારું ચેતન તે દ્રવ્ય (છે). અને તેનો વિશેષ ગુણ – જાણવું આદિ એ વિશેષ ગુણ (છે) એમ પર્યાયે જાણ્યું અને વ્યતિરેક (એટલે) અવસ્થાની ભિન્ન ભિન્નતા (છે) એ એની પર્યાય છે. પર્યાય એમ જાણે છે કે, અનેરી અનેરી પર્યાય, ભિન્ન ભિન્ન (પર્યાય થાય છે). ઉત્તર (એટલે) પછીની થતી (પર્યાય) ઉત્પાદ અને પહેલાનો થતો વ્યય એવી વ્યતિરેક પર્યાયો તે દ્રવ્યની દશાઓ – અવસ્થાઓ છે. અરે...! આવું (સમજવાનું) !

કેટલો ધીરો થાય ત્યારે એ પર્યાયને પર્યાયમાં આ ચેતન... ચેતન... ચેતન... દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એવો એનો નિર્ણય થાય. પર્યાયમાં આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ગુણ – વિશેષ ગુણ જે છે તે ગુણ છે એમ પર્યાય એને જાણે છે અને પર્યાય એમ જાણે છે કે, પહેલાની અને પછીની ભિન્ન ભિન્ન દશા એટલે વ્યય અને ઉત્પાદ એવી ભિન્ન ભિન્ન અવસ્થા (થાય છે) તે પર્યાય છે, તે હું છું. સમજાણું કાંઈ ? '**(એવું સ્વરૂપ-અસ્તિત્વ),...**' ત્રયાત્મક કહ્યું ને ? દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણ. અંદર એ સવિકલ્પ – ભેદ છે ને ? ત્રણરૂપે ભેદ તે વસ્તુ.

હવે, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ નાખે છે. પહેલામાં દ્રવ્ય, ગુણ ને પર્યાય નાખ્યા. બે બોલ છે ને ? '**પૂર્વ...**' એટલે પહેલાની પર્યાય '**ને ઉત્તર...**' એટલે પછીની. (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં) નીચે અર્થ કર્યો છે, જુઓ ! 'પૂર્વ એટલે પહેલાંનો; ઉત્તર એટલે પછીનો. (ચેતન પહેલાંના અને પછીના બન્ને પર્યાયોને...)' ચેતન ધ્રુવ 'સ્પર્શે છે...' ચેતન દ્રવ્ય પહેલાંની પર્યાય અને પછીની પર્યાય એટલે ઉત્તર અને પૂર્વ. એની પર્યાયને ધ્રુવ સ્પર્શે છે. ધ્રુવ સાથે એને સંબંધ છે. પર સાથે એને સંબંધ નથી એમ કહે છે. સમજાણું કાંઈ ?

દરેક દ્રવ્યમાં... અત્યારે ચેતનની વાત છે, એની જે પછીની એટલે કે ઉત્પાદવાળી પર્યાય અને પૂર્વની એટલે વ્યય પર્યાય (છે) એ વ્યતિરેક (છે અને) એ ધ્રુવને સ્પર્શે છે. ધ્રુવ સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ ? '**પૂર્વ ને ઉત્તર વ્યતિરેક...**' એટલે ભિન્ન-ભિન્નતા. એવી પર્યાયને '**સ્પર્શનારા ચેતનપણે જે ધ્રૌવ્ય...**' ચેતનપણું જે ધ્રુવ (છે) એ પહેલાંની અને પછીની અવસ્થાને સ્પર્શે છે. સ્પર્શે (છે) એટલે એનો સંબંધ ત્યાં ધ્રુવ સાથે છે એમ. સમજાણું કાંઈ ?

એ પહેલાંની અને પછીની અવસ્થાનું ઉત્પન્ન થવું અને વ્યય થવું એનો સંબંધ ધ્રુવ સાથે છે. પર સાથે સંબંધ નથી એમ કહે છે.

પ્રશ્ન :– તો પછી હવે પરનું કામ કરવું કે ન કરવું ?

સમાધાન :– કોણ કરે છે ? કોણે કર્યું છે ? વકીલાત કરી હતી ? (દીકરાને) ભણાવ્યો ને પૈસા ખર્ચ્યા... રોટલા ખાવા પડે છે એકલાએ, બાયડી ત્યાં રહે. એ..ઈ...! આનો છોકરો બહાર રહે, હાથે રોટલા કરીને ખાય. ત્યાં કોણ પણ હતું ? પોતાના અસ્તિત્વમાં જે દ્રવ્ય-ગુણ ને પર્યાય (છે) તેટલો તે હું (છું) અને પછીની ઉત્તર પર્યાય તે ઉત્પાદ અને પહેલાનો વ્યય, એને સ્પર્શનારું ધ્રુવ તે હું (છું). તેટલામાં હું, તે હું, બીજામાં હું નહિ. બીજામાં હું નહિ, બીજો હું નહિ. આ..હા..હા...! જુઓને ! કેવી શૈલી ! ઓ..હો..હો..હો...! સાદી ભાષાએ...

એ પર્યાયે એવો નિર્ણય કર્યો છે, પર્યાય એમ નિર્ણય કરે છે, જાણે છે કે, આ જે ચેતન... ચેતન... ચેતન... ચેતન... કાયમ રહેનારું જે છે... છે.... છે... છે... તે દ્રવ્ય (છે). એને અંદરમાં વિચારવું જોઈએ, હોં ! અને એનો વિશેષ જે જાણવાનો ભાવ – જ્ઞાન આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(છે) એ પર્યાય કહે છે કે, એ હું (છું). અને ભિન્ન ભિન્ન પછીની અવસ્થા જે ઉત્તરની અને પહેલાંની અવસ્થા જે વ્યયની–પૂર્વની એવી અવસ્થાનો સંબંધ ધ્રુવ સાથે છે. એ ઉત્પાદ-વ્યય, ધ્રુવને સ્પર્શે છે.

એક કોર કહેવું કે, ઉત્પાદ-વ્યય ઉત્પાદ-વ્યયમાં છે, ઉત્પાદ-વ્યય ધ્રુવને સ્પર્શતા નથી. ઈ બીજી અપેક્ષા છે. અહીંયાં ઉત્પાદ-વ્યય ધ્રુવ સાથે સંબંધ રાખે છે એટલું સિદ્ધ કરીને સ્પર્શે છે એમ કહેવું છે. પરને સ્પર્શતું નથી. પહેલાંની પર્યાય વ્યય થતાં અને પછીની પર્યાય ઉત્પાદ થતાં પરની સાથે એને કાંઈ સંબંધ નથી એમ કહેવું છે. પરના અસ્તિત્વની સાથે પરના ઉત્પાદનું અસ્તિત્વ ત્યાં છે એની સાથે આ ઉત્પાદનો સંબંધ કાંઈ સંબંધ રાખતો નથી. સમજાણું કાંઈ ?

'**પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા ચેતનપણે જે ધ્રૌવ્ય...**' એટલે કે કાયમનું જે ચેતન દ્રવ્ય છે એમાં આ પછીની અને પહેલાંની, પછી એટલે ઉત્પાદ અને (પહેલાંની) વ્યયની પર્યાય એની (સાથે) સંબંધ રાખે છે. ધ્રુવના અસ્તિત્વ સાથે વ્યતિરેક પર્યાયનો સંબંધ છે. ભિન્ન ભિન્ન ઉત્પાદ ને વ્યય પર્યાયનો સંબંધ પરની સાથે બિલકુલ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીંયાં વિકારી પર્યાય થાય અને પૂર્વની જાય કે નિર્વિકારી પર્યાય થાય અને પૂર્વની જાય એ વ્યતિરેક – પર્યાયને ધ્રુવ સાથે સંબંધ છે. ધ્રુવના અસ્તિત્વ સાથે એનું અસ્તિત્વ છે. એનું અસ્તિત્વ પરને લઈને છે (એમ નથી).

પ્રશ્ન :– વિકાર અને નિર્વિકાર બન્નેને...?

સમાધાન :– બન્ને... બન્ને ! એનું પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને ? પણ પછી પરથી જુદું અસ્તિત્વ સિદ્ધ થાય ત્યારે આ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... ગુણ... ગુણ... તે હું. પછી પર્યાયમાં ભિન્ન ભિન્ન અવસ્થા થાય એ પર્યાય(નું) લક્ષ ત્યાં ગયું છે. એટલે વિકાર પર્યાય મારામાં છે એમ જાણ્યું પણ નિર્મળ પર્યાય છે એ વિકારથી ભિન્ન છે. કારણ કે દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... આ દ્રવ્ય... આ ગુણ... એમ લક્ષ ત્યાં ગયું ને ? એટલે એ પર્યાય નિર્મળ ઉત્પન્ન થઈ અને પૂર્વની ગઈ. એની અવસ્થામાં વિકારી પર્યાય પણ છે, એ છે મારા અસ્તિત્વમાં પણ એ નિર્મળ પર્યાયથી એનો અંશ ભિન્ન છે, પણ છે મારા અસ્તિત્વમાં. આહા..હા...! જ્ઞાને એમ જાણ્યું ને ? કે, રાગનું પરિણમન મારા અસ્તિત્વમાં છે. એ આવ્યું નહિ ? ૪૭ નયમાં ! આ 'પ્રવચનસાર'નો સાર ત્યાં નયમાં નાખ્યો. રાગનું હોવાપણું છે મારા અસ્તિત્વમાં. એ પરના અસ્તિત્વને લઈને નહિ અને એ રાગનું અસ્તિત્વ પરમાં નહિ. સમજાણું કાંઈ ? આહા...હા...!

અહીંયાં તો કહે છે કે, પર્યાયે નિર્ણય કર્યો કે, આ ચેતન... ચેતન... ચેતન... ચેતન...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતન... ચેતન... જે દ્રવ્ય છે અને એમાં કાયમ જાણવાનો એક સ્વભાવ છે એ ગુણ છે. એ પર્યાય એમ જાણે છે. અને પર્યાય ભિન્ન ભિન્ન (જે થાય છે), નવી અવસ્થા થાય, જૂની જાય એ વ્યતિરેક – પર્યાય (છે) એ હું છું. અને ઉત્પાદ-વ્યય ત્રણમાં કહેતાં એ વ્યતિરેકનો સંબંધ ધ્રુવ સાથે છે. એ વ્યતિરેકનો સંબંધ નિમિત્ત અને પર સાથે નથી. આહા..હા...! એવી વાત છે.

'**પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા ચેતનપણે...**' એટલે ઈ બે અને ધ્રુવ એ ત્રીજું. '(૨-૩) **ચેતનના ઉત્તર અને પૂર્વ...**' એટલે ઉત્તર એટલે ઉત્પાદ, પૂર્વ એટલે વ્યય. '**વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય...**' જુઓ ! ઉત્તર આવ્યું ને ? ઉત્તર એટલે ઉત્પાદ, પૂર્વ એટલે વ્યય. '**એ ત્રયાત્મક (એવું)...**' ચેતનના એમ લીધું ને ? ચેતનના એટલે કાયમનું દ્રવ્ય. એના ઉત્તર અને પૂર્વ એટલે ઉત્પાદ અને વ્યય. એ ત્રય થઈ ગયું ને ? '**ચેતનના...**' (એટલે) ચેતન જે દ્રવ્ય છે એના ઉત્પાદ અને વ્યય. ત્રણ થઈ ગયા.

'**ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જેનો સ્વભાવ છે...**' જુઓ ! '**એવો હું...**' એવો જે હું ! આ..હા..હા...! આ મોટા વાંધા ઊઠ્યા છે ને ? પરનું કરી શકે, નિશ્ચયથી નહિ, વ્યવહારે કરી શકે. વ્યવહારે કર્તા છે, નિશ્ચયે નહિ. પણ વ્યવહારે કર્તા (છે) એની વ્યાખ્યા શું ? એ તો બોલવાની વાત છે. બોલવું ઈ ક્યાં જીવને (છે) ? એ તો વ્યવહારનું કથન – ભાષા છે. નિમિત્ત કર્તા છે. કર્તા એટલે શું ? વ્યવહાર એટલે છે નહીં તે સમયના તે પોતાના ઉત્પાદને દ્રવ્ય અને ગુણ સાથે સંબંધ છે અને તેના દ્રવ્ય-ગુણ અને પર્યાય પોતાના અસ્તિત્વમાં પોતાથી છે. ત્રણ થઈને સત્ છે. ઈ સત્નો અંશ પોતાનો પોતાથી છે. આ..હા..હા...!

અહીં તો પરથી જુદું કરવું છે ને ? બાકી તો પર્યાયનો – સત્નો અંશ છે એ સત્નો અંશ પણ દ્રવ્યના સત્ના અંશની અપેક્ષા રાખતું નથી. સત્ સત્ છે ને ? સત્ (છે) તે અહેતુક છે. આહા..હા...! પર્યાયનો પર હેતુ તો નહિ પણ એ પર્યાયનો ધ્રુવ હેતુ નહિ. આહા..હા...! સત્ છે ને ? સત્ છે એને હેતુ શો ? છે એને બીજાની અપેક્ષા શી ? છે એને અપેક્ષા શી ? અહીંયાં તો ફક્ત પરથી ભિન્ન પાડીને એના ક્ષણ ક્ષણના ઉત્પાદ ને વ્યય (થાય) એ પર્યાય છે, વિશેષ ગુણ છે, દ્રવ્ય કાયમ રહેનાર ત્રિકાળ છે એટલો ને એ હું (છું) અને પછીની અને પહેલાંની પર્યાયને સ્પર્શનારું ધ્રુવ તે હું (છું). આમ સ્પર્શનારો હું, આમ (બહારમાં સ્પર્શનારો) નહિ. કહો, ભાઈ ! ત્યાં પાણી ગાળવામાં ક્યાંય હતું આ ? આહા..હા...!

કેવળી પહેલે સમયે વાણી ગ્રહે અને બીજે સમયે મૂકે (એમ શ્વેતાંબરમાં કહે છે). છઠ્ઠી સાલમાં ચર્ચા ચાલી હતી. (શ્વેતાંબરના સાધુ) કહે, નહિ. કેવળી પહેલે સમયે વાણી ગ્રહે, બીજે સમયે મૂકે. કહો ! આ..હા..હા...! પેલો (કહે) કે, આ વાણી કોણ બોલે છે ? તું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલતો નથી તો તારો બાપ બોલે છે ? અરે..રે...! શું થયું આ ? વાણીના રજકણો છે કે નહિ ? રજકણ છે તેનું અસ્તિત્વ છે કે નહિ ? અને તેનું અસ્તિત્વ દ્રવ્યરૂપે રજકણ... રજકણ... રજકણ... રજકણ... અન્વયરૂપે તે રજકણ (રહ્યું છે) અને જડના વર્ણ, ગંધ આદિ એના ગુણો છે અને એની પર્યાય ઉત્પત્તિ ને વ્યય – વ્યતિરેક એ એની અવસ્થાઓ છે. એ અવસ્થામાં એનું અસ્તિત્વ છે. અથવા ભાષાની પર્યાય થઈ, પૂર્વની ગઈ એનો સંબંધ એ પરમાણુના ધ્રુવ સાથે છે. બોલનાર બોલે છે માટે એનો સંબંધ એની સાથે (છે) એમ નથી. આ..હા..હા...!

જુઓને ! તેથી કહ્યું ને ? '**પદે પદે અવધારવું...**' સમય સમયમાં તે ખ્યાલમાં રાખવું. એમ. સમય સમયમાં ખ્યાલમાં રાખવું કે મારો ઉત્પાદ-વ્યય મારામાં (છે), મારા ઉત્પાદ-વ્યયને સ્પર્શનારું ધ્રુવ (છે) એમાં હું છું. અનાદિઅનંત પર્યાયમાં – મારી પર્યાયમાં હું છું, પરની પર્યાયમાં હું નહિ અને પરની પર્યાયને લઈને મારી પર્યાય નહિ. આહા..હા...! આવી વીતરાગ વાણી બીજે ક્યાં છે ? ઓ..હો..હો...!

પેલો આવ્યો નહોતો ? આપણે અહીંયાં પંડિત આવ્યો નહોતો ? (ઈ) કહે, પર્યાય શું ? કહો, (આ) પંડિત ! જૈનનો દિગંબર પંડિત ! બિચારો સરળ, હોં ! આ ફેરી ક્યાંક મળ્યા હતા નહિ ? 'બેંગ્લોર' ! માણસ સરળ. એ લોકોના માણસો ભાષા સમજે નહિ પણ માણસ બહુ નરમ. આમ જિજ્ઞાસાથી સાંભળતો (હતો). શું કરે ? આ ભાષા સમજાય નહિ. કન્નડીનો એક શબ્દ આપણે સમજીએ નહિ. ઈ પંડિત બોલતો હશે આપણે કાંઈ સમજીએ નહિ. આપણે કહીએ છીએ ઈ કહે છે કે (બીજું કાંઈ કહે છે, ખબર પડે નહિ). એણે અભિપ્રાયમાં ધાર્યું હોય ઈ પ્રમાણે કહે ને ? શી રીતે ધાર્યું હોય ઈ તો (એને ખબર). બન્ને માણસ સરળ હતા, હોં ! આહા..હા...! અરે...!

સાંભળવાની જડની જે પર્યાય એનો – ભાષાનો ઉત્પાદ એના ધ્રુવ સાથે સંબંધ રાખે છે. બોલનારના વિકલ્પ કે જ્ઞાનની પર્યાય સાથે એને સંબંધ નથી. એનો અર્થ કે કાંઈ છે જ નહિ. નિમિત્તનો અર્થ એ એનામાં છે જ નહિ. એનાથી છે નહિ એનો અર્થ ઈ થયો. આહા..હા...! (આવી) સ્વયંસિદ્ધ સ્વતંત્ર વસ્તુ જ છે. ભગવાને કરી નથી, ભગવાને તો જેવી હતી એવી જાણીને કહી છે. આહા..હા...!

'**(એવું) સ્વરૂપ-અસ્તિત્વ જેનો સ્વભાવ છે એવો હું તે ખરેખર આ અન્ય છું...**' લ્યો ! આહા..હા...! અનેરા સર્વજ્ઞ સિદ્ધો પંચ પરમેષ્ઠિનું અસ્તિત્વ એના દ્રવ્ય-ગુણ ને પર્યાયમાં (છે), મારું અસ્તિત્વ મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં (છે). એના અસ્તિત્વના ઉત્પાદ-વ્યયનો પર્યાય એના ધ્રુવ સાથે સંબંધ રાખે, મારો ઉત્પાદ-વ્યયનો પર્યાય (મારા) ધ્રુવ સાથે (સંબંધ રાખે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ..હા..હા...! ભાઈ ! આવી વાતું છે આ ! ગાથા ટૂંકી અને 'અમૃતચંદ્રાચાર્યદેવે' અર્થ કેવા ભર્યા છે !! આ..હા..હા...! દિગંબર સંતોએ અમૃત રેડ્યાં છે ! એના ખ્યાલમાં આવવું જોઈએ.

આ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... છે અને આ ગુણ... ગુણ... છે એમ લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં ભલે વિકાર હો, પણ તે પર્યાય આ દ્રવ્ય અને આ ગુણ છે (એમ લક્ષ કરે છે) એટલે એ તો નિર્મળ થાય છે, ભાઈ ! શું કહ્યું સમજાણું આમાં કાંઈ ? આ ચેતન દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કીધું ને ? એમ અસ્તિ કીધું ને ? ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... અસ્તિનો જ્ઞાનની પર્યાયે નિર્ણય કર્યો ને ? એ તો દ્રવ્ય ઉપર (લક્ષ) ગયું કે, આ દ્રવ્ય (છે) અને અંદર જાણવાનો વિશેષ ગુણ (છે) તે આ ગુણ (છે) એમ લક્ષ કર્યું તે પર્યાય ખરેખર તો નિર્મળ જ છે. પણ સાથે વિકાર છે, એ વિકાર પણ મારામાં છે એમ એ પર્યાય જાણે છે. આ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્યના લક્ષથી પર્યાય થઈ એ નિર્મળ ઉત્પાદ થયો અને નિર્મળ (પર્યાયની) સાથે રાગનો ઉત્પાદ પણ છે, એમ જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાય એમ જાણે છે.

આ..હા..હા...! જુઓને ! શૈલી ! જ્યાં શક્તિઓનું – ગુણનું વર્ણન કર્યું ત્યાં તો એની વિકારી પર્યાય પણ લીધી નથી. એ દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિનો વિષય લીધો. ત્યાં તો એની વિકારી પર્યાય પણ એનામાં નથી. એની પર્યાય, દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે નિર્મળ છે એમ લીધું છે. અને અહીંયાં તો જ્ઞાનપ્રધાન પરથી ભિન્ન વસ્તુ બતાવવી છે એટલે જ્ઞાન જાણે છે કે દ્રવ્ય તે આ, કાયમી રહેનારી ચીજ તે હું, ગુણ – વિશેષ તે હું અને પર્યાય તે હું. એમાં એની નિર્મળ પર્યાય થઈ છે પણ સાથે વિકાર છે. એને પણ જ્ઞાન જાણે છે કે (એ) મારામાં છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? પેલા કહે છે ને ? જ્ઞાનીને દુઃખ ન હોય, જ્ઞાનીને વિકાર ન હોય. ઘણે ઠેકાણે એવું આવે કે જ્ઞાનીને વિકાર હોય નહિ. કઈ અપેક્ષાએ ? એ તો વસ્તુ અને દૃષ્ટિનો સ્વભાવ જોતાં, દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જોતાં એવો કોઈ ગુણ નથી કે પર્યાયમાં વિકાર થાય, એવો ગુણ નથી. એથી ત્યાં એમ લીધું કે જ્ઞાનીને વિકાર છે જ નહિ. પણ જ્ઞાનથી જ્યાં પર્યાયને જોવે છે તો એ પર્યાય એમ જાણે છે કે, મારું દ્રવ્ય ચેતન... ચેતન... ચેતન... છે તે હું, આ જાણવાનો ગુણ છે એવું તો પર્યાય જાણે છે ને ? ગુણ તો ધ્રુવ છે. આ દ્રવ્ય છે એ ચેતન છે અને જાણવાનો ગુણ છે તે વિશેષ છે એમ જાણે છે કોણ ? એ પર્યાય જાણે છે. સમજાણું કાંઈ ? અને એ પર્યાય જાણે છે કે આ નિર્મળ અને મલિન પર્યાયનું અસ્તિત્વ છે ઈ મારામાં છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જ્ઞાન જ જાણે છે ને ? શ્રદ્ધા થઈ ઈ જાણે છે જ્ઞાનને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– ધ્રુવ ધ્રુવને જાણે છે એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ, ધ્રુવને ધ્રુવ જાણે નહિ, પર્યાય ધ્રુવને જાણે છે. ગુણ ગુણને જાણે નહિ, પર્યાય ગુણને જાણે. ગુણ અને દ્રવ્ય તો ધ્રુવ છે. ઈ શક્તિ છે પણ કાર્ય એમાં ક્યાં છે ? ઈ તો કારણરૂપ છે. આહા..હા...!

પ્રત્યેકનું આવું પૃથક્ અસ્તિત્વ (છે) અને આ રીતે સમયે સમયે ખ્યાલમાં રાખવું એમ કીધું. 'અમૃતચંદ્રાચાર્ય' ! (જેને આવો) ભેદ પડ્યો છે ત્યાં સમયે સમયે ખ્યાલ છે, સમજાણું ? પણ એને વિશેષ ખ્યાલ રાખવા (આમ કહ્યું).

'**ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ)...**' રજકણનું – અચેતન પુદ્ગલનું (અસ્તિત્વ). આહા..હા...! '**તથા (૧) પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા...**' પરમાણુના ઉત્પાદ ને વ્યય ધ્રુવની સાથે સ્પર્શનારા '**અચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) અચેતનના ઉત્તર ને પૂર્વ વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય...**' એ જડના ઉત્પાદ અને વ્યય વ્યતિરેક નામ ભિન્ન ભિન્ન અવસ્થા '**એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જે પુદ્ગલનો સ્વભાવ છે...**' લ્યો ! અહીં તો મૂળ બેની સાથે ભિન્ન કરવાનું છે ને ? આની (જડની સાથે) ભિન્ન થતાં ભિન્ન થઈ જાય છે.

એક એક પરમાણુ – રજકણ જે Point છે એ અચેતન તત્ત્વ છે એમ જ્ઞાન જાણે છે. એનો ગુણ અચેતન છે એમ જ્ઞાન જાણે છે અને એનો પર્યાય નવો નવો થાય, જૂનો જાય એવું જ્ઞાન જાણે છે કે એ વ્યતિરેક પર્યાય એના ધ્રુવ સાથે સંબંધ રાખે છે. અને ધ્રુવ અને ઉત્પાદ-વ્યયવાળું એનું અસ્તિત્વ છે. મારે લઈને એનું અસ્તિત્વ છે (એમ નથી). આહા..હા...!

પ્રશ્ન :– પૈસા કોણ કમાણા ?

સમાધાન :– પૈસા કોણ કમાય ? ધૂળ ! પૈસાનું અસ્તિત્વ પૈસાને લઈને છે, આત્માને લઈને એનું હોવાપણું છે એમ ત્રણકાળમાં નહિ. આ શરીરનું હોવાપણું, આ માટી છે આ, જડ દ્રવ્ય છે તો એનું અચેતનપણું છે એ એનું દ્રવ્ય છે, એના અચેતન ગુણ છે (એ) એની વિશેષ શક્તિ છે અને આ અવસ્થાઓ છે. જુઓ ! આ ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે ને ? ઈ વ્યતિરેક (છે), ઈ એના ગુણ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે, આત્મા સાથે નહિ. આત્મા છે માટે આ આંગળી ચાલે છે એમ નહિ. ઝીણી વાત છે, ભાઈ !

પ્રશ્ન :– મડદાને કેમ ચાલતી નથી ?

સમાધાન :– મડદાને એના પરમાણુ સૂક્ષ્મપણે પરિણમે છે ઈ સાધારણ (માણસને) ખબર નથી. આ એકસરખું લાગ્યા કરે છે ઈ એકસરખું છે ? સ્થૂળપણે એકસરખું છે, પણ સમયે સમયે ત્યાં અવસ્થા બદલાય છે. આમ સરખી સરખી અવસ્થા લાગે. અહીંનો એક એક રજકણ... આ કાંઈ એક તત્ત્વ નથી, આ તો અનંત રજકણનો પિંડ છે, આ અનંત પરમાણુનો (પિંડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે), તો એક એક રજકણ નવી અવસ્થાથી ઉત્પન્ન થાય, જૂની અવસ્થાથી વ્યય (થાય એ) એના રજકણના ધ્રુવ સાથે સંબંધ (રાખે) છે, આત્મા સાથે સંબંધ નથી. આ..હા..હા...! કહો, ભાઈ ! ત્યાં ક્યાંય હતું ? નહોતું ? આવો વીતરાગમાર્ગ છે, બાપા !

મુમુક્ષુ :– મુમુક્ષુ માટે ગોતીને લઈ આવ્યા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી ! સર્વજ્ઞ પરમેશ્વર... ધર્મનું મૂળ તો સર્વજ્ઞ છે. આ..હા..હા...! એણે જે જોયું એ વાણી દ્વારા એનું કથન આવ્યું. એ વાણીમાં પણ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ (છે). એ વાણીના રજકણો કાયમ રહેનારા છે, એનો ગુણ છે એ કાયમ રહેનારો (છે) અને ઉત્પાદ – પછીનો પર્યાય, વ્યય પહેલાંનો પર્યાય એ પણ એના અસ્તિત્વમાં (છે) અને એના અસ્તિત્વના ઉત્પાદ-વ્યયનો ધ્રુવ સાથે સંબંધ છે. આહા..હા...! ભગવાન વાણી લે અને કાઢે એવો ભગવાન સાથે વાણીનો સંબંધ નથી એમ કહે છે. આ..હા...! જૈનમાં તડ પાડી નાખી ! આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે.

ભગવાનઆત્મા અંદર ચૈતન્યસ્વરૂપ જાણકસ્વભાવ (છે), આ (શરીર) જડસ્વભાવ (છે). બે ચીજ તદ્દન ભિન્ન છે. આહા..હા...! અને બેનું હોવાપણું પોતપોતાને કારણે છે. આ આંગળી જે થઈ છે એ આત્માને કારણે નહિ. એના રજકણોની કાયમ રહેનારી શક્તિ દ્વારા એની જે ઉત્પાદ-વ્યય પર્યાય થઈ એની સાથે સંબંધ રાખીને આગળ થઈ છે. આહા..હા...!

પ્રશ્ન :– આત્માની સાથે જરાય સંબંધ નથી ?

સમાધાન :– કાંઈ સંબંધ નથી. એક દ્રવ્યને બીજા સાથે (કાંઈ સંબંધ નથી).'સર્વ સંબંધ નિષેધ' આવ્યું નહિ ? ૨૦૬ કળશ. આહા..હા...! બાપુ ! તત્ત્વ વસ્તુ એવી ઝીણી છે ! લોકોને સાંભળવા મળી નથી. એમને એમ અંધારે આંધળા થઈને કૂટાય છે.

કહે છે કે, એક એક પરમાણુ – આ રજકણ, આ તો ઘણા રજકણનો પિંડ છે. ટુકડા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો Point એ પરમાણુનો ઉત્પાદ-વ્યય તેના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. આ..હા...! એ શું કહે છે ? ધ્રુવને સ્પર્શે છે એમ કહે છે. એ બીજા પરમાણુને કે બીજા દ્રવ્યને સ્પર્શતો નથી. એટલે કે એને લઈને થતું નથી. આહા..હા...! ભાઈ ! આવો વીતરાગનો માર્ગ ! ઓ..હો...! વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગે કાંઈ કર્યું નથી.

કહે છે કે, કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય એના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. એ સંઘયણ, જ્ઞાનાવરણીયનો અભાવ થયો માટે આ થયું એમ સંબંધ નથી રાખતું. આ..હા..હા...! ગજબ વાતું છે ! અરે...! તેં તારા તત્ત્વને સાંભળ્યું નથી, પ્રભુ ! તું ક્યાં છો ? કોણ છો ? અને જડ ક્યાં છે ? અને કેમ છે ? આહા..હા...!

આ શરીર માટી જડ છે, ભગવાનઆત્મા અંદર જાણનારો ચૈતન્ય બ્રહ્મ આત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ આ શરીરની પર્યાય જે આમ થાય એ પર્યાયનો ઉત્પાદ-વ્યયનો સંબંધ એના પરમાણુ સાથે છે, આત્મા સાથે નહિ. આહા..હા...! કહો, ભાઈ ! ભારે આવી વાત ! આ બધા ઝવેરાતના ધંધા ને આખો 'દી કરે ને ફેરવે ને... કહે છે કે, ઈ બધી પર્યાય ફરે છે ઈ પર્યાયનો સંબંધ એના રજકણ સાથે છે. તું ફેરવે માટે ફરે છે (એમ નથી). આહા..હા...! દુનિયા તો ગાંડા જેવું ગણે ! એવું છે, બાપુ ! આહા..હા...!

માથાનો આ એક રજકણ છે એ રજકણનો ઉત્પાદ-વ્યય તેના ધ્રુવ સાથે સંબંધ રાખે છે. ઓ..હો...! શું કહે છે ઈ ? ત્યાં એનો સંબંધ છે, બીજા પરમાણુની સાથે, અસ્તિત્વની સાથે આનો સંબંધ છે જ નહિ. આવું જ્યાં ભેદજ્ઞાન થાય એને સમ્યક્જ્ઞાન થયા વિના રહે નહિ અને સમ્યક્જ્ઞાન થાય ત્યાં શાંતિ આવ્યા વિના રહે નહિ. આ..હા..હા..હા...!

(અહીંયાં) પરમાણુ દ્રવ્ય લીધું ને ? એ **'સ્વરૂપ-અસ્તિત્વ જે પુદ્‌ગલનો સ્વભાવ છે...'** આ..હા..હા...! **'તે ખરેખર આ (મારાથી) અન્ય છે.'** એ જાણીને જાણવું છે શું ? કે, મારાથી અન્ય છે. એને જાણીને એનું અસ્તિત્વ એનાથી (છે), મારાથી અન્ય છે. માટે ત્યાં નજર ઠારવા જેવી નથી, ત્યાં નજરને રોકવા જેવી નથી. આહા..હા...! અહીંયાં રોકવા જેવી છે. જેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાથે સંબંધ રાખે છે એની ઉત્પાદની નજરને ધ્રુવ સાથે ઠારવા જેવી, રાખવા જેવી છે ! આ..હા..હા...! શું વાત !

**'(માટે) મને મોહ નથી;...'** કેમ ? કે, તે રજકણના ઉત્પાદ-વ્યય ને ધ્રુવનું અસ્તિત્વ મારા જ્ઞાનમાં આવે છે કે, એનું અસ્તિત્વ (છે) તે ભિન્ન છે. એનું અસ્તિત્વ જે ભિન્ન છે એવું જે જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાયનો સંબંધ મારા દ્રવ્ય સાથે છે. એ જ્ઞાનની પર્યાયે એને જાણ્યું કે આ ભિન્ન છે એથી જ્ઞાનની ઉત્પાદ પર્યાયનો સંબંધ એની સાથે નથી. સમજાણું કાંઈ ? આ જાણનાર તો પર્યાય છે ને ? જે પર્યાયે પોતાના દ્રવ્ય-ગુણ (સાથે) સંબંધ છે એમ જાણ્યું એ પર્યાયે પરદ્રવ્યના ગુણ સાથે મારો કાંઈ સંબંધ નથી એમ જે જ્ઞાનની પર્યાયે જાણ્યું એ પર્યાયનો સંબંધ ધ્રુવ સાથે છે. આહા..હા...! આ અન્ય છે એવું જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયનો સંબંધ અન્યની સાથે નથી. સમજાણું કાંઈ ? આ તો બહુ ધ્યાન રાખે તો (પકડાય એવું છે). કથા-વાર્તા હોય ને બીજે લક્ષ જાય તો (ચાલે). આહા..હા...! આ તો આત્મકથા ! દ્રવ્યાનુયોગની કથા !! આ..હા..હા...!

બે કીધું – એક તો આ ભગવાનઆત્મા ચેતન દ્રવ્ય તે અન્વય છે, તેનો જાણવાનો જે સ્વભાવ છે તે ગુણ છે અને આ ગુણ છે અને આ દ્રવ્ય છે એવી જે પર્યાયની ઉત્પત્તિ થઈ અને પૂર્વની પર્યાય ગઈ તે મારા અસ્તિત્વમાં છે. દ્રવ્ય મારું અસ્તિત્વ, ગુણ મારું અસ્તિત્વ. આ..હા..હા...! અને એ ઉત્પાદ-વ્યયે જાણ્યું કે આ દ્રવ્ય ત્રિકાળ છે, ગુણ ત્રિકાળ છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય ભિન્ન ભિન્ન છે અને એ ઉત્પાદ-વ્યય પર્યાયનો ધ્રુવ સાથે સંબંધ છે. એવી જે જ્ઞાનપર્યાય થઈ એ જ્ઞાનપર્યાયનો સંબંધ સ્વની સાથે છે. અને એ જ્ઞાનપર્યાયે પરમાણુના અચેતન... અચેતન... અચેતન... અચેતન... અચેતન... એનું દ્રવ્ય તે કાયમ અચેતન રહેનારું (છે) એવું જે જ્ઞાનની પર્યાય જાણે અને તેના ગુણનું – વર્ણ આદિનું અને તેની પર્યાય વર્તમાન ઉત્પન્ન થાય છે, પૂર્વની જાય છે એટલા અસ્તિત્વમાં એ છે અને એ ઉત્પાદ-વ્યયની પર્યાયનો એના રજકણ સાથે – ધ્રુવ સાથે સંબંધ છે. એવું જે જ્ઞાનપર્યાય જાણે છે... એવો સ્વપરપ્રકાશક જ્ઞાનનો સંબંધ પણ દ્રવ્ય સાથે છે. આહા..હા...! આ આવું છે માટે અહીં જ્ઞાન થયું એમ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આવું ઝીણું છે આ ! આ..હા..હા...! કહો, ભાઈ ! આ શું હશે ? આહા..હા...!

શું શૈલી ! 'પ્રવચનસાર' ! ભગવાનની દિવ્યધ્વનિનો સાર ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર ! એની વાણી એમ પણ એક વ્યવહારથી કહેવાય છે. એ વાણીનો સાર આ છે. તારું તત્ત્વ તારામાં, તારો ગુણ તારામાં, તારી પર્યાય તારામાં. એટલામાં અસ્તિત્વ સમાપ્ત પામે છે. આવે છે ને ? ૧૦૭ (ગાથા). (એ ગાથા) આવી ગઈ નહિ ? આવી ગઈ. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એટલામાં સત્ સમાપ્ત (થાય છે), બસ ! આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ'ના શાસ્ત્રો અને એમની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્યદેવ' આ..હા..હા..હા...! ભરતક્ષેત્રમાં આવી વાત બીજે ક્યાંય નથી અને પરમ સત્યને સિદ્ધ કરે છે. એમાં પણ પરમ સત્ય જે ભલે પર છે પણ એને જાણનારની પર્યાયને સિદ્ધ કરી ! આ..હા..હા...!

આ અચેતન... અચેતન... અચેતન... એનો વિશેષ ગુણ અને એની પર્યાય અચેતન. અચેતનનો અર્થ એને તો દ્રવ્ય-ગુણ-પર્યાય શું એની ખબર પણ નથી, એ તો અચેતન છે. એટલે એની એને ખબર નથી. ચેતનને એની ખબર છે. આહા..હા...! અચેતન કીધાં ને ? આ દ્રવ્ય અચેતન... અચેતન... અચેતન... અચેતન દ્રવ્યને ખબર છે કે હું અચેતન... અચેતન... છું ? અચેતનના ગુણ અચેતન છે એ અચેતનના ગુણને ખબર છે ? અચેતનની પર્યાય અચેતન (છે) એવી અચેતનની પર્યાયને ખબર છે ? ઓ..હો..હો...! એ સ્વપરપ્રકાશકજ્ઞાનનો પર્યાય જે છે (એ એમ જાણે છે કે હું મારા) પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છું અને મારી પર્યાયનો સંબંધ ધ્રુવ સાથે છે. એવી જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થઈ એ જ્ઞાનની પર્યાયમાં પરનું અસ્તિત્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. એ જાણે છે માટે આવી પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. એ પર્યાયનો સંબંધ દ્રવ્ય સાથે છે. એથી હું છું ત્યાં આ નથી અને એ છે ત્યાં હું નથી. તેથી એને પરનો મોહ ઊડી જાય છે.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અષાઢ સુદ ૧ તથા ૨, ગુરુવાર તા. ૧૦-૦૭-૧૯૭૫**
**ગાથા – ૧૫૪, ૧૫૫**
**પ્રવચન નંબર–૧૬૩**

'પ્રવચનસાર' જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કથન. ૧૫૪ ગાથાનો ભાવાર્થ. '**મનુષ્ય, દેવ વગેરે અનેકદ્રવ્યાત્મક પર્યાય...**' જે આ શરીરાદિની છે એમાં '**પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ...**' ભિન્ન ભિન્ન છે. અનેક દ્રવ્યસ્વરૂપ આ શરીરની પર્યાય એમાં પણ જીવનું સ્વરૂપ તો – એનું હોવાપણું તો એનાથી ભિન્ન છે. '**અને દરેક પરમાણુ...**' અનેકદ્રવ્યાત્મક આ જે શરીર છે એમાં પણ દરેક પરમાણુનું '**સ્વરૂપ-અસ્તિત્વ...**' તદ્દન ભિન્ન છે.

બે વાત કરી. આ શરીર જે છે એ અનેકદ્રવ્યસ્વરૂપ પર્યાય છે. એમાં જીવનું હોવાપણું તદ્દન ભિન્ન છે. કેમ (એ) પછી નક્કી કરાવશે. અને આ અનેકદ્રવ્યસ્વરૂપ પર્યાયમાં પણ પ્રત્યેક પરમાણુનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. બીજા પરમાણુથી પણ એ પરમાણુનું અસ્તિત્વ જુદું છે. '**સૂક્ષ્મતાથી જોતાં ત્યાં જીવ અને પુદ્‌ગલનું સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્ પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય) સ્પષ્ટપણે ભિન્ન જાણી શકાય છે.**'

'**સ્વ-પરનો ભેદ પાડવા માટે જીવે આ સ્વરૂપ-અસ્તિત્વને...**' એવા સ્વરૂપના હોવાપણાને '**પગલે પગલે...**' (એટલે) પર્યાયે પર્યાયે '**ખ્યાલમાં લેવું યોગ્ય છે. તે આ પ્રમાણે : આ (જાણવામાં આવતાં) ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય...**' ભાષા દેખો ! ચેતન... ચેતન... દ્રવ્ય લેવું છે. ચેતન દ્રવ્ય, ચેતન ગુણ અને ચેતન પર્યાય. એ જાણકપર્યાય – જાણનારી પર્યાય,... આ ચેતન દ્રવ્ય, ચેતન ગુણની સાથે ચેતન પર્યાયનો સંબંધ છે. શું કહ્યું ઈ ?

ચેતન દ્રવ્ય, ગુણ અને પર્યાય. ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય. જાણનારો જે ચેતન (છે) એને પર્યાયે જાણ્યું કે આ જાણનાર ચેતન... ચેતન... ચેતન... તે દ્રવ્ય છે. એ ચેતનની પર્યાયને અંદર ચેતન દ્રવ્ય જે જાણનાર... જાણનાર છે એના તરફ વાળતાં આ ચેતન... ચેતન... ચેતન છે એવું પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ચેતનના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનની વાત થઈ.

જે જાણનાર પર્યાય... અહીં જાણવાની પ્રધાનતા(થી વાત છે). ચેતન લીધું છે ને ? એ જાણનાર જે પર્યાય, એ આમ ચેતન દ્રવ્ય છે, જાણનાર કાયમી... કાયમી વસ્તુ છે એવું જ્ઞાનની પર્યાયે ખ્યાલમાં લીધું. અને એ જ્ઞાનની પર્યાય, એનો જ્ઞાનગુણ છે, દ્રવ્ય સામાન્ય છે, ગુણ છે, એની ચેતનપર્યાયે ગુણને જ્ઞાનમાં લીધો. આહા..હા...! અને એ ચેતન પર્યાય – એ પોતે પર્યાય જાણનાર (છે) એને પણ પર્યાયે જાણી. આહા..હા...! ભાષા એમ છે ને ? મૂળ પાઠ એ આવી ગયો છે ને ? ચેતનદ્રવ્ય એમ. જાણનાર... જાણનાર... કાયમ આમ છે... છે... છે... જાણનાર, હોં ! છે, ધ્રુવ છે એમ જ્ઞાનની પર્યાયે છે એવા ચેતનદ્રવ્યને પરથી ભિન્ન જાણ્યું. આહા..હા...!

શું કહેવાય આ ? પ્રેક્ટીકલને શું કહે છે ? પ્રયોગ ! પ્રયોગ એમ કહેવાય ? આ પ્રયોગ કર્યો. અચેતન અચેતનની દશામાં હો. ચેતનની પર્યાયે – જાણનાર પર્યાયે જાણનારું કાયમી તત્ત્વ ચેતન છે એની સાથે સંબંધ કર્યો. એ પર્યાયે – જાણનાર પર્યાયે અંતર્મુખ કરીને – પર્યાય અંતર્મુખ થઈને આ ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... છે એમ પર્યાયે જાણ્યું. અને એ ચેતન પર્યાયે... અહીં ચેતનનો ગુણ લેવો, જાણવું ઈ લેવું છે, હોં ! બીજા બધા ગુણો ભલે અવિનાભાવી (છે).

ચેતનદ્રવ્ય અને ચેતનગુણ; જ્ઞાન છે ને ? તો જ્ઞાનની પર્યાય એના ગુણને જાણે છે. ચેતન છે એ અભેદરૂપ છે. એમાં જ્ઞાનગુણ છે એમ ભેદરૂપ ભાવ છે, વિશેષરૂપ ભાવ છે. એનું અસ્તિત્વ પણ જ્ઞાનપર્યાયે જાણ્યું. આહા..હા...! જાણ્યું ત્યારે જ પર્યાય શુદ્ધ થઈ. ઈ પર્યાય દ્રવ્ય તરફ ઢળી ત્યારે દ્રવ્યને જાણ્યું. ત્યારે ઈ પર્યાય શુદ્ધ જ છે. જ્ઞાનની પર્યાય, હોં ! આહા..હા...!

અહીં તો ચેતન દ્રવ્ય, ચેતન ગુણ, ચેતન પર્યાય એમ ત્રણ લેવા છે ને ? પછી ચેતનનું ધ્રુવ અને ચેતનનો ઉત્પાદ-વ્યય. ચેતનનો ધ્રુવ અને ચેતનનો ઉત્પાદ-વ્યય. એ છ બોલ કરીને આત્માનું અસ્તિત્વ પરથી હું ભિન્ન છું એમ જાણ્યું. આહા..હા...! ભાઈ !

પ્રયોગ કેમ કરવો ? એ જાણવાની પર્યાયને પ્રેક્ટિસમાં કઈ રીતે મૂકવી ? કે, એ પર્યાય જાણનાર છે. તો એ જાણનાર જે કાયમનું દ્રવ્ય છે એને અંતર્મુખ થઈને (ગ્રહે). કારણ કે દ્રવ્ય છે એ અંતર્મુખ છે એને જાણે. અને એના ગુણને (જાણે). અહીં તો ચેતન દ્રવ્ય, ચેતન ગુણ, ચેતન પર્યાય એ વાત લેવી છે. એની સાથે ભલે બીજા ગુણો હોય. સમજાણું કાંઈ ? આહા.. હા...!

ચેતનની વર્તમાન જે પર્યાય છે એ જે દ્રવ્ય છે તે તરફ જાય છે એટલે એ પર્યાય નિર્મળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ થઈ. જે જ્ઞાનની પર્યાય પર ઉપર હતી એ તો ત્યાં રહી. એ પર્યાયને કંઈ અંતર(માં) વાળી શકાતી નથી. પણ જેણે એ પર તરફનું લક્ષ, જ્ઞાનની પર્યાયનું જે લક્ષ (પર તરફ) હતું એ લક્ષ જે પર્યાયે છોડ્યું ઈ તો બીજી પર્યાય થઈ. આ તો ધીરાનો માર્ગ છે, બાપા !

ભગવાનસ્વરૂપ પ્રભુ ! એ ચેતનસ્વરૂપ ! જેણે એને જાણ્યો અને ગુણ છે એને જાણ્યા. કારણ કે જાણનાર દ્રવ્યને જાણ્યું, ગુણને જાણ્યા, પોતાની પર્યાયને પણ જાણી. જાણવાની પર્યાયનો ઉત્પાદ-વ્યય તે પર્યાય (છે). એની સાથે રાગ આદિ હોય છે છતાં એ જાણવાની પર્યાયનો ઉત્પાદ-વ્યય તે હું (છું). એમાં રાગ ભલે હો, એને જ્ઞાન જાણે, પણ મારા અસ્તિત્વની અંદર તો જાણનારું દ્રવ્ય, જાણનારો ગુણ અને જાણનારી પર્યાય એ મારા અસ્તિત્વમાં છે. એમાં રાગ આદિ પણ આવી ગયા. રાગનું જ્ઞાન થયું છે ને ? કહેશે, અચેતન જાણશે. રાગ (છે) એ ખરેખર તો અચેતન છે. આ..હા..હા...! એ પણ પર્યાયમાં થાય છે એને જ્ઞાન જાણે છે. એણે જીવને અનેક દ્રવ્યાત્મક આ જડની પર્યાયમાં ભિન્ન કરીને ભાળ્યો. ભિન્ન કરીને ભાળ્યો – ભિન્ન કરીને જાણ્યો. આહા..હા...! ભાઈ ! બહુ ઝીણું આવું. બહારમાંથી કાંઈ મળે એવું છે આ ? બહારની ધમાધમ ક્રિયાઓ... આ..હા..હા...! 'ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.'

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા જેવું સ્વજ્ઞેય અને પરજ્ઞેયનું સ્વરૂપ છે એવું કહે છે. સંતો દિગંબર મુનિઓ એને અનુભવીને કહે છે કે, ભાઈ ! આ ચેતન... ચેતન... ચેતન... દ્રવ્ય જે પર્યાયમાં જાણવાની દશા છે, એ જાણવાની દશાનો સંબંધ ધ્રુવ સાથે – દ્રવ્ય સાથે (છે). કાયમ ટકતું ચેતન દ્રવ્ય તે હું એમ ચેતનની પર્યાયે જાણ્યું. અને એનો જે જાણવાનો સ્વભાવ (છે); પેલો સ્વભાવવાન જાણ્યો, ચેતન સ્વભાવવાન અને એનો સ્વભાવ – જાણવું એ હું છું અને એને જાણનારી પર્યાય (જે છે એ) જાણનારી પર્યાયને પણ હું જાણું છું. એવો જ્ઞાનનો ત્રણ સાથે સંબંધ થયો. દ્રવ્ય-ગુણ ને પર્યાય સાથે (સંબંધ થયો). એ હું છું. આહા..હા...! છે ?

'**(જાણવામાં આવતાં) ચેતન દ્રવ્ય...**' ચેતન '**ગુણ**', ચેતન '**પર્યાય...**' આ..હા..હા...! '**ચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય...**' ચેતન ધ્રુવ (કહ્યું એ) પેલામાં જે દ્રવ્ય-ગુણ હતા એ આ ધ્રુવમાં આવ્યા અને પર્યાય ઉત્પાદ-વ્યયમાં આવી. ચેતન કાયમ ટકતું એવું ધ્રુવ, ચેતન, હોં ! અને ચેતન ઉત્પાદ-વ્યય. ચેતનના – જાણવાના ઉત્પાદ ને વ્યય. '**જેનો સ્વભાવ છે...**' જેનો સ્વભાવ છે (એમ કહ્યું), જોયું ? ઉત્પાદ-વ્યય અને ધ્રુવ, દ્રવ્ય-ગુણ અને પર્યાય એ જેનો સ્વભાવ છે. પર્યાય પણ જેનો સ્વભાવ છે. આ..હા..હા...!

'**એવો હું આ...**' ઓ..હો..હો...! એવો હું આ ! જ્ઞાનમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય ગયા. એવો હું આ (એટલે) ત્રણ થઈને હું. ભારે વ્યાખ્યા, ભાઈ ! 'પ્રવચનસાર' ! ભગવાનની દિવ્યધ્વનિ ! એનું આ માખણ !! ચેતનના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ચેતનના ધ્રુવ ને ઉત્પાદ-વ્યય ભાવ તે હું છું. સમજાણું કાંઈ ? એમાં રાગાદિ હું છું એ ન આવ્યું. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન જે પર્યાયમાં (થયું) તે હું છું. સમજાણું કાંઈ ? અરે...! આવી વ્યાખ્યા ને આવું ઝીણું !

મુમુક્ષુ :– અહીંયાં સ્વભાવ કીધો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ત્રણે સ્વભાવ છે. દ્રવ્ય-ગુણ ને પર્યાય, ધ્રુવ ને ઉત્પાદ-વ્યય વસ્તુનો સ્વભાવ છે.

પ્રશ્ન :– નિશ્ચય ન થઈ જાય ?

સમાધાન :– નિશ્ચય છે ને ! નિશ્ચય એટલે સત્. આ નિશ્ચયની વાત છે ને ! પર્યાય પણ નિશ્ચય સ્વભાવ છે ને !

મુમુક્ષુ :– પર્યાય તો વ્યવહાર કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીંયાં અત્યારે (એનું) કામ નથી. અહીં તો સ્વ છે તે સ્વનું નિશ્ચય. અહીં તો પરથી જુદો પાડવો છે ને કે, આવો હું (છું). પર જુદા પાડવા (છે). આહા..હા...! એમાંથી ખરેખર તો રાગાદિ પણ જુદા પડી ગયા. કેમકે જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... આ જે કાયમ ટકતું એવું દ્રવ્ય અથવા ધ્રુવ અને જાણનારનો જાણવાનો ગુણ તે પણ ધ્રુવમાં આવી ગયો અને તે ગુણ તે હું અને જાણનારની જે ઉત્પાદ-વ્યયની પર્યાય (થાય છે), દ્રવ્ય-ગુણને જાણનારી (પર્યાય) તે હું. ધ્રુવ ને ઉત્પાદ-વ્યયમાં આ મારો ધ્રુવ અને આ ઉત્પાદ-વ્યય તે હું. આહા..હા...! એવો હું આ પુદ્ગલથી જુદો રહ્યો. આહા..હા...!

પ્રશ્ન :– પુદ્ગલથી જુદો થઈ ગયો, રાગથી ?

સમાધાન :– એ રાગથી જુદો થઈ ગયો. રાગ પુદ્ગલ છે. જાણવાની પર્યાય તે હું છું, બસ ! અહીં રાગ આદિની વાત નથી. તે સમયે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે તો પોતાને કારણે પોતાના સ્વભાવના સામર્થ્યથી થયું છે. તે પર્યાય અને આ દ્રવ્ય ને ગુણ તે હું છું. આહા..હા...! જ્ઞાતા-દૃષ્ટા જીવ, જ્ઞાન આદિ ગુણ અને એને જાણવાની પર્યાય. એ પર્યાયે આ દ્રવ્ય-ગુણને જાણ્યા, એ પર્યાયે ધ્રુવને જાણ્યું એવી જે પર્યાય તે હું. એટલે આ બધું ત્રણે થઈને હું. આહા..હા...! ભારે ભાઈ ! આ 'પ્રવચનસાર' ! દિગંબર સંતોની શૈલી જ કોઈ અલૌકિક છે ! ક્યાંય આ વાત છે નહિ. આ..હા..હા...!

મુમુક્ષુ :– વર્તમાન પર્યાયને પણ પોતાનો કહ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પોતાનો છે, એની તો વાત છે. દ્રવ્ય-ગુણ ને પર્યાય તે હું. ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને ઉત્પાદ-વ્યય તે હું. એકલું ધ્રુવ તે હું એમ અહીં નથી લેવું. અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે ને ? 'પ્રવચનસાર'માં બધું જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાનમાં જ્ઞેયમાં બધામાં (એ પ્રકારે કથન છે). આહા..હા...!

મુમુક્ષુ :– સ્વરૂપ-અસ્તિત્વ લીધું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ સ્વરૂપ-અસ્તિત્વ આ. જાણનારું દ્રવ્ય, જાણવાનો ગુણ ને જાણવાની પર્યાય તે મારું સત્ત્વ છે. આહા..હા...! દ્રવ્ય-ગુણ ને પર્યાય એ હું (છું). જાણનારું દ્રવ્ય, જાણવાનો ગુણ, જાણનારી પર્યાય (તે હું). જાણનારું ધ્રુવ, જાણનારા ઉત્પાદ-વ્યય તે હું. આ..હા..હા...! આવી વાત જેને સાંભળવા મળે નહિ અને તકરારું કરે. આહા..હા...! અરે..રે...!

આત્મા ! એનું અસ્તિત્વ કેટલું, કેવડું ? અને તે પરની અપેક્ષા રાખ્યા વિનાનું એવા અસ્તિત્વને પ્રતીતમાં, અનુભવમાં લેવો એનું નામ ધર્મ છે. બાકી પછી ગમે તે સંપ્રદાય માનીને બેસે, વસ્તુ તો આ છે. જુદો, '**એવો હું આ (પુદ્‌ગલથી) જુદો રહ્યો;...**' પરપદાર્થથી જુદો રહ્યો. આહા..હા...! '**અને આ અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય...**' ભાષા દેખો ! અચેતન (એટલે) અહીં પુદ્‌ગલની વાત લેવી છે. એ દ્રવ્ય – રજકણ જે છે એ અચેતન છે. એ જાણે છે જ્ઞાનની પર્યાય. સમજાણું કાંઈ ? આ અચેતન દ્રવ્ય, એના અચેતન ગુણ, એની અચેતન પર્યાય. '**અને અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય...**' અચેતન ધ્રુવ જેમાં ચેતનપણું નથી એવું અચેતન ધ્રુવ એવું જાણ્યું (જ્ઞાનની) પર્યાયે. જ્ઞાનની પર્યાયે પોતાને આ રીતે (હું ચેતન) છું (એમ) જાણ્યું તે પર્યાયે આ રીતે અચેતન છે એમ જાણ્યું. આહા..હા...!

સ્વરૂપગ્રાહીજ્ઞાન થયું એણે આ અચેતન દ્રવ્ય રજકણ છે, એનામાં અચેતન ગુણ અને અચેતન પર્યાય (છે એમ જાણ્યું). અચેતન ધ્રુવ અને અચેતન ઉત્પાદ-વ્યય. પેલામાં દ્રવ્ય-ગુણ અને પર્યાય લીધા હતા, આ ધ્રુવ અને ઉત્પાદ-વ્યય (લીધા). પેલું આવે છે ને ? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ અને કાં ગુણપર્યાયવત્ દ્રવ્યમ્. ગુણ ને પર્યાય તે દ્રવ્ય. એમાં ધ્રુવ અને ઉત્પાદ-વ્યય આવી ગયા. ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એમાં એ ત્રણ આવી ગયા (અને) અહીં બેમાં એ ત્રણ આવી ગયા. આહા..હા...! 'પંચાસ્તિકાય'માં આવે છે.

'**આ અચેતન દ્રવ્ય...**' એમ. આહા..હા...! એનો જાણનારો મારો પર્યાય તે હું, પણ એ વસ્તુ જે છે તે હું નહિ. આહા..હા...! પરદ્રવ્ય તરીકે (જાણે છે). આહા..હા...! આવું એણે પગલે પગલે એટલે કે પર્યાયે પર્યાયે તેને ખ્યાલમાં લેવું જોશે એમ કહે છે. ભેદજ્ઞાન થયું ત્યાં પર્યાયે પર્યાયે એવું જ જ્ઞાન થાય છે. એને કાંઈ વધારે નવું કરવું પડતું નથી. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મુમુક્ષુ :– વધારે બળવાન થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ જે થયું છે ઈ પ્રમાણે થયા કરે છે. એ વખતે પાછો બીજે સમયે ભેદ પાડવો છે એમ નહિ. ભેદ પડીને પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા અને ભેદવાળા અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ પર્યાયમાં આ ભિન્ન છે એમ જાણ્યા. તો પર્યાયે પર્યાયે ક્ષણે ક્ષણે આ મારું સ્વરૂપ-અસ્તિત્વ છે અને આ મારું (અસ્તિત્વ) નહિ. એમ આવી જાય છે. સમજાણું કાંઈ ? ખ્યાલમાં લેવાનો અર્થ ? પર્યાયે પર્યાયે આ જ રીતે વસ્તુની સ્થિતિ બને છે એમ. સમજાણું કાંઈ ?

આવો ધર્મ, ભાઈ ! પેલા (તો) પોસા કરે, સામાયિક કરે, પડિકમણા કરે, અપવાસ કરે... થઈ ગયો ધર્મ, લ્યો ! આહા..હા...! કારણ કે અપવાસ એ તપ છે અને તપ છે તે નિર્જરા છે. નિર્જરા તે ધર્મ છે અને ધર્મ તે મોક્ષનું કારણ છે. બધું સિદ્ધ થઈ ગયું, લ્યો ! અરે...! તને કાંઈ ખબર નથી, ભાઈ ! ઉપવાસનો વિકલ્પ ઊઠ્યો એ તું નહિ. એની જાણનાર જ્ઞાનની પર્યાય સ્વના લક્ષે જે જાણે એને અપવાસનો કે વ્રતનો વિકલ્પ ઊઠ્યો એને જાણનારી પર્યાય, એ સ્વને જાણનારી પર્યાય (છે) તે એને જાણે. સમજાણું કાંઈ ? (એમ જાણે કે) આ એક વિકલ્પ છે. એ વિકલ્પ પણ અચેતન છે. પરમાણુ અચેતન, ગુણ અચેતન અને વિકલ્પ પર્યાય પણ અચેતન છે. આહા..હા...! એટલે કે એમાં જ્ઞાન નથી. અને અહીં તો ત્રણેમાં જ્ઞાન છે. દ્રવ્ય-ગુણ ને પર્યાય – પૂર્ણ (સ્વરૂપ), (ગુણ) ભેદ અને દશા ત્રણેમાં જ્ઞાન વ્યાપ્યું છે અને રાગ ને કર્મના રજકણ કે શરીરના રજકણમાં જ્ઞાનની પર્યાય વ્યાપતી નથી. એને જાણે છે એમ કહેવું એ પણ અહીંયાં પર્યાયે – જ્ઞાનની પર્યાયે ચેતન દ્રવ્ય-ગુણને જાણ્યા તેથી એ પર્યાય દ્રવ્ય તરફ ઢળી ગઈ છે. તે પર્યાય એમ જાણે છે એનો તે કાળનો એવો સ્વભાવ (છે) કે આ અચેતન છે તે હું નહિ. એવું જ્ઞાનની પર્યાયમાં સહજ હોય છે. પછી સમજાવે (ત્યારે) તો એમ સમજાવે ને ? સમજાણું કાંઈ ? આહા..હા...!

દ્રવ્યાનુયોગનું જ્ઞાન સૂક્ષ્મ છે અને એને જાણ્યા વિના ચરણાનુયોગ, કથાનુયોગ અને કરણાનુયોગ, આ જાણ્યા વિના એના અર્થ બરાબર નહિ સમજી શકે. સમજાણું કાંઈ ? અને આ શરીરમાં પણ એક એક રજકણ પોતાનું અચેતન દ્રવ્ય, અચેતન ગુણ અને અચેતન પર્યાય(સ્વરૂપ છે). 'પંચાસ્તિકાય સંગ્રહ'માં ૮૧ (ગાથામાં) કહ્યું છે ને ? સ્કંધમાં રહ્યું છતાં તેની ગણતરી જુદી છે. તેનું આ ગણવું એ જુદું છે. ૮૧મા છે, 'પંચાસ્તિકાય' ! ઓ..હો...!

જેમ આ (અનેક) દ્રવ્યાત્મક પર્યાયમાં એક ક્ષેત્રે રહેલો ભગવાનઆત્મા (છે) છતાં તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એનું અસ્તિત્વ છે. આ શરીરના કોઈ પણ પર્યાયના અસ્તિત્વમાં એનું અસ્તિત્વ નથી. હા, એ શરીરના અને રજકણના જે દ્રવ્ય-ગુણ ને પર્યાય અચેતન છે એને આ જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયે પોતાના દ્રવ્ય-ગુણ અને પોતાની પર્યાયને જાણી એમાં એ ભાવ આવી ગયો. આ હું છું અને આ નથી, એવું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જણાય ગયું. સમજાણું કાંઈ ?

**'અને આ અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે...'** એ એનો સ્વભાવ છે. આહા..હા...! **'એવું પુદ્‌ગલ આ (મારાથી) જુદું રહ્યું.'** એ તો કાંઈ વિકલ્પ કરવો નથી. જ્ઞાનમાં એ રીતે પરિણમન (વર્ત્યા કરે છે). જ્ઞાનના અસ્તિત્વમાં એનું અસ્તિત્વ નથી એવું જ્ઞાન થઈ ગયું. આ મારામાં નથી એ જાણે છે કોણ ? જાણનાર પર્યાય (જાણે છે). ત્યાં કહેવું છે ક્યાં ? આહા..હા...! ધીરાના કામ છે. સમજીને સમાય એના કામ છે આ ! રાગ હોય, પણ તેમાં મારું અસ્તિત્વ નથી. આ..હા..હા...! એ કાળે મને જાણતા જે એને જાણવાનો ભાવ મારામાં મારાથી પ્રગટ્યો છે એમાં એ રાગને જાણવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પ્રશ્ન :– ધીરાના કામ છે એનો અર્થ શું ?

સમાધાન :– ધીરો એટલે અંતરમાં બહુ ખળભળાટ ખળભળાટ ઊભો થાય એનું આ કામ નથી. આ કર્યું ને આ કર્યું ને શાસ્ત્ર જાણ્યા, આ જાણ્યું... આ જાણ્યું... એ બધું ઠીક (છે). 'નિશ્ચિંત પુરુષો' નથી આવતું ? 'નિભ્રત પુરુષો' ! એનો અર્થ કર્યો. 'નિભ્રત' આવે છે, કળશમાં આવે છે. આહા..હા...! નિભ્રત પુરુષો (એટલે) પરની ચિંતાના ભાવથી ભિન્ન પડ્યો છે એવા જીવનું કામ છે. સમજાણું કાંઈ ? નિભ્રત પુરુષો એવો કળશ છે. આચાર્યોએ તો... ઓ..હો..હો...! દિગંબર સંતોએ તો માર્ગને સરળ, બહુ સીધો, સરળ કરી નાખ્યો ! અને એને સમજવામાં પણ સરળ પડે એવી એ ચીજ છે. આ..હા..હા..હા...!

**'માટે મને પર પ્રત્યે મોહ નથી;...'** એટલે કે પર વસ્તુ મારી છે એ ભાવ મારામાં નથી. આહા..હા...! મને પર પ્રત્યે મોહ નામ સાવધાની – આ હું છું એવો ભાવ મને નથી. આહા..હા...! **'સ્વ-પરનો ભેદ છે.'** ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાય, ધ્રુવ ને ઉત્પાદ-વ્યય, અચેતનના દ્રવ્ય-ગુણ-પર્યાય, ધ્રુવ ને ઉત્પાદ-વ્યય બન્ને ભિન્ન છે. સ્વ-પર બેય ભેદ છે. સમજાણું કાંઈ ? એ ૧૫૪ (ગાથા પૂરી) થઈ. પરમ 'દી ચાલી હતી ને ? કાલે તો સઝ્ઝાય હતી.

બહુ સરસ વાત ! ઓ..હો..હો...! સ + રસ = રસવાળી વાત છે !! જેણે જ્ઞાનની પર્યાયને દ્રવ્ય-ગુણને જાણવા તરફ વાળી... આ..હા..હા...! એની પર્યાયમાં આનંદ આવ્યા વિના રહે નહિ એમ કહે છે. કારણ કે એક અંશ છે એણે આખા અંશીને પકડ્યો. એમાં તો આનંદ છે. આ..હા..હા..હા...! ભગવાન પણ આનંદનું ધ્યાન કરે છે, રાતે નહોતું કહ્યું ? રાતે કહ્યું હતું ને ? કેવળજ્ઞાની કોનું ધ્યાન કરે ? મહારાજ ! ઈ તો પૂર્ણ કેવળી છે, ભાઈ ! એ આનંદનું ધ્યાન (કરે છે) એટલે આનંદને લક્ષમાં રાખીને એ અનુભવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એને એનું વેદન છે. આહા..હા...! અતીન્દ્રિય આનંદ ! પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ત્યાં અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ્યો છે. આ સાધકમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદ નથી. કેમકે દ્રવ્ય ચેતન છે, ગુણ ચેતન અને પર્યાય ચેતન (છે) એવું જે જ્ઞાન અહીં ઢળ્યું (તેને) દ્રવ્યની જેટલી શક્તિઓ છે એટલી પર્યાયમાં વ્યક્તરૂપે આવી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? કહો, ભાઈ ! આવો મારગ છે ! આ..હા..હા...!

લોકોને એમ લાગે કે આ દિગંબર ધર્મ ! ભાઈ ! દિગંબર ધર્મ (એટલે) વસ્તુનો ધર્મ આ છે. દિગંબર ધર્મ કોઈ પક્ષ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– કપડા ન પહેરે એ દિગંબર.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમ પણ અહીં ક્યાં છે ? રાગના કપડા આત્મામાં નથી એવું જે જાણે એ દિગંબર ! અહીં ન આવ્યું ? જ્ઞાનમાં હું છું, રાગમાં હું નહિ, અચેતનમાં હું નહિ. આ..હા..હા..હા...! હું તો મારા ત્રિકાળી જ્ઞાન ચેતન દ્રવ્ય, એનો ત્રિકાળી ભેદરૂપ ગુણ અને વર્તમાન પર્યાય તેટલામાં હું છું. આ દિગંબર ધર્મની સમ્યક્દૃષ્ટિ ! સમજાણું કાંઈ ? શું થાય ? લોકોએ માર્ગને કંઈક કંઈક રીતે ફેરવી નાખ્યો. પછી કહે કે, અત્યારે આ કરીએ છીએ, ભવિષ્યમાં શું થાશે, થાવું હશે ઈ થાશે. શું થાશે ? બાપુ ! ભવિષ્યમાં પણ રહેનારો તો તું છો કે નહિ ? તો જ્યાં તેં માન્યું છે ત્યાં તું ભવિષ્યમાં રહીશ. પણ જેના ઠેકાણા નથી, રાગ ને પર(નું કરું), આનું કરું ને આ કરું... આ..હા..હા...! એ મિથ્યાભાવમાં રહેશે. એ મિથ્યાભાવમાં તો નરક, નિગોદના ભવ કરવાની તાકાત છે. ભવના અભાવની એમાં તાકાત નથી. સ્વર્ગના ભવ કે નરકના ભવમાં ભવના અભાવની તાકાત નથી. આ..હા...! સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એ તાકાત છે. એ ચારે ભવના અભાવસ્વભાવ સ્વરૂપ એનામાં તાકાત છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? '**માટે મને પર પ્રત્યે મોહ નથી;...**' એથી '**સ્વ-પરનો ભેદ છે.**' આહા..હા...!

'**હવે આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે :–**' પરપદાર્થનો સંબંધ કયા ભાવે થાય છે ? બંધન થાય છે ને ? એ કયા ભાવે થાય છે ? પરનો સંયોગ થાય છે એ કયા ભાવે થાય છે એનો વિચાર કરે છે. આહા..હા...!

**अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो।**
**सो वि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि।।१५५।।**
**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनोऽत्यन्तविभक्तत्वाय परद्रव्यसंयोगकारणस्वरूपमालोचयति -

**अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो।**
**सो वि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि।।१५५।।**
**आत्मा उपयोगात्मा उपयोगो ज्ञानदर्शनं भणितः।**
**सोऽपि शुभोऽशुभो वा उपयोग आत्मनो भवति।।१५५।।**

आत्मनो हि परद्रव्यसंयोगकारणमुपयोगविशेषः। उपयोगो हि तावदात्मनः स्वभावश्चैतन्यानुविधायिपरिणामत्वात्। स तु ज्ञानं दर्शनं च, साकारनिराकारत्वेनोभयरूपत्वाचैतन्यस्य।

---

एवं नरनारकादिपर्यायैः सह परमात्मनो विशेषभेदकथनरूपेण प्रथमस्थले गाथात्रयं गतम्। अथात्मनः पूर्वोक्तप्रकारेण नरनारकादिपर्यायैः सह भिन्नत्वपरिज्ञानं जातं, तावदिदानीं तेषां

---

હવે આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે :–

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

---

જાણવા-દેખવાના ઉપયોગની વાત કરી છે. ત્યાં આચરણનો અશુદ્ધ ઉપયોગ અને આચરણની વ્યાખ્યા ભેગી કરી છે કે જે નવા બંધનું કારણ છે.

**ટીકા :– ‘ખરેખર આત્માને પરદ્રવ્યના સંયોગનું કારણ...’** કર્મના સંબંધનું કારણ **‘ઉપયોગવિશેષ છે.’** ઉપયોગવિશેષ (એટલે) ખાસ ઉપયોગ એમ. શુભ-અશુભ (ઉપયોગ). (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં) ખુલાસો છે. ‘ઉપયોગવિશેષ = ઉપયોગનો ભેદ; ઉપયોગનો પ્રકાર; અમુક પ્રકારનો ઉપયોગ. (અશુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે. એમ ૧૫૬મી ગાથામાં કહેશે.’ આહા.. હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथायमुपयोगो द्वेधा विशिष्यते शुद्धाशुद्धत्वेन। तत्र शुद्धो निरूपरागः, अशुद्धः सोपरागः। स तु विशुद्धिसंक्लेशरूपत्वेन द्वैविध्यादुपरागस्य द्विविधः शुभोऽशुभश्च।।१५५।।

---

संयोगकारणं कथ्यते - **अप्पा** आत्मा भवति। कथंभूतः। **उवओगप्पा** चैतन्यानुविधायी योऽसावुपयोगस्तेन निर्वृत्तत्वादुपयोगात्मा। **उवओगो णाणदंसणं भणिदो** स चोपयोगः सविकल्पं ज्ञानं निर्विकल्पं दर्शनमिति भणितः। **सो वि सुहो** सोऽपि ज्ञानदर्शनोपयोगो धर्मानुरागरूपः शुभः, **असुहो** विषयानुरागरूपो द्वेषमोहरूपश्चाशुभः। **वा** वा शब्देन शुभाशुभानुरागरहितत्वेन शुद्धः। **उवओगो अप्पणो हवदि** इत्थंभूतस्त्रिलक्षण उपयोग आत्मनः संबन्धी भवतीत्यर्थः।
।।१५५।।

---

**અન્વયાર્થ :–** **[आत्मा उपयोगात्मा]** આત્મા ઉપયોગાત્મક છે; **[उपयोगः]** ઉપયોગ **[ज्ञानदर्शनं भणितः]** જ્ઞાન-દર્શન કહેલ છે; **[अपि]** અને **[आत्मनः]** આત્માનો **[सः उपयोगः]** તે ઉપયોગ **[शुभः अशुभः वा]** શુભ અથવા અશુભ **[भवति]** હોય છે.

**ટીકા :–** ખરેખર આત્માને પરદ્રવ્યના સંયોગનું કારણ ઉપયોગવિશેષ છે. પ્રથમ તો ઉપયોગ ખરેખર આત્માનો સ્વભાવ છે કારણ કે તે ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે (અર્થાત્ ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે). અને તે (ઉપયોગ) જ્ઞાન ને દર્શન છે, કારણ કે ચૈતન્ય

---

**'પ્રથમ તો ઉપયોગ ખરેખર આત્માનો સ્વભાવ છે કારણ કે તે ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે (અર્થાત્ ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે). અને તે (ઉપયોગ) જ્ઞાન ને દર્શન છે,...'** ઉપયોગના બે પ્રકાર (કહ્યાં). '**કારણ કે ચૈતન્ય સાકાર ને નિરાકાર એમ ઉભયરૂપ છે.**' સાકાર એટલે કે જ્ઞાન. 'આકારોવાળું; ભેદોવાળું; સવિકલ્પ; વિશેષ.' નિરાકાર = 'આકારો વિનાનું; ભેદો વિનાનું; નિર્વિકલ્પ; સામાન્ય.' પહેલું જ્ઞાન અને બીજું દર્શન એમ.

**'હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે.'** પેલા જાણવાના હતા, હવે એના આચરણના (ભેદ) કહે છે. નહિતર તો જ્ઞાનના મતિ, શ્રુત આદિ પાંચ ભેદ (છે). દર્શનના ભેદ ચાર એમ જોઈએ. એના ઉપયોગના ભેદ પાડવા હોય તો (આમ ભેદ પડે). પણ આ ઉપયોગમાં જેનું આચરણ અશુદ્ધ છે કે જે નવા કર્મનું કારણ છે એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાકાર ને નિરાકાર એમ ઉભયરૂપ છે. હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે. તેમાં, શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (–નિર્વિકાર) છે; અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર) છે. અને તે અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે, કારણ કે ઉપરાગ વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ એમ બે પ્રકારનો છે (અર્થાત્ વિકાર મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ એમ બે પ્રકારનો છે).

**ભાવાર્થ :–** આત્મા ઉપયોગસ્વરૂપ છે. પ્રથમ તો ઉપયોગના બે ભેદ છે : શુદ્ધ અને અશુદ્ધ. પાછા અશુદ્ધ ઉપયોગના બે ભેદ છે : શુભ અને અશુભ. ૧૫૫.

---

આચરણવાળો ઉપયોગ આમાં નાખ્યો.

'દ્રવ્યસંગ્રહ'માં લીધું છે કે, આ ઉપયોગ છે ઈ શું ? અને અશુદ્ધ-શુદ્ધ ઉપયોગ શું ? ઉપયોગ છે ઈ તો પાંચ જ્ઞાન, ચાર દર્શન અને ત્રણ જ્ઞાન એમાં એ જાય છે અને આ જે શુદ્ધ-અશુદ્ધ, શુભ-અશુભ અને શુદ્ધ એ આચરણની અપેક્ષાએ જાય છે. સમજાણું ? પાંચ જ્ઞાન, ચાર દર્શન અને ત્રણ જ્ઞાન – એ બાર ઉપયોગ (કહ્યાં) એ તો એક જાણવા-દેખવાની અપેક્ષા રહી, બસ ! અને જે શુભ-અશુભ અને શુદ્ધ (કહ્યું) એ ઉપયોગના આચરણની અપેક્ષાના ભેદ છે. બાર પ્રકારના ભેદ (પહેલાં કહ્યાં) ઈ (આ) ભેદ નહિ. આહા..હા...!

'**હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે.**' આચરણની અપેક્ષાએ (ભેદ પાડવામાં આવે છે). વાત ચાલે છે, ચૈતન્ય ઉપયોગ – જ્ઞાન-દર્શનમયની, પણ એ જ્ઞાન-દર્શન, જ્ઞાન જે છે ઈ અટકે છે ક્યાં ? કે, શુભ-અશુભ ઉપયોગમાં અટકે છે અને કાં શુદ્ધમાં અટકે છે. શુદ્ધમાં અટકે છે એટલે ઠરે છે અને પેલો અટકે છે ઈ એમાં ઠરે છે, રહે છે. આહા..હા...!

'**તેમાં, શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (નિર્વિકાર) છે;...**' આહા..હા...! અહીંયાં ઉપયોગના શુદ્ધ અને શુભ-અશુભ ત્રણ ભેદ છે. શુદ્ધ અને અશુદ્ધ કીધાં ને ? એમાં શુદ્ધ છે ઈ તો નિરુપરાગ – રાગ વિનાનો (છે). ભગવાનઆત્મા ચૈતન્યસ્વભાવ ! એનો જે શુદ્ધ ઉપયોગ (થયો) જેને જૈનશાસન કહ્યું. લોકો ત્યાં વાંચે છે, કાલે કાગળ આવ્યો હતો. તુલસી તેરાપંથી ! વાંચે છે. આ બેસે તો તો બધું મૂકી દેવું પડે.

મુમુક્ષુ :– વાંચવાનું ફળ શું આવે એની...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એની ક્યાં ખબર છે ? આ વસ્તુસ્થિતિ છે અને દિગંબર સંતોએ તો બેહદના કામ કર્યાં છે !! એ બીજે ક્યાંય છે જ નહિ. અન્ય મતમાં તો નથી પણ શ્વેતાંબરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ આ વાત (નથી). આહા..હા...! આ તો વસ્તુની સ્થિતિ ! આ..હા..હા...!

અહીં તો અશુદ્ધ ઉપયોગ બંધનું કારણ છે એમ સિદ્ધ કરવું છે. અશુદ્ધ ઉપયોગમાં શુભ ભાવ પણ આવ્યો. શુભ અને અશુભ બન્ને (આવ્યા). શુભ પણ બંધનું કારણ છે. શુદ્ધ (ઉપયોગ) છે ઈ નિર્વિકાર – નિરુપરાગ (છે) એમાં રાગનો કણ નથી. જેવું શુદ્ધ દ્રવ્ય અને ગુણનું સ્વરૂપ છે એ તરફના આચરણવાળો ઉપયોગ તે નિરુપરાગ શુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! તે ધર્મ છે. '**पस्सदि जिणसासणं सव्वं**' જેણે શુદ્ધ ઉપયોગ દ્વારા અબદ્ધસ્પૃષ્ટ ભગવાનઆત્માને જાણ્યો એ શુદ્ધ ઉપયોગ છે એ જ જૈનશાસન છે. મહાવ્રતના પરિણામ ને એ બધા જૈનશાસન નથી. આહા..હા...! શુદ્ધ ઉપયોગ !

જુઓને ! 'દ્રવ્યસંગ્રહ'માં પણ (કેવી વાત કરી છે) ! દિગંબર કોઈ પણ આચાર્યોની વાત લ્યો, બધી ચારેકોર અવિરોધ વાત (છે). આહા..હા...! વસ્તુની સ્થિતિ જ એ છે. જે આત્મા દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે તેના તરફનો વેપાર જે પર્યાયમાં (થાય) એ શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધનો ઉપયોગ તે શુદ્ધ ઉપયોગ છે, શુદ્ધનો વેપાર તે શુદ્ધ ઉપયોગ છે. આ..હા...! દ્રવ્ય અને ગુણ તો તદ્દન શુદ્ધ પવિત્ર પિંડ પ્રભુ છે. એનો વેપાર એ શુદ્ધ ઉપયોગ છે. આહા..હા...!

'**અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર) છે.**' પેલો (શુદ્ધ ઉપયોગ) રાગ વિનાનો છે એટલે પહેલું સિદ્ધ કરે છે. '**અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર) છે. અને તે અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે,...**' લ્યો ! આહા..હા...! આ તો સાધારણ વાત (છે). પણ ક્યાં નાખી ? જ્ઞાનની પર્યાયે ચેતનના દ્રવ્ય-ગુણને જાણ્યા એવી જે પર્યાય (થઈ) એ શુદ્ધ છે. અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી એટલે પરને જાણે એમ ત્યાં લીધું (કે) આ મારા અસ્તિત્વમાં નથી એવું જાણ્યું, પણ એ પર્યાય સ્વ તરફ ઢળી છે એ જ્ઞાનની પર્યાય છે અને એ જ્ઞાનની પર્યાય શુદ્ધ છે. આહા..હા...! પણ જેના ઉપયોગમાં અશુદ્ધપણું આવ્યું, સ્વનો આશ્રય છૂટી ગયો, અનાદિથી છૂટ્યો છે.

'**અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે,...**' આ..હા...! '**કારણ કે ઉપરાગ વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ...**' લ્યો, આ આવ્યું. વિશુદ્ધિ આવ્યું. પેલો કહે છે ને ? શુભ ભાવમાં વિશુદ્ધિ છે એમ લખ્યું છે. માટે તેમાં ધર્મનો અંશ છે, નિર્જરાનું કારણ છે. આહા..હા...! પદાર્થની અવસ્થા ક્રમબદ્ધ છે, વ્યવસ્થિત છે એની જેને ખબર નથી એ બધા ગોટા વાળે અને વ્યવસ્થિત નક્કી કરવા જાય તો એને ક્રમબદ્ધ (નક્કી) થઈ જાય અને એને નિશ્ચય થઈ જાય. પોતાને કરવું, ફેરવવું કાંઈ રહેતું નથી. આહા..હા...! પણ ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય (એ) ક્રમબદ્ધની પર્યાયને આશ્રયે (નિર્ણય) ન થાય... આહા..હા...! જ્ઞાયકભાવને આશ્રયે થાય. એનો જ્યાં આશ્રય થાય તો જે પર્યાય જ્યાં થાય છે તેને જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, બસ ! પછી તો પોતાની પર્યાયને પણ ફેરવવી નથી. દિશા ફેરવી એટલે જે દશા થઈ એને હવે ફેરવવી નથી. આ..હા..હા..હા...! સમજાણું કાંઈ ? પર્યાયની દિશા ફરી (એટલે કે) દિશા આમ (અંતર્મુખ) ગઈ (તો) હવે જે કાળે જે પ્રકારે (પર્યાય થાય) તે જાણે છે, બસ ! એને પરિણામને પણ ફેરવવા નથી. આ..હા..હા...!

મુમુક્ષુ :– દિશા ફરી એ પરિણામ ફર્યા ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આમ પરિણામ (અંતર્મુખ) થયા એટલે પરિણામ શુદ્ધ થયા. પણ હવે ઈ શુદ્ધ પર્યાયની સાથે અશુદ્ધ (પર્યાય) છે એને ફેરફાર નથી કરવો. એ જાણે છે (કે) આ છે... છે... છે... છે... બસ ! આ..હા..હા...!

('સમયસાર'માં) 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'માં ન આવ્યું ? ૩૨૦ (ગાથા) ! બંધને જાણે, મોક્ષને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે. જાણે... જાણે... જાણે... જ્ઞાનસ્વભાવ શું જાણે ? શું કરે ? ઉદયને જાણે, ખરે એને જાણે, બંધ થાય એને જાણે, મોક્ષ થાય એને જાણે. આહા..હા...! જેનો જાણવાનો સ્વભાવ છે એ બીજું શું કરે ?

પ્રશ્ન :– વ્રત, પડિમા આદરે કે ન આદરે ?

સમાધાન :– કોણ આદરતું હતું ? એ તો સ્વનો વિશેષ આશ્રય થાય ત્યારે એવી નિર્મળ દશા પડિમામાં આવે. વિકલ્પ પણ એ કાળે હો, વ્રત લેવા છે ક્યાં ? આદરવા છે ક્યાં ? એક જણો તે 'દી ત્યાં કહેતો હતો, 'રાજકોટ' ! કે, આઠ પડિમામાં લોકો હજી અમને માને નહિ. અગિયાર લેવી પડશે ત્યારે (માનશે). ક્ષુલ્લક થાઈએ તો લોકો માને. આહાર-પાણી દેવામાં માને. આઠ પડિમાવાળો કાંઈ જુદો ન પડે. સાત પડિમાવાળા ને (બીજા બધા) હોય એ બધો ખીચડો હોય. એને બહુમાન ન મળે કે, મારે ત્યાં પધારજો. ક્ષુલ્લક થાય ત્યાં તરત આદર મળે. એક બિચારો એમ કહેતો હતો, આઠ પડિમાવાળો હતો. તે 'દી, હોં ! 'રાજકોટ' ! છઠ્ઠી સાલ ! (એક મુમુક્ષુને) ત્યાં આહાર કરવા ગયા ત્યારે (આવ્યો હતો). અરે...! એને ક્ષુલ્લકપણું લઈને લોકો આમ આહાર આપે (એવો ભાવ રહે) ! અહીં બધા ત્યાગી એક પાટે બેસે તો સૌને આહારનું આમંત્રણ આપે. એ માટે બધા એક પાટે સાથે બેસે. બે પડિમાવાળા, સાત પડિમાવાળા, દસ પડિમાવાળા (બધા સાથે બેસે). રોટીના વેપારી છે ને ! ઈ (કોઈક) કાલે કહેતું હતું કે, આ બધાએ રોટીની દુકાનદારી માંડી છે. મેં પણ દુકાનદારી માંડી છે. આ રીતે બધી દુકાનદારી ચલાવવાની છે. અરે..રે...! શું કરે છે આ ? શું કહે છે આ ? અરે..રે...! વળી દાંત કાઢીને કરે ને... આ..હા..હા...!

અહીં તો કહે છે કે, ઉપયોગના બે પ્રકાર – શુદ્ધ અને અશુદ્ધ. અશુદ્ધ છે ઈ ઉપરાગ. એ ઉપરાગ વિશુદ્ધિરૂપ હોય અને સંક્લેશરૂપ હોય. એ રાગ મંદ રાગરૂપ વિશુદ્ધિ હોય (એ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તો અશુદ્ધ, સંયોગનું કારણ (છે). જોયું ? એ નવા બંધનું કારણ છે. નિર્જરા-ફિર્જરાનું કારણ એ વિશુદ્ધિ ભાવ નથી. 'વિશુદ્ધિ' શબ્દ પડ્યો એટલે (જાણે) અંદરથી વિશુદ્ધિ છે (એમ માની લે). આહા..હા...!

**'એમ બે પ્રકારનો છે (અર્થાત્ વિકાર મંદકષાયરૂપ...)**' (એટલે) વિશુદ્ધિ '(**અને તીવ્રકષાયરૂપ...)**' (એટલે) સંક્લેશ. આહા..હા...! પણ ઈ બંધનું જ કારણ છે, ઈ તો અહીં સિદ્ધ કરવું છે. નવા કર્મના સંયોગનું કારણ (કયો) ઉપયોગ છે એનું અહીં વર્ણન છે. વિશુદ્ધિ પરિણામ તો કર્મના સંયોગનું કારણ છે. એ નિર્જરાનું કારણ થાય ? આહા..હા...!

મુમુક્ષુ :– કાળની નિર્જરાનું કારણ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાળ તો જાય છે ને ?

**ભાવાર્થ :– 'આત્મા ઉપયોગસ્વરૂપ છે. પ્રથમ તો ઉપયોગના બે ભેદ છે : શુદ્ધ અને અશુદ્ધ. પાછા અશુદ્ધ ઉપયોગના બે ભેદ છે : શુભ અને અશુભ.**' હવે કયો ઉપયોગ બંધનું, સંયોગનું (કારણ છે તે કહેશે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આસો સુદ ૧૫, શુક્રવાર તા. ૦૫-૧૦-૧૯૭૯
## ગાથા – ૧૫૫, ૧૫૬, ૧૫૭
## પ્રવચન નંબર–૧૬૪

'પ્રવચનસાર' ૧૫૫ ગાથા. **'હવે આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે :–'** પરદ્રવ્યનો સંયોગ કેમ થાય છે ? કયા ઉપયોગથી (થાય છે) ? અને પરથી ભિન્ન કરવા માટે સંયોગનું કારણ જણાવે છે. સંયોગનું કારણ જણાવવાનો હેતુ તો એનાથી પૃથક્ જણાવવું છે. સમજાણું ? છે ?

**'આત્માને અત્યંત વિભક્ત કરવા માટે...'** વાત તો ઈ છે. એને પરથી, સંયોગથી રહિત થવા માટે (વાત કરે છે). **'પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે :–'** આહા..હા...! આજે પહેલાં ૧૫૯ (ગાથા લેવાનો) વિચાર હતો. (આમાં) ઉપયોગની વ્યાખ્યા છે ને ?

**अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो।**
**सो वि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि।।१५५।।**

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

**ટીકા :–** **'ખરેખર આત્માને પરદ્રવ્યના સંયોગનું કારણ ઉપયોગવિશેષ છે.'** (મૂળ ગ્રંથમાં ઉપયોગવિશેષનો અર્થ ફૂટનોટમાં છે). ઉપયોગવિશેષ = 'ઉપયોગનો ભેદ; ઉપયોગનો પ્રકાર; અમુક પ્રકારનો ઉપયોગ. (અશુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે એમ ૧૫૬મી ગાથામાં કહેશે).' **'સંયોગનું કારણ ઉપયોગવિશેષ છે.'** એટલે શું કહે છે ? નવા કર્મનું, સંયોગનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગવિશેષ (છે). એટલે કે અશુદ્ધ ઉપયોગવિશેષ (છે). શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ બન્ને અશુદ્ધ ઉપયોગ છે. એ નવા કર્મના સંયોગનું કારણ છે. આહા..હા...!

'**પ્રથમ તો ઉપયોગ ખરેખર આત્માનો સ્વભાવ છે...**' હવે જ્ઞાન ત્રિકાળની વાત છે. '**કારણ કે તે ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે...**' લ્યો, આવ્યું આ ! 'નિયમસાર'માં આવે છે ને ? 'નિયમસાર'માં ઉપયોગની વાત આવે છે ત્યાં આ પરિણામ આવે છે, આ શબ્દ આવે છે. '**ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે...**' હવે પેલો સ્વભાવ કીધો – એ ત્રિકાળી સ્વભાવ તો ઠીક, પણ અહીં તો (કહે છે કે) ચેતનને અનુવિધાયી પરિણામ છે તે ઉપયોગ છે. આ પર્યાય છે. ચૈતન્યને અનુસરીને થતા પરિણામ તે ઉપયોગ છે. કુદરતે આ ગાથા આવી છે ! આ પેલા ઉપયોગની વ્યાખ્યા કરે છે. શું થાય ? ભાઈ !

ખરેખર ઉપયોગ આત્માનો સ્વભાવ (છે). હવે સ્વભાવ છે ઈ ત્રિકાળી છે પણ અહીં તો પર્યાય લેવી છે. '**કારણ કે તે ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે (અર્થાત્ ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે).**' એટલે શું ? ચૈતન્ય સ્વરૂપ જે ત્રિકાળ છે એને અનુસરીને થતા ઉપયોગના પરિણામ છે. આ..હા...! '**અને તે (ઉપયોગ) જ્ઞાન ને દર્શન છે,...**' જાણવું અને દેખવું એ ઉપયોગ છે. આહા..હા...! જ્ઞાન-દર્શન તો ત્રિકાળ છે પણ એને અનુસરીને થતાં પરિણામને પણ અહીંયાં ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા...! '**(ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે).**' કીધું ને ? અહીં પરિણામની વાત છે, ત્રિકાળની નહિ. '**તે (ઉપયોગ) જ્ઞાન ને દર્શન છે,...**'

'**કારણ કે ચૈતન્ય સાકાર ને નિરાકાર એમ ઉભયરૂપ છે.**' ચૈતન્ય સાકાર એટલે જ્ઞાન. (સાકાર એટલે) 'આકારોવાળું; ભેદોવાળું; સવિકલ્પ; વિશેષ.' નિરાકાર = 'આકારો વિનાનું; ભેદો વિનાનું; નિર્વિકલ્પ; સામાન્ય.' (એ) દર્શન અને જ્ઞાન(ના અર્થ થયા). સાકાર એટલે જ્ઞાન, નિરાકાર એટલે દર્શન.

'**હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે.**' એ ઉપયોગ જે ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ (છે) એવા ઉપયોગના હવે ભેદ પાડીને સમજાવે છે. આહા..હા...! '**તેમાં, શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (–નિર્વિકાર) છે;...**' લ્યો, જોયું ? આવ્યું ! ચૈતન્યને અનુસરીને થતાં શુદ્ધ ઉપયોગ(ના પરિણામ) એ ચૈતન્યના પરિણામ છે પણ શુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! આ તો ૧૫૯ (ગાથા) વાંચી હતી ને ? એમાં શુદ્ધ ઉપયોગની (વાત હતી), ત્યાં અહીંયાં ૧૫૫માં (વાત) આવી ગઈ.

ઉપયોગના બે ભેદ છે. તેમાં શુદ્ધ ઉપયોગ... શુદ્ધ ઉપયોગનો અર્થ પરિણામ હોં ! ત્રિકાળી નહિ. '**નિરુપરાગ (–નિર્વિકાર) છે;...**' અને '**અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**છે.**' બે ભેદ (કહ્યાં) છે બન્ને ચૈતન્યને અનુસરીને થતાં (પરિણામ છે). આહા..હા...! અશુદ્ધ છે એ ચૈતન્યને અનુસરીને થતાં (પરિણામ છે). એના (–જીવના) પરિણામ છે ને ? (એટલે એમ કહ્યું). અને શુદ્ધ છે એ તો ચૈતન્યને અનુસરીને થતાં (પરિણામ છે) એ તો બરાબર (છે). શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ – એ બન્ને ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ છે.

'**તેમાં, શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (–નિર્વિકાર) છે;...**' જોયું ? શુદ્ધ ઉપયોગ નિર્વિકાર (છે). આ જ્ઞેયનો અધિકાર છે. જ્ઞેય જે આત્મા ચૈતન્યસ્વરૂપ છે એને અનુસરીને થતાં પરિણામ – ઉપયોગ (છે) એ ઉપયોગના બે પ્રકાર (છે). સ્વ-જ્ઞેયમાં... (આ) જ્ઞેય અધિકાર છે ને ? સ્વ-જ્ઞેય એવો ચૈતન્યસ્વભાવ ભગવાન ! એને અનુસરીને થતાં ઉપયોગના બે પ્રકાર છે. એક શુદ્ધ ઉપયોગ, એક અશુદ્ધ ઉપયોગ. આહા..હા...! અશુદ્ધ ઉપયોગ વિકાર છે.

'**અને તે અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે,...**' એક તો પહેલાં એ કહ્યું કે, ચૈતન્યસ્વરૂપ છે એને અનુસરીને થતા ઉપયોગ પરિણામ (છે). એ ઉપયોગના બે પ્રકાર – શુદ્ધ અને અશુદ્ધ. છે બન્ને (ચૈતન્યને) અનુસરીને થતાં (પરિણામ). એમાં શુદ્ધ (ઉપયોગ) છે ઈ તો નિર્વિકારી ઉપયોગ છે. એ કર્મના સંયોગનું કારણ નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? કુદરતે આવ્યું છે, ભાઈ ! આ..હા...!

'**અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે, કારણ કે ઉપરાગ વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ...**' શું કીધું ? અશુદ્ધ ઉપયોગની જે મલિનતા છે એના બે પ્રકાર – શુભ અને અશુભ. કેમકે ઉપરાગ વિશુદ્ધિરૂપ (અર્થાત્) એ રાગ '**વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ એમ બે પ્રકારનો છે...**' સમજાણું કાંઈ ? છે અશુદ્ધ, પણ અશુદ્ધના બે પ્રકાર. એક વિશુદ્ધિરૂપ એ વિશુદ્ધ શુભ (ભાવ) છે. એ વિશુદ્ધિ (એટલે) શુદ્ધ (ઉપયોગ) નહિ. સમજાણું કાંઈ ? વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ. એ (સંક્લેશ) અશુભ (ભાવ) છે. '**એમ બે પ્રકારનો છે (અર્થાત્ વિકાર મંદકષાયરૂપ...)**' વિશુદ્ધ એટલે મંદકષાય. '**(અને તીવ્રકષાયરૂપ...)**' સંક્લેશ '**(એમ બે પ્રકારનો છે).**' આહા..હા...!

આ જ્ઞેયતત્ત્વની વ્યાખ્યા છે અને ખરેખર આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે, ભાઈ ! આ સમ્યગ્દર્શન(નો અધિકાર) છે ને ? પહેલો ૯૨ (ગાથા) સુધી જ્ઞાન અધિકાર છે. ૯૩થી ૨૦૦ (ગાથા) સુધી જ્ઞેય અધિકાર છે. ૨૦૧થી ૨૭૫ ચરણાનુયોગ અધિકાર છે. દર્શન અધિકારમાં આ નાખ્યું કે, ચૈતન્યને અનુસરીને – સ્વને અનુસરીને જે (પરિણામ) થાય તે પરિણામ છે તે ઉપયોગ છે અને તે ઉપયોગના બે પ્રકાર છે – શુદ્ધ અને અશુદ્ધ. (એમાં) શુદ્ધ તે નિર્વિકારી શુદ્ધ ઉપયોગ છે અને અશુદ્ધ (ઉપયોગ) બે પ્રકારનો છે – વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ. વિશુદ્ધિરૂપ એ મંદ રાગ છે, સંક્લેશરૂપ એ તીવ્ર રાગ છે, શુદ્ધ (ઉપયોગ) છે તે રાગરહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्र क उपयोगः परद्रव्यसंयोगकारणमित्यावेदयति -

**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि।**
**असुहो वा तध पावं तेसिमभावे ण चयमत्थि।।१५६।।**
**उपयोगो यदि हि शुभः पुण्यं जीवस्य संचयं याति।**
**अशुभो वा तथा पापं तयोरभावे न चयोऽस्ति।।१५६।।**

उपयोगो हि जीवस्य परद्रव्यसंयोगकारणमशुद्धः। स तु विशुद्धिसंक्लेशरूपोपरागवशात् शुभाशुभत्वेनोपात्तद्वैविध्यः, पुण्यपापत्वेनोपात्तद्वैविध्यस्य परद्रव्यस्य संयोगकारणत्वेन निर्वर्तयति।

---

अथोपयोगस्तावन्नरनारकादिपर्यायकारणभूतस्य कर्मरूपस्य परद्रव्यस्य संयोगकारणं भवति। तावदिदानीं कस्य कर्मणः क उपयोगः कारणं भवतीति विचारयति-**उवओगो जति हि सुहो** उपयोगो यदि चेत् हि स्फुटं शुभो भवति। **पुण्णं जीवस्स संचयं जादि** तदा काले द्रव्यपुण्यं

---

છે. આહા..હા...!

**ભાવાર્થ :- 'આત્મા ઉપયોગસ્વરૂપ છે. પ્રથમ તો ઉપયોગના બે ભેદ છે : શુદ્ધ અને અશુદ્ધ. પાછા અશુદ્ધ ઉપયોગના બે ભેદ છે : શુભ અને અશુભ.'**

**'હવે આમાં કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે...'** એ સિદ્ધ કરવું છે. આ..હા..હા...! આચાર્યોએ તો ઘણું કામ (કર્યું છે) ! ઘણું સ્પષ્ટ કર્યું છે !!

શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગ. આહા..હા...! એ અશુદ્ધ ઉપયોગના બે પ્રકાર (છે). હવે કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે ? શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગ. અશુદ્ધ ઉપયોગ મંદકષાયરૂપ અને તીવ્ર કષાયરૂપ (છે). હવે એમાં કયો ઉપયોગ કર્મના સંયોગનું કારણ છે ?

**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि।**
**असुहो वा तध पावं तेसिमभावे ण चयमत्थि।।१५६।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदा तु द्विविधस्याप्यस्याशुद्धस्याभावः क्रियते तदा खलूपयोगः शुद्ध एवावतिष्ठते। स पुनरकारणमेव परद्रव्यसंयोगस्य।।१५६।।

---

कर्तृ जीवस्य संचयमुपचयं वृद्धिं याति बध्यत इत्यर्थः। **असुहो वा तह पावं** अशुभोपयोगो वा तथा तेनैव प्रकारेण पुण्यवद्द्रव्यपापं शुद्धोपयोगबलेन यदा तयोर्द्वयोः शुभाशुभोपयोगयोरभावः क्रियते तदोभयः संचयः कर्मबन्धो नास्तीत्यर्थः।।१५६।।

---

હવે આમાં કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે તે કહે છે :–

**ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,**
**ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.**

**અન્વયાર્થ :– [उपयोगः]** ઉપયોગ **[यदि हि]** જો **[शुभः]** શુભ હોય **[जीवस्य]** તો જીવને **[पुण्यं]** પુણ્ય **[संचयं याति]** સંચય પામે છે **[तथा वा अशुभः]** અને જો અશુભ હોય **[पापं]** તો પાપ સંચય પામે છે. **[तयोः अभावे]** તેમના (બન્નેના) અભાવમાં **[चयः न अस्ति]** સંચય થતો નથી.

---

આહા..હા...! નીચે (હરિગીત).

**ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,**
**ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.**

ત્રણે ઉપયોગની વ્યાખ્યા કરી. આ..હા..હા...! ૧૫૬ (ગાથાની) ટીકા.

**ટીકા :– 'જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે.'** ભગવાન સ્વતઃ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે છતાં તેને પરદ્રવ્યના સંયોગનું કારણ તેનો અશુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! **'અને તે (અશુદ્ધ ઉપયોગ) વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે...'** ઉપરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા :–** જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. અને તે (અશુદ્ધ ઉપયોગ) વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે શુભ અને અશુભપણે દ્વિવિધતાને પામ્યો થકો, જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે એવું જે પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે. (ઉપરાગ મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ એમ બે પ્રકારનો હોવાથી અશુદ્ધ ઉપયોગ પણ શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે; તેમાં, શુભ ઉપયોગ પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે અને અશુભ ઉપયોગ પાપરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે). પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે (અર્થાત્ શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી). ૧૫૬.

---

એટલે મલિનતા. વિશુદ્ધ કષાયની મંદતારૂપ મલિનતા અને તીવ્ર (સંક્લેશરૂપ) મલિનતા. છે તો બન્ને ઉપરાગ. ઉપરાગનો અર્થ કર્યો છે ને ? ભાઈ ! 'પ્રવચનસાર' ! આહા..હા...!

**'વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે શુભ અને અશુભપણે દ્વિવિધતાને પામ્યો...'** છે. **'જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે એવું જે પરદ્રવ્ય...'** પરદ્રવ્ય પુણ્યપણે અને પાપપણે જે સંયોગપણે પામે છે. આહા..હા...! **'તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે.'** પાપ અને પુણ્યના જે પરમાણુ આવે છે... આહા..હા...! સમજાણું કાંઈ ? **'પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે એવું જે પરદ્રવ્ય...'** એમ કહેવું છે ને અત્યારે ? શાતા બંધાય અને અશાતા બંધાય વગેરે. શુભ કર્મ બંધાય અને અશુભ (કર્મ) બંધાય. (એવું જે) **'પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે.'** આહા..હા...! કોણ ? ઉપયોગ. આ..હા...!

અશુદ્ધ ઉપયોગ – મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ (એવા) બે પ્રકારના પરિણામ. આહા..હા...! પરમાણુમાં જે બે પ્રકાર પડે છે – શાતા-અશાતા, પુણ્ય-પાપ વગેરે, એના સંયોગના કારણ તરીકે પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ કામ કરે છે. આહા..હા...! હવે અહીં શુભથી પુણ્યનો સંયોગ કારણ થાય એમ કહે છે. (અજ્ઞાની) કહે કે, શુભ ઉપયોગ સાધન છે અને (તેનાથી) ધર્મ થાય ! આવી વાત છે, આકરું પડશે ! 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે ઈ પાઠના અર્થમાં ભર્યું છે એમાંથી કહે છે. એને ઉડાવી દેવું છે અને 'જયસેનાચાર્યદેવ'નું સાધક, સાધક જ્યાં (આવે), વ્યવહાર સાધન (અને) નિશ્ચય સાધન (આવે એને પકડવું છે).

મુમુક્ષુ :– ઘણા (એવો) અર્થ કરતા કે વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો હોય છે, જેને નિશ્ચય થયું છે એને વ્યવહાર સાધન તરીકે હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે. પણ હવે શું થાય ? આહા..હા...! અરે...! કેવળી પ્રભુ ન મળે, અવધિજ્ઞાની ન મળે. એનો ફેંસલો કોણ આપે ? આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! તને નવા કર્મના સંયોગનું કારણ તારો અશુદ્ધ ઉપયોગ છે. એ અશુદ્ધ ઉપયોગના બે પ્રકાર – રાગની મંદતા (અર્થાત્) દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે. રાગની તીવ્રતા (અર્થાત્) ભોગ, ક્રોધ, માન, વિષયવાસના વગેરે. એ બન્ને શુભ-અશુભ પરિણામ – ઉપયોગ નવા સંયોગ, કર્મનું કારણ છે. આહા..હા...!

એક તો એ સિદ્ધ કર્યું કે, વિશુદ્ધિ પરિણામ (અર્થાત્) કષાયની મંદતા – શુભ (ભાવ) એ પુણ્યના સંયોગનું કારણ છે. પુણ્ય, નવા પુણ્ય બાંધે ને ? એના સંયોગનું કારણ છે. એ ધર્મનું કારણ છે એમ ન કહ્યું. આહા..હા...! આ 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને ઉડાડવા !

મુમુક્ષુ :– એમને કાષ્ઠાસંઘી કહ્યા ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! એ તો પરમાત્મસંઘી હતા !! 'કુંદકુંદાચાર્યદેવ'ના અનુયાયી હતા. અરે...! પ્રભુ ! શું કરવું ? ભાઈ ! એમાં તને શું લાભ ? ભાઈ ! એનો સરવાળો આકરો આવે, બાપુ ! આહા..હા...! એવા મિથ્યા અભિપ્રાયથી ઘણાં દુઃખના ભવમાં જવું પડશે, પ્રભુ ! એ દુઃખી થાય, પ્રભુ ! એ ઠીક ન થાય. આ..હા..હા...! અરે...! ભવભ્રમણમાં પ્રભુ ! આવી વિપરીત દૃષ્ટિથી મિથ્યાત્વના પરમાણુનો સંયોગ થશે. આ..હા..હા..હા...! જેથી નરકના અને નિગોદના ભવ (આવશે), પ્રભુ ! કે તિર્યંચના ભવો (આવે). અરે...! પ્રભુ ! શું થાય ? ભાઈ ! આહા..હા...! જેના ભવનો અંત નથી એવા મિથ્યાત્વના ભાવને સેવતા, પ્રભુ ! ભવભ્રમણનો અંત નહિ એવા ભવને પામશે. ભાઈ ! દુનિયા બહારની વાત માનશે પણ પ્રભુનો સત્ય માર્ગ છે એ વિરોધ નહિ થાય. દુનિયા તો સામાન્ય પ્રાણી બિચારા જી... હા, જી... હા કરે, ભાઈ !

અહીં કહે છે, અશુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગના કારણ તરીકે કામ કરે છે. એટલે કે શુભ ઉપયોગ પુણ્યના પરમાણુના સંયોગના કારણરૂપે છે અને અશુભ ઉપયોગ પાપના પરમાણુના સંયોગના કારણરૂપે છે. છે ? આમાં શુભભાવથી ધર્મ થાય (એવું) ક્યાંય (આવે) છે ? 'જયસેનાચાર્યદેવે' બીજે કહ્યું છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. ભાઈ ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, પ્રભુ ! મુનિઓને જૂઠા પાડીને એમ અર્થ થાય ? અરે...! 'કુંદકુંદાચાર્યદેવ'નો અભિપ્રાય એ છે. આ જુઓને ! પાઠ શું છે ? આ 'કુંદકુંદાચાર્યદેવ'નો પાઠ છે, આ શું છે ? '**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि।**' લ્યો ! છે ? '**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि। असुहो वा तध पावं तेसिमभावे**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ण चयमत्थि।।**' આવી તો સ્પષ્ટ વાત છે, ભગવાન ! આહા..હા...! આ 'કુંદકુંદાચાર્ય' કહે છે એનો 'અમૃતચંદ્રાચાર્યદેવે' અર્થ કર્યો છે. 'કુંદકુંદાચાર્યદેવ'ને ખોટા પાડવા છે ? 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને ખોટા પાડવા છે ? પ્રભુ... પ્રભુ...! શું કરે છે ? ભાઈ ! દુનિયામાં ચાલશે, બાપુ ! સત્યમાં ઈ નહિ ચાલે. આહા..હા...! શું કરશે ? આહા..હા...!

તે '**સંયોગના કારણ તરીકે કામ કરે છે. (ઉપરાગ મંદકષાયરૂપ...)**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ મંદકષાયરૂપ (છે). આ..હા..હા...! એ નવા કર્મના સંયોગનું કારણ છે. આ..હા..હા...! આ તો શુદ્ધ ઉપયોગથી લીધું હતું, ભાઈ ! ત્યાં વળી આ આવ્યું.

કહે છે કે, જેટલો તારો શુભ ઉપયોગ છે – દયાનો, દાનનો, વ્રતનો, તપનો, ભક્તિનો, પૂજાનો એ શુભ ઉપયોગ નવા પુણ્યના પરમાણુ, જડના સંયોગનું કારણ છે. આહા..હા...! એ સ્વભાવનું કારણ નથી. આ..હા...! આ..હા..હા...! આવી વાત છે. '**(અશુદ્ધ ઉપયોગ પણ શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે; તેમાં, શુભ ઉપયોગ પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે...)**' જોયું ? ખુલાસો કર્યો. શુભભાવ જે છે એ પુણ્યરૂપ કર્મ જે છે (તેના) સંયોગનું કારણ થાય છે. આ..હા..હા..હા...! પેલા કહે, પુણ્ય નિર્જરાનું કારણ છે. પ્રભુ... પ્રભુ....! આ..હા..હા...! સત્ય તો સત્ય રહેશે, પ્રભુ ! ભલે જગત વિરોધ કરે, વિરોધની સંખ્યા વધી જાય એથી સત્ય કંઈ અસત્ય નહિ થાય. આહા..હા...! આ..હા..હા...!

શુભ ભાવ... છે ? '**(શુભ ઉપયોગ...)**' પાછો ઉપયોગ કીધો ! '**(પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે...)**' આ..હા..હા...! ટીકામાં પાઠ છે એને સ્પષ્ટ કર્યું. માથે આવ્યું છે ને ? '**પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે...**' કોણ ? કે, જે ઉપયોગ '**શુભ-અશુભપણે દ્વિવિધતાને પામ્યો થકો, જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે એવું જે પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે.**' એનો આ અર્થ છે. ભાષા જરી ઓલી હોય એટલે (જલ્દી સમજાય નહિ). આહા..હા...!

'**પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...**' આ..હા..હા..હા...! જ્યારે એ બન્ને પ્રકારના અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે '**ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...**' આ..હા..હા..હા...! ખરેખર તો રાગનો ઉપયોગ છે તે ફેરવીને જ્યાં દ્રવ્ય ઉપર ઉપયોગ જાય છે, ભલે ત્યાં આ પૂર્ણ શુદ્ધ કહે છે એટલો (નથી), પણ ઈ જેટલો અંતર વળ્યો (એટલો) શુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! સમજાણું ? જ્ઞાયક દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ! એ તરફ વળેલો ઉપયોગ – સ્વદ્રવ્ય તરફ વળેલો ઉપયોગ શુદ્ધ છે. નવા કર્મના સંયોગનું કારણ એ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– અહીં તો શુભ અને અશુભ ઉપયોગ જ્ઞાનીનો કહ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો સમ્યક્જ્ઞાનીને અને અજ્ઞાનીને પણ હોય છે. અહીં સમુચ્ચય વાત છે. આહા..હા...! જ્ઞાનીને પણ અશુભ ઉપયોગ હોય છે. અશુભ અને શુભ ઉપયોગ પણ હોય છે. બન્ને અશુદ્ધ છે. નવા સંયોગનું કારણ છે. નવા કર્મના સંયોગનું કારણ છે અને બન્નેનો અભાવ... આ..હા..હા...! **'અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...'**

**'પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...'** **'કરવામાં આવે'** એટલે પુરુષાર્થથી (અભાવ કરવામાં આવે એમ) કહે છે. આહા..હા...! **'ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...'** ભલે અહીંયાં વિશેષપણે મુનિપણાની વાત લીધી છે પણ એના ગૌણપણામાં શુભ-અશુભ રાગનું લક્ષ છૂટીને દ્રવ્ય તરફ ઉપયોગ જાય છે તે ખરેખર તો એ ઉપયોગ શુદ્ધનો જ અંશ છે. પણ (લોકો) સાચા ચોખ્ખા આધાર માગે એનું શું કરવું? આહા..હા...!

અહીં તો કહ્યું કે, ભલે સાતમે શુભાશુભ રહિત તદ્દન ઉપયોગ થાય છે પણ નીચે પણ શુભ-અશુભ રાગથી અશુદ્ધ ઉપયોગમાંથી રુચિ છોડીને શુદ્ધ સ્વભાવ તરફ ઉપયોગ જાય છે તો એ ઉપયોગ એટલો કર્મના સંયોગનું અકારણ છે. સમજાય છે ? તેથી સમ્યક્દૃષ્ટિને નિર્જરા કીધી છે એ આ અપેક્ષાએ (કહ્યું છે). સમ્યક્દૃષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ (છે કેમકે) સમ્યગ્દર્શનનો ઉપયોગ અંદર જાય છે. આ..હા..હા...! એનો કદાચ અશુદ્ધ ઉપયોગ આવી ગયો... આહા..હા...! પણ તેનું વલણ ત્યાં (–સ્વભાવ તરફ) છે. તેથી એને બંધનું કારણ ન ગણ્યું. છે તો બંધ, અલ્પ બંધ તો છે. આહા..હા...! અહીં તો શુભ ભાવ છે, અશુભ ભાવ છે ઈ બન્ને બંધનું કારણ છે. જ્ઞાનીને પણ બંધનું કારણ છે. આહા..હા...! નિર્જરાનો હેતુ છે એ દૃષ્ટિના જોર(ની) અપેક્ષાએ વાત કરી છે. બાકી ભોગ કાંઈ નિર્જરાનો હેતુ હોય ? એ તો અહીંયાં અશુભ ઉપયોગ છે. આ..હા..હા...!

આ તો જ્ઞેયનો – સમકિતનો અધિકાર છે. આહા..હા...! જ્ઞાયક અને (જ્ઞેયનું) જ્ઞાન બન્નેની અંદર યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન (છે). એમાં આવે છે ને ? ભાઈ ! છેલ્લે... છેલ્લે... ૨૪૨ (ગાથા) ! છે ને ? આ..હા..હા...! જ્ઞાયકસ્વરૂપ પૂર્ણ ભગવાન અને જ્ઞેયનું જ્ઞાન – સ્વનું અને પરનું જ્ઞાન, એ બન્નેની પ્રતીતિ (તે સમ્યગ્દર્શન છે). આહા..હા...!

અહીં કહે છે કે, **'જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...'** **'અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે'** એમ કહ્યું છે ને ? આ..હા..હા..હા...! પરનું લક્ષ છોડી દઈને, અશુભ ઉપયોગને છોડવાનું કરે ત્યારે એને શુદ્ધ ઉપયોગ દ્રવ્યમાં જાય. આહા..હા...! કાંઈક આમાં થોડી ઝલક તો નીકળે છે, હોં ! નહિ ?

મુમુક્ષુ :– 'જયસેનાચાર્યદેવ'ની ટીકાની પાંચમી લીટી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– છે ને, અંદર પાઠ છે. આહા..હા...!

તે '**ઉપયોગ શુદ્ધ જ રહે છે;...**' જોયું ? '**શુદ્ધ જ**' (રહે છે). '**અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે...**' દ્રવ્ય તરફનો ઢળેલો જેટલો શુદ્ધ ઉપયોગ છે (એ બંધનું અકારણ છે). આ..હા..હા...! પરદ્રવ્ય તરફ ઢળેલો ઉપયોગ બંધનું કારણ છે. એ તો 'મોક્ષ પાહુડ'માં (૧૩મી ગાથામાં) કહ્યું ને ? 'परद्रव्यरतः बध्यते', (૧૬મી ગાથામાં) 'परदव्वादो दुग्गई' (કહ્યું). એનો અર્થ કે પરદ્રવ્ય તરફનો ઉપયોગ છે તે અશુદ્ધ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો હોય કે ચાહે તો સ્ત્રી, કુટુંબ (તરફનો) હોય પણ એ અશુદ્ધ છે અને તે દુર્ગતિ એટલે ચૈતન્યની ગતિથી વિરુદ્ધ ગતિનું કારણ છે. આહા..હા...! 'सद्दव्वादो सुग्गई परदव्वादो दुग्गई' પહેલો શબ્દ 'परदव्वादो' છે. 'परदव्वादो दुग्गई सद्दव्वादो सुग्गई' આહા..હા...!

શુદ્ધ ઉપયોગ '**પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે (અર્થાત્ શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી).**' આહા..હા...! ખરેખર તો... ઝીણી વાત પડે પણ હવે શું થાય ? ભૂતાર્થ જે જ્ઞાયકભાવ ત્રિકાળ છે એનો જે આશ્રય થાય છે એ ઉપયોગ શુદ્ધ છે. પણ હવે શું થાય ? આહા..હા...! કેમકે જ્ઞાયકભાવ શુભ-અશુભરૂપે થયો નથી. આવ્યું છે ને એમાં ? ભાઈ ! ('સમયસાર'માં) છઠ્ઠી ગાથામાં ! (જ્ઞાયકભાવ શુભાશુભ ભાવરૂપે થાય તો) એ જડ થાય. આ..હા..હા..હા...! એનો અર્થ એ થયો કે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ... આહા..હા...! એનો જે ઉપયોગ થયો એ શુભ-અશુભરહિત છે. કેમકે જ્ઞાયકભાવ શુભ-અશુભભાવપણે થાય તો જડ થઈ જાય. ભાઈ ! છઠ્ઠી ગાથામાં છે ને ? આહા..હા...! શુભ-અશુભભાવપણે થાય તો શુભ-અશુભભાવમાં ચૈતન્યનો ભાવ નથી, અચેતન છે. આહા..હા...! ભલે એ ચૈતન્યને અનુસરીને થયેલો છે. આહા..હા...! અહીં તો એ કીધું ને ? આ..હા...!

આહા..હા...! ભગવાન તો બધું જાણે છે. અરે...! કોઈને મોકલે ને અહીંયાં !! ક્યાંથી મોકલે ? આહા..હા...!

મુમુક્ષુ :– આપ જ પધાર્યા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એના જ્ઞાનમાં આવ્યું હતું ને ! કે, આ જાશે. એટલે ખરેખર તો એણે મોકલ્યા છે. આ અપેક્ષાએ, હોં ! આહા..હા...!

કહે છે કે, અશુદ્ધ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ બન્ને ચૈતન્યને અનુસરીને થયેલાં છે. અને તારા પુરુષાર્થથી થયેલા છે, કોઈ કર્મને કારણે નહિ એમ પહેલું સિદ્ધ કર્યું. ભાઈ ! શુદ્ધ અને અશુદ્ધ (ઉપયોગ) ચૈતન્યને અનુસરીને થયા, એમાં સિદ્ધ શું કર્યું ? એક તો કર્મને કારણે નહિ, નિમિત્તને કારણે નહિ, કર્મનો ઉદય આવ્યો માટે શુભ-અશુભ, અશુદ્ધ થયો અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એનો અભાવ થયો માટે શુદ્ધ થયો એમ નહિ. ભાઈ ! આ..હા..હા..હા...! એ શુભ ને અશુભ ને શુદ્ધ ઉપયોગ ચૈતન્યને અનુસરીને થયો એમ કીધું. કર્મને અનુસરીને થયો છે એમ ન કહ્યું, પ્રભુ ! આહા..હા...! પેલો શુભ-અશુભ પણ કર્મને અનુસરીને થયો એમ ન કહ્યું, ભાઈ ! આહા..હા...! ગજબ વાત છે ! કેટલું સંકેલ્યું છે એમાં ! પાર નથી !! આહા..હા...!

શુભ અને અશુભ ભાવ કર્મના નિમિત્તથી થયો (એમ ન કહ્યું). કારણ કે (એ આમ તો) નિમિત્તના લક્ષે થાય છે અને શુદ્ધ છે એ સ્વના લક્ષે થાય છે છતાં અહીં એ વાત ન લીધી. આ..હા..હા...! જ્ઞેયની પર્યાયની સ્વતંત્રતા જણાવતા (આમ કહે છે). આ જ્ઞેયનો અધિકાર છે તો જ્ઞેયમાં શુભાશુભ પરિણામ થાય તે પણ ચૈતન્યને અનુસરીને થયા છે, કર્મને અનુસરીને થયા છે એમ નથી. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? અને તે (ચૈતન્યને) અનુસરીને થયેલા અશુદ્ધ ઉપયોગરૂપી શુભાશુભ ભાવ નવા સંયોગનું કારણ છે. સંયોગ તો એને કારણે આવે છે પણ આ નિમિત્ત છે. શું કહ્યું ઈ સમજાણું ?

કર્મનો સંયોગ જે છે એ તો એની પર્યાયની યોગ્યતાથી ત્યાં આવ્યા છે પણ એનું નિમિત્તકારણ અશુદ્ધ ઉપયોગ છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? અશુદ્ધ ઉપયોગ છે માટે કર્મને આવવું પડ્યું એમ તે પરાધીન દ્રવ્ય નથી. આહા..હા...! એ વખતે પરમાણુની પર્યાયમાં કર્મરૂપ થવાની લાયકાતવાળા પરમાણુ આવ્યા પણ એનું કારણ કોણ ? એમ કીધું ને અહીં ? આ શુભ-અશુભ ઉપયોગ સંયોગનું કારણ છે એમ કીધું ને ? સંયોગનું કારણ છે. આ..હા..હા...! આમાંથી કાઢે કે, જુઓ ! સંયોગનું કારણ છે કે નહિ ? પણ શું કહે છે ઈ ? આહા..હા...!

શુભ અને અશુભ ઉપયોગ તારા ચૈતન્યને અનુસરીને થયેલો અશુદ્ધ ઉપયોગ છે અને તે સંયોગનું કારણ છે. સંયોગ છે તે, તે સમયે તે કર્મ(રૂપે) થવાની લાયકાતવાળા થવાવાળા પરમાણુ આવ્યા. આણે અશુદ્ધ ઉપયોગ કર્યો માટે આવ્યા છે એમ પણ નથી. અરે...! અરે...! આવી વાત છે. એના ક્રમબદ્ધમાં... આ..હા..હા...! સંયોગી ચીજ જે કર્મનું આવવું થયું એ એની તે વખતે તે જન્મક્ષણ છે, કર્મરૂપે થવાની જન્મક્ષણ છે. એ આમાં આવી ગયું ને ? 'પ્રવચનસાર' ૧૦૧ (ગાથા) ! આહા..હા...! ગજબ કામ કર્યું ! પ્રભુ ! શું સત્‌નો ઢંઢેરો પીટ્યો છે !! આ..હા...! અહીંથી કોઈ એમ કાઢે કે, જુઓ ! અશુદ્ધ ઉપયોગ થયો તો સંયોગ આવ્યો ને ? નહિતર ન આવત ને ? પણ ઈ પ્રશ્ન જ અહીં નથી. અહીં તો અશુદ્ધ ઉપયોગ થયો, બસ ! નવા કર્મ આવ્યા એને કારણે એ સંયોગ આવ્યો, બસ ! સમજાય છે આમાં ? આહા..હા...!

પ્રશ્ન :– ન કર્યો હોત તો ?

સમાધાન :– ન કર્યો હોતનો પ્રશ્ન જ અહીં ક્યાં છે ? થયો છે (ત્યારે) ત્યાં (સંયોગ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયો છે. આહા..હા...! તેથી તેને સંયોગનું કારણ કહેવામાં આવ્યું છે. આહા..હા...! પ્રભુ ! પ્રભુ ! એની બલિહારી છે !! સંતોની શૈલી અલૌકિક છે ! દિગંબર સંતોની શૈલીથી કેવળજ્ઞાનને ખડા કર્યા છે !! આ..હા..હા..હા...! સમય સમયની પર્યાય સ્વતંત્ર સિદ્ધ કરી છે. આહા..હા...!

આ તો પ્રશ્ન શું ઊઠ્યો કે, એ સંયોગનું કારણ છે ને ? એ કારણ છે તો સંયોગ આવ્યો ને ? એમ નથી, પ્રભુ ! અહીં તો એનું નિમિત્તપણું છે ઈ સિદ્ધ કર્યું. તે વખતે પરમાણુની પર્યાય ક્રમબદ્ધમાં કર્મરૂપે પરિણમવાને લાયકવાળી (પર્યાયથી) તે જન્મક્ષણે તે કર્મ થયું છે. સમજાણું કાંઈ ? આ..હા..હા..હા...! ગજબ વાત કરે છે ! તેથી તે સંયોગનું કારણ છે એમ કહ્યું.

**'ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...'** તે બન્ને (–શુભ-અશુભ ભાવ) વિનાનો. **'અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે...'** તેથી કર્મ ન આવ્યા. એ પણ કર્મ આવવાના હતા અને ન આવ્યા એમ નહિ. આહા..હા...! એ વખતે જ કર્મની પર્યાય ત્યાં સંયોગરૂપે થવાની હતી જ નહિ. આવી વાતું છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...'** બન્ને અશુદ્ધ છે તેના ઉપયોગનો અભાવ કરવામાં આવે. આ..હા..હા..હા...! **'ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...'** આ..હા..હા...! **'અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે...'** શુદ્ધ ઉપયોગ થયો માટે કર્મ ન આવ્યું એમ કથન છે. બાકી તો તે સમયે કર્મ થવાનું હતું જ નહિ. આહા..હા...! અરે..રે...! આવી ઝીણી વાતું ! આહા..હા...! સત્‌ના ઢંઢેરા છે, પ્રભુ ! આ..હા..હા...! એ વખતે સંયોગી ચીજ કર્મરૂપે થવાની હતી જ નહિ. તેથી સંયોગનું અકારણ છે એમ કહેવામાં આવ્યું.

મુમુક્ષુ :– પરમાં લાયકાત નહોતી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરમાં લાયકાત નહોતી, બાપા ! આહા..હા...! પ્રભુ ! પ્રભુ ! તારી બલિહારી, નાથ !

તું તો સ્વતંત્ર છો, પ્રભુ ! શુભ-અશુભ કરવામાં પણ સ્વતંત્ર. શુદ્ધ (ઉપયોગ) કરવામાં એક તો ઈ કહ્યું કે, શુભ-અશુભ(રૂપ) અશુદ્ધ (ભાવ) ચેતનને અનુસરીને થયેલા કહ્યાં. એટલે કર્મને અનુસરીને થયા એ કાઢી નાખ્યું. એક વાત. અને તે અશુદ્ધ પરિણામ તેં કર્યા માટે સંયોગ આવ્યો એ પણ નિમિત્તથી કથન છે. એ વખતે કર્મના પર્યાયની સંયોગી દશા જે થવાની હતી તેમાં આ નિમિત્ત થયું. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્રીજી (વાત) – જે શુભ-અશુભ(નો) અભાવ કર્યો એ તારો ઉપયોગ અંદરમાં ગયો એટલે શુભ-અશુભ(નો) અભાવ કર્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ..હા..હા..હા...! એમ આવ્યું ને ? '**પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે...**' આ..હા..હા...! આ..હા..હા...! તે ક્ષણે એને શુભ અને અશુભને અભાવ કરવાનો ક્ષણ છે. અરે..! પ્રભુ.. પ્રભુ.. પ્રભુ...! સમજાણું કાંઈ ?

એ પરદ્રવ્યના લક્ષમાંથી થયું એ તો ન કહ્યું પણ જે અશુદ્ધ પરિણામ થયાં એ સંયોગનું કારણ છે એમ કહ્યું એમાં પણ અશુદ્ધ પરિણામને કારણે સંયોગ આવ્યો એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા કરી છે. અરે..રે..રે...! નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા કરે ત્યાં (એમ કહે) કે, જુઓ ! નિમિત્ત હતું તો આવ્યું ને ? અને કર્મનો ઉદય હતો ત્યારે અહીંયાં શુભાશુભ ભાવ થયો ને ? અહીં તો એ વાત કરી નથી. જ્ઞેયનો અધિકાર સ્વતંત્ર સિદ્ધ કર્યો છે. જ્ઞેય અધિકાર છે ને ? સમકિતનો અધિકાર છે ને ? આહા..હા...! આ કંઈ પંડિતાઈની ચીજ નથી, પ્રભુ ! સમજાવતા આવડે નહિ એથી શું વસ્તુ બીજી થઈ જાય ? આહા..હા...!

'**અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...**' આહા..હા...! '**અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે...**' તેથી પરદ્રવ્યનો સંયોગ થયો નહિ. પણ સંયોગ થવાનો હતો જ નહિ. આહા..હા...! એની પાસે કર્મ થવાની લાયકાતવાળા પરમાણુ નહોતા. હતા (એ) બીજા પાસે હતા. આહા..હા...! શુભાશુભ અશુદ્ધ ભાવ કર્યો એની પાસે ત્યાં કર્મ થવાને લાયકવાળા પરમાણુઓ હતા. અરે..રે...! આવી વાતું ! વીતરાગ સિવાય આ કોણ કહે ? વીતરાગ સિવાય કોણ માને આ ? આહા..હા...!

એ પ્રશ્ન એક ફેરી થયો હતો. 'રાજકોટ' ! કે, રાગ ન કર્યો હોત તો તો કર્મ ન આવત. પણ ઈ પ્રશ્ન જ નથી, પ્રભુ !

મુમુક્ષુ :– એને ન થયો હોત તો આમ થાત જ નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પ્રશ્ન જ શું પણ ? સ્વને અનુસરીને રાગ થયો છે, કર્મને અનુસરીને નહિ... આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભ રાગ થયો છે તે ચૈતન્યને અનુસરીને (થયો છે), એમાં તારું અનુસરણ છે, એમાં કર્મનું અનુસરણ નથી. આહા..હા...! અને ત્યાં જે કર્મ-સંયોગ થાય છે એ સંયોગની પર્યાયનો – કર્મની પર્યાયનો એને કાળ હતો. પ્રભુ... પ્રભુ...! ભારે આકરું કામ ! ૧૦૧ ગાથામાં એમ કહે કે, કર્મ-સંયોગ થવાની જન્મક્ષણ હતી. આનો અશુદ્ધ ઉપયોગ થયો માટે ત્યાં કર્મની પર્યાય થઈ એમ નથી. આહા..હા...!

મુમુક્ષુ :– ઉપાદાનનો કાળ પોતાનો હોય ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુની સ્થિતિ આ છે, આ જ્ઞેય અધિકાર છે ને ? આહા..હા...! જ્ઞેયનો સમય સમયનો પર્યાય પોતાથી સ્વતંત્ર થાય એ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા...! પણ ત્યાં એમ કહે કે, અશુદ્ધ ઉપયોગ ન હોત તો કર્મ થાત ? (અશુદ્ધ ઉપયોગ થયો) માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुभोपयोगस्वरूपं प्ररूपयति -

**जो जाणादि जिणिंदे पेच्छदि सिद्धे तहेव अणगारे।**
**जीवेसु साणुकंपो उवओगो सो सुहो तस्स।।१५७।।**
**यो जानाति जेनेन्द्रान् पश्यति सिद्धांस्तथैवानागारान्।**
**जीवेषु सानुकम्प उपयोगः स शुभस्तस्य।।१५७।।**

विशिष्टक्षयोपशमदशाविश्रान्तदर्शनचारित्रमोहनीयपुद्गलानुवृत्तिपरत्वेन परिगृहीतशोभनोपराग-त्वात् परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरार्हत्सिद्धसाधुश्रद्धाने समस्तभूतग्रामानुकम्पाचरणे च प्रवृत्तः शुभ उपयोगः।।१५७।।

---

एवं शुभाशुभशुद्धोपयोगत्रयस्य सामान्यकथनरूपेण द्वितीयस्थले गाथाद्वयं गतम्। अथ विशेषेण शुभोपयोगस्वरूपं व्याख्याति - **जो जाणादि जिणिंदे** यः कर्ता जानाति। कान्। अनन्तज्ञानादि-चतुष्टयसहितान् क्षुधाद्यष्टादशदोषरहितांश्च जिनेन्द्रान्। **पेच्छदि सिद्धे** पश्यति। कान्। ज्ञानावरणाद्यष्टकर्मरहितान्सम्यकत्वाद्यष्टगुणान्तर्भूतानन्तगुणसहितांश्च सिद्धान्। **तहेव**

---

હવે શુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :–

**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને અણગારને,**
**જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.**

---

કર્મ થયું ને ? પણ પ્રભુ...! તું શું (કહે છે) ? ભાઈ ! આહા..હા...!

મુમુક્ષુ :– એનું મહત્ત્વ દર્શાવવા વાત તો કરે ને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એટલે નિમિત્તને સિદ્ધ કરે કે, નિમિત્ત-કારણે ત્યાં આવ્યું. ભગવાન ! આ તો ત્રણલોકના નાથ...! આ..હા..હા...! ધ્વનિ તો જુઓ આ ! ઉતારી નાખે અંદરથી ! આહા..હા...! અજ્ઞાન ઉતારી નાખે અને જ્ઞાનમાં જાય એવી અહીં વાત છે !! આહા..હા...! માટે તારા અધિકારની વાત છે. આહા..હા...! એ જ્ઞેયનો સ્વભાવ છે. જ્ઞેયનો અધિકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अणगारे** तथैवानागारान्। अनागारशब्दवाच्यान्निश्चयव्यवहारपञ्चाचारादियथोक्तलक्षणानाचार्योपाध्यायसाधून्। **जीवेसु साणुकंपो** त्रसस्थावरजीवेषु सानुकम्पः सदयः। **उवओगो सो सुहो** स इत्थंभूत उपयोगः शुभो भण्यते। स च कस्य भवति। **तस्स** तस्य पूर्वोक्तलक्षणजीवस्येत्यभिप्रायः।।१५७।।

---

**અન્વયાર્થ :–** **[यः]** જે **[जिनेन्द्रान्]** જિનેન્દ્રોને **[जानाति]** જાણે છે, **[सिद्धान् तथैव अनागारान्]** સિદ્ધોને તથા અણગારોને (આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને **[पश्यति]** શ્રદ્ધે છે, **[जीवेषु सानुकम्पः]** જીવો પ્રત્યે અનુકંપાયુક્ત છે, **[तस्य]** તેને **[सः]** તે **[शुभः उपयोगः]** શુભ ઉપયોગ છે.

**ટીકા :–** વિશિષ્ટ (ખાસ પ્રકારની) ક્ષયોપશદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની, સિદ્ધની અને સાધુની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવસમૂહની અનુકંપા આચરવામાં પ્રવર્તે છે, તે શુભ ઉપયોગ છે. ૧૫૭.

---

છે ને? અને આવું (સ્વરૂપ) છે તેની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. શુભ-અશુભ સ્વને અનુસરીને થાય એવી શ્રદ્ધા તે યથાર્થ છે. આ..હા..હા...! કર્મને અનુસરીને થાય એ શ્રદ્ધા યથાર્થ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? કુદરતે આવ્યું આ ! ૧૫૫–૧૫૬ (ગાથા) ! નહિતર ૧૬૦ (ગાથા) લેવાની હતી. આવવાનું હોય ઈ આવે ને, બાપા !

કૌંસમાં '**(શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી).**'

'**હવે શુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :–**' (અર્થાત્) શુભ કોને કહેવું

**जो जाणादि जिणिंदे पेच्छदि सिद्ध तहेव अणगारे।**
**जीवेसु साणुकंपो उवओगो सो सुहो तस्स।।१५७।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,**
**જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.**

આહા..હા...! '**वंदित्तु**'માં તો એમ કહ્યું, પ્રભુ ! અનંત સિદ્ધને સ્થાપ ! ઈ વિકલ્પ સહિતની વાત છે. પછી એની દૃષ્ટિ જ્યારે (દ્રવ્ય) ઉપર જાય છે એટલે નિર્વિકલ્પ થાય છે. પરદ્રવ્યને સ્થાપે છે ત્યાં હજી લક્ષ પર ઉપર છે. આ..હા..હા..હા...! પણ તેને સ્થાપીને અલ્પજ્ઞમાં સર્વ સિદ્ધોને જ્યાં પધરાવ્યા... આહા..હા...! એ પર્યાય દ્રવ્ય ઉપર ઢળી જાય છે. આહા..હા...! છે વિકલ્પ સહિત. પરદ્રવ્યનું સ્થાપન છે ને ? સ્વદ્રવ્યનું સ્થાપન નથી. આહા..હા...! અહીં એ કહે છે ને ? જિનોને જાણે, સિદ્ધોને જાણે. એ આવ્યું કે નહિ ? પર્યાય(માં) સિદ્ધને સ્થાપે. આહા..હા...! '**वंदित्तु**' (કહ્યું) એ આદર કર્યો. અનંત સિદ્ધને પર્યાયમાં સ્થાપે છે ત્યાં આદર કર્યો. આહા..હા...! પણ છે ઈ વિકલ્પ. આહા..હા...! અનંત સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા ! હવે તું સિદ્ધસમાન સમદૃષ્ટિ કર અને હવે સાંભળ ! આહા..હા...!

અહીં કહે છે કે, જે જિનોને જાણે, સિદ્ધને શ્રદ્ધે. પહેલાં જાણે લીધું. ભાષા તો ઈની ઈ છે. '**શ્રદ્ધે સિદ્ધને, અણગારને**' (એટલે) મુનિઓને – નિર્ગ્રંથ મુનિઓને શ્રદ્ધે, લ્યો ! દેવ-ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધા ! અરિહંતને, સિદ્ધને અને અણગારને. અણગારમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુ બધા આવી ગયા. અને '**સાનુકંપા જીવો પ્રતિ**' જીવ પ્રત્યે અનુકંપાનો વિકલ્પ ઊઠ્યો. આહા..હા...! '**ઉપયોગ છે શુભ તેહને.**' તેને શુભ ઉપયોગ છે. એ શુભ ઉપયોગ નવા પુણ્યબંધના સંયોગનું કારણ છે. ભારે વાત, ભાઈ ! આ વાર્તા નથી, પ્રભુ ! આ કથા નથી. આ તો ત્રણલોકના નાથના હૃદયો છે !! આ..હા..હા..હા...! આજે શરૂઆતથી ગાથા લીધી ત્યારથી અંદરથી આ આવ્યું !

**ટીકા :–** '**વિશિષ્ટ (ખાસ પ્રકારની) ક્ષયોપશમદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી,...**' અહીં જરી નાખ્યું, જોયું ? '**(ખાસ પ્રકારની) ક્ષયોપશમદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ ઉપરાગ ગ્રહ્યો...**' છે. પહેલાંમાં ના પાડી હતી. ચૈતન્યને અનુસરીને (કહ્યું હતું). હવે અહીં આ કહ્યું. જ્ઞાન કરાવે છે.

'**ક્ષયોપશમદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે...**' પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે. (પહેલાંમાં કહ્યું) ચૈતન્યને અનુસરીને થતાં શુભઉપયોગ. આહા..હા...! શુભ ઉપયોગ ગ્રહ્યો છે. 'ઉપરાગનો અર્થ ૨૪૮મા પાને પદટિપ્પણમાં જુઓ.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'**જે** (ઉપયોગ) **પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની,...**' આ.. હા..હા..હા...! પાઠમાં '**જાણે જિનોને**' એમ હતું. આમાં લીધું – શ્રદ્ધા કરે. છે ? '**પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની, સિદ્ધની અને સાધુની શ્રદ્ધા કરવામાં...**' જોયું ? પહેલું એમ હતું '**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને,**' '**પેચ્છદિ... પેચ્છદિ**' (શબ્દ) છે ને ? મૂળ તો આ કહેવું છે. પરદ્રવ્ય છે તેને શ્રદ્ધે છે ! આહા..હા...! '**તે શુભ ઉપયોગ છે.**' વિશેષ કહેવાશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाशुभोपयोगस्वरूपं प्ररूपयति -

**विसयकसाओगाढो दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो।**
**उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो।।१५८।।**
**विषयकषायावगाढो दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः।**
**उग्र उन्मार्गपर उपयोगो यस्य सोऽशुभः।।१५८।।**

विशिष्टोदयदशाविश्रान्तदर्शनचारित्रमोहनीयपुद्‌गलानुवृत्तिपरत्वेन परिगृहीताशोभनोपरात्वात्परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरार्हत्सिद्धसाधुभ्योऽन्यत्रोन्मार्गश्रद्धाने विषयकषायदुःश्रवणदुराशयदुष्टसेवनोग्रताचरणे च प्रवृत्तोऽशभोपयोगः।।१५८।।

---

अथाशुभोपयोगस्वरूपं निरूपयति-**विसयकसाओगाढो** विषयकषायावगाढः। **दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो** दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः। **उग्गो** उग्रः। **उम्मग्गपरो** उन्मार्गपरः। **उवओगो** एवं विशेषणचतुष्टययुक्त उपयोगः परिणामः **जस्स** यस्य जीवस्य भवति **सो असुहो** स उपयोगस्त्वशुभो भण्यते, अभेदेन पुरुषो वा। तथाहि - विषयकषायरहितशुद्धचैतन्यपरिणतेः प्रतिपक्षभूतो विषयकषायावगाढो विषयकषायपरिणतः। शुद्धात्मतत्त्वप्रतिपादिका श्रुतिः सुश्रुतिस्तद्विलक्षणा दुःश्रुतिः मिथ्याशास्त्रश्रुतिर्वा; निश्चिन्तात्मध्यानपरिणतं सुचितं, तद्विनाशकं दुश्चित्तं, स्वपरनिमित्तेष्टकामभोगचिन्तापरिणतं रागाद्यपध्यानं वा; परमचैतन्यपरिणतेर्विनाशिका दुष्टगोष्ठी, तत्प्रतिपक्षभूतकुशीलपुरुषगोष्ठी वा। इत्थंभूतदुःश्रुतिश्चित्तदुष्टगोष्ठीभिर्युतो दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुक्तः। परमोशमभावपरिणतपरमचैतन्यस्वभावात्प्रतिकूलः उग्रः। वीतरागसर्वज्ञप्रणीतनिश्चयव्यवहारमोक्षमार्गाद्विलक्षण उन्मार्गपरः। इत्थंभूतविशेषणचतुष्टयसहित उपयोगः परिणामः तत्परिणतपुरुषो वेत्यशुभोपयोगो भण्यत इत्यर्थः।।१५८।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અશુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :–

**કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,**
**જે ઉગ્ર ને ઉન્માર્ગપર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.**

**અન્વયાર્થ :–** **[यस्य उपयोगः]** જેનો ઉપયોગ **[विषयकषायावगाढः]** વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, **[दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः]** કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, **[उग्रः]** ઉગ્ર છે તથા **[उन्मार्गपरः]** ઉન્માર્ગમાં લાગેલો છે, **[सः अशुभः]** તેને તે અશુભ ઉપયોગ છે.

**ટીકા :–** વિશિષ્ટ ઉદયદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અન્યની–ઉન્માર્ગની–શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે. ૧૫૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આસો વદ ૧, શનિવાર તા. ૦૬-૧૦-૧૯૭૯
## ગાથા – ૧૫૮, ૧૫૯
## પ્રવચન નંબર–૧૬૫

'પ્રવચનસાર' ૧૫૮ (ગાથા). '**હવે અશુભ ઉપયોગનું સ્વરૂપ...**' (પ્રરૂપે છે).

**विसयकसाओगाढो दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो।**
**उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो।।१५८।।**

**કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,**
**જે ઉગ્ર ને ઉન્માર્ગપર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.**

પહેલાં શુભ ઉપયોગની વ્યાખ્યા આવી ગઈ. ખરેખર તો એ શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગથી રહિત એ જ ભૂતાર્થનો આશ્રય છે પણ હવે એ સીધી વાત માગે છે. કારણ કે જ્ઞાયકભાવ છે એ કંઈ શુભ-અશુભપણે થયો નથી અને જ્યારે જ્ઞાયકભાવની દૃષ્ટિ થાય છે ત્યારે શુભ-અશુભ ભાવ છે નહિ. કારણ કે જ્ઞાયકભાવ શુભ-અશુભપણે થયો નથી તેથી જ્ઞાયકભાવની જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે દૃષ્ટિમાં શુભ-અશુભ (ભાવ) રહેતા નથી. આવી વાત છે પણ હવે શું થાય ? આહા..હા...!

ત્રણ (પ્રકારના) ઉપયોગ છે તો શુભ-અશુભ ઉપયોગ છે એ રૂપે જ્ઞાયક ત્રિકાળી સ્વભાવ તો થયો નથી. જ્ઞાયકની જ્યારે દૃષ્ટિ થાય છે ત્યારે ક્યો ઉપયોગ છે ? આમ છે, પણ હવે શું થાય ? માળા તકરારું કરે ને ! આહા..હા...! વસ્તુસ્થિતિ આમ છે, ભાઈ ! ન્યાયથી એને પકડવું જોશે ને ? કેમકે આ શુભ અને અશુભની વ્યાખ્યા છે એ શુભ-અશુભ ઉપયોગસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાયકભાવ – ચૈતન્યસ્વરૂપ નથી, તો ચૈતન્યસ્વરૂપની જ્યારે દૃષ્ટિ થાય ત્યારે શુભ-અશુભ તો પર્યાયમાં રહેતા નથી. આ..હા...! ખરેખર તો એ શુદ્ધ ઉપયોગ ભલે જઘન્ય છે. સાતમે વિશેષ છે, પાંચમે છે (તેનાથી) સાતમે વિશેષ છે. આવું છે પણ હવે...

અહીં તો શુભ અને અશુભ ઉપયોગની વ્યાખ્યા (કરે છે). પછી ૧૫૯ (ગાથામાં) શુભ-અશુભ રહિતની વ્યાખ્યા આવશે.

**ટીકા :– 'વિશિષ્ટ ઉદયદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે...'** આહા..હા...! પહેલું એમ કહ્યું હતું કે, ચૈતન્ય અનુસારી પરિણામ. શુભ, અશુભ અને શુદ્ધ ત્રણેય (ચૈતન્ય અનુસારી પરિણામ કહ્યા હતા). ચૈતન્યને અનુસરીને થતા (કહ્યું) એ નિશ્ચય સિદ્ધ કર્યો. હવે અહીંયાં આગળ પુદ્‌ગલનો આશ્રય છે ઈ વ્યવહારથી વાત કરે છે. આહા..હા...! છે ?

**'વિશિષ્ટ ઉદયદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર...'** છે ને ભાષા ? પેલામાં પણ 'ચૈતન્ય અનુસારી પરિણામ' એમ હતું. સમજાણું ? ક્યાં ? ૧૫૫ (ગાથા). **'શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (–નિર્વિકાર) છે; અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર) છે.'** છે ને ? ૧૫૫માં છે. **'અશુદ્ધ ઉપયોગ સોપરાગ (–સવિકાર) છે.'** છે ને ? આ..હા...! અને ૧૫૬ (ગાથામાં) એમ કહ્યું કે, **'જ્યાં ઉભય નહિ, સંચય નહીં.'** (અર્થાત્) શુભ-અશુભ નથી ત્યાં કર્મનું આવવું નથી. તો એનો અર્થ એ (કે), જેટલે અંશે શુદ્ધ (ઉપયોગ) છે તેટલે અંશે કર્મનું આવરણ નથી. આ માર્ગ ન્યાય(સર) છે પણ હવે શું થાય ? આહા..હા...! અને ૧૫૬માં આવી ગયું ને ? કે, **'અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે;...'** ૧૫૬ (ગાથાની ટીકાની) છેલ્લેથી ત્રીજી લીટી. આહા..હા...! ૧૫૬ !

**'અશુદ્ધ ઉપયોગનો અભાવ...'** અશુદ્ધ એટલે શુભ-અશુભ. તેનો **'અભાવ કરવામાં આવે છે ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે (અર્થાત્ શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી).'** લ્યો ! પણ એ શુદ્ધ ઉપયોગ ઊંચે – સાતમે (ગુણસ્થાનનો લીધો છે).

મુમુક્ષુ :– જેટલા અંશે હોય તેટલા અંશે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ન (લીધું). (બાકી) જેટલે (અંશે) શુદ્ધ છે તેટલે અંશે કર્મનો સંચય નથી. શુભાશુભ ભાવ (છે) એ અશુદ્ધ ઉપયોગ છે. એ અશુદ્ધ ઉપયોગરહિત શુદ્ધ ઉપયોગ (થયો) એટલો દ્રવ્યમાં જાય છે. આ..હા...! એટલે અંશે એને બંધન નથી. તેથી તેને અધ્યાત્મગ્રંથમાં સમ્યક્‌દૃષ્ટિને બંધ નથી એમ કહ્યું છે ઈ (એ) અપેક્ષાએ (કહ્યું છે). શું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ (વાત) છે ? મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જે બંધ હતો એ શુભાશુભ ભાવમાં મિથ્યાત્વ હતું, પણ શુભાશુભ ભાવરહિત થયો (ત્યાં પછી એ બંધ રહેતો નથી). આહા..હા...! જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ છે અને જે ઉપયોગનું શુદ્ધ (સ્વરૂપ) ધ્યેય છે, જે ઉપયોગનું શુદ્ધ ધ્રુવ આલંબન છે; એ કારણ છે – શુદ્ધ ઉપયોગનું એ દ્રવ્ય કારણ છે. આ..હા...! એથી એ શુદ્ધ ઉપયોગ બંધનું કારણ નથી.

અહીં કહે છે કે, '**ઉદયદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિ...**' જોયું ? આહા..હા...! ૧૫૫ (ગાથામાં) આવ્યું હતું '**ચૈતન્ય-અનુવિધાયી પરિણામ...**' છે ? આ તો શાંતિથી સમજવા જેવી વાત છે, બાપુ ! છે ? ૧૫૫ (ગાથાની ટીકાની) બીજી લીટી. '**ચૈતન્ય-અનુવિધાયી પરિણામ**' (એટલે શુભ, અશુભ અને શુદ્ધ) એ ત્રણે. છે ? આ ચોપડા જુદી જાતના છે ! આ ભગવાનના ચોપડા (છે) ! ચૈતન્ય-અનુવિધાયી પરિણામ ઉપયોગ (કહ્યું) તો ત્યાં તો શુદ્ધ અને અશુદ્ધ બન્ને ચૈતન્યને અનુસરીને થનારાં કહ્યાં એ નિશ્ચયથી છે.

હવે અહીં કહ્યું કે, '**દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે...**' આપણે આ ચાલે છે ઈ... ૧૫૮ (ગાથા). આ..હા...! કઈ અપેક્ષા છે (એને) જાણવું જોઈએ ને ? બન્ને વચન 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના છે. આ..હા...! આહા..હા...! '**દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્‌ગલો અનુસાર...**' જોયું ? પેલામાં ચૈતન્ય અનુસારી પરિણામ કહ્યાં હતાં. શુભ-અશુભને પણ (ચૈતન્ય અનુસારી કહ્યા હતા એ) નિશ્ચયથી હતું. અહીં તો એનું લક્ષ પુદ્‌ગલને અનુસરે છે એ વાતને લઈને અશુભ પરિણામ કહ્યાં. આહા..હા...! આવી વાતું હવે !

'**પુદ્‌ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી,...**' અશુભ – મલિનતા હોવાથી... આહા..હા...! '**જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અન્યની–ઉન્માર્ગની–શ્રદ્ધા કરવામાં...**' જોયું ? મિથ્યાત્વ અશુભ છે ને ? આહા..હા...! '**પરમ ભટ્ટારક,...**' દેવાધિદેવ '**મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ...**' એટલે પાંચ પરમેષ્ઠિ. એના સિવાય '**અન્યની–ઉન્માર્ગની–શ્રદ્ધા કરવામાં...**' આહા..હા...! '**તથા વિષય, કષાય,...**' આ અશુભની વાત કરે છે. આહા..હા...! મિથ્યાત્વસહિતના અશુભની વાત થાય છે. સમજાણું ?

પેલામાં કહ્યું ને ? ઈ પહેલું બતાવ્યું કે, જઘન્ય અંતરાત્મા સમ્યક્‌દૃષ્ટિ અશુભ લેશ્યાવાળો. અશુભ લેશ્યા છે પણ એને જઘન્યમાં ગણ્યો. જરી શુભ લેશ્યા અને શુભ ભાવ હોય તો જઘન્યથી જરી આઘો છે. એમ કે, શુભ ભાવમાં થોડો આશ્રય વધ્યો છે. ભાઈ ! સમજાણું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...! સમ્યક્દૃષ્ટિ છે એનો આશ્રય તો દ્રવ્ય છે પણ અશુભ લેશ્યા વખતે જે આશ્રય છે એ કરતાં શુભ ભાવ વખતે આશ્રય થોડો વધ્યો છે. શુભ ભાવને લઈને નહિ, પણ શુભ ભાવમાં અશુભપણું નથી એટલો જરી આશ્રય વધ્યો છે. એથી એને – અશુભ લેશ્યાવાળા સમકિતીને જઘન્ય અંતરાત્મા કહ્યો. આ..હા..હા...! વીતરાગી જ્ઞાન બહુ ઝીણું, બાપુ ! આહા..હા...!

અહીં એ કહે છે કે, પરમ ત્રિલોકનાથ, પરમ ભટ્ટારક, પૂજ્ય પ્રભુ '**મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અન્યની–ઉન્માર્ગની–શ્રદ્ધા કરવામાં...**' આ..હા..હા...! '**તથા વિષય, કષાય, કુશ્રવણ,...**' આહા..હા...! કુશ્રવણ એ અશુભ ઉપયોગનું કારણ (કહ્યું) આ..હા..હા...! છે ? ૧૫૮ (ગાથા). '**दुःश्रुति**' (અર્થાત્) મિથ્યા શાસ્ત્ર શ્રુતિ. સંસ્કૃત (ગાથામાં) છે. આહા..હા...! '**કુવિચાર,...**' પોતાના સ્વભાવનો વિચાર છોડીને કુવિચાર. મિથ્યા શ્રદ્ધા અને પાછું કુશ્રવણ અને કુવિચાર ! આહા..હા...! અને કુસંગ.

'**અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે,...**' ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે '**તે અશુભ ઉપયોગ છે.**' આ..હા..હા...! આહા..હા...! અહીંયાં મિથ્યાદૃષ્ટિનું લીધું છે. સમજાણું ? જઘન્ય અંતરાત્મા (છે) ત્યાં અશુભ લેશ્યા લીધી પણ ત્યાં કુદેવ, કુગુરુની શ્રદ્ધા નથી. ત્યાં સમકિત સહિત છે પણ સમકિતીને પણ જરી અશુભ લેશ્યા આવે છે.

મુમુક્ષુ :– અશુભ લેશ્યાના છેલ્લા ભાગમાં સમ્યગ્દર્શન થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ અશુભ લેશ્યા છે તો શુભ. છેલ્લો ભાગ (છે) ઈ (શુભ છે). (અશુભ) કહ્યું છે પણ છેલ્લો ભાગ શુભ છે. એમ કહેવામાં આવે છે. ત્યાં નારકીમાં ત્રણ લેશ્યા છે ને ? નારકીમાં ત્રણ માઠી લેશ્યા છે અને સમકિત થાય છે. સાતમી નરકમાં ! છેલ્લો જરી મંદભાવ હોય છે. સાતમી નરકે, હોં ! ત્યાં તો તદ્દન કૃષ્ણલેશ્યા (છે), છતાં એ પરમાત્મસ્વરૂપ જ્ઞાયકભાવની અંતર દૃષ્ટિ કરે છે. જરી લેશ્યામાં (છે) છતાં સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! એનાથી (–અશુભથી) લક્ષ ખસી જાય છે. એની ભૂમિકામાં ભલે હો પણ લક્ષ ખસી જાય છે. લક્ષ જાય છે પૂર્ણ સ્વરૂપ ભગવાન પરમાનંદનો નાથ (છે) ત્યાં લક્ષ, દૃષ્ટિ જાય છે. એથી એને એવી લેશ્યાના સ્થાનમાં પણ સમ્યગ્દર્શન થાય છે. આ..હા..હા..હા...! અરે..રે...!

આટલા બોલ લીધા. પંચ પરમેષ્ઠિ સિવાય અન્ય માર્ગની શ્રદ્ધા, '**વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે.**' સમ્યક્દૃષ્ટિ(ને) અશુભ (ઉપયોગ) છે ઈ અહીં ગણ્યો નહિ. ભાઈ ! શું કીધું ? સમજાણું ? આહા..હા...! કેમકે સમ્યક્દૃષ્ટિને ચોથેથી છઠ્ઠે સુધી શુભની પ્રધાનતા ગણી છે. પહેલે (ગુણસ્થાનથી) ત્રણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુધી અશુભની તારતમ્યતાએ (પહેલામાં) મિથ્યાત્વમાં અશુભ છે એનાથી કંઈક ઓછો અશુભ બીજામાં અને (એનાથી) ઓછો અશુભ ત્રીજામાં (ગણવામાં આવ્યો છે) અને ચોથામાં શુભ ગણ્યો છે. આહા..હા...! એથી (લોકો) કહે છે ને કે, ત્યાં શુદ્ધ ઉપયોગ ન હોય. પણ એ તો મુખ્યતાથી વાત કરી, પ્રભુ ! આહા..હા...! પહેલે ગુણસ્થાને અશુભ કીધો છે તો (શું ત્યાં) શુભ નથી ? દૃષ્ટિ મિથ્યા છે તો એ અપેક્ષાએ એને મુખ્યપણે અશુભ કહેવામાં આવ્યો. આહા..હા...! તેમ ચોથે, પાંચમે ઉપયોગ અંદરમાં હોય છે છતાં એની મુખ્યતા ન ગણતાં, શુભ ઉપયોગની મુખ્યતા કરીને (સમ્યક્દૃષ્ટિ) શુભમાં છે એમ કહ્યું છે. આહા..હા...!

અહીં તો અશુભને આમાં જ (–મિથ્યાદૃષ્ટિમાં જ) નાખ્યો, સમ્યક્દૃષ્ટિનો અશુભ ઉપયોગ આમાં ન નાખ્યો, ભાઈ ! આ..હા..હા..હા...! કારણ કે મુખ્ય શુભ ગણ્યું છે ને ? (એટલે). આહા..હા...! નહિતર (તો) રૌદ્રધ્યાન પણ થાય છે, પણ દૃષ્ટિનું જોર છે ને ભગવાન પૂર્ણાનંદનો જ્યાં આશ્રય છે ને... આહા..હા...! પરમાત્માને પડખે ચડ્યો છે ને એથી એના અશુભને પણ શુભમાં ગણી નાખ્યું. અને બીજી રીતે સમ્યક્દૃષ્ટિને અશુભ આવે છતાં પણ ભવિષ્યનું આયુષ્ય (અશુભમાં) ન બંધાય. તિર્યંચ, મનુષ્ય સમકિતી હોય તો એને વૈમાનિકદેવનું જ આયુષ્ય બંધાય. શુભભાવ આવે ત્યારે બંધાય. આ..હા..હા...! સમજાણું કાંઈ ? ઝીણું બહુ ! એના પડખાં એટલા બધાં જાણવા પડશે ને પ્રભુ ! આ..હા..હા...! સંસારના કેળવણીના અને આના (તેના) બધાં જ્ઞાન તો કર્યાં. આહા..હા...! આ ભગવાનનું – વસ્તુનું સ્વરૂપ છે એનું જ્ઞાન કોઈ અલૌકિક છે ! આ..હા..હા...!

મુમુક્ષુ :– વસ્તુના સ્વરૂપનો અભ્યાસ કરતા કોઈ પગાર આપે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત સાચી. (બીજે નોકરીમાં પગાર આપે) આનો કોઈ આપતું નથી. આહા..હા...! અરે...! એના આત્માને લાભ થાય એ મોટો પગાર છે ! મોટામાં મોટો લાભ છે !! (પેલો લાભ) ક્યાં... ધૂળમાં મહિને દસ હજારના પગાર ને પંદર હજારના પગાર... ધૂળ છે. અરે..રે...! બિચારા કરોડોપતિઓ... ભાઈ ! જેને સમ્યગ્દર્શનની પણ ખબર નથી અને સત્સંગ આદિમાં જે સાચો શુભ ભાવ જોઈએ એ પણ જેને નથી, એકાદ કલાક કોઈક વાત સાંભળવા મળે અને પુણ્ય બંધાય પણ એ તો એરણની ચોરી અને સોયનું દાન (છે). આકરું કામ, પ્રભુ ! આહા..હા...!

અરે...! અહીંથી ક્યાં જાવું છે ? ભાઈ ! આ દેહ તો છૂટી જશે. દેહનો કાળ – મુદત છે તેટલો રહેશે અને છૂટી જશે. તારી મુદત કંઈ એટલી નથી. તું તો અનાદિઅનંત છો ને પ્રભુ ! આ..હા...! તો તારે અહીંથી ક્યાં જાવું છે ? આહા..હા...! આ..હા..હા...! એને આત્મા તરફના વિચાર (લેવા) જોઈએ. સમજાય છે કાંઈ ? પછી ભલે તેના વિચારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ વખતે અશુભ પણ હોય.

એક તો એ ગણ્યું છે, ભાઈ ! આ 'દ્રવ્યસંગ્રહ'માં ! કે, મુનિ છે ને ? પ્રમત્તદશામાં જ્યારે નિદ્રા હોય ને તો દુઃસપનું પણ આવી જાય. 'દ્રવ્યસંગ્રહ'માં છે, ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા...! મને તો એમ વિચાર (આવ્યો) કે, આવી દશા (છે) પણ કોઈ મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને છે અને ચોથેથી ક્ષાયિક સમકિત હોય પણ નિદ્રામાં, સાતમે કેટલી નિદ્રા (હોય) ? થોડી. આહા..હા...! છતાં પણ 'દ્રવ્યસંગ્રહ'માં દુઃસ્વપ્ન ગણ્યું છે ! કોઈ દુઃસ્વપ્ન આવે. આહા..હા...! સમજાણું કાંઈ ? એમાં ક્યાંક છે, 'દ્રવ્યસંગ્રહ'માં છે. જ્યાં પ્રમત્તની વ્યાખ્યા કરી છે ને ? (ત્યાં છે). પ્રમત્તપણું છે ને ? આત્મજ્ઞાન છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ છે, નિરંતર વેદન ચાલુ છે... આ..હા..હા...! પણ પ્રમત્તયોગમાં નિદ્રા આવી જાય એમાં દુઃસ્વપ્ન આવી જાય. આ..હા..હા...! છતાં તેને ત્યાં શુભયોગ જ ગણ્યો છે. છઠ્ઠાને અશુભ ગણ્યો નથી. છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું ? મુનિને અશુભ તો નથી પણ ધર્મના લોભીને જોઈને જરી શુભ ભાવ આવે, એ પોતાને કારણે (આવે). આહા..હા...! અહીં તો કહે (છે) કે, પ્રમત્તમાં દુઃસ્વપ્ન આવે. આહા..હા...! અંદર કોઈ પૂર્વના સંસ્કાર હોય (તો આવી જાય).

છઠ્ઠું ગુણસ્થાન (છે), ત્રણ કષાયનો અભાવ (છે), વીતરાગતા તો વર્તે છે છતાં જ્યારે પ્રમત્ત ગુણસ્થાને જરી ઊભો હોય ત્યારે નિદ્રામાં આવે ત્યારે એમાં કોઈ દુઃસ્વપ્ન આવી જાય. આહા..હા...! જાગ્રત (દશામાં) તો અશુભ આવવા દ્યે નહિ, અશુભ થાય નહિ એમ કહે છે. ભાઈ ! આહા..હા...! પણ નિદ્રા જરી થઈ ગઈ ને (દુઃસ્વપ્ન આવી જાય). આ..હા..હા...! અરે...! અંદર કોઈ સંસ્કાર છે ને ! આમાં – 'દ્રવ્યસંગ્રહ'માં ક્યાંક છે. પણ એને અહીંયાં અશુભ નથી ગણ્યું, મારે એમ કહેવું છે.

અહીં તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાવાળાને, ઉન્માર્ગની શ્રદ્ધાવાળાને '**વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને...**' એ અશુભમાં '**ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે.**' આહા..હા...!

'**હવે પરદ્રવ્યના સંયોગનું જે કારણ (અશુદ્ધ ઉપયોગ) તેના વિનાશને અભ્યાસે છે :**' લ્યો ! આહા..હા...! આ તો બહુ નિવૃત્તિવાળાનું કામ છે, બાપુ ! આહા..હા...! નિવૃત્તિ લઈને આનો અભ્યાસ (કરવો જોઈએ). (હજી તો) બહારની નિવૃત્તિ, હોં ! અંદરની નિવૃત્તિ જુદી વાત (છે). બહારની પ્રવૃત્તિમાં આ વિચાર ક્યાં કરે ? આહા..હા...! ૧૫૯ (ગાથા).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परद्रव्यसंयोगकारणविनाशमभ्यस्यति -

**असुहोवओगरहिदो सुहोवजुत्तो ण अण्णदवियम्हि।**
**होज्जं मज्झत्थोऽहं णाणप्पगमप्पगं झाए।।१५९।।**
**अशुभोपयोगरहितः शुभोपयुक्तो न अन्यद्रव्ये।**
**भवन्मध्यस्थोऽहं ज्ञानात्मकमात्मकं ध्यायामि।।१५९।।**

यो हि नामायं परद्रव्यसंयोगकारणत्वेनोपन्यस्तोऽशुद्ध उपयोगः स खलु मन्दतीव्रोदय-दशाविश्रान्तपरद्रव्यानुवृत्तितन्त्रत्वादेव प्रवर्तते, न पुनरन्यस्मात्। ततोऽहमेष सर्वस्मिन्नेव परद्रव्ये

---

अथ शुभाशभरहितशुद्धपयोगं प्ररूपयति-**असुहोवओगरहिदो** अशुभोपयोगरहितो भवामि। स कः **अहं** अहं कर्ता। पुनरपि कथंभूतः। **सुहोवजुत्तो ण** शुभोपयोगयुक्तः परिणतो न भवामि। क्व विषयेऽसौ शुभोपयोगः। **अण्णदवियम्हि** निजपरमात्मद्रव्यादन्यद्रव्ये। तर्हि कथंभूतो

---

હવે પરદ્રવ્યના સંયોગનું જે કારણ (અશુદ્ધ ઉપયોગ) તેના વિનાશને અભ્યાસે છે :–

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.**

**અન્વયાર્થ :–** **[अन्यद्रव्ये]** અન્ય દ્રવ્યમાં **[मध्यस्थः]** મધ્યસ્થ **[भवन्]** થતો **[अहम्]** હું **[अशुभोपयोगरहितः]** અશુભોપયોગ રહિત થયો થકો તેમ જ **[शुभोपयुक्तः न]** શુભોપયુક્ત નહિ થયો થકો **[ज्ञानात्मकम्]** જ્ઞાનાત્મક **[आत्मकं]** આત્માને **[ध्यायामि]** ધ્યાઉં છું.

---

**असुहोवओगरहिदो सुहोवजुत्तो ण अण्णदवियम्हि।**
**होज्जं मज्झत्थोऽहं णाणप्पगमप्पगं झाए।।१५९।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मध्यस्थो भवामि। एवं भवंश्चाहं परद्रव्यानुवृत्तितन्त्रत्वाभावात् शुभेनाशुभेन वाशुद्धोपयोगेन निर्मुक्तो भूत्वा केवलस्वद्रव्यानुवृत्तिपरिग्रहान् प्रसिद्धशुद्धोपयोग उपयोगात्मनात्मन्येव नित्यं निश्चलमुपयुक्तस्तिष्ठामि। एष मे परद्रव्यसंयोगकारणविनाशाभ्यासः।।१५९।।

---

भवामि। **होज्जं मज्झत्थो** जीवितमरणलाभालाभसुखदुःखशत्रुमित्रनिन्दाप्रशंसादिविषये मध्यस्थो भवामि। इत्थंभूतः सन् किं करोमि। **णाणप्पगमप्पगं झाए** ज्ञानात्मकमात्मानं ध्यायामि। ज्ञानेन निवृत्तं ज्ञानात्मकं केवलज्ञानान्तर्भूतानन्तगुणात्मकं निजात्मानं शुद्धध्यानप्रतिपक्षभूत-समस्तमनोरथरूपचिन्ता-जालत्यागेन ध्यायामीति शुद्धोपयोगलक्षणं ज्ञातव्यम्।।१५९।।

---

**ટીકા :–** જે આ, (૧૫૬મી ગાથામાં) પરદ્રવ્યના સંયોગના કારણ તરીકે કહેવામાં આવેલો અશુદ્ધ ઉપયોગ, તે ખરેખર તીવ્ર-મંદ ઉદયદશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે, પરંતુ અન્ય (કોઈ) કારણ નહિ. માટે બધાય પરદ્રવ્યમાં હું આ મધ્યસ્થ થાઉં. અને એમ મધ્યસ્થ થતો હું પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહિ થવાથી શુભ અથવા અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ તેનાથી મુક્ત થઈને, કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને

---

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.**

(મધ્યસ્થ પરદ્રવ્યે થતો) આમ પરદ્રવ્યમાં મધ્યસ્થ થતો, સ્વદ્રવ્યમાં લીન થતો. એનો અર્થ આવ્યો ને ? ભાઈ ! આહા..હા...!

**ટીકા :–** ‘**જે આ, (૧૫૬મી ગાથામાં) પરદ્રવ્યના સંયોગના કારણ તરીકે કહેવામાં આવેલો અશુદ્ધ ઉપયોગ, તે ખરેખર મંદ-તીવ્ર ઉદયદશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે,...**’ આ..હા..હા...! પહેલાં એમ કહ્યું કે, ચૈતન્યને અનુસરીને પ્રવર્તે છે. અહીં જણાવ્યું કે, પરદ્રવ્યનું લક્ષ છે ને ? આહા..હા...! જેટલો શુભ-અશુભ થાય તે પરદ્રવ્યનું લક્ષ છે, સ્વદ્રવ્યને લક્ષે તે થાય નહિ. આ..હા..હા..હા...! આવો ઉપદેશ ! ગજબ વાત છે ! પ્રભુ ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની શૈલી જ કોઈ અલૌકિક છે ! એની શુભ-અશુભને સમજાવવાની શૈલી પણ બીજી !! આ..હા..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે એવો થયો થકો, ઉપયોગાત્મક વડે (ઉપયોગરૂપ નિજ સ્વરૂપ વડે) આત્મામાં જ સદા નિશ્ચળપણે ઉપયુક્ત રહું છું. આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે. ૧૫૯.

---

કહે છે કે, '**અશુદ્ધ ઉપયોગ, તે ખરેખર મંદ-તીવ્ર ઉદયદશામાં રહેલા...**' મંદમાં શુભ અને તીવ્રમાં અશુભ. '**પરદ્રવ્ય અનુસાર...**' પરદ્રવ્ય અનુસાર (થાય છે), સ્વદ્રવ્ય અનુસાર તો શુભ-અશુભ હોય નહિ. પહેલું એ તો કહ્યું કે, ચૈતન્યને આશ્રયે ચૈતન્યમાં થાય છે એમાં પરનું કંઈ કારણ નથી એ બતાવવા ચૈતન્ય-અનુવિધાયી પરિણામ ઉપયોગ (કહ્યું). આહા..હા...!

અહીં કહે છે કે, એ શુભ અને અશુભ ભાવ પરદ્રવ્યને અનુસારે છે. સ્વદ્રવ્ય ભગવાનઆત્મા ! એને અનુસરવું છોડી દઈને... આહા..હા...! '**પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી...**' એ પર્યાયને '**આધીન થવાથી જ પ્રવર્તે છે,...**' શુભાશુભ ભાવ. આ..હા..હા...! બીજી રીતે કહીએ તો પરદ્રવ્યથી શુભાશુભ થતા નથી પણ પરદ્રવ્યને અનુસરીને થાય છે. આહા..હા...!

ઈ તો આપણે આવી ગયું ને ? ભાઈ ! ('સમયસાર' ગાથા–૨૬૫). '**वत्थुं पडुच्च**' અધ્યવસાયનો આશ્રય વસ્તુ છે, પણ વસ્તુ બંધનું કારણ નથી. આ..હા..હા...! શું શૈલી ! સમજાણું કાંઈ ? શુભાશુભ પરિણામની એકતાબુદ્ધિનો આશ્રય પરદ્રવ્ય છે, લક્ષ ત્યાં જાય છે. છતાં, તે પરદ્રવ્યનો આશ્રય હોવા છતાં પરદ્રવ્ય બંધનું કારણ નથી. પરદ્રવ્યનો આશ્રય પણ બંધનું કારણ અને પરદ્રવ્ય (પણ) બંધનું કારણ (એમ) બે બંધનું (કારણ) નથી. આ..હા..હા...!

એ વાત અહીંયાં કહે છે. '**પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી...**' એ શુભાશુભ ભાવ(ની) જે પરિણતિ (છે તે) પરદ્રવ્યને આશ્રયે (થાય) છે. '**પરંતુ અન્ય (કોઈ) કારણથી નહિ.**' આહા..હા...! ઈ પરદ્રવ્યના આશ્રયથી છે, બીજું કોઈ કારણ નથી. આહા..હા...! અસ્તિ-નાસ્તિ કરી. આ અનેકાન્ત છે. આહા..હા...!

'**માટે બધાય પરદ્રવ્યમાં હું આ મધ્યસ્થ થાઉં.**' આ..હા..હા...! ધર્માત્મા એમ કહે છે, મુનિરાજ એમ કહે છે, હું તો બધા પરદ્રવ્યમાં મધ્યસ્થ છું. ચાહે તો અરિહંત અને સિદ્ધ પરમેશ્વર હોય પણ એ પરદ્રવ્ય છે. આહા..હા...! એમાં હું તો મધ્યસ્થ થાઉં છું. મધ્યસ્થ (એટલે) વીતરાગભાવપણે થાઉં છું. પ્રતિકૂળ ચીજોનું લક્ષ કરીને અશુભ થાય એમ પરદ્રવ્યનું મારું લક્ષ નથી. પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને... આહા..હા...! હું શુભ-અશુભમાં મધ્યસ્થ છું. આ..હા..હા...! મધ્યસ્થ થાઉં. '**હું આ મધ્યસ્થ થાઉં.**' આ..હા..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'અને એમ મધ્યસ્થ થતો હું...'** અને એમ શુભાશુભથી મધ્યસ્થ થતો હું પરદ્રવ્ય અનુસારથી રહિત થયો થકો. આહા..હા...! **'પરદ્રવ્ય અનુસાર પરિણતિને...'** એ પરદ્રવ્ય અનુસાર (થતી) જે શુભાશુભ ભાવ(ની) પરિણતિ. આહા..હા...! (તેને) **'આધીન નહિ થવાથી...'** ધીમેથી સમજવું, બાપુ ! આ તો વીતરાગનો ત્રણલોકના નાથનો ઉપદેશ (છે), ભાઈ ! આ..હા..હા...! એક બારોટ વાતું કરે તોપણ સાંભળવા કેટલું માણસ ભેગું થાય ! (એમાં તો) વિકથા અને પાપ હોય. આ..હા...!

'મૂળી'માં એક મકાનમાં હતા ત્યાં જોડે બારોટ (રહેતા હતા. તે) રાતે બરાબર માંડે. બહુ માણસ ભેગું થાય. એવી માંડે... એવી માંડે... આમ ! એને વળી (કોઈકે) કહ્યું કે, બાપુ ! અમે અહીં છીએ, અમે કો'ક 'દી આવીએ છીએ (તો બંધ રાખો) પણ એને તો ઈ પૈસા માટે કરવાનું હોય. બરાબર આમ ભેગા કરે, વગાડે. આહા..હા...!

અહીં કહે છે... આહા..હા...! પરદ્રવ્યને અનુસારે થતા પરિણામથી હું મધ્યસ્થ થાઉં છું, એનાથી રહિત થાઉં છું. આહા..હા...! એવો આધીન નહિ થવાથી, પરને આધીન નહિ થવાથી. **'પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહિ થવાથી...'** શુભાશુભ પરિણામને આધીન નહિ થવાથી **'શુભ અથવા અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ...'** શુભ અને અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ **'તેનાથી મુક્ત થઈને,...'** આ..હા..હા...! **'કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી...'** આહા..હા...! ભલે છે પરિણતિ પણ છે એ શુદ્ધ ઉપયોગ. બે ભાષા લીધી છે ને ? જુઓ ! કેવળ સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણ પ્રભુ ! એવો જ્ઞાયક અને પૂર્ણાનંદ પ્રભુ ! દ્રવ્ય સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન, શુદ્ધાત્મ ધ્રુવ, શુદ્ધાત્મ ધ્રુવ ! આહા..હા...! ઉત્પાદ-વ્યય વિનાનો... આહા..હા...! એવો શુદ્ધાત્મ ધ્રુવ.. **'કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી...'** કેવળ સ્વદ્રવ્યને અનુસાર. આ..હા..હા...! મૂળ તો અહીં મુનિ છે ને એટલે મુનિપણાની બધી વાત કરી છે. આ..હા...!

એ તો સવારમાં નહોતું આવ્યું ? અધ્યવસાય છે એ એકત્વબુદ્ધિ છે, એ મુનિને નથી. એમ આવ્યું હતું. એ તો સમકિતીને (પણ) નથી પણ એ વાત ત્યાં ગૌણ છે. મુનિ છે તો મુનિપણાની મુખ્યતાથી વાત કરી છે. અરે..રે...! શું થાય પણ હવે ? સમજાણું કાંઈ ? નહિતર પરની એકત્વબુદ્ધિ મુનિને નથી તેમ સમકિતીને નથી. પરની એકત્વબુદ્ધિ, રાગની એકત્વબુદ્ધિ તો મિથ્યાત્વ છે. ત્યાં તો ઘણા (પરિણામ) લીધા હતા. હિંસાના પરિણામ, જૂઠાના પરિણામ, ચોરીના પરિણામ, વિષયના પરિણામ, પરિગ્રહના પરિણામ પછી અહિંસાના પરિણામ, સત્યના પરિણામ, વ્રતના પરિણામ, બ્રહ્મચર્યના પરિણામ... આ..હા..હા...! શુભ, હોં ! અને અપરિગ્રહના પરિણામ. એ બન્ને શુભાશુભ પરિણામ... આ..હા..હા...! (તેની)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકત્વબુદ્ધિ નથી તે હું મુનિ છું. એમ ત્યાં લીધું. ખરેખર તો ચોથે ગુણસ્થાને એકત્વબુદ્ધિ છે જ નહિ. પણ મુખ્યપણે મુનિથી વ્યાખ્યા કરી છે. આ..હા...!

એમ અહીંયાં દર્શન ને જ્ઞાન ને ચારિત્રપ્રાપ્ત મુનિની મુખ્યતાથી વાત કરી છે. આ..હા..હા...! અરે..રે...! આવો ઉપદેશ ! પેલું તો કેવું (હતું) ! અપવાસ કરો, ચોવીયાર કરો, વ્રત કરો, છ પરબી બ્રહ્મચર્ય પાળો, બીજ, પાંચમ, આઠમ, અગિયારસ. સહેલુંસટ હતું. રખડવાનું હતું, ઈ તો બધો રાગ (હતો). આહા..હા...!

અહીં તો કહે છે કે, એ પરદ્રવ્યને અનુસારે થતો જે રાગ, એનાથી ખસી જાવું છે અને **'સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી...'** છે તો પર્યાય. સ્વદ્રવ્ય, કેવળ સ્વદ્રવ્ય, એકલો સ્વદ્રવ્ય. આ..હા..હા...! જ્યાં પરદ્રવ્યની લેશ ગંધ નહિ. ત્રણલોકના નાથ ને અરિહંત ને સિદ્ધ એનું પણ જ્યાં લક્ષ નહિ. આહા..હા...! **'કેવળ સ્વદ્રવ્ય'** એમ લીધું ને ? એટલે કોઈ અરિહંત પરદ્રવ્ય, પરમેષ્ઠિનું પરદ્રવ્ય પણ નહિ. આ..હા..હા...!

પેલામાં આમ કહ્યું છે, બન્ને ઠેકાણે (કહ્યું છે કે), બધાં દ્રવ્યો શુદ્ધ છે એ અપેક્ષાએ ઉપાદેય છે. બીજામાં આવ્યું છે ને ? 'દ્રવ્યસંગ્રહ'માં પણ આવ્યું છે અને બીજામાં પણ આવ્યું છે. અને એમાંથી પણ પાંચ પરમેષ્ઠિ તે ઉપાદેય છે, એમાંથી પણ અરિહંત અને સિદ્ધ ઉપાદેય છે, એમાંથી પણ સિદ્ધ ઉપાદેય છે, એમાંથી પણ આત્મા ઉપાદેય છે. છેલ્લે એમ લીધું છે. આમાં આવે છે – 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે (અને) 'પરમાત્મપ્રકાશ'માં ક્યાંક આવે છે. આ..હા...! સમજાણું કાંઈ ?

ભગવાનઆત્માઓ બધા પરમાત્મસ્વરૂપ છે ! શુદ્ધ ચૈતન્યઘન તે આત્મા (છે), રાગાદિ છે ઈ તો પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ તત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. આહા..હા...! બધા પરમાત્મતત્ત્વ છે. એ દ્રવ્યદૃષ્ટિએ દ્રવ્યસ્વભાવને જોતાં બધા દ્રવ્યસ્વભાવ ઉપાદેય છે, એ મારા સાધર્મી છે. આ..હા..હા..હા...! અભવિનો જીવ પણ દ્રવ્યસ્વભાવે પરમાત્મા છે, એ પણ મારો સાધર્મી છે. આહા..હા...! અને બધા ભગવાન – બધા આત્માઓ આવું શુદ્ધ (સ્વરૂપનું) શ્રદ્ધા, જ્ઞાન કરીને પૂર્ણાનંદને પામો !! બધા આત્માઓ પામો !! આ..હા..હા...! ભાઈએ લખ્યું છે ને ? આ..હા...! કહે છે, ઈ પુસ્તક તો સ્થાનકવાસીમાં પડ્યું છે. દસ લક્ષણનું પુસ્તક ! સવારમાં કો'ક કહેતું હતું. વાંચે... વાંચે, બિચારા વાંચે તો ખરા. અરે..રે...! આવું ક્યાં મળે ? બાપુ ! અને ક્યાં જાવું છે ? ભાઈ ! આ..હા...! કોઈ સહારો, કોઈ સખાયોગ નથી. આ..હા...! શરણ તો ભગવાન સ્વદ્રવ્યને અનુસાર (થવું એ) શરણ છે. આહા..હા...!

ટીકા તો જુઓ ! **'કેવળ સ્વદ્રવ્ય...'** એમાં હવે અરિહંત અને સિદ્ધ પણ નહિ. પેલામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ કહ્યું કે, બધાં દ્રવ્યો ભગવાન છે માટે ઉપાદેય છે. એ તો દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય (છે) તે. સમજાણું કાંઈ ? આહા..હા...! એમાંથી કાઢીને છેલ્લે આત્મા – શુદ્ધ આત્મા (છે) તે ઉપાદેય છે. આહા..હા...! '**કેવળ સ્વદ્રવ્ય અનુસાર...**' નહિતર ત્યાં તો ચૈતન્ય-અનુવિધાયી પરિણામ, એમ કહ્યું હતું. શુભાશુભ અને શુદ્ધ ત્રણેમાં કહ્યું હતું. ભાઈ ! કઈ અપેક્ષાએ કહ્યું છે ? પ્રભુ ! તારી ચૈતન્યની લીલા કોઈ અલૌકિક છે !! આ..હા..હા...!

ક્યાં રાજીપો થઈને રોકાય છે ? આહા..હા...! ક્યાં તેને પરપદાર્થની વિસ્મયતા લાગીને રોકાઈ જાય છે ? એની એને ખબર નથી. આહા..હા...! વિસ્મયતા તો પરમાત્મા પોતે અનંત ગુણનો નાથ ! પોતે અનંત ગુણનો ભંડાર, નિધાન (છે તેની કરવા લાયક છે). આ..હા..હા...!

'**કેવળ સ્વદ્રવ્ય...**' એકલું સ્વદ્રવ્ય શબ્દ ન લીધો. આહા..હા...! પણ ઈ દ્રવ્ય શું છે એનું માહાત્મ્ય આવતું નથી. બહારના માહાત્મ્ય આગળ... આહા..હા...! બહારમાં નજરે દેખાય, બીજાને પણ દેખાય કે, આ ત્યાગી છે, આણે આમ કર્યું છે, આણે આ છોડ્યું છે. પણ મિથ્યાત્વ છોડ્યું છે એની ખબરું... આહા..હા...! સાધારણ (માણસને) પડે નહિ. એટલે એ આકરી વાત છે.

અહીં કહે છે, '**કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે...**' ઠીક ! આહા..હા...! પંચમઆરાના પ્રાણી પણ એમ કહે છે કે, કેવળ શુદ્ધ ઉપયોગ સિદ્ધ થયો છે !! આ..હા..હા..હા...! ભલે મુનિની પ્રધાનતાથી વાત છે પણ એમ નથી કહેતા કે, અમારે શુદ્ધ ઉપયોગ જ છે. આ..હા..હા..હા...! અમે પરદ્રવ્યને અનુસારે (થતી) શુભાશુભ પરિણતિથી નિવર્ત્યા છીએ અને સ્વદ્રવ્યને અનુસારે – કેવળ સ્વદ્રવ્યને અનુસારે અમારી પરિણતિ છે. આ..હા..હા...! અરે..રે...! આવી વાતું છે !

ભગવાન બિરાજે છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ મહાવિદેહમાં સાક્ષાત્ મોજૂદ છે, પ્રભુ ! આહા..હા...! આ બધી વાત પ્રભુ જાણે છે. આહા..હા...! એકલી આ વાત (આવે છે એમ) નહિ ત્રણકાળ ત્રણલોકની વાતમાં આ બધી જ આવે છે. આહા..હા...!

પ્રશ્ન :– આપ અત્યારે વ્યાખ્યાન વાંચો છો એ જાણે છે ?

સમાધાન :– એ જાણે છે, ભગવાન જાણે છે. જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક જણાય એમાં વળી આ વાત તો ક્યાં રહી ગઈ ! આ..હા..હા...!

સર્વજ્ઞદેવ પરમેશ્વર અરિહંત ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજે છે. આ..હા..હા...! ત્રણકાળ ત્રણલોકને જાણે છે. એ એમ કહે છે કે, તારે જ્યારે એવું શુદ્ધ થવું હોય તો કેવળ સ્વદ્રવ્યનો આશ્રય લે તો શુદ્ધ ઉપયોગ થશે. આ..હા..હા...! પરદ્રવ્યનો આશ્રય લેશે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભ-અશુભ થશે. સ્ત્રી-કુટુંબનો આશ્રય લે તો અશુભ (થશે), દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય લે તો શુભ (થશે). સમજાય એટલું સમજવું, ભાઈ ! આવાં ટાણાં ફરીને મળવાં મુશ્કેલ છે, ભાઈ ! આહા..હા...! સબ અવસર આ ગયા હૈ. આહા..હા...! દુનિયા દુનિયાની જાણે, તારે ક્યાં એની પડી છે. ભૂખ લાગી હોય તો પહેલું પોતે ખાઈ લ્યે, પછી પીરસવા નીકળે. પહેલા નાસ્તો કરી લ્યે. ઘરનો ધણી એમ કહે, થોડું લઈ લ્યો, પછી જમજો. આહા..હા...! અહીં કહે છે કે, સ્વદ્રવ્યને અનુસારે તારો ભોગ લઈ લે ! અનુભવ કરી લે ! આ..હા..હા...! જેમાં આનંદની રકમું પડી છે ! જેમાં શાંતિના સાગર ઊછળે છે ! પ્રભુમાં શાંતિ (ઊછળે છે), ભાઈ ! આહા..હા...! આ..હા..હા...! (આ ભાઈ) દીક્ષા લેવાના હતા ને ? રહી ગયા, બચી ગયા. શું થાય ?

પેલો બિચારો એક સાધુ આવ્યો હતો ને ? 'મહારાષ્ટ્ર'ના આવ્યા હતા ને ? (ઈ કહેતા હતા) અરે..રે...! તમે કહો છો એ પ્રમાણે (અમારું સાધુપણું નથી). ભાઈ ! અમે કંઈ ઘરની વાત નથી (કરતા), બાપુ ! આ તો વસ્તુનું સ્વરૂપ છે. 'અમે મુનિ નથી. હિન્દુસ્તાનમાં ભાવલિંગી મુનિ નથી.' એમ ઈ કહેતા હતા અને એમ કહેતા કે, 'અરે..રે...! દ્રવ્યલિંગ લેવાઈ ગયું (એ) અમારો પાપનો ઉદય, હવે અમારે સાંભળવા રોકાવું હોય તો રોકાવાય નહિ.' કારણ કે એને સગવડતા કોણ આપે ? કોણ દે ? આહા..હા...! પ્રતિબંધમાં પડી ગયા. અહીં બિચારા કહેતા હતા. આ..હા...! ગૃહસ્થોને તો નિવૃત્તિ (લઈને) સાંભળવાનો જોગ છે કે નહિ ? પેલાને બિચારાને તો મહિનો-બે મહિનો રહેવું હોય તો (રહી શકે નહિ). આહા..હા...!

અહીં કહે છે, '**કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિ...**' (પરિણતિ એટલે) પર્યાય, હોં ! (તેને) '**ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે...**' જુઓ ! અહીં પરિણતિને શુદ્ધ ઉપયોગ કહ્યો છે. શુભ-અશુભ પરિણતિ છે એનાથી રહિત થઈને કેવળ સ્વદ્રવ્યને અનુસારે પરિણતિ છે. પરદ્રવ્યને અનુસારે પરિણતિ છે એ અશુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! તો સ્વદ્રવ્યને અનુસારે છે, (એ) ભલે થોડો છે પણ શુદ્ધ ઉપયોગ છે. આહા..હા...! પ્રભુ !

(એક મુમુક્ષુએ) બિચારાએ મગાવ્યું હતું. (એક મુમુક્ષુએ) મગાવ્યું છે (કે), 'તમને બહુ યાદ છે માટે લખો.' પંડિતજીએ કહ્યું, 'અમને બહુ યાદ નથી.' (એમ લખ્યું હતું કે), 'ચોથે (ગુણસ્થાને શુદ્ધ) ઉપયોગ હોય એવું લખો.' અમને તો યાદ પણ નથી, આ તો ન્યાયથી કહીએ. ક્યે ઠેકાણે છે એટલી બધી યાદી ક્યાં છે (કે) ક્યા શાસ્ત્રમાં (છે) ? ન્યાયમાં છે. આહા..હા...! ન્યાયને સમજે નહિ તો પછી એને શાસ્ત્રાધાર આપો. શાસ્ત્રઆધારમાં પ્રભુ ! મુનિની પ્રધાનતાથી વ્યાખ્યાન છે. પણ ચોથે-પાંચમે ક્યાં મુનિપણાની વ્યાખ્યા છે, લ્યોને ! ('સમયસાર'ની) ચૌદ ગાથા અને પંદર ગાથા. '**पस्सदि जिणसासणं सव्वं**' શુદ્ધ ઉપયોગમાં ગણાય છે કે અશુભમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગણાય છે ? આહા..હા...! પૂર્ણાનંદનો નાથ અબંધસ્વરૂપ પ્રભુ ! એટલે કે મુક્તસ્વરૂપ. એ તો પાછળ પ્રશ્ન આવ્યો છે ને ? ભાઈ ! મુક્તસ્વરૂપપણું અનુભવીએ છીએ અને બંધ છે એને પણ અનુભવીએ છીએ. પાછળ (છે), પાછળ છેલ્લે કળશ આવે છે. આહા..હા...! ભગવાન મુક્તસ્વરૂપ છે તેમ પર્યાયમાં મુક્તપણે અમે જાણીએ છીએ અને આમ જોઈએ તો જરી ભવનો રાગ પણ છે એ પણ જાણીએ છીએ. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્યદેવ'(ના) કળશમાં છે. ઓ..હો...! 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો ગજબ કામ કર્યા છે! ગજબ કામ કર્યા છે !!

પેલા ભાઈએ કળશનું નામ નથી આપ્યું ? 'અધ્યાત્મઅમૃત કળશ' ! લ્યો ! 'અધ્યાત્મઅમૃત કળશ' ! ઈ પાછા (વર્તમાન મુનિને) માને અને (એ મુનિ) 'અમૃતચંદ્રાચાર્યદેવ'ને કાષ્ઠાસંઘી કહે ! અરે...! પ્રભુ... પ્રભુ ! શું કરે છે ? કારણ કે પરમ સત્યને પ્રસિદ્ધ કરવાની કડક ભાષા છે, ઢીલી-પોચી (ભાષા) નથી ત્યાં. આહા..હા...! એથી એને બીજા સંઘમાં નાખી દેવા અને એમના ગુરુએ તો 'જયસેનાચાર્યદેવ'(ની ટીકામાંથી) 'સમયસાર' બનાવ્યું છે, 'અમૃતચંદ્રાચાર્ય'માંથી નહિ. આ..હા...! ત્યાં પોતાની દૃષ્ટિને પોષણ મળે (કે) વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. આહા..હા...! અરે.. ભગવાન ! શુભ-અશુભ પોતે સાધક છે ? શુભ સાધક છે ઈ ક્યાં આવ્યું ? આ..હા...! એ તો સાધકપણું પ્રગટ્યું છે, સ્વદ્રવ્યને અનુસારે પરિણતિ થઈ છે, પહેલા શુદ્ધ ઉપયોગ (થયો છે) પછી ભલે શુદ્ધ પરિણતિ રહી, તેમાં જે કાંઈ શુભ ભાવ હોય છે એને વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. પણ હવે શું કરવું ? ભાષા બોલે નહિ. ભાષામાં શું ભાવ છે ઈ ભાષા બોલે નહિ. માટે જેનો જે અભિપ્રાય હોય ઈ પ્રમાણે ભાષાનો અર્થ કરે. આહા..હા...! એની દૃષ્ટિને અનુસારે પોતાની બુદ્ધિને લઈ જવી જોઈએ, એને ઠેકાણે પોતાની બુદ્ધિને અનુસારે શાસ્ત્રનો અર્થ (કરે) ! આવી વાતું છે, ભાઈ ! અનંતકાળથી એમ (અર્થ) કર્યા છે. આહા..હા...!

અહીં કહે છે, '**સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે...**' આહા..હા...! '**એવો થયો થકો,...**' (અર્થાત્) શુદ્ધ ઉપયોગરૂપે થયો થકો. કોણ ? મુનિ કહે છે, પંચમઆરાના સાધુ ! હજાર વર્ષ પહેલાં ! આ..હા..હા...! (કેટલાક એમ કહે છે) અત્યારે શુભ ઉપયોગ જ છે, શુદ્ધ (ઉપયોગ) નથી. પ્રભુ ! તને શું થાય છે ? '**ઉપયોગાત્મા વડે (ઉપયોગરૂપ નિજ સ્વરૂપ વડે) આત્મામાં જ સદા નિશ્ચળપણે...**' આ..હા..હા..હા...! ભગવાન શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ પૂર્ણાનંદ પ્રભુ ! એ ઉપયોગ વડે. '**(નિજ સ્વરૂપ વડે) આત્મામાં જ...**' '**આત્મામાં જ સદા નિશ્ચળપણે...**' આ..હા..હા...! `**સદા નિશ્ચળપણે...**' આ..હા..હા...! '**ઉપયુક્ત રહું છું.**' આ..હા..હા..હા...! ધન્ય મુનિ ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ લખવા વખતે વિકલ્પ છે ને પ્રભુ ! (પણ) મારું જોર શુદ્ધ ઉપયોગમાં છે. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ?

'**સદા...**' સદામાં તો કોઈ વખતે પણ હું વિકલ્પમાં આવતો નથી. આહા..હા...! મારું ધ્યેય છે ત્યાં મારી દૃષ્ટિ ચોંટી છે. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! એની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે તો '**સદા નિશ્ચળપણે ઉપયુક્ત રહું છું.**' આ..હા..હા...!

'**આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે.**' આહા..હા...! જોયું ? આહા..હા...! સ્વદ્રવ્યને અનુસારે થતી પરિણતિ એવો જે શુદ્ધ ઉપયોગ, એ પરદ્રવ્યના સંયોગના કારણનો વિનાશનો અભ્યાસ છે. આહા..હા...! શુભાશુભમાં તો પરદ્રવ્યની ઉત્પત્તિ સંયોગે સ્વતંત્ર થતી. અહીં તો કહે છે પરદ્રવ્યના વિનાશનો એ વખતે (કાળ છે). આ..હા..હા...! પરદ્રવ્ય બંધાવા યોગ્ય જ નથી. ભાષા તો શું કરે ? '**આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે.**' આ..હા..હા...!

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शरीरादावधि परद्रव्ये माध्यस्थं प्रकटयति -

**णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं।**
**कत्ता ण ण कारयिदा अणुमंता णेव कत्तीणं।।१६०।।**
**नाहं देहो न मनो न चैव वाणी न कारणं तेषाम्।**
**कर्ता न न कारयिता अनुमन्ता नैव कर्तॄणाम्।।१६०।।**

शरीरं च वाचं च मनश्च परद्रव्यत्वेनाहं प्रपद्ये; ततो न तेषु कश्चिदपि मम पक्षपातोऽस्ति, सर्वत्राप्यहमत्यन्तं मध्यस्थोऽस्मि। तथाहि - न खल्वहं शरीरवाङ्गनसां स्वरूपाधारभूतमवेचेतनद्रव्यमस्मि; तानि खलु मां स्वरूपाधारमन्तरेणाप्यात्मनः स्वरूपं धारयन्ति। ततोऽहं शरीरवाङ्मनःपक्षपातमपास्यात्यन्तं मध्यस्थोऽस्मि। न च मे शरीरवाङ्मनःकारणाचेतनद्रव्यत्वमस्ति; तानि खलु मां कारणमन्तरेणापि कारणवन्ति भवन्ति। ततोऽहं तत्कारणत्वपक्षपातमपास्यास्म्यवमत्यन्तं मध्यस्थः। न च मे स्वतन्त्रशरीरवाङ्गनःकारकाचेतनद्रव्यत्वमस्ति; तानि खलु मां कर्तारमन्तरेणापि क्रियमाणानि। ततोऽहं तत्कर्तृत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः। न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्यप्रयोजकत्वमस्ति; तानि खलु मां कारकाप्रयोजकमन्तरेणापि क्रियमाणानि। ततोऽहं तत्कारकप्रयोजकत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः। न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्यानुज्ञातृत्वमस्ति; तानि खलु मां कारकानुज्ञातारमन्तरेणापि क्रियमाणानि। ततोऽहं तत्कारकानुज्ञातृत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः।।१६०।।

---

एवं शुभाशुभशुद्धोपयोगविवरणरूपेण तृतीयस्थले गाथात्रयं गतम्। अथ देहमनोवचनविषयेऽत्यन्तमाध्यस्थ्यमुद्योतयति - **णाहं देहो ण मणो ण चेव वाणी** नाहं देहो न मनो न चैव वाणी। मनोवचनकायव्यापाररहितात्परमात्मद्रव्याद्भिन्नं यन्मनोवचनकायत्रयं निश्चयनयेन तन्नाहं भवामि। ततः कारणात्तत्पश्चातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मि। **ण कारणं तेसिं** न कारणं तेषाम्। निर्विकार-परमाह्लादैकलक्षणसुखामृतपरिणतेर्यदुषादानकारणभूतमात्मद्रव्यं तद्विलक्षणो मनोवचनकायानामुपादान-कारणभूतः पुद्गलपिण्डो न भवामि। ततः कारणात्तत्पक्षपातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मि। **कत्ता ण हि कारइदा अणुमंता णे कत्तीणं** कर्ता न हि कारयिता अनुमन्ता नैव कर्तॄणाम्। स्वशुद्धात्मभावनाविषये यत्कृतकारितानुमतस्वरूपं तद्विलक्षणं यन्मनोवचनकायविषये कृतकारितानु-मतस्वरूपं तन्नाहं भवामि। ततः कारणात्तत्पक्षपातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मीति तात्पर्यम्।।१६०।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે પણ મધ્યસ્થપણું પ્રગટ કરે છે :–

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.**

**અન્વયાર્થ :– [अहं देहः न]** હું દેહ નથી, **[मनः न]** મન નથી, **[च एव]** તેમ જ **[वाणी न]** વાણી નથી; **[तेषां कारणं न]** તેમનું કારણ નથી, **[कर्ता न]** કર્તા નથી, **[कारयिता न]** કારયિતા (કરાવનાર) નથી, **[कर्तॄणाम् अनुमन्ता न एव]** કર્તાનો અનુમોદક નથી.

**ટીકા :–** શરીર, વાણી અને મનને હું પરદ્રવ્યપણે સમજું છું; તેથી તેમના પ્રત્યે મને કાંઈ પણ પક્ષપાત નથી, (તે) બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું. તે આ પ્રમાણે :

ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી; હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે. માટે હું શરીર, વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું.

વળી હું શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય નથી; હું કારણ વિના પણ (અર્થાત્ હું કારણ હોયા વિના પણ) તેઓ ખરેખર કારણવાળાં છે. માટે તેમના કારણપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું અચેતનદ્રવ્ય નથી; હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક નથી; હું કર્તા-પ્રયોજક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો પ્રયોજક–તેમનો કરાવનાર–હોય વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો (કરાવનારપણાનો) પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું) જે અચેતનદ્રવ્ય તેનો અનુમોદક નથી; હું કર્તા-અનુમોદક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો અનુમોદક હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. ૧૬૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આસો વદ ૨, રવિવાર તા. ૦૭-૧૦-૧૯૭૯**
**ગાથા – ૧૬૦**
**પ્રવચન નંબર–૧૬૬**

'પ્રવચનસાર' ૧૬૦ ગાથા. **'અબ, શરીરાદિ પરદ્રવ્ય કે પ્રતિ ભી મધ્યસ્થપના પ્રગટ કરતે હૈં :–'**

**णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं।**
**कत्ता ण ण कारयिदा अणुमंता णेव कत्तीणं।।१६०।।**

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.**

આહા..હા...! આવી વાત છે. **ટીકા :– 'મૈં..'** ધર્મી – સમ્યક્દૃષ્ટિ – ધર્મ કી પહેલી સીઢી – સમ્યગ્દર્શન (જિન્હેં પ્રગટ હુઆ હૈ) વે આસા જાનતે હૈં કિ, **'મૈં શરીર, વાણી ઔર મન કો પરદ્રવ્ય કે રૂપ મેં સમઝતા હૂં,...'** યહ સમીપ (મેં રહે પદાર્થ કી બાત કરતે હૈં), દૂર કી બાત તો સબેરે બહુત આ ગઈ, યહ તો સમીપ (મેં જો) શરીર, વાણી ઔર મન (હૈ) ઉસે મૈં પરદ્રવ્ય કે રૂપ મેં સમજતા હૂં. ક્યોંકિ વહ તો જડ હૈ, અજીવ હૈ. આહા..હા...! તો ઇસ શરીર કી જો ક્રિયા હોતી હૈ વહ ભી જડ હૈ, મૈં નહીં. આહા..હા...! ભક્તિ મેં, ભગવાન કી પૂજા આદિ મેં સ્વા..હા.. આદિ હોતા હૈ તો કહતે હૈં કિ, સમીપ મેં (રહા હુઆ) શરીર જડ, વાણી જડ, મન જડ (યાની) અંદર પરમાણુ (હૈ વહ), ઉસે **'પરદ્રવ્ય કે રૂપ મેં સમજતા હૂં,..'** ધર્મી તો ઐસા માનતે હૈં કિ યહ તો પરદ્રવ્ય હૈ, મેરી ચીજ નહીં. ઓ..હો..હો...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ કી પહલી સીઢી – ધર્મ કા પહલા સોપાન સમ્યગ્દર્શન ! તો સમ્યક્દૃષ્ટિ ઐસા માનતે હૈં કિ, શરીર, વાણી ઔર મન જો સમીપ મેં હૈં ઉન્હેં મૈં પરદ્રવ્ય કે રૂપ મેં સમજતા હૂં. આહા..હા...! **'ઇસલિયે મુજે ઉનકે પ્રતિ કુછ ભી પક્ષપાત નહીં હૈ.'** આહા..હા...! શરીર કૈસે રહે, વાણી કૈસે બોલી જાયે, મન કે પરમાણુ (જો) વિચાર મેં નિમિત્ત (હૈ) વહ કૈસે રહે (ઉસકા) મુજે પક્ષપાત નહીં. બહુત સૂક્ષ્મ બાત હૈ, ભાઈ !

જિનેશ્વરદેવ ને કેવલજ્ઞાનપને મેં જો કહા ઉસે દિગંબર સંત જગત કે સામને જાહિર કરતે હૈં. પ્રભુ ! તુમ જ્ઞાયક હો ન ! તુ જાણકસ્વભાવી પ્રભુ હૈ ન ! (તો) પરદ્રવ્ય તેરા કૈસે હો ? આહા..હા...! **'મૈં ઉન સબકે પ્રતિ...'** વાણી, શરીર ઔર મન. યહાં છાતી મેં ખીલે હુએ કમલ કે આકાર મેં (બના હુઆ) અનંત પરમાણુ કા મન હૈ, વહ મૈં નહીં. આહા..હા...! **'વહ ઇસપ્રકાર :–'** હૈ.

**'વાસ્તવ મેં મૈં શરીર, વાણી ઔર મન કે સ્વરૂપ કા આધારભૂત ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં...'** શરીર, વાણી ઔર મન ઉસકે આધાર સે રહા હૈ, મેરા આધાર ઉસે નહીં. આ..હા..હા...! યહાં આત્મા હૈ (તો) શરીર આત્મા કે આધાર સે રહા હૈ, ઐસા નહીં. આહા..હા...! બહુત સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! ધર્મ કી પહલી શુરૂઆત યહાં સે હોતી હૈ.

શરીર, વાણી ઔર મન. બાહ્ય પૈસા આદિ તો (પર હૈં હી). આત્મા જ્ઞાયક (હૈ ઔર) શરીર આદિ પર (પદાર્થ) જ્ઞેય (હૈં) ઇતના જાનને લાયક હૈ. પરંતુ વહ ચીજ મેરી (હૈ), મૈં ઉસકા (હૂં) યહ દૃષ્ટિ તદ્દન મિથ્યા, વિપરીત હૈ. આહા..હા...! યહાં તો સમીપ કી બાત કરતે હૈં. યહ શરીર, વાણી ઔર મન રજકણ હૈં, પરમાણુ હૈં, અજીવ પદાર્થ હૈ. વહ અજીવ પદાર્થ મેરે આધાર સે હૈ, ઐસા નહીં. ઉસકા આધાર ઉસમેં હૈ. આ..હા..હા..હા...!

યહ અંગુલી, યહ નાક, યહ બાલ, યહ ચમડી આત્મા કે આધાર સે હૈ, ઐસા નહીં. અરે...! ઐસી સૂક્ષ્મ બાત ! ઉસ અજીવ જડ પરમાણુ કા આધાર વહ (દ્રવ્ય) હૈ, મેરે આધાર સે વહ ચીજ રહી હૈ, ઐસા હૈ નહીં. આહા..હા...! ક્યોંકિ ઉસ પરમાણુ મેં – જડ મેં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ – આધાર (આદિ) ગુણ હૈં, તો જડ અપને આધાર સે રહા હૈ. આ..હા..હા...! અરે..રે...! યહાં તો મૈં કરું... મૈં કરું... પરપદાર્થ પ્રાપ્ત કરના યહ બાત તો યહાં હૈ હી નહીં. અરે...! પરપદાર્થ મૈં પ્રાપ્ત કરું (ઐસા જો માનતા હૈ) વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ, અજ્ઞાની હૈ. આહા..હા...! પરંતુ યહ ચીજ જો સમીપ મેં હૈ ઉસકા ભી મૈં આધાર નહીં. આહા..હા...!

મન કે સ્વરૂપ કા, વાણી કે સ્વરૂપ કા, દેહ કે સ્વરૂપ કા **'આધારભૂત ઐસા અચેતન દ્રવ્ય...'** ઉસકા આધાર તો અચેતન દ્રવ્ય જડ હૈ, મૈં નહીં. આહા..હા...! આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઇસ નાક કે પરમાણુ જડ હૈં તો આત્મા કે આધાર સે યહાં નાક રહા હૈ, ઐસા નહીં. યહ કાન જડ – મિટ્ટી – પુદ્ગલ પરમાણુ હૈ, વહ અંદર આત્મા હૈ તો આત્મા કે આધાર સે વહ રહા હૈ, ઐસા હૈ નહીં. ઐસા માર્ગ ! હૈ ?

**'ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં, મૈં સ્વરૂપાધાર (હુએ) બિના ભી...'** મેરે સ્વરૂપ કે આધાર બિના ભી. **'વે વાસ્તવ મેં અપને સ્વરૂપ કો ધારણ કરતે હૈં.'** આહા..હા...! ઉસ શરીર, વાણી, મન કો મેરી કોઈ અપેક્ષા નહીં. મેરી અપેક્ષા બિના શરીર, વાણી ઔર મન (કે) જડ પરમાણુ અપના સ્વરૂપ ધારણ કરતે હૈં. આ..હા..હા...! ભારી કામ !

સારા દિન શરીર, વાણી, મન કે કામ મેં જુડે ઔર કહે કિ, મેરા નહીં. (યહાં) કહતે હૈં કિ), જુડતા હૈ વહી જૂઠ બાત હૈ. પરદ્રવ્ય કે સાથ જુડાન હોતા હી નહીં. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ ! તુમ તો જ્ઞાયકભાવ હો ન, પ્રભુ ! જ્ઞાયકભાવ અચેતન કા રહને કા આધાર કૈસે હો ? આ..હા..હા...! મૈં ધ્યાન રખું તો શરીર બરાબર રહે ઔર ધ્યાન નહીં રખું તો શરીર બરાબર નહીં રહે, ઐસી ચીજ નહીં. આ..હા..હા..હા...!

ભગવાનઆત્મા ! યહ શરીર, વાણી ઔર મન સે તદ્દન નિર્લેપ, ભિન્ન હૈ. રાગ સે નિર્લેપ હૈ, ઉસે એક ઓર રખો, શરીર, વાણી ઔર મન... આહા..હા...! મૈં ઉસકા આધાર (હુએ) બિના, મેરે સ્વરૂપ કે આધાર બિના ભી **'વે વાસ્તવ મેં અપને સ્વરૂપ કો ધારણ કરતે હૈં. ઇસલિયે મૈં શરીર, વાણી ઔર મન કા પક્ષપાત છોડકર અત્યંત મધ્યસ્થ હૂં.'** આ..હા..હા...! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન ! યહ તો 'પ્રવચનસાર' હૈ ! ભગવાન કી દિવ્યધ્વનિ ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા કી દિવ્યધ્વનિ (હૈ) વહ ભી નિમિત્ત સે કથન હૈ. ઉસ દિવ્યધ્વનિ કે કર્તા ભગવાન નહીં. વાણી હૈ ન ? આ..હા..હા...! ઉસ દિવ્યધ્વનિ કા આધાર આત્મા નહીં. આહા..હા...!

મેરે આધાર બિના વાણી ઉસકે સ્વરૂપ કો ધારણ કરતી હૈ, ઉસકે સ્વરૂપ કો વહ ધારણ કરતી હૈ. આહા..હા...! મૈં વાણી બોલતા હૂં ઔર વાણી મુજ સે બોલી જાતી હૈ, ઐસા નહીં. વાણી અપને સ્વરૂપ કો અપને સે ધારણ કરતી હૈ, મેરે સ્વરૂપ કે આધાર બિના. અર..ર..ર...! ઐસી બાત હૈ, પ્રભુ !

સબેરે તો બાત આઈ થી – જ્ઞાયક ઔર જ્ઞેય. વહ તો સંપૂર્ણ – સભી દ્રવ્ય કી (બાત થી), યહાં તો અબ સમીપ કી બાત લી. આહા..હા...! જૈસે અંગુલી કો હિલાયે વૈસે હિલે, ઐસા હૈ નહીં. આહા..હા...! જીભ કો જૈસે મોડું વૈસે મૂડે, ઉસ અજીવ કે સ્વરૂપ કો મૈંને ધારણ નહીં કિયા. અજીવ કા સ્વરૂપ અજીવ ને ધારણ કિયા હૈ. આહા..હા...! યહ અભિમાન ઉતર જાના, પ્રભુ ! જડ કે સ્વામીપને, ઉસકે આધાર મેં મૈં – (યહ) મિથ્યા ભ્રાંતિ હૈ. આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'ઔર મૈં શરીર, વાણી તથા મન કા કારણ ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં.'** આ..હા..હા...! કારણ તો કહો, નિમિત્તકારણ તો કહો. યહ શરીર – જડ, મિટ્ટી, વાણી – યહ આવાજ, ધૂલ ઔર મન – પરમાણુ... આહા..હા...! **'મૈં શરીર, વાણી તથા મન કા કારણ ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં.'** ઉસકા કારણ તો અચેતનદ્રવ્ય હૈ, મૈં કારણ નહીં. યહ કારણ કા બડા પ્રશ્ન હોતા હૈ ન ? (કિ) દો કારણ હોતે હૈં. આહા..હા...! ઉપાદાન ઔર નિમિત્તકારણ દો સે કાર્ય હોતા હૈ.

યહાં તો પ્રભુ ઐસા કહતે હૈં, પ્રભુ ! સુન ન, ભાઈ ! જગત કા પરમાણુ જગત કી ચીજ હૈ ઉસકા કારણ અચેતન દ્રવ્ય (હૈ), ઉસકા કારણ વહ દ્રવ્ય હૈ. ઉસકા કારણ તૂ હૈ ઐસા નહીં હૈ. આહા..હા...! અરે...! ઐસી બાતેં ! સ્ત્રી, કુટુંબ, ધંધા હમે કરના કિ નહીં ? ધંધા નહીં કરે તો ખાના કૈસે ? આ..હા..હા...! કહતે હૈં કિ, શરીર કી ક્રિયા શરીર કે આધાર સે હોતી હૈ, મેરે આધાર સે નહીં. ઔર શરીર કી ક્રિયા શરીર કે કારણ સે હોતી હૈ, મેરે કારણ સે નહીં. અરે..રે...! યહ કિસે બૈઠે ?

(અજ્ઞાની કહતે હૈં) દો કારણ ચાહિયે, દો કારણ ચાહિયે. આહા..હા...! દિવ્યધ્વનિ નિમિત્તકારણ હૈ, ઉસે નહીં માને તો નિમિત્ત-નૈમિત્તિક (સંબંધ) નહીં માનતે. પ્રભુ... પ્રભુ ! સુન ન, ભાઈ ! ભગવાન ! તૂ ભી ભગવાન હૈ, ભાઈ ! આહા..હા...! તુજે ભગવાન બનાના હૈ, પ્રભુ ! સ્વરૂપ સે ભગવાન હો, પર્યાય મેં ભગવાન બનાના હૈ !! તો વહ ભગવાન કબ બને ? કિ, પર શરીર, વાણી, મન (જો) સમીપ મેં એકક્ષેત્રાવગાહ મેં રહે હુએ (હૈં) ઉનકા ભી કારણ તૂ નહીં (ઐસા માને તબ). આહા..હા...! તૂ તો પ્રભુ ! જ્ઞાયકસ્વભાવ હૈ ન ! આહા..હા...! જાણકસ્વભાવી તેરા તત્ત્વ (હૈ) વહ અજાણ – અજ્ઞાનતત્ત્વ કા કારણ કૈસે હો ? આ..હા..હા...! સૂક્ષ્મ બાતેં હૈં, ભાઈ !

(લોગ) બાહર કી ધમાધમ કરે, રથયાત્રા નિકાલે, ગજરથ નિકાલે, ભગવાન કી પ્રતિમા બિરાજમાન કી... વહ બાત તો બાહર રહ ગઈ. ઉનકા કારણ તો તૂ નહીં પરંતુ ઉસમેં જો શરીર, વાણી નિમિત્ત હૈ ઉસકા ભી તૂ કારણ નહીં. ભાઈ ! આહા..હા...! ભાઈ ! તુજે શાંતિ મેં રહના હૈ કિ નહીં ? ભાઈ ! તુજે શાંતિ મેં રહના હો તો શરીર, વાણી, મન કા કારણ મૈં નહીં, ઉસકા કારણ વહ (હૈ ઐસા માન)... આહા..હા...! તો તુજે શાંતિ રહેગી. નહિ તો મૈં ઉસકા કારણ હૂં, (ઐસા માનેગા) તો મિથ્યાત્વ હોગા, અશાંતિ હોગી, પ્રભુ ! આ..હા..હા...! ગાથા તો યહ લેની થી, લેકિન ફિર તો ૧૫૫ લી ન ? આહા..હા...!

અજીવ પુદ્ગલ તત્ત્વ હૈ કિ નહીં ? જીવ હૈ, સત્, અહેતુક, જ્ઞાયકસ્વભાવ (હૈ) તો પરમાણુ સત્, અહેતુક, જડ સ્વભાવ (હૈ). આહા..હા...! વહ તો સબેરે આ ગયા ન ? આત્મા સત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હૈ. અહેતુક (હૈ યાની) કોઈ હેતુ નહીં, ઉસકા (કોઈ) કારણ નહીં. જ્ઞાયકસ્વભાવ ! વૈસે યહ શરીર, વાણી, મન સત્ – હૈ, જગત કે રજકણ સત્ અહેતુક (હૈં). આત્મા ઉસકા કારણ – હેતુ હૈ નહીં. વહ જડસ્વભાવ હૈ. સત્ અહેતુક જડસ્વભાવ. ભગવાન સત્ અહેતુક જ્ઞાયકસ્વભાવ. ભગવાન માને આત્મા. કઠિન કામ ! યહાં તો સારા દિન મૈં કરું... મૈં કરું... અભિમાન મેં મિથ્યાત્વ કા પાર નહીં. પ્રભુ ! તુજે કહાં જાના હૈ ? આહા..હા...!

દેહ તો છૂટી જશે અને છૂટવાને કારણે છૂટશે. એને તું દવા-દારૂથી રાખવા માગ તો ત્રણકાળમાં નહિ રહે. આહા..હા...! કેમકે એનું કારણ તું નથી. તેમ તે શરીરનો આધાર પણ તું નથી. આ..હા..હા...! આ માથું આમ રહ્યું છે (અને) આત્મા (એમાંથી) છૂટે તો માથું આ...મ થઈ જાય, તો આત્માનો દેહને આધાર છે કે નહિ ? ના... સમજાય છે ? પ્રભુ ! આહા..હા...!

પ્રભુ ! તું તો જ્ઞાયકસ્વભાવ છો ને ! એ જડ સ્વભાવનું કારણ તું કેમ હો ? ભાઈ ! એને એનામાં એને કારણે રહેવા દે, પક્ષપાત છોડી દે ! આહા..હા...! કે, હું શરીરની અવસ્થા, વ્યવસ્થા બરાબર કરું, વાણીની વ્યવસ્થા પણ બરાબર કરું, તાણીને બોલવું હોય તો તાણીને બોલું, હળવે બોલવું હોય તો હળવે બોલું. અરે... પ્રભુ ! એ બોલવાની વાણી એ વાણીને આધારે થાય છે. આ..હા..હા...!

મુમુક્ષુ :– મડદું તો બોલતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મડદું એ જડ છે તો જડની પર્યાય જડથી હોય. આ શરીર અત્યારે મડદું છે. એ તો ('સમયસાર') ૯૬ ગાથામાં કહ્યું નહિ ? મૃતક્ કલેવર છે, પ્રભુ ! આ મૃતક્ કલેવર છે, આ તો મડદું છે. અંદર ભગવાન ચૈતન્ય તો ભિન્ન છે. જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ પ્રભુ ! એ મડદાથી ચૈતન્ય અમૃતનો સાગર... આહા..હા...! ભિન્ન છે. એ મૃતક્ કલેવરમાં અમૃત-સાગર મૂર્છાઈ ગયો છે. ૯૬ ગાથામાં છે. આહા..હા...!

અરે...! હોંશુંનો પાર ન મળે. બહારની શરીરની અનુકૂળતા ને નીરોગતા અને એમાં જુવાની... અને હોંશું... હોંશું... આનું આમ કરશું... આનું આમ કરશું... પ્રભુ ! કોનું તું કરીશ ? તારું તત્ત્વ જુદું, એ તત્ત્વ જુદું. આહા..હા...! શરીરની કંઈ પણ ક્રિયા – ચેષ્ટા થાય એ શરીરને આધારે થાય છે, આત્માને આધારે નહિ. આવી વાત વીતરાગની છે, બાપુ !

આ..હા...! ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ પરમેશ્વર એમ ફરમાવે છે, અરે... ભાઈ ! પ્રભુ ! પ્રભુ તરીકે બોલાવે છે !! આ..હા..હા...! પ્રભુ ! તું તારી પ્રભુતામાં, તારામાં હો, પણ પરમાં ક્યાંય કરવા જાય (તો) પ્રભુ ! એ તારો અધિકાર નથી. આ..હા..હા..હા...!

મુમુક્ષુ :– પ્રમુખપદમાં તો પરનો અધિકાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પ્રમુખ-બ્રમુખ ધૂળમાંય નથી. આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! વાણીથી આ લખાણ થાય ને ? એ લખાણ થાય તેનો આધાર આત્મા નથી. એ શરીરની ક્રિયા છે અને અક્ષરો છે એ પરની ક્રિયા છે. આહા..હા...! એ શરીરની ક્રિયા જે આમ.. આમ... થાય, કલમ ચાલે, આ શરીર (આમ થાય) એ ક્રિયાનો આધાર તો શરીર છે, કલમ આમ ચાલે એનો આધાર કલમ છે અને અંદર અક્ષર લખાય એનો આધાર એ અક્ષરના પરમાણુ છે. અરે..રે..રે...! કલમ પણ નહિ. ભગવાન ! માર્ગ કોઈ જુદો છે, પ્રભુ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ! એ વાત ક્યાંય નથી. વીતરાગ સિવાય (ક્યાંય નથી). આ..હા..હા...! કેમકે એણે અનંત દ્રવ્ય જોયા છે તો અનંત દ્રવ્યમાં તારું તત્ત્વ અને બીજું તત્ત્વ જુદું જોયું છે, તો બીજા તત્ત્વની કોઈ પણ દશાનો આધાર તું છો એમ ભગવાને જોયું નથી માટે એમ નથી. આ..હા..હા...! આવો ઉપદેશ ! વ્રત કરવા, અપવાસ કરવા સહેલુંસટ (હતું). અરે... પ્રભુ ! સાંભળ તો ખરો, ભાઈ ! આહા..હા...!

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ 'સીમંધર' પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં સંવત ૪૯માં 'કુંદકુંદાચાર્યદેવ' ગયા હતા. દિગંબર સંત ! ત્યાંથી આ સંદેશ આવ્યો ! આહા..હા...! ભગવાન એમ કહે છે કે, શરીર અને વાણી તારી નજીક એકક્ષેત્રાવગાહે છે તેનો પણ તે ક્ષેત્રમાં રહેલો આધાર તું નથી. આહા..હા...! આત્માના પ્રદેશ ઉપર કર્મના પરમાણુ છે, શરીરના પરમાણુ છે પણ એ પ્રદેશનો એને આધાર નથી.

અરે...! આ તે વાત...! અરે... ભગવાન ! બિચારા આખી જિંદગી સંસારના કામમાં રચ્યાપચ્યા (રહે) એમાં આ વાત સાંભળવા મળે નહિ, આહા..હા...! એ કે 'દી જુદી પાડે ? ભાઈ ! ચાર ગતિના દુઃખો મિથ્યાત્વના કારણે તેં (ઊભા) કર્યા છે, પ્રભુ ! મેં શરીરનું કર્યું, હું વાણી બોલું છું. મન મારું છે... આહા..હા...! એવો મિથ્યાત્વભાવ અનંત સંસાર રખડવાનું કારણ છે. આ..હા..હા...! સમજાય છે ? આ..હા...! ઝીણી વાત છે, પ્રભુ !

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ પોકારે છે. આહા..હા...! આ..હા..હા...! પ્રભુ ! આ શરીર છે એ તો જ્ઞાનમાં પર તરીકે જ્ઞેય છે ને ! અને તે જ્ઞેયનું રહેવું તે તારા જ્ઞાનને આધારે નથી. આહા..હા...! અરે...! એક વાત પણ યથાર્થ બેસે (તો) બીજા બધા ભાવ બેસે. આહા..હા...!

આત્માના પ્રદેશે કર્મ રજકણ રહ્યાં છે ? અહીં પ્રદેશ છે ત્યાં આ શરીરના પરમાણુ રહ્યા છે ? તો કહે છે, ના. આહા..હા...! આત્માને આધારે એ પરમાણુ રહ્યાં નથી. એ અચેતન દ્રવ્ય એને – અચેતનને આધારે અહીંયાં રહ્યું છે. ભાઈ ! આવો પ્રભુનો માર્ગ છે ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હરિનો મારગ છે શૂરાનો' એમ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો મારગ વીરોનો છે, કાયરના ત્યાં કામ નથી. આ..હા...! અમે કરીએ છીએ... અમે કરીએ છીએ... નજરે (દેખાય છે) અને તમે ના પાડો કે, કાંઈ કરતા નથી. શું કરે છે ? પ્રભુ ! આ..હા..હા...! આખો 'દી આ શરીરથી કામ કરીએ છીએ, વાણીથી કામ કરીએ છીએ. આહા..હા...! બીજાને ગાળ્યું દેવી હોય તો વાણીથી, ભગવાનના વખાણ કરવા હોય તો વાણીથી (કરીએ) અને તમે કહો કે વાણીનો આધાર હું નહિ. ભગવાનની સ્તુતિ વાણીથી કરીએ. આહા..હા...!

મુમુક્ષુ :– હમણાં થોડી વખતમાં ભગવાનની ભક્તિ થાશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હમણાં થશે. ભાઈ તો બહુ સારી (ભક્તિ) કરે છે, વૈરાગ્યથી કરે છે. ભાઈ ભક્તિ બહુ સારી કરે છે. બેનના સ્થાને અત્યારે વૈરાગ્યથી કરે છે. આ..હા..હા...! 'તારક બિરુદ સુણી કરી, પ્રભુ આવ્યો તારે દરબાર.' આ..હા...! પ્રભુ ! તારવા પડશે. એવા પુરુષાર્થની પોતાની જાગૃતિ છે ! આહા..હા...! કાલે આવ્યું હતું. 'તારક બિરુદ સુણી કરી, પ્રભુ આવ્યો ઊભો દરબાર...' હું (એટલે) આત્મા, હોં ! શરીર (નહિ). આહા..હા...! પ્રભુ ! તમે તારક બિરુદ છો ને ! તમે તરણતારણ છો ને ! એ વ્યવહારનું વચન છે. આહા..હા...! બાકી પોતાના તરવાના ઉપાયમાં પર કારણ છે નહિ. એ..ઈ...! આ..હા..હા..હા...!

અરે...! આવી વાત ક્યાં છે ? પ્રભુ ! જ્યાં ત્યાં અમે કરીએ... અમે કરીએ... અમે કરીએ... અરે...! પ્રભુ ! તેં શું કર્યું ? ભાઈ ! અહીં તો (શરીર, વાણીનું) કારણ હું નથી એમ સિદ્ધ કરવું છે. આધાર તો નથી પણ કારણ પણ નથી. આ..હા..હા..હા...! અત્યારે પોકાર ઈ છે કે, બે કારણ હોય. પ્રભુ ! અહીં તો એક જ કારણ છે કે, એને આધારે ઈ, એનું કારણ ઈ છે, હું નહિ. હું નિમિત્ત છું પણ નિમિત્તકારણ નહિ. ઈ (વાત) તો જ્ઞાન કરવા માટે છે. આહા..હા...! આવો ઉપદેશ ! આખી દુનિયા, વેપાર-ધંધા, બાયડી, છોકરા પાપ આડે બિચારો નવરો નથી. બાપુ ! વીતરાગનો માર્ગ તો આ છે, ભાઈ ! આહા..હા...! ત્રણલોકના નાથ અરિહંતદેવ જિનેશ્વરદેવની આ વાણી છે.

આહા..હા...! પ્રભુ ! તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ ! તો જ્ઞાનસ્વરૂપ જડનું કારણ થાય કે જડને જાણે ? જે ક્ષણે જે જડની મન, વાણી, દેહની ક્રિયા થાય એને જાણે કે એને કરે ? એને જાણે (એમ કહેવું) ઈ પણ હજી વ્યવહાર છે. આ..હા..હા...! આવી વાતું છે, પ્રભુ ! આહા..હા...! ગાથાઓ બહુ (સારી છે) ! સવારમાં ઈ આવ્યું હતું.

પ્રભુ ! તું તો જગતનો જ્ઞાતા છો ને ! જગતની ચીજ તે જ્ઞાતાનું પરજ્ઞેય છે. એ પણ વ્યવહાર છે. આહા..હા...! અહીં તો કહે છે કે, શરીર, વાણી અને મનના સ્વરૂપનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું નથી. આહા..હા...! છે ?

**'શરીર, વાણી...'** આ વાણી. આત્માને કારણે વાણી નીકળે છે એમ નથી. અર..ર..ર...! આવી વાતું ગળે ઊતરવી (કઠણ પડે) ! ભાઈ ! તારા સ્વરૂપમાં સ્થિતિ એવી છે, પ્રભુ ! તને બેસાડવું પડશે, પ્રભુ ! તને ભગવાન કરાવવા માટે આ વાત છે !! આ..હા..હા...! પામરતામાં કર્તાપણાની બુદ્ધિમાં પડ્યો, પ્રભુ ! પામર તરીકે મિથ્યાત્વમાં રહ્યો એ કલંક છે. આ..હા..હા...! એ સ્વરૂપને કલંક છે. એ કલંક ટાળવા માટે પ્રભુનું આ વચન છે ! આ..હા..હા...! પ્રભુનું વચન કહેવું એ પણ વ્યવહારથી કથન છે. વચન, વચનનું છે. આહા..હા...! ઈ તો ચાલે છે.

સમ્યક્દૃષ્ટિ ધર્મની પહેલી શરૂઆતવાળો ચોથે ગુણસ્થાને, શ્રાવક તો પાંચમે (ગુણસ્થાને) હોય (પણ) એ તો (અત્યારે) ક્યાં છે ? આહા..હા...! નજીકમાં રહેલા, એક ક્ષેત્રમાં રહેલાં, ક્ષેત્રમાં રહ્યાં છતાં હું એનો આધાર નહિ, એનો આધાર ઈ. એક ક્ષેત્રમાં શરીર, વાણી, મન રહ્યાં તેનું હું કારણ નહિ. તેને કારણે તે રહ્યાં છે. આહા..હા...! આ..હા..હા...! બાપુ ! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે ! વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય એવો ક્યાંય છે નહિ. અત્યારે તો વાડામાં પણ વીતરાગની વાત મારી નાખી ! આહા..હા...! આ દયા પાળો, આ વ્રત કરો, ફલાણું છોડો ને ચોવિયાર કરો, છ પરબી પાળો... એ તો બધી રાગની ક્રિયાઓ (છે). પરનું કરવું એ મિથ્યાત્વ છે. આહા..હા...! આ..હા..હા...! આકરું કામ, ભાઈ ! તેથી 'સોનગઢવાળા'ને એકાંત કહે છે ને ? કહે, પ્રભુ ! તું કહે. પ્રભુ ! તારામાં તાકાત અવળી કરીને તું કહે, બાકી તારા સ્વરૂપમાં એ નથી. આહા..હા...! કહો, ભાઈ ! આવી વાતું છે !

સાંભળે તો ખરા, ભગવાન છે. છોકરા, જુવાન, વૃદ્ધ એ તો દેહની જડની દશા (છે). પ્રભુ ! એ તારી દશા ક્યાં છે ? બાળક, જુવાન, વૃદ્ધ એ તો જડની – માટીની – ધૂળની દશા છે, પ્રભુ ! એ તારી દશા ક્યાં છે ? અને તારે આધારે એ દશા ક્યાં રહી છે ? આ..હા...! જુવાનની શરીરની દશા... આ..હા..હા...! આમ ધમ... ધમ... ધમ... ધમ... ચાલે, ધરતી ધ્રૂજે ! ભાઈ ! એ શરીર તારું નહિ. એ ધરતીને શરીર અડતું પણ નથી, પ્રભુ ! આકરું કામ છે ! કેમકે શરીરના પરમાણુ જુદાં અને ધરતી(ના પરમાણુ જુદાં). એ તો બાહ્યની વાત છે, અહીં તો નજીકની વાત છે. આહા..હા...! જુવાની ઝોલા ખાશે, બાપા ! એક વાર વૃદ્ધાવસ્થા થઈને ફડાક દઈને પડશે. મસાણની રાખ (છે), આ તો રાખ છે, જડ છે. આ..હા...! તું એને તારું કારણ છે (એમ માનીને) ધ્યાન (રાખે તો) રહે, સંભાળ રાખે તો નીરોગતા રહે, સંભાળ ન રાખે તો રોગ થાય એમ છે નહિ એમ કહે છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહુ સરસ ગાથા ! કારણ નહિ, કારણ નહિ... આ..હા..હા...! શરીર, વાણી, મનનું હું કારણ નહિ. (તો) મડદામાં કેમ વાણી નીકળતી નથી ? પ્રભુ ! ઈ તો ત્યાં વાણીનો યોગ નથી. પરમાણુની ભાષાના ક્રમમાં આવવાની ભાષા હોય ત્યારે ભાષા થાય. આહા..હા...! ભાષામાં પણ ક્રમબદ્ધ છે. આ..હા..હા..હા...! એ વખતે ભાષા નીકળવાનો ક્રમ હોય ત્યારે તે ભાષા નીકળે. છતાં તે ભાષાનું કારણ આત્મા નથી, પ્રભુ ! તારી પ્રભુતા ત્યાં રોકાઈ ગઈ છે. હું કારણ છું ને હું બોલું છું, હું આવો છું... આહા..હા...! ઉપદેશક પણ મોટા જોરદાર થઈને બોલીને એકદમ જોર કરે ! ધીરો થા... પ્રભુ ! ધીરો થા...! એ વાણીનું પણ કારણ નથી ને, પ્રભુ !

આ..હા..હા...! શરીર, વાણી અને મન. ગજબ વાત કરી છે ! એક ક્ષેત્રે ! આત્માનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર, તેમાં શરીરના પરમાણુ એક ક્ષેત્રમાં રહ્યા, મનનું પણ તે ક્ષેત્ર, વાણી છે ઈ... આ..હા..હા...! ભાષાવર્ગણા આત્માના ક્ષેત્રમાં પડી છે. આ..હા..હા..હા...! સમજાય છે ? ભાષાવર્ગણા પણ આત્માના ક્ષેત્રમાં છે પણ એ ભિન્ન છે, એનાથી ભાષા થાય છે. ભાષાનું કારણ આત્મા નથી. અરે..રે...! કેમ બેસે ? (તો પછી) મડદાં કેમ બોલતા નથી ? અરે...! સાંભળને પ્રભુ ! તે વખતે ભાષાની પર્યાયનો ક્રમ નથી માટે નથી. આહા..હા...! ભાષાનો બોલવાનો ક્રમ હોય ત્યારે આવે. એનું હું કારણ નથી, ગજબ કામ કર્યું છે !

અત્યારે તો મોટો ગોટો ઊઠ્યો છે. આહા..હા...! પરદ્રવ્યને મેળવાય (એમ લોકો માને છે). અહીં તો કહે છે કે, સ્વદ્રવ્ય – જે અહીં તારા દ્રવ્ય ઉપર રહેલું છે તેનું પણ તું કારણ નથી. આહા..હા...! એની નીરોગતા રાખવી, ધ્યાન રાખે તો નીરોગતા રહે, ધ્યાન ન રાખે, અપથ્ય આહાર કરે તો રોગ થઈ જાય. ભાઈ ! એ તો જડની અવસ્થા છે. તારે કારણે એ નીરોગતા અને સરોગતા થઈ શકે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? તારે કારણે એવું થતું નથી. આ..હા..હા...! આવી વાત છે. આકરી વાત !

આમ ઉતાવળા ચાલે. ઉતાવળા ચાલો ઝટ, અડધા કલાકમાં એક ગાવ જાવું છે, ધીમે ધીમે ચાલે થોડું જાવું છે. કોણ ધીમે ચાલે ? પ્રભુ ! કોણ ઉતાવળા ચાલે ? એ તો શરીરની ક્રિયા છે. આત્માની પ્રેરણાથી થાય છે એમ પણ નથી. અરે... ભગવાન ! અજીવદ્રવ્યથી જીવદ્રવ્ય જુદું છે. ભગવાને બે દ્રવ્ય કીધાં છે ને ? જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય, જીવતત્ત્વ અને અજીવતત્ત્વ. પેલા બીજા અજીવતત્ત્વ એક કોર રાખો, ધર્માસ્તિ, અધર્માસ્તિ અજીવતત્ત્વ (છે). આ (શરીર) અજીવતત્ત્વ છે, વાણી અજીવતત્ત્વ, અહીં છાતીમાં અનંત પરમાણુનું (બનેલું) મન છે (એ) અજીવતત્ત્વ (છે). એ અજીવતત્ત્વનું કારણ તું નથી. તારે કારણે ત્યાં આવ્યા છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. એને કારણે રહ્યાં છે અને એને કારણે આવે છે. આહા..હા...! આકરું કામ બહુ !

અરે...! એણે અનંતકાળ પરિભ્રમણ કર્યું. ચોરાશીના અવતાર ! ચોરાશી લાખ યોની ! પ્રભુ ! એક એક યોનીમાં તેં અનંત અવતાર કર્યા. ભૂલી ગયો, પ્રભુ ! ભૂલી ગયો એટલે નહોતું એમ કેમ કહેવાય ? તારી સ્થિતિમાં તેં મિથ્યાત્વને સેવેલું, જગના કામ (એ) મારા કામ, હું વ્યવસ્થા કરનારો છું (એમ માન્યું). અહીંયાં પરની વ્યવસ્થા તો એક કોર રાખો. શરીરની જે અવસ્થા થાય, તે કાળે વ્યવસ્થા થાય તે તેની છે. એને ઠેકાણે (એમ માને કે) મારે કારણે શરીરની અવસ્થા રહી, બહુ જાળવ્યું એટલે નીરોગતા રહી, સૂંઠ પણ ન ચોપડવી પડી એમ કેટલાક કહે છે ને ? ભાઈ ! એ શરીર, વાણી અને મનના પરમાણુઓ એનું કારણ નથી. છે ? આહા..હા...!

‘**મૈં શરીર, વાણી તથા મન કા કારણ ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં.**’ એનું કારણ એ છે, એનું કારણ હું નહિ. આ..હા..હા..હા...! ઉપાદાનકારણને કારણે (કાર્ય) થાય છે, કહે છે. આહા..હા...! આવી વાતું ! લોકો હોંશું કરે – પૈસામાં, ભોગમાં, આબરૂમાં હોંશું, હરખ... હરખ... હરખ... (કરે). એમાં પાંચ-પચીસ લાખ મળ્યા હોય તો જાણે હું પહોળો અને શેરી સાંકડી. ક્યાં છે ? પ્રભુ ! પૈસા તો જડ છે. એ આત્માના છે ? શરીર જડ છે તો વળી પૈસા (તો) ક્યાં રહ્યાં ? આહા..હા...! સમજાણું કાંઈ ? આ શ્લોક બહુ ઊંચો છે !

‘**શરીર, વાણી તથા મન કા કારણ ઐસા અચેતનદ્રવ્ય...**’ એનું કારણ તો અચેતન છે, હું નહિ. આ..હા...! હું નિમિત્ત છું માટે થાય છે એવું કારણ નહિ. નિમિત્ત ભલે હો. આહા..હા...! જેવું બોલવાનો વિકલ્પ આવે એવું જ બોલાય એમ નથી. સમજાણું કાંઈ ? વીતરાગનો માર્ગ બહુ જુદો, બાપુ ! આહા..હા...! એનો ઝીણવટનો માર્ગ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહા..હા...! બીજે બધે બધાએ ગપ માર્યા છે. આહા..હા...! દેશની સેવા કરો, દેશને માટે... શું કહેવાય ઈ ? મરી જાય ઈ.... શહીદ... શહીદ...! શહીદ થાઓ ! અરે... ભગવાન ! આ તું શું કહે છે ? દેશ કોનો ? શરીર કોનું ? અમારો દેશ. ‘મુંબઈ’માં બોલે... શું કહેવાય એ ? ‘આમચી મુંબઈ’ ! ‘આમચી મુંબઈ’ ! અરે... પ્રભુ ! શરીર તારું નથી (ત્યાં) વળી ‘મુંબઈ’ (તારું) ક્યાં આવ્યું ? અમારું ગામ, અમારાં સગાં, અમારા વ્હાલા, અમારા જમાઈ ! પ્રભુ ! એની વાત તો દૂર રહો પણ આ તો શરીર, વાણી, મન નજીક છે (એક) ક્ષેત્રમાં રહ્યાં... આહા..હા...! એક ક્ષેત્રમાં રહ્યાં (છતાં) એનું કારણ હું નહિ. આ..હા..હા...! અંદર સ્વભાવમાં એ શ્રદ્ધા બેસાડવી, બાપુ ! એ સાધારણ વાત નથી. ધારણામાં આવી જાય પણ અંદર શ્રદ્ધામાં બેસાડવું... આહા..હા...! એ સ્વસન્મુખ થયા વિના પરસન્મુખની ક્રિયાનો હું કર્તા અને કારણ નથી એ ન બેસે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાણું ? આહા..હા...!

'**मैं कारण (हुए) बिना भी...**' હવે જુઓ આવ્યું ! શું કહે છે ? '**मैं कारण (हुए) बिना भी वे वास्तव में कारणवान हैं.**' વાસ્તવમાં એ કારણવાન છે. શરીર, વાણી, મન કારણવાન છે, મારા કારણ વિના પણ એના કારણવાન છે. આ..હા..હા...! જીવતા મરી જવાનું છે ! પરથી મર્યા વિના એનું જીવન – સમ્યગ્દર્શન નહિ થાય. આહા..હા...! અને સમ્યગ્દર્શન વિના ભવના અંત નહિ આવે, પ્રભુ ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે કે, એ અચેતનમાં હું કારણ (થયા) વિના. પહેલું એટલું કહ્યું કે, અચેતનનું કારણ અચેતન છે, હું નહિ. હવે '**मैं कारण (हुए) बिना...**' એમ સિદ્ધ કરે છે. મારા કારણ વિના પણ, કારણ વિના પણ. '**वे वास्तव में कारणवान हैं.**' એ પરમાણુ જ કારણવાન છે. આ..હા..હા...! પોતાની પર્યાય થવામાં કારણવાન એ પરમાણુ છે. આહા..હા...! આકરું કામ છે.

સલાહ દેવી, આમ કરવું, તેમ કરવું, ભાષા સારી વાપરો, તમારે આધીન ભાષા છે, ભાષા કેમ બોલવી એ તારે આધીન છે. અહીં કહે છે (એ તારે આધીન) નથી. આહા..હા...! ભાષાના પર્યાયનો ક્રમ છે તે કાળે ભાષા થશે એનું કારણ એ ભાષા છે, એનું કારણ તું નથી.

એમ શરીર અવસ્થા જે કાળે આમ થવાની... આ..હા..હા..હા...! એ અવસ્થાનું કારણ તે દ્રવ્ય છે, તે અવસ્થાનું કારણ તું નથી. આહા..હા...! શરીરનું ચાલવું થાય, પડવું થાય... આહા..હા...! વિષય-વાસના વખતે શરીરની ક્રિયા થાય... ઝીણી વાત, પ્રભુ ! એ ક્રિયાનું કારણ એ જડ છે, તું નહિ. આહા..હા...! આહા..હા...! શરીરના અવયવો કઠણ થાય તો કહે છે કે એનું કારણ એ છે, તું નહિ. તને વિકલ્પ આવ્યો કે વિષય લઉં માટે તે ઇન્દ્રિય કઠણ થઈ એમ નથી. અરે..રે...! આવી વાતું ! ભાઈ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક' ! આહા..હા...! એમાં નાક ફુલાય... આહા..હા...! એ બધી ક્રિયાઓ પરમાણુની છે, મારા કારણ વિના તે ક્રિયા થાય છે.

નાક ફુલાવો, લ્યો ! શ્વાસ લ્યો, વૈદ્ય નથી કહેતા ? ઊંડેથી શ્વાસ લ્યો, ઊંડેથી ! (શ્વાસ) આમ ચાલે છે કે નહિ ? આમ જોવું હોય (તો જોવે). એ ઊંડેથી શ્વાસ લઈ શકે ? પણ એ ઊંડેથી (લેવાનું) કહે ત્યારે ઊંડેથી આવે છે ને ? આહા..હા...! અરે...! આવો માર્ગ ! જગતની હોંશું ટાળી નાખે. જગતની હોંશું ! આહા..હા...! અંદર ભગવાનની હોંશું કરે. હું તો જ્ઞાયક છું. હું તે વાણી અને શરીરની ક્રિયાનો આધાર નહિ, તેનું કારણ નહિ. આહા..હા...! સરવાળો આ લીધો. એક ક્ષેત્રે છે ખરું ને (એટલે). આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'વે વાસ્તવ મેં કારણવાન હૈં.'** કારણવાન એ ચીજ જ છે. વાણી ને શરીર ને મન કારણસ્વરૂપે (છે). એનું કાર્ય એના કારણથી થાય છે, એ કારણવાન છે. મારે કારણે એમાં – શરીરમાં વાણી નીકળે એમ નથી, ભાઈ ! ધીમો થા... ધી..મો થા...! ભાઈ ! આહા..હા...! એ અજીવના અભિમાન છોડી દે ! આહા..હા...! અજીવની ક્રિયાઓ હું કરવા માગું તેમ થાય એમ છોડી દે ! આ..હા..હા...!

વિષય-વાસના ન કરું એટલે શરીર વિષય ન સેવે તો એ ક્રિયા કરી નહિ (તો એમ માને કે) મેં સેવવાની (ક્રિયા) કરી નહિ. અરે..રે...! ગજબ છે ! આ..હા...! વિષય સેવવાની શરીરથી ક્રિયા મેં ન કરી. તો એ શરીરની ક્રિયા તો એને કારણે ત્યાં થઈ છે. એનું કારણ એ છે, તું કારણ નથી. તારો બ્રહ્મચર્યનો ભાવ આવ્યો માટે એવી શરીરની ક્રિયા ન થઈ (એમ નથી). અરે..રે...! આવી વાતું ! દાખલા આકરા ! સમજાય છે ? આહા..હા...!

આ..હા...! **'ઇસલિયે...'** શા માટે ? શરીર, વાણી, મનનું હું કારણ નહિ. પહેલું કીધું આધાર નહિ પછી કહે કારણ નહિ. મૈં **'ઐસા અચેતન દ્રવ્ય નહીં હૂં. મૈં કારણ (હુએ) બિના ભી વે વાસ્તવ મેં કારણવાન હૈં.'** એ કારણવાન છે. આ..હા..હા..હા...! કર્તા, કર્મ આદિ એનામાં ગુણ છે. એને કારણે એ પર્યાય એનામાં કારણ છે એનાથી થાય છે. આહા..હા...! કરણ નામનો ગુણ છે ને ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. (હું તેનો) આધાર નહિ, એનામાં આધાર નામનો ગુણ છે (માટે) એને કારણે છે. તેમ તેનું કારણ નહિ, કરણ નહિ. હું કરણ નહિ, એનામાં કરણ, કારણ છે. એ કારણવાન જ છે. ભાઈ ! થોડી વાત પણ સત્ય હોવી જોઈએ. મોટી લાંબી લાંબી વાતું કરે એમાં સત્યની ગંધ ન આવે... આહા..હા...! એ ધર્મકથા શું કામની ? ભાઈ ! આહા..હા...!

**'ઇસલિયે ઉનકે કારણપને કા પક્ષપાત...'** જુઓ ! શરીર, વાણી કેમ થાય એનું હું કારણ નથી. માટે **'કારણપને કા પક્ષપાત છોડકર...'** આહા..હા...! **'યહ મૈં અત્યન્ત મધ્યસ્થ હૂં.'** **'મધ્યસ્થ હૂં.'** જેમ હો તેમ હો, એને કારણે (હો), મારો કોઈ પક્ષપાત એમાં છે નહિ. આહા..હા...!

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આસો વદ ૩, સોમવાર તા. ૦૮-૧૦-૧૯૭૯
## ગાથા – ૧૬૦
## પ્રવચન નંબર–૧૬૭

'પ્રવચનસાર' ૧૬૦ ગાથા. ત્રીજો બોલ છે ને ? '**વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય...**' ખૂબી શું છે ? કે, શરીર, વાણી, મન આત્માના ક્ષેત્રે છે. છતાં હું કર્તા નથી એમ પહેલું સિદ્ધ ન કરતાં '**હું સ્વતંત્રપણે શરીર, વાણી, મનનું...**' કરનારું એવું અચેતન દ્રવ્ય આમ સિદ્ધ કર્યું. હું કર્તા નથી એમ પહેલું સિદ્ધ નથી (કર્યું). આહા..હા...!

શરીર, વાણી અને મન – એને સમયે એની પર્યાયનો કર્તા એ છે. એ અચેતનદ્રવ્ય જ એનો કર્તા છે એમ પહેલું સિદ્ધ કર્યું. હું કર્તા નથી એમ સિદ્ધ ન કરતાં... આહા..હા...! આત્માના ક્ષેત્રે રહેલી ચીજ – શરીર, વાણી, મન. બીજી ચીજ પૈસા–લક્ષ્મી, મકાન એ ધૂળ તો ક્યાંય બહાર રહી. આહા..હા...! કહો, આ હીરા, માણેકનું કંઈ કરતો નથી એમ કહે છે.

પ્રશ્ન :– જ્ઞાનમાં પત્તો ન હોય ને ?

સમાધાન :– અહીં નહિ, બધે ઠેકાણે હોય ને ! સિદ્ધાંત તો બધે ક્ષેત્રે, કાળે લાગુ પડે ને !

અહીં તો બીજું કહેવું છે, શૈલી એવી લીધી છે, પહેલી (શૈલી) એવી લીધી છે, પહેલી (વાત) એમ લીધી કે, શરીર, વાણી, મનના સ્વરૂપના આધારભૂત અચેતનદ્રવ્ય એમ લીધું. હું આધાર નથી એમ નહિ. પહેલું તો અચેતનદ્રવ્ય આધાર છે. આહા..હા...! શું કહ્યું, પ્રભુ સમજાય છે ?

આ શરીર, વાણી (અને) મન(ના) પરમાણુ અહીં છે. એનું આધારપણું અચેતનદ્રવ્ય છે. હું આધાર નથી એમ પહેલું ન લીધું. એ અચેતનદ્રવ્ય... આહા..હા...! છેલ્લું લીધું ને ? (તેઓ) '**પોતાના સ્વરૂપને ધારે છે.**' ધારણામાં. પહેલો બોલ. એ સ્વરૂપને ધારે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...! શરીર, વાણી ને મનના પરમાણુ એના સ્વરૂપને આધાર કરીને ધારે છે. તેથી હું તેનો ધારનાર નથી. આહા..હા...! સમજાય છે આમાં કાંઈ ? ઈ અચેતનદ્રવ્ય આધાર છે. આ..હા..હા..હા...! મારા પ્રદેશે શરીર, વાણી, મન રહ્યાં છે એ પહેલું નહિ કહેતાં એ શરીર, વાણી, મનના રજકણો તેને આધારે તે અચેતનદ્રવ્ય રહ્યું છે. એ પોતાના સ્વરૂપને આધારે ધારે છે. તેથી (મને) તેનો પક્ષપાત નથી કે હું આધાર છું એમ નથી. આ..હા..હા...! બહુ ઝીણું, બાપુ ! આ..હા...! ભાઈ ! સમજાય છે ?

આ શરીર, વાણી, મન માટી છે ને ? પુદ્‌ગલ. આ વાણી માટી છે. એની વર્ગણા આત્માના પ્રદેશે રહ્યાં છે અને મન પણ અહીં આત્માના પ્રદેશે રહ્યું છે. અનંત પરમાણુનો પિંડ અહીં (રહ્યો છે). કહે છે કે, એ સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય (છે). પહેલેથી લીધું. એનો આધાર એ છે. અચેતનદ્રવ્ય (છે), એવું અચેતનદ્રવ્ય (છે). આહા..હા...! હું નથી. એનો આધાર અચેતનદ્રવ્ય છે. આહા..હા...! હું નથી. એક વાત.

શરીર, વાણી, મનનું કારણ અચેતનદ્રવ્ય છે. આહા..હા...! છે ? કારણ એવું અચેતનદ્રવ્ય (કીધું) એ પછી કીધું કે હું (કર્તા) નથી. ઝીણી વાત છે, ભાઈ ! શરીર, વાણી અને જગતના આ જડ પરમાણુ છે, વસ્તુ છે એનું કારણ એ અચેતનદ્રવ્ય છે. હું નથી (એ) પછી લીધું. આહા..હા...! આકરું કામ ! આ તો આખો 'દી અમે કરીએ, શરીરનું કરીએ, ભાષા બોલીએ. અહીં તો એક ક્ષેત્રે રહેલાની વાત છે. ક્ષેત્ર બહાર રહેલાં સ્ત્રી, કુટુંબ-પરિવાર, લક્ષ્મી, મકાન એની અહીં વાત જ નથી. એ તો એને આધારે રહ્યાં છે અને એને કારણે થાય છે. આ..હા..હા..હા...!

મુમુક્ષુ :– આ તો બાવો થાવું પડે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાવો જ છે. આહા..હા...!

ભગવાન તારું દ્રવ્ય તો વિશ્વથી ભિન્ન છે ને ! વિશ્વ નામ પરમાણુથી માંડીને મોટો અચેતન સ્કંધ, જીવો અને રાગ આદિ... આહા..હા...! એ બધું વિશ્વ છે. એનાથી તારું સ્વરૂપ તો ભિન્ન છે. પહેલું એમ ન લેતાં એ શરીર, વાણી, મન જે ક્ષેત્રે – પ્રદેશમાં રહ્યાં છે તેનું કારણ એ દ્રવ્ય છે. તેનું કારણ એ દ્રવ્ય છે. આહા..હા...! હું નથી. પછી હું નથી એમ કહ્યું. છે ?

'**હું શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય...**' (નથી). એમ સિદ્ધ કર્યું. આ..હા..હા...! વીતરાગ જિનેશ્વરનું તત્ત્વ બહુ સૂક્ષ્મ, ભાઈ ! આહા..હા...! પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ એનું કહેલું તત્ત્વ બહુ સૂક્ષ્મ છે. આ..હા..હા...!

કહે છે કે, બીજો બોલ : '**હું..**' એટલું. '**શરીર, વાણી અને મનનું કારણ એવું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અચેતનદ્રવ્ય...**' એમ. 'હું' એક કોર રાખ્યું. પછી '**શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય...**' એમ સિદ્ધ કર્યું. એ હું નથી. એટલે કે એ અચેતનદ્રવ્ય તેને કારણે તે (રૂપે) થાય છે. આહા..હા...! આવું ઝીણું ! તમારે તો આખો 'દી ધમાલ ચાલે. હીરા, માણેકને ઘસવાના ૨૦-૨૫ માણસો (હોય). એક એકને પાંચસો-સાતસો રૂપિયાની મહિને પેદાશ. એવા ૨૦-૨૫ (માણસો) ! એના ઈ શેઠિયા કહેવાય. આહા..હા...!

આહા..હા...! અહીં તો પ્રભુ ! તારી પ્રભુતા તારામાં રહી છે. અને આ શરીર, વાણી, મન એક ક્ષેત્રે રહ્યાં... આહા..હા...! છતાં તે અચેતનનું કારણ તે દ્રવ્ય છે. આ શરીર, વાણીનું કારણ તે દ્રવ્ય છે. હું નથી એમ પછી કહ્યું. આહા..હા...! બહુ ઝીણું ! આવો માર્ગ છે. આહા..હા...! એ આપણે આવી ગયું છે.

હવે અહીં કર્તા (લે છે). ત્રીજો બોલ છે. '**હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (કરનારું, કર્તા)...**' ભાષા ઈ છે. શરીર, વાણી, મનનું કરનારું એ દ્રવ્ય છે. આહા..હા...! શરીર, વાણી, મનની પર્યાયનું કરનારું એ દ્રવ્ય છે એમ સિદ્ધ કરી અને પછી કહ્યું, હું (કરનારો) નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ફેર ક્યાં પાડ્યો ?

પહેલું એ સિદ્ધ કર્યું કે, શરીર, વાણી, મનના પરમાણુઓ સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. તે હું નથી, તેમાં હું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા તો સાદી છે પણ ભાવ તો બહુ (ગંભીર છે). ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરની વાણી છે, બાપુ ! આહા..હા...!

કહે છે કે, એ શરીર, વાણી, મન સ્વતંત્રપણે થાય છે. એ શરીર, વાણી, મનનું કર્તા સ્વતંત્રપણે કર્તા (થઈને) તેનું કાર્ય થાય છે. આહા..હા...! શરીરની ચેષ્ટા થવી... આહા..હા...! મારી પ્રેરણા છે માટે શરીરની ચેષ્ટા થાય, ઈ શરીરની ચેષ્ટાનો સ્વતંત્રપણે કર્તા તે શરીર છે. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? આ જ્ઞેય અધિકાર છે અને તે સમ્યગ્દર્શનનો અધિકાર છે. આહા..હા...!

શરીર, વાણી અને મન. છાતીમાં અનંત પરમાણુનું (બનેલું મન છે). એનું સ્વતંત્રપણે કર્તા તે અચેતનદ્રવ્ય છે એમ પહેલું સિદ્ધ કરી (તેનો) કર્તા (તે) સ્વતંત્રપણે છે, હું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ છે, પ્રભુ ! આ..હા..હા...! એક એક દ્રવ્યને તે તે કાળે તે તે પર્યાયનો સ્વતંત્ર કર્તા (સિદ્ધ કર્યો છે) ! આ..હા..હા..હા...! આત્માએ પ્રેરણા કરી અને ઇચ્છા થઈ માટે શરીર ચાલ્યું, ઇચ્છા થઈ માટે ભાષા બોલાઈ (એમ નથી). આહા..હા...!

મુમુક્ષુ :– ડૉક્ટરનો સાથ થાય ત્યારે તો ઑપરેશન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય ઑપરેશન કરતા નથી. આહા..હા...!

અહીં તો કહે છે, પ્રભુ ! સંતો કહે છે ઈ પ્રભુના આડતિયા છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના આ સંતો આડતિયા એને માલ બતાવે છે, પ્રભુ ! સર્વજ્ઞદેવ આમ કહે છે કે, શરીર, વાણી અને મનના પરમાણુઓ સ્વતંત્રપણે એની પર્યાય કરાય છે, કર્તા થઈને કરાય છે ઈ પહેલું સિદ્ધ કર્યું. આહા..હા...! તેમાં હું નથી. સમજાય છે કાંઈ ? આ..હા...! હું છું તો એ જ્ઞાયકભાવમાં છું. હું છું તે જ્ઞાયકભાવમાં છું. એ શરીર, વાણી, મનના કારણપણે – કર્તાપણે સ્વતંત્રપણે થાય તેમાં હું નથી. આહા..હા...! શું શૈલી ! 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની ગજબ શૈલી ! દિગંબર મુનિ ! છે ક્યાંય આવી વાત ?

ઓ..હો..હો...! ઢંઢેરો પીટીને કહે છે કે, એ શરીર, વાણી, મનના પરમાણુઓ સ્વતંત્રપણે મારી અપેક્ષા રાખ્યા વિના, ઇચ્છા અને પ્રેરણાની અપેક્ષા રાખ્યા વિના... આ..હા..હા...! એ શરીર અને વાણીના પરમાણુઓ સ્વતંત્રપણે કરાય છે. સ્વતંત્રપણે કરાય છે ઈ વાત પહેલી સિદ્ધ કરી. તેથી તે હું નથી. આહા..હા...! ભાષા તો સાદી છે. પ્રભુ ! તારી વાત તો અલૌકિક છે ! આ..હા..હા...! આ..હા...! પ્રભુ છે એ તો ! આત્મા તો જ્ઞાયકભાવમાં રહેલો છે. એ શરીર, વાણી, મનના પરમાણુ ભલે એક ક્ષેત્રે હો પણ પોતે તો પોતાના જ્ઞાયકક્ષેત્રમાં રહ્યો છે. આહા..હા...! અને તે એક ક્ષેત્રે રહેલા શરીર, વાણી, મનના રજકણો, ભાષાવર્ગણાના રજકણો, શરીરના, મનના (રજકણો) કહે છે કે, '**સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું અચેતનદ્રવ્ય...**' આમ લીધું. શરીર, વાણી, મનનું કરનારું અચેતનદ્રવ્ય એમ પહેલું કહ્યું. પછી કહ્યું (તે) હું નથી, એમાં હું નથી. આહા..હા...! છે ? આહા..હા...! અવલદોમની વાત છે ! તમારા 'મુંબઈ'ની ઉપાધિનો પાર ન મળે. પૂરી ઉપાધિ ! આ વાત આવી છે ! આ..હા..હા...! ગજબ વાત ! શું એની શૈલી !! ભિન્નપણાની બતાવનારી શૈલી !

કહે છે કે, પ્રભુ ! શરીરના રજકણો, મનના રજકણો, વાણીના રજકણો સ્વતંત્રપણે તે રૂપે કરાય છે એવું એ તો અચેતનદ્રવ્ય છે. એમાં હું નથી અને તે કરાય છે એમાં મારો જરીયે પક્ષપાત નથી કે, મેં આવો વિકલ્પ કર્યો માટે આમ થયું, મારા જ્ઞાનમાં એમ આવ્યું કે આમ બોલવું જોઈએ માટે આમ થયું. એવો મારો શરીર, વાણી, મનના કર્તાપણાના કાર્યમાં જરીયે પક્ષપાત નથી. આહા..હા...! દિગંબર મુનિ સિવાય આવી વાણી ક્યાં છે ? આહા..હા...!

પેલો ભગવાન 'રજનીશ' ! કાલે બધા મોટા આવ્યા છે. આ..હા...! અરે... પ્રભુ ! આ વાત જુદી, પ્રભુ ! આહા..હા...! એ તો (એમ) કહે (છે) કે, ભોગાનંદમાં જોગાનંદ છે. અરે... પ્રભુ ! સાંભળને પ્રભુ ! તારા પ્રદેશે જે શરીરનો ભોગ થાય છે... આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સ્વતંત્રપણે શરીરના પરમાણુ તેનો કર્તા છે, તું નહિ. આ..હા..હા...!

પહેલો આધાર સિદ્ધ કર્યો હતો કે, શરીર, મન અને વાણી (એના) ક્ષેત્રમાં છે ને એટલે આધાર સિદ્ધ કર્યો હતો. આધાર પહેલો કેમ સિદ્ધ કર્યો ? કારણ કે (એના) ક્ષેત્રમાં છે ને (એટલે). બીજી (ચીજો) પૈસા-લક્ષ્મી, બાયડી, કુટુંબ, મકાન તો બહાર છે. પણ આ ક્ષેત્રમાં છે ને એટલે પહેલો આધાર સિદ્ધ કર્યો. આ..હા..હા..હા...! એ શરીર, વાણી અને મનનો આધાર એ અચેતનદ્રવ્ય છે. એમ કહીને પછી કહ્યું કે, હું નથી. અચેતનદ્રવ્ય (તેનો આધાર) છે, હું નથી. આહા..હા...! અરે...! આવી વાત !

પછી કહ્યું કે, શરીર, વાણી અને મન... આહા..હા...! એના કારણે ખરેખર એ કારણવાળા છે. શરીર, મન અને વાણી કારણવાળા છે. આહા..હા...! તેથી શરીર અને મન કારણવાળા હોવાથી તેનું કારણ તે અચેતનદ્રવ્ય છે. 'છે' એમ પહેલી અસ્તિ સિદ્ધ કરી. તે હું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? હવે આવો ઉપદેશ ! વીતરાગમાર્ગ જિનેશ્વર-માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહા..હા...!

અત્યારે તો બધી ગડબડ ચાલી છે. પરદ્રવ્યને મેળવી શકાય, (એમ) ન માને તો મિથ્યાત્વી છે એમ કહ્યું ! પ્રભુ... પ્રભુ...! ભાઈ ! પ્રભુ ! તારી પ્રભુતાને કલંક લાગે છે. ભાઈ ! તને દુઃખ થાય છે. આહા..હા...! પરદ્રવ્ય મેળવી શકાય ? પરદ્રવ્ય એના આધારે રહેલાં એને કારણે કારણવાળા એને તું કારણ આપ તો તારી પાસે આવે... આહા..હા...! એમ નથી. સમજાય એટલું સમજવું પ્રભુ ! વીતરાગ પરમેશ્વર એમાં પણ જૈન પરમેશ્વર...! સંતો... દિગંબર સંતો(એ) તો ગજબ કામ કર્યા છે !! આહા..હા...! કેવળીના વિરહ ભુલાવ્યા છે એવી આ વાત મૂકી છે ! આહા..હા...! એના ખ્યાલમાં આવી જાય, બેસી જાય એવી વાત છે. આહા..હા...! કહો, ભાઈ ! આવી વાત છે !

મારી કોઈ અપેક્ષા (નથી) એ હું પહેલા નથી કહેતો. એ શરીર, વાણી, મનના પરમાણુ સ્વતંત્રપણે કારક એવું જે અચેતનદ્રવ્ય. શરીર, વાણી, મનના કરનારા એવા અચેતનદ્રવ્ય. આહા..હા...! (તેની) પર્યાયના કરનારા અચેતનદ્રવ્ય. આ..હા...! પાગલ લાગે પાગલ ! બોલે અને કહે કે, આ મારાથી થાય નહિ ! કોણ બોલે ? પ્રભુ ! બોલે ઈ બીજો, ઈ આત્મા નહિ. આહા..હા...!

આહા..હા...! ભગવાનના પેટ ખોલ્યા છે ! આ..હા...! કહે છે કે, સ્વતંત્રપણે એ રજકણો કર્તા છે ને ? સ્વતંત્રપણે એટલે કર્તા. આહા..હા...! એટલે મારી કોઈ ઇચ્છા અને જ્ઞાનની કોઈ અપેક્ષા રાખીને શરીર અને મનના પરમાણુ પરિણમે છે એમ નથી. આહા..હા...! એ શરીર, મન અને વાણી ભલે તારા પ્રદેશમાં રહ્યાં, તારા પ્રદેશની ક્રિયા અને એની ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(જુદી જુદી છે). (એની ક્રિયા) એ સ્વતંત્રપણે અચેતનદ્રવ્ય કર્તા થઈને કરે છે. આહા..હા...! સમજાય છે ? વાત છે થોડી પણ વાત છે ગંભીર ! આહા..હા...! અત્યારે તો દેશસેવા કરો (એવું ચાલે છે).

પ્રશ્ન :– આત્માના દેશની સેવા કે બહારના દેશની સેવા ?

સમાધાન :– બહારની (સેવા). જ્યાં રહ્યો છે ત્યાં નજર જાય તો એ તો પરમાં છે નહિ. એ પરમાં છે નહિ, પરથી છે નહિ. આહા..હા...! એ તો સવારમાં આવી ગયું. જ્ઞપ્તિક્રિયા સત્ અહેતુક (છે). આહા..હા...! જે આનંદ ને શાંતિ ને જ્ઞાનની ક્રિયા – પરિણમન (થયું) એ સ્વતંત્રપણે કર્તા થઈને કરે એમ પણ ન લીધું. એ પર્યાય સ્વતંત્રપણે થઈને જ્ઞપ્તિક્રિયા થાય છે, ધાર્મિકક્રિયા (થાય છે). ભલે તેનું લક્ષ દ્રવ્ય ઉપર હોય છે. પણ છતાં એ ધાર્મિકક્રિયા સ્વયં જ્ઞપ્તિ સત્ છે અને સત્ હોવાથી અહેતુક છે. એને કોઈ કારણ નથી. આહા..હા...! અહેતુક હોવાથી... આહા..હા...! સત્ અહેતુક જ્ઞપ્તિક્રિયા ! આહા..હા...! જાણનદેખન (ભાવ અને) શ્રદ્ધા એવી જે પરિણમનની ક્રિયા સ્વલક્ષે ભલે હો પણ પર્યાય – જ્ઞપ્તિક્રિયા સ્વતંત્રપણે પરિણમે છે. આહા..હા...! એનું નામ પરમાત્મા ધર્મ કહે છે. આહા..હા...!

અહીં તો પ્રભુ એમ કહે છે, આ..હા..હા...! કે, પ્રભુ ! તારા પ્રદેશમાં રહેલા – ક્ષેત્રમાં રહેલા,... આ બધા બહારના બાયડી, છોકરા, કુટુંબ એની તો વાત શું કરવી એ તો એના સ્વતંત્રપણે કર્તા, સ્વતંત્રપણે આધાર અને સ્વતંત્રપણે ઈ કારણપણે છે. એ બધા દ્રવ્યો તેના કારણપણે છે, તારું કારણ એમાં બિલકુલ છે નહિ. આહા..હા...! પણ તારા પ્રદેશમાં રહેલા, અસંખ્ય પ્રદેશ ! આ..હા..હા...! એમાં પરમાણુના અનંત રજકણ, ભાષાવર્ગણાના અનંત રજકણ, અનંત રજકણ મનના – અહીં છાતીમાં મન છે, એ અનંત રજકણો તારા પ્રદેશ અને ક્ષેત્રે રહ્યા છે એમ નથી. ઈ તો એને આધારે રહેલાં છે, એને આધારે રહ્યાં છે. આહા..હા...! તેમાં હું આધાર નથી. આહા..હા...!

એ શરીર, વાણી અને મન કારણવાળા દ્રવ્ય છે. એને કારણે તે અચેતનદ્રવ્ય ત્યાં પરિણમે છે, કારણવાળા હોવાથી પરિણમે છે એમાં હું નથી. આહા..હા...! એ..ઈ...! કોઈ 'દી સાંભળ્યું નથી એવી વાતું છે આ ! આહા..હા...! વીતરાગ પરમેશ્વર... આ..હા..હા...!

આ હાથ આમ આમ થાય છે, કહે છે કે, ઈ શરીરના પરમાણુ સ્વતંત્રપણે એ રીતે પરિણમીને કરાય છે. એમાં હું નથી, એમાં આત્મા નથી. ભાષાપણે જે પરિણમન કરાય છે એ ભાષાવર્ગણાના પરમાણુઓ કર્તા થઈને ભાષારૂપે કાર્ય થાય છે. એ અચેતનદ્રવ્યનું કાર્ય અચેતનથી થાય છે. હું (કર્તા) નથી. આહા..હા...! આવી વાતું હવે ઝીણી લાગે ! (પણ) શું થાય ? પ્રભુ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાને તો અનંત દ્રવ્ય કહ્યાં છે ને ? તો અનંત દ્રવ્ય ક્યારે રહે ? કે, પોતપોતાના ક્ષેત્રે પોતપોતાના સ્વતંત્ર કર્તાપણાના કાર્ય કરે તો અનંત દ્રવ્ય ભિન્ન ભિન્ન રહે પણ બીજાની અપેક્ષા રહે તો ભિન્નપણું રહે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

'**હું..**' એટલું. હું (એટલે) એક જ્ઞાયકભાવ. '**સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું અચેતનદ્રવ્ય...**' એનું કરનારું અચેતનદ્રવ્ય એમ સિદ્ધ કર્યું. તે પછી કહ્યું કે, હું (તેનો કર્તા) નથી. આહા..હા...! અસ્તિ-નાસ્તિ કરી. એનું કરનારું એ, એમાં હું નથી. આ..હા..હા...! શું ટીકા ! આહા..હા...! ત્રણ ખંડમાં અત્યારે આવી ટીકા (નથી). માર્ગને આમ ખુલ્લો – પ્રગટ કરી નાખ્યો (છે). આહા..હા...!

કહે છે કે, તે તે સમયની શરીર, વાણી, મનની તને ભિન્ન ભિન્ન પરિણતિ દેખાય તેથી તને એમ થાય કે, ભિન્ન ભિન્ન છે માટે મારો એમાં કાંઈક આધાર, કારણ અને કર્તાપણાનો કોઈ અંશ છે એમ તને લાગે તો પ્રભુ ! એમ નથી. જ્યારે ભિન્ન ભિન્ન ઇચ્છા થઈ તો શરીર એમ ચાલવા માંડ્યું. માટે તને એમ લાગે કે, શરીર ચાલવામાં ઇચ્છાનું કારણ છે (તો) એમ નથી. એ વખતે શરીરના પરમાણુ સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. ઈ સિદ્ધ કરીને કહ્યું કે, હું એમાં નથી. આહા..હા...! અરે...! આવી વાતું હવે ! અહીં તો હજી પરની દયા પાળો ને... (એવું બધું ચાલે છે). છે ?

'**હું સ્વતંત્રપણે...**' 'કર્તા' શબ્દ છે ને ? કર્તા એને કહીએ કે, જેને સ્વતંત્રપણે કરે. વાણી, મન અને શરીરનું પરિણમન જે સમયે સમયે ભિન્ન ભિન્ન દેખાય... આહા..હા...! એથી એમાં મારો કોઈ અધિકાર છે... આહા..હા...! ખાવા ટાણે આમ આંગળી(થી) રોટલીના કટકા થાય માટે એ ક્રિયાના અધિકારમાં મારો જરી અધિકાર છે એમ નથી. આહા..હા...! સમજાય છે ? આહા..હા...!

તૃષા લાગી હોય અને આમ હાથ ઊંચો કરીને પાણી આમ ગટક... ગટક... (પીવે એમાં) એ હાથની ક્રિયા તારા પ્રદેશમાં હોવા છતાં તે હાથની ક્રિયાનો કર્તા સ્વતંત્રપણે તે પરમાણુ કરે છે. આહા..હા...! એમાં હું નથી, એમાં હું – આત્મા નથી. આ..હા..હા...! ગળે ઉતારવું ભારે કઠણ !

મુમુક્ષુ :– ભેદજ્ઞાન કરે એને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, આ તો ભેદજ્ઞાન (કરે એને ઊતરે). વસ્તુ ભિન્ન છે ને, ભાઈ ! જુદી વસ્તુ (છે તો) તેનું કાર્ય જુદું છે. તે તે સમયે ભિન્ન ભિન્ન લાગે કે, આ ભિન્ન ભિન્ન છે માટે મારા રાગનો અને મારા જ્ઞાનની કોઈ અપેક્ષાથી એમાં પરિણતિ થતી હશે ? કે, ના. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહો, હાથથી આમ ટોપી લઈને પહેરાય (તો) કહે છે કે, એમાં કાંઈક મારી ઇચ્છાની અપેક્ષા હશે અને મારા જ્ઞાનમાં હતું કે આ ટોપી અહીં ઓઢાય એવી કોઈ અપેક્ષા શરીરની ક્રિયા થવામાં હશે ? કે, ના. એ તો સ્વતંત્રપણે અચેતનદ્રવ્ય કરે છે ને ! આહા..હા...! આ..હા..હા..હા...!

બાળક હો કે યુવાન હો, આ બધાને સમજવાની વાત છે, પ્રભુ ! આત્મા બાળક નથી, યુવાન નથી, વૃદ્ધ નથી. આત્મા શરીર ને વાણી ને મન નથી પછી પ્રશ્ન (ક્યાં રહ્યો) ? આહા..હા...! શરીર, વાણી અને મનના રજકણોનું તે તે સમયે સ્વતંત્રપણે ક્રમબદ્ધમાં કરવું થાય છે. આહા..હા...! પરમાણુનો તે તે પર્યાય તે પ્રકારે સ્વતંત્રપણે થાય એ અચેતનથી થાય છે, એનાથી થાય છે. હું (કરનારો) નહિ. આહા..હા...! આવું (ગળે) ઊતરવું...!

અકર્તાપણાની વીતરાગની દૃષ્ટિ કોઈ અલૌકિક છે ! આ..હા..હા..હા...! કોઈ દ્રવ્યનો કોઈ ઈશ્વરાદિ કર્તા તો નથી પણ તારે ક્ષેત્રે રહેલા પરમાણુનું પરિણમન છે (તે), તે સમયે તે પ્રકારના પરિણમનનો કર્તા (તે) સ્વતંત્ર દ્રવ્ય (છે), એ તારે લઈને નથી, તું એનો કર્તા નથી. આહા..હા...! અકર્તાપણાની પરાકાષ્ઠા !

પછી, (એવું) '**અચેતનદ્રવ્ય નથી;...**' '**શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું અચેતનદ્રવ્ય...**' બસ એટલું. કરનારું એવું અચેતનદ્રવ્ય તે હું નથી. પહેલા હું નથી એમ છે. આહા..હા...! આ..હા..હા..હા...! '**હું કર્તા વિના પણ...**' જુઓ ! હવે સિદ્ધાંત (બતાવે છે). '**તેઓ ખરેખર કરાય છે.**' '**તેઓ ખરેખર કરાય છે.**' આ સિદ્ધાંત છે. પેલામાં એમ હતું (કે) પોતાના સ્વરૂપને ધારે છે. પેલામાં એમ હતું કે, તેઓ ખરેખર કારણવાળા છે. અહીં કહે છે કે, તેઓ ખરેખર કરાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? (આ તો) સમજાય એવું છે. આ..હા..હા...! અને સમજાય છે એને સમજાવે છે ને ? આ કાંઈ જડને નથી કહેતા. પ્રભુ ! તું જ્ઞાનસ્વરૂપ છો ને ! તને કહીએ છીએ.

તું તારામાં છો, તે સમયે બીજાની જે ભિન્ન ભિન્ન ક્રિયા થાય (એમાં) તને (એમ) લાગે કે, મૌન હતું ને વાણી થઈ. અરે...! કાંઈક મારી પ્રેરણા અને મારી અપેક્ષા વાણીમાં છે એમ માનીશ નહિ. આહા..હા...!

'**તેઓ...**' તેઓ એટલે શરીર, વાણી અને મનના રજકણો ખરેખર સ્વતંત્રપણે કર્તા થઈને '**કરાય છે.**' કરાય છે તેમાં તારો શું અધિકાર ? આહા..હા...! જે કરાય છે એમાં તારો શું અધિકાર, પક્ષપાત ? (તને એમ લાગે કે), ના, ના, આમાં કંઈક કંઈક ફેર હતો, આવી જ વાણી કેમ નીકળી ? આહા..હા...! કે, એવી (વાણી) નીકળવાનો એનો સ્વતંત્રપણે તે કાર્યનો એ કર્તા છે. તેથી '**તેઓ ખરેખર કરાય છે.**' વાણીનો વાણી કર્તા હોવાથી, અચેતનદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી તેનાથી તે કરાય છે. આહા..હા...! થોડું પણ સત્ય હોવું જોઈએ, પ્રભુ ! મોટી વાતું કરે અને એમાં સત્યનો અંશ ન આવે તો થઈ રહ્યું, એ શું ચીજ છે ? ભાઈ ! આ..હા..હા...! કહો, ભાઈ ! આ તો પહેલે ધડાકે તમારે આવું આવ્યું ! વસ્તુ આવી છે. આહા..હા...!

ખાવા વખતે એવી જ ઇચ્છા થાય કે, આ રોટલીના કટકા કરું અને મૂકું અને એમાં કાંકરી આવી ગઈ હોય તો થૂ.. કરું એવી જ ઇચ્છા થાય, તો એ પ્રમાણે ત્યાં થાય છે. આહા..હા...! એ સ્વતંત્રપણે તે પરમાણુની પર્યાય તે પ્રકારે તેનાથી થાય છે. એમાં મારો કોઈ અધિકાર, પક્ષપાત છે નહિ. આહા..હા...! અધિકાર નથી. આ..હા...! વાહ, પ્રભુ ! વાહ ! આહા..હા...!

પર્યાયમાં પ્રભુ પોતે સ્વતંત્રપણે જાણવાની-દેખવાની ક્રિયા કરે એનો કર્તા અને કારણ તે હું (છું). પણ શરીર, વાણી અને મનની ભિન્ન ભિન્ન ક્રિયામાં કંઈક કંઈક આત્માની અપેક્ષા છે એમ બિલકુલ છે નહિ. આહા..હા...! તો પછી આ (દીકરાને) સાચવવો અને દુકાને જવું એ (બધું) ક્યાં ગયું ? આવી વાતું છે, ભગવાન ! આહા..હા...! દુનિયાથી જુદી છે, પ્રભુ ! આ..હા..હા...! આ કાંઈ ઉતાવળે પકડાય એવું નથી. અંદરમાં ધીરજ જોઈએ. શાંતિ (જોઈએ), જરી સ્વલક્ષમાં આવે એટલે આ વાત બેસે. આહા..હા...!

'**હું કર્તા વિના પણ...**' જોયું ? કરાય છે (એમ કહ્યું) પછી હું કર્તા વિના પણ (એમ કહ્યું). આહા..હા...! શરીર, વાણી, મનની પર્યાય એને કારણે તે તે કાળે ક્રમબદ્ધમાં તે પ્રકારે થાય છે તો '**હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે.**' કહો, ભાઈ ! આહા..હા...! આવું છે. વીતરાગ ત્રિલોકનાથનો પોકાર (આ છે). ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા. આ..હા..હા...! પરમાત્મા બિરાજે છે, ભગવાન ! મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. તે આ વાત કરતા હતા તે 'કુંદકુંદાચાર્યદેવ' લાવ્યા. આ..હા..હા..હા...!

મુમુક્ષુ :– આપ લાવ્યા અને અમે સાંભળીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! બહુ સરસ મીઠી વાત છે, પ્રભુ ! ભાગ્યશાળી, બાપા ! અરે...! આવી પરમ સત્યની વાત (સાંભળવા મળી). 'ભવી ભાવક ભાગનજોગ' આવે છે ને ? ઓ..હો...! પરમ સત્ય !

'**તેઓ ખરેખર કરાય છે.**' હું કર્તા વિના પણ, મારી અપેક્ષા વિના પણ... આહા..હા...! મારી તેમાં હાજરી હોયા વિના પણ... આહા..હા...! શરીર, વાણી, મનની પર્યાય ક્ષણે ક્ષણે કરાય છે ને ? '**માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી...**' છે ? આહા..હા...! કર્તાપણાનો પક્ષપાત છોડી... ભાઈ ! આ બધું કરે છે ને ? આ..હા...! પ્રમુખ થઈને નથી કરતા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્યાં પ્રમુખ છે એમ (લોકો) કહે છે. આહા..હા...! ભારે આકરું કામ ! આહા..હા...!

આ ઉપદેશ કરે છે કે નહિ ? પ્રભુ ! સાંભળ ! આહા..હા...! અરે... પ્રભુ ! કરાય છે તેમાં તારે કર્તા થાવું છે ? આ સિદ્ધાંત છે. કરાય છે તેમાં તારે કર્તા થાવું છે ? આહા..હા...! આવી વાતો ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે !! આહા..હા...!

'**માટે તેમના કર્તાપણાનો...**' સ્વતંત્રપણે શરીર, વાણી, મનના પરમાણુ પરિણમે છે. કર્તા થઈને સ્વતંત્રપણે જેને પરની કોઈ અપેક્ષા નથી તેથી '**તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.**' આહા..હા...! અત્યંત મધ્યસ્થ છું. જાણનાર-દેખનાર કહે છે તોપણ એ વ્યવહાર મધ્યસ્થ (છે). આહા..હા...! આ..હા..હા...! એ કર્તાની વ્યાખ્યા (થઈ).

હવે, કરાવવું. યોજક... યોજક – પ્રયોજક. કર્તા ભલે એ, પણ હું કરાવનાર છું. યોજના કરી, પ્રયોજના – યોજના શોધી અને શરીર, વાણી, મનનું મારે આવું કરવું છે, એમ હું એની યોજનાથી કરાવનાર છું એમ નથી. આહા..હા...! ભાઈ ! આવી વાત છે, બાપા ! ભાગ્યશાળી ! બાપા ! આ ક્યાં હતું ક્યાંય ? કણબીમાંથી આવ્યા છે. આહા..હા...! અરે...! આવી (વાત) ક્યાં (છે) ? બાપા ! આ તો પરમ અમૃત સત્ય છે !! આહા..હા...!

'**વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું જે અચેતનદ્રવ્ય...**' પહેલું આ (સિદ્ધ કર્યું). શરીર, વાણી અને મનનું કરનારું અચેતનદ્રવ્ય (છે). આહા..હા...! કરનારું તો એ છે. '**તેનો પ્રયોજક નથી.**' એની યોજના કરીને હું કરનારો નથી. આહા..હા...! વ્યવસ્થા કરું છું.

મુમુક્ષુ :– મકાન-બકાનના નકશા તો કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નકશા કરે ઈ (આ ભાઈને) ખબર પડે. એની તો અહીં વાત છે જ નહિ. નકશાની અને બહારની વાત તો (છે જ નહિ). આહા..હા...!

અહીં તો આત્મપ્રદેશે રહેલાં જડ પરમાણુઓની અવસ્થાની વાત પ્રભુ ફરમાવે છે. આ..હા..હા...! તને એમ લાગતું હોય કે, મારી અંદર હયાતી છે માટે આની – શરીર, વાણી, મનની હયાતી છે એમ નથી પ્રભુ ! અને હું કારણપણે છું માટે તે શરીર, વાણી, મનની પર્યાય થાય છે એમ નથી. એ કારણપણા સહિત જ છે. કારણપણા સહિત છે તેને બીજું કારણ છે ઈ કારણ છે જ નહિ. આહા..હા...! ગજબ વાત છે !

મુમુક્ષુ :– બે કારણ હોય તો કાર્ય થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બે કારણની અહીં વાત જ નથી. આહા..હા...! એ..ઈ...! પેલા બે કારણ કહે (છે) ને ?

અહીં તો કારણપણે કીધું ને ? તે ખરેખર... આહા..હા...! કારણવાળા છે ને ? પ્રભુ !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર, વાણી અને મન(ના) એ પરમાણુ કારણવાળા છે ને ? કારણવાળા છે એને તું કારણ શી રીતે થઈ શકીશ ? આહા..હા...! આવી વાતું છે.

આ તો જેને આત્માની ગરજ હોય, ભવભ્રમણથી ડરતો હોય... આ..હા...! એને માટે આ વાત છે. હજી તો પહેલી દર્શનશુદ્ધિની વાત છે. ચારિત્ર તો બાપુ ! એ ચારિત્ર ક્યાં રહ્યા ? ઓ..હો..હો...! એ તો કોઈ અલૌકિક વાતું છે ! આહા..હા...! અહીંયાં તો હજી દર્શનશુદ્ધિની વાત છે અથવા તો સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતની વાત છે. આહા..હા...!

દર્શનશુદ્ધિ (થઈ છે એવો) સમકિતી જીવ પોતાના જ્ઞાનમાં શરીર, વાણી, મનનો આધાર (હું છું) એમ માનતો નથી. એને એનો આધાર છે (એમ માને છે). એનું કારણ હું છું એમ માનતો નથી. કારણ કે એ બધાં દ્રવ્યો કારણવાળા છે. હું કર્તા નથી. કેમકે એ કર્તાવાળા છે. છે ને ? આ..હા...! '**ખરેખર કરાય છે.**' એમ આવ્યું ને ? એ કરાય છે. આહા..હા...! કરાય છે એમાં તારે કરવું છે ? પ્રભુ ! આહા..હા...!

અહીંયાં પ્રયોજક (કહે છે). ભલે કરાય છે એનાથી પણ હું યોજના કરનાર, કરાવનાર છું. યોજક છું, પ્રયોજક છું. પ્રયોજક છે ને ? પ્ર = વિશેષે યોજક. આ વાણી, મનનું આમ થવું જોઈએ. કર્તા ભલે ઈ (હોય) પણ કરાવનાર હું ! આહા..હા...!

આવી વાણી ! દિગંબર સંત સિવાય ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ આ વસ્તુ નથી. આહા..હા...! અન્ય મતમાં તો છે જ નહિ, પણ શ્વેતાંબર, સ્થાનકવાસી અને દેરાવાસી(માં) પણ આ વાત નથી, પ્રભુ ! કારણ કે બધા શાસ્ત્ર કલ્પિત કર્યા છે. પ્રભુ ! આકરું લાગશે, દુઃખ લાગશે. દુઃખ લાગશે, પ્રભુ ! તને દુઃખ લાગે નહિ. તને ભ્રમણા છોડવા માટેની વાતું માટે આ વાત છે, ભાઈ ! 'ગોમ્મટસાર'માં સંશય મિથ્યાદૃષ્ટિ કહ્યાં છે ને ? અને આમાં – 'દ્રવ્યસંગ્રહ'માં પણ કહ્યાં છે. સંશય (એટલે) આમ હશે કે આમ હશે ? શ્વેતાંબરને સંશય મિથ્યાદૃષ્ટિમાં નાખ્યા છે. આકરી વાત છે. આહા..હા...! મોટો પંથ અને એને મિથ્યાદૃષ્ટિ ઠરાવવો ! આકરું કામ, ભાઈ ! એ (દિગંબર સંતો) તો સ્વતંત્ર ચીજને બતાવનારા છે.

અહીં તો કહે છે... આહા..હા...! શરીર, વાણી, મનના પરમાણુઓ સ્વતંત્રપણે તે કરનારા – કર્તા થાય એવું જે અચેતનદ્રવ્ય, કર્તા થાય એવું જે અચેતનદ્રવ્ય. એટલે આમ સિદ્ધ કરે છે. '**તેનો પ્રયોજક નથી.**' હું તેનો યોજનારો નથી. આ..હા..હા..હા...! શાસ્ત્રની આમ યોજના કરવી, મકાનની આમ યોજના કરવી, એ તો બહારની (વાત) રહી પણ શરીર, વાણી, મનની યોજના આમ રાખવી... આહા..હા...! કર્તા નથી પણ કરાવનાર છું એમ પણ નથી. આહા..હા...!

'**હું..**' એટલું '**સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું, કર્તા) એવું જે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અચેતનદ્રવ્ય...**' એમ પહેલું સિદ્ધ કર્યું. એ સમયે વાણી, મન, શરીરનું પર્યાયરૂપી કાર્ય થાય છે. થાય છે એમ તો સિદ્ધ કર્યું. પણ તેનો પ્રયોજક હું છું એમ નથી. પ્ર = વિશેષે યોજક = યોજના કરનારો. આ..હા..હા..હા...! વાણી આમ થવી જોઈએ ને શરીરને આમ રહેવું જોઈએ. આહા..હા...! એનો હું કર્તા તો નથી પણ કરાવનાર પણ નથી. આહા..હા...! આવું છે.

ભાઈએ કીધું ને ? બાવો થાય (ત્યારે આ સમજાય). બાવો જ છે, ભાઈ ! તારું તત્ત્વ જગતથી ભિન્ન છે, વિશ્વથી ભિન્ન છે. ઈ પહેલું કહ્યું હવે અહીં શરીર, મન, વાણી(ના) નજીકના પરમાણુની પણ સ્વતંત્રપણે તે પર્યાય થાય તેનું કરનારું તે અચેતનદ્રવ્ય (છે એમ કહે છે). તેનો પ્રયોજક હું (છું) એમ નથી. આમ વાણી થવી જોઈએ ને આમ શરીરનું રહેવું જોઈએ, ચાલતા (વખતે) પગને આમ ઊંચો રાખવો (જેથી) નીચે જીવ આવી ન જાય. આ..હા..હા...! ગજબ વાત છે ! મુનિ ઇર્યાસમિતિએ ચાલે એમ શાસ્ત્રમાં આવે. નીચે કોઈ જીવ હોય તો પગને ઊંચો રાખવો. અહીં કહે છે કે, પગની ક્રિયા તે વખતે કરાય છે તેમાં હું શું કરું ? આહા..હા...! પાણી ઊતરી જાય એવું છે. આહા..હા...!

આ..હા...! '**હું કર્તા–પ્રયોજક વિના પણ...**' હવે (કહે છે) મારી યોજના વિના પણ '**(અર્થાત્ હું તેમના કર્તાનો પ્રયોજક–તેમનો કરાવનાર...)**' પ્રયોજક એટલે કરાવનાર. પહેલું કર્તા હતું. '**(તેમનો કરાવનાર–હોયા વિના પણ)...**' હવે સિદ્ધાંત અહીં છે. '**તેઓ ખરેખર કરાય છે.**' મારી યોજના વિના પણ તે ખરેખર કરાય છે. આહા..હા...! વાણી અને મનના રજકણો... આહા..હા...! મારી યોજના વિના પણ, મારી વ્યવસ્થાના ભાવ વિના પણ એ ત્યાં કરાય છે. આહા..હા...! '**કરાય છે**' એમાં વજન છે. '**તેઓ ખરેખર કરાય છે.**' ત્યાં વજન છે. કરાય છે ને ? આ..હા...!

'**માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો...**' કર્તાના '**(કરાવનારપણાનો) પક્ષપાત છોડી...**' આહા..હા...! ભલે કરે ઈ પણ હું કરાવું ! આહા..હા...! બહારના પદાર્થની વાત તો અહીં કરી નથી. આહા..હા...! એ તો તે સમયે તે સ્વતંત્રપણે કર્તા થઈને ત્યાં કાર્ય થાય છે. પણ તારા પ્રદેશમાં રહેલાં અને પ્રદેશની પ્રેરણા મળે તો ત્યાં વાણી અને શરીરની પર્યાય થાય એમ નથી. આહા..હા...! મારા કર્તા વિના પણ ખરેખર કરાય છે.

'**તેમના કર્તાના પ્રયોજકપણાનો (કરાવનારપણાનો) પક્ષપાત છોડી...**' આવી જ વાણી નીકળવી જોઈએ. કર્તા ભલે ઈ (થાય) પણ શરીરને આમ જ ચાલવું જોઈએ. આહા..હા...! એક કોર પ્રભુ એમ કહે કે, ઇર્યા સમિતિ(માં) નીચે જોતાં જીવાત (ન આવી જાય માટે) પગને ઊંચો કરવો. ઈ બધાં ચરણાનુયોગના કથન (છે). આહા..હા...! કહે છે, ઈ પગ ઊંચો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય એવું જે કાર્ય છે ઈ એનાથી કરાય છે એમાં (હું) યોજક નથી. આવો વિકલ્પ આવ્યો કે આને આમ ઊંચો (કરું) માટે થયું છે એમ નથી. આવી વાત ! એ..ઈ...! આવે છે કે નહિ ? '**પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.**'

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## આસો વદ ૪, મંગળવાર તા. ૦૯-૧૦-૧૯૭૯
## ગાથા – ૧૬૦, ૧૬૧
## પ્રવચન નંબર–૧૬૮

'પ્રવચનસાર' ૧૬૦ ગાથા. છેલ્લો બોલ. એમ કહે છે કે, પ્રભુ ! તું આત્મા જ્ઞાયક છો ને ! તારું અસ્તિત્વ તારામાં છે. તારું અસ્તિત્વ શરીર, વાણી, મનમાં નથી. આહા..હા...! ભલે તારા આત્મપ્રદેશે શરીર, વાણી, મનના પરમાણુ હો પણ એનું હોવાપણું તારે લઈને નથી. આ..હા...! શરીર, વાણી, મન આત્માના પ્રદેશે રહ્યાં છે માટે તું આધાર છો એમ નથી. એ સ્વયં આધારવાળા છે. સ્વયં (પોતાના) આધારથી રહેલાં છે. આ..હા...! આ હોં ! દૂરની વાત તો ક્યાંય રહી ગઈ.

વળી એ શરીર, વાણી, મન કારણવાળા છે. એના કારણથી તેની પરિણતિ થાય છે. એ કારણવાળા છે. તારા કારણે તેમાં થાય છે એવું નથી. આહા..હા...!

વળી કર્તા – એ શરીર, વાણી, મનના પરમાણુઓ સ્વતંત્રપણે કર્તા થઈને પરિણમે છે. તારું અસ્તિત્વ એમાં આવતું નથી. એનું અસ્તિત્વ એનામાં રહીને કર્તાપણે થઈને પરિણમે છે. એ કર્તાપણું સ્વયં... આહા..હા...! છે ? '**ખરેખર કરાય છે.**' પરમાણુ – શરીરની પર્યાય તે સમયે કરાય છે. તારો અધિકાર એમાં નથી. આહા..હા...!

તેમ પ્રયોજક – શરીર, વાણી, મનના પરમાણુઓ છે તેની યોજના કરીને (કાર્ય) કરે ઈ, પણ તું કરાવનાર છો એવું અસ્તિત્વ એનામાં નથી. એનું કરવું, કરાવવું... આહા..હા...! ખરેખર તે પ્રયોજક હોવાથી ખરેખર કરાય છે. ઓ..હો..હો...!

જ્યાં આત્માના પ્રદેશ ઉપર – એક ક્ષેત્રે રહેલી ચીજ, છે તો એના ક્ષેત્રમાં ઈ... આ..હા...! પણ બાહ્યમાં આમ (આત્માના) પ્રદેશના ક્ષેત્રમાં દેખાય, છતાં તેનો કર્તા અને પ્રયોજક તું નથી. આવી રીતે શરીર અને વાણીની યોજના કરવી એ રીતે કરું તો ઠીક પડે એવી યોજનાનો કરનારો તું નથી. યોજક – એ કરનારી ક્રિયા એનામાં એનાથી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આહા..હા...! આકરું કામ ! આહા..હા...! ત્યાં સુધી આવ્યું છે.

હવે, અહીં. '**હું..**' એટલું. '**સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું) જે અચેતનદ્રવ્ય...**' અચેતનદ્રવ્ય એ મન, વાણી અને દેહ... આહા..હા...! જડ, માટી, પુદ્‌ગલ એ અચેતનદ્રવ્ય એનું કરનારું અચેતનદ્રવ્ય (છે). અચેતનદ્રવ્યથી તે મન, વાણી, દેહની ક્રિયા થાય... આહા..હા...! '**તેનો અનુમોદક નથી;...**' આધાર નથી, કારણ નથી, કર્તા નથી, પ્રયોજક નથી, અનુમોદક નથી. આહા..હા...! એક ભાવ પણ (જો) બરાબર જાણે (તો) એમાં બધા ન્યાયો આવી જાય. આ..હા..હા...!

નજીક રહેલાં, વ્યવહારે પ્રદેશમાં રહેલાં, તે છે એના પ્રદેશમાં – એના ક્ષેત્રમાં, સ્વક્ષેત્રમાં એનો અભાવ છે, પરક્ષેત્રમાં એની અસ્તિ છે. આહા..હા...! છતાં અહીં દેખાય કે આત્માના પ્રદેશે રહ્યાં છે તેનું જે થવું – તે જડનું ક્રિયાનું (થવું) તેનું કરનારું તે અચેતનદ્રવ્ય છે. એનું કરનારું અચેતનદ્રવ્ય છે. થાય છે... થાય છે. હું અનુમોદક નથી. ઠીક થયું એમ અનુમોદક નથી. આહા..હા...!

મુમુક્ષુ :– શરીર સારું થાય તો બરાબર ક્રિયા થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય નથી.

જીવ ઉપર પગ આવતાં પગ ઊપડે છે (તો) કહે છે કે, એ કરનારું અચેતનદ્રવ્ય છે. હું એનો અનુમોદક નથી કે, આ ઠીક થયું. આ..હા..હા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! વીતરાગમાર્ગ... આહા..હા...!

દ્રવ્યે દ્રવ્ય સ્વંતત્ર ! તેનું કરવાપણું તેનામાં, તેના કારણવાળા એ દ્રવ્યો છે. તેથી કારણવાળા દ્રવ્યોને તું કારણ થા તો (ત્યાં કાર્ય) થાય એવું એનામાં નથી. થોડી વાત છે પણ મૂળ મુદ્દાની વાત છે. આહા..હા...! સમજાણું ?

કહે છે કે, શરીર, વાણી, મન કરાય છે. જે સમયે તેની પર્યાય થાય છે તે કરાય છે. એ અચેતનદ્રવ્ય તેનું કારણ છે, અચેતનદ્રવ્યથી કરાય છે. આહા..હા...! તેનો હું અનુમોદક નથી કે, ઠીક, વાણી આમ બોલાણી, ઠીક, શરીર આમ રહ્યું... આહા..હા...! જીવ ઉપર શરીર ન પડ્યું એથી જીવ ન મર્યો એવી જે શરીરની ક્રિયાનો – અચેતનદ્રવ્ય તે તેનો કરનારો (છે) હું તેનો અનુમોદક નથી. એ ઠીક થયું (કે) શરીર ઊંચું રહ્યું અને જીવ ન મર્યો. આ..હા..હા...! પ્રભુ... પ્રભુ ! તારી વાત...! સમજાણું કાંઈ ? આ તો મુદ્દાની રકમની વાત છે. જેની હજી મૂળ શ્રદ્ધાના ઠેકાણા નથી એને ચારિત્ર ને વ્રત આવ્યા ક્યાંથી ? આહા..હા...!

ભગવાનઆત્મા જ્ઞાયક અને તેનું જ્ઞાનરૂપ, આનંદરૂપ, શાંતરૂપ, સ્વસત્તારૂપ (છે) એનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાર્ય જાણવું-દેખવું-શ્રદ્ધવું એ એનું કાર્ય છે. એના દ્રવ્ય અને ગુણ – દ્રવ્ય છે જ્ઞાયકભાવ, ગુણ છે જ્ઞાન, આનંદરૂપ, તેની પર્યાય જાણવું-દેખવું-શ્રદ્ધવું એવી એની પર્યાય છે. એમાં એને પરનો કંઈ સહારો, પરની કંઈ અપેક્ષા એમાં છે નહિ. આહા..હા...!

અહીં તો પરની સાથે એ કહ્યું (કે), શરીરની ક્રિયા થાય... આહા..હા...! વાણીની ક્રિયામાં કંઈક (ઠીક) થયું, ભાષાની ક્રિયામાં સત્ય બોલાણું... આ..હા...! પ્રભુ... પ્રભુ ! તારી વાત તો જો ! સત્ય બોલાણું એમાં હું અનુમોદક નથી. એ તો અચેતનદ્રવ્યની ક્રિયા છે. આહા..હા...! સમજાય છે ?

એમ શરીરથી વિષય ન લેવાણો, બ્રહ્મચર્ય (પળાયું), શરીરથી વિષય ન થયો માટે હું તેનો અનુમોદક છું, એ ઠીક થયું એમ નથી કહે છે. આ..હા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! આ..હા...! સમજાય છે આમાં ? આહા..હા...! આ જડ શરીરની સ્ત્રીના વિષયની ક્રિયા થઈ નહિ, શુભ (ભાવ) થયો અને બ્રહ્મચર્ય (રહ્યું) એ શરીરની ક્રિયાનો સંગ ન થયો તેથી ઠીક થયું એવું હું માનું એમ નથી કહે છે. આ..હા..હા...! પ્રભુ... પ્રભુ...! તારી વાત... આ..હા..હા...! લોકોને તો વિરોધ લાગે. આ..હા...! આ રીતે શરીરની વિષયની ક્રિયા ન થઈ... આહા..હા...! અને શરીરની વિષયની ક્રિયા થઈ પણ તેનો હું અનુમોદનારો નથી. આ..હા...! આ ઠીક થયું (એમ અનુમોદનારો નથી). આહા..હા...!

આખું શરીર અનંત પરમાણુનો પિંડ અને શરીર પરિણામને પ્રાપ્ત ઇન્દ્રિય; આ ઇન્દ્રિય જે છે એ શરીર પરિણામને પ્રાપ્ત છે, શરીર પરિણામને પ્રાપ્ત ઇન્દ્રિયો... આહા..હા...! એનાથી – ઇન્દ્રિયથી મને જોવાણું એ ઠીક થયું (એમ તેનો અનુમોદનારો હું નથી). આહા..હા...! ગજબ (છે), પ્રભુ ! પ્રભુને ક્યાં લઈ જવો છે ? પ્રભુ ! તને લઈ જવો છે જ્ઞાયકભાવમાં ! આ..હા..હા...! દુનિયા સાથે મેળ ખાય એવું નથી, પ્રભુ ! આહા..હા...!

કહે છે કે, વાણીમાં સત્ય બોલાણું તો એ ઠીક થયું એવું અનુમોદન હું નથી કરતો. એ તો અચેતનની ક્રિયા એવી થઈ. આ..હા..હા..હા...! શું પ્રભુની ગંભીરતા !! આ..હા..હા...! આહા..હા...! વાણીથી સત્ય બોલવાનું થયું, શરીરથી વિષય સેવવાનું ન થયું, ચોરી કરવાનું ન થયું... આહા..હા...! અને પરિગ્રહ રાખ્યો નહિ, શરીરે ઓઢવાનું કપડું છોડી દીધું, કપડું ન રાખ્યું એવી જે શરીરની ક્રિયા એને હું અનુમોદતો નથી. ઈ કરનારું એ દ્રવ્યની પર્યાય છે ને ! આહા..હા...!

મુનિપણું લેતી વખતે વસ્ત્ર જે આમ ઊતરે છે તો કહે છે કે, એ શરીરની જે નગ્ન ક્રિયા થાય છે એ ક્રિયા(નો) તે વખતે તેનો કર્તા તે અચેતનદ્રવ્ય છે. આહા..હા...! અરે...! આવી વાતું ! તેનો હું અનુમોદક નથી. અરે..રે...! આહા..હા...! શરીરની અવસ્થા નગ્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ તે વખતે અચેતનદ્રવ્યનું તે રીતે કાર્ય થયું. આહા..હા...! ગજબ વાત છે !

(આ) 'પ્રવચનસાર' છે ! પ્રવચન = વીતરાગની દિવ્યધ્વનિ. પ્ર એટલે વિશેષ વચનો. દિવ્યધ્વનિ ! ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ ! પરમાત્મા સર્વજ્ઞ મહાવિદેહમાં બિરાજે છે એની દિવ્યધ્વનિ ! 'ૐકાર દિવ્યધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, આગમ રચિ...' નિમિત્તથી કથન છે, 'ભવિક જીવ સંશય નિવારે' આહા..હા...! એ દેહની ક્રિયા અને વાણીની ક્રિયામાં સત્ય બોલાણું... આ..હા..હા..હા...! આવું આમાં આવતું હશે ? તે સમયે તે વાણીની ક્રિયા તે અચેતનથી થઈ છે ને, પ્રભુ ! આહા..હા...! તેનો હું અનુમોદક નથી. આહા..હા...! હું એનો ધારનારો નથી, કરનારો નથી, યોજક નથી પણ થાય છે તે ક્રિયાનો અનુમોદક (પણ) નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાતું છે, પ્રભુ ! અરે...! જગતને આવું સત્ય – પરમ સત્ય બેસવું કઠણ પડે. આહા..હા...!

સમ્યક્દૃષ્ટિ છે – ધર્મી છે (તેને) શરીરથી વિષયની ક્રિયા થાય છે એ ક્રિયાને હું અનુમોદતો નથી (એમ) કહે છે. એ ક્રિયા અચેતનદ્રવ્યથી થઈ છે. આવી વાતું છે, પ્રભુ ! માર્ગ... ઓ..હો..હો..હો...! સંતોએ તો ગજબ કામ કર્યા છે ! દુનિયાની પરવા મૂકી દઈને દુનિયા માનશે કે નહિ માને, સમાજ સમતોલ રહેશે કે નહિ (એની) કંઈ દરકાર નથી. સત્યને સત્ય રીતે પ્રસિદ્ધ કરી ઢંઢેરો પિટ્યો છે !! આ..હા...! ભાઈ ! આહા..હા...!

શરીર અને વાણી; મનના પરમાણુ તો દેખાય નહિ એ જુદી વાત છે, આહા..હા...! પણ આ વાણી અને શરીરની થતી ક્રિયા – વિષયની અને અટકવાની (ક્રિયા), વિષયની નહિ થવાની... આહા..હા...! પ્રભુ... પ્રભુ... પ્રભુ...! પ્રભુ ! તું જ્ઞાયક છો ને ! થાય તેને જાણનારો છો ને ! થાય તેને કરનારો અને અનુમોદનારો તું નથી, પ્રભુ ! આ..હા..હા...! આવી વાત ક્યાં 'મુંબઈ'માં હતી ? આહા..હા...! ભગવાન ત્રણલોકના નાથ ! આહા..હા...! ('કુંદકુંદાચાર્યદેવ') 'સીમંધર' ભગવાન પાસે ગયા હતા ત્યાંથી લઈને આવ્યા. આહા..હા...! આ ભગવાનની વાણી છે, ભાઈ ! આહા..હા...!

હું અનુમોદક નથી. પહેલી તો ભાષા શું કરી ? આહા..હા...! '**હું..**' એટલું. '**સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું) જે અચેતનદ્રવ્ય...**' આ..હા..હા..હા...! તે તે સમયે સ્વતંત્રપણે પરમાણુની પર્યાયનું કરનારું તે તે અચેતનદ્રવ્ય છે. આહા..હા...! તેનો હું અનુમોદક નથી. હું અચેતનદ્રવ્ય – મન, વાણી, દેહની જે ક્રિયા જે કાળે, જે સમયે ક્રમબદ્ધમાં થાય... આહા..હા...! તેનો હું અનુમોદક નથી. આહા..હા...! કહો, આવી વાત ક્યાં છે ? પ્રભુ ! પ્રભુ ! તારી મોટપની વાતું છે આમાં ! તારી મોટપને હીણપ લાગે છે. એ જડની ક્રિયા મેં કરી, મેં કરાવી અને અનુમોદી (એવી માન્યતામાં) પ્રભુ ! તારી મોટપને કલંક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગે છે. આહા..હા...! એ તારું કલંક ઉતારવા આ વાત કરે છે. આહા..હા...!

પ્રભુ ! તારી પ્રભુતા... ભલે શરીર બાળક હોય, વૃદ્ધ હોય, આત્મા તો પ્રભુ પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા...! સહજાત્મસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ ! એ શું કરે ? કહે છે. એને શરીર, મન, વાણીની ક્રિયા થતી હોય, સત્યની કે જૂઠા બોલવાની, આ..હા..હા..હા...! બસ, જૂઠું બોલવું હોય ત્યારે (જૂઠું બોલે). અરે... પ્રભુ ! આહા..હા...! બોલી શકતો નથી, પ્રભુ ! સત્યની ભાષા પણ તું કરી શકતો નથી. આહા..હા...! અહીં તો સત્ય વસ્તુનો ઢંઢેરો છે, બાપા ! અહીં કોઈ પક્ષને, સમાજને રાજી રાખવું અને સમાજ ઠીક રહે (એવું નથી). ઈ સમાજ તો આ રીતે રાજી થાશે. આ..હા..હા...! આ રીતે ખુશી – સુખી થશે. રાજી એટલે સુખી થશે. આહા..હા...!

જીવ – ભગવાનઆત્મા ! હું એવું જે મારું અસ્તિત્વ તે મન, વચન અને કાયાના કામો થાય તેનો કર્તા અચેતનદ્રવ્ય (છે), થાય એ ઠીક થયું એમ હું અનુમોદક નથી. આ..હા..હા...! ગજબ વાત છે ! બહુ ગંભીર વાત છે !! થોડી નીકળે છે, બાકી જેટલું ભાસે છે એટલું બધું (વાણીમાં નથી આવતું). આ..હા..હા..હા...! શું કહેવા માગે છે ? આહા..હા...!

ક્રમબદ્ધમાં શરીરની ક્રિયા તે સમયે કરનારું તે અચેતનદ્રવ્ય (છે) એમાં મારું કાંઈ પણ અનુમોદન નથી. જ્યાં થાય છે ત્યાં અનુમોદન શું ? આહા..હા...! આ..હા..હા...!

એ પ્રશ્ન કર્યો હતો, પહેલાં કીધું ને ? '૬૯ની સાલ ! સંવત '૬૯ની ! કીધું આ મકાન થાય એને સાધુ વાપરે તો કઈ કોટિ તૂટે ? '૬૯ ! ૬૬ વર્ષ થયા, ૬૬ ! ગુરુને પ્રશ્ન કર્યો હતો. આમાં (–મુહપત્તિમાં) હતા ને ? એને મેં પ્રશ્ન કર્યો કે, મહારાજ ! આ મકાન કર્યું હોય (એને) વાપરે, કર્યું નથી, કરાવ્યું નથી ફક્ત વાપરે, તો એને નવ કોટિમાંથી કોઈ કોટિ તૂટે ? નવ કોટિ સમજાય છે ? મન, વચન અને કાયા, કરવું, કરાવવું અને અનુમોદવું.

ગુરુએ તો એ જવાબ આપ્યો, ખોટો જવાબ (આપ્યો કે), તારા ભાઈએ મકાન કર્યું હોય અને તું વાપર તો એમાં શું આવ્યું ? મારા મનમાં હતું કે, ઈ વાપરે તો ઈ અનુમોદન છે. ભલે કર્યું ન હોય, કરાવ્યું નથી પણ એને માટે કર્યું એ વાપરે છે તે નવ કોટિમાંથી અનુમોદનની કોટિ તૂટે છે અને અનુમોદનની કોટિ તૂટતા નવે કોટિ તૂટે છે. આહા..હા...! એકેય કોટિ રહેતી નથી. આહા..હા...! આ તો ૬૬ વર્ષ પહેલાંની વાત (છે). 'રાણપર'માં પ્રશ્ન કર્યો હતો. 'રાણપર' છે ને ? એમ આ આધાકર્મી ! એને માટે ઉદ્દેશિક આહાર બનાવે, એણે કર્યું ન હોય, કરાવ્યું ન હોય પણ (આહાર) લ્યે (તે) એને અનુમોદન છે. આ..હા..હા...!

જે સાચા ધર્મી મુનિરાજ છે (એ) એને માટે (આહાર) કરેલો હોય એ લેતો નથી. કર્યું નથી, કરાવ્યું નથી. ખ્યાલ આવ્યો કે આ આટલું બધું કર્યું છે (માટે) મારી માટે કર્યું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(એમ લાગે છે), એ લ્યે નહિ. અનુમોદે નહિ. આ..હા..હા...!

મુમુક્ષુ :– વિકલ્પ ઊઠી જાય કે મારા માટે કર્યું હશે તો ન જ લે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જાણવામાં આવ્યું છે કે, આ મારા માટે કર્યું છે. (ખ્યાલમાં) આવી ગયું છે. કર્યું નથી, કરાવ્યું નથી. દસ સેર પાણી, મોસંબી, કેરીનો રસ આ કાઢીને મૂક્યો છે, વાસણ ભર્યાં છે અને આ આપવા માગે છે. ભગવાન ! માર્ગ એવો જુદો (છે), ભાઈ ! આહા..હા...! એ અનુમોદન છે. એને એક કોટિ રહેતી નથી. નવ કોટિમાંથી અનુમોદન કોટિ તૂટે છે. આહા..હા...! હિંસા – પાપનું અનુમોદન છે. અરે...! પ્રભુ... પ્રભુ... પ્રભુ...! સમજાય છે કાંઈ ? (અત્યારે તો) નક્કી કરી રાખે કે, આજે આને ઘરે આહાર લેવો, કાલે આને ઘરે લેવો, પરમ 'દી આને ઘરે લેવો ! અરે... પ્રભુ ! આહા..હા...! પ્રભુ ! તારી આલોચના નથી, પ્રભુ ! આ તો દોષ છે એનું નુકસાન છે એ નુકસાન ટાળ, પ્રભુ ! તને લાભ થશે, પ્રભુ ! આ..હા...!

આહા..હા...! અહીં એ કહે છે, મન, વચન, કાયા. મારા મન, વચન અને કાયા. મારા એટલે આ પ્રદેશમાં રહેલાં. બીજા શરીર, વાણી અને મનથી કરે એનું તો મારું કર્યું છે જ નહિ. આહા..હા...!

તેથી એ પ્રશ્ન ઊઠ્યો. 'જયુપર'માં ! (એક વિદ્વાને) પ્રશ્ન મૂક્યો હતો. બે પ્રશ્ન મૂક્યા હતા કે, આ રાગને પુદ્‌ગલ કેમ કહ્યા ? દયા, દાનના પરિણામને પુદ્‌ગલ કહ્યાં, પુદ્‌ગલના પરિણામ (કહ્યાં). બાપુ ! એ જીવ ચૈતન્ય આનંદસ્વરૂપ ! એના આ વિકાર પરિણામ ન હોય. એ આનંદના નાથના પરિણામ આનંદ હોય. માટે તે રાગને પુદ્‌ગલના પરિણામ કરીને કાઢી નાખ્યા છે. 'જયપુર'માં એ (વિદ્વાન) આવ્યા હતા.

બીજો પ્રશ્ન આ થયો હતો કે, આ આહાર છે એ ગૃહસ્થો કરે છે એમાં લેનારને શું ? એવો જો ખુલાસો તમારાથી થાય તો બહુ લાભ થાય. (એને એમ કહેવડાવવું હતું કે) એ કાંઈ ઉદ્દેશિક (આહાર) નથી.

અરે... પ્રભુ ! ભગવાનના વિરહ પડ્યા અને વિરહની પાછળ આવો ઉદ્દેશિક આહારને દોષ નથી એમ ઠરાવવો, પ્રભુ ! (એ) અમારું કામ નહિ, ભાઈ ! સમજાણું કાંઈ ? પરમાત્માના વિરહ પડ્યા. પરમાત્માના વિરહે પરમાત્મા આમ ફરમાવે છે કે, એનું અનુમોદન છે. આહા..હા...! એને અનુમોદન નથી અને પાપ નથી લાગતું (એમ કહેવું) પ્રભુ ! પ્રભુના વિરહમાં એ વાત ન થાય. આહા..હા...! ભાઈ ! અહીં ઘણી વીતી ગઈ છે ને ! આહા..હા...!

અહીં કહે છે... આહા..હા...! અહીં જરી ગજબ (વાત કરી) છે ! આ..હા...! ભાવ છે ઈ ભલે એની પાસે હો, પણ કોઈએ આમ થપ્પડ મારી એ ક્રિયા મારાથી થઈ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ નથી. આહા..હા...! સમ્યક્દૃષ્ટિ યુદ્ધમાં જોડાય. 'બાહુબલીજી' અને 'ભરત' સમકિતી હતા. ('ભરતે') ચક્ર ફેંક્યું, પણ એ ક્રિયા મેં કરી છે એમ એ માનતા નથી. અરે..રે...! આવી વાતું છે. સમજાણું કાંઈ ? આ..હા...! યુદ્ધમાં જોડાય છતાં એ શરીરની ક્રિયા થાય તેનો હું અનુમોદનાર નથી. આ..હા...! (આવું સાંભળીને કોઈ એમ કહે કે), ઠીક ત્યારે, થવા દ્યો જેમ થાય એમ ! અરે... પ્રભુ ! સાંભળને ભાઈ ! આહા..હા...! જેને નિવૃત્તભાવ છે એને શરીરની એવી ક્રિયા થાય જ નહિ. એ એના અચેતનના કારણે થાય નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે કે, સ્વતંત્રપણે ઈ અચેતન કરે છે. વાણી બોલાય છે, શરીરની ક્રિયા થાય છે ઈ સ્વતંત્રપણે થાય છે. શરીર અને વાણીથી સ્વતંત્રપણે થાય છે. મારો અધિકાર બિલકુલ નથી. આહા..હા...! સત્ય બોલવાનો વિકલ્પ આવ્યો માટે સત્ય ભાષા થઈ તે મારાથી થઈ (એમ નથી). આવી વહેંચણી કઠણ પડે, પ્રભુ ! આહા..હા...!

ભેદજ્ઞાનની વાતું છે. આહા..હા...! ભેદજ્ઞાનની પરાકાષ્ઠા છે ! આહા..હા...! '**भेदविज्ञानतः सिद्धाः ये किल केचन।**' જે કોઈ મુક્તિને પામ્યા તે ભેદજ્ઞાનથી પામ્યા છે. ('સમયસાર'માં) 'સંવર અધિકાર'માં છે. '**भेदविज्ञानतः सिद्धाः ये किल केचन। अस्यैवाभावतो बद्धा...**' (અર્થાત્) ભેદજ્ઞાનના અભાવથી બંધાયેલા છે. સંસાર(માં) રખડે છે (એ) ભેદજ્ઞાનના અભાવથી. આહા..હા...! જ્યાં ત્યાં પરમાણુ અને શરીર ને વાણીનો કર્તા થઈ, થાય છે તેનાથી તેનો કર્તા થઈને મિથ્યાત્વને સેવે છે. અરે... પ્રભુ... પ્રભુ !

'**હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (–કરનારું)...**' ભાષા શું છે ? ઈ વાણી, મનનું કરનારું અચેતનદ્રવ્ય (છે). પહેલું ઈ સિદ્ધ કર્યું છે. આહા..હા...! '**તેનો અનુમોદક નથી.**' આહા..હા...! કરનારું અચેતનદ્રવ્ય (છે). મન, વાણી અને દેહના પરમાણુની પર્યાય તેનાથી કરાયેલી છે તેનો હું અનુમોદક નથી. આ..હા...! સંતોની વાણી ગજબ (છે) ! બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે !! આ..હા...! નજીકના પ્રદેશમાં (રહેલાં છે એની આ સ્થિતિ છે) એને ઠેકાણે (એમ) કહે કે, પરનું આમ કરવું, પરનું આમ કરવું. આ..હા...!

એક ફેરી પચાસ પંડિતો ભેગા થયા હતા. 'ઇન્દોર... ઇન્દોર' (ને) ? 'ઇન્દોર'માં પચાસ પંડિત ભેગા થયા હતા અને પંડિતોએ એવું (નક્કી) કર્યું કે, (જે) પરનો કર્તા ન માને એ દિગંબર નહિ. અરે..રે...! પ્રભુ ! શું કરે છે તું ? એવી વાત આવી છે. ઘણાં વર્ષ થયાં, પચાસ પંડિતો ભેગા થયા અને અહીંનો વિરોધ કરવો, અહીંનો વિરોધ કરવો. અહીં (આપણે) કર્તા ન માને અને એને કર્તા મનાવવું (હતું). પ્રભુ ! એમ ન થાય. પ્રભુ ! એમાં તને નુકસાનનું કારણ છે, ભાઈ ! તને લોકો કબૂલશે, લોકો રાજી પણ થશે પણ પ્રભુ ! તને દુઃખ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાણું કાંઈ ? એવી વાત આવી હતી.

'**હું કર્તા-અનુમોદક વિના પણ...**' ભાષા દેખો ! મારા અનુમોદન વિના પણ... આહા..હા...! હું કર્તાના અનુમોદક વિના પણ '**(અર્થાત્ હું તેમના કર્તાનો અનુમોદક હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે.**' આહા..હા...! (હું) કર્તાનો અનુમોદક નહિ હોવા છતાં તેઓ તેનાથી કરાય છે. આહા..હા...! આમ 'સમયસાર' છે. એની મેળે વાંચે તો ભાવ પકડાય નહિ. ઝીણી વાત બહુ, ભાઈ ! પરમાત્મા ! એના હૃદયો... ઓ..હો..હો..હો...! ગજબ વાત છે !!

આ તો સંતો કહે છે ! પરમાત્માના આડતિયા ! આ..હા...! કે, '**હું કર્તા-અનુમોદક વિના પણ...**' હું કર્તા-અનુમોદક વિના પણ '**તેઓ ખરેખર કરાય છે.**' તે જ સમયે તે દેહ અને વાણીની ક્રિયા કરાય છે. આહા..હા...! ક્રમબદ્ધ પણ સિદ્ધ કર્યું, ભાઈ ! ગજબ વાત છે ! ક્રમબદ્ધ પણ સિદ્ધ કર્યું ! જે ટાણે તે અચેતનની ક્રિયા થાય છે, તે કરાય છે, થાય છે તે થાય છે. આહા..હા...! એને આઘીપાછી કરવા તારી તાકાત નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

હું કર્તા વિના પણ, હું અનુમોદકના કર્તા વિના પણ (તેઓ) '**ખરેખર કરાય છે.**' નિશ્ચયથી તે સમયે જે મન, વાણીના, દેહના પરમાણુ(ની) તે પર્યાય જે થવાની (છે) તેને કરે છે. આહા..હા...! પરમાણુથી '**ખરેખર કરાય છે.**' આહા..હા...! અહીં તો હજી બહારના ઝઘડા (ચાલે). આહા..હા...! મહાવ્રત પાળવા ને મહાવ્રત એટલે પરને ન મારવા, પરને જિવાડવા, પરને અભયદાન દેવા. હજી તો એ પરની ક્રિયાના સ્વામી થઈને કરે. આ તો દેહ, વાણી, મનની ક્રિયા વિષયથી અટકે તોપણ કહે છે કે એ મારા અનુમોદન વિના થઈ છે. આહા..હા...! વિષયની ક્રિયા થાય તે પણ મારા અનુમોદન વિના થઈ છે. આહા..હા...!

પ્રભુ... પ્રભુ...! તું અને (પર) બે વચ્ચે (ફાડ) છે. આહા..હા...! શરીર, વાણી, મનની ક્રિયા તે સમયે થાય તેથી તારો નાથ જ્ઞાયકભાવ તે ભિન્ન છે. એને કરતો નથી, કરાવતો નથી, અનુમોદતો નથી (એમ બે) વચ્ચે ફાડ પાડ, માર પ્રજ્ઞાછીણી ! આહા..હા...! પ્રજ્ઞાછીણી ! આહા..હા...!

'**માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી...**' ઓ..હો..હો..હો...! ઠીક, શરીર આમ રહ્યું ઠીક, વાણીમાં આમ ન બોલાણું... આહા..હા...! અરે.. અરે...! આકરું કામ, પ્રભુ ! '**માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.**' થાવ-ન થાવ તેમાં હું મધ્યસ્થ છું. આહા..હા...! હું તો જ્ઞાયક છું. તે થતી ક્રિયાને જાણનારો – ભિન્ન રહીને જાણનારો છું. આહા..હા...! મધ્યસ્થ છું કે આમ થાય તો ઠીક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शरीरवाङ्गनसां परद्रव्यत्वं निश्चिनोति -

**देहो य मणो वाणी पोग्गलदव्वप्पग त्ति णिद्दिट्ठा।**
**पोग्गलदव्वं हि पुणो पिंडो परमाणुदव्वाणं।।१६१।।**
**देहश्च मनो वाणी पुद्गलद्रव्यात्मका इति निर्दिष्टाः।**
**पुद्गलद्रव्यमपि पुनः पिण्डः परमाणुद्रव्याणाम्।।१६१।।**

शरीरं च वाक् च मनश्च त्रीण्यपि परद्रव्यं, पुद्गलद्रव्यात्मकत्वात्। पुद्गलद्रव्यत्वं तु तेषां पुद्गलद्रव्यस्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चितत्वात्। तथाविधपुद्गलद्रव्यं त्वनेकपरमाणु-

---

अथ कायवाङ्गनसां शुद्धात्मस्वरूपात्परद्रव्यत्वं व्यवस्थापयति - **देहो य मणो वाणी पोग्गलदव्वप्पग त्ति णिद्दिट्ठा** देहश्च मनो वाणी तिस्रोऽपि पुद्गलद्रव्यात्मका इति निर्दिष्टाः। कस्मात्। व्यवहारेण जीवेन सहेकत्वेपि निश्चयेन परमचैतन्यप्रकाशपरिणतेर्भिन्नत्वात्। पुद्गलद्रव्यं

---

હવે શરીર, વાણી અને મનનું પરદ્રવ્યપણું નક્કી કરે છે :–

**મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;**
**ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.**

**અન્વયાર્થ :–** **[देहः च मनः वाणी]** દેહ, મન અને વાણી **[पुद्गलद्रव्यात्मकाः]** પુદ્ગલદ્રવ્યાત્મક **[इति निर्दिष्टाः]** (વીતરાગદેવે) કહ્યાં છે; **[अपि पुनः]** અને **[पुद्गलद्रव्यं]** તે દેહાદિ પુદ્ગલદ્રવ્ય **[परमाणुद्रव्याणां पिण्डः]** પરમાણુદ્રવ્યોનો પિંડ છે.

---

અને આમ ન થાય તો ઠીક એવું મારે જડમાં નથી. સમજાય છે ? આમાં આ ભર્યું છે, હોં ! એમાં ઘણી ગંભીરતા ભરી છે ! આહા..હા...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' ગજબ કામ કર્યાં છે ! કેવળીના કેડાયતો ! કેવળીને ઊભા રાખ્યા છે ! આહા..હા...! કેવળીના પેટ ખોલ્યા છે. આહા..હા...! અને કેવળી થવાના છે. આ..હા..હા...! અલ્પ કાળમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्याणामेकपिण्डपर्यायेण परिणामः, अनेकपरमाणुद्रव्यस्वलक्षणभूतस्वरूपास्तित्वानामनेकत्वेऽपि कथंचिदेकत्वेनावभासनात्।।१६१।।

---

किं भण्यते। **पोग्गलदव्वं हि पुणो पिंडो परमाणुदव्वाणं** पुद्गलद्रव्यं हि स्फुटं पुनः पिण्डः समूहो भवति। केषाम्। परमाणुद्रव्याणामित्यर्थः।।१६१।।

---

**ટીકા :–** શરીર, વાણી અને મન ત્રણેય પરદ્રવ્ય છે, કારણ કે પુદ્ગલદ્રવ્યાત્મક છે. તેમને પુદ્ગલદ્રવ્યપણું છે, કારણ કે તેઓ પુદ્ગલદ્રવ્યના સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વમાં નિશ્ચિત (–રહેલાં) છે. તથાવિધ પુદ્ગલદ્રવ્ય અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપે પરિણામ છે, કારણ કે અનેક પરમાણુદ્રવ્યોનાં સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વો અનેક હોવા છતાં કથંચિત્ (સ્નિગ્ધત્વ-રૂક્ષત્વકૃત બંધપરિણામની અપેક્ષાએ) એકપણે અવભાસે છે. ૧૬૧.

---

કેવળી થવાના. એક-બે ભવે મોક્ષ જવાના છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'**હું આ...**' '**હું આ...**' (એટલે) પ્રત્યક્ષ. આ જ્ઞાયક... હું આ...! પરની ક્રિયાના કાળમાં તો મધ્યસ્થ છું. ગજબ કામ કર્યું છે ને ! આ..હા...!

'**હવે શરીર, વાણી અને મનનું પરદ્રવ્યપણું નક્કી કરે છે :–**' ત્રણે જડ છે, તારું દ્રવ્ય નથી, પરદ્રવ્ય છે. તેથી અમે કર્તા, કરાવનાર, અનુમોદનનો નિષેધ કર્યો. આ..હા...! કેમકે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યની પર્યાયનો સમય હોય (ત્યારે) તે પર્યાય ત્યાં થાય. તારો અધિકાર એમાં નથી. આહા..હા...! ૧૬૧ (ગાથા).

**देहो य मणो वाणी पोग्गलदव्वप्पग त्ति णिद्दिट्ठा।**
**पोग्गलदव्वं हि पुणो पिंडो परमाणुदव्वाणं।।१६१।।**

'**णिद्दिट्ठा**' જોયું ? ભગવાને કહ્યું (છે), ભગવાને એમ કહ્યું છે. આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;**
**ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.**

આહા..હા...! '**શરીર, વાણી અને મન ત્રણેય પરદ્રવ્ય છે,...**' આહા..હા...! લાડવો આમ વળે છે એમાં જે હાથ આમ થાય છે, કહે છે કે, એ ક્રિયાનો કર્તા તો એ પરમાણુ છે. આહા..હા...! આ લાડવો ! એ વખતે આ દેહની ક્રિયા જે (થઈ) છે ઈ લાડવાથી થઈ નથી, તેમ આત્માની ઇચ્છાથી થઈ નથી. એ પરમાણુની તે સમયે તે પર્યાય થવાની તે થઈ છે. તું મધ્યસ્થ છો. આહા..હા...! આવી વાતું ! આમાં હજારો માણસોમાં આ આકરી વાત (કોઈકને) બેસે છે, આ તો વિરલ જીવને બેસે, બાપુ ! આહા..હા...! 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ...' 'વિરલા જાણે તત્ત્વને, વિરલા શ્રદ્ધે કોઈ' આ..હા...! શ્રદ્ધા કો'ક કરે, આહા..હા...! ઈ તો આમાં આવ્યું ને ? મુનિકુંજર ! કોઈક વીર, કોઈક વીર મુનિ ! અથવા કોઈક વીર સમકિતી, એમ. આ..હા..હા...!

**ટીકા :– 'શરીર, વાણી અને મન ત્રણેય પરદ્રવ્ય છે, કારણ કે પુદ્ગલદ્રવ્યાત્મક છે.'** એ ત્રણે પુદ્ગલદ્રવ્યસ્વરૂપ છે, એ આત્મસ્વરૂપ નથી. આહા..હા...! '**તેમને પુદ્ગલદ્રવ્યપણું છે,...**' જુઓ ! બે વાત કરી. એ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ છે તેથી તેમને પુદ્ગલદ્રવ્યપણું છે. એ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ છે. આહા..હા...!

'**શરીર, વાણી અને મન ત્રણેય પરદ્રવ્ય છે. કારણ કે પુદ્ગલદ્રવ્યાત્મક છે. તેમને પુદ્ગલદ્રવ્યપણું છે.**' આહા..હા...! '**કારણ કે તેઓ પુદ્ગલદ્રવ્યના સ્વલક્ષણભૂત...**' પુદ્ગલદ્રવ્યનું સ્વલક્ષણભૂત '**સ્વરૂપ-અસ્તિત્વમાં નિશ્ચિત (-રહેલાં) છે.**' એ પુદ્ગલદ્રવ્યના સ્વ-અસ્તિત્વમાં એ મન, વાણી, દેહ રહ્યાં છે, તારા અસ્તિત્વમાં નહિ અને તારા અસ્તિત્વને લઈને નહિ. આહા..હા...! આવી વાતું (સાંભળીને) 'સોનગઢવાળા'ને બિચારા એમ કહે ને એ.. એકાંત છે, એ.. નિશ્ચયાભાસ છે. પ્રભુ ! સાંભળ, ભાઈ ! ભગવંત એક વાર સાંભળ, ભાઈ ! તું શું કહે છે ઈ અમને ખબર નથી ? આહા..હા...! (લોકો એમ કહે) અહીંયાં તો એકલી નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય(ની વાતું છે). અરે..! પણ વ્યવહાર તો કથનમાત્ર, બોલવામાત્ર છે. આહા..હા...!

'સમયસાર'માં હવે નિશ્ચય(ની) ગાથા આવશે. 'સમયસાર'માં ! 'सर्वत्र अध्यवसाय अखिलं' પરદ્રવ્યની એકતાબુદ્ધિનો તો પ્રભુએ નિષેધ કર્યો છે. શરીર, વાણી, મન પરદ્રવ્યની એકતાબુદ્ધિનો તો નિષેધ કર્યો છે. તો 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમ કહે છે કે, હું તો એમ કહું છું, હું એમાંથી એમ કાઢું છું કે, જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય એ બધો નિષેધ કર્યો છે. જેમકે એકત્વબુદ્ધિનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિષેધ કર્યો તો એમાંથી પરદ્રવ્યને આશ્રયે જેટલા ભાવ થાય તેનો પ્રભુએ નિષેધ કર્યો (છે) એમ હું જાણું છું. આહા..હા...! કાલે સવારે આવશે. સમજાણું કાંઈ ? આહા..હા...!

ત્રણ વાત લીધી. એ પરદ્રવ્ય છે કેમકે એ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ છે, '**તેમને પુદ્‌ગલદ્રવ્યપણું છે,..**' કારણ ? '**પુદ્‌ગલદ્રવ્યપણું છે કારણ કે તેઓ પુદ્‌ગલદ્રવ્યના સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વમાં નિશ્ચિત (–રહેલાં) છે.**' પુદ્‌ગલનું સ્વ-લક્ષણ જડપણું છે તેમાં એ રહેલાં છે. આહા..હા...! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ જડપણું છે તેમાં એ રહેલાં છે. આ..હા..હા...! આ શરીર, વાણી, મન હોં !

અત્યારે એક વાર આ શરીર સારું લાગે છે (પણ) અહીંથી અગ્નિ નીકળશે. અગ્નિ ! દેહ છૂટશે એટલે મૃતક કલેવરને બાળતાં અગ્નિ નીકળશે. પણ શરીરની સ્થિતિ છે એ પ્રમાણે થાશે. એમાં પરને લઈને શું છે ? આહા..હા...! આહા..હા...!

પુદ્‌ગલદ્રવ્યનું સ્વ-લક્ષણપણું સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્) અચેતન જેનું અસ્તિત્વ (છે), એનું સ્વરૂપ-લક્ષણ છે. આહા..હા...! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એનું સ્વરૂપ-અસ્તિત્વ (છે), હોં ! નહિતર તો ધર્માસ્તિ, અધર્માસ્તિ છે એમાં આ સ્વ-લક્ષણ નથી છતાં એ અચેતન છે અને અહીં તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ સ્વ-લક્ષણભૂત અસ્તિત્વ છે. આહા..હા...! સમજાણું ? '**પુદ્‌ગલદ્રવ્યના સ્વ-લક્ષણભૂત...**' આ શરીર, વાણી અને મન '**સ્વરૂપ-અસ્તિત્વમાં...**' એના સ્વરૂપ – વર્ણ, ગંધ, રસ, સ્પર્શના અસ્તિત્વમાં એ '**(-રહેલાં છે).**' આહા..હા...!

'**તથાવિધ...**' (અર્થાત્) 'તે પ્રકારનું અર્થાત્ શરીરાદિરૂપ.' '**પુદ્‌ગલદ્રવ્ય અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ...**' છે. આ..હા...! એ એક પરમાણુ નથી, કહે છે. શરીર, વાણી, મન એક પરમાણુ નથી. આ..હા...! '**પુદ્‌ગલદ્રવ્ય અનેક...**' છે ને ? એક નહિ. આહા..હા...! '**પુદ્‌ગલદ્રવ્ય અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ...**' છે. શરીર, વાણી અને મન તે પ્રકારના પુદ્‌ગલદ્રવ્યનો અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપે છે. '**પર્યાયરૂપે પરિણામ છે.**' આહા..હા...! બે વાત (કરી). પર્યાયરૂપે પરિણામ છે. પર્યાય એ જ પરિણામ છે, પર્યાયરૂપે પરિણામ છે. આહા..હા...! શું કહ્યું ઈ ? કે, પુદ્‌ગલદ્રવ્યનું જે અસ્તિત્વ – વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ જે છે તેમાં તે રહેલાં છે. આ..હા...! (તેઓ અનેક) '**પરમાણુદ્રવ્યોનો એકપિંડ...**' (છે). આ તો પરમાણુઓનો એકપિંડ છે. માટી – એકપિંડ. એમ વાણી પણ, હોં ! એમ મન પણ.

'**પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપે પરિણામ છે.**' આ પરિણામ છે ને ? આ શરીરની પર્યાય છે ને ? આ પરમાણુની પર્યાય છે. આ મૂળ પરમાણુ નથી, આ એની પર્યાય છે. આ શરીર છે એ પરમાણુના પિંડની પર્યાય છે. દ્રવ્ય ? દ્રવ્ય તો ત્રિકાળ છે. એમ વાણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પરમાણુદ્રવ્યની પર્યાય છે, દ્રવ્ય નહિ. એ દ્રવ્ય છે પણ એ પુદ્ગલદ્રવ્યની પર્યાયમાં છે. આહા..હા...!

ત્રણ વાત કરી. એક તો પુદ્ગલદ્રવ્ય, તેનું સ્વ-લક્ષણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ. એનામાં રહેલું છે તેથી તે પુદ્ગલની પર્યાયરૂપ છે. આહા..હા...! છે ? એકપિંડરૂપે અખંડ છે. આહા..હા...! (આ પરમાણુઓ) વિંખાઈ જવાના. દેહ છૂટતાં બાળશે ત્યારે આટલી (પણ) રાખ નહિ થાય, થોડી રાખ થાશે. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત' જેમ રેત રખડે (છે), પ્રભુ ! 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં ?' પ્રભુ ! ત્યાં તને ક્યારે મળશે ? બીજા ભવમાં આવી વાત તને ક્યાં મળશે ? આ..હા...! 'પછી નરતન પામીશ ક્યાં ? ચેત ચેત નર ચેત.' જાગ રે જાગ, નાથ ! આ..હા...! આ..હા...! રાગની એકતામાં અને પરની એકતામાં સૂતો, પ્રભુ ! સ્વથી જાગવું જોઈએ એમાં સૂતો છે. આહા..હા...!

મૂળ પહેલી (ચીજ) – સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન આકરી ચીજ છે. પછી સમ્યક્ચારિત્ર તો જોયેલી ચીજ છે તેમાં ઠરવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ બીજી ચીજ નથી. આહા..હા...! પણ જે ચીજ જાણીને માનવામાં આવી નથી, જાણવામાં આવી નથી એમાં ઠરવું શી રીતે ? આહા..હા...!

આ શરીર આદિ તો '**પરમાણુદ્રવ્યનો...**' પરમાણુદ્રવ્યનો ! શરીર, વાણી, મન '**પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપે પરિણામ છે.**' પર્યાય છે, આ તો પરિણામ છે. આ દેખાય છે ઈ દ્રવ્ય નથી, એના ગુણ નથી. દ્રવ્ય અને ગુણ તો ધ્રુવ છે એની આ પર્યાય છે. પુદ્ગલદ્રવ્યની આ પિંડરૂપ પર્યાય છે, પર્યાયરૂપ પરિણામ છે. આહા..હા...! તો પછી તમારા પૈસાનું શું કરવું ? આ તો દાખલો (છે). આહા..હા...! પૈસો એ પુદ્ગલદ્રવ્યનો પિંડરૂપ પર્યાય છે. પુદ્ગલદ્રવ્યના પિંડરૂપ પર્યાય છે. આહા..હા...! આહા..હા...!

શરીર સ્ત્રીનું હોય કે પાવૈયા – નપુંસકનું હોય કે પુરુષનું હોય પણ છે તો પુદ્ગલદ્રવ્યના એકપિંડપર્યાયરૂપ પરિણામ. આહા..હા...! પાંચ ઇન્દ્રિયને પ્રાપ્ત શરીર છે. આ પાંચ ઇન્દ્રિય છે ઈ પર્યાય છે. આહા..હા...! ગુણ અને દ્રવ્ય તો ધ્રુવ છે. આહા..હા...! સમજાય છે ?

'**કારણ કે અનેક પરમાણુદ્રવ્યોનાં સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વો અનેક હોવા છતાં...**' આ..હા...! અંદર જુદા જુદા પરમાણુ હોવા છતાં. વાણીના, શરીરના, મનના (પરમાણુ જુદા જુદા હોવા છતાં) '**કથંચિત્ (સ્નિગ્ધત્વ-રૂક્ષત્વકૃત બંધપરિણામની અપેક્ષાએ) એકપણે અવભાસે છે.**' ચીકાશ અને રૂખાશના બંધપરિણામની અપેક્ષાએ એકપણે અવભાસે છે. છે તો ભિન્ન ભિન્ન – પરમાણુ ભિન્ન ભિન્ન છે. એની આ પર્યાય છે. એકપણે કેમ ભાસે છે ? કે, એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચીકાશ અને લૂખાશની યોગ્યતાથી પિંડરૂપે જણાય છે. આહા..હા...! સમજાણું ?

**'અનેક હોવા છતાં કથંચિત્ (સ્નિગ્ધત્વ-રૂક્ષત્વકૃત)...'** (અર્થાત્) ચીકાશ અને લૂખાશથી થયેલી '**(બંધપરિણામની અપેક્ષાએ) એકપણે અવભાસે છે.**' પરમાણની બે ગુણ ચીકાશ હોય, બીજામાં ચાર ગુણ ચીકાશ હોય તો પિંડરૂપે ભાસે છે. આહા..હા...! છે તો સ્વતંત્ર. એ સ્કંધમાં પણ પરમાણુ પર્યાયરૂપે સ્વતંત્ર છે, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, પણ આમાં અંદર એક પરમાણુ જે છે એ સ્વતંત્ર છે, એની પર્યાયરૂપે સ્વતંત્ર છે પણ ચીકાશ, લૂખાશની એકતારૂપે એકરૂપે ભાસે છે. આહા..હા...! છે ? ૧૬૧ (ગાથા પૂરી થઈ).

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः परद्रव्यत्वाभावं परद्रव्यकर्तृत्वाभावं च साधयति -

**णाहं पोग्गलमइओ ण ते मया पोग्गला कया पिंडं।**
**तम्हा हि ण देहोऽहं कत्ता वा तस्स देहस्स।।१६२।।**
**नाहं पुद्गलमयो न ते मया पुद्गलाः कृताः पिण्डम्।**
**तस्माद्धि न देहोऽहं कर्ता वा तस्य देहस्य।।१६२।।**

यदेतत्प्रकरणनिर्धारितं पुद्गलात्मकमन्तर्नीतवाङ्गनोद्वैतं शरीरं नाम परद्रव्यं न तावदहमस्मि, ममापुद्गलमयस्य पुद्गलात्मकशरीरत्वविरोधात्। न चापि तस्य कारणद्वारेण कर्तृद्वारेण कर्तृप्रयोजकद्वारेण कर्त्रनुमन्ततृद्वारेण वा शरीरस्य कर्ताहममस्मि, ममानेकपरमाणु-द्रव्यैकपिण्डपर्यायपरिणामस्याकर्तृरनेकपरमाणुद्रव्यैकपिण्डपर्यायपरिणामात्मकशरीरकर्तृत्वस्य सर्वथा विरोधात्।।१६२।।

---

अथात्मनः शरीररूपपरद्रव्याभावं तत्कर्तृत्वाभावं च निरूपयति - **णाहं पोग्गलमइओ** नाहं पुद्गलमयः। **ण ते मया पोग्गला कया पिंडा** न च ते पुद्गला मया कृताः पिण्डाः। **तम्हा हि ण देहोऽहं** तस्माद्देहो न भवाम्यहं। हि स्फुटं। **कत्ता वा तस्स देहस्स** कर्ता वा न भवामि तस्य देहस्येति। अयमत्रार्थ :- देहोऽहं न भवामि। कस्मात्। अशरीरसहजशुद्धचैतन्यपरिणत्वेन मम देहत्वविरोधात्। कर्ता वा न भवामि तस्य देहस्य। तदपि कस्मात्। निःक्रियपरमचिज्ज्योतिःपरिणतत्वेन मम देहकर्तृत्वविरोधादिति।।१६२।।

---

હવે આત્માને પરદ્રવ્યપણાનો અભાવ અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ સિદ્ધ કરે છે :–

**હું પૌદ્ગલિક નથી, પુદ્ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;**
**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.**

**અન્વયાર્થ :–** **[अहं पुद्गलमयः न]** હું પુદ્ગલમય નથી અને **[ते पुद्गलाः]** તે પુદ્ગલો **[मया पिण्डं न कृताः]** મેં પિંડરૂપ કર્યાં નથી; **[तस्मात् हि]** તેથી **[अहं न देहः]** હું દેહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી **[वा]** તેમ જ **[तस्य देहस्य कर्ता]** તે દેહનો કર્તા નથી.

**ટીકા :–** પ્રથમ તો, જે આ પ્રકરણથી નિર્ધારિત, પુદ્‌ગલાત્મક શરીર નામનું પરદ્રવ્ય– કે જેની અંદર વાણી અને મન એ બે સમાઈ જાય છે–તે હું નથી, કારણ કે અપુદ્‌ગલમય એવો હું પુદ્‌ગલાત્મક શરીરપણે હોવામાં વિરોધ છે. વળી એવી જ રીતે તેના (અર્થાત્ શરીરના) કારણ દ્વારા, કર્તા દ્વારા, કર્તાના પ્રયોજક દ્વારા કે કર્તાના અનુમોદક દ્વારા, શરીરનો હું કર્તા નથી, કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે. ૧૬૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આસો વદ ૫, બુધવાર તા. ૧૦-૧૦-૧૯૭૯**
**ગાથા – ૧૬૨, ૧૬૩**
**પ્રવચન નંબર–૧૬૯**

'પ્રવચનસાર' ૧૬૨ ગાથા. '**હવે આત્માને પરદ્રવ્યપણાનો અભાવ...**' એક (વાત) '**અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ સિદ્ધ કરે છે :–**'

**णाहं पोग्गलमइओ ण ते मया पोग्गला कया पिंडं।**
**तम्हा हि ण देहोऽहं कत्ता वा तस्स देहस्स।।१६२।।**

**હું પૌદ્‌ગલિક નથી, પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;**
**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.**

**ટીકા :–** '**પ્રથમ તો...**' ૧૬૨ (ગાથા). '**यदेतत्प्रकरणनिर्धारितं**' મૂળ વાત એ છે કે, '**જે આ પ્રકરણ...**' – અધિકાર (છે) એમાં નિશ્ચય કર્યો કે, '**પુદ્‌ગલાત્મક શરીર...**' પુદ્‌ગલસ્વરૂપ શરીર '**નામનું પરદ્રવ્ય–કે જેની અંદર વાણી અને મન એ બે સમાઈ જાય છે–તે હું નથી,...**' મંદિર છે, ભગવાનની પ્રતિમા છે, મંદિર છે તો શરીરની ક્રિયા નિમિત્ત છે. દર્શન કરવા આવે એટલે થાય છે. નિમિત્ત ન હોત તો થાત ? મંદિર અહીં નહોતું તો દર્શન કરવા આવતું હતું ? આહા..હા...! ઝીણી વાત બહુ, ભાઈ ! ગંભીર ! આહા..હા...!

કહે છે કે, પ્રભુ ! એ વખતે દર્શન કરનારનો આત્મા, એની પર્યાય એ પ્રકારે શુભની થવાનો કાળ અને શરીરની પર્યાય પણ તે પ્રકારે અહીં આવવાનો (કાળ હતો), આત્માને કારણે નહિ. ઝીણી વાત, ભાઈ ! શરીરને કારણે શરીરની પર્યાય (થાય છે) એ અહીંયાં સિદ્ધ કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે, શરીર હું નહિ, એની થતી ક્રિયા હું નહિ અને તેનો હું કર્તા નહિ.

ભગવાન ! આ મંદિર નહોતું ત્યારે આ કોઈ આવતું હતું ? (તો) નિમિત્તને લઈને આવે છે કે નહિ ? પ્રત્યક્ષ દેખાય અને ના (પાડવી) ? અહીં પહેલું કાંઈ નહોતું અને પછી ઈ આવ્યું. (આ ભાઈ) મોટરમાં બેસે છે તો મોટરને લઈને ઈ ચાલે છે ? કે, નહિ. નહિતર અંદર કેમ બેસે ? ઝીણી વાત, ભાઈ ! ગંભીર તત્ત્વ છે ! એ મોટરની પર્યાય તે કાળે તે રીતે થવાની અને શરીરની પર્યાય તે રીતે ત્યાં આગળ (થવાની હતી). શરીર મોટરમાં બેઠું પણ નથી, શરીરને મોટરનો આધાર પણ નથી. શરીરને શરીરનો આધાર છે. એ આવી ગયું છે, ઈ આવી ગયું. શરીરને શરીરનો આધાર છે. શરીરને શરીરનું કર્તાપણું અને એના કારણો છે. એને કારણે શરીર ત્યાં ગતિ કરે છે, મોટરને લઈને નહિ. આ ગળે ઉતારવું...! ભાઈ ! આહા...હા...! અહીં પાડા બેસતા, એટલી ખબર નથી ? આહા..હા...! ભાઈ ! શરીરની પર્યાય આ કાળે તે જ પ્રકારે થવાની (હતી) એ આ નિમિત્તને લઈને નહિ. આકરું કામ બહુ, જગતને આકરું કામ પડે. આહા..હા...!

શાસ્ત્રમાં એવું આવે કે, મંદિર હોય તો દર્શન થાય, પૂજા થાય, લોકો શાસ્ત્ર વાંચે. તો ત્યાં નિમિત્ત છે તો થાય છે એમ આવ્યું કે નહિ ? આહા..હા...! ઈ તો પોતાને કારણે હોય, અહીં કીધું ને ! શરીર પુદ્ગલ છે અને એની પર્યાય તે ક્ષણે તેને કારણે હું કર્તા (થયા) વિના, મારા કારણ વિના, અનુમોદક વિના, પ્રયોજક – યોજના વિના તે પર્યાય તે પ્રકારે ત્યાં થાય છે. અરે...! પ્રભુ ! જગતને બેસાડવું કઠણ (પડે). આકરું કામ ! આહા..હા...! કહો, સમજાય છે ? ભાઈ !

'ભાવનગર'થી આવ્યા તો આ (મંદિર) હતું તો આવ્યા (ને) ? પ્રત્યક્ષ દેખાય છે કે અહીં પાડા બેસતા અને અત્યારે માણસો (બેસે છે). ઉદ્ઘાટન વખતે ૨૬૦૦૦ (માણસો) હતા... મોટો મહોત્સવ ! ભાઈ ! શાંતિથી, ગંભીરતાથી વિચાર કર, ભાઈ ! તે તે કાળે તે તે શરીરની તે પ્રકારની જન્મક્ષણ છે તેથી તે પર્યાય (થાય છે), આત્માને લઈને નહિ. આહા..હા...! અને આત્માની પણ તે જ પ્રકારની તે વખતની પર્યાયની જન્મક્ષણ છે માટે તે પર્યાય થાય છે. આહા..હા...!

એની મેળાએ અક્ષરો લખાય ? હોશિયાર માણસ હોય તો કેવા અક્ષર લખે ? મોતીના દાણા જેવા ! અમારા ભાઈ હતા ને ? મોટાભાઈ નામુ લખતા. મોતીના દાણા જેવા (અક્ષર) ! બહુ નામુ (લખતા). ભાઈ – મોટાભાઈ હતા (એ) 'પાલેજ' દુકાન(માં) બહુ નામુ લખતા. એ લખવાના અક્ષરો આત્મા ન હોય તો લખાય ? નહિ ? બાપુ ! એ અક્ષરોના પરમાણુઓના પિંડની તે પર્યાયની તે કાળે જન્મક્ષણ છે. તેથી તે અક્ષર તેની પર્યાયમાં થાય છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરે..રે...! ઘણું આકરું કામ !

ગંભીર તત્ત્વ છે ! ભિન્ન ભિન્ન તત્ત્વ છે એમાં ભિન્ન ભિન્ન તત્ત્વનો ભિન્ન તત્ત્વ (કર્તા ન હોય). એક તો એ વાત આવી હતી કે, ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, અનંત ગુણનો પવિત્ર પિંડ છે તો એને આશ્રયે પવિત્રતા પ્રગટે. ધર્મ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો એ નિર્મળને આશ્રયે પ્રગટે અને વ્યવહાર છે તે પરને આશ્રયે પ્રગટે છે તે મલિનતા છે. આવી વાત છે પણ હવે શું થાય ? સંયોગથી જોવે છે, એના સ્વભાવથી જોતો નથી કે, આ સંયોગ(માં) મંદિર છે માટે આવ્યા એમ કહ્યું પણ એનો પોતાનો પર્યાય – શરીરનો સ્વભાવ અને આત્માનો તે વખતનો તે પર્યાયનો સ્વભાવ (છે) એમ ન જોતાં આ આને લઈને આવ્યું ઈ સંયોગથી જોનાર છે. આહા..હા...!

એ તણખલું (અથવા) દૂધી(નું) શાક છે અને છરી છે. એ દૂધી ઉપર છરી પડે અને કટકા થાય છે તો લોકો સંયોગથી જોવે છે કે, છરીથી કટકા થયા. પ્રભુ કહે છે કે, એ કટકા થવાની પર્યાયનો, એ પરમાણુનો પોતાનો, છરીની અપેક્ષા વિના કટકા થવાનો તે પર્યાયનો તે વખતનો સ્વભાવ છે. અરે..રે...! આવી વાત ! દુનિયાથી ઊંધી કહેવાય. આહા..હા...! દુનિયાની બધી ખબર છે, નથી ખબર (એવું નથી). આહા..હા...!

અહીં કહે છે કે, શરીર છે એ પુદ્ગલ છે અને એનો પુદ્ગલનો પિંડ મેં કર્યો નથી. આહા..હા...! તો પછી પિંડની જે ક્ષણે જે અવસ્થા થાય તેને હું કરતો નથી. આહા..હા...! પૂજામાં ચોખા લઈને આમ સ્વા..હા... કરે, (તો) કહે છે કે, એ પરમાણુની ક્રિયાની તે વખતની તે પર્યાય થઈ છે. એ આત્માની ઇચ્છાથી થઈ નથી અને તે ચોખા પડ્યા એ આનાથી આમ પડ્યા (તો એ રીતે) પડ્યા નથી. એ ચોખાની પર્યાય એ રીતે ત્યાં થવાની હતી તે થઈ છે. આ કોણ માને ? વીતરાગનો માર્ગ આખા જગતથી ઊંધો છે.

ઊંધા ઘડા ઉપર ઊંધા જ ઘડા રહે. ઘડો ઊંધો હોય એના ઉપર ઊંધો જ રહે. એમ જેના તર્ક જ ઊંધા છે, તત્ત્વની દૃષ્ટિ અને તત્ત્વની પર્યાય તે કાળે છે એમ જેની દૃષ્ટિ નથી ઈ બધી વાતું ઊંધા તર્કથી કરે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! આહા..હા...!

આ દાઢથી રોટલીના કટકા થતા નથી, કોણ માને ? એ રોટલીના કટકાના પર્યાયનો તે કાળે ઉત્પાદનો જન્મક્ષણ છે તેથી થયા છે, દાઢ તો તેને અડી પણ નથી. એક દ્રવ્યને બીજું દ્રવ્ય અડતું પણ નથી. કેમકે એક દ્રવ્ય(માં) બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે. અભાવ છે તો એક દ્રવ્ય બીજાને અડતું નથી. અરે..રે...!

પાણી અગ્નિને અડતું નથી, અગ્નિ પાણીને અડતી નથી અને (પાણી) ઊનું થાય છે. અરે... પ્રભુ ! શું થાય ? આ વાત કોને બેસે ? આહા..હા...! સમજાય છે ? એ પાણીની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્પર્શગુણની ઠંડી અવસ્થા(માંથી) ઉષ્ણ થવાનો એનો કાળ હતો, તે સ્વકાળે (ઉષ્ણ) થયું છે. અગ્નિથી ઊનું થયું નથી, અગ્નિ એને અડી નથી. કેમ ? કે, પાણીના પરમાણુ અને અગ્નિના પરમાણુ બે વચ્ચે અત્યંત અભાવ છે. અભાવ છે તો (એકબીજાને) અડેનો ભાવ ક્યાંથી રહે ? આવી વાતું છે.

ઈ અહીં કહે છે, આહા..હા...! આ અધિકારમાં નિશ્ચય કરેલું પુદ્‌ગલસ્વરૂપ શરીર. ઈ તો પુદ્‌ગલસ્વરૂપ શરીર (છે), પ્રભુ ! આહા..હા...! એ '**નામનું જે પરદ્રવ્ય...**' પુદ્‌ગલસ્વરૂપ શરીર નામનું પરદ્રવ્ય અને તેની અંદર વાણી અને મન બન્ને સમાઈ જાય. તેની – પરદ્રવ્યની પર્યાય જે સમયે જે થાય... આહા..હા...! ક્રમબદ્ધમાં એની જે સમયે જે પર્યાય થાય તેનો હું કર્તા નથી. કેમકે તે કાળે પણ મારે તેને અને સ્વને જાણવાની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે જાણવાની પર્યાય ઉત્પન્ન થાય. આહા..હા...! આવું ગળે ઊતરવું !

કરવતથી લાકડા કપાય નહિ, તણખલાના બે કટકા આત્મા કરી શકે નહિ, શાક અગ્નિથી (પાકે) નહિ, રોટલી તાવડીથી શેકાય નહિ. કેમકે તાવડીના પરમાણુઓ અને રોટલીના પરમાણુ જુદા છે. જુદા છે તેથી ત્રીજા શ્લોકમાં કહ્યું છે – 'સમયસાર'(માં) ત્રીજા શ્લોકમાં ! કે, એક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને ચૂંબે – સ્પર્શે, પરદ્રવ્યને સ્પર્શે નહિ. ત્રીજી ગાથા છે. આહા..હા...! આ વીતરાગનો સિદ્ધાંત ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. ગજબ વાત છે ! અગ્નિના પરમાણુ પાણીને અડતા નથી અને પાણી ઊનું થાય. કોણ માને આ ? (એમ લાગે) ગાંડા પાગલ છે માળા ! બાપુ ! એમ છે, પ્રભુ ! (તું) જેમ માન તેમ માન, પણ વસ્તુ તો આમ છે. આહા..હા...!

ભાઈ ! શરીર(ને) અહીં પુદ્‌ગલદ્રવ્ય નિર્ધાર કર્યું. આ..હા...! અને તેની સાથે મન અને વાણી પણ પુદ્‌ગલ છે એમ સિદ્ધ કર્યું. તો તે તે સમયની જે અવસ્થા (થાય)... ઈ કહેશે (કે), '**તે હું નથી, કારણ કે અપુદ્‌ગલમય એવો હું...**' હું તો અપુદ્‌ગલમય એવો હું, પુદ્‌ગલમય એવું શરીર, અપુદ્‌ગલમય એવો હું.

ભગવાન ! આ વાત તો પરમાત્માના ઘરની છે ! આ..હા..હા...! એનો નકાર ન થાય, પ્રભુ ! આહા..હા...! જેમ છે તેમ એનો હકાર થવો જોઈએ. આ..હા...! આ સાધારણ ભાષા કરનાર છે માટે તે ખોટું (છે) એમ ન લેવું, પ્રભુ ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવનો ભાષામાં – દિવ્યધ્વનિમાં આ પોકાર છે ! આ 'પ્રવચનસાર' છે ! પ્રવચન છે – દિવ્યધ્વનિ (છે). આહા..હા...!

એક જણાને કહ્યું હતું. 'વઢવાણ'વાળા (એક ભાઈ હતા). એને બીજાએ કહ્યું હતું કે, તમે નિમિત્તને માનતા નથી તો ત્યાં (–'સોનગઢ') વારંવાર કેમ જાઓ છો ? નિમિત્તથી તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાતું નથી તો તમે ત્યાં કેમ જાવ છો ? તો એણે જવાબ આપ્યો કે, પ્રભુ ! નિમિત્તથી થતું એનો વિશેષ નિર્ણય કરવા અમે જઈએ છીએ ! નિર્મળાનંદ પ્રભુ ! આહા..હા...! જગતનો સાક્ષી પ્રભુ ! એ જગતના કોઈ પદાર્થની પર્યાયને શી રીતે કરે ? આહા..હા...! એવો જવાબ આપ્યો હતો. લાખો માણસો હવે તો વિચારે ચડ્યા છે, સત્-વિચારે ચડ્યા છે. બાપુ ! વિચાર તો કરો, બાપુ ! અરે...! આવા વખત મળ્યા. દેહ ચાલ્યો જશે, ભાઈ ! આહા..હા...!

આ..હા..હા...! શરીર એ પુદ્ગલ છે અને હું અપુદ્ગલ છું એમ કહ્યું ને ? '**અપુદ્ગલમય એવો હું પુદ્ગલાત્મક શરીરપણે હોવામાં વિરોધ છે.**' હું અપુદ્ગલસ્વરૂપ એ પુદ્ગલસ્વરૂપ શરીર થવામાં વિરોધ છે. આહા..હા...! શું વાણી ! '**વળી એવી જ રીતે તેના (અર્થાત્ શરીરના) કારણ દ્વારા,...**' આહા..હા...! તેના – શરીરના કારણ દ્વારા હું એનો કર્તા નથી, કારણ તો એનાથી થાય છે. આહા..હા...!

શરીર અહીંયાં ભગવાનના મંદિર પાસે આવે છે (તો) કહે છે કે, ઈ તો શરીરના કારણ દ્વારા શરીર આવે છે, મારે કારણે નહિ તેમ ભગવાનને કારણે નહિ. આહા..હા...! પાગલ જેવી વાતું લાગે ! પ્રત્યક્ષ દેખાય છે ને તમે કહો છો (એમ નથી) ? ભાઈ ! તું પ્રત્યક્ષ કોને કહે છે ? તારી દૃષ્ટિ સંયોગથી જોવે છે માટે તને પ્રત્યક્ષ દેખાય છે, પણ તે તે દ્રવ્યના સ્વભાવથી જો તો તે પર્યાય તેનાથી થઈ છે, સંયોગથી થઈ નથી. આ..હા..હા...! ન્યાય સમજાય છે ?

એકાંત છે... એકાંત છે... એમ લોકો (કહે છે). (એમ) 'જૈનદર્શન' (નામની પત્રિકામાં) આવે છે. પ્રભુ ! શું કરીએ ? અત્યારે સર્વજ્ઞ પરમાત્મા રહ્યા નહિ, કોની પાસે નક્કી કરાવવું ? આહા..હા...! ભાઈ ! તું પણ પ્રભુ છો ને ! તું 'સીમંધરનાથ' છો ! (અર્થાત્) તારા સ્વભાવમાં સીમા – મર્યાદાથી રહેલો છે. તારી મર્યાદા છોડીને પુદ્ગલમાં ગયો નથી. આ..હા..હા..હા...!

પુદ્ગલની – શરીરની જે ક્ષણે અવસ્થા થવાની તે ક્ષણે તેમાં થાય એ પુદ્ગલાત્મક છે. અપુદ્ગલાત્મક હું એનામાં મારું કાંઈ નથી. આહા..હા...! મારું નિમિત્ત છે માટે થયું ? તો કહે (છે), ના. (એનું) કારણ એનામાં છે. અરે..રે...! આવી વાતું ! ભગવાન પરમ સત્ય તો આ છે ! બેસે, ન બેસે, એકાંત લાગે. કહો, વસ્તુ ફરે એવી નથી. આહા..હા...! શું કહ્યું ?

'**(શરીરના) કારણ દ્વારા,...**' આહા..હા...! શરીરના કારણ દ્વારા એની પર્યાય થાય છે. આહા..હા...! ભગવાનની ભક્તિમાં વાણી નીકળે અને ભગવાનની સામે શરીરની કાંઈક ચેષ્ટા થાય (તો) કહે છે કે, ઈ શરીરના કારણ દ્વારા તે પર્યાય થાય છે. આ..હા..હા..હા...! આ સુજાન છે ! આ..હા..હા...! મોટી મોટી વાતું કરીને લોકોને રાજી કરે ને લોકો રાજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય. પ્રભુ ! ત્યાં સત્ય લૂટાય છે. આહા..હા...! ભાઈ ! તને ખબર નથી.

પ્રભુ ! તું તો અપુદ્‌ગલ છો ને ! એ પુદ્‌ગલની કોઈ પણ અવસ્થા જે ક્ષણે થાય તેનું કારણ એ છે. એમ આવ્યું ને ? આ..હા..હા...! સિદ્ધાંતની એક પણ ગાથા મધ્યસ્થતાથી સમજે... આહા..હા...! તો એનો નિકાલ થઈ જાય. પણ એમને એમ વાદ ને વિવાદ કરી કરીને (સત્યથી વંચિત રહી ગયો). પ્રભુ ! એ વાદવિવાદથી કંઈ નિર્ણય થાય એવો નથી. આહા..હા...!

કહે છે કે, શરીર, વાણી અને મન એના '**કારણ દ્વારા.**' શરીર, વાણી અને મન એના '**કર્તા દ્વારા...**' આહા..હા...! શરીર, વાણી અને મન '**કર્તાના પ્રયોજક...**' (અર્થાત્) યોજક, કર્તા, કરાવવું. યોજક – કરાવવું એ દ્વારા '**કર્તાના અનુમોદક દ્વારા, શરીરનો કર્તા હું નથી,...**' આહા..હા...! એના કારણમાં હું નથી, એના કર્તાપણામાં નથી, એના કાર્યપણામાં નથી, એના અનુમોદકપણામાં હું નથી. આહા..હા...! કહો, ભાઈ ! ક્યાં આવું કોઈ 'દી સાંભળ્યું છે ? આહા..હા...!

આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ 'સીમંધર' પરમાત્માની વાણી છે, પ્રભુ ! 'કુંદકુંદાચાર્યદેવ' (ત્યાં) ગયા હતા, આઠ 'દી રહ્યા હતા. આહા..હા...! એ વાણી છે. આ..હા..હા...! શરીર, મન અને વાણી, તેની જે સમયે પર્યાય થાય તેના કારણમાં હું નથી, તેના કર્તામાં હું નથી, તેના યોજકમાં હું નથી, એના અનુમોદનમાં હું નથી કે, ઠીક, આવી દેહની ક્રિયા થઈ. આહા..હા...!

આ કાંઈ વેદાંત નથી કે, એક વ્યાપક દ્રવ્ય છે. એમાં તો એમ કહે છે ને કે, સર્વવ્યાપક એક છે. (તે) તદ્દન મિથ્યાદૃષ્ટિ (છે). પર્યાયને માનતા નથી, અનંત દ્રવ્યને ભિન્ન માનતા નથી. આહા..હા...! કેટલાક એમ કહે છે કે, અહીં નિશ્ચયની વાત છે ને (એ) વેદાંત જેવી છે ! વેદાંત જેવી નથી, પ્રભુ ! વેદાંતમાં અનંત આત્માઓ ને એને ગુણ ને એની પર્યાય ને અનુભવ ને એવી વાત કે'દી છે ? એનામાં છ દ્રવ્ય જ ક્યાં છે ? આહા..હા...! આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવનો આ પંથ અને માર્ગ છે.

કહે છે કે, (જીવને એમ થાય કે), ચાલ હું મંદિરે – આગમ મંદિરે જાઉં માટે શરીરની અવસ્થાને હું ચલાવું અને અહીં લાવું. (પરંતુ) એ મારો અધિકાર નથી. આહા..હા...! કહો, ભાઈ ! આવી વાતું છે ! તમારા કપાસના ધંધા મોટા ધંધા ! (એમાં આવું ન આવે). આહા..હા...!

કહે છે કે, ક્ષેત્રમાં – આત્માના ક્ષેત્રમાં રહેલું. ત્રણ પ્રકાર છે. એક તો આત્માના ક્ષેત્ર(ની) બહાર રહેલા પદાર્થો, આત્માના ક્ષેત્રમાં રહેલા શરીર, વાણી, મન અને આત્માની પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રહેલો રાગ, દ્વેષ, વિકાર. આહા..હા...! એ ત્રણેનો હું કર્તા નથી. તેમાં હું કારણપણે પણ નથી. આહા..હા...! તેના યોજકપણે પણ હું નથી તેમ તે ભાવ થયો માટે ઠીક થયું એવો અનુમોદક હું નથી. આહા..હા...! સમજાય એવું છે, હોં ! ભાષા સાદી છે, વસ્તુ તો જેમ છે એમ છે, ભાઈ !

આહા..હા...! ભગવાને તો જેમ છે તેમ જાણ્યું છે, કર્યું નથી. ભગવાને કોઈનું કાંઈ કર્યું નથી. આહા..હા...! જેમ છે તેમ જાણ્યું છે અને જાણ્યું છે તેમ ભાષામાં ભાષાના કારણે આવી ગયું છે. એ ભાષાના કર્તા ભગવાન નથી. આ..હા..હા...! દિવ્યધ્વનિના કર્તા વીતરાગ નથી. આ..હા...! અને એવી જ વાત આવે. સર્વજ્ઞ (જ્ઞાનમાં જેવી) વાત જોયેલી છે એવી જ વાત એમાં (આવે). વાણીમાં નિમિત્ત છે ને તેથી એવી જ વાત આવે. પણ તેથી નિમિત્ત છે માટે આમાં આવી વાત આવે એમ નહિ. એ વાણીમાં સ્વપરપ્રકાશક (કહેવાનો) સ્વભાવ છે. સ્વપર કહેવાનો સ્વભાવ છે. ભગવાનઆત્મામાં સ્વપરપ્રકાશક જાણવાનો સ્વભાવ છે. ભગવાનઆત્મામાં સ્વ-પર જાણવાનો સ્વભાવ છે. વાણીમાં સ્વ-પરને કહેવાનો સ્વભાવ છે, (એ) આત્માને લઈને નહિ. આ..હા..હા..હા...! અરે...! આ કોને બેસે ? આકરું લાગે ! આખો ’દી હું કરું... હું કરું... આહા..હા...! ગજબ કામ કર્યું છે ને !

કહે છે કે, એ શરીરની પર્યાય જે ક્ષણે થાય એ પુદ્‌ગલાત્મક છે. હું તો અપુદ્‌ગલાત્મક (છું) તેથી તેના કારણપણે હું નથી, તેના કારણપણે એ છે. આ શરીર આમ ચાલે છે એના કારણપણે ઈ શરીર છે. આહા..હા...! એમ મન અને વાણી. એના કર્તાપણે હું નથી, કર્તાના પ્રયોજક – યોજના – વ્યવસ્થા કરનારો હું નથી કે, આવી જ વાણી નીકળવી જોઈએ કે (આમ) જ શરીરને ચાલવું જોઈએ. આહા..હા...! ભગવાન પાસે જાવું છે તો શરીરને બરાબર વિનયસહિત ચાલવું જોઈએ. પ્રભુ... પ્રભુ... પ્રભુ....! એવો હું કર્તાનો પ્રયોજક નથી. ‘**કર્તાના અનુમોદક દ્વારા, શરીરનો કર્તા હું નથી,...**’ આ..હા..હા...! ગંભીર... ગંભીર... વાત છે !

જગતના પ્રાણી પદાર્થનું પરિણમન સંયોગ દેખીને જોવે છે કે, આ સંયોગ આવ્યો માટે આમ થયું. જો અગ્નિ આવી તો પાણી ઊનું થયું, છરી આવી તો કટકા થયા, દાંત હતા તો રોટલીના બટકા થયા. આહા..હા...! ઈ સંયોગથી જોવે છે. પ્રભુ કહે છે કે, તું એમ ન જો. તે તે કાળનો તે તે દ્રવ્યનો તે પર્યાયસ્વભાવ છે એમ જો, તો તને સત્ય હાથ આવશે. આહા..હા...!

અહીં પ્રત્યક્ષ પાડા બેસતા. એક દરબાર કહેતો હતો કે, ‘જીથરી’ની... શું કહેવાય ? ‘પાંચવડા’ ! એનો દરબાર કહેતો કે, અહીં પાડા બેસતા. તમે આવ્યા તો આ બધું થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કીધું, બાપુ ! એમ ગાળ આપીશ નહિ, બાપુ ! છવીસ-છવીસ લાખના મકાન અને કરોડો રૂપિયા ! કરોડો રૂપિયાના મંદિર થઈ ગયા ! ભાઈ !

પ્રશ્ન :– મહારાજ સાહેબનો પ્રતાપ કહીએ તો શું વાંધો ?

સમાધાન :– કોનો પ્રતાપ ? બાપા ! પ્રતાપ પર્યાયમાં હોય કે પ્રતાપ પરમાં જાય ? આવી વાત છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! સત્યને સત્ય તરીકે સમજવું અને સત્યને સત્ય તરીકે શ્રદ્ધવું એ અલૌકિક વાત છે ! પછી વળી રમણતા કરવી એ તો અલૌકિક વાતું છે !! ચારિત્ર એ તો અલૌકિક વાતું, બાપુ ! અત્યારે તો (ક્યાં જોવા મળે છે ?) આહા..હા...! આહા..હા...! ચારિત્ર તો પરમેશ્વરપદ ! એ તો અલૌકિક વાતું છે ! પણ એ ચારિત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન વિના હોય નહિ અને સમ્યગ્દર્શન, જ્ઞાનમાં તો પહેલું આ આવે.

કહે છે કે, હું અપુદ્‌ગલ છું. આ (શરીર) પુદ્‌ગલ છે. બે ચીજ જ ભિન્ન છે તો ક્ષણે ક્ષણે થતી પર્યાયનો (હું) કર્તા નથી, તેનું હું કારણ નથી, તેનો યોજક નથી, તેનો અનુમોદક નથી. ગજબ વાત છે ! આહા..હા...!

શરીરથી દયા પાળી (અને) જીવ બચ્યો. પાણીમાં માખી હતી (તે) આમ (કાઢી લીધી). કહે છે કે, એ આંગળીની પર્યાય એમ થઈ એનો હું કર્તા નથી. મેં એ કર્યું નથી. એ તો પુદ્‌ગલ છે, હું તો અપુદ્‌ગલ છું. એ શરીરના આંગળાને માખીને તારવવા માટે આમ આમ કેમ કરે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાત છે.

પહેલી દર્શનશુદ્ધિ એવી ચીજ છે... આહા..હા...! કે, જેમાં ભવનો અંત આવી જાય ! ભવનો છેડો આવી જાય. આહા..હા...! અહીં તો પહેલી એ વાત છે. દર્શનશુદ્ધિ ! સમ્યગ્દર્શનની દશા ! એ દશામાં પર્યાયમાં રહેલો રાગ અને એના પ્રદેશમાં રહેલા શરીર, વાણી અને મન અને પ્રદેશ બહાર રહેલા સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો-લક્ષ્મી, આબરૂ-કીર્તિ ઈ બધાનો હું કારણ પણ નથી, હું કર્તા નથી, પ્રયોજક – યોજક નથી. આહા..હા...! છોકરાઓને બરાબર સરખી રીતે પરણાવ્યા, સારી કન્યા જોઈને, ગૃહસ્થની દીકરી લઈને (પરણાવ્યા). આહા..હા...! એ..ઈ...! તમારા તો ત્રણે પરણી ગયા છે. યોજના કરી ને ? કે, સારી દીકરી આવે, કાંઈક લઈને આવે. એ બધી યોજના આવી કે નહિ ? પાંચ-પચીસ કન્યાના (માગા) આવ્યા હોય તો જે કાંઈક ઠીક હોય, રૂપાળી હોય, કાંઈક સારું લાવે એને પસંદ કરે. આહા..હા...! અરે... પ્રભુ ! અરે..રે...! એ કંઈ તારાથી થાય નહિ, ભાઈ ! એ વિકલ્પ પણ તારો નહિ ને, પ્રભુ ! તો વળી એ શરીરની બહારની ક્રિયા થાય એ વાત તો છે જ નહિ. આહા..હા...! વિકલ્પ છે એ તો રાગ છે, મલિન છે, પરાશ્રય છે. તું તો પ્રભુ ! શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો ને ! એને આશ્રયે કોઈ ’દી મલિનતા થાય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન અને (સમ્યક્)જ્ઞાન આત્માના આશ્રયે થાય અને રાગાદિ પરને આશ્રયે થાય. બે ચીજ જ તદ્દન જુદી છે. આહા..હા...! એક પર્યાયમાં બે ભાગ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય દ્રવ્યને આશ્રયે થાય, એ નિર્મળ છે અને રાગની – વ્યવહારની પર્યાય નિમિત્તને આશ્રયે થાય. આશ્રયે, હોં ! નિમિત્તથી નહિ. ઈ વાત 'સમયસાર'માં આવી ગઈ છે. (પરનો) આશ્રય હોય પણ ઈ વસ્તુ બંધનું કારણ નહિ. પરિણામનો આશ્રય પરવસ્તુ હો, પણ ઈ પરવસ્તુ બંધનું કારણ નથી. ઈ 'સમયસાર'માં આવી ગયું છે. આહા..હા...!

(તેનું) કારણ હું નથી. ક્ષણે ક્ષણે થતી વિવિધ અને વિચિત્ર શરીર–પર્યાય, વાણીની પણ વિવિધ અને વિચિત્ર થતી પર્યાય... આ..હા..હા...! તેનો હું ધારનાર નથી, તેનો હું કર્તા નથી, તેનું હું કારણ નથી, તેનો યોજક નથી. આવી યોજના થઈ માટે આમ થયું (એમ નથી). આ..હા...! આ માણસો બહુ કહે છે કે, સારા માણસ ભેગા થઈને યોજના કરે કે, ભાઈ ! આમ કરો... આમ કરો... આમ કરો... ઈ ના પાડે છે. યોજના તારાથી થાતી નથી. આહા..હા...! પ્રભુ ! તું તો જાણનાર અપુદ્‌ગલિક છો ને ! તું અપુદ્‌ગલિક જાણનાર-દેખનાર છો ને ! તારા અસ્તિત્વમાં તું કર. તે પણ તારા અસ્તિત્વમાં રાગને કર તે પણ મલિનતા (છે) અને તારા અસ્તિત્વમાં દ્રવ્યને આશ્રયે કર એ નિર્મળતા (છે). આહા..હા...! સમજાય છે કાંઈ ?

'**કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા...**' વાણી, મન અને આ શરીર અનેક પરમાણુ(નું બનેલું છે). એક એક પરમાણુ પણ સ્વતંત્ર (છે). પોતાની પર્યાય કરવાને તે સ્વતંત્ર (છે). પરમાણુમાં પણ નિજ ક્ષણે જે પર્યાય થાય (એ) પોતાથી થાય, બીજા પરમાણુથી પણ નહિ. આહા..હા...!

(આવું સાંભળીને) પછી લોકો વિરોધ કરે ને ? વિરોધ ન કરે ? મંદિર બનાવ્યા તો કહે, મંદિરથી (ધર્મ) થાય નહિ, ભગવાનની પ્રતિમાથી થાય નહિ, બાવીસ લાખ શાસ્ત્ર બનાવ્યા એનાથી જ્ઞાન થાય નહિ. ત્યારે બનાવ્યા શું કરવા ? કોણ બનાવે ? ભાઈ ! આહા..હા...! તે જ કાળે તે પરમાણુની શાસ્ત્ર રચવાની પર્યાય તે કાળે પરમાણુથી થાય, આત્મા એનો કર્તા નથી. ઈ તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' ન કહ્યું ? કોણ બનાવે ? પુસ્તક પુદ્‌ગલાત્મક છે અને હું અપુદ્‌ગલાત્મક છું તો અપુદ્‌ગલાત્મક વસ્તુ તે પુદ્‌ગલાત્મકની પર્યાયને શી રીતે કરે ? આહા..હા...! પ્રભુ ! જરી ઝીણી વાત પડે પણ સત્ય તો આ છે.

ત્રણલોકના નાથનું કથન આ છે. અરે...! આહા..હા...! (અમે) ત્યાં હતા પણ ત્યાંથી દેહ છૂટીને અહીં આવી ગયો છે. આ..હા...! આહા..હા...! વસ્તુ તો આ છે, પરમેશ્વર !

'**કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ...**' જોયું ? પર્યાયો (કહ્યું), હોં પાછુ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું...'** જે જે ક્ષણે દેહની અને વાણીની પર્યાય થાય... આહા..હા...! તે એકપિંડપર્યાયરૂપ પરિણામનો કર્તા હું નહિ. આ..હા..હા..હા...! **'અકર્તા એવો હું અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મ શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે.'** આ..હા...! આ..હા..હા...! શરીરની પર્યાય કરવામાં વિરોધ છે. આહા..હા...!

અહીં તો લોકો ઈ કહે, 'સોનગઢવાળા' નિમિત્તથી થાય નહિ એમ કહે છે. આખો 'દી નિમિત્તથી થાય છે એવું (તો) દેખાય છે. ભાઈ ! તારી દૃષ્ટિ નિમિત્ત ઉપર છે. આ..હા...! અને ભાઈએ કહ્યું નહિ ? (એક વિદ્વાને) હમણાં નક્કી કર્યું, પહેલા (એમની માન્યતામાં) જરી ફેર હતો. (સંવત) ૧૯૨૨ની સાલમાં (બીજા વિદ્વાન) સાથે ચર્ચા થઈ ત્યારે ફેર હતો. કારણ કે (એ વિદ્વાન) કહે કે, નિમિત્તથી કોઈ વખતે થાય અને ક્રમબદ્ધ નહિ. એક પછી એક થાય પણ આ પછી આ જ થાય (એમ) નહિ. ઈ બે ચર્ચા (વિદ્વાન) સાથે થઈ હતી. (એમની) દૃષ્ટિ વિરુદ્ધ હતી.

(અમે) કીધું, એમ નથી. આ..હા...! નિમિત્તથી કોઈ 'દી થાય નહિ અને ક્રમબદ્ધમાં કોઈ ફેર પડે નહિ. જે સમયે જે પર્યાય થવાની તે સમયે તે થાય. આના પછી આ જ થાય એમ નહિ, એમ (એ વિદ્વાન) કહેતા હતા. (અમે) કીધું, આના પછી આ જ થાય એવો એનો નિયમ છે. આ તો (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે. આ..હા...! (સંવત) ૧૯૮૬માં વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે એમ કહ્યું હતું કે, ઉપાદાનથી થાય નિમિત્તથી ન થાય. (બીજા વિદ્વાન) કહેતા કે, ઈ વાત વિચાર ઉપર રહી છે, વિચાર ઉપર રહી છે. મેં કીધું, વાત થઈ ગઈ છે. ઉપાદાનથી થાય નિમિત્તથી થાય નહિ. પણ હવે એણે નક્કી કર્યું, તે 'દી વિરોધ હતો. બધા બેઠા હતા. એક (વિદ્વાને) કબૂલ કર્યું હતું, એણે કબૂલ કર્યું હતું કે, સ્વામીજી કહે છે કે, દ્રવ્યની પર્યાય તે કાળે તેનાથી સ્વયંસિદ્ધ થાય, (તેને) પર કારકની અપેક્ષા નથી. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા દેખો ! ૬૨ ગાથા દેખો, કીધું. જુઓ, શાસ્ત્રમાં તો જુઓ !

દરેક (આત્મ) દ્રવ્યની પર્યાયમાં આત્મા પોતાનો કર્તા (છે), એ પર કારક(ની અપેક્ષા તેમાં) નથી. વિકાર થવામાં પણ જીવની સ્વતંત્રતા છે. કર્મના કારકે વિકાર થાય એમ પણ નથી. આ..હા..હા...! નિર્મળાનંદ પ્રભુ ! એમાં વિકાર થાય એવો કોઈ ગુણ નથી. અનંત ગુણ નિર્મળ છે છતાં પર્યાયમાં થાય એ સ્વંતત્ર પોતે (કરે) છે. કર્મના કારકની અપેક્ષા બિલકુલ નથી. આહા..હા...! ઝીણુ બહુ, ભાઈ !

**'હું અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક...'** (પરિણામાત્મક એટલે) 'શરીર અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ પરિણામ છે.' પરિણામ છે. એ પરિણામનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અકર્તા એવો હું... આહા..હા...! **'અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે.'** આહા..હા...! શરીરની જે ક્ષણે જે અવસ્થા થાય તેમાં હું કર્તાપણાનો વિરોધ છે. આ..હા..હા..હા...!

ભગવાન ! તું ભિન્ન દ્રવ્ય છો ને ! અને શરીર પણ અનંત પરમાણુનો પિંડ દ્રવ્ય છે કે નહિ ? તો દ્રવ્ય છે તે દ્રવે છે કે નહિ ? તે તે સમયની પર્યાય તે તે દ્રવ્ય દ્રવે છે. આ..હા..હા..હા...! એમાં બીજું દ્રવ્ય એને શું કરે ? અભિમાન, મિથ્યાત્વ – અભિમાન કરે. આહા..હા...!

તે (કર્તાપણે) **'હોવામાં સર્વથા વિરોધ છે.'** જોયું ? શરીર અનંત પુદ્‌ગલ પરમાણુના પિંડનો પર્યાય છે. આ પર્યાય છે, દ્રવ્ય-ગુણ નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. આ પર્યાય છે, પરમાણુના પિંડની આ પર્યાય છે. એ પર્યાય થવામાં હું અકર્તા છું. પર્યાય થવામાં (અકર્તા છું), દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. પણ એની પર્યાય થવામાં હું અકર્તા છું. તો આ પર્યાય કેમ આ થઈ ? મડદાને કેમ થતી નથી ? અરે... પ્રભુ ! સાંભળને ! મડદું પણ ઊંચું થાય છે. જોયું છે ઈ ? અમે જોયું છે. અમારા ભાઈ (સંવત) ૧૯૫૭માં ગુજરી ગયા હતા. રૂપાળા ગૃહસ્થ હતા. ગુજરી ગયા. રાત્રે કઢાય નહિ એટલે (મડદા ઉપર) લોઢાની કોશ મૂકી હતી. (કેમકે) આમ ઊભું થાય તો બીજાને ડર લાગશે. આ તો ૧૯૫૭ની વાત છે. તે 'દી અગિયાર વરસની ઉંમર હતી. એ ઊભું થઈ જાય છે. એના પરમાણુની પર્યાય થવાની હોય ઈ થાય છે. અને કોશ મૂકી, કોશ સમજે ? લોઢાની ! એથી (મડદું) ઊભું ન થયું એમ પણ નથી. આહા..હા...! ઈ સંયોગથી જોવે છે કે, એનાથી આ મડદું ઊભું ન થયું. પણ એનાથી તે પર્યાય તે કાળે ઊંચી થવાની હતી જ નહિ. આહા..હા...!

આ છૂટા કાગળ છે (એની ઉપર) લાકડું મૂકે તો એટલા પવન(થી) ન ફરે, એના વિના કાગળ ફરે. ફર... ફર... ફર... થાય. કહે છે કે, ઈ લાકડું મૂક્યું માટે ફર... ફર... નથી થતું એમ નહિ. અને લાકડું મૂક્યું એ સિવાયના ફર... ફર... થાય (અને) કપડું ઊડે એ પોતાને કારણે (થાય) છે. આહા..હા...! આવું છે. આ તો જ્યાં હોય ત્યાં કર્તા... કર્તા... કર્તા... (મિથ્યા)દર્શન – મિથ્યાત્વ (છે). મિથ્યાત્વમાં વ્રત લઈને બેસે, એના પછી અભિમાન ચડી જાય. શું થાય ? ભાઈ ! આહા..હા...!

**'હવે 'પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે :–'** પરમાણુઓ સ્કંધરૂપે કેમ થાય છે ? ભિન્ન ભિન્ન પરમાણુ છે ઈ ભિન્નરૂપે (એની) પર્યાય કેમ થાય છે ? ઘણાં પરમાણુની આ પિંડરૂપ પર્યાય (છે) ઈ શી રીતે થાય ? દરેક ભિન્ન ભિન્ન છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कथं परमाणुद्रव्याणां पिण्डपर्यायपरिणतिरिति संदेहमपनुदति -

**अपदेसो परमाणू पदेसमेत्तो य सयमसद्दो जो।**
**णिद्धो वा लुक्खो वा दुपदेसादित्तमणुभवदि।।१६३।।**
**अप्रदेशः परमाणुः प्रदेशमात्रश्च स्वयमशब्दो यः।**
**स्निग्धो वा रूक्षो वा द्विप्रदेशादित्वमनुभवति।।१६३।।**

परमाणुर्हि द्व्याद्प्रदेशानामभावादप्रदेशः, एकप्रदेशसद्भावात्प्रदेशमात्रः, स्वयमनेकपरमाणु-

---

एवं कायवाङ्गनसां शुद्धात्मना सह भेदकथनरूपेण चतुर्थस्थले गाथात्रयं गतम्। इति पूर्वोक्तप्रकारेण 'अत्थित्तणिच्छिदस्स हि'' इत्याद्येकादशगाथाभिः स्थलचतुष्टयेन प्रथमो विशेषान्तराधि-कारः समाप्तः। अथ केवलपुद्गलबन्धमुख्यत्वेन नवगाथापर्यन्तं व्याख्यानं करोति। तत्र स्थलद्वयं

---

હવે 'પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે :–

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.**

**અન્વયાર્થ :–** **[परमाणुः]** પરમાણુ **[यः अप्रदेशः]** કે જે અપ્રદેશ છે, **[प्रदेशमात्रः]** પ્રદેશમાત્ર છે **[च]** અને **[स्वयम् अशब्दः]** પોતે અશબ્દ છે, **[स्निग्धः वा रूक्षः वा]** તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થયો થકો **[द्विप्रदेशादित्वम् अनुभवति]** દ્વિપ્રદેશાદિપણું અનુભવે છે.

---

**अपदेसो परमाणू पदेसमेत्तो य सयमसद्दो जो।**
**णिद्धो वा लुक्खो वा दुपदेसादित्तमणुभवदि।।१६३।।**

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्यात्मकशब्दपर्यायव्यक्त्यसंभवादशब्दश्च। यतश्चतुःस्पर्शपञ्चरसद्विगन्धपञ्चवर्णानामविरोधेन सद्भावात् स्निग्धो वा रूक्षो वा स्यात्, तत एव तस्य पिण्डपर्यायपरिणतिरूपा द्विप्रदेशादित्वानुभूतिः। अथैवं स्निग्धरूक्षत्वं पिण्डत्वसाधनम्।।१६३।।

---

भवति। परमाणूनां परस्परबन्धकथनार्थं `अपदेसो परमाणू' इत्यादिप्रथमस्थले गाथाचतुष्टयम्। तदनन्तरं स्कन्धानां बन्धमुख्यत्वेन `दुपदेसादी खंधा' इत्यादिद्वितीयस्थले गाथापञ्चकम्। एवं द्वितीयविशेषान्तराधिकारे समुदायपातनिका। अथ यद्यात्मा पुद्गलानां पिण्डं न करोति तर्हि कथं पिण्डपर्यायपरिणतिरिति प्रश्ने प्रत्युत्तरं ददाति - **अपदेसो** अप्रदेशः। स कः। **परमाणू** पुद्गलपरमाणुः। पुनरपि कथंभूतः। **पदेसमेत्तो य** द्वितीयादिप्रदेशाभावात् प्रदेशमात्रश्च। पुनश्च किंरूपः। **सयमसद्दो य** स्वयं व्यक्तिरूपेणाशब्दः। एवं विशेषणत्रयविशिष्टः सन् **णिद्धो वा लुक्खो वा** स्निग्धो वा रूक्षो वा यतः कारणात्संभवति ततः कारणात् **दुपदेसदित्त-मणुहवदि** द्विप्रदेशादिरूपं बन्धमनुभवतीति। तथाहि - यथायमात्मा शुद्धबुद्धैकस्वभावेन बन्धरहितोऽपि पश्चादशुद्धनयेन स्निग्धस्थानीयरागभावेन रूक्षस्थानीयद्वेषभावेन यदा परिणमति तदा परमागमकथितप्रकारेण बन्धमनुभवति, तथा परमाणुरपि स्वभावेन बन्धरहितोऽपि यदा बन्धकारणभूतस्निग्धरूक्षगुणेन परिणतो भवति तदा पुद्गलान्तरेण सह विभावपर्यायरूपं बन्धमनुभवतीत्यर्थः।।१६३।।

---

**ટીકા :–** ખરેખર પરમાણુ દ્વિ-આદિ (બે, ત્રણ વગેરે) પ્રદેશોના અભાવને લીધે અપ્રદેશ છે, એક પ્રદેશના સદ્‌ભાવને લીધે પ્રદેશમાત્ર છે અને સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિના (–પ્રગટતાના) અસંભવને લીધે અશબ્દ છે. (તે પરમાણુ) અવિરોધપૂર્વક ચાર સ્પર્શ, પાંચ રસ, બે ગંધ અને પાંચ વર્ણના સદ્‌ભાવને લીધે સ્નિગ્ધ (ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે તેથી જ તેને પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે. આ રીતે સ્નિગ્ધરૂક્ષપણું પિંડપણાનું કારણ છે. ૧૬૩.

---

આહા..હા...! 'અનુભવે' શબ્દ લીધો છે, જોયું ? અનુભવે એટલે થાય. આને ક્યાં જ્ઞાન છે ? પાઠ છે ને ? '**मणुभवदि**' જુઓ ! '**दुपदेसादित्तमणुभवदि**' (અહીંયાં) અનુભવ એટલે થાય. એમ આત્માનો અનુભવ એ તો જ્ઞાનસહિત આનંદનો અનુભવ છે અને આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ (એટલે) એક પરમાણુ બીજા પરમાણુ સાથે ચિકાશ, લૂખાશને કારણે પિંડ થાય એને અનુભવે એમ કહેવામાં આવ્યું. અરે... અરે...! ભાષામાં ફેર...!

**ટીકા :– 'ખરેખર પરમાણુ દ્વિ-આદિ (બે, ત્રણ વગેરે) પ્રદેશોના અભાવને લીધે અપ્રદેશ છે,...'** એક પરમાણુ સ્વતંત્ર છે. **'એક પ્રદેશના સદ્ભાવને લીધે પ્રદેશમાત્ર છે...'** પરમાણુ તો એક પ્રદેશમાત્ર છે. **'અને સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિના (– પ્રગટતાના) અસંભવને લીધે અશબ્દ છે.'** પરમાણુ પોતે એકલો શબ્દરૂપે થાય (એનો) અભાવ છે. એક પરમાણુ શબ્દરૂપે થાય એનો અભાવ છે. આ..હા...!

ઘણા પરમાણુની ભેગી પર્યાય થાય ત્યારે શબ્દરૂપે પર્યાય થાય છે. એક પરમાણુની શબ્દરૂપે પર્યાય ન થાય. ભાષા છે ઈ અનેક પરમાણુની પર્યાય છે. પિંડરૂપે થયો છતાં પરમાણુ પરમાણુ તેમાં સ્વતંત્ર છે. ફક્ત સ્નિગ્ધ, રૂક્ષને કારણે એની એકતા દેખાય છે. એથી તેને પિંડરૂપ દ્રવ્ય કહેવામાં આવે છે – સ્કંધ કહેવામાં આવે છે. સ્કંધ કહો કે પિંડ કહો. આ..હા...!

(પરમાણુ) **'પ્રદેશમાત્ર છે અને સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિ...'** શબ્દનું પ્રગટપણું થવાના **'અસંભવને લીધે...'** (અર્થાત્) એક પરમાણુ શબ્દ(રૂપે) થાય તેનો અભાવ છે. એક પરમાણુ શબ્દરૂપે ન થાય. ઘણા પરમાણુ (શબ્દરૂપે) થાય એ પર્યાયનો સ્વભાવ છે. પરમાણુનો એકલાનો સ્વભાવ નથી પણ ઘણા પરમાણુની પર્યાયનો શબ્દરૂપે પરિણમવાનો સ્વભાવ છે. આહા..હા...! એક પરમાણુ શબ્દરૂપે ન પરિણમે (કારણ કે તે) અશબ્દ છે. ઘણા પરમાણુના સ્નિગ્ધ અને રૂક્ષ, ચીકાશ અને લૂખાશના ભેદને લઈને પિંડરૂપે દેખાય છે. આહા..હા...! એ કહેશે.

**'(તે પરમાણુ) અવિરોધપૂર્વક ચાર સ્પર્શ,...'** છે ને પરમાણુમાં ? **'પાંચ રસ,...'** આઠ નહિ, એક પરમાણુમાં આઠ સ્પર્શ નથી. શું કીધું ઈ ? પુદ્ગલમાં આઠ સ્પર્શ છે – ટાઢો, ઊનો (વગેરે) પણ એક પરમાણુમાં નહિ. આહા..હા...! ટાઢો, ઊનો, લૂખો, ચોપડ્યો, ભારે, હળવો... ભારે, હળવો એ નથી, લૂખો ચોપડ્યો છે. એક પરમાણુમાં લૂખો, ચોપડ્યો છે પણ ભારે, હળવો એ નથી. અરે... અરે...! સ્પર્શના આઠ ભેદ છે ને ? સ્પર્શના આઠ ભેદ છે. એક જ સ્પર્શ ઇન્દ્રિય છે એમ નહિ, એમાં આઠ ભેદ છે. ટાઢો, ઊનો, લૂખો, ચોપડ્યો, ભારે, હળવો, શીત, ઉષ્ણ. એમાં એક પરમાણુમાં ચાર હોય છે. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ (અને) લૂખો. બીજા ચાર ન હોય. સમજાણું કાંઈ ?

એક પરમાણુમાં સ્પર્શ ચાર હોય છે. આ છે એ તો ઘણા ભેગા થઈને ભારે, હળવો, ટાઢો અને ઊનો, આ વધારે થઈ જાય. એકમાં ટાઢો, ઊનો, લૂખો, ચોપડ્યો છે. આહા..હા...! ચાર સ્પર્શ છે. પાંચ રસ છે – ગુણ તરીકે, બે ગંધ છે અને **'પાંચ વર્ણના સદ્ભાવને લીધે...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચ રંગ છે. '**સ્નિગ્ધ (ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે...**' એ પરમાણુ ચીકણો અને લૂખાપણે થાય છે. આહા..હા...!

આવું કહેવાનું કારણ શું છે ? કે, ચીકાશ અને લૂખાશને લઈ એક પરમાણુમાં બે ગુણ ચીકાશ, લૂખાશ હોય, બીજા પરમાણુમાં ચાર ગુણ લૂખાશ, ચીકાશ હોય તો તે પિંડરૂપે થાય. બે પ્રદેશ રૂપી સ્કંધ થાય. એકલા પરમાણુમાં એ નથી. શું કહ્યું ? એક પરમાણુમાં ચીકાશ, લૂખાશ, ટાઢો, ઊનો છે ભારે, હળવો આદિ નથી પણ એક પરમાણુમાં ચીકાશ, લૂખાશ (હોય), પર્યાયમાં બે ગુણ ચીકાશ હોય અને બીજા પરમાણુમાં ચાર ગુણની ચીકાશ, લૂખાશ હોય તો બે પરમાણુ સ્કંધરૂપે થાય. આહા..હા...! છતાં એ સ્કંધરૂપે થાય એમાં પોતે સ્વતંત્ર છે. ઝીણી વાત છે.

એક પરમાણુમાં ચીકાશ અને લૂખાશ(ની) બે ગુણી પર્યાય હોય અને બીજા પરમાણુમાં ચાર ગુણી હોય તો એ બે થઈને પરમાણુનો સ્કંધ થાય છતાં એ પરમાણુ જે ચારપણે થયો એ પોતાની સ્વતંત્રતાથી થયો છે. ઈ ચાર ગુણી પર્યાય હતી માટે થયો છે એમ નથી. શું કીધું ઈ ? આહા..હા...! બહુ ઝીણું આ તો ! એક પરમાણુમાં ચીકાશ, લૂખાશની બે ગુણી પર્યાય હોય, ગુણ તો ત્રિકાળ છે, પર્યાયમાં બે ગુણી હોય, બીજા પરમાણું ચાર ગુણી ચીકાશ, લૂખાશ હોય તો એ ભેગો થઈને આ પરમાણુ ચાર ગુણ ચીકાશ, લૂખાશ(રૂપે) થાય. ઈ પોતાથી થાય છે, ઈ નિમિત્ત મળ્યું માટે થાય છે એમ નહિ.

એ મોટો પ્રશ્ન પણ થઈ ગયો છે. ઘણા વખતથી એ પ્રશ્ન ચાલતો (હતો). (એક ભાઈ કહેતા કે), 'જુઓ ! પરમાણુમાં ચીકાશ, લૂખાશ હોય તો બીજા પરમાણુ સાથે ભેગો થાય, જુઓ !' ભેગો થતો નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે અડતું પણ નથી. અરે..રે..રે...! એક કોર એમ કહેવું કે, દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયને સ્પર્શે પણ બીજાને અડે નહિ અને એક બાજુ કહેવું કે, એક પરમાણુ(ની) ચીકાશ, લૂખાશ(ની) બે પર્યાય (હોય) અને બીજા (પરમાણુમાં) ચાર (ગુણી) હોય તો એ (બે ગુણવાળો) ચાર થઈ જાય. (છતાં) અડતું નથી અને થઈ જાય ! ઝીણી વાત છે. આહા..હા...!

છે ને ? '**(ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે તેથી જ તેને પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે.**' પિંડ એટલે બે પરમાણુનો પિંડ થયો, બે પરમાણુનો સ્કંધ થયો, સ્કંધ ! બે પરમાણુનો સ્કંધ થયો પણ ઈ સ્કંધ કેમ થયો ? કે, એક પરમાણુમાં બે (ગુણી) ચીકાશ, લૂખાશ પર્યાય હતી, બીજામાં ચાર હતી તો એ રીતે અહીં ચાર થઈને એકરૂપે પિંડ થયો. એ પણ સ્વતંત્ર થયો છે. આ..હા..હા...! સામા (પરમાણુની) ચાર પર્યાય છે માટે આને ચાર પર્યાય થવી પડી એમ નથી. ઝીણું બહુ... ઝીણું બહુ, બાપુ ! વીતરાગમાર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઝીણો !

**'પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે.'** (અનુભૂતિ અર્થાત્) બે પ્રદેશપણે ભાવ થાય છે, બે પ્રદેશપણે સ્કંધ થાય છે. એક પરમાણુમાં લૂખાશ, ચીકાશ(ની) બે (ગુણી) પર્યાય, બીજામાં ચાર (ગુણી પર્યાય હોય) એથી બે પરમાણુનો સ્કંધરૂપે ભાવ થાય છે. અનુભૂતિ એટલે થાય છે. જડને કાંઈ અનુભવ હોતો નથી.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અષાઢ સુદ ૭, મંગળવાર તા. ૧૫-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૬૨, ૧૬૩, ૧૬૪
## પ્રવચન નંબર–૧૭૦

('પ્રવચનસાર' ગાથા–૧૬૨) '**હવે આત્માને પરદ્રવ્યપણાનો અભાવ...**' (છે) તેથી '**પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ...**' (છે). એમ નિયમ સિદ્ધ કર્યો. આત્માને પરદ્રવ્યનો અભાવ છે. અભાવ છે તેથી તે એનો કર્તા નથી. એમ. આત્મા પરદ્રવ્યના ભાવવાળો હોય તો તો કર્તા થાય, પણ પરદ્રવ્યના અભાવવાળો છે. આત્માને પરદ્રવ્યપણાનો અભાવ છે અને અભાવ છે માટે કર્તાપણાનો અભાવ છે. આહા..હા...!

અહીંયાં તો અત્યારે પરદ્રવ્યની વાત ચાલે છે. પણ નિશ્ચયથી તો જ્યાં સ્વભાવ છે એમાં વિકારનો અભાવ છે. સમજાણું ? પુદ્ગલનો જીવમાં અભાવ છે તેથી તેનો કર્તા નથી. અભાવ હોય એનો કર્તા ક્યાંથી હોય ? એમ જીવ સ્વભાવમાં – શુદ્ધતાના સ્વભાવમાં વિકારનો અભાવ છે. એ અભાવ છે માટે એનો કર્તા નથી. આહા..હા...! જડની – શરીર, વાણી, મનની ક્રિયા જડથી થાય. કેમકે એનો આત્મામાં અભાવ છે. અભાવ છે તેથી એના કર્તા(પણાનો) પણ અભાવ છે. આહા..હા...!

પહેલાં પદમાં મૂક્યું છે જુઓને ! '**આત્માને પરદ્રવ્યપણાનો અભાવ...**' (છે) તેથી. એમ (કરીને વાત લીધી છે). અને તેથી '**પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ**' (છે). આ નજીકની વાત છે, હોં ! બહારની (વાત) તો ક્યાંય રહી ગઈ. બીજા દ્રવ્યનો એમાં અભાવ છે માટે એના કર્તા(પણાનો) અભાવ છે. એમ શરીર, વાણી, મનનો આત્મામાં અભાવ છે તેથી તેના કર્તા(પણાનો) અભાવ છે. અને સ્વભાવમાં વિકારનો અભાવ છે માટે તે સ્વભાવ-વસ્તુ(માં) કર્તા(પણાનો) અભાવ છે (અર્થાત્) વિકારના કર્તા(પણાનો) અભાવ છે. આવું ઝીણું છે. શું આ બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'નાઈરોબી'માં કરે છે ને આ ? ૧૬૨ (ગાથા).

'**णाहं पोग्गलमइओ...**' (અર્થાત્) હું પુદ્‌ગલમય નથી. '**ण ते मया पोग्गला कया पिंडं।**' (અર્થાત્) હું આ નથી તો તેના પિંડ મેં કર્યા નથી એમ. આહા..હા...! '**तम्हा हि ण देहोऽहं कत्ता वा तस्स देहस्स।।**' '**હું પૌદ્‌ગલિક નથી, પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યા નથી;**' કેમકે હું પુદ્‌ગલ પિંડરૂપ નથી. આહા..હા...! તેથી એ પુદ્‌ગલને મેં પિંડરૂપ કર્યા નથી. '**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી.**' ઓ..હો..હો...!

'**પ્રથમ તો, જે આ પ્રકરણથી...**' આ જે પ્રકરણ ચાલુ છે એ દેહ, વાણી અને મનનું પ્રકરણ છે. એ '**પ્રકરણથી નિર્ધારિત...**' (અર્થાત્) આ પ્રકરણમાં નક્કી થયેલું. '**પુદ્‌ગલાત્મક શરીર...**' પુદ્‌ગલસ્વરૂપ શરીર '**નામનું પરદ્રવ્ય – કે જેની અંદર વાણી અને મન એ બે સમાઈ જાય...**' શરીર કહેતાં શરીરનો અભાવ (છે) તેમ મન અને વાણીનો પણ (અભાવ છે). શરીરમાં (બન્ને) આવી જાય છે.

'**તે હું નથી,...**' શરીર હું નથી તેથી શરીરની સાથે વાણી અને મન પણ હું નથી. ૧૬૨ છે ને ? સંસ્કૃતમાં ઈ લીધું છે. '**अशरीरसहजशुद्धचैतन्यपरिणतत्वेन मम देहत्वविरोधात्**' હું કોણ ? કે, અશરીરી. '**अशरीरसहजशुद्धचैतन्यपरिणतत्वेन**' આ..હા..હા...! અશરીરરૂપ સહજ શુદ્ધ ચૈતન્યના પરિણમનવાળો. આ..હા..હા...! સમજાણું કાંઈ ? ચૈતન્યના – શુદ્ધ ચૈતન્ય(ના) પરિણમનવાળો હું (છું). દેહ ને વાણી અને મનનો મારામાં અભાવ છે તેથી મારી પરિણતિ ચૈતન્યની છે. તેથી તેનો હું કર્તા નથી. આ..હા..હા...! ભારે સ્પષ્ટતા !

એની મેળાએ વાણી નીકળે ? એની મેળાએ શરીર ચાલે ? આહા..હા...! કહે છે કે, મારા કર્તા વિના એની મેળાએ (પરિણમે છે). કેમકે મારો એમાં અભાવ છે અને મારામાં એનો અભાવ છે. આહા..હા...! અને હું જે ભાવવાળો છું એ તો અશરીરી સહજ શુદ્ધ ચૈતન્ય પરિણતિના ભાવવાળો છું. આહા..હા...! સમજાણું કાંઈ ? એકલું દ્રવ્ય સહજ શુદ્ધ એમ નહિ, પરિણતિ (પણ શુદ્ધ). કેમકે ભેદજ્ઞાન થયું છે. સહજ અશરીરી શુદ્ધ ચૈતન્ય પરિણમન છે તે હું (છું). એમાં શરીર, વાણી, મન પુદ્‌ગલસ્વરૂપ છે. એનો મારી પરિણતિમાં અભાવ છે. તેથી તે દ્રવ્ય – મન, વાણી અને દેહનો હું કર્તા નથી. આ..હા..હા...! કહો, સમજાય છે કાંઈ ?

'**કારણ કે અપુદ્‌ગલમય એવો હું...**' આમાં એટલું નાખ્યું છે. પેલામાં (–સંસ્કૃતમાં) ઈ નાખ્યું – સહજ અશરીરી શુદ્ધ ચૈતન્ય પરિણતિવાળો હું. એનો અર્થ જ આ થયો (કે), '**અપુદ્‌ગલમય એવો હું...**' આહા..હા...! હું ચૈતન્ય – શુદ્ધ પરિણતિ સંપન્ન એવો હું. ભગવાનઆત્મા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન :– સાધકદશાની વાત છે ને ?

સમાધાન :– અત્યારે સાધકદશાની વાત છે. સમજાણું કાંઈ ?

આમાં આટલું લીધું. **'અપુદ્ગલમય એવો હું...'** એમાં (–સંસ્કૃતમાં) એમ લીધું, અશરીર સહજ શુદ્ધ ચૈતન્ય પરિણમનવાળો. સ્પષ્ટ કર્યું. આહા..હા...! અરે...! આ તો સાચું અધ્યાત્મ ! એના એક એક બોલને સમજવા અંદર ઘણી લાયકાત જોઈએ છે. આ કાંઈ વાણીને ધારી લ્યે એથી (એ) પરથી ભિન્ન થયો છે એમ નથી એમ કહે છે. આહા..હા...!

**'અપુદ્ગલમય એવો હું...'** એટલે કે શરીર, વાણી, મન જે પુદ્ગલસ્વરૂપ છે તો હું અપુદ્ગલસ્વરૂપ છું. આહા..હા...! એટલે કે ચૈતન્યસ્વરૂપ છું. હું એક ચૈતન્ય સહજ શુદ્ધ ચૈતન્ય પરિણમનસ્વરૂપ છું. આહા..હા...! **'એવો હું પુદ્ગલાત્મક શરીરપણે હોવામાં વિરોધ છે.'** અપુદ્ગલાત્મક એવો હું, શુદ્ધ ચૈતન્યના સહજ પરિણમનવાળો હું, એને પુદ્ગલસ્વરૂપ શરીરપણે હોવામાં વિરોધ છે. ઓ..હો..હો..હો...! શું ટીકા તે ટીકા !! આહા..હા...! ભેદજ્ઞાનને આમ હથેળીમાં બતાવ્યું છે !!

**'અપુદ્ગલમય એવો હું...'** પોતાનું અસ્તિત્વ પુદ્ગલમય નથી. અપુદ્ગલમય છે. આહા..હા...! એટલે ચૈતન્યના સહજ સ્વરૂપ પરિણમનવાળો તે હું. આ..હા...! એવા પુદ્ગલાત્મક શરીરપણે, અપુદ્ગલસ્વરૂપ હું એ પુદ્ગલસ્વરૂપ શરીરપણે હોવામાં વિરોધ છે. બહુ સીધી વાત છે. આહા..હા...!

**'વળી એવી જ રીતે...'** હું અપુદ્ગલસ્વરૂપ એટલે કે ચૈતન્યસ્વરૂપ સહજ સ્વભાવ–ચૈતન્યસ્વરૂપના પરિણમનસ્વરૂપ (છું). કેમકે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એ પરથી ભિન્ન પડે ત્યારે એનું (શુદ્ધ) પરિણમન થાય છે. સમજાણું કાંઈ ? જુઓ ! અહીં તો પુદ્ગલમય હું નહિ (એમ કહ્યું) એમાં રાગવાળો હું એ પણ સિદ્ધ ન કર્યું. રાગવાળો હું નહિ એમ એમાં આવી ગયું. અપુદ્ગલાત્મક છે ને ? (તો) ખરેખર નિશ્ચયથી એ રાગાદિ પુદ્ગલસ્વરૂપ છે અને ટીકામાં એમ લીધું ને ? સહજ ચૈતન્ય શુદ્ધ પરિણમન એમ આવ્યું ને ? અશરીરી સહજ શુદ્ધ ચૈતન્ય પરિણત પરિણામ. **'मम देहत्वविरोधात्'** એમ. આહા..હા...! એટલે સહજ શુદ્ધ ચૈતન્ય અશરીરી હું, અપુદ્ગલાત્મક હું એવા શુદ્ધ ચૈતન્ય પરિણત પરિણામ.

અહીં તો બીજું કહેવું છે કે, શરીર હું નથી તો હું સહજ ચૈતન્ય અને રાગવાળો તે હું એમ નથી કહ્યું. સમજાણું કાંઈ ? શરીરરહિત છું તો એ રાગરહિત પણ છું જ. કેમકે એમ (નથી) કે, શરીરરહિત થયો એટલે પરદ્રવ્યથી જુદું પડ્યું અને રાગથી જુદો નથી પડ્યો એમ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

શરીરની ક્રિયા એ પુદ્ગલાત્મક પર્યાય (છે) હું એ નથી, હું અપુદ્ગલમય છું. એથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારામાં રાગનું પરિણમન પણ નથી. સમજાણું કાંઈ ? પરથી ભિન્ન પડ્યો અને દૃષ્ટિ ગઈ દ્રવ્ય ઉપર. ઈ તો ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં આવ્યું ને ? (કે), પરનું લક્ષ છોડીને સ્વની સેવા – ઉપાસના કરી એને શુદ્ધ કહેવાય. પર્યાયમાં શુદ્ધ પરિણતિ આવી. શુદ્ધ પરિણતિ આવી ત્યારે તે પરથી ભિન્ન પડ્યો અને સ્વના આશ્રયે ગયો. આહા..હા...! આ તો માર્ગ... બાપા ! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અલૌકિક માર્ગ છે !

અશરીર એટલે આ શરીર છે, વાણી (અને) મન (છે). તો હું અશરીર, અવાણી, અમન (સ્વરૂપ છું). એ તો નકાર થયો. હકાર (શું છે) ? કે, સહજ શુદ્ધ ચૈતન્ય પરિણમન. શુદ્ધ ચૈતન્ય વસ્તુ જે છે એને જ્યારે જાણી એટલે એનું પરિણમન શુદ્ધ થયું. આહા..હા...! આવી વાત છે.

'**એવી જ રીતે તેના (અર્થાત્ શરીરના) કારણ દ્વારા,...**' હવે કહે છે કે, એ શરીરપણે હું નથી. હું તો અપુદ્ગલમય છું, પુદ્ગલમય શરીરપણે નથી. તેથી '**તેના (અર્થાત્ શરીરના) કારણ દ્વારા, કર્તા દ્વારા, કર્તાના પ્રયોજક દ્વારા કે કર્તાના અનુમોદક દ્વારા, શરીરનો કર્તા હું નથી,...**' આહા..હા...! આ તો શાંતિની વાતું છે, બાપુ ! આહા..હા...! આ કાંઈ મોટી ધમાલ કરવી ને આ કરે ને એમાં આ થાય... આહા..હા...! બહારના ભપકા (દેખાડે) તો કહે, ભારે ધર્મ થયો ! એમ છે ? એનો અર્થ થયો કે હું તો અપુદ્ગલાત્મક છું. ચૈતન્યના પરિણમન – સહજ શુદ્ધ ચૈતન્ય પરિણમનવાળો છું. એમાં આ વસ્તુનો હું કર્તા નથી. કેમકે એ વસ્તુનો મારામાં અભાવ છે. અભાવ છે તેનો હું કર્તા નથી. આ..હા..હા...! આ વીતરાગની વાણી તો જુઓ ! દિગંબર સંતો વીતરાગતાને અનુભવેલા !

હું તેના '**કારણ દ્વારા**' હું એનું કારણ નથી. એના '**કર્તા દ્વારા**' હું કર્તા નથી. એના કારણ દ્વારા કારણ નથી, એના કર્તા દ્વારા કર્તા નથી. એ '**કર્તાના પ્રયોજક...**' (અર્થાત્) એ શરીર જે રીતે યોજાણું, વાણી જે રીતે યોજાય એ મારી નથી, મેં યોજી નથી. એનાથી થયું છે. આહા..હા...! '**પ્રયોજક દ્વારા**' એટલે કરાવનારા. '**કર્તાના અનુમોદક...**' પહેલામાં કર્તા (લીધું), બીજામાં કરાવનાર, ત્રીજામાં અનુમોદક એમ ત્રણ (વાત લીધી). એના દ્વારા '**શરીરનો કર્તા હું નથી,...**'

'**કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના...**' અનેક પરમાણુદ્રવ્યનું આ શરીર (છે). આહા..હા...! '**એકપિંડપર્યાયરૂપ પરિણામનો...**' અનેક પરમાણુદ્રવ્યના ચીકાશ (અને) લૂખાશને લઈને એક પિંડ '**પરિણામનો અકર્તા એવો હું...**' શરીરના આ પરિણામ જે છે... આહા..હા...! જોયું ? એમાં પાછા પરિણામ લીધા. '**અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું...**' આ શરીર, વાણી, મન અનેક પરમાણુના એકપિંડપર્યાયરૂપ (પરિણામ છે). અનેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાણુદ્રવ્યોના – અનેક પરમાણુ પદાર્થના એકપિંડપર્યાયરૂપ (પરિણામ છે). એકપિંડરૂપે – સ્કંધરૂપે આમ દેખાય છે. એવા પરિણામનો '**અકર્તા એવો હું...**' એટલે કે શરીર, વાણી અને મનના દ્રવ્ય-ગુણનો અકર્તા (છું) એમ પ્રશ્ન ન લીધો. એના પરિણામનો હું અકર્તા (છું). કારણ કે એનું જે પરિણામ થયું છે એ પરિણામનો મારામાં અભાવ છે. માટે તે પરિણામનો હું અકર્તા છું. આહા..હા...! સમજાણું કાંઈ ?

તે પરિણામ એને કારણે થયા માટે તેનું હું કારણ નથી. એના પરમાણુની આ પર્યાય કરાવવા વડે એનાથી થઈ માટે હું એનો કરાવનાર પ્રયોજક નથી. એની અવસ્થા એને કારણે થઈ એનું અનુમોદન એટલે એમાં થઈ એનો હું અનુમોદન કરનાર નથી. આહા..હા...! ઠીક, આ શરીર-અવસ્થા આવી થઈ ને (કે) ભગવાનની પૂજામાં શરીર આમ વળ્યું, આંગળા આમ વળ્યા. એવા વખતમાં (આમ થયું એ) ઠીક (થયું) ને ? વિનય કરે, શરીર આમ નમે એવી જે પર્યાય થાય એ સારી ને ? અનુમોદન (કરવું) ઠીક ને ? આહા..હા...! કે, ના. એ રીતે શરીરના પરિણામ અનેક પરમાણુદ્રવ્યના પર્યાયરૂપ પિંડની અવસ્થામાં અને ભાષામાં સ્વા..હા... સ્વા..હા... એવી ભાષાની પર્યાયમાં (થાય) હું એનો કર્તા નહિ, હું એનું કારણ નહિ, હું એનો કરાવનાર નહિ, હું એનો પ્રયોજક – કરાવનાર (નહિ), એ શરીરની આવી યોજના મેં આમ કરી, એ વખતે વાણી(ની) આવી યોજના કરાવી એ પણ હું નહિ. આહા..હા...! ભાઈ ! આ બધા શું કારખાના-બારખાના ચલાવે છે ને ?

મુમુક્ષુ :– આખા શરીરનું તો નહિ પણ અવાજનું પોષણ તો કરે છે, આ બોલ્યો... આ બોલ્યો...

પૂજ્ય ગુરુદેવશ્રી :– અહીં તો રાગનું પણ નહિ. જે મારામાં નથી તેનો મારામાં અભાવ. અભાવનો ભાવ-કર્તા કેમ હોય ? કર્તા એ તો ભાવ થયો. સમજાણું કાંઈ ? મારામાં ભાવ હોય એનો કર્તા હું (છું), પણ મારામાં જેનો અભાવ (છે) એનો કર્તા હું કેમ (થાઉં) ? આહા..હા...! રાગ હોય, દેહની ક્રિયા પણ હોય પણ ઈ તો એને કારણે થઈ છે. આહા..હા...! કેમકે ઈ ચીજનો મારામાં અભાવ છે. પહેલેથી સિદ્ધાંત એ સિદ્ધ કર્યો છે ને ? ૧૬૨ (ગાથા) છે ને ?

આ તો 'જયસેનાચાર્યદેવ'ના સંસ્કૃતમાં મૂક્યું છે, જોયું ? '**अथात्मनः शरीररूपपरद्रव्याभावं तत्कर्तृत्वाभावं**' ૧૬૨ (ગાથાની ટીકાની) પહેલી (લીટી). પહેલો શબ્દ છે ને ? ૧૬૧ પછી. '**अथात्मनः शरीररूपपरद्रव्याभावं तत्कर्तृत्वाभावं**' ઈ તો 'અમૃતચંદ્રાચાર્યદેવે' માથે નાખ્યું. '**પરદ્રવ્યપણાનો અભાવ અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ...**' આહા..હા...! કેટલું સરળ અને કેટલું સીધું !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાણીની અને દેહની જે ક્રિયા થાય એ પરિણામ (છે). અનેક પરમાણુદ્રવ્યના એ પરિણામ છે, એકપિંડરૂપ પર્યાય છે. એ પર્યાયનો... દ્રવ્ય-ગુણનો તો અભાવ (છે) પણ એ પર્યાયનો પણ મારામાં અભાવ છે. તો જેનો મારામાં અભાવ (હોય) એનો હું કર્તા શી રીતે થાઉં ? આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ બહુ ઊંડો અને ઘણો લાભદાયક ! ઘણો લાભદાયક !! આ પૈસા-બૈસાના લાભની વાત નથી. લાભ સવાયા (લખે છે ને ?) ત્યાં ધૂળમાં પણ લાભ નથી. બારણા ઉપર લખે, નહિ ? લાભ સવાયા ! કંકુએ લખે લાભ (સવાયા).

આ તો ભગવાનઆત્મા ! શુદ્ધ પરિણમનના પગલે પરિણમતો – ચાલતો, કંકુ વર્ણે પગે ઈ ચાલે છે ! ચૈતન્યમૂર્તિ ભગવાન ! એવો જેણે દૃષ્ટિમાં (અને) જ્ઞાનમાં જાણ્યો એનું પરિણમન શુદ્ધ ચૈતન્યના પરિણમને પગલાં ભરે છે. આહા..હા...! એને સમય સમયની શાંતિનો, શુદ્ધતાનો લાભ વર્તે છે. એ શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિનું ટકવું, એની વૃદ્ધિ (થવી) એ બધો ભગવાનઆત્મા પરથી ભિન્ન પડ્યો અને પોતાના દ્રવ્યસ્વભાવને સંભાળ્યો... આહા..હા...! સંભાળ્યો એ પરિણતિ શુદ્ધ થઈ ગઈ. એ શુદ્ધ પરિણતિનો લાભ એ લાભ છે. આમ કહ્યું નથી ? પરમાનંદનો લાભ તેવો મોક્ષ. 'નિયમસાર'માં મોક્ષની વ્યાખ્યા કરી. 'શ્રીમદ્દે' મોક્ષની વ્યાખ્યા એ કરી. 'મોક્ષ કહ્યો નિજ...' નથી આવતું ? શુદ્ધ... શુદ્ધ ! મોક્ષની વ્યાખ્યા ન કરી ? શુદ્ધ... શુદ્ધ... ? શું કીધું ? (શ્રોતા :– 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'). બસ, ઈ ! 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, એ પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ'.

અહીં કહે છે કે, મોક્ષ એટલે શું ? ત્યાં તો (કહ્યું કે), 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' હવે અહીં મોક્ષ એટલે શું ? કે, પરમ આનંદનો લાભ તે મોક્ષ. આહા..હા...! આપણે પેલું લાભ સવાયામાં નાખ્યું હતું ને ? પરમાનંદનો લાભ ! ક્ષણે ક્ષણે આનંદની પરિણતિનો લાભ ! આહા..હા...! એ પરિણતિમાં મારા રાગનો પણ જ્યાં અભાવ (છે) તો શરીર, વાણી, મનનો તો અભાવ (જ છે). મારી પરિણતિમાં એનો અભાવ (છે) તો (એ) અભાવનો ભાવરૂપ કર્તા કેમ થાઉં ? કર્તા થાય તો ભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ ? જો હું કર્તા થાઉં તો એ પોતાનો ભાવ થઈ જાય અને ઈ ભાવ તો આત્મામાં છે નહિ. આહા..હા...!

'**(શરીરના) કારણ દ્વારા,...**' એ મારાથી વિરોધ છે. '**કર્તા દ્વારા,...**' મારાથી કર્તા વિરોધ છે. '**પ્રયોજક દ્વારા,...**' એ કર્તાના પ્રયોજક(નો) મારાથી વિરોધ છે. '**અનુમોદક દ્વારા, શરીરનો કર્તા હું નથી, કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ...**' અનેક પરમાણુ દ્રવ્ય જે વસ્તુ. આ પરમાણુ એક નથી. '**અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું...**'

'**અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ...**' આહા..હા...! પેલામાં કીધું હતું ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'કારણ કે અપુદ્ગલમય એવો હું પુદ્ગલાત્મક શરીરપણે હોવામાં વિરોધ છે.'** (એ) અહીંયાં સિદ્ધ કર્યું. **'અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે.'** આહા..હા...! એ અનેક પરમાણુની પિંડરૂપ આ પર્યાય (છે) એનું કર્તાપણું, એનું કારણપણું, એનું યોજવાપણું, એનું અનુમોદવાપણું (એ બધા સાથે) મારે વિરોધ છે. આહા..હા...! **'સર્વથા વિરોધ છે.'** લ્યો !

**'અપુદ્ગલમય એવો હું પુદ્ગલાત્મક શરીરપણે હોવામાં...'** એ પણે હોવામાં **'વિરોધ છે.' 'એવી જ રીતે તેના (અર્થાત્ શરીરના) કારણ દ્વારા, કર્તા દ્વારા, કર્તાના પ્રયોજક દ્વારા કે કર્તાના અનુમોદક દ્વારા,...'** હું (કર્તા) નથી. તેથી તેના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે. આહા..હા...! કથંચિત્ વ્યવહારે તો કર્તા છે એમ તો કહો. અહીં તો 'સર્વથા' વિરોધ છે (એમ કહ્યું). આહા..હા...! એના પરમાણુનું એકરૂપ પરિણમન એના કારણથી, એના કર્તાથી, એના યોજકથી, એના અનુમોદકથી થાય છે. તેથી તે પુદ્ગલાત્મકની પર્યાયનો કર્તાપણાનો મારામાં સર્વથા વિરોધ છે. આહા..હા...!

પહેલું તો જે કહે છે એ પકડાવું કઠણ પડે. જાડી બુદ્ધિવાળા આખો 'દી એકલા વેપારમાં ગુંચ્યા હોય ને એમાં આવી વાત (સાંભળે એટલે એને એમ થાય કે) આ શું કહે છે આ તે ? અને આ બહારની ક્રિયાકાંડમાં કર્તાપણે ગુંચી ગયા છે ને ? આહા..હા...! આ અપવાસ મેં કર્યા, આહાર મેં છોડ્યો, સંથારો મેં કર્યો, ત્યાગ કર્યો... આહા..હા...! એ બધી પરદ્રવ્યની પર્યાયનો મારામાં ભાવ છે એમ માનીને કર્તાપણે કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આહારનું ગ્રહવું અને છોડવું ઈ મારા સ્વરૂપમાં જ નથી. આહારને છોડવો અને ગ્રહવો એનાથી તો હું શૂન્ય છું. આહા..હા...! એટલે ? એ આહારના ભાવનું આવવું કે આહારના ભાવનું ન આવવું, એ ભાવનો મારામાં તો અભાવ છે. એથી મારામાં જેનો અભાવ (હોય) એનો હું (કર્તા કેવી રીતે થાઉં ?) એ આહાર છોડવાની પર્યાયનો કર્તા (હું નહિ). આહાર ન આવ્યો ઈ મેં રાગ ઘટાડ્યો માટે આહાર ન આવ્યો એ (માનનારો) તો કર્તા થયો. ભારે કામ !

'શરીર અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ પરિણામ છે.' (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટમાં) ખુલાસો કર્યો છે. ૧૬૨ (ગાથા પૂરી) થઈ. ત્યાં ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં) કહ્યું છે ને ? **'अशरीरसहजशुद्धचैतन्यपरिणतत्वेन मम देहत्वविरोधात्'** એમ **'कर्ता वा न भवामि तस्य देहस्य।'** કેમ ? કેમ ? **'निःक्रियपरमचिज्ज्योतिःपरिणतत्वेन'** આહા..હા...! રાગની અને શરીરની ક્રિયાનો જેમાં અભાવ (છે) એવો જે હું નિષ્ક્રિય ચૈતન્ય, નિષ્ક્રિય પરમ ચૈતન્યજ્યોતિ ! આહા..હા...! **'परमचिज्ज्योतिःपरिणतत्वेन'** આહા..હા...! એને મારે કર્તાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિરોધ છે એમ કહે છે. છે ને ? '**देहकर्तृत्वविरोधा**' આ..હા...! આચાર્યે પણ...

આજ જ પ્રયોગમાં મૂક એમ નથી આવતું ? 'પ્રવચનસાર' ! એમ સાંભળી લીધું એમ નહિ કહે છે. આહા..હા...! ઈ સાંભળતા વખતે તું તારા આત્મા ઉપર જા અને અકર્તા છે એને સિદ્ધ કર ! સમજાણું કાંઈ ? અકર્તા જે રીતે છે એ રીતે પરિણમનથી સિદ્ધ કર. આહા..હા...! બે શ્લોકમાં આવે છે. 'પ્રવચનસાર' નહિ ? પાછળ બે (શ્લોક આવે છે). આજ જ કર ! આ..હા..હા...! (આ) સંતોની વાણી...! પછી કરશું... પછી કરશું... પછી કરશું... (જે) કરવાલાયક છે એને પછી કરશું એવો વાયદો શો ? આહા..હા...! ભાઈ ! આવી વાતું છે આ. રુચિકર છે ? (તો) રુચિકરને માટે પછી કરશું એ રુચિકરને માટે ન આવે. જો તને રુચિ થઈ અને એ વાત, ભાવ ગોઠ્યો તો ગોષ્ટિમાં ન આવતાં, ગોષ્ટિ પછી કરશું એ વાતને વિરોધ આવે છે, કહે છે. આ..હા..હા..હા...! ('સમયસાર'ની) પાંચમી ગાથામાં પણ કહ્યું ને ? પ્રમાણ કરજે. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जति दाएज्ज...**' પ્રમાણ કરજે. કાળનો વાયદો ન નાખીશ. આ..હા..હા..હા...!

'**હવે 'પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે :–**' એની મેળાએ આ કેમ થાય, કહે છે. આ બધા ભેગા થાય, આંગળારૂપે થાય, ભાષારૂપે થાય... આહા..હા...! એ '**પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ...**' પરિણતિ એટલે અવસ્થા. '**કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે :–**'

**अपदेसो परमाणू पदेसमेत्तो य सयमसद्दो जो।**
**णिद्धो वा लुक्खो वा दुपदेसादित्तमणुभवदि।।१६३।।**

'**मणुभवदि**' આપણે બીજા શ્લોકમાં આવે છે ને ? અનુભવે છે (એમ) આવે છે. અનુભવે આવે છે (એટલે કે) પ્રાપ્ત કરે છે.

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.**

**ટીકા :–** '**ખરેખર પરમાણુ દ્વિ-આદિ (બે, ત્રણ વગેરે) પ્રદેશોના અભાવને લીધે...**' એક પરમાણુમાં બીજા પરમાણુના પ્રદેશનો અભાવ છે. પરમાણુ બે પ્રદેશી નથી. '**ખરેખર પરમાણુ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**દ્વિ-આદિ (બે, ત્રણ વગેરે) પ્રદેશોના અભાવ...**' (પરમાણુને) બે પ્રદેશ નથી. '**અપ્રદેશ છે.**' બે (પ્રદેશની) અપેક્ષાએ અપ્રદેશ છે, બે (પ્રદેશ) નથી એમ. એક પ્રદેશનો સદ્‌ભાવ છે. પ્રદેશોમાં બે-ત્રણ (પ્રદેશોના) અભાવને લીધે અપ્રદેશી (કહ્યું છે). એમ. બે, ત્રણ, ચાર એના માટે અપ્રદેશી પણ પોતાના પ્રદેશનો સદ્‌ભાવ છે. એક પ્રદેશપણે સદ્‌ભાવ છે. આહા..હા...!

'**એક પ્રદેશના સદ્‌ભાવને...**' હયાતીને '**લીધે પ્રદેશમાત્ર છે...**' પરમાણુ પ્રદેશમાત્ર અસ્તિ તત્ત્વ છે. આહા..હા...! '**અને સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિના (–પ્રગટતાના) અસંભવને લીધે...**' એક પરમાણુ પ્રદેશમાત્ર '**સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાય...**' શબ્દપર્યાયની વ્યાખ્યા કરી. શબ્દ કોને કહેવો ? શબ્દ ! '**સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાય...**' એની મેળાએ અનેક પરમાણુથી પરિણત એવી શબ્દ પર્યાય (છે). એની વ્યક્તિનો અસંભવ છે. (અર્થાત્) પરમાણુમાં શબ્દ પ્રગટ થવાનો – વ્યક્તપણાનો અસંભવ છે. શક્તિ છે, વ્યક્તિપણે એનો અભાવ છે. એક પરમાણુમાં શબ્દની પર્યાય થઈ શકે નહિ. આવું સ્વરૂપ !

અજીવ છે, ઈ અહીં (જેને) જીવનું જ્ઞાન થયું એને અજીવ આ રીતે છે (એવું) જ્ઞાન એને હોય. સમજાણું કાંઈ ? જે ચીજ આમાં નથી, તો આમાં નથી એવી ચીજ તો છે ને ? એમાં એને લઈને છે ને ?

કહે છે કે, એક પરમાણુ શબ્દ થવાની લાયકાતવાળો નથી. પ્રગટ શબ્દ છે. પ્રગટ શબ્દ થવાની પર્યાય એમાં નથી. '**કેમકે સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની...**' પ્રગટતાનો અભાવ છે. એક પરમાણુમાં (શબ્દપર્યાયની પ્રગટતાનો અભાવ છે). અનેક પરમાણુદ્રવ્ય શબ્દરૂપ પર્યાયપણે પરિણમે છે ત્યારે તે પરમાણુમાં શબ્દની પર્યાયની વ્યક્તતાની લાયકાત આવી. એ એક પરમાણુ પણ શબ્દની પર્યાયપણે અનંત દ્રવ્યાત્મકમાં ન પરિણમ્યો હોય તો અનંત દ્રવ્ય શબ્દપણે પરિણમે નહિ. એનામાં ઈ જાતની લાયકાત (છે). અનેક દ્રવ્યની પર્યાયપણે શબ્દ થયો (તો) એમાં – પરમાણુમાં પણ એ જાતની લાયકાત સ્કંધપણાની યોગ્યતાના સંબંધમાં થઈ પણ ઈ પોતાને કારણે થઈ. આહા..હા...! પરના સંબંધમાં આવ્યો ને ઈ ?

'(**તે પરમાણુ) અવિરોધપૂર્વક ચાર સ્પર્શ,...**' વિરોધી ન હોય એમ. ટાઢો હોય ત્યારે ઊનો ન હોય, લૂખો હોય ત્યારે ચોપડ્યો (–ચીકણો) ન હોય એમ. પરમાણુમાં ચાર સ્પર્શમાંથી વિરોધરહિત (હોય). ટાઢો અને લૂખો હોઈ શકે પણ ટાઢો અને ઊનો ન હોઈ શકે એમ. લૂખો અને ઊનો હોઈ શકે પણ લૂખો અને ચીકણો ન હોઈ શકે. સમજાણું ? એની પર્યાયમાં આ રીતે ચાર સ્પર્શમાં અવિરોધી બે (સ્પર્શ) હોય, વિરોધવાળા ન હોય. આહા..હા...!

'**પાંચ રસ,...**'માં વિરોધ વિનાનું હોય. એક પરમાણુમાં એક જ રસ હોય. '**બે ગંધ...**'માં એક જ ગંધ હોય. '**પાંચ વર્ણના સદ્‌ભાવને લીધે...**' લ્યો ! અવિરોધપૂર્વક એમ. '**પાંચ વર્ણના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**સદ્‌ભાવને લીધે...**' જ્યારે હોય ત્યારે તો એક જ હોય પણ અમસ્તા ફેરફારે પાંચે વર્ણ માંહ્યલો (એક) વર્ણ હોઈ શકે.

'**સ્નિગ્ધ (ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે...**' એને લઈને ચીકણો લૂખો થાય છે. જોયું ? '**સ્નિગ્ધ (ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે તેથી જ તેને પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે.**' લ્યો ! ચીકણા વખતે લૂખો ન હોય, લૂખા વખતે ચીકણો ન હોય પણ ચીકણા, લૂખાપણે થાય છે. '**તેથી જ તેને પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ...**' એટલે પ્રાપ્તિ. બે પણાની – પ્રદેશપણાની પ્રાપ્તિ થાય છે. બે પ્રદેશથી માંડી અનંત પ્રદેશની પ્રાપ્તિ થાય છે. અનુભૂતિ એટલે પ્રાપ્તિ. એ રીતે અનુભવે છે (એટલે) એવી રીતે થાય છે, એ રીતે પ્રાપ્ત થાય છે. જડમાં અનુભવ ? અનુભવ એટલે આ. એ પ્રકારની પર્યાયની પ્રાપ્તપણે પ્રાપ્તિ થાય તે અનુભવ, એમ. અહીં અનુભવ એટલે આત્માનો અનુભવ ઈ (અર્થ) અહીં નથી.

'**આ રીતે સ્નિગ્ધરૂક્ષપણું પિંડપણાનું કારણ છે.**' ચીકાશ અને લૂખાશ એ પિંડપણા(નું કારણ છે). ઘણા રજકણોમાં એકરૂપ સ્કંધ થવાની પર્યાયને લાયક આ (સ્નિગ્ધ-રૂક્ષપણું) છે. આત્માની ઝીણી વાત, પરમાણુની ઝીણી વાત આવી. ભલે ઈ ચીકાશ, લૂખાશ હોય પણ ચીકાશ, લૂખાશ બંધનું કારણ છે. અનેક પરમાણુની પર્યાય થવાનું બંધનું કારણ છે.

(મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે.) 'એક પરમાણુને બીજા એક પરમાણુ સાથે પિંડરૂપે પરિણતિ તે દ્વિપ્રદેશીપણાની અનુભૂતિ છે;...' (અર્થાત્) દ્વિપ્રદેશીપણાની પ્રાપ્તિ છે. 'એક પરમાણુને બીજા બે પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણતિ તે ત્રિપ્રદેશીપણાનો અનુભવ છે.' પ્રાપ્તિ છે. 'આ પ્રમાણે પરમાણુ અન્ય પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણમતાં અનેકપ્રદેશીપણું અનુભવે છે.' એટલે અનેકપ્રદેશીપણે પ્રાપ્ત થાય છે. આહા..હા...! વીતરાગના કહેલાં તત્ત્વો – જીવ અને પુદ્‌ગલની પર્યાયનું સ્વરૂપ બહુ સૂક્ષ્મ છે.

'**હવે પરમાણુને તે સ્નિગ્ધ-રૂક્ષપણું કેવા પ્રકારનું હોય છે...**' ચીકાશ અને લૂખાશપણે અનેક પરમાણુના પિંડપણે થાય પણ કેવા ચીકાશ, લૂખાશપણે થાય ? પેલું શું છે ઈ ? 'जल-अजा' ? 'गोमहिषीक्षीरे' ('જયસેનાચાર્યદેવ'ની) સંસ્કૃત ટીકામાં છે ને ? 'जल-अजा' ! 'अजा' (એટલે) બકરી ? પાણી, બકરી, ગો મહિષ, ક્ષીર. પાણીની ચીકાશ, અજ નામ બકરીના દૂધની ચીકાશ એમ છે ? 'अजा' શબ્દ છે ને ? ગાયના દૂધની અને ભેંસના દૂધની ચીકાશમાં ફેર છે. દાખલો આપ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कीद्दशं तत्स्निग्धरूक्षत्वं परमाणोरित्यावेदयति -

**एगुत्तरमेगादी अणुस्स णिद्धत्तणं च लुक्खत्तं।**
**परिणामादो भणिदं जाव अणंतत्तमणुभवदि।।१६४।।**
**एकोत्तरमेकाद्यणोः स्निग्धत्वं वा रूक्षत्वम्।**
**परिणामाद्भणितं यावदनन्तत्वमनुभवति।।१६४।।**

परमाणोर्हि तावदस्ति परिणामः तस्य वस्तुस्वभावत्वेनानतिक्रमात्। ततस्तु परिणामादुपात्तकादाचित्कवैचित्र्यं। चित्रगुणयोगित्वात्परमाणोरेकाद्येकोत्तरानन्तावसानाविभागपरिच्छेदव्यापि स्निग्धत्वं वा रूक्षत्वं वा भवति।।१६४।।

---

अथ कीद्दशं तत्स्निग्धरूक्षत्वमिति पृष्टे प्रत्युत्तरं ददाति - **एगुत्तरमेगादी** एकोत्तरमेकादि। किम्। **णिद्धत्तणं च लुक्खत्तं** स्निग्धत्वं रूक्षत्वं च कर्मतापन्नम्। **भणिदं** भणितं कथितम्। किंपर्यन्तम्। **जाव अणंतत्तमणुभवदि** अनन्तत्वमनन्तपर्यन्तं यावदनुभवति प्राप्नोति। कस्मात्सकाशात्।

---

**एगुत्तरमेगादी अणुस्स णिद्धत्तणं च लुक्खत्तं।**
**परिणामादो भणिदं जाव अणंतत्तमणुभवदि।।१६४।।**

**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,**
**સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.**

'भणिदम्' ન આવ્યું. બધા શબ્દો કંઈ આવે છે ? '**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે, સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને.**' પાઠમાં એમ છે ને ? '**परिणामादो भणिदं**' ભગવાન સર્વજ્ઞે કહ્યું છે, એમ. પરમેશ્વરે આમ કહ્યું છે. એની ટીકા.

આ શું કહેવાય છે ? કે, ઘણા રજકણો પિંડપણે થાય છે એનું કારણ શું ? આત્મા કારણ નહિ, આત્મા એનો કર્તા નહિ, ત્યારે હવે ઘણા રજકણો પિંડપણે, આ શરીરપણે, વાણીપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परिणामादो** परिणतिवेशेषात्परिणामत्वादित्यर्थः। कस्य संबन्धि। **अणुस्स** अणोः पुद्गलपरमाणोः। तथाहि - यथा जीवे जलाजागोमहिषीक्षीरे स्नेहवृद्धिवत्स्नेहस्थानीयं रागत्वं रूक्षस्थानीयं द्वेषत्वं बन्धकारणभूतं जघन्यविशुद्धिसंक्लेशस्थानीयमादिं कृत्वा परमागमकथितक्रमेणोत्कृष्टविशुद्धिसंक्लेश-पर्यन्तं वर्धते, तथा पुद्गलपरमाणुद्रव्येऽपि स्निग्धत्वं रूक्षत्वं च बन्धकारणभूतं पूर्वोक्तजलादि-तारतम्यशक्तिदृष्टान्तेनैकगुणसंज्ञां जघन्यशक्तिमादिं कृत्वा गुणसंज्ञेनाविभापरिच्छेदद्वितीयनामाभि-धेयेन शक्तिविशेषेण वर्धते। किंपर्यन्तम्। यावदनन्तसंख्यानम्। कस्मात्। पुद्गलद्रव्यस्य परिणा-मित्वात्, परिणामस्य वस्तुस्वभावादेव निषेधितुमशक्यत्वादिति।।१६४।।

---

હવે પરમાણુને તે સ્નિગ્ધ-રૂક્ષપણું કેવા પ્રકારનું હોય છે તે કહે છે :–

**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,**
**સ્નિગ્ધત્વ વા રૂક્ષતવ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.**

**અન્વયાર્થ :– [अणोः]** પરમાણુને **[परिणामात्]** પરિણામને લીધે **[एकादि]** એકથી (–એક અવિભાગ પ્રતિચ્છેદથી) માંડીને **[एकोत्तरं]** એકક વધતાં **[यावत् अनन्तत्वम् अनुभवति]** અનંતપણાને (–અનંત અવિભાગ પ્રતિચ્છેદપણાને) પામે ત્યાં સુધીનું **[स्निग्धत्वं वा रूक्षत्वं]** સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય છે એમ **[भणितम्]** (જિનદેવે) કહ્યું છે.

---

થાય એનું કારણ કોણ ? આત્મા તો કાઢી નાખ્યો કે, આત્મા કારણ નહિ. આત્મા એનો કર્તા નહિ. કારણ કે એમાં એનો અભાવ છે. હવે એનામાં જે ચીકાશ, લૂખાશનો ભાવ છે એ કયા પ્રકારના ચીકાશ, લૂખાશને લઈને સ્કંધની પિંડરૂપે પર્યાય થાય ? એમ કહે છે.

ચીકાશ, લૂખાશથી થાય પણ કયા પ્રકારની ચીકાશ, લૂખાશથી થાય એ અહીંયાં વર્ણવવામાં આવે છે. '**પ્રથમ તો પરમાણુને પરિણામ હોય છે...**' પરમાણુને પર્યાય હોય છે. પરિણામ ! નિત્ય પરિણામ, નિત્ય પરિણામી, નિત્ય પરિણામી ! કાયમ રહીને પરમાણુ પરિણામ(પણે) પરિણમે છે. આહા..હા...! એને જ્ઞાન નથી ને ? અહીં જ્ઞાનનું શું કામ છે ? એનો સ્વભાવ જ જ્યાં ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે (તો) પરિણમે છે. જડ જડ ભાવે પરિણમે છે. આહા..હા...!

'**પરમાણુને પરિણામ હોય છે...**' જેમ જીવને શુભ, અશુભ અને શુદ્ધ પરિણામ હોય છે એમ પરમાણુને પરિણામ હોય છે – પર્યાય હોય છે. '**કારણ કે તે (પરિણામ) વસ્તુનો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા :–** પ્રથમ તો પરમાણુને પરિણામ હોય છે કારણ કે તે (પરિણામ) વસ્તુનો સ્વભાવ હોવાથી ઉલ્લંઘી શકાતો નથી. અને તે પરિણામને લીધે જે કાદાચિત્ક વિચિત્રતા ધારણ કરે છે એવું, એકથી માંડીને એક એક વધતાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી વ્યાપનારું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ પરમાણુને હોય છે કારણ કે પરમાણુ અનેક પ્રકારના ગુણવાળો છે.

**ભાવાર્થ :–** પરમાણુ પરિણામવાળો હોવાથી તેનાં સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ એક અવિભાગ પ્રતિચ્છેદથી માંડીને અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી તારતમ્યતા પામે છે. ૧૬૪.

---

**સ્વભાવ હોવાથી...**' જોયું ? એ તો વસ્તુનો સ્વભાવ છે. પરિણમન થવું, પર્યાય થવી એ તો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...! પર્યાય થાય ? પરિણમે ? નિત્ય વસ્તુ વળી પરિણમે ? (પરિણમે) તો નિત્ય રહેતી નથી. પણ નિત્ય નિત્યપણે રહીને પર્યાયપણે પરિણમે છે.

આ બાવા (લોકો કહે ને) હેં ! આત્મા પરિણમે ? ઊઠો, નથી સાંભળવું. (સંવત) ૨૦૦૦ની સાલમાં 'રાજકોટ'(માં એક) બાવો આવ્યો હતો. (એને એમ થયું કે) એક અધ્યાત્મિક સાધુ છે એ અધ્યાત્મની, આત્માની વાત (કરે છે). ચાલો, ભાઈ ! ત્યાં (સાંભળવા) આવ્યા. (ત્યારે એમ આવ્યું કે), 'આત્માને પરિણમન છે અને રાગ-દ્વેષ પરિણમે છે.' ઓઈ... બાપા.રે...! જૈનની એવી છાપ પડી ગઈ છે ને ? ક્રિયાકાંડ બતાવે ઈ જૈન. (ત્યાં વળી આ) અધ્યાત્મ અને આત્મા (ક્યાંથી આવ્યા ?) આત્માની વાત (સાંભળવા આવ્યો તો એમ આવ્યું કે) આત્મા અનિત્ય છે, પર્યાયે અનિત્ય છે. ધ્રુવે નિત્ય છે. (તો બાવાને થયું કે) એ નહિ. બે થઈને એક (વસ્તુ) છે.

નિત્ય છે એને કઈ પર્યાયે નિર્ણય કર્યો ? નિર્ણય ભલે જ્ઞાને કર્યો પણ નિત્યથી આ (નિત્ય છે એમ) નક્કી કર્યું ? એનું પરિણમન છે એનાથી (નક્કી કર્યું). આ પરિણમન દ્રવ્યનું છે એનાથી નક્કી કર્યું. આ પરિણમન... જુઓ ! આ અવસ્થા છે એ પરિણમન કોનું છે ? આ અવસ્થા રજકણ – નિત્યની છે એમ જ્ઞાને જાણ્યું. જ્ઞાન નિત્યને સીધું જાણે છે ? એવો સ્વભાવ છે એનો, પણ આ પર્યાય જે છે એ આ નિત્યની છે. આ પર્યાય નિત્યની છે, આ પરિણામ નિત્યનું છે, આ પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવનું છે. આહા..હા...!

જગતને જાણવા માટે મહેનતું કરે. એ કુજ્ઞાન ભણવા – આ વકીલાતનું ને આ દાક્તરનું ને લોઢાનું, કાપડનું... આ વસ્તુ ભગવાને કહેલી એના જ્ઞાન કરવા જાય તો એને શાંતિ થાય. જગતની જડની પર્યાય એને કારણે પરિણમવાનો સ્વભાવ છે તો થાય. આહા..હા...!

'**પરમાણુને પરિણામ હોય છે...**' લે ! આત્માને પણ પરિણામ હોય છે. પર્યાયાર્થિકનયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય છે, દ્રવ્યાર્થિકનયે નિત્ય છે.

પ્રશ્ન :– શાસ્ત્ર વગર જ્ઞાન કેવી રીતે થાય ?

સમાધાન :– શાસ્ત્ર વિના જ્ઞાન થાય છે, જ્ઞાનમાંથી જ્ઞાન થાય છે. એમ (કહે છે) કે, આવું સ્પષ્ટ શાસ્ત્ર વિના ક્યાંથી જણાય ? પણ એ જાણનારો જાણે છે કોનાથી ? પોતાના જ્ઞાનથી.

કેમકે '**(પરિણામ) વસ્તુનો સ્વભાવ હોવાથી ઉલ્લંઘી શકાતો નથી.**' આ..હા..હા...! પરમાણુઓ પરિણામરૂપે થાય એ તો એનો સ્વભાવ છે. આ..હા..હા...! કેવા પરિણામરૂપે થાય એની વાત (હવેની ગાથામાં) કરશે. પિંડરૂપે થાય ત્યારે ચીકાશ, લૂખાશના કેવા પરિણામ હોય (કે) જેથી પિંડરૂપે થાય ? એટલી વાત કરવા માટે પહેલું પરિણામ સિદ્ધ કર્યું. '**(પરિણામ) વસ્તુનો સ્વભાવ હોવાથી ઉલ્લંઘી શકાતો નથી. અને તે પરિણામને લીધે જે કાદાચિત્ક વિચિત્રતા ધારણ કરે છે...**' આ..હા...! (કાદાચિત્ક એટલે) 'કોઈ વાર હોય એવું; ક્ષણિક; અનિત્ય.' (વિચિત્રતા એટલે) 'અનેકપ્રકારતા; વિવિધતા; અનેકરૂપતા; (ચીકણાપણું અને લૂખાપણું પરિણામને લીધે ક્ષણિક અનેકરૂપતા-તરતમતા-ધારણ કરે છે).' પરિણામ હોવા છતાં ચીકાશની કોઈવખતે અનંતગુણી ચીકાશ થાય, લૂખાશની અનંતગુણી લૂખાશ થાય, ચીકાશની એકગુણી થાય. એવી વિચિત્રતાપણે (પરિણમે) એવું પરિણામનું પણ સ્વરૂપ છે. આહા..હા...! પરિણમે છે છતાં તે એકરૂપે નહિ, અનેકરૂપે (પરિણમે છે). એકગુણ લૂખો, બેગુણ લૂખો, અનંતગુણ લૂખો... ઓ..હો...! વિચિત્રતા કીધી ને ? જુઓને ! વિચિત્ર (છે). છે એ ક્ષણિક પર્યાય પણ એ પર્યાયમાં પણ વિચિત્રતા ! આહા..હા...! એક સમયમાં એકગુણ ચીકણો હોય એ બીજે સમયે અનંતગુણો ચીકણો થઈ જાય. આ..હા...! એ પરિણામ હોવા છતાં પરિણામમાં પણ આવી વિચિત્રતાની સ્થિતિ પરમાણુમાં હોય છે.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અષાઢ સુદ ૯, ગુરુવાર તા. ૧૭-૦૭-૧૯૭૫
## ગાથા – ૧૬૪-૧૬૭
## પ્રવચન નંબર–૧૭૧

('પ્રવચનસાર' ગાથા–૧૬૪) **'વિચિત્રતા ધારણ કરે છે...'** ત્યાં સુધી આવ્યું છે. ફરીને.

**'પ્રથમ તો પરમાણુને...'** આ રજકણ છે એમાં પરિણામ હોય છે. **'કારણ કે તે (પરિણામ) વસ્તુનો સ્વભાવ...'** છે. બદલવું, પરિણમવું, રૂપાંતર થવું એવો એનો સ્વભાવ છે. એ **'ઉલ્લંઘી શકાતો નથી.'** એનો પરિણામ સ્વભાવ જે છે એ ઉલ્લંઘી શકાતો નથી.

**'અને તે પરિણામને લીધે જે કાદાચિત્ક વિચિત્રતા ધારણ કરે છે એવું,...'** શું વિચિત્રતા (ધારણ કરે છે ?) **'એકથી માંડીને એક એક વધતાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી વ્યાપનારું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ પરમાણુને હોય છે...'** એક એક પરમાણુમાં એક પરિણામમાં; પરિણામ એટલે પર્યાય, એમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ હોય છે. એટલે ચીકાશ, લૂખાશની પર્યાય અનંતગુણી થાય અને એકગુણી રહે એવો એનો સ્વભાવ છે. જરી જાણવાની વાત છે.

એક એક વધતાં અનંત અવિભાગ પ્રતિચ્છેદની વાત છે. એક સમયની પર્યાયમાં એકગુણી લૂખાશ કે ચીકાશ એમ બેગુણી, ત્રણગુણી(થી માંડી) અનંતગુણી ચીકાશ, લૂખાશ થાય છે. એક પર્યાયમાં એવા અવિભાગ પ્રતિચ્છેદ એટલે કે જેના અંશના ભાગ ન પડે એવા અવિભાગો અનંતા હોય છે. થોડી જાણવાની વાત છે. (પછી તો) ૧૭૨ (ગાથા) આવે છે ને ? સમજાણું કાંઈ ?

અનંત અવિભાગ (અર્થાત્) જેનો ભાગ ન થઈ શકે. એવા પ્રતિચ્છેદ ભાગ પાડતા... પાડતા... પાડતા... પાડતા... છેલ્લો અંશ રહે એને અવિભાગ પ્રતિચ્છેદ (કહે છે). એવા અનંતા અવિભાગ પ્રતિચ્છેદરૂપે એક એક પરમાણુઓ સ્નિગ્ધ અને રૂક્ષપણે થાય છે. **'કારણ કે પરમાણુ અનેક પ્રકારના ગુણવાળો છે.'** ગુણ એટલે પર્યાયવાળો. અહીંયાં ગુણ શબ્દે પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ લેવા. **'કારણ કે પરમાણુ અનેક પ્રકારના ગુણવાળો છે.'** ગુણ એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાય. અનેક જાતની પર્યાયો પરિણમવાને લાયકાત(વાળી) છે.

**ભાવાર્થ :–** '**પરમાણુ પરિણાવાળો હોવાથી તેનાં સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ એક અવિભાગ પ્રતિચ્છેદથી માંડી...**' એક એક અંશથી માંડી '**અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી તરતમતા...**' તરતમતા એટલે હિનાધિકતા થાય છે. આહા..હા...! પરમાણુનો એવો સ્વતઃ સ્વભાવ છે કહે છે.

અહીં તો ચીકાશ, લૂખાશનું લેવું છે. ચીકાશનો એક ગુણનો અવિભાગ પર્યાય એવો બે, ત્રણ, ચાર (કરતાં... કરતાં...) અનંત સુધી જાય. આહા..હા...! વળી, બીજે સમયે એકગુણ એટલે અવિભાગ પ્રતિચ્છેદો એક અંશ થઈ જાય. એવો એનો સ્વભાવ છે. પુદ્‌ગલ છે ને? '**અનંત અવિભાગ પ્રતિચ્છેદ સુધી તરતમતા પામે છે.**'

૧૬૫ (ગાથા). '**હવે કેવાં સ્નિગ્ધ-રૂક્ષત્વથી પિંડપણું થાય છે તે કહે છે :–**'

**णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि बज्झंति हि आदिपरिहीणा।।१६५।।**

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; બંધ હોય જઘન્યનો. ૧૬૫.**

(૧૬૪ ગાથાના ભાવાર્થમાં) અવિભાગ પ્રતિચ્છેદ કહ્યું છે ને? (તેનો મૂળ ગ્રંથમાં ફૂટનોમાં અર્થ આપ્યો છે). 'કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં)...' એટલે કે પર્યાયમાં 'અંશકલ્પના કરવામાં આવતાં...' પર્યાયમાં અંશકલ્પના કરવામાં આવતાં (એમ કહ્યું) ! 'તેનો જે નાનામાં નાનો (નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે.' શું કીધું ઈ ? પરમાણુનો પર્યાય જે છે, ગુણ એટલે પર્યાય, એ પર્યાયનો નાનામાં નાનો અંશ (છે) એ અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે.

'(બકરી કરતાં...)' આમાં બકરી નાખ્યું છે પેલામાં ('જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકામાં) જળ નાખ્યું છે. મૂળ તો પાણીનો જઘન્ય અંશ હોય છે ને ? (એ) પાણીનો જઘન્ય અંશ લેવો છે. કેમકે જેમ આત્મામાં પણ જઘન્ય અંશે રાગ હોય એ રાગને બાંધે નહિ. ઈ રાગ ભલે બીજાને બાંધવાનું કારણ થાય પણ જઘન્ય અંશ રાગને ન બાંધે. શું કીધું સમજાણું ? જેમ પરમાણુઓમાં જઘન્ય ચીકાશનો એક અંશ બીજા સાથે બંધને ન પામે. એનાથી બે (ગુણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्र कीदृशात्स्निग्धरूक्षत्वात्पिण्डत्वमित्यावेदयति -

**णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि बज्झंति हि आदिपरिहीणा।।१६५।।**
**स्निग्धा वा रूक्षा वा अणुपरिणामाः समा वा विषमा वा।**
**समतो द्वयधिका यदि बध्यन्ते हि आदिपरिहीणाः।।१६५।।**

समतो द्वयधिकगुणाद्धि स्निग्धरूक्षत्वाद्बन्ध इत्युत्सर्गः, स्निग्धरूक्षद्वयधिकगुणत्वस्य हि परिणामकत्वेन बन्धसाधनत्वात्। न खल्वेकगुणात् स्निग्धरूक्षत्वाद्बन्ध इत्यपवादः, एकगुण-स्निग्धरूक्षत्वस्य हि परिणम्यपरिणामकत्वाभावेन बन्धस्यासाधनत्वात्।।१६५।।

---

अथात्र कीदृशात्स्निग्धरूक्षत्वगुणात् पिण्डो भवतीति प्रश्ने समाधानं ददाति - **बज्झंति हि** बध्यन्ते हि स्फुटम्। के। कर्मतापन्नाः **अणुपरिणामा** अणुपरिणामाः। अणुपरिणामशब्देनात्र परिणामपरिणता अणवो गृह्यन्ते। कथंभूताः। **णिद्धा वा लुक्खा वा** स्निग्धपरिणामपरिणता वा रूक्षपरिणामपरिणता वा। पुनरपि किंविशिष्टाः। **समा व विसमा वा** द्विशक्तिचतुःशक्ति-षट्शक्त्यादिपरिणतानां सम इति संज्ञा, त्रिशक्तिपञ्चशक्तिसप्तशक्यादिपरिणतानां विषम इति

---

અધિક (ચીકાશ) હોય (એટલે કે) એકમાં બે અને બીજામાં ચાર (ગુણ ચીકાશ હોય), એકમાં ત્રણ અને બીજામાં પાંચ (ગુણ હોય તો બાંધે), શું ? પર્યાયનો અવિભાગ પ્રતિચ્છેદ. આવું ઝીણું છે, ભાઈ ! આવ્યું છે તો વાંચવું તો જોઈએ ને ? એ પરમાણુઓમાં ગુણ છે એ ત્રિકાળ છે. એની એક સમયની પર્યાય છે એ પલટતી છે એ પર્યાયમાં અનંતા ભાગ પડે છે. કોઈ પર્યાય એક અંશપણે ચીકાશ(રૂપ હોય), કોઈ પર્યાય અનંત ગુણપણે ચીકાશ(વાળી હોય). એવા અવિભાગ પ્રતિચ્છેદ. પર્યાયનો એક અંશ જેને અવિભાગ (કહેવાય) એના પછી ભાગ ન પડે માટે અવિભાગ પ્રતિચ્છેદ (કહેવાય). પ્રતિચ્છેદતા... છેદતા ભાગ ન પડે એને પ્રતિચ્છેદ કહે છે. અવિભાગ પ્રતિચ્છેદ ! ભાઈ ! આમાં તો જરી મગજ જોઈએ. ધીરું કરે તો (સમજાય).

સ્વરૂપગ્રાહીજ્ઞાનમાં આવી ચીજનું જ્ઞાન એને યથાર્થ થાય છે એમ કહે છે. આહા..હા...! જેણે સ્વરૂપને જાણ્યું છે, ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (છે) એવું જ્યાં જ્ઞાન (થયું છે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संज्ञा। पुनश्च किंरूपाः। **समदो दुराधिगा जदि** समतः समसंख्यानात्सकाशाद् द्वाभ्यां गुणाभ्यामधिका यदि चेत्। कथं द्विगुणाधिकत्वमिति चेत्। एको द्विगुणस्तिष्ठति द्वितीयोऽपि द्विगुण इति द्वौ समसंख्यानौ तिष्ठतस्तावत्, एकस्य विविक्षितद्विगुणस्य द्विगुणाधिकत्वे कृते सति सः चतुर्गुणो भवति शक्तिचतुष्टयपरिणतो भवति। तस्य चतुर्गुणस्य पूर्वोक्तद्विगुणेन सह बन्धो भवतीति। तथैव द्वौ त्रिशक्तिक्तो तिष्ठतस्तावत्, तत्राप्येकस्य त्रिगुणशब्दाभिधेयस्य त्रिशक्तियुक्तस्य परमाणोः शक्तिद्वयमेलापके कृते सति पञ्चगुणत्वं भवति। तेन पञ्चगुणेन सह पूर्वोक्तत्रिगुणस्य बन्धो भवति। एवं द्वयोर्द्वयोः स्निग्धयोर्द्वयोर्द्वयो रूक्षयोर्द्वयोर्द्वयोः स्निग्धरूक्षयोर्वा समयोः

---

હવે કેવાં સ્નિગ્ધ-રૂક્ષત્વથી પિંડપણું થાય છે તે કહે છે :–

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહિ બંધ હોય જઘન્યનો. ૧૬૫.**

**અન્વયાર્થ :– [अणुपरिणामाः]** પરમાણુ-પરિણામો, **[स्निग्धाः वा रूक्षाः वा]** સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, **[समाः वा विषमाः वा]** બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, **[यदि समतः द्व्यधिकाः]** જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો **[बध्यन्ते हि]** બંધાય છે; **[आदिपरिहीणाः]** જઘન્ય અંશવાળો બંધાતો નથી.

---

દૃષ્ટિ – શ્રદ્ધા થઈ છે તે જ્ઞાનમાં પરવસ્તુનું આ રીતે સ્વરૂપ છે એ રીતે તે જ્ઞાન જાણે છે.

પ્રશ્ન :– એવું જ્ઞાન થયા વિના પરનું જ્ઞાન ન થાય ?

સમાધાન :– ના. એવું જ્ઞાન નથી એને પરનું જ્ઞાન યથાર્થ હોય નહિ. એ..ઈ...! કારણ કે પોતે સ્વ કોણ છે એનું જ્યાં જ્ઞાન નથી એને પરપ્રકાશક એનો સ્વભાવ (છે), એ પરનું જ્ઞાન એને સાચું હોઈ શકે નહિ. આહા..હા...! ધારણામાં ધારી લે, પણ એને જ્ઞાન ન કહેવાય. આહા..હા...!

જેને આત્મા જ્ઞાનસ્વરૂપ સહજાનંદ મૂર્તિ (છે) સહજ આનંદમય, સહજ જ્ઞાનપ્રકાશ પિંડ (છે) એવો જે એનો સ્વભાવ (છે) એનું જેને પર્યાયમાં સ્વસન્મુખ થઈને એની જાતને જેણે જાણી છે તેને તે જ્ઞાનમાં આવા પરમાણુઓમાં આ રીતે (પરિણમન) હોય છે (તેમ યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विषमयोश्च द्विगुणाधिकत्वे सति बन्धो भवतीत्यर्थः, किंतु विशेषोऽस्ति। **आदिपरिहीणा** आदिशब्देन जलस्थानीयं जघन्यस्निग्धत्वं वालुकास्थानीयं जघन्यरूक्षत्वं भण्यते, ताभ्यां विहीना आदिपरिहीणा बध्यन्ते। किंच-परमचैतन्यपरिणतिलक्षणपरमात्मतत्त्वभावनारूपधर्मध्यानशुक्लध्यानबलेन यथा जघन्यस्निग्धशक्तिस्थानीये क्षीणरागत्वे सति जघन्यरूक्षशक्तिस्थानीये क्षीणद्वेषत्वे च सति जलवालुकयोरिव जीवस्य बन्धो न भवति, तथा पुद्गलपरमाणोरपि जघन्यस्निग्धरूक्षशक्ति-प्रस्तावे बन्धो न भवतीत्यभिप्रायः।।१६५।।

---

**ટીકા :–** સમાન કરતાં બે ગુણ અધિક સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થાય છે તે ઉત્સર્ગ (સામાન્ય નિયમ) છે; કારણ કે સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વનું બે ગુણ અધિક હોવાપણું તે પરિણામક હોવાથી બંધનું કારણ છે.

એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થતો નથી તે અપવાદ છે; કારણ કે એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વને પરિણમ્ય-પરિણામકપણાનો અભાવ હોવાથી બંધના કારણપણાનો અભાવ છે ૧૬૫.

---

જણાય છે). એક પરમાણુનો એક ચીકાશનો અંશ, બીજા પરમાણુનો બે, ત્રણ – બે કે ત્રણ અંશ સાથે પણ એને બંધ ન થાય. સમજાણું કાંઈ ?

જેમ ભગવાનઆત્મામાં વેદનો છેલ્લો અંશ હોય એ વેદને ન બાંધે. એમ રાગનો છેલ્લો અંશ હોય એ રાગને ન બાંધે. તેમ દ્વેષનો છેલ્લો અંશ હોય એ દ્વેષને ન બાંધે. એમ પરમાણુનો એક અંશ હોય અને બીજામાં એક અંશ કે બે અંશ કે ત્રણ અંશ હોય છતાં તેની સાથે એને બંધ ન થાય. એક પરમાણુમાં બે અંશ ચીકાશ, લૂખાશ હોય (અને) બીજામાં ચાર (અંશ ચીકાશ, લૂખાશ) હોય તો બંધ થાય. એકમાં ત્રણ હોય અને બીજામાં પાંચ હોય તો તેનો બંધ થાય, એકમાં ચાર હોય અને બીજામાં છ હોય તો બંધ થાય, પણ (એકમાં) સાત હોય અને (બીજામાં) આઠ હોય એની સાથે બંધ ન થાય. એક (અંશે) બંધ થાય નહિ અને બે અધિકે બંધ થાય. બગડે બે ! બીજામાં બે ગુણ અંશે અધિક હોય કે બીજાથી આમાં (બે ગુણ અધિક હોય) એને બંધ થાય.

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહિ બંધ હોય જઘન્યનો. ૧૬૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમાં કહ્યું ને ? (ચીકાશ માટે) ગાયના દૂધનો દાખલો આપ્યો છે. લૂખામાં રાખ કરતાં રેતી, ધૂળ કરતાં રાખ અને રાખ કરતાં રેતીમાં લૂખાપણું (અધિક હોય છે). એ લૂખાશના અંશમાં ફેર છે ને ?

**ટીકા :– 'સમાન કરતાં બે ગુણ અધિક...'** ગુણ શબ્દે અંશ લેવો. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે). અવિભાગ પ્રતિચ્છેદ લેવો. એ **'સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થાય છે તે ઉત્સર્ગ (સામાન્ય નિયમ) છે;...'** એટલે ખરેખર એ નિયમ છે. **'કારણ કે સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વનું બે ગુણ અધિક હોવાપણું તે પરિણામક હોવાથી બંધનું કારણ છે.'** (પરિણામક એટલે) પરિણમાવનાર; પરિણમવામાં નિમિત્તભૂત બંધનું કારણ છે.

**'એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થતો નથી તે અપવાદ છે;...'** પેલો સામાન્ય ઉત્સર્ગ નિયમ કીધો. **'કારણ કે એક ગુણ સ્નિગ્ધત્વ...'** ગુણ શબ્દે અવિભાગ પ્રતિચ્છેદ. આહા..હા...! **'એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વને પરિણમ્ય-પરિણામકપણાનો અભાવ હોવાથી...'** પરિણમ્ય – પરિણમવાયોગ્ય. પરિણમ્ય એટલે પરિણમવાને યોગ્ય. (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં) છે નીચે ?

'(દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતારૂપે પરિણમી જાય છે;...' પરિણમ્ય (એટલે) પરિણમવાને યોગ્ય કીધો. કોણ ? કે, દસ અંશવાળો પરમાણુ પરિણમે છે અને બાર અંશવાળા પરમાણુ સાથે બંધાય છે તો આ પરિણમ્ય છે, પેલો પરિણમાવનાર કહેવામાં આવે છે. પરિણમાવી શકતો નથી. પણ પરિણમવાને યોગ્ય છે અને પરિણમાવનારમાં યોગ્યતા છે, એટલું. ઝીણું બહુ, ભાઈ ! વાણિયા ધંધા (આડે) નવરા ન મળે. એક તો સંસારના વેપાર-ધંધા, છ-આઠ કલાક ઊંઘવા જોવે, બીજા ઘણા વેપાર-ધંધામાં જાય, બીજા થોડા ગપ્પા-સપમાં જાય, હવે વખત થોડો મળે એમાં (આવું) સાંભળે એમાં આ ક્યાં (સમજાય) ? ધ્યાન રાખે તો કલાકમાં બેસે એમ છે, એમ નથી કે ન બેસે. ઈ ચીજ એવી છે. આહા..હા...!

દસ અંશવાળો અવિભાગ પ્રતિચ્છેદવાળો પરમાણુ પરિણમ્ય કહેવાય છે, પરિણમવાને યોગ્ય (કહેવાય છે) અને બાર અંશવાળો પરમાણુ પરિણમાવનાર કહેવાય છે. સમજાય છે ? 'માટે ઓછા અંશવાળો પરમાણુ પરિણમ્ય છે અને બે અધિક અંશવાળો પરમાણુ પરિણામક છે. એક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ (સામાન્ય નિયમ અનુસાર) પરિણામક તો નથી જ,...' પરિણામક તો નથી જ. 'અને જઘન્યભાવમાં વર્તતો હોવાથી પરિણમ્ય પણ નથી.' એક અંશવાળો બીજાને પરિણમાવનાર પણ નથી અને પરિણમવાને યોગ્ય પણ નથી. 'આ રીતે જઘન્યભાવ બંધનું કારણ નથી.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**'એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થતો નથી તે અપવાદ છે; કારણ કે એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વને પરિણમ્ય-પરિણામકપણાનો અભાવ...'** (છે). પરિણમ્ય એટલે એક ગુણવાળો પરિણમવાને યોગ્ય અને એક ગુણવાળો બીજાને પરિણમાવનારો (નથી). એવી એક ગુણ ચીકાશમાં લાયકાત છે નહિ. (આમ) **'બંધના કારણપણાનો અભાવ છે.'** પકડાય એટલું પકડવું. આ તો વીતરાગ જિનેન્દ્ર (દ્વારા) 'भणितम्' કહ્યું છે ને ? આમાં આવ્યું છે. 'भणितम्' ! ૧૬૪માં આવ્યું છે – જિનેન્દ્રદેવે આમ કહ્યું છે, વસ્તુનું સ્વરૂપ આમ છે. આ..હા...!

આમ કહેવાનું કારણ ? કે, પરમાણુ આદિ જે સ્કંધરૂપે થાય છે એમાં આત્માનો કંઈ અધિકાર નથી. બેથી અનંત પરમાણુમાં સૂક્ષ્મપણે કે સ્થૂળપણે બંધ થાય છે એમાં આત્માનો અધિકાર નથી. કેમકે એનામાં એ જાતની લાયકાતથી બીજા રજકણો સાથે પરિણમવાની યોગ્યતાવાળો પરિણમે છે અને પરિણમાવનાર તરીકે પોતે હોય અને બીજો પરિણમ્ય હોય તો એની યોગ્યતાથી તે પરિણમાવનાર પરિણમવાની યોગ્યતાવાળા સાથે બંધાય છે. આહા..હા...!

જેમકે આ લાડવો વાળવો, આ રોટલી ચીકાશમાં ભેગી કરવી એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? એક કાગળમાં ગુંદર નાખીને બીજો કાગળ ચોડવો એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. એનામાં ચીકાશ, લૂખાશની યોગ્યતાથી પરિણમન અને પરિણમાવનાર, એવી એની યોગ્યતાથી તે થાય છે. આહા..હા...!

**'હવે પરમાણુઓને પિંડપણામાં યથોક્ત હેતુ છે (અર્થાત્ ઉપર કહ્યું તે જ કારણ છે) એમ નક્કી કરે છે :–'**

## णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि।
## लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो।।१६६।।

ઈ તો એક દૃષ્ટાંત રૂપે કહ્યું છે, હોં ! નહિતર પણ ત્રણ ગુણ નિદ્ધત અને બીજો પાંચ (ગુણ નિદ્ધત) હોય તો બંધ થાય. પણ આ તો એક દૃષ્ટાંત તરીકે બેને જુદા પાડીને વાત કરી. એમ નહિ કે 'નિદ્ધત ગુણો ચઉગુણ સાથે બંધઈ અને લુક્ખ તિગુણો' પર સાથે બંધાય એમ નહિ. ઈ તો ત્રણ ગુણવાળો લૂખો પણ બીજા પાંચ સાથે બંધાય. ત્રણ ગુણ ચીકાશવાળો બીજા પાંચ (ગુણવાળા) સાથે બંધાય એવો નિયમ છે. પાઠમાં આ રીતે સમજાવવા લીધું કે, ચીકાશવાળો બે ગુણથી ચાર ગુણ બંધ અનુભવે. અનુભવે એટલે પ્રાપ્ત થાય. અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परमाणूनां पिण्डत्वस्य यथोदितहेतुत्वमवधारयति -

**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि।**
**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो।।१६६।।**
**स्निग्धत्वेन द्विगुणश्चतुर्गुणस्निग्धेन बन्धमनुभवति।**
**रूक्षेण वा त्रिगुणितोऽणुर्बध्यते पञ्चगुणयुक्तः।।१६६।।**

यथोदितहेतुकमेव परमाणूनां पिण्डत्वमवधार्य, द्विचतुर्गुणयोस्त्रिपञ्चगुणयोश्च द्वयोः

---

अथ तमेवार्थं विशेषेण समर्थयति - गुणशब्दवाच्यशक्तिद्वययुक्तस्य स्निग्धपरमाणोश्चतुर्गुण-स्निग्धेन रूक्षेण वा समशब्दसंज्ञेन तथैव त्रिशक्तियुक्तरूक्षस्य पञ्चगुणरूक्षेण स्निग्धेन वा विषमसंज्ञेन द्विगुणाधिकत्वे सति बन्धो भवतीति ज्ञातव्यम्। अयं तु विशेषः-परमानन्दैकलक्षण-

---

'**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो**' અને ત્રણ (ગુણ) લૂખો છે તે પાંચ સાથે થાય. ત્રણ ગુણ નિદ્ધત પાંચ સાથે થાય એમ ન લીધું. એ તો એક સમજાવવા લીધું છે.

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;**
**પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.**

**ટીકા :– 'યથોક્ત હેતુથી જ પરમાણુઓને પિંડપણું થાય છે એમ નક્કી કરવું,...'** જોયું ? '**એમ નક્કી કરવું**' એમ કહે છે. હેતુ આ છે. પરમાણુઓ પરમાણુઓ એકરૂપે જ્યાં સ્કંધરૂપે દેખાય છે એનું કારણ એનો ભાવ છે. પેલો હોશિયાર માણસ આમ કરે ને આ ચીકાશ ચોડે ને આ કરે એમ છે નહિ. આહા..હા...!

આમ માણસ નથી થૂંક (અડાડતા) ? કાગળ ફરે નહિ ત્યારે શાસ્ત્રને થૂંક અડાડે છે ને ? ઈ અશાતના છે. આ પાનું ખૂલે નહિ ત્યારે આમ કરીને (–થૂંક લગાડીને) પાનું (ખોલે છે). કહે છે કે, એ ખોલવાની ચીકાશ અને લૂખાશની યોગ્યતા એને લઈને છે. એને ઠેકાણે આ કહે કે, આ થૂંક અડાડીને આમ ઊંચું કરું ! ઘણાને એવી ટેવ હોય છે. કાંઈ ખબર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्निग्धयोः द्वयो रूक्षयोर्द्वयोः स्निग्धरूक्षयोर्वा परमाण्वोर्बन्धस्य प्रसिद्धेः। उक्तं च `णिद्धा णिद्धेण बज्झंति लुक्खा लुक्खा य पोग्गला। णिद्धलुक्खा य बज्झंति रूवारूवी य पोग्गला।' `णिद्धस्स णिद्धेण दुराहिएण लुक्खस्स लुक्खेण दुराहिएण। णिद्धस्स लुक्खेण हवेदि बंधो जहण्णबज्जे विसमे समे वा।।'।।१६६।।

---

स्वसंवेदनज्ञानबलेन हीयमानरागद्वेषत्वे सति पूर्वोक्तजलवालुकादृष्टान्तेन यथा जीवानां बन्धो न भवति तथा जघन्यस्निग्धरूक्षत्वगुणे सति परमाणूनां चेति। तथा चोक्तम् - `णिद्धस्स

---

હવે પરમાણુઓને પિંડપણામાં યથોક્ત હેતુ છે (અર્થાત્ ઉપર કહ્યું તે જ કારણ છે) એમ નક્કી કરે છે :–

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;**
**પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.**

**અન્વયાર્થ :–** **[स्निग्धत्वेन द्विगुणः]** સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ **[चतुर्गुणस्निग्धेन]** ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે **[बन्धम् अनुभवति]** બંધ અનુભવે છે; **[वा]** અથવા **[रूक्षेण त्रिगुणितः अणुः]** રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ **[पञ्चगुणयुक्तः]** પાંચ અંશવાળા સાથે જોડાયો થકો **[बध्यते]** બંધાય છે.

---

પણ ન હોય કે આ શું કરું છું ? બસ, ટેવ પડી ગઈ. પાનું ઊઘડતું ન હોય ને (તો થૂંક લગાડે). ઈ અશાતના છે, સિદ્ધાંતને એવું થૂંક અડાડાય નહિ. સમજાણું કાંઈ ? થાય છે તો એને કારણે પણ એમાં પોતાનો ભાવ છે ને ?

ત્યાં ‘કોટા’માં માણસ ઘણું (હતું). ત્યાં ગરમી બહુ. તો ચોપાનિયા આપે (એનાથી) હવા ખાય. અરે...! આ શાસ્ત્રથી હવા ન ખવાય, માળા ! એક તો ત્યાં પંખા જ ન હોય. ગરમી ઘણી ! પાંચ પાંચ પંખા, આમ લાઈનસર પંખા ! પંડાળ પાછો આખો બંધાયેલો નહિ, વચ્ચે વચ્ચે ખાલી રાખે નહિતર પવન અટકી જાય. છતાં પેલા (ચોપાનિયાથી હવા ખાય). કીધું, આ શું કરો છો તમે આ ? એના માટે તમને આ આપ્યું છે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णिद्धेण दुराधिगेण लुक्खस्स लुक्खेण दुराधिगेण। णिद्धस्स लुक्खेण हवेदि बंधो जघण्णवज्जे विसमे समे वा'।।१६६।।

---

**ટીકા :–** યથોક્ત હેતુથી જ પરમાણુઓને પિંડપણું થાય છે એમ નક્કી કરવું, કારણ કે બે અને ચાર ગુણવાળા તથા ત્રણ અને પાંચ ગુણવાળા–એવા બે સ્નિગ્ધ પરમાણુઓને અથવા એવા બે રૂક્ષ પરમાણુઓને અથવા એવા બે સ્નિગ્ધ-રૂક્ષ પરમાણુઓને (–એક સ્નિગ્ધ અને એક રૂક્ષ પરમાણુને) બંધની પ્રસિદ્ધિ છે. કહ્યું છે કે :

**`णिद्धा णिद्धेण बज्झंति लुक्खा लुक्खा य पोग्गला।**
**णिद्धलुक्खा व बज्झंति रूवारूवी य पोग्गला।।'**
**`णिद्धस्स णिद्धेण दुराहिएण लुक्खस्स लुक्खेण दुराहिएण।**
**णिद्धस्स लुक्खेण हवेदि बंधो जहण्णवज्जे विसमे समे वा।।'**

---

પ્રશ્ન :– દિગંબરોમાં એમ છે ?

સમાધાન :– આ દિગંબરની વાત ચાલે છે. ઢૂંઢિયાને તો આ ક્યાં છે ? વિવેક અને ભાન પણ ક્યાં છે ? એ તો શાસ્ત્રોને હેઠે મૂકે. અમારે (એક આના ગુરુ) હતા ને ? કચ્છી ! ઈ શાસ્ત્રને હેઠે મૂકે, માથું રાખે. ખબર છે ને. એમ કહે કે, અમે મૂર્તિને માનનાર નથી. શાસ્ત્રના પાના હોય ને ? એમાં થૂંક (લગાડે).

મુમુક્ષુ :– ઈ તો કુશાસ્ત્ર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભલે કુશાસ્ત્ર હોય પણ એણે માન્યું છે ને કે આ શાસ્ત્ર છે ? એણે માન્યું છે તો બીજા (પણ) સાથે સાથે શાસ્ત્રને એમ કરશે. કુશાસ્ત્ર (છે) પણ એણે તો શાસ્ત્ર માન્યું છે. પણ ઈ કાંઈ ખબર ન મળે. આહા..હા...!

શ્વેતાંબર દેરાવાસીમાં એમ પાછુ ઘણું, હોં ! વ્યાખ્યાનમાં પગ ઉપર પગ ચડાવીને બેસે નહિ. શ્વેતાંબરમાં એની રીત ઘણીબધી પણ એકલા વ્યવહારમાં ગૂંચી ગયા અને માને કે અમે કાંઈક (ધર્મ કરીએ છીએ). આહા..હા...! કાલે આવ્યું હતું નહિ ? વ્યવહાર નામ વિકલ્પ જેનું લક્ષણ છે. આ રાગ જેનું લક્ષણ છે એવા વ્યવહારમાં જેનો રસ ચડી ગયો છે એ નિશ્ચયને નહિ સમજી શકે, આત્માને નહિ પામી શકે. બહુ માર્ગ (ઝીણો), બાપા ! આવો માર્ગ છે. આહા..હા...! આ ભક્તિમાં ને આ પૂજામાં લીન – એકાકાર થઈ જાય છે ને ? એને રાગમાં રસ છે અને કંઈક મોટે અવાજે બોલવું, બીજા સાંભળે એમ બોલવું તો (હું) ભક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અર્થ :– પુદ્‌ગલો 'રૂપી' અને 'અરૂપી' હોય છે; ત્યાં સ્નિગ્ધ પુદ્‌ગલો સ્નિગ્ધની સાથે બંધાય છે, રૂક્ષ પુદ્‌ગલો રૂક્ષની સાથે બંધાય છે, સ્નિગ્ધ અને રૂક્ષ પણ બંધાય છે.

જઘન્ય સિવાય એકી અંશવાળો હોય કે બેકી અંશવાળો હોય, સ્નિગ્ધનો બે અધિક અંશવાળા સ્નિગ્ધ પરમાણુ સાથે, રૂક્ષનો બે અધિક અંશવાળા રૂક્ષ પરમાણુ સાથે અને સ્નિગ્ધનો (બે અધિક અંશવાળા) રૂક્ષ પરમાણુ સાથે બંધ થાય છે).

**ભાવાર્થ :–** બે અંશથી માંડીને અનંત અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ તેનાથી બે અધિક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બને છે. જેમ કે : ૨ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૪ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૯૧ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૯૩ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૫૩૩ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૫૩૫ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૭૦૦૬ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૭૦૦૮ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે. –આ ઉદાહરણ પ્રમાણે બેથી માંડીને અનંત અંશો (અવિભાગ પ્રતિચ્છેદો) સુધી સમજી લેવું.

---

કરનારો છું એમ એને પોરો ચડે છે. આકરો માર્ગ, ભાઈ ! જેને એવા વિકલ્પના વ્યવહારમાં અંદરથી આદર છે... આ..હા..હા..હા...! ભારે વાત, બાપા ! એને નિશ્ચય સ્વભાવનો અનાદર છે. એ તો બપોરે ઘણું આવ્યું હતું.

લ્યો, (આ ભાઈ) આવ્યા, અડધો કલાક થઈ ગયો. અંદર કંઈક કામમાં હશે, ત્યાં સાંભળવા બેસતી વખતે શરૂઆત થાય ત્યારે માથું આમ આમ કરે ને આમ આમ કરતા હતા. એને ખબર નથી. હજી શરૂઆત કરી અને આમ ચાલતું હતું. હાથમાં પુસ્તક પછી લીધું. માણસને આ બધું સમજવું કઠણ (છે). દુનિયાને તો દેખાય તો ખરું ને કે કઈ લાઈને છે ? શાસ્ત્ર વાંચવાનું શરૂ થઈ ગયું એ વખતે શરીરને આમ-આમ, આમ-આમ કરવું, ઈ પરમ 'દી (આ ભાઈએ) કર્યું હતું ખબર છે. ઈ એમને ખબર નથી, એને તો કાંઈ ખબર પણ નથી. ઓઘેઓઘે ચાલે બધું ! આહા..હા...! અહીં તો ભાઈ ! માર્ગ એવો છે, આ તો વીતરાગનો માર્ગ છે !

મુમુક્ષુ :– શું કરીએ છીએ ઈ ખબર નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ખબર નથી, ખબર નથી. ઈ તો કીધું ને ? ખબર પણ નથી શું કર્યું ? ઈ ખબરે ન મળે. વાંચવામાં શાસ્ત્રની શરૂઆત થાય એ વખતે શરીરને આમ-આમ કરવું... ઈ બધી ખબરે ન મળે. શું કરે ? ઉતાવળ... ઉતાવળ... ઉતાવળ... ભાઈ ! આવી વાતું છે અહીં તો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર એક અંશવાળા પરમાણુમાં જઘન્યભાવને લીધે બંધની યોગ્યતા નથી તેથી એક અંશવાળો સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ ત્રણ અંશવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ સાથે પણ બંધાતો નથી.

આ રીતે, (એક અંશવાળા સિવાય) બે પરમાણુઓ વચ્ચે બે અંશોનો તફાવત હોય તો જ તેઓ બંધાય છે; બે કરતાં વધારે કે ઓછા અંશનો તફાવત હોય તો બંધ થતો નથી. જેમ કે : પાંચ અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ સાત અંશવાળા પરમાણુ સાથે બંધાય છે; પરંતુ પાંચ અંશવાળો પરમાણુ આઠ અંશવાળા કે છ અંશવાળા (અથવા પાંચ અંશવાળા) પરમાણુ સાથે બંધાતો નથી. ૧૬૬.

---

મુમુક્ષુ : 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં પરમ ચૈતન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, હા, છે ને. ઈ તો અંદર છે, ખબર છે. ઈ તો પેલું સ્નિગ્ધ-રૂક્ષને માટે કહ્યું છે. એ તો આ કીધું ને ? 'परमचैतन्यपरिणतिलक्षणपरमात्मतत्त्वभावनारूपधर्मध्यान शुक्लध्यानबलेन यथा जघन्यस्निग्धशक्तिस्थानीये क्षीणरागत्वे सति जघन्यरूक्षशक्तिस्थानीये क्षीणद्वेषत्वे च सति जलवालुकयोरिव जीवस्य बन्धो न भवति' ઈ કીધું, ઉપરથી કહ્યું. ચીકણો રાગ થોડો હોય છતાં એનાથી રાગનો બંધ ન થાય. એમાં એકગુણ ચીકાશ કે એકગુણ લૂખાશ હોય તો બીજા સાથે બંધ ન થાય એવો એને સ્વભાવ છે. આહા..હા...! એ ઉપરથી કહ્યું. તે 'દી વાંચ્યું હતું ત્યારે કહ્યું હતું.

આહા..હા...! માર્ગ બાપુ એવો છે. વ્યવહાર અને નિશ્ચયનું શું સ્વરૂપ છે એ વાસ્તવિક સમજવું અને તે વ્યવહારના રસને પાછો ઉડાડવો... આ..હા..હા...! વ્યવહાર હોવા છતાં એનો એટલો રસ ન હોય કે પોતે ચૈતન્યને ભૂલી જાય. એવો માર્ગ છે. આહા..હા...! આવો માર્ગ છે, બાપુ હોં ! એ કોઈ વ્યક્તિને માટે નથી. વસ્તુની સ્થિતિ... આહા..હા...!

દેરાવાસીમાં તો સાંભળવા બેસે (ત્યારે) પગ ઉપર પગ ન ચડાવે. છે ને ? અહીં તો આપણે પગ માથે પગ ચડાવીને પગ આમ.. આમ.. આમ... કરતો હોય પાછો ! પગ ઉપર પગ ચડાવે ને પગ આમ... આમ... આમ... કરે. આ લોટિયાવોરા(નું) જોયું ? લોટિયાવોરા તો પગ આમ નાખીને બેસે. આમ હેઠે પગ નાખીને (બેસે).

મુમુક્ષુ :– શીખ લોકોના ધર્મસ્થાનકોમાં એટલી બધી શાંતિ... એટલી બધી શાંતિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, હા. શીખમાં બહુ ! ઈ તો એનું પુસ્તક લઈને આવે (ત્યારે) બધા ખડા થઈ (જાય). પુસ્તકનું બહુમાન કરે ! પુસ્તકસાહેબ એમ કાંઈક (કહે છે). (શ્રોતા :

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રંથસાહેબ !) ઈ વસ્તુ જુદી, ઈ લોકો માને. આ તો જે અપેક્ષા છે (તેની વાત ચાલે છે). બાકી એનાથી ધર્મ થાય (એમ નથી). એવો વિકલ્પ હોય છે. એવી શૈલીની શૈલીમાં વસ્તુનું સ્વરૂપ એવું છે. ઈ સહજ સ્વભાવ છે. આહા..હા...!

મુમુક્ષુ :– મોઢામાં કાંઈક ખાધું હોય તો વંચાય નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, મોઢામાં ખાધું હોય ત્યારે શાસ્ત્ર વંચાય નહિ, શાસ્ત્ર વાંચતાં વાંચતાં પાણી પીવાય નહિ. ઈ તો અનેક પ્રકાર છે ને ? ભાઈ ! એની વિધિ છે. વ્યવહાર હોય છે. નિશ્ચય હોય અને વ્યવહાર ગમે તેવો હોય એમ ન ચાલે.

અહીં તો આ ચાર અંશ અને બે અંશનો બંધ છે ને ? એમ આત્મામાં પણ રાગમાં જો બે અંશ વિશેષ હોય તો રાગનો બંધ કરે પણ રાગ(નો) છેલ્લો એક અંશ હોય ઈ નવા રાગને ન (કરે), બીજા કર્મના બંધનું કારણ થાય પણ રાગ(નો) છેલ્લો અંશ રાગનું કારણ ન થાય. આહા..હા...! એવો જ પરમાણુનો સ્વભાવ (છે) એમ કહે છે. ક્યાં લઈ ગયા જુઓને !

એકગુણ ચીકાશ કે એકગુણ લૂખાશ બીજા બેગુણ કે ત્રણગુણ સાથે પણ એ બંધ ન થઈ શકે. એ પરિણમવાને લાયક નથી. આહા..હા...!

**ટીકા :– 'યથોક્ત હેતુથી જ પરમાણુઓને પિંડપણું થાય છે એમ નક્કી કરવું, કારણ કે બે અને ચાર ગુણવાળા તથા ત્રણ અને પાંચ ગુણવાળા –એવા બે સ્નિગ્ધ પરમાણુઓને અથવા એવા બે રૂક્ષ પરમાણુઓને અથવા એવા બે સ્નિગ્ધ-રૂક્ષ પરમાણુઓને (–એક સ્નિગ્ધ અને એક રૂક્ષ પરમાણુને) બંધની પ્રસિદ્ધિ છે.'** બે રૂક્ષ પરમાણુઓને બંધની પ્રસિદ્ધ છે એમ (કહેવું છે).

**અર્થ :– 'પુદ્‌ગલો 'રૂપી' અને 'અરૂપી' હોય છે;...'** એક બીજી અપેક્ષાથી જુદી વાત (કરી) છે. રૂપી કઈ અપેક્ષાએ છે ? બંધાવાને યોગ્ય નથી તેને રૂપી કહ્યાં અને બંધાવાને યોગ્ય (છે) એને અરૂપી કહ્યાં છે. (મૂળ ગ્રંથમાં નીચે ફૂટનોટ છે).

'કોઈ એક પરમાણુની અપેક્ષાએ વિસદ્દશજાતિનો સમાનઅંશવાળો બીજો પરમાણુ 'રૂપી' કહેવાય છે...' આ અપેક્ષાએ (રૂપી કહેવાય છે). એક પરમાણુની અપેક્ષાએ વિસદ્દશ (અર્થાત્) એક ચીકાશવાળો (પરમાણુ) છે અને સામે (બીજો) લૂખાશવાળો છે. 'સમાનઅંશવાળો બીજો પરમાણુ 'રૂપી' કહેવાય છે અને બાકીના બધા પરમાણુઓ તેની અપેક્ષાએ 'અરૂપી' કહેવાય છે.'

'જેમ કે–પાંચ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુને પાંચ અંશ રૂક્ષતાવાળો બીજો પરમાણુ 'રૂપી' છે...' કારણ કે એની સાથે બંધ થઈ શકતો નથી. 'અને બાકીના બધા પરમાણુઓ તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે 'અરૂપી' છે. આનો અર્થ એમ થયો કે–વિસદૃશજાતિના સમાનઅંશવાળા પરમાણુઓ પરસ્પર 'રૂપી' છે;...' જોયું ? 'સદૃશજાતિના અથવા અસમાનઅંશવાળા પરમાણુઓ પરસ્પર 'અરૂપી' છે.' આ અપેક્ષાએ (અરૂપી) કહેવાય છે.

**'પુદ્‌ગલો 'રૂપી' અને 'અરૂપી' હોય છે; ત્યાં સ્નિગ્ધ પુદ્‌ગલો સ્નિગ્ધની સાથે બંધાય છે, રૂક્ષ પુદ્‌ગલો રૂક્ષની સાથે બંધાય છે. સ્નિગ્ધ અને રૂક્ષ પણ બંધાય છે.'** એ ખુલાસો કર્યો. પાઠમાં એક શબ્દ છે ને ? પાઠમાં તો અમુક શબ્દ છે ને ? '**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण... लुक्खेण वा तिगुणिदो**' એમ. બે વાત છે પણ એમાંથી ત્રણ (વાત) કાઢી કે, નિધન સાથે (–સ્નિગ્ધ સાથે) બેગુણથી અધિક બંધાય, લૂખો લૂખાથી બેગુણ બંધાય એમ નિધન અને લૂખો પણ બેગુણથી અધિક બંધાય. નિધનની સાથે પણ બેગુણ અધિક બંધાય, ભલે પાઠમાં નથી. પુદ્‌ગલની વાત પણ આવી !

**'જઘન્ય સિવાય એકી અંશવાળો હોય કે બેકી અંશવાળો હોય, સ્નિગ્ધનો બે અધિક અંશવાળા સ્નિગ્ધ પરમાણુ સાથે, રૂક્ષનો બે અધિક અંશવાળા રૂક્ષ પરમાણુ સાથે અને સ્નિગ્ધનો (બે અધિક અંશવાળા) રૂક્ષ પરમાણુ સાથે બંધ થાય છે).'** બે અંશ વધારે હોય તો બંધ થાય. એનો ખુલાસો બહુ કર્યો.

ભાવાર્થ :– **'બે અંશથી માંડીને અનંત અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ તેનાથી બે અધિક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બને છે.'** દાખલો આપ્યો. **'જેમ કે : ૨ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૪ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૯૧ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૯૩ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે;...'** બે અંશ અધિક છે ને ? (એટલે બંધાય છે). **'૫૩૩ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૫૩૫ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે;...'** આ તો દાખલો આપ્યો છે.

**'૭૦૦૬ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૭૦૦૮ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે.–આ ઉદાહરણો પ્રમાણે બેથી માંડીને અનંત અંશો (અવિભાગ પ્રતિચ્છેદો) સુધી સમજી લેવું.'**

**'માત્ર એક અંશવાળા પરમાણુમાં જઘન્યભાવને લીધે બંધની યોગ્યતા નથી તેથી એક અંશવાળો સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ ત્રણ અંશવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ સાથે પણ બંધાતો નથી.'** એક અંશ અહીંયાં હોય અને ત્યાંથી બે અધિક (અંશ) બીજામાં હોય તોપણ ન બંધાય એમ (કહે છે). બે અધિક અંશવાળો બંધાય પણ અહીં એક હોય અને બીજામાં ત્રણ હોય એ ન બંધાય. અહીં બે હોય અને બીજામાં ચાર હોય, અહીં ત્રણ હોય અને બીજામાં પાંચ હોય તો બંધાય એમ (કહે છે). એવી એની સ્થિતિનો સ્વભાવ (છે), સ્વતઃ સ્વભાવ છે. એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર નથી કે આમ (છે), એ તો જ્ઞાનને ખબર છે. આહા..હા...! જ્ઞાનને ખબર છે કે આવી ચીજ આમ છે. એની એને ખબર નથી કે મારામાં ચાર હોય તો છ સાથે બંધાય, ત્રણ હોય તો પાંચ સાથે બંધાય, બે હોય તો ત્રણ સાથે ન બંધાય, એક હોય તો ચાર સાથે કે ત્રણ સાથે ન બંધાય એવી કંઈ એને ખબર નથી. આહા..હા...! એ તો જ્ઞાનની વિશેષતા છે ! આવો એનો સ્વભાવ છે, એનું સ્વરૂપ જ સ્વતઃ એવું છે. એવું જ્ઞાન જાણે છે.

**'આ રીતે (એક અંશવાળા સિવાય) બે પરમાણુઓ વચ્ચે બે અંશોનો તફાવત હોય તો જ તેઓ બંધાય છે; બે કરતાં વધારે કે ઓછા અંશનો તફાવત હોય તો બંધ થતો નથી. જેમ કે : પાંચ અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ સાત અંશવાળા પરમાણુ સાથે બંધાય છે; પરંતુ પાંચ અંશવાળો પરમાણુ આઠ અંશવાળા કે છ અંશવાળા (અથવા પાંચ અંશવાળા) પરમાણુ સાથે બંધાતો નથી.'** પાંચ અંશવાળા પરમાણુ સાથે બંધાતો નથી.

મુમુક્ષુ :– શ્વેતાંબરમાં એમ આવે છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– છે, એનામાં ફેર છે. ઈ આમાં પણ જરી ફેર છે, આપણે 'ધવલ'માં થોડો ફેર છે. અહીં તો 'કુંદકુંદાચાર્યદેવે' પોતે ખાસ કહ્યું, ભગવાન આમ કહે છે, એમ કહીને (કહ્યું) 'ધવલ'માં થોડો ફેર છે. આ તો જરી જાણવાની છે. છદ્મસ્થ આચાર્ય છે. આ તો 'કુંદકુંદાચાર્યદેવ' તો સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા, આઠ 'દી સાંભળ્યું છે અને એમનો ક્ષયોપશમ અને એમનું ભગવાનની પાસે સાંભળવું (થયું), ઈ સાંભળવાને કારણે ક્ષયોપશમ વધ્યો નથી, ક્ષયોપશમ પોતાથી વધ્યો છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્યદેવ'ની શાસ્ત્રની રચનાનો ક્ષયોપશમ પણ ગજબ હતો ! અનુભૂતિ અને અનુભવ હોય છતાં ક્ષયોપશમની દશા વિશેષ પ્રકારે શાસ્ત્રમાં મૂકવી કે રચવી એ બીજી જાતની (છે) અને તે પણ પોતાના સ્વભાવમાં રહીને, જાળવીને... આહા..હા...! એ વિકલ્પ આવે એમાં એક થયા વિના અહીં વાણીની રચના થાય એમાં વિકલ્પને એકપણે કર્યા વિના (થાય). આ..હા..હા...! આવી વાતું છે, બાપા !

જુઓ ! હવે કહેશે, હવે સરવાળો લેશે, જોયું ?

**'હવે આત્માને પુદ્‌ગલોના પિંડના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે :–'** આ હેતુ (છે). આ રીતે સિદ્ધ કર્યું કે, આત્મા પરમાણુના પિંડને કોઈ રીતે કરે, સ્કંધ બાંધે, લાડવો કરે, રોટલી કરે, દાળ ભેગી કરે... આહા..હા...! ખીલી મારીને લાકડાને એકબીજા (સાથે) ચોડે એ કર્ત્તવ્ય જીવનું નથી. એ પુદ્‌ગલનો જ એવો સ્વભાવ છે. આહા..હા...! લ્યો, આ વાત કરીને અહીં ઉતાર્યું પાછું ! બાપુ ! એનો – પરમાણુનો એવો સ્વભાવ છે. આહા..હા...!

કર્મની પર્યાય પણ કર્મને કારણે બંધાય એમાં આત્માનો અધિકાર નથી. આહા..હા...! કેમકે એ પરમાણુઓમાં જ એની પર્યાય થવાની લાયકાતથી કર્મની પર્યાય થવાની. તે સમયે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની લાયકાતથી તે પરમાણુ પરિણમ્યા છે. જીવનો રાગ નિમિત્ત હતો માટે પરિણમ્યા છે એમ નહિ. એની (એ) સમયની લાયકાત જ એવી હતી. આહા..હા...! તે તે પરમાણુઓમાં જે કર્મરૂપે થવાની લાયકાતવાળા તે જ કર્મપણે પરિણમે છે, બીજા પરમાણુ એ વખતે (કર્મરૂપે) નથી પરિણમતા. એવો એનો સ્વતઃ સ્વભાવ છે. એને એમ ખબર નથી કે, આ રાગ છે માટે કર્મરૂપે પરિણમવું તેમ મારી પર્યાયમાં કર્મ(રૂપે) થવાની યોગ્યતા છે માટે થયું એવું કંઈ જ્ઞાન છે ? પણ ઈ જડનો એવો જ સ્વભાવ (છે) કે, પોતાના પરિણામની લાયકાતથી બીજાની ચીજ પોતાથી (બેગુણ આદિ) અધિક હોય (તો) પરિણમે એવો એનો સ્વતઃ સ્વભાવ છે. પરિણમનારને ખબર નથી અને પરિણમાવનાર એટલે આ બે(ગુણ) અને પેલો ચાર(ગુણ) એ પરિણમાવનાર કહેવાય, એને પણ ખબર નથી કે હું આને પરિણમાવવામાં નિમિત્ત થાઉં છું. આહા..હા...!

બેગુણ ચીકાશવાળો ચારગુણ ચીકાશ(વાળા) સાથે પરિણમે તો એમાં બેગુણ ચીકાશવાળો પરિણમનાર કહેવાય, ચાર ગુણવાળો પરિણમાવનાર કહેવાય. પરિણમાવનાર કહેવાય માટે એને ચારપણે પરિણમાવે છે એમ નથી. ચારપણાના અંશમાં જ્યારે આવ્યો ત્યારે તેનામાં ચાર અંશપણે થવાની લાયકાત હતી તેથી થયો. આહા..હા...! પહેલે સમયે બે(ગુણ) ચીકાશવાળો હતો અને બીજે સમયે ચાર(ગુણ ચીકાશવાળો) થયો તો પેલો ચારવાળો હતો માટે અહીં ચારવાળો થયો એમ નહિ. આવું તત્ત્વ ! એના દ્રવ્ય, ગુણ અને પર્યાયનો આવો સ્વભાવ !

એ કહે છે, ૧૬૭ (ગાથા).

**दुपदेसादी खंधा सुहुमा वा बादरा ससंठाणा।**
**पुढविजलतेउवाऊ सगपरिणामेहिं जायंते।।१६७।।**

પોતાના પરિણામથી થાય છે, આત્મા એને કાંઈ કરતો નથી. આહા..હા...!

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.**

દેખો ! પેલા કહેતા ને ? શરીરનું કરી શકે, પરમાણુનું ન કરે. એવો જવાબ આપ્યો હતો. (એક શ્વેતાંબર સાધુના) ગુરુએ, હોં ! એમ કહે, શરીરનું કરી શકે. અહીં કહે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः पुद्गलपिण्डकर्तृत्वाभावमवधारयति -

**दुपदेसादी खंधा सुहुमा वा बादरा ससंठाणा।।**
**पुढविजलतेउवाऊ सगपरिणामेहिं जायंते।।१६७।।**
**द्विप्रदेशादयः स्कन्धाः सूक्ष्मा वा बादराः ससंस्थानाः।**
**पृथिवीजलतेजोवायवः स्वकपरिणामैर्जायन्ते।।१६७।।**

एवममी समुपजायमाना द्विप्रदेशादयः स्कन्धा विशिष्टावगाहनशक्तिवशादुपात्तसौक्ष्म्य-स्थौल्यविशेषा विशिष्टाकारधारणशक्तिवशाद्गृहीतविचित्रसंस्थानाः सन्तो यथास्वं स्पर्शादिचतुष्क-

---

एवं पूर्वोक्तप्रकारेण स्निग्धरूक्षपरिणतपरमाणुस्वरूपकथनेन प्रथमगाथा, स्निग्धरूक्षगुणविवरणेन द्वितीया, स्निग्धरूक्षगुणाभ्यां द्व्यधिकत्वे सति बन्धकथनेन तृतीया, तस्यैव दृढीकरणेन चतुर्थी चेति परमाणूनां परस्परबन्धव्याख्यानमुख्यत्वेन प्रथमस्थले गाथाचतुष्टयं गतम्। अथात्मा

---

હવે આત્માને પુદ્ગલોના પિંડના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે :–

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.**

**અન્વયાર્થ :– [द्विप्रदेशादयः स्कंधाः]** દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો)– **[सूक्ष्माः वा बादराः]** કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને **[ससंस्थानाः]** સંસ્થાનો (આકારો) સહિત હોય છે તેઓ– **[पृथिवीजलतेजोवायवः]** પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ **[स्वकपरिणामैः जायन्ते]** પોતાના પરિણામોથી થાય છે.

---

**'સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે, તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે.'** સૂક્ષ્મપણે પણ એનાથી (થાય છે) અને સ્થૂળપણે પણ એનાથી થાય છે, આત્મા એને કાંઈ કરી શકે નહિ. આહા..હા...! કહો ! મોટા આચાર્ય નામ ધરાવે અને આટલી ખબર ન મળે ! તમે ગલત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्याविर्भावतिरोभावस्वशक्तिवशमासाद्य पृथिव्यप्तेजोवायवः स्वपरिणामैरेव जायन्ते। अतोऽबधार्यते द्व्यणुकाद्यनन्तानन्तपुद्गलानां न पिण्डकर्ता पुरुषोऽस्ति।।१६७।।

---

द्व्यणुकादिपुद्गलस्कन्धानां कर्ता न भवतीत्युपदिशति - **जायन्ते** उत्पद्यन्ते। के कर्तारः। **दुपदेसादी खंधा** द्विप्रदेशाद्यनन्ताणुपर्यन्ताः स्कन्धाः। के जायन्ते। **पुढविजलतेउवाऊ** पृथ्वीजलतेजोवायवः। कथंभूताः सन्तः। **सुहुमा वा बादरा सूक्ष्मा** वा बादरा वा। पुनरपि किंविशिष्टाः सन्तः। **ससंठाणा** यथासंभवं वृत्तचतुरस्रादिस्वकीयस्वकीयसंस्थानाकारयुक्ताः। कैः

---

**ટીકા :–** એ રીતે (પૂર્વોક્ત રીતે) આ ઊપજતા દ્વિપ્રદેશાદિક સ્કંધો – જેમણે વિશિષ્ટ અવગાહનની શક્તિને વશ સૂક્ષ્મતા અને સ્થૂલતારૂપ ભેદો ગ્રહ્યા છે અને જેમણે વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિને વશ વિચિત્ર સંસ્થાનો ગ્રહ્યાં છે તેઓ–પોતાની યોગ્યતા અનુસાર સ્પર્શાદિ

---

કરો છો માટે લોકોનું કલ્યાણ અટકી જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતાં ધર્મ ન થાય (એમ કહો છો તો એનાથી) લોકોનું કલ્યાણ અટકી જાય છે. લ્યો ! (આવું) કહેવા આવ્યા.

એમાં એક પેલો હતો, નહિ ? પેલો વૈષ્ણવ હતો પછી સ્થાનકવાસી થઈ ગયો ને પછી દેરાવાસી (થયો). દેરાવાસી પૈસાવાળો ! વીસ-પચીસ લાખનો આસામી ! ‘રાજકોટવાળો’ ! ઈ પહેલા વૈષ્ણવ હતો, પછી સ્થાનકવાસી થયો, પછી દેરાવાસી થયો. (ઈ) લઈને આવ્યા હતા. (બીજા એક ભાઈએ કહ્યું કે) મહારાજ કહે છે કે અમારે ચર્ચા કરવી નથી અને ઈ કહે છે કે અમારી આ વાત (છે). હવે તમારે શું ચર્ચા કરવી છે ? અરે... ભગવાન ! બાપુ ! એમ વાદવિવાદ કરે આ વાત બેસે ? આ અંદરમાં ઘડ કેમ બેસે ? અંદરમાં (ઘડ બેસવી જોઈએ).

**ટીકા :–** ‘**એ રીતે (પૂર્વોક્ત રીતે) આ ઊપજતા દ્વિપ્રદેશાદિક સ્કંધો...**’ જોયું ? સ્નિગ્ધ અને રૂક્ષના કારણે બેથી અનંત પ્રદેશના સ્કંધ થાય. હવે ત્યાં લીધું, ‘**જેમણે વિશિષ્ટ અવગાહનની શક્તિને વશ...**’ છે ને ? ખાસ અવગાહવાની શક્તિને કારણે ‘**સૂક્ષ્મતા અને સ્થૂલતારૂપ ભેદો ગ્રહ્યા છે...**’ જુઓ ! એનું વિશિષ્ટ અવગાહન (છે) ! સ્થૂળપણે થવું કે સૂક્ષ્મપણે થવું. સૂક્ષ્મમાં ઘણાપણું થતા અવગાહન ટૂંકામાં (થાય છે) અને સ્થૂળમાં પરમાણુ થોડા થતાં અવગાહન મોટામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृत्वा जायन्ते। **समपरिणामेहिं** स्वकीयस्वकीयस्निग्धरूक्षपरिणामैरिति। अथ विस्तर :- जीवा हि तावद्वस्तुतष्टङ्कोत्कीर्णज्ञायकैकरूपेण शुद्धबुद्धैकस्वभावा एव, पश्चाद्व्यवहारेणानादिकर्मबन्धोपाधिवशेन शुद्धात्मस्वभावमलभमानाः सन्तः पृथिव्यप्तेजोवातकायेकेषु समुत्पद्यन्ते, तथापि स्वकीयाभ्यन्तरसुखदुःखादिरूपपरिणतेरेवाशुद्धोपादानकारणं भवन्ति, न च पुथिव्यादिकायाकारपरिणतेः। कस्मादिति चेत्। तत्र स्कन्धानामेवोपादानकारणत्वादिति। ततो ज्ञायते पुद्गलपिण्डानां जीवः कर्ता न भवतीति।।१६७।।

---

ચતુષ્કના આવિર્ભાવ અને તિરોભાવની સ્વશક્તિને વશ થઈને પૃથ્વી, પાણી, તેજ ને વાયુરૂપ પોતાના પરિણામોથી જ થાય છે. આથી નક્કી થાય છે કે દ્વિ-અણુકાદિ અનંતાનંત પુદ્‌ગલોનો પિંડકર્તા આત્મા નથી. ૧૬૭.

---

(થાય છે). આ..હા..હા...! શું કીધું ઈ ?

એની ચીકાશ, લૂખાશમાં બેથી અધિક (અંશો થવાપણું) કીધું એ રીતે પરિણમતા સૂક્ષ્મ પરમાણુઓ સૂક્ષ્મપણે થાય, સ્થૂળ સ્થૂળપણે થાય. જોયું ? સૂક્ષ્મ પરમાણુઓ હો, છૂટા હતા ત્યારે સૂક્ષ્મ હતા, હવે જ્યારે સ્કંધ (બનીને) સ્થૂળ થયા (અને) એમાં આવ્યા ત્યારે એક એક પરમાણુમાં સ્થૂળતા આવી ગઈ. એટલે લોકોને એમ થાય કે ઈ સ્કંધમાં ભળ્યો એટલે સ્થૂળતા આવી. એકલો સૂક્ષ્મ રહેશે. એમ નથી. આહા..હા...! એ કાળે આમાં – એક એક રજકણમાં સ્થૂળતા છે. આ સ્થૂળ થાય છે, દેખાય છે ને ? કાર્માણ અને તૈજસ સૂક્ષ્મ છે, આ સ્થૂળ છે. એનો પરમાણુ પણ અત્યારે સ્થૂળ થયો છે. કારણ કે પરમાણુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં અહીં રહ્યો છે. અહીં પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણે રહ્યો છે તો એના કાળપણે પણ સ્થૂળપણાના કાળપણે અહીં રહ્યો છે. આહા..હા...!

એ દ્વિપ્રદેશાદિક સ્કંધો એ રીતે ઊપજતાં (એટલે) પેલા બેગુણથી અધિક આદિ (જે કહ્યું તે સ્કંધો), **'જેમણે વિશિષ્ટ અવગાહનની શક્તિને વશ...'** અવગાહનની શક્તિને વશ. સૂક્ષ્મતામાં આકાશના થોડા પ્રદેશમાં અવગાહન (થઈ જાય), સ્થૂળમાં વિશેષ (પ્રદેશોમાં અવગાહન થાય). **'અને જેમણે વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિને વશ...'** ભિન્ન ભિન્ન આકાર (એટલે કે) સ્થૂળનો આકાર, સૂક્ષ્મનો આકાર. **'વિચિત્ર સંસ્થાનો ગ્રહ્યાં છે...'** જોયું ? (સંસ્થાનો એટલે) આકાર ગ્રહ્યાં છે. આનો આકાર આવો થયો છે ઈ એને કારણે એવો થયો છે કહે છે.

પ્રશ્ન :– નામકર્મનું નિમિત્ત તો ખરું કે નહિ ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમાધાન :– ઈ નિમિત્તનો અર્થ શું ? એ રજકણો જ એ કાળે પોતાની પર્યાયપણે આ રીતે (આવા) આકારે થયા છે. નામકર્મ નિમિત્ત (છે તો) નિમિત્ત એટલે ? એનાથી થયું છે ? નામકર્મને તો ખબર પણ નથી. આહા..હા...!

**'જેમણે વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિને વશ...'** જોયું ? પરમાણુ પોતે. **'વિચિત્ર સંસ્થાનો ગ્રહ્યાં છે...'** વિચિત્ર પ્રકારનો આકાર પરમાણુએ અવગાહનની શક્તિને વશ અને વિશેષ આકાર ધારણ કરવાની શક્તિને વશ આકાર ગ્રહ્યાં છે. આહા..હા...!

આ સ્થૂળ (સ્કંધમાં) પરમાણુની સંખ્યા થોડી (છે) છતાં આકાર અને અવગાહન મોટું (છે). અને એમાં જે સૂક્ષ્મ (સ્કંધ) છે એમાં પરમાણુ ઝાઝા (છે) છતાં અવગાહન ઝાઝું નહિ અને આકાર પણ એના પ્રકારનો સૂક્ષ્મનો આકાર ત્યાં છે. આહા..હા...!

દરેક સમયની પરમાણુની પર્યાય સ્વતંત્ર આ રીતે થાય એમાં આત્મા શું કરે ?

મુમુક્ષુ :– કાંઈ ન કરે એમ કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઈ માટે તો આ વર્ણવ્યું છે.

શું કહ્યું ? **'તેઓ – પોતાની યોગ્યતા અનુસાર...'** દેખો ! દરેક રજકણનું એના સૂક્ષ્મપણે, સ્થૂળપણે આકારપણે થવું – સૂક્ષ્મના આકારપણે કે સ્થૂળના આકારપણે, સૂક્ષ્મના અવગાહનપણે કે સ્થૂળના અવગાહનપણે (થવું તે) યોગ્યતા અનુસાર (થાય છે). આહા..હા...! આ તો જ્યાં હોય ત્યાં (એમ માને કે) મેં આમ કર્યું ને મેં આમ કર્યું ને મેં આમ કર્યું... મેં આમાં ચિત્ર ચિતર્યા ને ફલાણા કર્યા ને ઢીકણા (કર્યા)... આહા..હા...!

તમારે ત્યાં એક ભાઈ હતા, નહિ ? 'રાજકોટ' ! 'બોગાણીની શેરી'માં સામે ડેલામાં ઉપર રહેતા. (એ) બહુ ચીતરતા હતા. સાકરટેટી ને બધા ભિન્ન ભિન્ન (ચિત્રો ચિતરતા). એને એમ કે, જુઓ ! આવું બધું હું કરી શકું છું. અરે...! ફોટા પણ પાડતા ને ? ફોટાનો આકાર પડે છે (તો) કહે છે કે, તે તે પ્રકારના તે રજકણના સ્થૂળપણે અવગાહનને કારણે એવો આકાર થાય છે. એનો આત્મા કર્તા નથી. એની બુદ્ધિમાં હોય કે આવું થાય ને આવું થાય. (એ) બુદ્ધિને લઈને ત્યાં થાય છે (એમ નથી). આ..હા..હા...!

**'યોગ્યતા અનુસાર સ્પર્શાદિ ચતુષ્કતા આવિર્ભાવ અને તિરોભાવની સ્વશક્તિને વશ...'** જોયું ? સ્પર્શાદિક છે ને ? (મૂળ ગ્રંથમાં ફૂટનોટમાં તેનો અર્થ આપ્યો છે). 'સ્પર્શાદિ ચતુષ્ક = સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ.' આ તો સ્પર્શમાં એકાક્ષરી નથી અને રસ, ગંધ અને વર્ણમાં એકાક્ષરી હોય છે. આમ વર્ણ ભલે પેલો કર્યો પણ આમ વર્ણ કરે તો એકાક્ષરી થઈ જાય છે. ત્રણેય – વર્ણ, ગંધ અને રસ. વર્ણ = વ - ર - ણ, ગં - ધ, ર - સ (એ રીતે) એકાક્ષરી (થઈ જાય છે). સ્પર્શમાં એકાક્ષરી નથી થતું. જેમ મન, વચન અને તન – એમાં એકાક્ષરી થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય છે. મન, વાણી અને દેહ એમ કહે તો (એમાં) મન એકાક્ષરી છે, વાણી અને દેહ પાછા એકાક્ષરી નહિ. પણ મન, તન અને વચન (એકાક્ષરી છે). એ રીતે જ એના પરિણમની યોગ્યતાવાળું સ્વરૂપ છે. આહા..હા...!

સ્પર્શ, વર્ણ, ગંધ, રસના ચતુષ્ક છે ને ? (ચતુષ્ક એટલે) ચાર. એનું બહાર આવવું અને ઢંકાઈ જવું. એવી '**સ્વશક્તિને વશ થઈને...**' આત્મા એને કરે માટે આ લાડવો વળે, આંજણ આંજે, નહિ ? આંજણ બનાવે, લ્યો, શું કહેવાય ઈ તાવડીનું ? મશમાં નાખીને. ઠંડું... ઠંડું (લાગે). ઈ ઠંડું હોય, (એને) લાગે છે અગ્નિ પણ પેલી માટીમાંથી થયું છે ને ? (તો) માટી ઠંડી હોય એટલે ઈ ઠંડું હોય. શું કહેવાય ઈ ? તાવડીનું હેઠલું કાળું (હોય એને શું કહેવાય) ? મશ... મશ ! મશ.. મશ...! મશ ઠંડી હોય. માટીની છે ને ? નહિતર અગ્નિથી ઊનું (થયું છે) પણ એનો સ્વભાવ જ ત્યાં એવો એ રીતે થાય. એના રજકણની યોગ્યતાથી ત્યાં તેવું થાય છે. કેટલાક ડાબલીમાં મશ ભરી લ્યે છે કે નહિ ?

(વિશેષ કહેશે...)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मानः पुद्गलपिण्डानेतृत्वाभावमवधारयति -

**ओगाढगाढणिचिदो पोग्गलकायेहिं सव्वदो लोगो।**
**सुहुमेहि बादरेहि य अप्पाओग्गेहिं जोग्गेहिं।।१६८।।**
**अवगाढगाढनिचितः पुद्गलकायैः सर्वतो लोकः।**
**सूक्ष्मैर्बादरैश्चाप्रायोग्यैर्योग्यैः।।१६८।।**

यतो हि सूक्ष्मत्वपरिणतेर्बादरपरिणतैश्चानतिसूक्ष्मत्वस्थूलत्वात् कर्मत्वपरिणमनशक्तियोगिभिरतिसूक्ष्मस्थूलतया तदयोगिभिश्चावगाहविशिष्टत्वेन परस्परमबाधमानैः स्वयमेव सर्वत एव पुद्गलकायैर्गाढं निचितो लोकः। ततोऽवधार्यते न पुद्गलपिण्डानामानेता पुरुषोऽस्ति।। ।।१६८।।

---

अथात्मा बन्धकाले बन्धयोग्यपुद्गलान् बहिर्भागान्नैवानयतीत्यावेदयति - **ओगाढगाढणिचिदो** अवगाह्यावगाह्य नैरन्तर्येण निचितो भृतः। स कः। **लोगो** लोकः। कथं भृतः। **सव्वदो** सर्वतः सर्वप्रदेशेषु। कैः कर्तृभूतैः। **पोग्गलकायेहिं** पुद्गलकायैः। किंविशिष्टैः। **सुहुमेहि बादरेहि य** इन्द्रियग्रहणायोग्यैः सूक्ष्मैस्तद्ग्रहणयोग्यैर्बादरैश्च। पुनश्चच कथंभूतैः। **अप्पाओग्गेहिं** अतिसूक्ष्मस्थूलत्वेन कर्मवर्गणायोग्यतारहितैः। पुनश्च किंविशिष्टैः। **जोग्गेहिं** अतिसूक्ष्मस्थूलत्वाभावात्कर्मवर्गणायोग्यैरिति। अयमात्रार्थ :- निश्चयेन शुद्धस्वरूपैरपि व्यवहारेण कर्मोदयाधीनतया पृथिव्यादिपञ्चसूक्ष्मस्थावरत्वं प्राप्तैर्जीवैर्यथा लोको निरन्तरं भृतस्तिष्ठति तथा पुद्गलैरपि। ततो ज्ञायते यत्रैव शरीरावगाढक्षेत्रे जीवस्तिष्ठति बन्धयोग्यपुद्गला अपि तत्रैव तिष्ठति, न च बहिर्भागाज्जीव आनयतीति।। ।।१६८।।

---

હવે (જેમ આત્મા પુદ્ગલપિંડનો કરનાર નથી તેમ) આત્મા પુદ્ગલપિંડનો લાવનાર (પણ) નથી એમ નક્કી કરે છે :–

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.**

**અન્વયાર્થ :–** **[लोकः]** લોક **[सर्वतः]** સર્વતઃ **[सूक्ष्मै बादरैः]** સૂક્ષ્મ તેમ જ બાદર **[च]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તથા **[अप्रायोग्यैः योग्यैः]** કર્મત્વને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય **[पुद्गलकायैः]** પુદ્ગલકાયો (પુદ્ગલસ્કંધો) વડે **[अवगाढगाढनिचितः]** (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

**ટીકા :–** સૂક્ષ્મપણે પરિણમેલા તેમ જ બાદરપણે પરિણમેલા, અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ નહિ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિવાળા તેમ જ અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિ વગરના – એવા પુદ્ગલકાયો વડે, આત્માની વિશિષ્ટતાને લીધે પરસ્પર બાધા કર્યા વિના, સ્વયમેવ સર્વતઃ (બધાય પ્રદેશે) લોક ગાઢ ભરેલો છે. માટે નક્કી થાય છે કે પુદ્ગલપિંડોનો લાવનાર આત્મા નથી.

**ભાવાર્થ :–** આ લોકમાં સર્વ સ્થળે જીવો છે અને કર્મબંધને યોગ્ય પુદ્ગલવર્ગણા પણ સર્વ સ્થળે છે. જીવને જે પ્રકારના પરિણામ થાય તે પ્રકારનો જીવને કર્મબંધ થાય છે. એમ નથી કે આત્મા કોઈ બહારની જગ્યાએથી કર્મયોગ્ય પુદ્ગલો લાવીને બંધ કરે છે. ૧૬૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અષાઢ સુદ ૧૦, શુક્રવાર તા. ૧૮-૦૭-૧૯૭૫**
**ગાથા – ૧૬૮-૧૭૧**
**પ્રવચન નંબર–૧૭૨**

('પ્રવચનસાર'), ૧૬૮ ગાથા. **'હવે (જેમ આત્મા પુદ્‌ગલપિંડનો કરનાર નથી તેમ) આત્મા પુદ્‌ગલપિંડનો લાવનાર (પણ) નથી...'** એ સિદ્ધ કરે છે. તે રજકણ લાવે અને તે બંધાય એમ નથી.

**ओगाढगाढणिचिदो पोग्गलकायेहिं सव्वदो लोगो।**
**सुहुमेहि बादरेहि य अप्पाओग्गेहिं जोग्गेहिं।।१६८।।**

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.**

**ટીકા :– 'સૂક્ષ્મપણે પરિણમેલા...'** સૂક્ષ્મપણે થયેલા **'તેમ જ બાદરપણે પરિણમેલા,...'** થયેલા. **'અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ નહિ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિવાળા તેમ જ અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિ વગરના...'** બહુ સૂક્ષ્મ એક, બે, ચાર પરમાણુ હોય એ પણ કર્મ થવાને લાયક નથી અને જે સ્થૂળ છે એ પણ કર્મ થવાને લાયક નથી. એમ કહે છે.

**'એવા પુદ્‌ગલકાયો વડે, અવગાહની વિશિષ્ટતાને લીધે...'** એ પરમાણુઓમાં એ જાતની અવગાહ થવાની ખાસ શક્તિને લઈને **'પરસ્પર બાધા કર્યા વિના,...'** પરમાણુઓના સ્કંધો એકબીજાને અડચણ કર્યા વિના **'સ્વયમેવ સર્વતઃ (બધાય પ્રદેશે) લોક ગાઢ ભરેલો છે. માટે નક્કી થાય છે કે પુદ્‌ગલપિંડોનો લાવનાર આત્મા નથી.'** એમ કે, ક્યાંક આઘે હોય ત્યાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાવે એમ નથી. જ્યાં પરમાણુ છે ત્યાં એ પરમાણુ પરિણમન થઈને બંધાય જાય છે. રાગનું નિમિત્ત છે. સમજાણું ?

એ '**પુદ્‌ગલપિંડોનો લાવનાર આત્મા નથી.**' આઘેથી લાવનાર (નથી). કાલે એ કોઈ પ્રશ્ન કરતું હતું કે, પરમાણુઓ દૂર હોય ઈ લાવી શકે ? લાવવાની તો વાત પણ ક્યાં છે પણ દૂરના આવે નહિ. ઈ જ્યાં બાંધે છે ત્યાં જ હોય છે. પરમાણુ જ્યાં બંધાય છે એ (એ) જ ઠેકાણે રજકણ છે એ રાગનું નિમિત્ત (પામીને) કર્મપણે પરિણમી જાય છે. એ પણ ખરેખર તો તે પ્રમાણે પરમાણુની કર્મપણે થવાની લાયકાતવાળા (પરમાણુઓ) તે સમયે પરિણમી જાય. એને ખરેખર તો એના નિમિત્તકારકની પણ અપેક્ષા નથી. હો, નિમિત્ત છે પણ એની અપેક્ષા (નથી). તે જ સમયે તે કર્મ થવાને લાયક પરમાણુઓ કર્મરૂપે થાય છે. આહા..હા...! એને શી ખબર પડે કે અહીં કર્મપણે થવું ? અહીં રાગ કર્યો છે માટે મારે કર્મપણે થવું. એટલા જ પ્રમાણમાં (બંધાય છે). ખબરનું શું કામ છે ? એવો જ પરમાણુઓનો સ્વભાવ છે કે તે કાળે જે પ્રકારનો રાગ મંદ, તીવ્ર, દ્વેષ, મિથ્યાત્વ આદિ (થાય) એ પ્રમાણે અહીંયાં પરમાણુ પોતાથી પોતાના સ્વયં કર્તા થઈને એ જાતની પર્યાય ઉત્પન્ન કરે છે. આહા..હા...!

**ભાવાર્થ :–** '**આ લોકમાં સર્વ સ્થળે જીવો છે...**' આખી દુનિયામાં જીવ ભરેલા છે. '**અને કર્મબંધને યોગ્ય પુદ્‌ગલવર્ગણા પણ સર્વ સ્થળે છે.**' બન્ને સર્વસ્થળે છે. આહા..હા...! '**જીવને જે પ્રકારના પરિણામ થાય...**' જે પ્રકારના પરિણામ થાય '**તે પ્રકારનો જીવને કર્મબંધ થાય છે.**' આહા..હા...! '**એમ નથી કે આત્મા કોઈ બહારની જગ્યાએથી...**' એટલું અહીં સિદ્ધ કરવું છે. ''**બહારની જગ્યાએથી કર્મયોગ્ય પુદ્‌ગલો લાવીને બંધ કરે છે.**' એમ છે નહિ. જોગ એને ગ્રહે છે, કષાયમાં સ્થિતિ (અને) રસ પડે છે એમ નથી આવતું ? આવે (છે) એનો અર્થ ? કર્મના પ્રદેશો થવામાં જોગનું નિમિત્ત છે એટલું અને કષાય છે એ કર્મમાં સ્થિતિ પડવામાં નિમિત્ત છે, બસ. સ્થિતિ અને પ્રદેશોનું થવું તો એની પોતાની પર્યાયને લઈને છે. એ કંઈ જોગને લઈને કે કષાયને લઈને કર્મ આવે છે અને સ્થિતિ, રસ પડે છે એમ નથી. આહા..હા...! સમય સમયની પરમાણુની પર્યાય પણ સ્વતંત્રપણે પરિણમે છે. એને આત્મા ક્યાંયથી લાવે છે એમ નથી. આહા..હા...!

'**હવે આત્મા પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો નથી...**' ૧૬૯ (ગાથા).

**कम्मत्तणपाओग्गा खंधा जीवस्स परिणइं पप्पा।।**
**गच्छंति कम्मभावं ण हि ते जीवेण परिणमिदा।।१६९।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः पुद्गलपिण्डानां कर्मत्वकर्तृत्वाभावमधारयति -

**कम्मत्तणपाओग्गा खंधा जीवस्स परिणइं पप्पा।।**
**गच्छंति कम्मभावं ण हि ते जीवेण परिणमिदा।।१६९।।**
**कर्मत्वप्रायोग्याः स्कन्धा जीवस्य परिणतिं प्राप्य।**
**गच्छन्ति कर्मभावं न हि ते जीवेन परिणमिताः।।१६९।।**

यतो हि तुल्यक्षेत्रावगाढजीवपरिणाममात्रं बहिरङ्गसाधनमाश्रित्य जीवं परिणमयितारमन्तरेणापि कर्मत्वपरिणमनशक्तियोगिनः पुद्गलस्कन्धाः स्वयमेव कर्मभावेन परिणमन्ति। ततोऽबधार्यते न पुद्गलपिण्डानां कर्मत्वकर्ता पुरुषोऽस्ति।।१६९।।

---

अथ कर्मस्कन्धानां जीव उपादानकर्ता न भवतीति प्रज्ञापयति - **कम्मत्तणपाओग्गा खंधा** कर्मत्वप्रायोग्याः स्कन्धाः कर्तारः **जीवस्स परिणइं पप्पा** जीवस्य परिणतिं प्राप्य निर्दोषिपरमात्मभावनोत्पन्नसहजानन्दैकलक्षणसुखामृतपरिणतेः प्रतिपक्षभूतां जीवसंबन्धिनीं मिथ्यात्व-

---

હવે આત્મા પુદ્ગલપિંડને કર્મપણે કરનારો નથી એમ નક્કી કરે છે :–

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.**

**અન્વયાર્થ :–** **[कर्मत्वप्रायोग्याः स्कंधाः]** કર્મપણાને યોગ્ય સ્કંધો **[जीवस्य परिणति प्राप्य]** જીવની પરિણતિને પામીને **[कर्मभावं गच्छन्ति]** કર્મભાવને પામે છે; **[न हि ते जीवेन**

---

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.**

લ્યો ! '**પામી જીવના પરિણામને**' કહ્યું કે નહિ ? નિમિત્ત પામીને. એ તો હોય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागादिपरिणतिं प्राप्य **गच्छंति कम्मभावं** गच्छन्ति परिणमन्ति। कम्। कर्मभावं ज्ञानावरणादि-द्रव्यकर्मपर्यायम्। **ण हि ते जीवेण परिणमिदा** न हि नैव ते कर्म स्कन्धा जीवेनोपादानकर्तृ-भूतेन परिणमिताः परिणतिं नीता इत्यर्थः। अनेन व्याख्यानैनैतदुक्तं भवति कर्मस्कन्धानां निश्चयेन जीवः कर्ता न भवतीति।।१६९।।

---

**परिणमिताः]** તેમને જીવ પરિણમાવતો નથી.

**ટીકા :–** કર્મપણે પરિણમવાની શક્તિવાળા પુદ્‌ગલસ્કંધો તુલ્યક્ષેત્રાવગાહી જીવના પરિણામમાત્રનો–કે જે બહિરંગ સાધન (બાહ્ય કારણ) છે તેનો–આશ્રય કરીને, જીવ પરિણમાવનાર વિના પણ, સ્વયમેવ કર્મભાવે પરિણમે છે. તેથી નક્કી થાય છે કે પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો આત્મા નથી.

**ભાવાર્થ :–** સમાન ક્ષેત્રે રહેલા જીવના વિકારી પરિણામને નિમિત્તમાત્ર કરીને કાર્મણવર્ગણાઓ સ્વયમેવ પોતાની અંતરંગ શક્તિથી જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમી જાય છે; જીવ તેમને કર્મપણે પરિણમાવતો નથી. ૧૬૯.

---

એટલું સિદ્ધ કર્યું છે. આહા..હા...! પેલું રૂપી, અરૂપીમાં કહ્યું હતું ને ? રૂપીમાં વિસદ્દશજાતિના સમાન અંશવાળા રજકણોને રૂપી કહ્યાં છે, એટલું. એ તો બંધને યોગ્ય નથી. પણ એ સિવાયના બંધને યોગ્ય હોય કે બંધને યોગ્ય ન હોય એ બધાને અરૂપી કહ્યાં છે. એટલો ત્યાં ફેર હતો. રૂપી છે ઈ બંધને યોગ્ય નથી અને અરૂપી બંધને યોગ્ય છે એમ નથી. રૂપી છે એ તો બંધને યોગ્ય છે નહિ પણ અરૂપી છે ઈ બંધને યોગ્ય નથી એવા બે પ્રકાર છે. ફક્ત ફેર કેટલો પાડ્યો ? કહ્યું હતું ને ? નિદ્ધત જાતિના સમાન અંશવાળા પરમાણુ રૂપી કહેવાય, બસ. અને સદ્દશજાતિના અને અસમાન અંશવાળા પરમાણુને અરૂપી કહેવાય. એટલે અરૂપી બંધને યોગ્ય જ છે એમ નથી. રૂપી છે ઈ તો બંધને યોગ્ય નથી જ પણ અરૂપી એટલે છે તો બધા (અરૂપી) પરમાણુઓ પણ વિસદ્દશ સમાન અંશવાળાને રૂપી કહ્યાં અને બીજા સમાન અંશવાળા કે અસમાન અંશવાળા સદ્દશ જાતિનાને બધાને અરૂપી કહ્યાં. એટલે અરૂપીની વ્યાખ્યા એ નથી કે જે કર્મબંધ થવાને લાયક છે – પરમાણુ બંધ થવાને લાયક છે તેને અરૂપી કહ્યા એમ નથી. ફક્ત આટલી વાત જણાવી. વિસદ્દશ સમાન અંશવાળા પરમાણુ કે સ્કંધોને રૂપી કહેવામાં આવે છે એટલું. સરખા રૂપવાળા છે ને ? એટલે. એ પણ એને કારણે ત્યાં બંધાય છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા જોગથી કંપે છે એથી જોગથી પરમાણુને ગ્રહે છે એમ કહેવું એ તો નિમિત્તનું કથન છે. આહા..હા...! એ વખતે પરમાણુઓ પોતાને કારણે જેટલી પ્રદેશ-યોગ્યતા હોય એ પ્રમાણે પ્રદેશો પરિણમી જાય છે. આહા..હા...! ૧૬૯ (ગાથા) છે ને ?

'**કર્મપણે પરિણમવાની શક્તિવાળા પુદ્‌ગલસ્કંધો...**' કર્મપણે થવાની યોગ્યતાવાળા '**પુદ્‌ગલસ્કંધો તુલ્યક્ષેત્રાવગાહી...**' અહીં આટલું વજન છે. જે ક્ષેત્રે આત્મા છે તે જ ક્ષેત્રે પરમાણુ છે – તુલ્યક્ષેત્રે છે. એ '**જીવના પરિણામમાત્રનો...**' જુઓ ! 'પરિણામ' શબ્દ હતો પણ હલકો કરી નાખ્યો '**પરિણામમાત્રનો...**' એ પરિણામમાત્ર બાહ્યમાં હો, એટલું. (તેઓ) '**બહિરંગ સાધન (બાહ્ય કારણ) છે તેનો–આશ્રય કરીને...**' લ્યો ! નવા પરમાણુ જે બંધાય છે એ જીવના પરિણામના બહિરંગ કારણનો આશ્રય કરીને (બંધાય છે). કર્મને ખબર છે કે આનો આશ્રય કરું ? ફક્ત કર્મ થવાને લાયક પરમાણુને આનો (જીવનો) યોગ અને રાગ નિમિત્ત છે એથી આશ્રય પામીને એટલું કહેવામાં આવે છે.

'**જીવ પરિણમાવનાર વિના પણ,...**' વજન અહીં છે. જ્યાં જીવ છે ત્યાં કર્મના પરમાણુ થવાને લાયક કે અલાયક બધા ઠસોઠસ ભરેલા છે. તે ઠેકાણે જીવના પરિણામનું નિમિત્તમાત્રનો આશ્રય કરીને '**જીવ પરિણમાવનાર વિના...**' જીવ એને પરિણમાવતો નથી. આહા..હા...! કર્મપણાના પરિણામપણે પરિણમનારને જીવ પરિણમાવતો નથી. આ..હા...! '**સ્વયમેવ કર્મભાવે પરિણમે છે.**' એની યોગ્યતાથી જ તે કર્મભાવે થાય છે. તે '**પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો આત્મા નથી.**'

'**તેથી નક્કી થાય છે કે પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો આત્મા નથી.**' જીવના રાગ અને કંપનનું નિમિત્તપણું (છે) એટલો આશ્રય (કીધો) પણ એથી જોગ અને રાગ કર્મપણે પરિણમાવે છે એમ નથી. એ સમયે કર્મ થવાને લાયક જે પરમાણુ (હોય છે તે) જીવના પરિણમાવ્યા વિના પોતાથી સ્વયં પરિણમી જાય છે. આહા..હા...! આવું સ્વતંત્રપણું છે !

ત્યારે ત્યાં કોઈ એમ કહેતા હતા કે, રાગ ન કરે તો કર્મપણે પરિણમે ? એ તો એની યોગ્યતાથી પરિણમે છે અને નથી પરિણમતો એ તો એની નહિ પરિણમવાની લાયકાતથી પરિણમતો નથી. એ પ્રશ્ન છઠ્ઠી સાલમાં 'રાજકોટ'(માં) થયો હતો. એમ કે, રાગ ન હોય, જીવ રાગનો કર્તા ન હોય તો કર્મપણે પરિણમે ? પણ ન પરિણમે તો એની યોગ્યતાથી નહિ પરિણમે. રાગ નથી માટે કર્મપણે નહિ પરિણમ્યા એમ નથી. આહા..હા...! અને રાગ છે માટે અહીં કર્મપણે પરિણમ્યા એમ નથી. મૂળ વાંધા આખા (એને છે કે), જેને નિમિત્તથી થાય એમ સિદ્ધ કરવું છે ! થાય શું ? (જો પરિણમાવે) તો તો નિમિત્ત જ કહેવાય નહિ. આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરદ્રવ્યના પરિણમનમાં નિમિત્ત કંઈ કરે છે એમ નથી. આહા..હા...! **'તેથી નક્કી થાય છે કે પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો આત્મા નથી.'** રજકણોની અવસ્થા તે કાળે તે સમયે તેના ઉત્પત્તિના કાળમાં તે પર્યાય કર્મપણે થાય એમાં આત્મા એને કરતો નથી. આ..હા...!

**ભાવાર્થ :– 'સમાન ક્ષેત્રે રહેલા...'** મૂળ અહીં વજન છે ને ? તુલ્યક્ષેત્રાવગાહી ! **'જીવના વિકારી પરિણામને નિમિત્તમાત્ર કરીને...'** 'સમયસાર' ૮૦, ૮૧, ૮૨(માંથી) પ્રશ્ન આવ્યો હતો, નહિ ? કે, જુઓ ! ત્યાં નિમિત્ત કરીને પામે છે (એમ કહ્યું છે). આ તો 'પ્રવચનસાર' (છે). ૮૦, ૮૧, ૮૨ (ગાથા) નહિ ? 'સમયસાર' ! ત્યાં નિમિત્ત પામીને (એમ) આવે છે ને ? પણ 'નિમિત્ત પામીને' (તેનો) અર્થ શું ? તે સમયે તે રજકણો પોતાની પર્યાયની યોગ્યતાથી પરિણમે છે. આ (રાગ) નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત એટલે જોડે બીજી ચીજ છે એટલું. પણ એ નિમિત્ત છે માટે અહીં પરિણમ્યા છે એમ નથી. છે ને ?

૮૦, ૮૧ (ગાથાનો) પ્રશ્ન તે 'દી આવ્યો હતો. **'जीवपरिणामहेदुं'** છે ને ? **'कम्मत्तं पोग्गला परिणमंति।'** એમ કહે, જુઓ ! હેતુ છે. **'पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।'** ૮૦, ૮૧ (ગાથા). **'ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे। अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हं पि।।८१।।'** આ વાંધો ઉઠાવ્યો (હતો), ત્યાંથી આવ્યું હતું. **'एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण। पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।'** (અર્થાત્) પુદ્‌ગલના પરિણામનો આત્મા કર્તા નથી એમ જીવના વિકારનો કર્મ કર્તા નથી. આહા..હા...! મોટા વાંધા આ ! સંપ્રદાયમાં એ ચીજ નહોતી ને (લોકો) ભુલભુલામણીમાં (પડી ગયા). 'परिणामहेदुं' પામીને આવ્યું ને ? અહીં પણ ઈ કહે છે, જુઓ ! એ તો એક ચીજ છે એટલું, બસ ! પણ કર્મપણે થવાને લાયકવાળા પરમાણુઓ તો પોતાની યોગ્યતાથી પરિણમ્યા છે. આ નિમિત્ત આવું છે માટે પરિણમ્યા છે એમ નથી. આ..હા...! અને એના જે દયાના, દાનના, ભક્તિના જેટલા પ્રમાણમાં પરિણામ (થાય) એટલા જ પ્રમાણમાં પરમાણુઓ પોતાને કારણે પરિણમે. એને આની અપેક્ષા નથી. આહા..હા...!

તેટલા જ પ્રમાણમાં પરિણમે. દયાના સામાન્ય ભાવ હોય તો ચારિત્રમોહનીયના શાતાવેદનીયના (પરમાણુઓ) અમુકપણે પરિણમે, વિશેષ હોય તો શાતાવેદનીયના અમુકપણે (પરિણમે), પણ એ આ નિમિત્ત વિશેષ છે માટે વિશેષપણે પરિણમે છે એમ નથી. ઓ..હો..હો...! કોને એવી સ્વતંત્રતાની પડી છે ? એને તો (એમ જ લાગે છે કે), મારાથી એમાં થાય અને એનાથી મારામાં થાય, જાઓ !

**'સમાન ક્ષેત્રે રહેલા જીવના વિકારી પરિણામને નિમિત્તમાત્ર કરીને...'** નિમિત્તમાત્ર ! એટલું વજન છે. **'કાર્મણવર્ગણાઓ સ્વયમેવ પોતાની અંતરંગ શક્તિથી જ્ઞાનાવરણાદિ કર્મરૂપે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પરિણમી જાય...**' આહા..હા...! જ્ઞાનની અશાતના કરી, જ્ઞાનનો વિરોધ કર્યો, અંતરાય પાડી એવા જીવના ભાવ તો જીવમાં રહ્યાં, પણ એ જીવનું નિમિત્તપણું એટલું કે ત્યાં છે. અને તે વખતે તેટલા જ પ્રમાણમાં જેટલો એનો વિકારી વિભાવિક ઊંધો ભાવ હતો એના પ્રમાણે કર્મનું પરિણમવું થાય. એ કર્મને વિકારભાવ પરિણમાવે છે એમ નથી. અત્યારે આ નિમિત્ત-ઉપાદાનનો મોટો વાંધો છે ને ?

શ્રોતા :– વાંધો કાઢી નાખો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાઢી નાખેલો જ છે, કાઢવો છે ક્યાં હવે ? તે 'દી કહ્યું હતું, નહિ ? 'બનારસ' ! ઉપાદાન-નિમિત્તનું... શું કાંઈક કહ્યું હતું ? હજી નિર્ણય નથી (એમ કહ્યું) પછી કંઈક બીજી ભાષા હતી. તમે હતા ? ઉપાદાન-નિમિત્ત વિચારાધીન છે એમ કંઈક કહ્યું હતું. વિચારકોટિ કે કાંઈક કહ્યું હતું. મેં કીધું કે (અમારે તો) નક્કી થઈ ગયેલું છે. તે 'દી (સંવત) ૨૦૧૩ની સાલ ! ૧૮ વર્ષ થયા. શું થાય ?

સ્વતંત્ર દ્રવ્યની પર્યાય તે કાળે તે પ્રકારે તે થવાની એ પોતાથી પરિણમે છે. આહા..હા...! અહીં જીવે મિથ્યાત્વ સેવ્યું માટે દર્શનમોહનીયના પરમાણુને કર્મપણે પરિણમવું પડ્યું એમ નથી અને એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું માટે દર્શનમોહના પરમાણુને અકર્મપણે પરિણમવું પડે છે એમ નથી. ભાઈ ! આ કર્મનો મોટો વાંધો હતો ને ? બન્ને સ્વતંત્ર (છે). '**જીવ તેમને કર્મપણે પરિણમાવતો નથી.**' લ્યો !

**'હવે આત્માને કર્મપણે પરિણત પુદ્ગલદ્રવ્યાત્મક શરીરના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે (અર્થાત્ કર્મપણે પરિણમેલું જે પુદ્ગલદ્રવ્ય તે-સ્વરૂપ શરીરનો કર્તા આત્મા નથી એમ નક્કી કરે છે) :–'**

**ते ते कम्मत्तगदा पोग्गलकाया पुणो वि जीवस्स।**
**संजायंते देहा देहंतरसंकमं पप्पा।।१७०।।**

**કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.**

**ટીકા :– 'જે જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે જે આ પુદ્ગલકાયો...'** એટલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः कर्मत्वपरिणतपुद्गलद्रव्यात्मकशरीरकर्तृत्वाभावमवधारयति -

**ते ते कम्मत्तगदा पोग्गलकाया पुणो वि जीवस्स।**
**संजायंते देहा देहंतरसंकमं पप्पा।।१७०।।**
**ते ते कर्मत्वगताः पुद्गलकायाः पुनरपि जीवस्य।**
**संजायन्ते देहा देहान्तरसंक्रमं प्राप्य।।१७०।।**

ये ये नामामी यस्य जीवस्य परिणामं निमित्तमात्रीकृत्य पुद्गलकायाः स्वयमेव कर्मत्वेन परिणमन्ति, अथ ते ते तस्य जीवस्यानादिसंतानप्रवृत्तशरीरान्तरसंक्रान्तिमाश्रत्यि स्वयमेव च

---

अथ शरीराकारपरिणतपुद्गलपिण्डानां जीवः कर्ता न भवतीत्युपदिशति-**ते ते कम्मत्तगदा** ते ते पूर्वसूत्रोदिताः कर्मत्वं गता द्रव्यकर्मपर्यायपरिणताः **पोग्गलकाया** पुद्गलस्कन्धाः **पुणो वि जीवस्स** पुनरपि भवान्तरेऽपि जीवस्य **संजायंते देहा** संजायन्ते सम्यग्जायन्ते देहाः

---

પુદ્‌ગલસ્કંધો '**સ્વયમેવ કર્મપણે પરિણમે છે, તે જીવને અનાદિ સંતતિરૂપે (પ્રવાહરૂપે) પ્રવર્તતા દેહાંતર...**' (અર્થાત્) એક પછી એક દેહનું ફરવું. '**(ભવાંતરરૂપ) ફેરફારનો આશ્રય કરીને તે તે પુદ્‌ગલકાયો સ્વયમેવ શરીરો (–શરીરોરૂપે, શરીરો થવામાં નિમિત્તરૂપે) થાય છે.**' એટલે કે નવા શરીરને તે પુદ્‌ગલકાયો નિમિત્તરૂપે થાય છે. પુદ્‌ગલકાયો સ્વયમેવ શરીરપણે થાય છે એમ કહે (છે). પૂર્વના કર્મના પરમાણુ જે છે એ નવા શરીરપણે થાય છે. એનો અર્થ કે નવા શરીરપણામાં એ નિમિત્ત છે. શબ્દ એવો છે – '**સંક્રાંતિ પામી દેહની.**'

'**તે પુદ્‌ગલકાયો સ્વયમેવ શરીરો (–શરીરોરૂપે, શરીરો થવામાં નિમિત્તરૂપે) થાય છે. આથી નક્કી થાય છે કે કર્મપણે પરિણમેલા પુદ્‌ગલદ્રવ્યાત્મક શરીરનો કર્તા આત્મા નથી.**' એ કર્મનું નિમિત્ત અને શરીરપણે નવું થવું એ શરીરના પર્યાયનો કર્તા આત્મા નથી. અંદર આ શરીરની રચના થાય છે ને ? આત્મા એનો કર્તા નથી એમ કહે છે.

પહેલે સમયે ગ્રહે અને ઇન્દ્રિયપણે પરિણમે (એવું આવે) છે ને ? આહાર, શરીર, ઇન્દ્રિય. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એ પણે – પર્યાપ્તિપણે ગ્રહે છે ને ? (એમ) કહે છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शरीराणि जायन्ते। अतोऽवधार्यते न कर्मत्वपरिणतपुद्गलद्रव्यात्मकशरीरकर्ता पुरुषोऽस्ति। ।१७०।।

---

शरीराणीति। किं कृत्वा। **देहंतरसंकमं पप्पा** देहान्तरसंक्रमं भवान्तरं प्राप्य लब्ध्वेति। अनेन किमुक्तं भवति - औदारिकादिशरीरनामकर्मरहितपरमात्मानमलभमानेन जीवेन यान्युपार्जितान्यौदारिकादिशरीरनामकर्माणि तानि भवान्तरे प्राप्ते सत्युदयमागच्छन्ति, तुददयेन नौकर्मपुद्गला औदारिकादिशरीराकारणे स्वयमेव परिणमन्ति। ततः कारणादौदारिकादिकायानां जीवः कर्ता न भवतीति।।१७०।।

---

હવે આત્માને કર્મપણે પરિણત પુદ્ગલદ્રવ્યાત્મક શરીરના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે (અર્થાત્ કર્મપણે પરિણમેલું જે પુદ્ગલદ્રવ્ય તે-સ્વરૂપ શરીરનો કર્તા આત્મા નથી એમ નક્કી કરે છે) :–

**કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.**

**અન્વયાર્થ :– [कर्मत्वगताः]** કર્મપણે પરિણમેલા **[ते ते]** તે તે **[पुद्गलकायाः]** પુદ્ગલકાયો **[देहान्तसंक्रमं प्राप्य]** દેહાંતરરૂપ ફેરફારને પામીને **[पुनः अपि]** ફરી ફરીને **[जीवस्य]** જીવને **[देहाः]** શરીરો **[संजायन्ते]** થાય છે.

---

મુમુક્ષુ :– વસ્તુને ગ્રહે અને બાકીના કાઢી નાખે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાઢે કોણ અને ગ્રહે કોણ ?

**ભાવાર્થ :– 'જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે પુદ્ગલો સ્વયમેવ કર્મરૂપે પરિણમે છે, તે પુદ્ગલો જ અન્ય ભવમાં શરીર બનવામાં નિમિત્તભૂત થાય છે...'** લ્યો ! ખુલાસો કર્યો. પાઠમાં તો એવું છે કે જે કર્મપણે પરિણમેલા છે ઈ શરીરપણે થાય છે એમ. એનો અર્થ કે નવા શરીરપણે થવામાં એ કર્મના પુદ્ગલો નિમિત્ત છે, બસ. **'અને નોકર્મપુદ્ગલો સ્વયમેવ શરીરરૂપે પરિણમે છે.'** તે પુદ્ગલો અન્ય ભવમાં શરીર બનવામાં નિમિત્તભૂત થાય **'અને નોકર્મપુદ્ગલો સ્વયમેવ શરીરરૂપે પરિણમે છે.'** લ્યો ! **'માટે શરીરનો કર્તા આત્મા**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા :–** જે જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે જે આ પુદ્‌ગલકાયો સ્વયમેવ કર્મપણે પરિણમે છે, તે જીવને અનાદિ સંતતિરૂપે (પ્રવાહરૂપે) પ્રવર્તતા દેહાંતરરૂપ (ભવાંતરરૂપ) ફેરફારનો આશ્રય કરીને તે તે પુદ્‌ગલકાયો સ્વયમેવ શરીરો (–શરીરોરૂપે, શરીરો થવામાં નિમિત્તરૂપે) થાય છે. આથી નક્કી થાય છે કે કર્મપણે પરિણમેલા પુદ્‌ગલદ્રવ્યાત્મક શરીરનો કર્તા આત્મા નથી.

**ભાવાર્થ :–** જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે પુદ્‌ગલો સ્વયમેવ કર્મરૂપે પરિણમે છે, તે પુદ્‌ગલો જ અન્ય ભવમાં શરરી બનવામાં નિમિત્તભૂત થાય છે અને નોકર્મપુદ્‌ગલો સ્વયમેવ શરીરરૂપે પરિણમે છે. માટે શરીરનો કર્તા આત્મા નથી. ૧૭૦.

---

**નથી.**'

આ શરીર મળવામાં આત્મા એનો કર્તા નથી. એ રજકણો જ એ કાળે શરીરપણે પરિણમાવને લાયકવાળા પરિણમી ગયા છે. આહા..હા...! આહારને ગ્રહે. આવે છે ને ? આહાર, શરીર, ઇન્દ્રિય... નહિ ? આ શરીર, પછી અંદર ઇન્દ્રિયની રચના થાય, ભાષા બંધાય, મન બંધાય. પણ ઈ તો એને કારણે પરમાણુના એ રજકણની પર્યાયની યોગ્યતાથી થાય છે. એમાં એ પેટમાં માતાનો જીવ કે બાળકનો જીવ એનો કર્તા નથી. આહા..હા...! આહાર, શરીર ને ભાષામાં આવે છે ને ? છ પર્યાપ્તિ. છ પર્યાપ્તિ બાંધે. શાસ્ત્રમાં એમ આવે. એ અહીં ખુલાસો કરે છે (કે), એની મેળાએ બંધાય છે. આત્મા એને બાંધે એવો એનો કર્તા છે જ નહિ. આહા..હા...!

'**હવે આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છે :–**'

**ओरालिओ य देहो देहो वेउव्विओ य तेजसिओ।**
**आहारय कम्मइओ पोग्गलदव्वप्पगा सव्वे।।१७१।।**

**જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,**
**કાર્મણ–અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧.**

એ સાધારણ વાત છે. '**ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ – એ શરીરો બધાંય પુદ્‌ગલદ્રવ્યાત્મક છે...**' મુનિ આહારક શરીરને બાંધે છે (તો) કહે છે કે, ના. આહારક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः शरीरत्वाभावमवधारयति -

**ओरालिओ य देहो देहो वेउव्विओ य तेजसिओ।**
**आहारय कम्मइओ पोग्गलदव्वप्पगा सव्वे।।१७१।।**
**औदारिकश्च देहो देहो वैक्रियिकश्च तैजसः।**
**आहारकः कार्मणः पुद्गलद्रव्यात्मकाः सर्वे।।१७१।।**

यतो ह्यौदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि सर्वाण्यपि पुद्गलद्रव्यात्मकानि, ततोऽबधार्यते न शरीरं पुरुषोऽस्ति।।१७१।।

---

अथ शरीराणि जीवस्वरूपं न भवन्तीति निश्चिनोति - **ओरालिओ य देहो** औदारिकश्च देहः **देहो वेउव्विओ य** देहो वैक्रियकश्च **तेजइओ** तैजसिकः **आहारय कम्मइओ** आहारकः कार्मणश्च **पोग्गलदव्वप्पगा सव्वे** एते पञ्च देहाः पुद्गलद्रव्यात्मकाः सर्वेऽपि मम स्वरूपं न भवन्ति। कस्मादिति चेत्। ममाशरीरचैतन्यचमत्कारपरिणतत्वेन सर्वदैवाचेतनशरीरत्वविरोधा-दिति।।१७१।।

---

શરીર બનાવે, આવે છે કે નહિ ? પૂતળું બનાવે ને કાઢે ને ભગવાન પાસે જાય ને ત્યાં સમાધાન થઈ જાય. કહે છે કે એ આહારક શરીરના રજકણો એને કારણે ત્યાં બંધાણા છે, આત્માએ બાંધ્યા નથી. આત્માએ એ શરીર બનાવ્યું નથી. એ પૂતળું આત્માએ કર્યું નથી. આહા..હા...!

એમ કાર્મણ બંધાય છે, એમ ઔદારિક, વૈક્રિયિક અને તૈજસ. **'એ શરીરો બધાંય પુદ્ગલદ્રવ્યાત્મક છે તેથી નક્કી થાય છે કે આત્મા શરીર નથી.'** આત્મા એ શરીર છે જ નહિ. ('જયસેનાચાર્યદેવ'ની) સંસ્કૃત (ટીકામાં) છે. '**ममाशरीरचैतन्यचमत्कारपरिणतत्वेन सर्वदैवाचेतनशरीरत्वविरोधादिति।**' સંસ્કૃતમાં છે. '**ममाशरीरचैतन्यचमत्कार**' હું તો અશરીરી ચૈતન્યચમત્કાર પરિણતવાળો છું. આહા..હા...! '**परिणतत्वेन**' હોં ! એકલો ચૈતન્યચમત્કાર એમ નહિ. આહા..હા...!

હું અશરીર એવું ચૈતન્યચમત્કાર '**परिणतत्वेन**' ! ચૈતન્યના ચમત્કારે, જ્ઞાનના ચમત્કારે, જાણવાના ચમત્કારે પરિણમવાવાળો (છું). ચમત્કાર કેમ (કહ્યું) ? કે, જેવું ત્યાં રાગ અને કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છે :–

**જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,**
**કાર્મણ–અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧.**

**અન્વયાર્થ :– [औदारिकः च देहः]** ઔદારિક શરીર, **[वैक्रियिकः देहः]** વૈક્રિયિક શરીર, **[तैजसः]** તૈજસ શરીર, **[आहारकः]** આહારક શરીર **[च]** અને **[कार्मणः]** કાર્મણ શરીર– **[सर्वे]** બધાં **[पुद्‌गलद्रव्यात्मकाः]** પુદ્‌ગલદ્રવ્યાત્મક છે.

**ટીકા :–** ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ–એ શરીરો બધાંય પુદ્‌ગલદ્રવ્યાત્મક છે તેથી નક્કી થાય છે કે આત્મા શરીર નથી. ૧૭૧.

---

બંધાય એવું અહીં જ્ઞાન પોતે પોતાથી કરે છે. એવો ચૈતન્યનો ચમત્કાર છે ! આ..હા...! રાગ થયો માટે અહીં જાણ્યું એમ નહિ. જાણવાના સ્વભાવનો ચમત્કાર જ પોતાના સ્વપરપ્રકાશથી જાણે છે. એવી પરિણતિવાળો હું આત્મા છું એમ કહે છે. આહા..હા...!

ધર્મી એમ જાણે છે કે, '**ममाशरीरचैतन्यचमत्कारपरिणतत्वेन**' '**परिणतत्वेन**' વજન અહીં છે. પેલામાં બધામાં આવ્યું હતું ને ? '**परिणतत्वेन**'... '**परिणतत्वेन**'. એકલું દ્રવ્ય છે ઈ તો દ્રવ્યનું ભાન થયા વિના, પરિણતિ વિના દ્રવ્ય શું ? આ..હા..હા...! ઝીણો વિષય છે. હવે ૧૭૨ (ગાથા) આવે છે, હોં ! અડધા કલાકમાં ચાર (ગાથા લીધી). (કોઈ) ભાઈ કહેતા કે, કાલે આવશે કે નહિ ? ક્યાં ગયો ? આ આવી – ૧૭૨ ! ઈ કહે, પાધરી વાંચશે કે નહિ ? કીધું કે, (આ ભાઈ) આવ્યા છે તો પાધરી વાંચે છે. ચાર વંચાઈ ગઈ, સમજાણું ? હવે ૧૭૨મી આવી, લ્યો ! અડધા કલાકમાં ચાર થઈ ગઈ. ઈ (આ ભાઈએ) કાલે પૂછ્યું હતું કે, આ ૧૭૨ આવશે કે નહિ ? કીધું હતું ને ? મેં કીધું, ભાઈ ! આ ચાર તો વાંચવામાં આવી જશે.

(અહીંથી ૧૭૨મી ગાથા '**પ્રવચન સુધા**' – સાતમા ભાગમાં લેવામાં આવશે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com